પ્રભાવિક પુરુષો

[વીશ રોચક કથાઓનો સંગ્રહ.]



પ્રગટકર્તા—
શ્રી જૈનધર્મ પ્રસારક સભા
ભાવનગર

પ્રેમદીપક ગ્રંથમાળા પુષ્પ ત્રીજું.

પ્રભાવિક પુરુષો

['શ્રી જૈનધર્મ પ્રકાશ'ના પુ. ૪૯નાં અંક ૧૨ માથી પુ. ૫૬ માનાં અંક ત્રીજા પર્યંતમાં આવેલ ૨૦ કથાનકોનો સુધારાવધારા સહિતનો સંગ્રહ.]

આર્થિક સહાયક—

ભાઇશ્રી ચુનીલાલ દુર્લભજી તથા ત્રિભોવન દુર્લભજી

ભાવનગર

015906
13.20

લેખક—

મોહનલાલ દીપચંદ ચોકસી-મુંબઇ

પ્રકાશક—

શ્રી જૈનધર્મ પ્રસારક સભા

ભાવનગર.

વીર સંવત ૨૪૬૯] :: [વિક્રમ સંવત ૧૯૯૯

મુદ્રક:-શા. ગુલાબચંદ લલ્લુભાઇ, શ્રી મહોદય પ્રેસ-ભાવનગર.

અનુક્રમણિકા



	ભૂમિકા	૧
૧.	શાલિભદ્ર શેઠ	૫
૨.	ધન્યશ્રેષ્ઠી	૧૩
૩.	કૃતપુણ્ય શેઠ	૩૦
૪.	મેતાર્ય	૫૦
૫.	અતિમુક્તક કુમાર	૭૭
૬.	શાળ તથા મહાશાળ	૮૬
૭.	આર્દ્રકુમાર	૯૧
૮.	દૃઢપ્રહારી	૧૧૨
૯.	દશાર્ણભદ્ર	૧૨૨
૧૦.	રાજર્ષિ કરકંડૂ	૧૩૭
૧૧.	પ્રસન્નચંદ્ર ભૂપાળ	૧૬૮
૧૨.	ઉદાયન રાજર્ષિ	૧૮૨
	શ્રેણિકપુત્રો (૪)	૨૨૦
૧૩.	મંત્રીશ્વર અભય-કુમાર	૨૨૫
૧૪.	મેઘકુમાર	૨૬૩
૧૫.	હલ્લ અને વિહલ્લ	૨૭૦
૧૬.	નંદિષેણ	૨૭૫
૧૭.	પુણિયો શ્રાવક	૨૯૭
૧૮.	શ્રેષ્ઠી સુદર્શન	૩૧૮
૧૯.	ચેડા મહારાજા	૩૪૮
૨૦.	અનાથી મુનિ	૪૨૩
	ઉપસંહાર	૪૩૮ થી ૪૪૮



રૈવતાચળતીર્થોદ્ધારક—



સ્વ૦ આચાર્યશ્રી વિજયનીતિસૂરીશ્વરજી મહારાજ

શ્રી ભાવનગર પ્રેસ-ભાવનગર.

સ્વર્ગસ્થ આ. શ્રી વિજયનીતિસૂરીશ્વરજીનો સંક્ષિપ્ત પરિચય

વિ. સં. ૧૯૩૦ ના પોસ શુદિ ૧૧ ને દિવસે વાંકાનેરમાં તેમનો જન્મ થયો હતો. તેમનું નામ **નિહાલચંદ** અને માતાપિતાનું નામ કુલચંદભાઇ તથા ચોથીબાઇ હતું. કુશાગ્ર બુદ્ધિના પરિણામે તેમણે અંગ્રેજી ચોથા ધોરણ સુધીનો વ્યવહારિક અભ્યાસ અલ્પવયમાં જ કરી લીધો. પિતાની ઇચ્છા તેમને આગળ અભ્યાસ કરાવવાની હતી, પરંતુ ધાર્મિક વૃત્તિવાળા અને સંસારની જંજાળથી છૂટવા માગતા નીહાલચંદની મનોવૃત્તિ જુદી જ દિશામાં ગતિ કરી રહી હતી. માતપિતા તથા સ્વજનવર્ગથી તેમની અભિલાષા ગુપ્ત ન રહી શકી એટલે તેમને સંસારબંધનમાં બાંધવા માટે તેમના લગ્નાદિકની વાત પિતાએ તેમની સમક્ષ રજૂ કરી. પરંતુ સંયમવધૂને સ્વીકારવાને ઇચ્છતા નીહાલચંદભાઇએ તેનો ઇનકાર કર્યો.

તેમની વૈરાગ્ય ભાવના વધુ ને વધુ વિકસી તેથી તેઓ ગુપચુપ ઘરમાંથી ચાલ્યા ગયા. વિ. સં. ૧૯૪૯ ના અશાડ શુદિ ૧૧ ને દિવસે મહેરવાડા નજીક સ્વયં જ સાધુવેશ સ્વીકારી લીધો. ચોમાસું મહેરવાડામાં જ વ્યતીત કર્યું, પરંતુ વિધિપૂર્વકની દીક્ષા માટે તેમનું મન તલપાપડ થવા લાગ્યું. ચોમાસું ઊતરતાં જ તેઓ ઉમતા આવ્યા અને મુનિશ્રી કાંતિવિજયજી પાસે પોતાના ગુરુ શ્રી ભાવવિજયજીના નામથી વિધિપૂર્વક દીક્ષા ગ્રહણ કરી. બાદ તેઓ પડનગર પોતાના ગુરુ પાસે આવ્યા અને સં. ૧૯૫૦ ના મહા શુદિ ૪ને દિવસે તેમને વડીદીક્ષા આપી **મુનિ શ્રી નીતિવિજયજી** તરીકે જાહેર કર્યા.

ક્રમેક્રમે શાસ્ત્રાભ્યાસ અને ગુરુનિશ્રામાં વિહાર કરતાં અલ્પ સમયમાં તેમનો શાસ્ત્રબોધ વૃદ્ધિ પામ્યો. તેમની વ્યાખ્યાનકળા પણ ખીલી નીકળી એટલે શાસનોદ્યોતનાં સારાં સારાં કાર્યો તેમના ઉપદેશદ્વારા થવા લાગ્યા, તેમની આવી શક્તિથી રંજિત થઇ વિ. સં. ૧૯૬૨ ના કાર્તિકવદિ ૧૧ ના રોજ પંન્યાસપદ અને ૧૯૭૬ ના માગશર શુદિ ૫ ના રોજ આચાર્યપદ અર્પણ કરવામાં આવ્યું. આચાર્યપદ મળતાં જ તેમને પોતાની જવાબદારીનું સવિશેષ ભાન થયું અને સ્થળે સ્થળે વિહાર

કરી કુસંપ-કલેશના બીજો નષ્ટ કરી ઐકય સ્થાપ્યું, પ્રતિષ્ઠાઓ કરાવી, ઉપધાન મહોત્સવો કરાવ્યા, પાઠશાળાઓ સ્થાપી, સેવાસમાજો ઊભાં કરાવ્યાં અને તીર્થમહિમા વધારવા માટે વિવિધ તીર્થોનાં સંઘો કઢાવ્યા.


તેમના જીવનનું સૌથી યશસ્વી કાર્ય તે રૈવતાચળ જીર્ણોદ્ધાર. વિ. સં. ૧૯૭૯ માં આ કાર્ય તેમણે હાથ ધર્યું અને અથાગ પરિશ્રમ અને ઉપદેશદ્વારા છ લાખના દ્રવ્ય-વ્યયથી તેમણે તે કાર્ય સાંગોપાંગ પાર ઊતાર્યું. બીજું કાર્ય તે ચિતોડગઢના ભવ્ય જિનાલયના જીર્ણોદ્ધારનું કર્યું. આ ઉપરાંત વિ. સં. ૧૯૮૩ માં નીકળેલ કચ્છ-ગિરનારના સંઘવી નગીનદાસ કરમચંદના સંઘમાં તેમણે યશસ્વી હિસ્સો આપ્યો હતો. રાજનગરમાં ભરાયેલા સાધુ-સંમેલન સમયે પણ તેમની સલાહ, સૂચના અને કાર્યક્ષમતા અપૂર્વ દષ્ટિગોચર થઈ હતી.

સાહિત્ય-પ્રચાર અને પ્રકાશન પ્રત્યે પણ તેમનું દુર્લક્ષ નહોતું. એ જ હેતુથી તેમણે વિ. સં. ૧૯૭૨ માં પાટણમાં **શ્રી હેમચંદ્રાચાર્ય ગ્રંથમાળા** શરૂ કરાવી. તેમના જીવનનું એક માત્ર લક્ષ્ય હતું વીતરાગ-ભાષિત ધર્મનો પ્રચાર અને પ્રાચીન તીર્થોનો જીર્ણોદ્ધાર. તેમના પોતાના શિષ્યોની સંખ્યા સત્તાવીશ છે જ્યારે પ્રશિષ્યો સહિતની સંખ્યા તોંતેર જેટલી છે. તે જ તેમની ઉપદેશ-શૈલી અને સમજાવવાની શક્તિની સાબિતી છે.

તેમણે પોતાના જીવન દરમિયાન ૧૦ 'છરી' પાળતા સંઘો કઢાવ્યા, ૨૨ ઉપધાન મહોત્સવો યોજ્યા, ૯ વખત પ્રતિષ્ઠા-ઉત્સવ કર્યો અને સેવાના કાર્ય માટે ૧૬ સંસ્થાઓની સ્થાપના કરી. વિ. સં. ૧૯૯૮ ના પોસ વદિ ૩ ના રોજ તેમનો અમર આત્મા મેવાડના પવિત્ર તીર્થ એકલિંગજીમાં આ વિનશ્વર દેહનો ત્યાગ કરી સ્વર્ગપંથે સંચર્યો.

સ્વર્ગસ્થનું જીવન પવિત્ર પરમાણુઓથી વાસિત હતું. તેમનો શિષ્ય-વર્ગ અને આધુનિક સાધુસમૂહ આવા પવિત્ર, ચારિત્રપાત્ર, તપસ્વી અને શાસનપ્રભાવક સૂરીશ્વરજીનું અનુકરણ કરે એ જ અભિલાષા.

સ્વર્ગસ્થ સજ્જનશિરોમણિ



પરી. દુર્લભજી રૂગનાથ

શ્રી મહોદય પ્રેસ–ભાવનગર.



પૂજ્ય વડીલ પિતાશ્રી દુર્લભદાસ રૂગનાથ

આપને સ્વર્ગવાસી થયાંને ત્રીશ વર્ષનાં વહાણાં વાઇ ગયા છતાં
અમો આપનાં પિતૃપ્રેમનાં સુમધુર સંસ્મરણો ભૂલી શકયા નથી.
આપબળે આગળ વધી આપે વિ. સં. ૧૯૫૬ માં સ્વતંત્ર ધંધો
શરૂ કર્યો અને એક કુશળ વ્યવહારપરાયણ વ્યક્તિ તરીકે
જીવન-નાવ ચલાવ્યું. અમો આપની શીતળ છાયામાં ઉછરી
રહ્યા હતા તેવામાં વિ. સં. ૧૯૬૮ માં આપનો સ્વર્ગવાસ
થયો, પરન્તુ આપે અમારી લઘુ વયમાં સિંચેલા સંસ્કા-
રોથી આપની લાઇનને અનુસરીને અમે સુખી જીવન
ગાળી રહ્યા છીએ. પિતૃ-ઋણ અપ્રતિકરણીય છે
એમ છતાં કિંચિત્ અનૃણી થવા આ નીતિ અને
ધર્મભાવનાને પોષતું "**પ્રભાવિક પુરુષો**"નું
પુસ્તક આપને સમર્પણ કરી કંઈક કૃતકૃત્ય
થઈએ છીએ. આપનો જૈનધર્મ પ્રત્યેનો
અવિચલ પ્રેમ અને શત્રુંજય મહા-
તીર્થ પ્રત્યેનો ભક્તિભાવ અનહદ
હતો. તેના અણુઓ અમા-
રામાં વિસ્તાર પામો
એવી ઇચ્છા સાથે
વિરમીએ છીએ.


મૌન એકાદશી
સં. ૧૯૯૯

આપના લઘુ બાળકો
ચુનીલાલ અને **ત્રિભુવન**

શુદ્ધિપત્રક

પૃષ્ઠ	પંક્તિ	અશુદ્ધ	શુદ્ધ
૧૦૭	૨૨	પિતાધર્મનું	પિતૃધર્મનું
૨૪૦	૧૩	હાથે શોભે	હાથે ન શોભે
૨૭૧	૩	જનતાએ	જનતાને
૨૯૧	૫	નિધાન	વિધાન
૨૯૨	૬	પુનઃ પાછી	પુનઃ હું પાછી
૨૯૪	૧૦	છે	(કાઢી નાખવું)
૩૦૯	૧૫	થતાં	છતાં
૪૧૭	૧૦	આત્મા છે તો	આત્મા તો
૪૩૨	૧૯	કુકુંબતણો	કુટુંબતણો
૪૩૯	૭	ખોટો	ટોટો
૪૪૩	૧૪	મહત્વનો	મહત્ત્વની
૪૪૭	૨૦	વાંધાવાળું જ	વાંધાવાળું ન

પ્રસ્તાવના



ગણધર મહારાજા—ગુંફિત દ્વાદશાંગી સ્વયંભૂરમણ સાગર સદૃશ અગાધ છે. જેમ સાગરનો કદી પાર ન પામી શકાય તેમ શ્રી જિનાગમનો પાર પામવો પણ દુષ્કર છે. દરેક આગમ-સૂત્રોમાં ચારે અનુયોગ સમાવેશિત થતા હતા તેવી તેની અગાધતા હતી અને છે, પરન્તુ કાળપ્રભાવથી જ્યારે માનવ-બુદ્ધિ અને આયુ હીન બનવા લાગ્યા ત્યારે શાસનપ્રભાવક યુગપ્રધાન શ્રી **આર્યરક્ષિતસૂરિ**એ લોકોપકારની દૃષ્ટિથી આગમશાસ્ત્રોને ચાર અનુયોગમાં પૃથક્ પૃથક્ કરી નાખ્યાં. દ્રવ્યાનુયોગ, ચરણકરણાનુયોગ, ગણિતાનુયોગ અને કથાનુયોગ—આ ચારે અનુયોગ પૈકી કથાનુયોગને કેટલાક આચાર્યોએ વિશેષ પ્રાધાન્ય આપ્યું અને ઉત્તરોત્તર અન્ય ધુરંધર આચાર્યોએ પણ શાસ્ત્રોનું દોહન કરી-કરીને તેને કથાનુયોગમાં સચોટ રીતે ગૂંથ્યું. કથાનુયોગની વિશિષ્ટતા એ છે કે મંદબુદ્ધિવાળા પ્રાણીઓ પણ તેને જલ્દીથી સમજી શકે છે અને તેમાં વર્ણવવામાં આવેલ સદાચાર, સંસ્કાર અને ધર્મ-નીતિનાં સુંદર બોધપાઠોને હૃદયંગમ કરી શકે છે; કારણ કે તે તેમાં ગુંથાયેલા જ હોય છે.

રોચક શૈલીને અંગે કથા-સાહિત્ય સામાન્ય આમજનતાના અંતઃકરણ દ્રવિત કરી તેના પર ધર્મભાવનાની ઊંડી અસર કરે છે અને કોઇ કોઇ વાર તો વીજળીના ચમકારની માફક તાત્કાલિક જીવન-પરાવર્તન કરવા પણ શક્તિમાન નીવડે છે. જૈન સાહિત્યના સમર્થ વિદ્વાનોએ વિશેષ પ્રમાણમાં કથાનુયોગની રચના કરી છે અને અત્યારે ઉપલબ્ધ સાહિત્ય-ભંડારનો લગભગ પચાસ ટકા જેટલો ભાગ કથાનુયોગનો જ મળી આવે છે. સામાન્ય કથા કે લોકવાર્તાને પણ કથા કહી શકાય પરન્તુ ગગન-મંડળમાં ગ્રહ, નક્ષત્ર અને અસંખ્ય તારાગણ હોવા છતાં

જેવી રીતે સૂર્ય અને ચંદ્ર જ જ્યોતિષીના સ્વામી તરીકે ગણાય છે તેમ સાહિત્ય-ગગનમાં વૈરાગ્યભાવને પોષતી અને આત્મોદ્ધારને દર્શાવતી જૈન કથાઓ જ વિશિષ્ટ સ્થાન પ્રાપ્ત કરી ચૂકી છે.

અન્ય પ્રાણીગણની અપેક્ષાએ મનુષ્ય એવો વ્યક્તિ છે કે તે સદ્ વસ્તુ શીઘ્ર ગ્રહણ કરી શકે છે અને સારાસારનો વિચાર પણ કરી શકે છે. વાંચનમાં આવતાં સારા યા વિપરીત બનાવોની અસર તેના હૃદયમાં ચિત્રામણની જેમ આલેખાઈ જાય છે અને સંસ્કારી બનેલો આત્મા ક્રમેક્રમે ગુણસ્થાનકના પગથિયાં ચઢી આત્મસિદ્ધિ સાધે છે. સંતપુરુષોના જીવનચરિત્રોથી, તેમણે સાધેલ અનુપમ સિદ્ધિના દૃષ્ટાન્તોથી માનવ-જીવન કેળવાય છે; અને કેળવાયેલી બુદ્ધિ તેને છેવટે સાધ્યબિંદુ-મોક્ષ પ્રતિ આકર્ષી જાય છે.

આધુનિક સમયમાં વાંચનનો શોખ વધ્યો છે, પરન્તુ નીતિ, સદાચાર, વિવેક અને ધાર્મિકતાનું દિગ્દર્શન કરાવનાર જીવનચરિત્રોનું સ્થાન કલ્પિત નવલકથાએ ઝડપી લીધું છે. મનુષ્યહૃદય લાગણીઓથી ભરપૂર છે. ક્ષણે ક્ષણે અવનવી વૃત્તિઓ અને આકાંક્ષાઓ તેના હૃદયનો કબ્જો મેળવે છે અને એટલા જ ખાતર તેના માનસને પરોપકારી, કરુણાર્દ્ર, શ્રદ્ધાળુ અને ધાર્મિક વૃત્તિવાળું બનાવવા માટે આવા સંતપુરુષોના ચરિત્રોની આવશ્યકતા રહે છે. ભાઇશ્રી મોહનલાલ દીપચંદ ચોકસીએ આ દિશામાં પ્રયાસ આરંભ્યો છે અને તેના ફળસ્વરૂપ આ "પ્રભાવિક પુરુષો"નો ગ્રંથ અમે સમાજ સમક્ષ રજૂ કરવા ભાગ્યશાળી થયા છીએ.

ભાઇશ્રી ચોકસીની સાહિત્યોપાસના જાણીતી છે. અગાઉ પણ તેમણે આવું એક ગુચ્છક (વીશ કથાઓનું) શ્રી જૈન સસ્તી વાંચનમાળા મારફત બહાર પાડયું હતું, જેનો ઉલ્લેખ આ પુસ્તકના પ્રાંતભાગમાં આપેલ ઉપસંહારમાં તેમણે જ કર્યો છે. આ પુસ્તકમાં આપેલા સઘળા કથાનકો "**શ્રી જૈન ધર્મ પ્રકાશ**" માસિકમાં ક્રમે ક્રમે પ્રગટ

થઈ ગયેલા તેનો સુધારાવધારા સાથેનો આ સંગ્રહ છે. આ કથાનકોના તેમણે પાંચ ગુચ્છકો કર્યાં છે અને દરેક ગુચ્છને હેતુપુરસ્સર આલેખવામાં આવ્યો છે તે સંબંધી વિવેચન તેમણે સ્વયં જ ઉપસંહારમાં દર્શાવ્યું છે એટલે તે વિભાગ જ વાંચી જવાની ભલામણ કરી અહીં તેનું પુનરાવર્તન કરતા નથી. ભાઇશ્રી ચોકસીની કલમ ધીમે ધીમે કસાતી આવે છે અને તેઓ ધર્મ-કથાનકોના આલેખનમાં દિનપ્રતિદિન વિશેષ ને વિશેષ કૃતેહમંદ નીવડે તેમ ઇચ્છું છું.

ક્રમે ક્રમે છપાવેલા કથાનકો જો પુસ્તકાકારે પ્રસિદ્ધ થાય તો સમાજને અતીવ ઉપયોગી થઇ પડે તેવી ભાવના અત્રેના અગ્રગણ્ય સાહસિક વ્યાપારી ભાઇશ્રી **ચુનીલાલ દુર્લભદાસે** પ્રદર્શિત કરી અને તેને અંગેનો સઘળો ખર્ચ આપવાનું તેમણે સહર્ષ કબૂલ કર્યું.

ભાઇશ્રી ચુનીલાલ એકલા વ્યાપારમાં જ રસ ધરાવે છે તેમ નહિ પરંતુ સાહિત્ય અને કેળવણીના કાર્યમાં પણ એટલા જ ઉત્સાહથી ભાગ લે છે. આ પ્રકાશિત થતાં પુસ્તકની પૂર્વે તેમની જ સહાયથી અમે "**કુમારપાળ રાજાના રાસનું રહસ્ય**" અને "**ગૌતમ નીતિ દુર્લભ બોધ**" પ્રકાશિત કર્યાં હતાં. આ ઉપરાંત તેઓ "શ્રી સિદ્ધક્ષેત્ર જૈન બાલાશ્રમ-પાલીતાણા" ના પણ માનદ સેક્રેટરી છે. તેઓ કીર્તિની ઝંખનાથી પ્રગટ દાન કરવા કરતાં ગુપ્તદાનના જ અભિલાષી છે. આધુનિક વિષમ વાતાવરણમાં દરેક સુજ્ઞ શ્રીમંતનું એ આવશ્યકીય કર્ત્તવ્ય છે.

તેમનો સ્વ૦ આ. શ્રી વિજયનીતિસૂરીશ્વર પ્રત્યે અગાધ પૂજ્યભાવ હતો, કારણ કે ધર્મ-દાતા ગુરુનો ઉપકાર તો ન બદલો વાળી શકાય તેવો છે. ગુરુભક્તિના ચિહ્ન તરીકે અને પિતૃ-ઋણને અદા કરવા માટે આ. શ્રી વિજયનીતિસૂરિનો તેમજ તેમના પિતાશ્રી ભાઇ **દુર્લભદાસ રૂગનાથનો** ફોટો આ પુસ્તકમાં આપવામાં આવ્યો છે. જ્ઞાનવૃદ્ધિની સાથોસાથ ગુણવૃદ્ધિ કરાવનાર કાર્યમાં ભાઇ શ્રી ચુનીલાલે કરેલી દ્રવ્યસહાયની અમે અનુમોદના કરીએ છીએ.


અન્ય સજ્જનોને આ દૃષ્ટાન્ત અનુકરણીય છે. ભાઈશ્રી ચુનીલાલને આવા જ્ઞાનવૃદ્ધિના કાર્ય સવિશેષપણે કરવામાં પ્રયત્નશીલ રહેવાનું નમ્રભાવે સૂચવીએ છીએ.

આ ૨૦ કથાનકો પ્રગટ થઇ ગયા પછી પણ ભાઈશ્રી ચોકસીનું કથા-સાહિત્ય '**શ્રી જૈન ધર્મ પ્રકાશ**' માં અવિરતપણે ચાલુ જ રહ્યું છે. સખી ગૃહસ્થની સહાયથી અમે તેનું પણ પુસ્તકાકારે પ્રકાશન કરવા ઇચ્છા ધરાવીએ છીએ. પ્રાંતે ભાઇશ્રી ચોકસીનો અને દ્રવ્ય-સહાયક ભાઇશ્રી ચુનીલાલનો આભાર માની આ લઘુ પ્રસ્તાવના પૂર્ણ કરી વિરમીએ છીએ.

મૌન એકાદશી
સં. ૧૯૯૯ } કુંવરજી આણંદજી



આ ગ્રંથના લેખક—



મોહનલાલ દીપચંદ ચોકસી

શ્રી મહોદય પ્રેસ–ભાવનગર.

પ્રભાવિક પુરુષો

ભૂમિકા

મહાન્ પુરુષોનાં જીવનચરિત્રો જનતા માટે એટલાં આવશ્યક છે કે જેટલી આવશ્યકતા સાગરમાં ભ્રમણ કરતાં જહાજોને દીવાદાંડીના દીપકોની છે. મોટા પુરુષોનાં જીવનસૂત્રો એ તો નવા ઘડતરનાં પ્રાણપ્રેરક તત્ત્વો છે. એ સાહસકથાઓનાં વારંવાર વાંચન, મનન અને પરિશીલનથી જ ઊગતી પ્રજામાં ચેતનાનાં પૂર ચઢવાનાં.

આમ છતાં એ ચરિત્રો કિંવા કથાપ્રસંગો વેશપરિવર્તન તો જરૂર માગે છે. એટલું સમજાવવાની ભાગ્યે જ આવશ્યકતા હોય કે વેશપરિવર્તન એટલે આત્માનું પરિવર્તન નહિ જ. કથા કે વાર્તાના વેશપરિવર્ત્તનથી એને રજૂ કરવાની રીત, પાત્રગૂંથણી અને એ દ્વારા ઇચ્છવામાં આવતી સાર–વહેંચણી જ સમજવી. મૂળ વસ્તુને બદલવાનો જરા પણ એમાં હેતુ નથી. આમ કરવામાં વર્તમાન દેશકાળ તરફ નજર રાખવી જરૂરી છે. જનતાની કેવા પ્રકારની રુચિ છે એ તરફ પણ લક્ષ દોરવાની જરૂર છે, એટલે જ તેના આલેખનમાં ફેરફાર અગત્યતા ધરાવે છે.

જૈન સાહિત્યમાં કથાનકોનો તો મોટો ભંડાર ભર્યો છે. અહીં તો માત્ર થોડાંકની જ વાત કરશું અને એ વાત પણ બધપૂરતી જ. ચાલુ જીવનમાં ઉપયોગી નિવડે એ દૃષ્ટિબિન્દુથી જ જે થોડાં પાત્રો પસંદ કરવામાં આવ્યાં છે તે બધાં પરમાત્મા શ્રી મહાવીરદેવના સમયમાં અથવા એ સમયની આસપાસ થયેલાં છે;

એટલું જ નહિ પણ એમાંનાં ઘણાખરાં માટે ઐતિહાસિક નોંધો પણ મળી શકે છે. વળી તેઓનાં જીવન પ્રાકૃત પ્રજાની માફક આરંભાય છે અને સંયોગોના પરિવર્તન સાથે એવો ઝોક લે છે કે સરવાળે એ બધાં મહાત્માઓની કક્ષામાં જઇ બેસે છે.

મહાત્મા પણ નામમાત્ર ગણવા પૂરતાં જ નહિ પણ માનવ-ભવની પ્રાપ્તિ કરી, જેમણે ધર્મ, અર્થ અને કામરૂપ ત્રણ પુરુષાર્થ સાધી લઈ, જીવન એવા પ્રકારનું સરલ બનાવી દીધું છે કે જેથી ચોથો મોક્ષ પુરુષાર્થ એ માનવપુંગવોની હાથવેંતમાં જ છે– અરે ! લગભગ સાધ્યા જેવો જ છે. આપણી મનોકામના એ જાતના મોક્ષની છે; છતાં આપણે જે ભૂમિકામાં ખૂંચ્યા છીએ તેમાંથી બહાર નીકળવું સહેલું નથી. વ્યવહાર–નીતિના અને અદૃશ્ય કર્મોનાં બંધનો આપણી આસપાસ એવી રીતે વીંટળાયેલાં છે કે એનો છેડો હાથમાં લેવામાં ખડી થતી મુશ્કેલીઓનો સામનો કરવા સારુ જે સામર્થ્ય–બળ–પરાક્રમ જોઇએ તેનું પ્રમાણ આપ-ણામાં નહિ જેવું જ છે. એનો સંચય કરવા સારુ જેઓએ આપણા જેવા પગથિયા પરથી જ આગળ વધી, સામે આવતી અગવડોનો અંત આણ્યો હોય તેવાના દાખલા જ લેવા જોઇએ અને તેમની માફક રસ્તા કાઢવા ઉદ્યમવંત બનવું જોઇએ.

આ હેતુ પ્રતિ દૃષ્ટિ રાખતાં આ ગ્રંથમાં આપવામાં આવતાં કથાનકોની પસંદગી વ્યાજબી લેખાશે. એમાં જેમ રાજા–મહા-રાજાઓ છે તેમ વણજ–વ્યાપારમાં ચોવીશે કલાક રક્ત રહેનાર વણિકો પણ છે. રાજપુત્રો અને શ્રેષ્ઠીપુત્રો પણ ખરા જ. ધનવાનોની સારી સંખ્યા સામે મામૂલી પૂંજી ધરાવનાર એક વણિક તરફ નજર ફેંકતાં, જેનું સારું ય જીવન ચોરી અને મારફાડમાં વ્યતીત થયું છે એવા ચોરને પવિત્ર જીવનમાં પગ માંડતો જોતાં અથવા એ બધાને ટપી જાય તેવા અનાર્ય અને ચાંડાળ કુળમાં જન્મ્યા છતાં સ્વ-જીવનને ઊર્ધ્વગામી બનાવનાર આત્માઓ સંબંધી

વાંચતાં, આપણા અંતરમાં અવશ્ય કંઇ ને કંઇ લાગણીનો પ્રવાહ ફૂટવાનો–અકથ્ય ને અનેરું મંથન થવાનું. આપણું જીવન પણ કંઇ છે એવો સચોટ ભાવ પેદા થવાનો. આપણે પણ ધારીએ તો ઇચ્છિત ફેરફારોદ્વારા, એ પ્રભાવિક નરો જેવા, પૂર્ણપણે નહિ તો અધૂરા, છતાં એ જ કક્ષાના જીવનોનું નિર્માણ કરી શકીએ એવી તાલાવેલી જરૂર લાગવાની.

આટલી જાગૃતિ અર્થે જ આ પ્રયત્ન ઉચિત ધાર્યો છે. વીશ ચરિત્રોને ચાર ચારના વર્ગમાં વહેંચી દઇ પાંચ વિભાગ પાડ્યા છે. પ્રથમ વિભાગમાં વ્યવહારી–શેઠીઆ તરીકે જેમના ગૌરવ આજે પણ ગવાય છે એવા **ધન્ય, શાલિભદ્ર, કૃતપુન્ય** અને **મેતાર્યનું** ચતુષ્ક લીધું છે.

સુપાત્રદાનનું માહાત્મ્ય

મગધ દેશની નગરી રાજગૃહીથી ભાગ્યે જ કોઇ અજ્ઞાત હોય. જૈનધર્મનો કેટલો ય ગૌરવવંતો ઇતિહાસ એ મહાનગર સાથે સંકળાયેલો છે. આજે જો કે એ અડતાલીશ ગાઉના વિસ્તારવાળી નગરી થોડાક ઝૂંપડા ને નાનકડા બજારમાં જ સમાયેલી છે; છતાં એનું ભૂતકાલીન ગૌરવ સ્મૃતિપટમાં તાજું કરાવનાર વિપુળાચળ, વૈભારગિરિ આદિ પાંચ પહાડો, ટાઢા–ઊના પાણીના કુંડો અને શાલિભદ્ર શેઠની ' નિર્માલ્ય કૂઇ ' તરીકે ઓળખાતી જગ્યા હજુપણ વિદ્યમાન છે. પથિકની એ પ્રતિ નજર પડતાં જ એની ચક્ષુ સામે ગતકાળના બનાવો નૃત્ય કરવા માંડે છે.

આપણે જે સમયની વાત કરીએ છીએ તે વેળા રાજગૃહીની ગાદી પર પ્રભુ શ્રી મહાવીર દેવનો પરમભક્ત ને પ્રભાવશાલી રાજવી શ્રેણિક યાને બિંબિસાર બિરાજતો હતો.

ચારે કથાનાયકો આ સમૃદ્ધિશાળી નગરીમાં ને લગભગ સમાન સમયમાં ઉત્પન્ન થયા છે. એમાં પણ શાલિભદ્ર, ધન્ય અને કૃત-

પુન્યનો પૂર્વભવ વિચારતાં એટલી સમાનતા દૃષ્ટિગોચર થાય છે કે જેથી કેટલાક એવું માનવા લલચાય છે કે આ બધા કલ્પિત પ્રસંગો છે; પણ વસ્તુતઃ તેવું કંઇ જ નથી. જ્યાં સંખ્યાબંધ પાત્રો સુપાત્રદાન દેતાં હોય ત્યાં બે–ત્રણમાં સામ્યતા પ્રાપ્ત થઇ જાય તેથી કથાનક કલ્પિત ન જ કહેવાય. હા, એટલું તો સ્પષ્ટ છે કે એ ત્રણે શ્રેષ્ઠીઓ જે સમૃદ્ધિ પામ્યા એ પૂર્વભવના ભાવ-પૂર્વક દીધેલ સુપાત્રદાનના ફળરૂપે જ હતી.

અહીં જે હૃદયમાં કોરી રાખવા જેવી વસ્તુ છે તે એ છે કે મુનિને ક્ષીર વહોરાવનાર એક સામાન્ય કક્ષાનો અભણ, રંક અને ક્ષુધાથી જેના પેટમાં ખાડા પડ્યા છે એવો બાળક છે. આહાર તરિકેનો પદાર્થ ક્ષીર એ જરૂર ઉત્તમ પદાર્થ છે, છતાં અહીં તે પોતાના અર્થે નથી નિષ્પન્ન કરાયેલો, પણ પડોશીઓ પાસેથી માંગી લાવેલી સામગ્રીમાંથી તૈયાર કરવામાં આવ્યો છે. તૈયાર કરનારની જાતિ તરફ નજર કરતાં સહજ સમજાય તેમ છે કે રસવતી નિપજાવવાની કળામાં એ કાર્યદક્ષતા ન જ ધરાવતી હોવી જોઇએ. આમ છતાં વહોરાવવાથી જે લાભ થાય છે એ ઘણા જ ઉત્તમ પ્રકારનો ને અચિંત્ય છે.

આનું કારણ શું ? સુપાત્રદાન. એટલે ફલદાયીપણામાં કચાશ વગરનું, છતાં આહાર આપનાર પાત્રના ભાવોને ઓળખવાની જરૂર છે. એ ભાવોની ઉત્કૃષ્ટતાથી જ તેઓ દેવોને પણ દુર્લભ એવી ઋદ્ધિ-સિદ્ધિ મનુષ્યપણામાં પામ્યા. જૈનધર્મમાં ભાવ યાને પરિણામની ધારા કિંવા આત્માના અધ્યવસાય પર જે વધુ વજન મૂકવામાં આવ્યું છે તેનું રહસ્ય આ ઉદાહરણો જોતાં બરાબર ગળે ઊતરે તેવું છે.

પૂર્વભવની આ સરખાઇ જાણ્યા પછી એમના ચાલુ જીવન તરફ દૃષ્ટિપાત કરીએ. દરેકમાં વિવિધતા જણાય છે. સૌથી પ્રથમ શાલિભદ્રનું જીવન અવલોકીએ.

શાલિભદ્ર શેઠ

સુપાત્રદાનનો મહિમા અચિંત્ય છે અને એમાં ભાવનાની ઝમક પૂર્ણરૂપે ઝળકતી હોય ત્યારે તો એના ફળ માટે કહેવાનું કે વિચારવાનું પણ શું હોય ?

મગધદેશના નાક સમું એ રાજગૃહ અને એ જ શ્રેણિક રાજવી. કૃતપુન્ય શેઠના સમયની જ આ વાત. ગોભદ્ર શેઠ અને ભદ્રા શેઠાણીનો આ લાડકવાયો પુત્ર. એ ગર્ભમાં આવ્યો ત્યારે માતાએ ભરેલું શાળીક્ષેત્ર યાને ચોખાનું પૂર્ણપણે ઊગેલું ખેતર સ્વપ્નમાં જોયેલું. એ પરથી ગુણનિષ્પન્ન **શાલિભદ્ર** નામની સ્થાપના કરવામાં આવી. પ્રૌઢતાથી પરવારી વૃદ્ધાવસ્થાના પ્રાંગણમાં પ્રવેશતા શેઠ-શેઠાણીને આ પુત્રમુખ જોવાનો યોગ સાંપડેલો એટલે લાડકોડનું પણ શું કહેવું ? વળી બાળક શાલિભદ્રની કાન્તિ પણ સુંદર, નાજુક બદન અને મનોહર દેહલતા સૌ કોઈને પ્રિય થઈ પડે— એ ઘડી રમાડવાનું મન થઈ જાય—તેવી હતી.

એક વાર જંગમ તીર્થ સમા પ્રભુશ્રી વીરની દેશના સાંભળતાં જ ગોભદ્ર શેઠની નજર ફરી. આજે તે સમૃદ્ધિના શિખરે હતા અને સંસારના કોઇપણ સુખની એમને ત્યાં ન્યૂનતા નહોતી. પુત્રી સુભદ્રા અને પુત્ર શાલિભદ્ર હવે તો મોટાં થયાં હતાં. પુત્રીનો વિવાહ ધન્ના શેઠ સાથે કરવામાં આવેલો, જ્યારે આ પુત્રને સારુ જુદા જુદા કુલીન કુટુંબોમાંથી બત્રીશ યુવતીઓની પસંદગી કરી લગ્ન કરેલ. વિચાર એક જ થયો કે આ દશામાં શા સારુ મારે આત્મસાધન ન કરવું ? ઉમ્મર લાયક પુત્રના ખભે ગૃહભાર સોંપી હવે તો પ્રવ્રજ્યા સ્વીકારવી જ જોઇએ. આટલી અનુકૂળતા છતાં જે ન નીકળી શકે તે મૂર્ખ ગણાય ! એને પ્રભુ-

વચન યાદ આવ્યું કે–મનુષ્યે પરભવનું પાથેય તો બાંધી જ રાખવું કેમકે યમરાજનું આમંત્રણ આવવાનું છે એ તો ચોક્કસ જ છે. વળી ચારિત્રપાલનનું જઘન્ય ફળ પણ જ્યારે વૈમાનિક દેવલોક પ્રાપ્ત કરાવે છે, ત્યારે એના ઉત્કૃષ્ટ ફળનું તો શું કહેવું ? તેમણે પ્રવ્રજ્યા ગ્રહણ કરવાનો નિશ્ચય કર્યો. પત્ની ભદ્રા ને પુત્ર શાલિભદ્ર સમક્ષ આ પ્રશ્ન રજૂ કર્યો. શેઠાણીએ આનાકાની દર્શાવી, પણ પુત્રની સંમતિ મેળવવામાં વિલંબ ન થયો. ખરું જ કહ્યું છે કે–' પુન્યવાનનો પરિવાર પણ પુન્યશાળી જ હોય છે. '

બાદ દીક્ષાનું શુદ્ધતાથી પાલન કરી થોડા કાળમાં ગોભદ્રશેઠ કાળ કરી વૈમાનિક દેવ થયા. અવધિજ્ઞાનના ઉપયોગથી જાણ્યું કે આ સ્વર્ગસુખપ્રાપ્તિમાં પુત્ર શાલિભદ્રની હસ્તે મુખે વિદાય કારણભૂત છે, તેથી પુત્રસ્નેહી આ દેવપિતાએ પ્રતિદિન નવાં નવાં વસ્ત્રાલંકારોની દિવ્ય વસ્તુઓ અને ભોજ્યવસ્તુની પુત્ર ને પુત્રવધુઓની સંખ્યામાં અર્થાત્ તેત્રીશની સંખ્યામાં વર્ષા શરૂ કરી. (મોકલવા માંડી). આમ શાલિભદ્ર શેઠના ઘરમાં રોજ નવા નવા સ્વર્ગીય શૃંગાર ઉભરાવા માંડ્યા. એકનું પુન્ય ને બીજાનો સ્નેહ આમાં નિમિત્તભૂત છે. ભદ્રા શેઠાણી પણ ગોભદ્ર શેઠના સંસાર છોડ્યા બાદ ઘરનો તેમજ વેપારનો વહીવટ ચલાવતા હતા. વણિકકુટુંબમાં જન્મ પામેલ એ શ્રેષ્ઠિભાર્યા વ્યવહારકુશલ હોઇ સર્વ કાર્યોમાં દક્ષ હતા. પુત્રની સંપત્તિમાં કરિયાણાના ક્રયવિક્રયથી તેમણે સારી વૃદ્ધિ કરી. વ્યાપારી બાબતોનું તેમનું જ્ઞાન નારીગણમાં તેમને અદ્વિતીય સ્થાન અપાવતું. શાલિભદ્ર કુમાર તો સાત માળના રમ્ય પ્રાસાદમાં રૂપશાલિની લલનાઓ સહ દૌગંદુક દેવ સરખા વિલાસ માણી રહ્યો હતો. એની દુનિયા એ સપ્તભૂમિ પ્રાસાદમાં જ સમાઈ જતી. દેવલોકના સુખોનો અનુભવ આ મૃત્યુલોકમાં કરનાર તે પહેલવહેલો જ ભાગ્યશાળી નર હતો.

મગધની કીર્તિ સારાયે ભારતવર્ષમાં પુષ્પની વાસ સમ

પ્રસરેલી હોવાથી એક રત્નકંબળનો વેપારી સવાલક્ષ સુવર્ણમહોરોની એક એવી સોળ રત્નકંબળો લઇ શ્રેણિકરાજાના દરબારમાં વેચવા સારુ આવ્યો. રત્નકંબળની આ કિંમત સાંભળી પહેલી તકે આશ્ચર્ય લાગે, છતાં એમાં કરવામાં આવતી કારીગરી અને તેના ગુણ તરફ દૃષ્ટિ કરતાં તેમ જ એના નામનો ખ્યાલ કરતાં સમજાય તેવું છે કે એની ગૂંથણીમાં રત્નો પણ ટંગાતાં હશે. આ જોતાં દામ વધુ ન ગણાય. વળી એ સુવર્ણસમયની ઋદ્ધિ-સિદ્ધિ અમાપ ને અગણનીય હતી.

અંત:પુરમાં એ કંબળ પહોંચતાં જ સૌ કોઇ રાણીને અકેક લેવાનું મન થયું ને ઘડીભર સોદાગરને લાગ્યું કે ફેરો સફળ થયો; પણ દામ શ્રવણ કરતાં જ રાજવીનાં ગાત્ર ઢીલાં પડ્યાં. વીશ લાખ સોનૈયા આમ વિલાસ નિમિત્તે વપરાય એ વ્યાજબી ન લાગ્યું. વળી મનમાં વેપારીને કસવાનાં કોડ પણ ખરાં. આટલી ઊંચી કિંમતે કોણ ખરીદવાનું છે ? એવો ગર્વ પણ ખરો. અથડાશે એટલે ઓછી કિમતે આપી જશે એ આશાથી ખરીદી કર્યા વગર એને પાછો વાળ્યો.

ગઢનો દરવાજો વટાવી વેપારી બહાર તો આવ્યો, પણ એના મોતીઆ મરી ગયા. જ્યાં કારીગરીની કદર ન મળે ત્યાં પછી હુન્નર જાણવાનું પ્રયોજન શું ? જ્યાં મગધનો સમ્રાટ સોળમાંથી એકાદ પણ ન ખરીદી શકે ત્યાં એના અડતાળીશ ગાઉના રાજનગરમાં કયાં ભટકવું ને કોને કહેવું ? મધ્યાહ્ન તો થવા આવ્યો ને માલનો વકરો ન મળે, તો પછી આ ગિરિવ્રજમાં પડી રહેવાનું પ્રયોજન પણ શું ? આમ વિચારમાળાના મણકા મૂકતો તે સામે આવતા પથિકને અથડાઇ પડ્યો. જાણે ઊંઘમાંથી ન જાગ્યો હોય તેમ શરમભર્યા ચહેરે " પોતાનો માલ ગ્રહણ કરે તેવો કોઇ શાહ સોદાગર અહીં છે ? " એવો તેને પ્રશ્ન કર્યો.

તરત જ જવાબ મળ્યો કે "ભદ્રા શેઠાણી પાસે જાઓ, ગમે તેવો કિમતી માલ પણ શાલિભદ્ર શેઠને ત્યાં ખપી જશે. ભલા માણસ, એ દેવતાઇ વિલાસ ભોગવે છે. ત્યાં ઓછી જ ધનની કમીના છે? ગયો કે સોદો થયો જ સમજવો." સોદાગરના પગમાં જોર આવ્યું. ભદ્રા શેઠાણી જમવા ઊઠવાની તૈયારીમાં હતાં ત્યાં હાથમાં રત્નકંબળ પડયું. તપાસી જોતાં પસંદ આવ્યું એટલે પ્રશ્ન કર્યો. "કેટલા નંગ છે?" "છે તો સોળ, છતાં આપ એક-બે પણ લઈ શકો છો. કિમત એક નંગની સવાલાખ સોનામહોર છે અને કામ પણ તેવું જ છે."

ભદ્રાશેઠાણી નિરાશ થતાં બોલ્યા: "ભાઇ! તને કિમત પૂછે છે પણ કોણ? તું એક બેની વાત કરે છે, પણ મારે સોળથી ચાલે તેમ નથી. બીજા સોળ નંગ જોઈએ. તારાથી હમણા બીજા લાવી શકાય તેમ છે?"

"શા માટે મારી મશ્કરી કરી સમય ગુમાવો છો? જે નગરનો સ્વામી-અરે દશોદિશ જેની કીર્તિપતાકા ઊડી રહી છે એ સમ્રાટ્ ભંભસાર-એક પણ લઇ શકયો નહિ, ત્યાં તમે બત્રીશની વાત કરો છો એ મજાક નહિ તો બીજું શું કહેવાય? આ સોળ વેચતા નાકે દમ આવ્યો ને મધ્યાહ્નનો તાપ થયો ત્યાં બીજા સોળ હોત તો શી દશા થાત?"

"ભંડારી! એને સોળ કંબળના વીશ લાખ સોનૈયા ગણી દો." આમ ભંડારીને કહીને પછી સોદાગરને કહ્યું કે "ભાઇ! હું મજાક નથી કરતી. મારે બત્રીશ પુત્રવધૂઓ હોવાથી સોળ નંગ કેમ કામ આવે? દરેકને એકેક તો જોઈએ જ ના? બેર, નથી ત્યાં ઉપાય શો?" વકરો કરી સોદાગર પંથે પડ્યો. જે નગરમાં આવા મહર્દ્ધિક ભાગ્યશાળીઓ પડ્યા છે એની હાક અખિલ વિશ્વમાં સંભળાય તેમાં શી નવાઇ!

એકના બબ્બે ટૂકડા બનાવી બત્રીશે વહુઓને રત્નકંબળો

વહેંચી દીધી. સદૈવ જેમના સારુ સ્વર્ગથી વસ્ત્રાભૂષણો આવે ત્યાં આ માનવકૃત કંબળનું જીવન કેટલું ? એક દિવસભર વપરાઈને બીજી સવારે તો વાસી અન્ન માફક જઈને કૂઈમાં પડ્યા. એકાદ ટૂકડો બહાર પડ્યો હશે તે ઝાડુ વાળનારીના હાથમાં આવ્યો. રંકને ધનનો ચરુ મળતાં જેવો આનંદ થાય તેવો તેને આજે થયો. આ સુંદર વસ્ત્ર ઓઢી તે દરબારગઢમાં ગઇ. રોજની માફક કચરો સાફ કરી પાછી ફરી ત્યાં તો પટરાણીની નજરે ચડી. "અરે આ ! શું ? આ ઝાડુવાળી રત્નકંબળ લાવી ક્યાંથી ? આટલી મોંઘેરી વસ્તુ વાપરી એક દિનમાં ફેંકી દેનાર એવો તે કયો પુન્યશાળી નગરમાં વસે છે ?"

રાણી ચેલણાએ જ્યારે આ વાત શ્રેણિકભૂપને કહી ત્યારે તે પણ વિસ્મય પામ્યો. તજવીજ કરતાં તેના ખરીદનારનું નામ જાણી તેને અખૂટ દોલતના ને અનુપમ સૌભાગ્યના ધણી શાલિભદ્રને નજરે નિહાળવાનું મન થયું. તરત જ અભયકુમારને એ સંબંધમાં આજ્ઞા આપવામાં આવી.

નિયત કરેલે દિવસે રાજાસાહેબની સવારી ગોભદ્રશેઠના આંગણામાં આવી પહોંચી. ગૃહમાં પ્રવેશતાં જ તળીઆમાં બેસાડેલા વિવિધવર્ણી કાચની નિર્મળતા જોતાં જ રાજાને પાણીનો ભ્રમ થયો. અંગુલીમાંથી મુદ્રિકા કાઢી પરીક્ષાર્થે જેવી નાંખી કે તરત જ ખનનન અવાજ થયો અને તે વીંટી ક્યાંયે અદૃશ્ય થઇ ગઇ. શેઠાણી ભદ્રાએ અવનીપતિનું સ્વાગત કર્યું. પ્રાસાદના ત્રીજે માળે સારી રીતે શણગારેલા અને જ્યાં ચોતરફ સુગંધીદાર પુષ્પોની માળાઓ બાંધેલી છે અને સુવાસિત અત્તરો છાંટી દીધેલાં છે એવા ઓરડામાં તેમને લઇ જવામાં આવ્યા. દેવતાઈ સમૃદ્ધિના નિરીક્ષણમાં રાજવી તો એકતાર બની ગયા.

ભદ્રામાતાએ સાતમી ભૂમિ પર ખબર કહેવરાવ્યા કે " શ્રેણિક આવ્યા છે, માટે તમે નીચે આવો. "

રાત્રિદિવસ ભોગવિલાસમાં ભ્રમર જેવું જીવન ગાળનાર શાલિભદ્રને શ્રેણિક શું ચીજ છે એનું ભાન ક્યાંથી હોય? તે સમજ્યો કે કોઈ ક્રય-વિક્રયની વસ્તુ હશે, એટલે તરત જ જવાબ આપ્યો કે—" માતાજીને જણાવો કે એમાં મને પૂછવાની શી આવશ્યકતા છે? શ્રેણિક આવ્યા છે તો ખરીદ કરી વખારમાં નાખો." ભદ્રાએ ભૂલ સુધારી. તરત જ અનુચરને પાછો વાળી સ્ફોટ કર્યો કે-" શ્રેણિક એ કરિયાણું નથી, પણ મગધદેશનો નાથ અને આપણે જેના રાજ્યમાં વસીએ છીએ તે આપણો સ્વામી-રાજવી છે. તે ખાસ તને મળવા પધારેલ છે, માટે સત્વર નીચે આવી જાઓ."

' મારે માથે પણ ઉપરી સત્તા છે ' એવો ખ્યાલ શાલિભદ્રને આજે પહેલી જ વાર આવ્યો. એથી એની આંખ ખુલી ગઇ. તે યોગ્ય પોશાક ધારણ કરી ત્રીજી ભૂમિકાએ આવ્યો. રાજાએ રૂપમાં મદનમૂર્તિ સમા કુંવરને નિહાળી, પ્રેમથી ભેટી, સ્વઅંકમાં સ્થાપ્યો. અલ્પકાળમાં તો પરસેવાથી કુંવરનું શરીર આર્દ્ર બની ગયું. પૃથ્વીપતિની સંમતિ લઇ તરત જ તે સપ્તભૂમિ પર પાછો સિધાવી ગયો. આવી કોમળતા ને સુખસાહેબી જોઇ ભૂપને તેના પૂર્વ પુન્યની અદેખાઇ આવી. પોતાના રાજ્યમાં આવા પણ પુણ્યવંત વસે છે એ માટે માન ઉપજ્યું. ભદ્રાશેઠાણીને ત્યાં જ ભોજન લઇ પાછા ફરતાં મુદ્રિકાની વાત યાદ કરવામાં આવી. તરત જ જ્યાં પ્રતિદિન ઊતરતાં નિર્માલ્ય આભરણોનો સંગ્રહ કરવામાં આવતો હતો એ કરંડીઓ હાજર કરવામાં આવ્યો. દિવ્ય મણિઓના સમૂહમાં જાણે એકાદો કાચનો ટૂકડો ન હોય એવી ભૂપની વીંટી તેમાં એક ખૂણા પર દૃષ્ટિગોચર થઇ. જ્યાં પ્રતિદિન આવો વ્યવસાય ચાલુ હોય ત્યાં સવાલક્ષની રત્નકંબળના શા હિસાબ?

રાજા તો સિધાવી ગયા, પણ તે એક ઉચ્ચ પ્રતિની યાદગીરી મૂકતા ગયા. એનાથી શાલિભદ્રનું આખું ય જીવન પલટાઈ ગયું.

એક સમયનો મહાભોગી આજે યોગના પંથે પાદ મૂકવાનો મંગળાચરણ કરી રહ્યો છે. 'જેના માથે નાથ છે એવો આત્મા સ્વતંત્ર કેમ કહેવાય ? મારે એવું જીવન જીવવું કે જેથી ભવિષ્યમાં મારે શિરે કોઇનું સ્વામીત્વ હોઇ જ ન શકે. તેમ જ આ બધા ભોગો સાર વગરના કેવળ આત્માને પરિતાપજનક છે. અત્યારસુધી હું કેવળ ભ્રમમાં જ રહ્યો. સાચી સ્વતંત્રતા અને અરી ઋદ્ધિસિદ્ધિ આ સાત મજલાના આવાસમાં નથી સમાણી, પણ વૈભારગિરિના પહાડ પર સમવસરેલા શ્રી મહાવીરદેવ પાસે રહેલી છે. ચારિત્ર વિના એ પ્રાપ્ત કરવાનો અન્ય કોઇ ઉપાય જ નથી.' આવા વિચારો શાલિભદ્રના મગજમાં રમી રહ્યા. જીવનપલટો થતાં કંઇ ઝાઝા કલાકો નથી લાગતા. એ માટે અંતર્મુહૂર્ત જેવો સૂક્ષ્મ કાળ પણ બસ છે. 'કર્મે શૂરવીર તે ધર્મે પણ શૂરવીર' એ સૂત્રનું રહસ્ય અહીં સમજાય છે. બત્રીશ લાવણ્યવંતી ને તેત્રીશમા ભદ્રામાતાએ શાલિભદ્રની વિચારસૃષ્ટિ પલટાવવા માટે એની નાજુકાઇ ને પ્રવ્રજ્યાના સંકટોની સરખામણી કરી. ભિન્ન ભિન્ન ઉદાહરણો આપી તેના વિચાર ફેરવવા બહુએ મથ્યા, પણ ચોળમજીઠનો રંગ ઓછો જ જાય ! સાચી લગની તે આનું નામ ! બ્રહ્મા પણ તેને ફેરવવા અસમર્થ. સમજુતીથી એક તોડ નીકળ્યો. પ્રતિદિન એક એક નારીનો ત્યાગ કરી અભ્યાસ પાડવો. એ રીતે માસ વ્યતીત કરવો. એક દિન જેને વર્ષસમ હતો તે પુત્રે માતૃભક્તિ માટે આ સ્વીકાર્યું.

શૂરવીરો માટે આવો ક્રમ હોઇ જ ન શકે. જ્યારે શાલિભદ્રની ભગિની સુભદ્રાના મુખથી આ વાત શ્રેષ્ઠિવર ધન્યે જાણી ત્યારે તે વિસ્મિત થયો. "જો સંસાર તજવાનો નિશ્ચય જ કર્યો તો પછી રોજ અકેક સ્ત્રી છોડવાનું શું પ્રયોજન ?" "કથની સહેલી છે, પણ કરણી દોહીલી છે" એવા પત્ની સુભદ્રાના માર્મિક વચનથી તત્ક્ષણ ધન્ય દીક્ષા લેવા ચાલી નીકળ્યા. શાલિભદ્રને હાકલ કરીને સાથમાં

લીધા. ઉભય પહોંચ્યા શ્રી વીરપ્રભુ પાસે. ત્રિકાળજ્ઞાની ભગવાન તો સર્વ વ્યતિકર કેવળજ્ઞાન-દર્શનદ્વારા જાણીને જોઇ રહેલ હોવાથી પ્રવ્રજ્યા આપતાં શાનો વિલંબ કરે? માતા-પિતા, પત્ની આદિની અનુજ્ઞા પૂછવાનું એ જ પ્રભુ ફરમાવે છે, પણ તે છદ્મસ્થ ગુરુઓ માટે. જ્ઞાનીના રાહ તો ન્યારા જ હોય. અંતરની લગની ત્યાં આત્મકલ્યાણ ક્યાંથી દૂર રહે? પ્રભુ સહ વિચર્યા, સ્થવિરોનાં પાસાં સેવ્યાં અને શ્રુતધરોના અનુભવ સાંભળ્યા, એટલે અલ્પ કાળમાં જ ઉભય સાળા-બનેવી બાર અંગના જ્ઞાતા થયા. ઉપસર્ગ, પરીષહને સહનારા ને ઇંદ્રિયોને દમનારા, વળી તીવ્ર તપ તપનારા એવા તેઓ પુનઃ એક વાર રાજગૃહી પધાર્યા.

ઉત્તમનાં આગમન તે ઢાંક્યાં રહે. માતા ભદ્રાના હર્ષનો પાર ન રહ્યો. વંદન દર્શનનાં વિવિધ સ્વપ્ન સેવતો આખો પરિવાર વસ્ત્રાભૂષણ સજવામાં લીન બન્યો. જેને દેખવાની ઉત્સુકતા હતી એ ઉભય દ્વાર સમિપ આવ્યાં છતાં કોઇનું ધ્યાન પણ ન ગયું. પ્રાકૃત મનુષ્યોનું વર્તન વિચિત્ર જ હોય છે. ઘણીવાર તે મૂળને ત્યાગી ડાળને વળગે છે. સાધુયુગલ તો માર્ગે સામી મળેલ એક વૃદ્ધાના બહુમાનપૂર્વક દેવાયેલા પદાર્થને ગ્રહણ કરી પ્રભુ પાસે પહોંચ્યું. આહાર દેખાડતાં શાલિભદ્રે પ્રભુશ્રીને પ્રશ્ન કર્યો-" દેવ! આપે તો માતાના હાથથી ભિક્ષા મળવાનું કહેલું, પણ આ ભિક્ષા તો અન્ય વૃદ્ધા પાસેથી મળેલી છે."

" વત્સ! એ વૃદ્ધા અન્ય કોઇ નહિ પણ તારી પૂર્વભવની માતા જ છે. તું સંગમક નામે તેનો પુત્ર ગોપાલનનું કામ કરતો. પાડોશીને ત્યાંથી જુદી જુદી ચીજો માગી આણી એણે તારા માટે ક્ષીર રાંધેલી. તને થાળીમાં પીરસી તે બહાર ગઇ. દરમિયાન માસક્ષપણના પારણે બે સાધુઓ વહોરવા આવ્યા. તેં ભાવપૂર્વક ખીર વહોરાવી. સુપાત્રદાનના મહિમાથી તું આ સમૃદ્ધિ

પામ્યો. તને જોતાં જ એ વૃદ્ધાનાં રોમાંચ ખડાં થયાં. અણુએળખ્યે પણ પૂર્વજન્મનો સ્નેહ કામ કરે છે. આજે તેનો ભવ સુધર્યો.”

ધન્યશ્રેષ્ઠી યાને ધન્નાશેઠ

જે રીતે ખીર ખાવાના ભાવ પૂર્વભવમાં શાલિભદ્ર શેઠના જીવને થયા હતા અને જે રીતે પડોશમાંથી સામગ્રી મેળવી ક્ષીરભોજન તૈયાર કરવામાં આવ્યું હતું એ જ રીતિ ધન્ય શેઠના પૂર્વભવને પણ લાગુ પડે છે. જરા ઊંડા ઊતરતાં જણાશે કે રાજગૃહી નગરીમાં જેઓ સમકાળે વિદ્યમાન હતા અને જેમનાં નામો મહાન્ ઋદ્ધિશાળી અને પ્રખર પુણ્યશાળી તરિકે જનતામાં અત્યારે પણ સુવિખ્યાત છે એવા વણિકકુળાવતંસ કૃતપુન્ય શેઠ, શાલિભદ્ર શેઠ અને ધન્ય શેઠ પૂર્વભવમાં રંક કુટુંબમાં અવતરેલા હોઇ, સામાન્ય ભરવાડ કે ગોપાળના જીવન જીવનારા હોઇ, આડોશીપાડોશીના સહકારથી નિપજેલ ખીરરૂપ ભોજનથી અને શ્રમણના પાત્રમાં એના દાનથી જે અપૂર્વ ભાવ ઉત્પન્ન થયેલો તેની પ્રબળતાથી જ તેઓ બીજા ભવમાં આપણે જોયું તેવા મહર્દ્ધિક ને પુન્યભાજન બન્યા છે.

જોવાનું એટલું જ છે કે સત્પાત્રમાં દીધેલું નાનું સરખું પણ દાન અને એ કાળે હૃદયમાં રમતા ઉત્તમ ભાવો કેવા ઉત્કૃષ્ટ ફળના દાતા બને છે. યાદ રાખવું કે જૈન દર્શનમાં જેટલો ભાર દ્રવ્યોની વિપુલ સામગ્રી પર નથી મુકાયો, તેમ નથી મુકાયો એની ઓછી–વધતી કિંમત પર, તેથી સેંકડોગણો અધિક ભાર મૂકવામાં આવેલો છે આત્માના અધ્યવસાય ઉપર, તેથી જ **‘ભાવના ભવનાશિની’** એ ઉક્તિ પ્રવર્તી છે. સાચે જ ભાવનામાં પ્રબળ શક્તિ સમાયેલી છે.

ધન્ય મુનિની પૂર્વકથા

પ્રતિષ્ઠાનપુરમાં રાજવી જિતશત્રુના રાજ્યમાં એક દરિદ્ર કુટુંબ રોજી મેળવવા આવે છે. એમાંનો એક બાળક પ્રકૃતિમાં સૌમ્ય ને નમ્ર લોકોના વાછરડા ચરાવી પોતાની માતા સહિત નિર્વાહ ચલાવવા લાગ્યો. એક દિવસ ઉદ્યાનમાં કંઇ ઉત્સવનિમિત્તે લોકોને પરમાન્ન બનાવી ઉજાણી કરતાં જોયાં. વાછરડા ચારતાં આ છોકરાને પણ એવી રીતે પરમાન્ન ખાવાનું મન થયું. ઘેર આવી માતાને વાત કહી.

પણ અહા ! જ્યાં નાના સરખા ઝૂંપડામાં પૂરું પહેરવા-ઓઢવાનું પણ ન હોય અને હાંલ્લાં કુસ્તી કરતાં હોય એવી રંકદશામાં માતા પરમાન્ન કયાંથી કરી આપે ? પુત્રની વાતથી માતાનું હૃદય ભરાઇ આવ્યું ! નારીજાત-સુલભ રુદન શરૂ થયું. પાડોશીઓએ વ્યતિકર જાણ્યો એટલે એકે દૂધ, તો બીજાએ સાકર, ત્રીજાએ વળી ચોખા એમ પરસ્પર મળી ક્ષીર નિષ્પન્ન કરવામાં જોઈતી સામગ્રી મેળવી આપી. જેના ઉપકારનો બદલો ન વળી શકે એવી માતાએ પણ પરમાન્ન બનાવી, એની એક થાળી પુત્ર સામે ધરી દીધી અને પોતે કંઇ કામ પ્રસંગે બહાર ગઈ.

જ્યાં આ ઇચ્છિત ભોજનને ઉદરમાં પધરાવવાની તૈયારી કરે છે ત્યાં તો સુંદર આકૃતિવાળા, ને મહિનાના ઉપવાસથી જેમની દેહલતા કૃશ થયેલી છે એવા મુનિયુગ્મને ગોચરી અર્થે આવી રહેલા આ છોકરાએ જોયા.

રખે સમજી લેતા કે ધર્મના ઇજારદારો અમુક વણિક કે દ્વિજ જાતિમાં જન્મેલા જ હોઇ શકે. પશુ ચારનાર આ અલ્પમતિ બાળક મુનિરૂપ સૌમ્યજોડલાંને જોતાં જ જાણે મેઘવર્ષાથી વનરાજી નવપલ્લવિત બની હસી રહી ન હોય એવા ઉલ્લાસથી નાચી રહ્યો. પાયસની થાળી ઊંચકી, નમ્ર વાણીથી મુનિને ઉદ્દેશી કહેવા લાગ્યો:

"હે સાધો ! આ ખીર શુદ્ધ છે, મારા પર કૃપા કરી આપ એ ગ્રહણ કરો કે જેથી હું કૃતાર્થ થાઉં."

યોગ્ય આહાર પ્રાપ્ત થતાં મુનિ તો ગ્રહણ કરી માર્ગે વળ્યા. આવો સુયોગ સાંપડવા બદલ આ ગોવાળના બાળકને જે હર્ષ થયો એનાં માપ જ્ઞાની સિવાય કોણ કાઢી શકે ?

માતાએ આવ્યા બાદ પુનઃ ખીર પીરસી તે બાળકે ઘરાઇને બાધી. સાધુના દર્શનથી પવિત્ર થયેલ છે જેનો આત્મા એવો આ ગોવાળ બાળક અકસ્માત્ રાત્રિના કાળધર્મ પામી સુપાત્રદાનના મહિમાથી આ જ નગરના ધનસાર શેઠ ને શીલવતી શેઠાણીના પુત્રપણે ઉપજ્યો.

આ સમયે ધનસાર શેઠને ધનદત્ત, ધનદેવ અને ધનચંદ્ર નામના ત્રણ પુત્રો, તેમ જ ધનશ્રી, ધનદેવી અને ધનચંદ્રા નામની ત્રણ પુત્રવધૂઓ હતી. ચોથા પુત્રના જન્મકાળે ભૂમિમાં નાલક્ષેપ-સમયે ધનનો લાભ થવાથી તેનુ **ધન્ય** એવું ગુણનિષ્પન્ન નામ સ્થાપ્યું. એના વયમાં વધવા સાથે શ્રેષ્ઠીગૃહ ઋદ્ધિસિદ્ધિથી ભર-પૂર થવા લાગ્યું. કુમાર ધન્ય પણ કળાચાર્ય પાસેથી વ્યવહારિક તેમ જ ધાર્મિક શિક્ષણ સંપાદન કરી સર્વકાર્યનિષ્ણાત થયો. તે જોતજોતામાં વર્ષોનાં વહેવા સાથે યૌવનકાળના આંગણે ઉપસ્થિત થયો. આવા પુન્યવંત પુત્રનું ગૌરવ સર્વ કોઇ કરતા; અને માતા-પિતા તો સવિશેષ કરતા. બસ, આટલા કારણથી જ વડીલ બંધુઓની ત્રિપુટીને દુઃખ થયું. જ્યાં સદૈવ રમા-રામાનો આનંદ કલ્લોલ વર્તતો હતો ત્યાં ગુપચુપ કલિએ પ્રવેશ કર્યો.

મોટા પુત્રોને ધન્યમાં રહેલી ચતુરાઇ દેખાડવા સારુ એક વાર પિતા તરફથી દરેકને બત્રીશ સીક્કા આપવામાં આવ્યા અને ફરમાશ થઇ કે 'એ રકમવડે ક્રય-વિક્રય કરી સારો નફો કરી લાવવો.'

ત્રણ ભાઈઓ તો આ વાત સ્વીકારી પોતાના વ્યવસાયમાં પ્રવર્ત્યા, પણ ધન્યકુમારે બુદ્ધિ દોડાવી રાજપુત્રના મેંઢા સાથે હોડમાં ઊતરવા સારુ એક મજબૂત મેંઢો ખરીદ્યો. 'હારે તે હજાર દિનાર આપે' એવી શરતથી તે હોડમાં ઊતર્યો ને જય મેળવ્યો. એ રીતે હજાર દિનાર સંપાદન કરી ઘેર આવ્યો. વ્યવસાયરક્ત ત્રણ બંધુઓએ કરેલો નફો નાના ધન્નાના નફા આગળ નહિ જેવો જ ગણાય. આમ શુભ પરિણામની વરમાળા આ ભાઇશ્રીના કંઠમાં પડી. માતાપિતા તરફથી પ્રશંસા પણ પ્રાપ્ત થઇ. માત્ર કંઇ પણ વિમાસવું પડ્યું હોય તો ઉક્ત ત્રણ માડીજાયાઓને! પુનઃ પરીક્ષાની તેમના તરફથી માગણી થઇ. પણ શું વળે? **'ભાગ્ય વિના નર કોડી ન પાવે'** એ વાત તદ્દન સત્ય જ છે. નશિબ ચાર ડગલાં આગળનું આગળ. જ્યાં જ્યાં ભાગ્યરહિતનાં પગલાં પડે ત્યાં ત્યાં લીલું હોય તો સૂકું થાય યાને આપદાઓ વણ-માગી આવીને પડે. ત્રણ ભ્રાતાઓ નિર્ભાગી હોવાથી બીજી વાર પણ કંઈ કમાઇને લાવ્યા નહિ. ધન્યકુમારે તો બજારમાં પગ મૂકતાં જ એક બાટલો લીલામ થતો જોયો. સમિપે પહોંચતાં અને તેનાં ઈસ તથા પાયા બારિકાઈથી અવલોકતાં મંચ એને ભેદી લાગ્યો. ઉપાડી જોતાં વજનમાં ભારે લાગ્યો. તપાસ કરતાં જાણવામાં આવ્યું કે આ મંચ તો આજે કાળ કરી જનાર એક કૃપણ શેઠનો છે. શેઠની આજ્ઞા મુજબ તેના પુત્રો આ બાટલા પર જ સુવાડી મૃતકને સ્મશાનમાં બાળવા લઇ ગયેલા અને શેઠની આજ્ઞા તો પોતાના શબ સાથે જ મંચને બાળવાની હતી; પણ સ્મશાનભૂમિના રક્ષકનો આવી ચીજો પર હક થતો હોવાથી તેઓ ન છૂટકે બાટલો તેને સોંપી ચાલતા થયા. એ રક્ષક તરફથી જ આ લીલામ થતું હતું. કૃપણ શેઠનું નામ સાંભળતાં જ અનિષ્ટની શંકાથી ગ્રાહકો સોદો કર્યા વગર ચાલ્યા જાય છે. આટલી વાત પરથી અને પ્રાપ્ત થયેલ નિશાનીઓ ઉપરથી બૃહસ્પતિના વંશજ ધન્યે ઝટ સોદો નક્કી કર્યો અને બાટલો ઉપડાવી ઘેર આવ્યો.

દ્વારમાં ઊભેલા ભાઇઓ કંજુસ શેઠનો સ્મશાનેથી અણાયેલ ખાટલો જોતાં જ ભભકી ઊઠ્યા. 'આવી વસ્તુથી ઘર અપવિત્ર થશે' એમ પોકાર પાડી ધન્નાની પ્રજ્ઞા પર હસવા લાગ્યા. માબાપ પણ બે ઘડી જોઇ રહ્યા. ધન્નો કંઇ આ કથનથી અકળાય તેવો નહોતો. એ તો ખાટલો ઉપાડીને પહોંચ્યો અંદરના ચોકમાં ને ધડાક દેતો જમીન પર પછાડ્યો. કુટુંબી જનો સૌ એકઠા થઇ ગયા અને તેમની નજરે ચોતરફ સોનામહોરો પડેલી દેખાઇ. ભાભીઓ તો નાના દિયર પર વારી જવા લાગી. માતાપિતાને હર્ષ થયો. માત્ર કેરડાના વૃક્ષ માફક ત્રણ ભ્રાતાના મુખ કરમાઇ ગયા. લજ્જાથી તેઓ શ્યામ પડી ગયા. નાના ભાઇ સાથેનો પરાભવ તેમને અસહ્ય થઇ પડ્યો. છૂપી રીતે તેઓ ધન્નાને હેરાન કરવાનો દાવ શોધવા લાગ્યા. ભાભી મારફતે આ વાત ધન્યના કાને પહોંચી. આવું કંઇ થાય તે પૂર્વે તો ધન્યકુમાર ગુપ્તપણે ત્યાંથી ચાલી નીકળ્યો. જુદા જુદા સ્થાનોમાં ફરતાં ફરતાં એકદા મધ્યાહ્ન સમયે એક ખેતર નજીક આવી પહોંચ્યો. ખેડૂતે સુંદર મુખાકૃતિવાળા આ પુરુષને જોઇ પોતાની સાથે જમવાનું આમંત્રણ આપ્યું. ધન્યકુમારે હાથમાં હળ લઇ થોડો સમય ફેરવ્યું ત્યાં તો ક્ષેત્રમાંથી ધનનો ચરુ નીકળ્યો. સુવર્ણથી ભરેલ આ કુંભ ખેડૂતે ધન્યના તકદીરનો ગણી તેને આપવા માંડ્યો, પણ આ પરોપકારપરાયણ કુમારે એમાંથી કોડી સરખી ન લેતાં તે તેને સોંપી આગળ ચાલ્યો અને રાજગૃહીમાં આવી પહોંચ્યો. નગર બહારના એક સૂકાઇ ગયેલા ઉદ્યાનમાં પગ મૂકતાં જ તે નવપલ્લવિત બની ગયું. ખરું જ કહ્યું છે કે 'પુન્યવાનના પગલામાં ઋદ્ધિ ભરી હોય છે.'

માળીદ્વારા આ ચમત્કૃતિ શ્રવણ કરી ઉદ્યાનનો માલિક કુસુમ શેઠ પણ ત્યાં શીઘ્ર આવી પહોંચ્યો. આકૃતિથી જ ગુણપરીક્ષા

થાય છે. શેઠને પણ કપાળ જોતાં જ સમજાયું કે આ કોઈ પ્રતાપી પુરુષ છે. ઝટ આગ્રહ કરી સ્વગૃહે તેડી ગયા. આતિથ્ય સાચવવામાં જરા પણ ખામી ન રાખી.

કુસુમ શેઠને પુષ્પવતી નામની એક રૂપલાવણ્યવતી, ઇંદ્રની અપ્સરાને પણ લજ્જાવે તેવી પુત્રી હતી. શ્રેણિકભૂપની પુત્રી સોમશ્રી અને ગોભદ્રશેઠની પુત્રી સુભદ્રા સહ તેણીને સખીપણા હતા. આ લલનાત્રિપુટીએ એવો નિશ્ચય કરેલો કે લગ્નગ્રંથીથી જોડાવું તો એક જ વરની સાથે જોડાવું કે જેથી પરસ્પરનો વિયોગ થવાનો પ્રસંગ જ ન આવે.

પુષ્પવતીના નેત્રોએ જ્યારથી નવિન અતિથિના દર્શન કર્યાં ત્યારથી જ તેના અંતરમાં કોઇ અગમ્ય આંદોલન ઉપસ્થિત થઈ ચૂક્યું. યૌવનાંગણમાં તાજી પ્રવેશનાર બાળા પુષ્પવતી આ ભાવોને પૂર્ણ રીતે ઓળખી શકી નહી. સખીવૃંદમાં તેણીએ પોતાની વ્યથા પ્રગટ કરી. રાજપુત્રી ને સુભદ્રા પણ કામદેવ સરખા રૂપવાળા કુંવરને જોતાં જ કામબાણથી ઘવાયા ! દાસી મારફતે એ વાત વડિલોના કર્ણ પર પહોંચી. અતિથિ ધન્યકુમારને લલનાત્રિપુટીનો સ્વીકાર કરવાનો અતિ આગ્રહ થયો. આમ કુદરતી રીતે વૈભવને છોડી જનાર ધન્યને પુનઃ એની પ્રાપ્તિ થઈ. રાજવીના જમાઈ થતાં કઈ વાતની ન્યૂનતા રહે ? સુંદર પ્રાસાદમાં વસવાટ અને પ્રતિદિન ત્રિયાત્રિપુટી સહ સંસારસુખ માણવામાં ધન્યકુમારના દિવસો સરિતાના નીરસમ વહી જવા લાગ્યા.

એકદા ગવાક્ષે બેસી કુંવર દાતણ કરી રહેલ છે ત્યાં દૂરથી પોતાના માતાપિતાને આવતાં જોયા. પાછળ ભાઈ તથા ભાભીઓને પણ નિહાળી. સર્વના દેહ પર દરિદ્રતા નાચી રહી હતી. મુખના ચહેરા પણ શુષ્ક બની ગયા હતા. પહેરવાના વસ્ત્રોનું પણ પૂરું ઠેકાણું નહોતું. આ દૃશ્ય જોઈ ધન્યકુંવર ઘડીભર મંત્રમુગ્ધ

બની ગયેા. પેાતાના કુટુંબની સંપત્તિ આમ એકાએક ક્યાં ચાલી ગઇ હશે ને આપદાનું વાદળ અકસ્માત્ ક્યાંથી ચડી આવ્યું હશે એ સંબંધી તે વિચારવા લાગ્યેા. કર્મરાજના તમાસા સિવાય તેની દૃષ્ટિ બીજું કંઇ ન જોઇ શકી. તરત જ તે નીચે ઊતરી પેાતાના સર્વ આપ્તજનને મહેલમાં તેડી લાવ્યેા.

આફ્તેાના વાદળ વર્ષે તેા પણ સજ્જન પુરુષેા પેાતાની પ્રકૃતિમાંથી એક પગલું પણ પાછળ હઠતા નથી.

દુર્જનતા પણ ક્યાં ઢાંકી રહે છે? રાજગૃહીમાં આવ્યાને પૂરા પંદર દિન ન થયાં ત્યાં તેા ધનદત્ત આદિ ત્રણે ભ્રાતાઓ સ્વભાર્યાઓના ભરમાવ્યાથી ધન્યની સંપત્તિમાંથી જુદેા હિસ્સેા માંગવા લાગ્યા અને તેનાથી પૃથક્ વસવાની વાતેા શરૂ કરી. સુખમાં લાવનાર ધન્યકુમાર સાથે પુનઃ કલેશના શ્રીગણેશ મંડાયા. માતાપિતાએ બહુએ સમજાવ્યા કેઃ “હે પુત્રેા! આ બધી સંપત્તિ ધન્નાએ પેાતાના ભુજબળથી સંપાદન કરી છે એમાં તમારેા ભાગ શી રીતે સંભવે? શા સારુ નકામેા વલેાપાત કરેા છેા? ધન્યકુમારનું ચાર માણસમાં ખેાટું દેખાય તેવું આચરણ ક્યાં આદરેા છેા?”

પણ એ શિખામણ પથ્થર પર પાણી સમ નિષ્ફળ ગઇ. ધન્યકુમારને સ્વકુટુંબમાં આમ ભિન્નતા પડે તે ન રુચવાથી કેાઇને પણ કહ્યા સિવાય રાત્રિના તે નીકળી પડ્યેા. જુદા જુદા દેશેામાં ભ્રમણ કરતેા તે કૌશાંબી નગરીમાં આવી પહેાંચ્યેા.

હંસમાં રહેલી જે દૂધપાણીને છૂટા પાડવાની શક્તિ એ ગમે તેવા સંજોગેામાં પણ તેનાથી વેગળી જતી નથી કિંવા તે કેાઇનાથી ઝુંટવી શકાતી નથી, તેમ ધન્યકુમારની બાહ્ય ઋદ્ધિમાં ભાઇઓ ભાગ પડાવવાનું ઇચ્છવા લાગ્યા અને કલહના ભયથી એ બધાનેા ત્યાગ કરી ધન્યકુમારને છૂટા પડવું પડ્યું પણ જે

તેનામાં વ્યવહારકુશળતા ને બુદ્ધિબળ હતું એમાં ઓછું જ કોઇ ભાગ પડાવનાર હતું ? એ તો કર્મોની માફક સાથેનું સાથે જ હોવાથી જ્યાં એ પગ મૂકે ત્યાં પ્રસરાઇ જતું અને મોટી મહેલાતો યાને નવા વૈભવ ખડા કરતું.

કૌશાંબીમાં રત્નપરીક્ષાના નિમિત્તથી ધન્યકુમાર રાજદરબારમાં માન પામ્યો અને નૃપ–અંગજાને પરણ્યો. ભાગ્યદેવીએ તેના સારુ પુનઃ એક વાર વિલાસ વિસ્તાર્યો. ધન્યકુમાર આ પ્રદેશમાં સાધુ ધન્ય યાને પવિત્ર–પુણ્યશ્લોક ધન્યશ્રેષ્ઠી તરીકે સુવિખ્યાત થયો. પ્રજાના હિત માટે તેણે નગરી બહાર એક વિશાળ સરોવર બોદાવવા માંડયું. મજૂરોને રોજી મળવાથી સંતોષ થયો અને પ્રજાની એક ચિરકાળની જરૂરીયાત પૂરી પાડવાના કારણથી એના મનમાં પણ આનંદ થવા લાગ્યો.

ધન્યના ચાલી નીકળ્યા બાદ રાજગૃહીમાં ઘરનું ગાડું થોડા સમય પર્યંત ઠીક ઠીક ચાલ્યું, પણ નિર્ભાગ્યશેખરને ત્યાં આપદા આવી પડતાં કેટલો વિલંબ લાગે ? આવક ઠંડી પડી અને રાજદરબારની પ્રતિષ્ઠા ધન્યકુમારના ચાલ્યા જવાથી તૂટી પડી. આખરે ધનસારે કુટુંબ સહિત અન્યત્ર જવાનો નિશ્ચય કર્યો. રાજપુત્રી સોમશ્રી ને પુષ્પાવતી તો સ્વામીનાથના ચાલી ગયા બાદ પોતાના પિયરમાં સિધાવી ચૂકેલી, માત્ર સુભદ્રા શ્વસુરની સેવામાં હતી. આપત્તિકાળે વધુએ પિયરમાં ન જવું એ સૂત્ર તેણે અંતરપટ પર કોતરી રાખ્યું હતું. એમાં જ તેણી કુલીન કાન્તાનો ધર્મ સમજતી, તેથી સાસુસસરા તરફથી વારંવાર કહેવામાં આવ્યા છતાં પણ તેણી પોતાના ભ્રાતાને ઘેર આ વિષમ સંયોગોમાં ન ગઇ. જેને જીવનભરમાં કષ્ટનું નામ પણ સાંભળ્યું નથી એવી તે વડીલના સાથમાં રહી દુઃખોનો અનુભવ કરવા-પૂર્વક જીવન વહન કરવા લાગી.

આજીવિકા અર્થે ભ્રમણ કરતું આખું કુટુંબ કૌશાંબીમાં જ્યાં સરોવર ખોદવાનું કામ ચાલી રહ્યું છે ત્યાં આવી પહોંચ્યું. મહેનત કરતાં છતાં કમભાગ્યને લઇ પેટપૂરતું ધાન્ય પણ ન મળતું હોવાથી દરેકના ગાત્રો સૂકલકડી સમા બન્યા છે એવા આ કુટુંબને સાધુ ધન્યે તો તરત જ ઓળખી કાઢયું. સાથે પત્ની સુભદ્રાને નિરખી કંઇક આશ્ચર્ય પણ થયું.

આમ છતાં કુટુંબની જ એક વ્યક્તિ–આ સરોવર ખોદાવનાર સાધુ ધન્ય તે અન્ય કોઇ નહિ પણ પોતાનો સંબંધી છે એટલો ખ્યાલ આવનારા ન જ કરી શક્યા. સૌ કોઈ બીજા મજૂરો સાથે કામે લાગી ગયા અને યોગ્ય પ્રમાણમાં રોજી કમાવા લાગ્યા.

આ તરફ ધન્ય પણ પ્રતિદિન કામની તપાસ અર્થે આવતો. એક વેળા સ્વપિતાને ઉદ્દેશી તેના આખા કુટુંબને ભોજનમાં ઘી આપવાનો હૂકમ કર્યો. અન્ય મજૂરોની પણ તેવી માગણી થતાં સર્વને પ્રમાણસર ઘી મળવા લાગ્યું. આથી મજૂરગણમાં વૃદ્ધની ઠીક છાપ બેઠી. વળી વૃદ્ધને ખાસ ભલામણ કરવામાં આવી કે તેણે પોતાના આવાસે તેમની પુત્રવધૂઓને મોકલી છાશ પણ મંગાવી લેવી, કેમકે છાશમાં બળવૃદ્ધિ કરવાનો ખાસ ગુણ છે.

અવારનવાર વધૂઓ છાશ લેવા જતી એમાં પણ જ્યારે સુભદ્રા જતી ત્યારે વધારે છાશ મળતી. ધન્યના કહેવાથી તેની ભાર્યા આમ ઇરાદાપૂર્વક કરતી. સુભદ્રાને વધારે છાશ આણતી જોઇ સાસુ–સસરા જો કે પ્રશંસા કરવા લાગ્યા પણ વહુઓ તો કંઇ કંઇ જુદી જુદી ટીકાઓ કરવા લાગી ! અરે પ્રત્યક્ષ કહેવા પણ મંડી કે જો જો, સુભદ્રા કોઇ વેળાએ ઘર માંડી, કુળ પર મશીનો કૂચડો ન લગાડે !

બન્યું પણ તેમ જ થોડા દિવસમાં એક વેળા છાશ લઇને પાછી ફરતી સુભદ્રાને આંતરી ધન્યકુમાર પ્રશ્ન કરવા લાગ્યો:

'હે સુભગે ! તું શા સારુ આવી રીતે કષ્ટ વહન કરી સુંદર દેહયષ્ટિને કરમાવે છે ? મારે ત્યાં જ રહે અને તારા દિવસો અમનચમનમાં પસાર કર.' સુભદ્રા લજ્જાથી મુખ નમાવી કહેવા લાગી: 'હે સાધુપુરુષ ! તમારે આમ વદવું એ વ્યાજબી નથી. હે અન્નદાતા ! મારા માર્ગમાંથી તમે ખસી જાઓ ને મને સત્વર ઘરભેગી થવાં દો. તમારા જેવા ચારિત્રશીલ પુરુષને પારકી ત્રિયા પર કુદૃષ્ટિ કરવી શોભતી નથી. મારા હૃદયવલ્લભના વિયોગથી જ્યાં મારું અંતર દગ્ધ થઈ રહ્યું છે, જ્યાં મારા માતાપિતા સરખા સાસુ-સસરાના ગાત્ર મજૂરીથી સદૈવ ગળી રહ્યા છે અને જ્યાં મારા સરખી શાળિભદ્રની ભગિનીને સ્વપતિવ્રતધર્મનું ખંડન કરવા કરતાં મૃત્યુને ભેટવું અતિ શ્રેયસ્કર જણાય છે ત્યાં અમનચમનની વાતો કરતાં આપને શરમ નથી આવતી ? તમોએ અન્ન-વસ્ત્ર આપી અમારા કુટુંબ પર ઉપકાર કર્યો છે એટલે વધારે કહેવું મને ઉચિત લાગતું નથી; પણ યાદ રાખજો કે આવી રીતે પરનારી પર કુદૃષ્ટિ કરવાનું પરિણામ કદી પણ સારું આવતું નથી. ચાલો, બાજુ પર ખસી જઈ મારો માર્ગ મોકળો કરો.'

પવિત્રહૃદયા પ્રેયસીના આ જુસ્સાદાર વચનો શ્રવણ કરતાં ધન્યની ધીરજ ચાલી ગઇ. નજીક આવી, પોતાની ઓળખાણ કરાવતાં પાદ પરનું લાખું બતાવ્યું. વળી વિશેષ પ્રતીતિ કરાવવા સારુ પોતે રાજગૃહી છોડતાં પૂર્વે આપેલી મુદ્રિકાની યાદ આપી.

સુભદ્રાને ખાત્રી થઇ કે સાધુ ધન્ય તે અન્ય કોઇ નહિં પણ પોતાના સ્વામીનાથ જ છે. તે પુનઃ એક વાર એ મધુરા મુખારવિંદ પ્રતિ મીટ માંડી જોઇ રહી.

ધન્યે તેણીને પ્રેમપૂર્વક આલિંગન દઈ, સર્વ પરિસ્થિતિ સમજાવી. વસ્ત્રો બદલાવી સુંદર શણગાર સજાવી પોતે જે કરે તે મૌનપણે જોયા કરવાની આજ્ઞા કરી. તરત જ ધન્ય પોતે તથા

ઉભય પત્નીઓ હર્ષપૂર્વક જમ્યા. રાજપુત્રીને સુભદ્રા સરખી બહેન મળવાથી આનંદ થયો. આમ સુભદ્રા તો કષ્ટમાંથી છૂટી.

ઘણો સમય થવા છતાં સુભદ્રા પાછી ન ફરવાથી સારા ય કુટુંબમાં ફીકરની લાગણી પથરાઈ. અન્ય વહુઓ તો ખુલ્લું કહેવા લાગી કે–' અમારી વાત પર લક્ષ ન આપ્યું તેનું જ આ પરિણામ છે ! રોજ એના વખાણ કરી ફુલાતા હતા તો જાવ હવે તેડવા. એણે તો માલિકનું ઘર માંડ્યું.'

ધનસાર ને શીલવતી આ કર્ણકટુ શબ્દો મૌનપણે સાંભળી રહ્યાં. એમનું હૃદય જો કે નહોતું કબૂલ કરતું કે સુભદ્રા સરખી કુલીન લલના આવું કલંક વહોરે, છતાં ચોકસાઈ કર્યા વગર જવાબ દેવાય શી રીતે ? વિલંબ ઘણો થયો હતો એટલે તેઓ બન્ને જાતે જ સાધુ ધન્યના ગૃહે પહોંચ્યા અને સુભદ્રા સંબંધી તપાસ કરવા માંડી.

પહેલાં તો નકારો ભણી, ' સુભદ્રા તો અહીંથી છાશ લઈ તુરત ગઈ છે, ' એવો જવાબ આપી ધન્યે વડીલને પણ મૂંઝવ્યા; પણ આખર તેમને ગૃહના અંદરના ભાગમાં તેડી જઈ, ચરણમાં શિર નમાવી પોતાનો સર્વ વ્યતિકર નિવેદન કર્યો. માતાપિતા ઘડીભર આશ્ચર્યમાં મુગ્ધ બન્યા. પુત્રનું સુખ દેખી, સુભદ્રાને સુખી નિહાળી આનંદ પામ્યા. આજે તેમના હર્ષનો પાર ન રહ્યો.

હજુ ધન્યને, સ્વ ભ્રાતાઓને ઊંધા પાઠ પઢાવી પૃથક્ થવાની વાત કરાવનાર ભાભીઓને બોધપાઠ આપવાની ઈચ્છા હતી એટલે પોતે જે કરે એમાં વડિલોએ પણ મૌન રહેવું એવી સૂચના કરી.

આ તરફ ચિરકાળ સુધી માતાપિતા પાછા ન ફરવાથી ત્રણે પુત્રોને ચટપટી લાગી કે આ થયું શું ? બધા સાથે જ બખર કાઢવા નીકળી પડ્યા. તેમના નશીબમાં પણ ધન્યગૃહની મૂંગી કેદ હોવાથી તેઓ પણ અંદર દાખલ થયા પછી પાછા દેખાયા જ નહિ.

હવે તો ચોખ્ખું સમજાઇ ગયું કે ઇરાદાપૂર્વક સુભદ્રાને રોકનાર અને પોતાના સાસુ-સસરા તથા ધણીઓને કેદ કરનાર ધન્ય આપણને સીધો જવાબ નહિ જ આપે, એટલે તરત જ ત્રણે પુત્રવધૂઓ કૌશાંબીપુરીના મહાજન પાસે પહોંચી. ગરિબ, દુઃખિયા કે જેના પર અન્યાય વર્તેલો હોય એની રાવ સુણનાર જો કોઇ પણ પુરાતન ઢબનું સાધન હોય તો તે મહાજન. સારો ય હેવાલ સાંભળી લઈ, બાઇઓને ધીરજ આપી, જેની લાગવગ ચાલી શકે એવા થોડા ગૃહસ્થો સાધુ ધન્ય પાસે આવ્યા અને કોઇ પણ હિસાબે બનેલ વાતનો તોડ લાવવા પ્રયાસ કર્યો; પણ ધન્યે તો નકારો ભણી હાથ જ ન મૂકવા દીધો. કોઇ પણ રીતે ધન્યને તે વાત રાજદરબારની દેવડીએ મોકલવી જ હતી.

મહાજનના ધુરીઓ 'આ વ્યાજબી નથી થતું' એમ કહી વિદાય થયા. તેઓએ રાજવી પાસેથી દાદ મેળવવાની બાઇઓને સૂચના કરી. પુત્રવધૂઓએ પણ પોતાનો પોકાર રાજવીના કાને પહોંચાડ્યો. એવી સરસ રીતે પોતાની બાબત રજૂ કરી કે રાજાને પણ ધન્યની જ કસુર માલૂમ પડી.

સાધુ ધન્ય એટલે પોતાનો જમાઇ, છતાં ન્યાયના કાંટા સરખા કરતી વેળા એવો સંબંધ જોનાર ઇન્સાફ ન જ તોળી શકે, એ વાત આ ભૂપને સમજાવવી પડે તેમ હતું જ નહિ. તરત જ ધન્ય શેઠને બોલાવવા સિપાઇ આવ્યો.

કોઇ દિવસ વગરવિચારે શબ્દ ન વદનાર સાધુ ધન્યે જરા તોછડાઇથી પ્રત્યુત્તર આપ્યો; એટલું જ નહિ પણ સાથે કહેરાવ્યું કે 'એકપક્ષી વાત સાંભળી તમોએ જે વલણ અખત્યાર કર્યું છે એ વ્યાજબી નથી કર્યું.'

બસ, આટલાં વચન શ્રવણ કરતાં જ પૃથ્વીપતિના ગુસ્સાનો પાર ન રહ્યો. તરત જ ધન્યને પકડવાને સુભટો દોડાવ્યા. અહીં

તો ગણત્રી બાંધીને જ કાર્ય કરાયેલું હોવાથી સુભટોનું કામ મુશ્કેલ થઈ પડ્યું. સાધુ ધન્યના સામનાથી તેઓ મુંઝાયા. તેના પરાક્રમ આગળ તેમને પાછું હઠવું પડ્યું.

સમાચાર દરબારમાં પહોંચ્યા. રાજાને પણ વિમાસણ થઈ. મહાજનને પણ લાગ્યું કે ધન્ય શેઠ જેવા સાથે બગાડવું તે ઠીક નહિં, તો પછી અન્યાય પ્રવર્તવા દેવો ? એ પ્રશ્ન સૌને મૂંઝવવા લાગ્યો. વ્યાઘ્રતટી જેવી દશા આવી પડી. એક તરફ સાધુ ધન્ય જેવો પવિત્ર પુરુષ દુરાચરણ સેવે નહિં, જ્યારે બીજી બાજુ ભાઇઓની વાત પણ ખોટી તો નથી જ. જે બનાવની એ વાત કરે છે એ માટે મજૂરવર્ગમાંથી એક કરતાં વધુ સાક્ષીઓ તેની પુષ્ટિ કરવા તૈયાર જ છે. આમ પુષ્કળ વિચારણા કરતાં મહાજનમુખ્યોને લાગ્યું કે ' જરૂર આમાં કંઈક રહસ્ય સમાયું છે. ' તેથી રાજવી સાથે એ સંબંધી પરામર્શ કરી તેઓ સાધુ ધન્યના આવાસે પહોંચ્યા. તેમના આદરસત્કારમાં ધન્ય શેઠે જરા પણ બાકી ન રાખી. તેઓએ સર્વ વિચારણા ખુલ્લા શબ્દોમાં રજૂ કરી, ધન્ય પર દબાણ ચલાવ્યું કે–'આ બનાવ પાછળ શું રહસ્ય સમાયેલું છે તેનો જલ્દી હવે સ્ફોટ કરવો ઘટે.'

સાધુ ધન્યને પણ વાતને બહુ વધારવી ઉચિત ન લાગવાથી સારું ય વૃત્તાન્ત અથથી માંડીને ઇતિ સુધી મહાજનના મુખ્યોને જણાવ્યું અને પ્રાંતે તેણે ઉમેર્યું કે મારા ભાઇઓને પૃથક્ થવાની સલાહ આપનાર ભોળાઇઓને શિક્ષા કરવા સારૂ જ મેં આ કોયડો રચ્યો છે. જ્યાં આખા ય બનાવ પરથી પડદો ખેંચાઇ ગયો ત્યાં તો સૌ કોઇના હૃદયમાં અવર્ણનીય આનંદ ઉદ્ભવ્યો. તરત જ માતાપિતા અને ભાઇઓને બોલાવવામાં આવ્યા. પેલી ભોળાઇઓને પણ તેડાવી મંગાવી અને તેમની પૂર્વે થયેલી ભૂલ માટે તેમ જ અણછાજતી પ્રકૃતિ માટે મીઠા શબ્દોમાં ઠપકો આપીને, નજર

સન્મુખ દેખાડવામાં આવ્યું કે 'સુભદ્રા કોઇ અન્યને ઘેર જઇને નહોતી બેઠી પણ એ તો તેના ખોવાયેલ, ચિરકાળથી ગૃહત્યાગ કરી ગયેલ પ્રીતમને પ્રાપ્ત કરવાથી પોતાના આવાસમાં જ રહી હતી.' આ રીતે કૌશામ્બીમાં પુનઃ એક વાર ધનસારનું કુટુંબ એકત્ર મળ્યું. સૌના મનમાં ખાત્રી થઇ કે 'સર્વમાં પુન્યશાળી એકલો ધન્ય જ છે. હવે તેનો સાથ કદી પણ ન છોડવો' એવો નિરધાર ભાઇ-ભોજાઇઓએ કર્યો. કૌશામ્બીપતિની સંમતિ લઇ ધન્ય શેઠ સરોવરનું કામ આટોપી, વિપુળ સમૃદ્ધિ સહિત રાજગૃહીમાં પાછો ફર્યો. શ્રેણિક ભૂપાળ તેમજ પુરના આગેવાન વેપારીઓએ તેનું સ્વાગત કર્યું. ચાર શ્રેષ્ઠીઓએ પોતાની કન્યાઓ, જેની કીર્તિકથા સર્વત્ર ગવાઇ રહી છે અને જે રાજમાન્ય ગૃહસ્થોમાં ધુર પદ્દે છે એવા ધન્ય શેઠને પરણાવી. આમ ધન્યના ભાગ્યમાં સંપદા, સુખ અને ઐશ્વર્ય નાચવા લાગ્યા.

વેપાર-વણજમાં, સાંસારિક ભોગવિલાસમાં ધન્યશેઠનો કેટલો ય સમય પાણીના પ્રવાહ સમ વહી ગયો. જ્યાં પલ્યોપમ ને સાગરોપમ જેવા અમાપ વર્ષોના લેખાં ન રહ્યાં ત્યાં સો-સવાસો વર્ષોની શી કથા !

એક વેળા આઠ પત્નીઓનો સ્વામી ધન્ય સ્નાનગૃહમાં બેસી દેહ પર પીઠી ચોળાવે છે, બીજી પત્નીઓ સહ સુભદ્રા પણ મસ્તકના ભાગમાં સુગંધી પદાર્થ ચોળી રહી છે. ત્યાં અકસ્માત્ તેણીની આંખમાંથી અશ્રુબિન્દુ ટપકયું. એ ઉષ્ણ ટીપાએ ધન્યનું ધ્યાન ખેંચ્યું. સુભદ્રાના નેત્રોમાં આંસુ જોતાં જ એને પ્રેમાળભાવે પ્રશ્ન કર્યો.

કારણ અન્ય હતું જ નહિં. ધન્ય જેવા સદાચારી ને સૌભાગ્યશિરોમણિ પતિની છાયામાં પોતાને દુઃખ જેવું તો હોય જ કયાંથી ? દુઃખ થવામાં તો વાત એ બની હતી કે પોતાનો ભાઇ

શાળિભદ્ર થોડા સમયમા જ સંસાર ત્યજી દઇ, સંયમ ગ્રહણ કરવાનો હોવાથી પ્રતિદિન અકેક નારી સાથેનો સંબંધ છોડતો હતો. દુઃખનું કારણ આ જ.

સુભદ્રાના મુખમાંથી અશ્રુનિમિત્તની કહાણી સાંભળતાં જ ધન્યકુમારથી બોલી જવાયું. "અરે! એમાં તે દુઃખ કેવું? સંયમ જેવી આત્મકલ્યાણકારી ચીજના ગ્રહણમાં આવો વિલંબ! તારો ભાઈ તો કાયર જણાય છે. છોડવું ત્યારે કાં એક સાથે ન છોડી દેવું?"

"સ્વામીનાથ! કહેવું સહેલ છે પણ કરવું મુશ્કેલ છે. દુનિયામાં કથન કરનારા કિંવા સલાહ આપનારાનો કયાં તોટો છે? અમલ કરનારાની સંખ્યા જ આંગળીના ટેરવે ગણાય તેટલી છે. કાયરતા વદનારે કેટલી વીરતા દાખવી?"

"વાત તારી સાચી છે, તો આ ચાલી નીકળ્યો. ઉત્કૃષ્ટ વસ્તુના સ્વીકારમાં નિશ્ચય કર્યો એટલે બસ."

"નાથ! હું તો માત્ર મજાક કરી રહી છું, એમાં આપ બોટું લગાડી તરછોડી ચાલ્યા ન જાઓ." સુભદ્રા દીનવચને બોલી.

"ના, ના, વલ્લભા! આમાં માઠું લગાડવાપણું જ નથી. મોહનિદ્રામાં પડેલા મને જાગ્રત કર્યો. સમજ્યા ત્યાંથી સવાર ગણવી એ તો નીતિજ્ઞોનું કર્તવ્ય છે."

"પણ આમ મારા વચને મારી સાત બ્હેનોને દંડ દેવા આપ તૈયાર થયા એ વ્યાજબી ન કહેવાય. મારી ભૂલનું પ્રાયશ્ચિત્ત મારે એકલીએ જ ભોગવવું જોઈએ. આપ વગર અમારા જીવન ટકી શી રીતે શકે?"

"હવે એ બધી ચર્ચામાં કાળ વ્યય કરવાનો ઉપયોગ કંઈ જ નથી. અરિહંત દેવના ઉપાસકો નમાલા ન જ હોય. એ તો

ભોગોને ભોગવી પણ જાણે તેવી જ રીતે શૂરતા દાખવી છોડી પણ જાણે. શું ભોગવવાનું બાકી રહ્યું છે ? આ માર્ગ વિના એ કર્મોનો અંત પણ કેમ કરીને થવાનો છે ? આત્મા જ જ્યાં ભિન્ન છે ત્યાં કોણ કોનો શરણદાતા છે ? ”

“ **कम्मे शूरा धम्मे शूरा** ” એ વચન યાદ કરવાની જરૂર છે. આમ કહેતાં જ એક સમયના પ્રખર ભોગી ધન્નાશા રાજગૃહીના માર્ગેથી નીકળી ચાલ્યા. શાળિભદ્ર શેઠના મકાન સમિપ આવી પહોંચ્યા અને હાકલ કરી.

“ શાળિભદ્ર ! ચાલો, ચાલો, વિલંબ થાય છે. રોજ અકેક પરથી મોહ ઉતારવાનું કાર્ય એ તો કાયરોનું. શૂરવીર તો, સાપ જેમ કાંચળી ઊતારી નાખે તેમ, એક સામટો ત્યાગ કરી નાખે. જ્યાં મનમાં નિશ્ચય કર્યો ત્યાં પછી વિલંબ કરવાનું પ્રયોજન શું ? ”

ઘડીભર શાળિભદ્ર તો પોતાના બનેવી સામે જોઇ રહ્યો. તેમના વચનો સાંભળી વિચારમાં પડ્યો. ત્યાં તો બીજા શબ્દો કર્ણ પર અથડાયા.

“ એમાં આશ્ચર્ય જેવું કે વિચારણીય શું છે ? સ્નાન કરવા બેઠેલો હું આઠ પ્રમદાઓને ત્યજી ચાલ્યો આવું છું. તમે પણ બાકી રહેલને છેલ્લો શબ્દ સંભળાવી નીકળી પડો. આપણે ઉભય સાથે જ વૈભારગિરિ પર રહેલ શ્રી વીર પાસે પહોંચીએ અને સંયમની મીઠી સુવાસના ભોક્તા બનીએ. ”

આ પછી ધન્ના–શાળિભદ્રે કેવું જીવન ગાળ્યું ? એ આપણે શાલિભદ્રની કથામાંથી જાણી ચૂકયા છીએ.

માત્ર એક વાત ઉમેરવાની છે. તે એ જ કે જ્યારે ભદ્રા શેઠાણી પોતાની પુત્રવધૂઓ આદિ પરિવાર સહિત પ્રભુ શ્રી

મહાવીર સમિપ પહોંચ્યા અને ધન્ય–શાળિભદ્ર મુનિઓ સંબંધી પ્રશ્ન કરવા લાગ્યા ત્યારે જ પ્રભુશ્રીના મુખેથી પારણા સંબંધી બનેલ વ્યતિકર તેમણે જાણ્યો.

એ સાંભળી એમને ઘણું જ દુઃખ થયું. આંગણે ઊગેલ કલ્પવૃક્ષને સહસા છેદી નાખી પછી એનો મનવંછિત પૂરણ ગુણ વિચારતાં જે જાતનો પશ્ચાત્તાપ થાય એવો તીવ્ર પશ્ચાત્તાપ થયો; પણ હવે શું વળે તેમ હતું.

જે 'બુંદથી બગડી તે હવે હોજથી સુધરે તેમ હતું જ નહીં.' એક જ ભૂલે સારી ય પરિસ્થિતિ ફેરવી નાખી હતી. ગયો અવસર પાછો લાવવાનો સંભવ જ નહોતો. ઉભય મુનિઓએ વૈભારગિરિ પર આખરી અનશન કર્યું છે એ વાત જાણતાં જ, પ્રભુને વાંદી તેઓ એ ટેકરી પર પહોંચ્યા.

ત્યાં શું જોયું ? અહા ! જેમની દેહલતા માખણથી પણ સુકોમળ હતી અને જેમને સામાન્ય ગરમીથી પણ પરસેવો થતો હતો તેઓ આજે ઊઘાડા શરીરે સૂર્યના પ્રખર તાપની કે પવનના પ્રબળ ઝંઝાવાતની જરા પણ પરવા રાખ્યા વગર ઐહિક મૂર્ચ્છાનો, નાનામાં નાની પૌદ્ગલિક વાસનાનો, સર્વથા જય કરી, કેવલ આત્મકલ્યાણમાં એકતાર બન્યા છે. એમની નજર સરખી આ વંદન કરનારા પરિવાર તરફ ખેંચાતી નથી ! 'અહં' અને 'મમ' જેવા ભાવનું એકાદું બિન્દુ પણ દેખાતું નથી. ત્યાં તો માત્ર ધ્યાનપરાયણ દશા જ છે. ભદ્રા માતા પોતાના પ્રમાદને અશ્રુભીની આંખે વર્ણવે છે, પણ એ ઝીલવા કાન જ જ્યાં ઊઘાડા નથી ત્યાં શું થાય ? માતા વિષણ્ણ ચહેરે પાછા ફર્યા. ઉભયે એકતારથી આત્મકલ્યાણ સાધ્યું.

કૃતપુણ્ય શેઠ

કુલીનતા અને હલકાઇના માપ નિર્ધન દશા પ્રાપ્ત થતાં જ જલ્દીથી કાઢી શકાય છે. એ સમયે ઉભય જાતિના વચન અને વર્તન ઉપરથી જ કુલીન–અકુલીન સહજ પરખાઇ જાય છે.

" હવે તું શા સારું અહીં પડી રહ્યો છે ? વારંવાર કહ્યા છતાં તને ચાલી જવાનું નથી સૂઝતું, તો આજે હું ધક્કા મરાવી તને બહાર કઢાવીશ ત્યારે જ તને ભાન આવશે. આ તો વેશ્યાનું ગૃહ. એમાં ધન વગર ઘડીવાર પણ ચાલે નહીં. તારા જેવા ભૂખડી બારસની પ્રીતિને વળગી રહીએ તો અમારો ધંધો નાશ પામી જાય અને અમે ત્રીજે દિવસે ભીખ માગતા થઇ જઇએ. જ્યાં લગી તારે ઘરેથી પૈસા આવતા હતા ત્યાં લગી એક શબ્દ પણ મારે કહેવો પડ્યો હતો ? આ તો દાસી માત્ર કંકણની જોડ ઉચકી લાવી અને નિર્ધન દશાનું વર્ણન કર્યું એ સાંભળતાં હરકોઇ સમજી શકે કે હવે તારી પાસે કુટી બદામ પણ નથી રહી. અમારે તો રોજ ધન સાથે જ કામ રહ્યું; માટે અહીંથી સીધો સીધો નીકળી જઇ ધન પેદા કરીને પુનઃ આવજે. "

કુટ્ટિનીની આ અંતર વીંધી નાખે તેવી વાગ્ધારા સાંભળી કૃત-પુણ્ય સડક બની ગયો. ઘડીભર જડ પુતળા માફક સ્તબ્ધ થઈ રહ્યો. માંડ માંડ એટલું ઉચ્ચારી શક્યોઃ

" મને એક વાર અનંગસેના સાથે વાત કરી લેવા દો. જેને ત્યાંથી આજ બાર બાર વર્ષોથી ધનની નીક વહી રહી હતી તે મનુષ્યની બે આંખની તો શરમ રાખો. "

" ચાલ, ચાલ, પામર ! તારી જબાન બંધ કર. ધન આપ્યું તેમાં શી નવાઈ કરી ? યૌવનરસનો લ્હાવો કંઇ રસ્તામાં નથી

પડ્યો. અનંગસેનાની હાજરીમાં તારું ચઢી વાગે છે માટે તો આ તક સાધવી પડી છે. એના આવતાં પૂર્વે તો તારે આ દેવડીના પગથિયાંને છેલ્લા રામરામ કરી જવાના છે."

કૃતપુણ્ય આખરે પણ વણિક સંતાન હતો. વેશ્યાની પ્રીતમાં એ લુબ્ધ બની ગયો હતો છતાં એની પ્રજ્ઞા તદ્દન બહેર મારી ગઇ નહોતી. તરત જ તે પરિસ્થિતિ કળી ગયો. કપડાં પહેરી, નીચે ઊતરી જ્યાં તગદીર લઈ જાય ત્યાં ચાલી જવા નીકળ્યો.

હવે જ તેને દુનિયા શું વસ્તુ છે તેનું ભાન થયું. નેત્રો સામે પોતાની પૂર્વ દશા ખડી થઈ! એક સમયનુ સમૃદ્ધિભર્યું જીવન, જ્ઞાનગોષ્ઠી, મિત્રો સહ વાર્તાલાપ અને અનંગસેનાના પ્રેમમાં પડવાનો પ્રસંગ તેમ જ વર્ષોના વહેવા સાથે આખરે આવી પડેલ આ નતીજો–એ બધું યાદ આવ્યું. મનડું એ બનાવો વચ્ચે હીંચોળા ખાવા લાગ્યું. કઈ તરફ પગલાં ભરવાં એ પ્રશ્ન થઇ પડ્યો. એનો નિશ્ચય થાય તે પૂર્વે આપણે જરા ભૂતકાળમાં ડોકિયું કરી લઇએ.

× × ×

મગધ દેશના પાટનગર તરીકે જેની ખ્યાતિ દશે દિશામાં કર્પૂરની સુગંધની જેમ વિસ્તારને પામેલી છે એવા રાજગૃહ નગરમાં પુષ્કળ ધનનો સ્વામી **ધનેશ્વર** નામનો સાર્થવાહ વસતો હતો. એને રૂપગુણસંપન્ન અને શીલવતી **સુભદ્રા** નામની ભાર્યા હતી. સંસારજન્ય ભોગવિલાસમાં તે દંપતીનો કેટલોક કાળ વીતી ગયા પછી એમને ત્યાં કથાનાયક કૃતપુણ્યનો જન્મ થયો. સારા ય કુટુંબમાં આનંદમંગળ વર્તાયો. પુત્રના વધામણા ક્યાં નથી થતા? પુત્રીજન્મ વેળા એવો આનંદ નથી જણાતો એ પણ એક જગતની વિચિત્રતા છે કે બીજું કંઇ?

દિવસના વધવા સાથે કુમાર કૃતપુણ્ય પણ બાળભાવ મૂકી વિદ્યાધ્યયનમાં પ્રગતિ સાધવા લાગ્યો અને તીવ્ર બુદ્ધિને લઈ અલ્પકાળમાં જ ધાર્મિક તેમ જ વ્યવહારિક વિદ્યા-કળામાં નિષ્ણાત થઇ ગયો. યુવાનવયના આંગણે ઊભતા કુમારને માતાપિતાએ એક સુલક્ષણી કન્યા સહ પરણાવી સંસારના એક અદ્વિતીય પ્રસંગનો લહાવો લીધો.

કુમારને શિક્ષણ-સમયથી જ સાધુ મહાત્માનો પરિચય સવિશેષ હોવાથી તેના વિચાર-વર્તનમાં ત્યાગ સંબંધી ભાવનાઓ ઓતપ્રોત થઇ ચૂકી હતી. સાંસારિક બાબતો પર એનું લક્ષ ઓછું હતું. વ્યવહારમગ્ન માતા-પિતાને આ વાત રુચતી ન હતી. મોહપાશમાં આકંઠ ભરેલા આત્માઓ સત્વર ત્યાગ જેવી પવિત્ર ને અણમૂલી વસ્તુની કિંમત ન આંકી શકે એમાં આશ્ચર્ય પણ શું ? કુમારનું મન વિરાગી થતું અટકાવવા-સંસારના વિષયવિલાસમાં વાળવા-પત્નીની સંમતિથી પિતા ધનેશ્વરે સ્વપુત્રને રંગીલા મિત્રોની સોબતમાં જોડ્યો. છૂટા હાથે લક્ષ્મી વાપરી વિલાસના સાધનોની વિપુલતા કરી આપી. રસીલા મિત્રોને રંગ-રાગ વિના બીજાની દરકાર પણ શી ? તેઓએ કૃતપુણ્યમાં રહેલા ધાર્મિક અને નૈતિક સુંદર વિચારોનું ધીમે ધીમે ઉન્મૂલન કરી, તેનું મન શૃંગારમય ચેનબાજીમાં વાળી દીધું અને દૃષ્ટસિદ્ધિ અર્થે ગણિકાનું ઘર પણ દેખાડી દીધું. બસ થઇ ચૂકયું. એક વાર ધનજીવી રામાના ફંદમાં જે ફસાયો તે પછી ઓછો જ સદાચારના રાહ પર ટકી શકે છે ? વેશ્યા-પુત્રી અનંગસેનાના રૂપ-લાવણ્યમાં કુમાર અતિશય રક્ત બન્યો. વિવિધ પ્રકારની કળાકેલીમાં ઉભયનો સમય પાણીના રેલા સમ વહી જવા માંડ્યો. ધનેશ્વર શેઠ પણ પુત્રના વિચારો સંસારા-સક્ત કરવાની ધૂનમાં આંખો મીચી ધન, વિલાસ માટે મોકલવા લાગ્યા. આનાથી પુત્રનું જીવન કોઇ અન્ય માર્ગે ખેંચાઈ જાય

છે એનો વિચાર સરખો પણ તેમને ન ઉદ્ભવ્યો. રંગીલા મિત્રો પણ હવે તો બાજુ પર રહી ગયા. જેમ બંધ છૂટતાં જળ જબરા ધસારાથી વહેવા માંડે તેમ કૃતપુણ્ય કુમાર કોઇ પણ જાતના અંકુશવિહીન બની યુવતી અનંગસેના સાથેની કામ-ક્રીડામાં મનગમતા વિલાસ લૂંટી રહ્યો. પોતાના ઘર સામું જોવાનું પણ મૂકી દીધું, ત્યાં પછી માતપિતાની ભક્તિ કે જેની સાથે લગ્નની ગાંઠ બાંધી છે તે સ્ત્રીની સાથે વાર્તાલાપનો સંભવ પણ કયાં રહ્યો ?

આમ બે–ચાર નહિ પણ બાર વર્ષના વહાણા વાયા. દર-મિયાન કેટલીએ નવાજૂની થઇ ગઇ. કાળ ઓછો જ કોઇની રાહ જોવા થોભે છે ? ‘ કુમાર આજે ઘેર આવશે, અરે ! પખવાડીયે તો જરૂર આવશે. વસંતઋતુમાં ન આવ્યો પણ આ વર્ષાકાળમાં તો આવ્યા વિના નહીં જ રહે ’–આવા આવા મનોરથો સેવતા ને આગ-મન સંબંધી મણકા ફેરવતા માતપિતાના લોહી પણ સૂકાવા માંડ્યા. પુત્રવધૂના સુખ સામું જોવા જતાં સમૂળગો પુત્ર પણ હારી બેઠા. ધન લેવા આવતી ગણિકાની દાસીદ્વારા પુત્રના કુશળ સમાચાર જાણી મન મનાવવાનું રહ્યું. જ્યાં પુત્રના દર્શન દુર્લભ થઇ ચૂકયા ત્યાં પૌત્રને જોઇ રાજી થવાના કે અન્ય સાંસારિક હોંશના કોડ માણવાના પણ કયાં રહ્યા ? હવે જ શેઠની આંખ ઊઘડી. પોતે કરેલ ભૂલનો ખ્યાલ આવ્યો. વિરાગદશામાંથી વાળવા જતાં આમ મર્યાદા કૂદાવી સરાગદશામાં ગરકાવ થવારૂપ જે બનાવ બન્યો તે ન જ બનત એમ મોડું મોડું પણ સમજાયું; પણ હવે ઉપાય કયાં હાથમાં હતો ? આશાના હિંચોળે અવલંબી રહી જીવન વ્યતીત કરતાં શેઠ ને શેઠાણી બંને અકાળ જ્વરના ભોગ બન્યા અને થોડા દિવસની માંદગીમાં આ સંસારમાંથી સદાને માટે પ્રયાણ પણ કરી ગયા. મોહથી જેનું જીવન મત્ત બન્યું છે એવા કુમારને આ માંદગી સંબંધી સંદેશો તો પહોંચાડેલા પણ

આજે પૂર્વનો ભક્તિવંત પુત્ર રહ્યો જ નહોતો. એનું જીવન તો અનંગસેનાના હાથમાં પરાધીન બન્યું હતું. સારાસાર વિચારવાનું ભાન તો કેટલા ય સમય અગાઉથી એ હારી બેઠેલો હતો. આજે તે કંદર્પની અમાપ આગમાં દગ્ધ થઇ રહ્યો હતો. એની શાંતિને અર્થે વેશ્યાપુત્રી વિના તેનો કોઇ ઇષ્ટ પદાર્થ પણ નહોતો. ખરું જ કહ્યું છે કે–કામાંધ જન દિવસ ને રાત એમ ઉભયકાળ આંધળો છે. કામાતુરને લોકભય કે લોકલજ્જા જેવું હોતું જ નથી.

માતપિતા જતાં પુત્રવધૂ કે જેનું નામ **ધન્યા** હતું તે એકલી પડી. ધૈર્ય ધરી દુઃખના દહાડા વ્યતીત કરવા લાગી. આખરે સંતાન તો કુલીન ઘરનું રહ્યું એટલે દુઃખનો ભાર મૂંગી મૂંગી સહી રહી હતી. બાર બાર વર્ષથી ઉલેચાતા ધનના ઢગલાથી મોટા રાજવીનો ભંડાર પણ ખાલી થઇ જાય ત્યાં પછી આ ધનેશ્વર સાર્થવાહની તિજોરીનું તળિયું દેખાય તેમાં શી નવાઇ ?

કુટ્ટિનીની દાસી ધન લેવા આવી ત્યારે શેઠના ઘરની બદ-લાયલી સ્થિતિ જોઇ ગઈ છતાં ધન્યાએ પતિને માઠું ન લાગે, તેમના સુખમાં–આનંદમાં અંતરાય ન પડે એટલા ખાતર માગણી પ્રમાણે ધન આપ્યા કર્યું. દાસી મુખેથી આ સર્વ વ્યતિકર કુટ્ટિનીએ સાંભળ્યો હતો ત્યારથી જ તેણીએ મનમાં ગાંઠ વાળી હતી કે જેમ ફળવિહીન બનેલા વૃક્ષને પક્ષીઓ કિંવા શુષ્ક થઇ ગએલ જળવાળા સરોવરને સારસો ત્યજી જાય છે તેમ આ કૃતપુણ્યને હવે છોડી દેવાની જરૂર છે. આ તલમાંથી હવે વિશેષ તેલ નીકળવાની આશા છે જ નહીં. આ વાત એક કરતાં વધુ પ્રસંગે તેણીએ અનંગસેના સમક્ષ ઉચ્ચારી હતી અને શ્રેષ્ઠીપુત્રને અર્ધચંદ્ર બતાવી દેવાની આજ્ઞા પણ કરી હતી; છતાં પ્રેમપાશથી તેના અંતરના તાર ગાઢ રીતે ગુંથાયેલા હોવાથી તેણી તેમ કરવા અંશમાત્ર ખુશી નહોતી.

અનંગસેનાએ વૃદ્ધ ડોકરી સાથે બાનગીમાં ઘણીવાર ચર્ચા કરી હતી અને એ વાત પર ભાર મૂકયો હતો કે " આપણને બાર બાર વર્ષોથી ધન આપીને તેણે પોતાનું ઘર બાલી તો કરી દીધું, હવે તેને કયાં સુધી આપણે ચૂસવો જોઈએ ? આપણે તેનો ઉપકાર માની પૂર્વવત્ વર્તન ચાલુ રાખવું જોઈએ. આવી સ્થિતિમાં તેને રસ્તાનો ભિખારી બનાવવામાં આપણે ડ્યાજબી ન ગણાઈએ. એથી જરૂર આપણા પર દૈવ રૂઠે. "

પૈસો જ જેને મન પ્રાણ કરતાં અધિક છે અને પરમાત્મા, ધર્મ કે પરલોક જેવી કંઈ વસ્તુ જ જેના મનમાં નથી એવી કુટ્ટિનીને ગળે પુત્રીની ઉપરોક્ત સાચી વાત કયાંથી ઊતરે ? તે સમયે તો તે ઈરાદાપૂર્વક મૌનનું અવલંબન કરી ગઈ પણ ત્યારથી જ નિરધાર કરી લીધો કે અનંગસેનાની ગેરહાજરીમાં તક સાધી આ કામ જાતે જ પતાવવું.

યોગાનુયોગે એવું બન્યું કે આ તરફ દાસી ધન લેવા ગઈ ત્યારે ધન્યા પાસે દેવાનું અન્ય કંઈ સાધન ન હોવાથી છેવટ હાથના કંકણ ઉતારી આપ્યા. એ લઈ સત્વર તે પાછી ફરી. અનંગસેના તેની સખીને મળવા ગઈ હતી તે તકનો લાભ લઈ, કંકણ જેવી અલ્પ કિંમતની ચીજ આવેલી જોઈ ડોકરીએ એકદમ કૃતપુણ્ય શેઠને બોલાવી તેના ઉપર ધુરકવા માંડયું. એનો શો નતીજો આવ્યો તે પ્રારંભમાં જ આપણે જોઈ ગયા છીએ.

નિશ્ચય બીજો શું થવાનો હતો ? સંસારના વ્યવહારમાં લક્ષ્મીની જરૂર હાલતાચાલતા પડે છે. વસ્તુ વિનાના નરની ગણના પશુ બરાબર થાય છે. પેટનો બાડો પૂરવામાં પણ એની જરૂર રહી. બીસામાં કૂટી બદામ પણ મળે નહીં. પરદેશ જઈ ભાગ્ય અજમાવવું એવો નિશ્ચય તો કર્યો છતાં જેનું પરણીને ભાવથી મુખ પણ નથી જોયું અને જેના પર દુઃખ વરસાવવામાં કમીના

નથી રાખી એવી પ્રિયાને એક વાર મળીને જવું યોગ્ય લાગવાથી કૃતપુણ્યે પોતાના આવાસનો માર્ગ લીધો.

પણ ઘરના આંગણામાં પગ મૂકતાં જ શું જોયું ? એક સમયે જે વિશાળ મકાન સમૃદ્ધિથી ભરપૂર હતું અને જ્યાં મનુષ્યોના અવરજવરથી નાનાસરખા રાજદરબારનો ખ્યાલ આવતો ત્યાં આજે સ્મશાનભૂમિ સમી નિર્જનતા પથરાયલી છે. ઘણો ભાગ જીર્ણ-વિશીર્ણ થઈ પડુ પડુ થઇ રહ્યો છે. ચોકમાં ધૂળના ઢગ એકઠાં થયાં છે અને માનવીના પગરવમાં માત્ર એકાકી યુવતી દૃષ્ટિગોચર થાય છે. તેનો દેહ શુષ્ક થઇ ગયેલો, દેહ પર માત્ર સામાન્ય વસ્ત્ર અને કંઠમાં કેવલ સૌભાગ્યસૂચક મંગળસૂત્ર ! માત્ર કોઈ અગમ્ય આશાતંતુ પર તેણીનું જીવન ઝોલા ખાઇ લટકી ન રહ્યું હોય એવો સ્પષ્ટ ખ્યાલ દ્વારમાં પગ મૂકતાં જ આવ્યો.

આ દૃશ્ય જોતાં જ કૃતપુણ્યના ગાત્ર ગળવા માંડ્યા. ચક્ષુ સામે ભૂતકાળ નૃત્ય કરવા લાગ્યો. ઘડીભર થઇ આવ્યું કે ધરતી માર્ગ આપે તો એમાં સમાઈ જઉં, પણ આ સ્થિતિ ઝાઝીવાર ન ટકી. કુલીનતારૂપી સુવાસિત ઉદ્યાનમાં જેનો બાલ્યકાળ વ્યતીત થયો છે અને જેને ગળથૂથીમાંથી પતિ એ જ સર્વસ્વ અથવા તો સ્વામીનાથના કલ્યાણમાં જ પોતીકું સર્વ કલ્યાણ માનવાના નૈતિક બોધપાઠ મળેલા છે, એ પત્ની, અરે સાક્ષાત્ કુળદેવી, અચાનક નાથને ઉંબરે આવેલ જોતાં જ ઉમળકાભેર ઊભી થઇ, હસ્તમાં જળપાત્ર લઇ સામે આવી, અધોવદને ઊભી રહી. ચિરકાળથી જે દેહલતા કરમાઇ એક સૂકી યષ્ટિ સરખી ભાસતી હતી તેમાં આજે અપૂર્વ તેજસ્વિતા આવી ગઇ. પ્રિયકાંતના દર્શને સારી યે રોમાવલી કોઈ અનેરા આનંદથી પુલકિત બની. અરેખર સંસારમાં નારીજાતને સૌભાગ્યમણિના દર્શનથી શું અધિક છે ?

કૃતપુણ્યે હાથપગ ધોઇ દુઃખી હૃદયે ગૃહમાં પ્રવેશ કર્યો. પોતાની સ્વચ્છંદતાએ આ સ્થિતિ જન્માવી છે એનો તાદૃશ

ચિતાર નજર સામે આવતાં જ પોતાના જીવન પર તિરસ્કાર છૂટ્યો. અનંગસેના અને ધન્યા વચ્ચેનો ફરક તેની ચક્ષુઓ આજે સત્ય સ્વરૂપમાં નિહાળી રહી. પણ્યાંગના અને કુલાંગનામાં શું અંતર છે તે સમજાયું. વેશ્યાના સ્નેહ કરતાં આ પ્રેમ કેટલી હદે શ્રેષ્ઠ છે તેનો સાચો ખ્યાલ આવ્યો. હવે જ તેને ભાસ્યું કે પૈસાની પૂજારી એવી વેશ્યા ગમે તેટલી રૂપવાન હોય છતાં– સામાન્ય સ્વરૂપા અને કોઇ જાતની દ્રવ્યલાલસા વગરની કેવળ પતિભક્તા પત્ની સાથે તેની સરખામણી થઇ શકે જ નહીં. એક કથીર તો બીજું કાંચન. કાંચન સહ કથીરના તોલન શા ? પોતાની જેવા શોકસંતાપદાયી પુત્રથી માતાપિતાને કેવું દુઃખ થયું હશે ? એમની અંત અવસ્થામાં પોતા સરખો નગુણો છોકરો, કે જેને એકાદ વાર આવી મળી જવાના કેટલા ય સંદેશા મોકલાવેલા છતાં આવવાની તસ્દી સરખી ન લીધી, આવા અણછાજતા વર્તને કેવી પીડા ઉપજાવી હશે ? એ વિચારો આવતાં જ અંતર બળવા લાગ્યું. સામે ઊભેલી સાધ્વી પ્રિયાને પણ કયાં ઓછો ઉદ્વેગ પમાડ્યો છે ? પરણીને આવ્યા બાદ પૂરા પાંચ દિવસ પણ પ્રેમભીની આંખે એના પ્રત્યે જોયું છે પણ ખરું ? અરે ! એકાદ વાર પ્રેમાળ વચને બોલાવી છે પણ ખરી ? આમ છતાં જેણે આજે શુશ્રૂષા કરવામાં બાકી રહેવા ન દીધી. રસ્તાના ભિક્ષુક બનેલાને આટલો આદરસત્કાર ? જેને પોતાના પોષણ સારુ પારકા દળણા દળવા પડે છે અને જેની પાસે ફૂટી બદામ રહી નથી છતાં તે આજે હર્ષથી ઉભરાઇ જઈ એકાદ્દી ચાકરડી કરતાં પણ વધુ બરદાસ ઉઠાવી રહી છે. જ્યાં ધનના ઢગો હતા તે કયાં ગયા ? અરે ! જેણે વિવિધ પાનપાનોથી લાડ લડાવ્યા તે હું આજે કયાં ભટકું છું કિવા મારી કઇ અવસ્થા છે ? તેની ભાળ પણ કાઢતી નથી અને પેલી કુટ્ટિનીએ તો તિરસ્કાર કરવામાં કચાશ પણ રાખી નથી. આમ જ્યાં ઉભય વચ્ચે આટલી

હૃદનું અંતર છે ત્યાં મારા જેવા મૂર્ખ સિવાય અદ્યાપિ સુધી કોણ રાચીમાચીને રહે ? બરેબર મારું જીવન વ્યર્થ ગયું છે.

આ પ્રમાણે વિચારમાં પડેલા પતિને ઉદ્દેશી ધન્યા વિનયપૂર્વક બોલી:–"નાથ ! શું વિચારો છો ? ભૂતકાળને ભૂલી જાઓ. બનનાર બની ગયું, હવેનું જીવન સુધારી લ્યો. કર્મે કોને કોને નથી ભૂલાવ્યા ? પાણી તૈયાર છે તો સ્નાન કરી આ દેવાધિદેવનું પૂજન કરી લ્યો. દરમિયાન હું રસવતી તૈયાર કરું છું તે સુખેથી આરોગો. ધન ગયું તો ભલે ગયું પણ મારું સૌભાગ્ય મળ્યું એ કંઇ મને જેવો તેવો લાભ છે ? મારે મન આજે સોનાનો સૂરજ ઊગ્યો છે."

વિચક્ષણ પુરુષ તે જ છે કે જે ગયેલાનો શોક કરતા નથી તેમ ભવિષ્યની ચિંતામાં ગરકાવ ન બનતાં વર્તમાન સંજોગો જોઇને જ વર્તે છે. કર્મોની જ સર્વત્ર પ્રધાનતા છે. એ વગરના સારા ગ્રહો પણ શું કામના છે ? જુઓને વસિષ્ઠ જેવા મુહૂર્ત કાઢનાર હતા છતાં એ યોગમાં શ્રી રામને રાજ-ગાદીને બદલે વનવાસ પ્રાપ્ત થયો, તેથી હે વલ્લભ ! બીજા વિચારો હાલ છોડી દઈ, તેમ હમણાં દેશાંતર જવાની વાત પણ અભરાઇએ ચઢાવી, મારી પાસે આ મંગળસૂત્ર રહેલ છે તે વેચી નાંખી વ્યવહારનું નાવ ચાલવા દો. તમે પોતે શિરછત્ર તરિકે મોજુદ છતાં મારે અન્ય સૌભાગ્યચિહ્ન જેવા મંગળસૂત્રની આવશ્યકતા પણ શી છે ? દરમિયાન આપનો ચિંતાભાર ઓછો થઇ જશે તેમ જ મન પ્રફુલ્લિત બનશે એટલે કોઇ ધન ઉપાર્જનનો માર્ગ શોધી કાઢજો."

પ્રિયાની આ મધુરી વાણીએ કૃતપુણ્યની ઘણી ગમગીની હઠાવી દીધી. નછૂટકે સમયને માન આપી મંગલસૂત્ર વેચ્યું અને પરસ્પર પ્રેમગોષ્ઠીમાં સંસારસુખ ભોગવતાં એ દંપતીના ત્રણેક માસ પાણીના રેલાની માફક વહી ગયા.

એકદા રાજગૃહીથી એક સાર્થવાહે દૂર દેશાન્તર જવાની ઉદ્‌ઘોષણા કરાવી. ગવાક્ષમાં બેઠેલા કૃતપુણ્યના કર્ણ પર એનો સાદ પડ્યો. જેમ કોઈ ગાઢ નિદ્રામાંથી જાગી ઊઠે તેમ તેના હૃદયમાં દેશાન્તર જઈ, ધનપ્રાપ્તિ કરવાની આશા પુનઃ જન્મ પામી. ગમે તેમ તો પણ તે વણિકકુળનું સંતાન હતું. વાણિજ્ય ખેડવામાં તેની મતિ કુંઠિત થાય તેમ હતું નહીં. એક તરફ પ્રિયા ધન્યા ગર્ભને ધારણ કરી ચૂકી હતી ને બીજી બાજુ મંગળસૂત્રના વિક્રયથી લાવેલ રકમ પણ ખૂટી જવા આવી હતી. વળી તેનું મન પણ હવે પૂર્વ બનાવોને વિસરી જઈ, નવેસરથી જિંદગીનું પાનું ઉઘાડવાને તત્પર બન્યું હતું.

તરત જ તેણે આ વાત પ્રિયાને જણાવી. તે પણ સારી રીતે સમજતી હતી કે પુરુષનો ખોરાક વ્યવસાય છે અને પરદેશ ખેડ્યા વગર તકદીરની પરીક્ષા થતી નથી. એટલે 'પતિનો વિયોગ થવાનો અને તે પણ આવા વિલક્ષણ સંયોગોમાં' એ વિચાર દુઃખકર લાગ્યા છતાં એને બાજુ પર રાખી તેણીએ વાતમાં સંમતિ આપી. એક દાબડામાં મોદકનું ભાતું કરી આપ્યું અને જરૂર પૂરતા સાધન સાથે સાથ ઉપડવાની આગલી રાત્રિએ નગર બહારની ધર્મશાળામાં જ્યાં જુદા જુદા મંચકો (ખાટલા) પર સાર્થ સાથે ઉપડનાર મુસાફરો નિરાંતથી નિદ્રાનું આસ્વાદન કરી રહ્યા હતા ત્યાં આગળ એક ભાગમાં એક મંચક પર કૃતપુણ્ય માટે બિછાનું પાથરી ધન્યા સ્વગૃહે પાછી સિધાવી. કૃતપુણ્ય પણ ત્યાં લેટી ગયો અને અલ્પ કાળમાં જ મીઠી નિદ્રાનો ભોક્તા બન્યો.

જ્યાં અનંતો કાળ વહી ગયો ત્યાં રાત્રિના બાર કલાકોને પસાર થતાં કેટલી વાર ! પ્રાતઃકાળ થવાની ઘટિકા વાગતાં જ કૃતપુણ્યના નેત્રો ઊઘડી ગયા અને જે દેખાવ નજરે પડ્યો એથી તો ઘડીભર એ વિચારમાં પડી ગયો.

એક તરફ એક વૃદ્ધ ડોશી પોતાને પુત્ર તરિકેનું સંબોધન કરતાં ઠપકાના શબ્દો કાઢી રહી હતી. "હે પુત્ર! આટલા દિવસથી તું કયાં ચાલ્યો ગયો હતો? તારી કેટલીએ શોધ કરાવી! આમ રીસાઇ જવું ઠીક કહેવાય? આ બિચારી પત્નીઓ તારા વિરહે બળી રહી છે ને પીડા પામી રહી છે તેનો તો વિચાર કર." વાત પણ સાચી હતી. સમીપમાં જ ચાર રૂપવંતીઓ અવનત મસ્તકે ઊભી હતી. એકના હાથમાં પાણીનો કળશો હતો તો બીજીના કરમાં દંતધાવનના ઉપકરણો હતાં. વળી આ સ્થળ તો એકાદા વિશાળ પ્રાસાદના મધ્યભાગમાં આવેલ શયનગૃહ હતું.

કૃતપુણ્ય મનમાં વિચારવા લાગ્યો કે 'આ સ્વપ્નું છે કે માયાજાળ છે? કયાં સાર્થવાહનો પડાવ? કયાં ટૂટીફૂટી મંચા પરનો આરામ? અને કેવી રીતે આ પલંગ પર આગમન તથા આ રામાઓ પણ કોણ? આને માયાજાળ કહેવાય પણ શી રીતે? ગમે તેમ પણ આ એક સાચો બનાવ છે. હાલ એનો તાગ કાઢવાની તરબડમાં પડવા કરતાં સમય પ્રમાણે વર્તવું એ જ ઉચિત છે.'

જાણે ગાઢ નિદ્રામાંથી જાગ્રત ન થતો હોય એમ કૃતપુન્ય તરત જ વૃદ્ધાને માતા તરિકે ગણી પ્રણામ કરતો બેઠો થઈ ગયો અને તેમનો ગુમ થયેલ પુત્ર પોતે જ ન હોય તેમ દરેક રીતે વર્તવા લાગ્યો. 'ભાવતું હતું અને વૈદ્યે કહ્યું' એ મુજબ આ ગૃહનું તંત્ર ચાલવા લાગ્યું. ચાર લલનાઓ સાથે સાંસારિક વિલાસમાં દિવસો વ્યતીત થવા માંડ્યા, પરંતુ પ્રાસાદની બહાર પગ મૂકવાની વૃદ્ધાની મનાઇ હતી. એ આજ્ઞા ઉલ્લંઘન કરવી મહાવિકટ હતી અને હાલના તબક્કે તેમ કરવાનું કારણ પણ ન હતું.

કૃતપુન્યને આવી રીતે ચાર ભાર્યાઓ સાથે સાંસારિક સુખ ભોગવતાં લગભગ બાર વર્ષ થવા આવ્યા. એ ગાળામાં તો દરેક સ્ત્રીને એકેક પુત્ર પણ થયો ને તે સર્વ પોતાની તોતડી વાણીથી માબાપને આનંદ આપવા લાગ્યા.

આમ સુખનો મધ્યાન્હ થતાં જ ઉદય પછી અસ્તની માફક અહીંની પરિસ્થિતિમાં પલટો આવ્યો. એક દિવસ ચાર વહુઓ અને વૃદ્ધાની બાનગી મસલત ચાલી. એમાં શું બન્યું તે કૃતપુન્ય જાણી શકયો નહિ પણ એટલી તો ખબર પડી કે આખરે વૃદ્ધાનું ધાર્યું થયું. આ બનાવ પછી ચારે પત્નીઓનું વર્તન કૃતપુન્ય સાથે જેવું પહેલા હતું તેવું ન જ રહ્યું. વિલાસ ઓછા થયાં, સ્નેહ ઘટવા લાગ્યો અને જે પુત્રો સારો ય દિવસ પિતાશ્રીના અંકમાંથી આઘા પણ નહોતા ખસતા તેઓને હવે ઈરાદાપૂર્વક દૂર રખાવા માંડ્યા. આનું કારણ જાણવા કૃતપુન્યે સ્વઅંગનાઓને ઘણી ય વાર ચકાસી જોઇ પણ જ્યાં પહેલાંની માફક ખુલ્લા દિલથી વાત સરખી ન કરી શકી ત્યાં કારણનો તો ઉચ્ચાર પણ ક્યાંથી સંભવે ? તે દરેકને ગંભીર સૂચના વૃદ્ધા તરફથી કરવામાં આવેલી અનુમાની શકાઈ.

કૃતપુન્ય આ ગુંચાયલી પરિસ્થિતિ ન ઊકેલી શક્યો અને મૂકપણે સ્વવ્યવહાર પૂર્વવત્ ચાલુ રાખી રહ્યો. એક દિવસ મિષ્ટ રસોઇ જમવાના પ્રભાવથી વહેલો નિદ્રાધીન થયો અને પ્રભાત થતાં જ્યાં આંખ ઊઘડે છે ત્યાં બાર વર્ષ પૂર્વનો, નગર બહારની ધર્મશાળામાં–સાર્થવાહનો જે સમુદાય ગયેલો તેમાં એક બાજુ પોતાની શય્યા હતી તે નિહાળી. વિશાળ મહેલ, એનું શયનગૃહ અને ચાર પત્નીઓ તેમ જ નાના બાળકો અને વૃદ્ધા તેમ જ ભૃત્યગણ આદિ ઇંદ્રજાળ માફક એકાએક ક્યાં અદૃશ્ય થઇ ગયા તે બાબત એ વિચારવા લાગ્યો. ચોતરફ અવલોકન કરતાં ધન્યાએ આપેલ મોદકનો દાબડો નજીક પડેલો દીઠો. વાતના અંકોડા બેસાડતાં તેને ધીરેધીરે સમજાયું કે વૃદ્ધ ડોકરીએ ગોઠવેલ આ પ્રપંચ છે. એનો મૂળ છોકરો અપુત્રીઓ મૃત્યુ પામવાથી સર્વ મિલ્કત રાજદ્વારે ન જાય એની બાતર આ બાજી રચવામાં આવેલી હોવી જોઇએ. એક બાજુ કામ સરી

ગયું ને બીજી બાજુ સાર્થવાહ પણ પાછો ફર્યો એટલે દાવ-સિદ્ધિની પૂર્ણ અનુકૂળતા થઇ ગઇ. તે દિવસ રાત્રે વહેલી ઊંઘ આવી તેમાં પણ કંઇ માદક પદાર્થનું ખાવામાં મિશ્રણ કરેલ હોવું જોઇએ. સ્ત્રીચરિત્ર કયાં સુધી પહોંચી જાય છે તેનો વિચાર કરતાં મંચક પરથી ઉઠવાની તૈયારી કરે છે ત્યાં તો પુત્ર સહિત ધન્યા આવી પહોંચી. સમિપસ્થ દાબડા સિવાય અન્ય કાંઇ વસ્તુ સ્વામી પાસે નિરખવામાં ન આવવાથી પામી ગઈ કે નાથ ગયા એવા જ ખાલી હાથે પાછા ફર્યા જણાય છે. તગદીર પર એ વાત છોડી દઇ, તેણીએ હર્ષભર્યા હૃદયે કુશળ વર્તમાન પૂછયા ને પુત્રની ઓળખાણ કરાવી. વાંચક સારી રીતે જાણે છે કે ધન્યાને ગર્ભવતી મૂકીને જ કૃતપુન્ય સાર્થવાહ જોડે જવા નીકળ્યો હતો એટલે પુત્રમુખ-દર્શનનો આ પ્રથમ પ્રસંગ હતો. જો કે નગરમાં ને નગરમાં જ બાર વર્ષનો લાંબો સમય વ્યતીત કર્યો હતો, છતાં કયાં રહ્યો હતો તે સ્થાન હજુ પણ પોતે જાણી શકે તેમ ન હોવાથી એ વાતનો હરફ સરખો પણ ધન્યાને કાને તેણે નાંખ્યો નહીં. જાણે પરદેશથી જ પાછો ફરે છે એવી રીતે ઘેર આવ્યો અને કંઇ પણ કમાણી નથી કરી લાવ્યો એવી ટૂંકી વાતથી જ પહેલાની માફક જીવનના એકડેએક ઘૂંટવા શરૂ કર્યા.

બીજે દિવસે નિશાળે જતાં પુત્રને ધન્યાએ ખાવા સારુ દાબ-ડાના ચાર મોદકમાંથી એક મોદક આપ્યો. બપોરની રજા વખતે નજીકની કંદોઇની દુકાન આગળ બેસી તે ખાવા લાગ્યો કે તુરત એમાંથી એક ચળકતો કાચનો કકડો કંદોઇના પાણીના ઠામમાં પડ્યો. એ પડતાં જ પાણી બે ભાગમાં વહેંચાઈ ગયું. કંદોઇએ તે સર્વ જોયું ને જાણ્યું કે આ કાચનો કકડો નથી પણ જળ-કાન્ત મણિ છે. એટલે જ્યાં પેલો બાળક તેને પાણીમાંથી બહાર કાઢવા જાય છે ત્યાં તેને ફોસલાવી, મીઠાઇવડે તેના હાથ ભરી દીધા ને તેનો એ કાચનો કકડો બદલામાં મેળવી લઈ પોતાના

પટારામાં મૂકી દીધો. બાળક મીઠાઇ મળવાથી રાજી રાજી થઇ ગયો. છૂટી પૂરી થતાં નિશાળમાં ગયો અને સાંજ પડતાં ઘેર પાછો ફર્યો. ધન્યાએ પણ બાકીના મોદક પુત્રને આપવા કામ લાગશે એમ વિચારી દાબડામાં જુદા જ રાખી મૂકયા. આમ આંધળે બહેરું કુટાયે જાત પણ બીજે જ દિવસે એક એવો બનાવ બની ગયો કે જેથી કૃતપુન્યનું સારું ય જીવન પલટાઈ ગયું. કૃતપુન્ય સાચે જ જેણે પુન્ય કરેલું છે તેવો કહેવાયો. ધન્યાની દુઃખી જિંદગીનો અંત આવ્યો. દુઃખ પાછળ સુખ આવે છે એ જગતનો નિયમ સાચો ઠર્યો.

બીજે દિવસે ઉત્સવનો દિન હોવાથી ભૂપાલ શ્રેણિક અને બીજા અધિકારીઓ ગજારૂઢ થઇ સરિતામાં જળક્રીડા કરવા ગયા. અચાનક રાજાના હાથી સેચનકને પગે જળમધ્યે રહેલ ઝુંડ જાતિનો જળજંતુ વળગી ગયો તેથી કોઇ પણ રીતે હાથી બહાર નીકળી શકયો નહીં. અભયકુમારે ભંડારમાં જળકાન્તમણિની શોધ કરાવી પણ ત્યાંથી હાથ ન આવવાથી આ વાત શ્રેણિકભૂપને જણાવી. એ સાથે ભાર મૂકીને કહ્યું કે 'જળકાન્તમણિનો સ્વભાવ જળને બે ભાગમાં વહેંચી દેવાનો હોવાથી એની જો પ્રાપ્તિ થાય તો સેચનકને બહાર કાઢવાનું ઘણું સુલભ થઇ જાય.'

રાજગૃહ યાને ગિરિવ્રજ જેવા વિશાળ નગરમાં જરૂર કોઈ વ્યવહારીયાને ત્યાં એવું મણિ યાને રત્ન હોવું જોઇએ, એમ ધારી દાંડી પીટાવી કે 'જે કોઇ જળકાન્તમણિ લાવશે તેને રાજવી સ્વપુત્રી પરણાવશે ને યોગ્ય પારિતોષિક આપશે.' આ દાંડી પેલા કંદોઇએ છબી લીધી અને ટૂંક સમયમાં મણિ સહિત ઉપસ્થિત થયો. આ રીતે અવનીપતિનો પટ્ટહસ્તી મુક્ત થતાં સર્વત્ર આનંદ પ્રસરી રહ્યો. રાજાને એક જ વાત ખટકવા લાગી કે રાજપુત્રીને કંદોઇ પરણે તે વ્યાજબી ન લેખાય. અભયકુમારે આ ગૂંચ દૂર કરવાનો એક માર્ગ શોધી કાઢ્યો. તેણે અનુમાન કર્યું

કે રત્નના પરીક્ષકો વણિકો જ હોઇ શકે કેમકે એ વ્યવસાય તેમનો છે. મીઠાઇ બનાવનાર કંદોઇની બુદ્ધિ તેમાં કામ ન લાગે; માટે કોઇ પણ રીતે કંદોઇ પાસેથી બરી વસ્તુ જાણવી. પછી જ લગ્ન સંબંધી પ્રતિજ્ઞા પૂર્ણ કરવી. રાજ્યને વાતનું નિરાકરણ કરતાં શી વાર? જલ્દી કંદોઇને તેડી મંગાવ્યો. પ્રથમ અભયકુમારે કળાવીને પૂછ્યું પણ એમ કાંઈ ઓછું જ સત્ય પ્રગટ થાય છે! આખરે જ્યાં ચૌદમા રત્નનો પ્રયોગ કરવાનું જાહેર થયું ત્યાં એ રત્નપ્રાપ્તિ સંબંધી સર્વ વ્યતિકર પ્રગટ કરી દીધો. અભયકુમારને સ્વધારણા સત્ય નીવડેલી જોઇ હર્ષ થયો. તે તરત જ કૃતપુન્ય શેઠને ત્યાં પહોંચી ગયા. દાગડાના બીજા મોદકો પણ ભાંગી જોતાં બીજા ત્રણ રત્ન લાધ્યા. સૌ કોઇના વિસ્મયનો પાર ન રહ્યો. કૃતપુન્ય પણ આમ રંકદશામાંથી રાવ બની ગયો એટલે એના આનંદનું શું પૂછવું? ધન મળતાં મનુષ્યમાં સર્વ કાંઇ આવી જાય છે. તેથી જ કહ્યું છે કે–'સર્વે ગુણો કાંચનમાં રહેલા છે.' ધનપ્રાપ્તિ, રાજ્ય તરફનું માન અને રાજપુત્રી સહ પાણિ-ગ્રહણ એટલે શી કમીના?

રાજગૃહનગરમાં સર્વત્ર કૃતપુન્યની યશોગાથા ગવાવા લાગી. વાતને વા લઈ જાય છે એ ઉક્તિ અનુસાર અનંગસેનાએ પણ આ ભાગ્યપલટો સાંભળ્યો. કૃતપુન્યના ગયા પછી તે બિચારીને બહુ દુઃખ લાગ્યું હતું. પ્રીતિના સૂત્રો તજવા સહેલા નથી. સાચા પ્રેમી સિવાય એનો ખ્યાલ બીજાને ન જ આવી શકે, પણ પોતે કુટ્ટિનીની સત્તામાં પરતંત્ર હોવાથી કંઇ કરી શકે તેમ હતું જ નહિ. હવે તો કૃતપુન્ય નરપતિનો જમાઇ બન્યો એટલે તે ધારે તે કરી શકે તેમ થયું. કુટ્ટિની ચુંચા કરવા જાય તો સારી ય મિલકત પાછી સોંપી દેવી પડે, એટલે એ કંઇ બોલી શકી નહીં અને અનંગસેના સીધી કૃતપુન્ય પાસે આવી પહોંચી. આજીજી કરી સ્વઅપરાધ ખમાવવા લાગી અને પોતાને સ્વીકારવા માગણી

કરી. કૃતપુન્ય પ્રેમનો પૂજારી હતો. તેનું હૃદય સારી રીતે પીછાનતો હતો એટલે એ લેગી ત્રણ ગણી એને પણ સ્વગૃહમાં સ્થાન આપ્યું. આમ છતાં અતુલ ઉપકારી પત્ની ધન્યાનું સ્થાન તો સર્વોપરી જ રાખ્યું. એક વડિલ સમ ગણી તેણીની સલાહ પ્રત્યેક બાબતમાં લેતો. તેણીને જરા પણ કષ્ટ ન પડે એની ખાસ તકેદારી રાખતો. સંપત્તિમાં તો સૌ આવી મળે છે પણ વિપત્તિ વેળા તો તે એકલી જ સાથમાં અડી હતી. એ વાત હવે તેનાથી વિસરાય તેમ હતી જ નહીં.

મોદકમાં રત્ન મૂકનાર ચાર પ્રેયસીઓને પણ તે ભૂલી ગયો નહોતો. એ પરથી તે ચાર ત્રિયાઓનો સ્નેહ અને વૃદ્ધાનો પ્રપંચ ઘણે અંશે પારખી ગયો હતો. બાનગી તપાસ તો બહુએ કરી પણ કંઇ પત્તો મેળવી શકયો નહીં; છતાં પ્રયત્ન ચાલુ જ હતો.

એકાંત સાધી એક વાર ચાર વધૂવાળો બનાવ પોતાના મિત્રરૂપ થયેલા મંત્રીશ્વર અભયકુમારને કહ્યો અને પ્રાંતે જણાવ્યું કે "આશ્ચર્યની વાત તો એ છે કે જ્યાં મેં બાર વર્ષ જેવો લાંબો કાળ વ્યતીત કર્યો અને જેમની સહ સંસાર માણતા ચારે સ્ત્રીને અકેક પુત્રરત્નની પ્રાપ્તિ થઇ, તે સ્થળ તેમ જ તેમાં વસતા એ સ્નેહીજનો સંબંધી હજુ સુધી કંઈ પણ માહિતી મેળવી શકયો નથી. એ સ્થાન આ વિશાળ રાજગૃહની બહાર તો નથી જ. હિકમત લગાડી શોધ કરી આપો તો તમારી બુદ્ધિની પરાકાષ્ઠા ! મને બાત્રી છે કે તમારા સિવાય અન્યથી આ શોધ બની શકે તેમ નથી અને અંતરના સ્નેહી વિના આવી વાતનો પ્રકાશ પણ બીજા સમક્ષ કરી શકાય તેમ નથી."

અભયકુમારે કહ્યું: "તમારી આ વાત એક રીતે કહીએ તો ઇંદ્રજાળને ભૂલાવે તેવી છે, છતાં જરૂર એનો તાગ લાવી આપીશ. તમે નજરે જોવાથી તમારાં સ્ત્રીછોકરાંને ઓળખી શકશો બરાં ને ?"

કૃતપુન્ય બોલ્યા: " અવશ્ય, એમ તો બાર વર્ષનો સ્નેહ ક્યાંથી વિસરી જઉં ? "

અભયકુમારે કૃતપુન્યના આકારની એક કાષ્ઠપ્રતિમા કરાવી. એ પર રંગરોગાન લગાડાવી સાક્ષાત્ કૃતપુન્ય પોતે જ ન ઊભા હોય તેવો ઠાઠમાઠ જમાવ્યો. પછી નગરબહારના એક માતાના મંદિરના અમુક ભાગમાં તે પ્રતિમા ગોઠવાવી. પછી સારા ય નગરમાં ઉદ્ઘોષણા કરાવી કે " પ્રત્યેક નારીઓએ પોતીકા નાના-મોટા બાળકોને સાથે લઈ ઉક્ત મંદિરમાં વિરાજતા યક્ષદેવના દર્શન કરવા અવશ્ય જવું. એથી પુત્ર-પુત્રોના કલ્યાણની વૃદ્ધિ થશે અને એમાં જે કોઇ પ્રમાદ સેવશે એના પર યક્ષની અવકૃપા ઉતરશે અને રાજા પણ અપ્રસન્ન થશે."

નારીસમાજને તો યક્ષદર્શનનો પ્રસંગ એક મોટા ઉત્સવનો દિન થઇ પડ્યો. સુંદર વસ્ત્રાલંકારો ધારણ કરી સંખ્યાબંધ નારીઓ સ્વસંતાનો સહિત યક્ષમંદિરમાં દર્શનાર્થે ઊતરી પડી. મૂર્તિ સમક્ષ ભિન્નભિન્ન પ્રકારના નૈવેદ્ય ધરવા લાગી. એક પ્રચ્છન્ન ભાગમાં બેસી અભયકુમાર ને કૃતપુન્ય શેઠ આ બધી ચેષ્ટાઓ જોઇ રહ્યા હતા. લલનાઓની હારમાળા ચાલી રહી. એક દરવાજેથી પ્રવેશી બીજે દરવાજેથી બહાર નીકળવા લાગી. અલકમલકની વાતો એ સમુદાયમાં પ્રવર્તી રહી. કોઇ તો આ વિલક્ષણ પ્રકારના યક્ષને નિરખી વિસ્મયતા ધરવા લાગી. એ સંબંધી કેટલાયે વાર્તાલાપો થઇ ગયા. કેટલા ય ગપગોળા ગબડી રહ્યા. અજ્ઞાનતામાં અથડાઅથડી વિના બીજું હોય પણ શું ?

જ્યાં અમંગળ થવાની આગાહી અને રાજવીની અવકૃપાનો પ્રશ્ન હોય ત્યાં પછી કોણ બાકી રહે ? પેલી વૃદ્ધા પણ ચાર પુત્રવધૂઓ અને ચાર પુત્રો પર અધિકાર ભોગવતી આવીને મંદિરના દ્વારે ખડી થઇ. કૃતપુન્યે ઇસારામાં મંત્રીને સમજાવ્યું કે ' એ જ એનું બારવર્ષી કુટુંબ છે. '

પુરાવાની જરૂર પણ ન રહી. જેના અંકમાં અનેક વાર ક્રીડા કરી છે અને જેની મુખાકૃતિ એક કરતાં વધુ વાર નિરખી 'પિતા' શબ્દથી સંબોધન કર્યું છે એવી યક્ષમૂર્તિને જોતાં જ પ્રણામ કરવાને બદલે ચારે પુત્રો મૂર્તિને 'પિતા' શબ્દથી બોલાવવા મંડી પડ્યા અને હાથ-પગના ભાગો પકડી જાણે આટલા સમયથી ભાગી ગયા હતા એ માટે ઉપાલંભ ન દેતા હોય, એવો દેખાવ કરવા લાગ્યા. તેમની માતાઓ પણ લજ્જા ધારણ કરી મૌનપણે ઊભી રહી, પણ વૃદ્ધાનો ગુસ્સો હદ બોળંગી ગયો. પૌત્રો પ્રત્યે લાલ આંખ કરી દબડાવા લાગી. અભયકુમારની આંખો આ બધી ચેષ્ટા પારખવા તૈયાર જ હતી. તરત જ અનુચર મારફતે એ વૃદ્ધાને બાજુ પર બોલાવી ખૂબ દબડાવી.

જમાનાની બાધેલ આ ડોકરીએ પહેલાં તો વાત ઉડાવવાના ખૂબ યત્નો આદર્યા, પણ મંત્રીના ભયથી અને કૃતપુન્યની હાજરીથી આખરે તેને નમતું મેલવું પડ્યું.

મંત્રીએ પૂછ્યું કે—"તારા જેવી વણિકકુળની આબરુદાર સ્ત્રીએ આવું કાર્ય શા સારુ આચર્યું?"

વૃદ્ધાએ નિડરતાથી જવાબ દીધો કે "જ્યાં રાજાઓ અપુત્રિયાની લક્ષ્મી ઉચાપત કરી જવા સમુદ્રતીરે બેઠેલા બગલાની માફક તૈયાર જ હોય ત્યાં મારા સરખી અબળાને આવો રસ્તો લીધે જ છૂટકો. મોટા ભાગનું જીવન, સંપત્તિની અનુકૂળતા હોવાથી યથેચ્છ પ્રકારના સુખ ભોગવવામાં વ્યતીત કર્યું હોય ત્યાં અચાનક એનાથી વિખૂટા થવાનો પ્રસંગ બડો થાય અને રસ્તાના ભિક્ષુક જેવી દશા ડોકિયા કરતી સામે ઊભી રહે ત્યાં આવો માર્ગ શોધવો જ પડે. નારીજાતિમાં પણ આત્મા તો નરજાતિ જેવો જ હોય છે! મારું નામ રૂપવતી. ધનદેવ વ્યવહારીની હું ભાર્યા થાઉં. મારા પતિએ પરિશ્રમથી લક્ષ્મી પ્રાપ્ત કરી છે. મારા પુત્રનું નામ જિનદત્ત. તે પણ ધર્મનીતિકુશળ અને વ્યવવહારકળાનિપુણ

હતો. તેને ક્રમશઃ ચાર પત્નીઓ પરણાવ્યા છતાં પુત્રમુખદર્શનનો વારો ન આવ્યો. આમ છતાં આશા તો હતી જ. દરમિઆન અકસ્માત્ રાત્રિના તેનું મૃત્યુ થયું. એક તરફ અમાપ દોલત જવાની ધાસ્તી, બીજી તરફ નિર્વંશ જવાનું દુઃખ અને ત્રીજી તરફ અમ સરખી અબળાઓના શિરે ધન જતાં કાયમનું ગદ્ધાવૈતરું ! આ બધા કષ્ટમાંથી બચવા સારુ મેં આ માર્ગ પસંદ કર્યો હતો. વધૂઓને જરા પણ રૂદન કરવા દીધું નહીં. પુત્રના શબને પણ તેવી જ ગુપ્ત રીતે મકાનના એક ભાગમાં ઠેકાણે પાડ્યું અને કૃતપુન્ય શેઠને લાવી બાર વર્ષ રાખ્યા. આ બધામાં મારો જ મુખ્ય હાથ છે. ”

અભયકુમાર આખો ય વૃત્તાન્ત સાંભળી વિચારમગ્ન બની ગયો. વૃદ્ધાની વાતમાં રાજ્યના પ્રચલિત કાયદા સામે કેટલોક સત્ય કટાક્ષ જોવામાં આવ્યો. અપુત્રિયાનું ધન લેવાના સંબંધમાં રાજ્યકાનૂન વ્યાજબી નથી, એમ મન કબૂલ કરવા લાગ્યું. એ સુધારવાનો નિશ્ચય કર્યો. પછી વૃદ્ધા સુખથી નિર્વાહ કરી શકે તેવી વ્યવસ્થા કરી ચાર પત્નીઓ, તેમના પુત્રો અને બીજો ધનમાલ સર્વ કૃતપુન્ય શેઠને સોંપવામાં આવ્યો. આમ શેઠ તો ઋદ્ધિસિદ્ધિ અને રમારામાના વિલાસની પરાકાષ્ઠાએ પહોંચ્યા.

કેટલોક સમય સુખમાં વ્યતીત કર્યો એવામાં જગદ્વંદ્ય પરમાત્મા શ્રી મહાવીર દેવ ભવ્યજીવોરૂપ કમળોને ઉપદેશવારિથી સિંચન કરતાં વૈભારગિરિ પર્વત પર આવીને સમવસર્યા.

રાજા શ્રેણિક, અભયકુમાર, કયવન્ના યાને કૃતપુન્ય શેઠ સપરિવાર પ્રભુશ્રીને વાંદવા ગયા. વાંદીને દેશના સાંભળવા બેઠા.

પ્રભુએ દેશનાના પ્રારંભમાં કહ્યું કે—

धर्मोऽयं धनवल्लभेषु धनदः कामार्थिनां कामदः ।
सौभाग्यार्थिषु तत्प्रदः किमपरं पुत्रार्थिनां पुत्रदः ॥
राज्यार्थिष्वपि राज्यदः किमथवा नानाविकल्पैर्नृणां ।
तत् किं यन्न ददाति नापि तनुते स्वर्गापवर्गायते ॥ १ ॥

" મનુષ્યે સદા કાળ ધર્મનું સેવન કરવું, કેમ કે તેનાવડે જ સર્વ મનોવાંછિતની સિદ્ધિ થાય છે. ધનના પિપાસુઓને તે ધન દેનાર છે, કામીજનોની આશા પૂરનાર પણ તે જ છે, સૌભાગ્યનો રક્ષણહાર અને અપુત્રિયાને પુત્રમુખનું દર્શન કરાવનાર પણ ધર્મ જ છે. રાજ્યની આશા રાખનારને રાજ્યપ્રાપ્તિ કરાવવાનું સામર્થ્ય પણ તેનામાં છે; તો શા સારુ નાના પ્રકારના વિકલ્પો કરવા જોઇએ? પ્રાંતે સ્વર્ગ, અપવર્ગ(મોક્ષ)નાં સુખો પણ તેના સમ્યક્ પ્રકારના આરાધનથી પામી શકાય છે. "

દેશના પૂરી થયા પછી નમસ્કારપૂર્વક કૃતપુન્યે પ્રશ્ન કર્યો કે- " હે સ્વામિન્! પૂર્વના કયા કર્મોવડે અંતરાયવાળું સુખ હું પામ્યો? " એટલે પ્રભુશ્રીએ તેનો પૂર્વભવ આ પ્રમાણે કહ્યો—

" શ્રીપુરનગરમાં તું વત્સપાળ નામનો ગોવાળપુત્ર હતો. એક વેળા પડોશમાં સર્વત્ર ક્ષીરનું ભોજન થયેલું જોઇ તને પણ તે ખાવાનું મન થયું, પણ ગરીબાઇને લીધે તારી માતા તે ન બનાવી શકી. તેં રડવાનું શરૂ કર્યું. તને રુદન કરતો સાંભળી પાડોશી સ્ત્રીઓએ દૂધ વિગેરે સામગ્રી તારી માતાને આપી, જેની ક્ષીર બનાવી, થાળીમાં કાઢી આપીને તારી માતા જળ ભરવા ગઇ. દરમિઆન માસક્ષમણના પારણે બે સાધુઓ તારે ત્યાં વહોરવા પધાર્યા. એ તપસ્વીઓને જોતાં જ તારો ભાવ વૃદ્ધિ પામ્યો. તેં અંતરના ઉમળકાથી ત્રણ કકડે બધી ખીર મુનિને વહોરાવી. તે સુપાત્રદાનના પ્રભાવે આ ભવમાં તું ત્રણ કકડે ઋદ્ધિસિદ્ધિ પામ્યો. "

આ પ્રમાણે સાંભળી વૈરાગ્યવાસિત બનેલ કૃતપુન્યે સ્ત્રીઓને સમજાવી, જ્યેષ્ઠ પુત્રને ગૃહભાર સોંપી દીક્ષા લીધી. સમ્યક્ પ્રકારે ચારિત્ર પાળી સ્વર્ગે સીધાવ્યા અને પ્રાંતે મોક્ષે જશે.

મેતાર્ય

સુપાત્રમાં ભાવપૂર્વકનું દાન કેવી રીતે જીવનપલટો આણે છે એ આપણે ત્રણ ચરિત્રોમાં જોઈ ગયા. આ ચોથા કથાનકમાં સુપાત્ર હાજર છતાં કથાની દિશામાં ફેર છે. આમાં તો દાનના અર્થી એવા મુનિરાજની કદર્થનાથી જ મંગળાચરણ થાય છે. એમાં વળી કુશળ મહાત્માના હાથે જબરજસ્ત ફેરફાર થાય છે. ત્યાં પણ દુર્ગંચ્છારૂપી ડાકિની પીછો છોડતી નથી અને તેથી કેવું માઠું પરિણામ આવે છે એ પ્રતિ આપણે મીંટ માંડવાની છે; છતાં એટલો માર્ગ કાપવા સારુ ધીરજ ધરવી પડશે. આટલી નાનીશી ભૂમિકા પછી વાર્તાના પ્રવાહમાં આગળ વધીએ.

"જરા આ બાજુ ઊભા રહીએ જેથી સામેથી આવતો વરઘોડો જોઈ પણ શકાય અને આપણા ઊભા રહેવાથી કોઈને તકલીફ પણ ન પહોંચે." હરિ મેતરનો હાથ ખેંચતા ગંગી મેતરાણીએ કહ્યું.

મેતર બોલ્યો:–'હા, હા, આજે તો રોજ કરતાં વહેલાં પત્યા છીએ અને આવાનું પણ ઠીક મળ્યું છે. ઘેર પહોંચતાં જ મહોલ્લામાં તેડા કરજે. આજે ભલે ઉજાણી થાય."

આમ મેતર (ભંગી) ધણી–ધણીઆણીનો વાર્તાલાપ ચાલી રહ્યો છે ત્યાં તો, જેમાં સુંદર વાજીત્રોના કર્ણપ્રિય સ્વરો ગાજી રહ્યા છે અને સંધ્યાબંધ નરનારીઓએ રંગબેરંગી તથા કિંમતી વસ્ત્રાભૂષણો ધારણ કરેલાં છે એવા સાજનમહાજનવાળો વરઘોડો આવી પહોંચ્યો અને ધીમે ધીમે પસાર થવા લાગ્યો.

હરિ મેતર તો ઊંચા અશ્વ પર આરૂઢ થયેલ વરરાજાની સામું એકી ટસે જોઈ રહ્યો. એના પ્રત્યે કોઈ અનેરો સ્નેહ એને પ્રગટ્યો. ગંગી એના પ્રત્યે નજર ફેરવી કહેવા લાગી:

"જુઓ ! માથે શિરબંધ બાંધ્યો છે અને સાજનની મધ્યમાં ચાલે છે એ જ મદાલશા શેઠ અને જેના હાથમાં દીવડો બળી રહ્યો છે. એ જ મારા શેઠાણી ભાનુમતી. આજે એમના ઉમંગનો પાર નથી. ઘડપણમાં માંડ દીકરાનું મ્હોં જોવા વારો આવ્યો અને એમાં વળી લગ્ન મહાલવાનો અવસર મળ્યો. પછી શું બાકી રહે ? સોનું ને સુગંધ એ બેના યોગ થયા જેવું જ ને."

પણ, એણે શું દીઠું ? હરિ મેતર તો જાણે આરસની પ્રતિમા માફક જરા પણ મટકું માર્યા વગર શેઠના લાડકાને જ નિરખી રહ્યો છે. ગંગીએ હરિનો હાથ પકડી સવાલ કર્યો કે–"આ સાજનની શોભા જોવાની મૂકી મેં ઓળખાણ આપવા માંડી એ તરફ કાન બંધ કરી એકાગ્રતાથી શું જોઇ રહ્યા છો ?"

"અરે, ગંગી ! આજ તો મને એમ થઇ આવ્યું કે મારી દીકરી મોતલી જીવતી હોત તો આ કુમારના જેવડી જ હોત. હું પણ મારી નાતમાં ધામધુમપૂર્વક એના લગ્ન કરત. આજે જેમ આ આપણા શેઠ-શેઠાણી સંસારમાં જીવ્યાનું સાર્થક કરે છે તેમ હું પણ આનંદ મેળવત અને તને પણ દહાવો લેવરાવત."

"એ પણ મનખ (મનુષ્યો) છે અને આપણે પણ મનખ છીએ. લગ્નનો આનંદ એ ભોગવે છે તેમ આપણે પણ ભોગવી શકીએ. તેમની પાસે ધન-વૈભવ વધારે છે તેથી તેઓ વધારે ખરચે જ્યારે આપણે આપણા પ્રમાણસર ખરચ કરીએ. જેમ તેમને ન્યાત છે તેમ આપણે પણ છે જ ને ? એ શેઠ છે તો હું પણ આપણી જમાતમાં પટેલીઓ છું, પરંતુ આ બધું તો પાણી વલોવવા જેવું છે ! જ્યાં મોતલી જીવતી જ નથી ત્યાં શું થાય ? હરિ ! હરિ ! !"

આમ ધણીને અફસોસ કરતો જોઇ, ગંગીનું હૃદય ભરાઇ

આવ્યું. નારીજાતસુલભ કોમળતાએ જોર કર્યું અને પુત્રપ્રેમથી માતાનું હૃદય ઘવાયું. તેનાથી એકદમ બોલી જવાયું:

"મોતલી નથી તો કંઇ નહીં, આ મોતલો તો છે ને?"

"અરે! તું શું લવે છે?" હરિ મેતર તેણીના મુખ સામું જોઇ પોકારી ઉઠ્યો. "શું આ આપણો છોકરો છે કે જેથી તું એને મોતલો કહે છે? જો એવો એકાદો છોકરો આપણને પણ હોત તો આપણું જીવતર કેવું સુખી હોત?"

"હું સાચું જ કહું છું કે એ તમારો છોકરો છે."

"એમ બને જ શી રીતે? ભંગીનો દીકરો વણિકને ત્યાં ઉછર્યો એમ તે કોઇ માની પણ શકે?"

"જોને હરિ! આ વાત કોઇ માને કે ન માને પણ હું તો સાચે સાચી જ વાત કહું છું. હું રોજ જ્યારે પોળ સાફ કરવા જતી ત્યારે ભાનુમતી શેઠાણીને ઉદાસ દેખતી. મને કેટલીએ વાર થતું કે આવા મોટા ઘરમાં સર્વ જાતની સુખાકારી છતાં આ શેઠાણીનું મ્હોં ગમગીન કેમ રહે છે? એમને તે શું દુઃખ હશે? ઘણીએ વાર પૂછવાનો વિચાર આવતો પણ આપણું લોહી હલકું એટલે મન પાછું હઠતું. આમ છતાં પોળમાં પેસતાં જ મારી નજર રોજ તેમના તરફ જતી. એક વાર તેમણે મને બૂમ મારી અને એકાંત ભાગમાં બેસાડી, સારા પ્રમાણમાં બોલાવ્યું. આ અમારા વચ્ચેના સ્નેહનું પહેલું પગથિયું.

પછી તો અમે કેટલીએ વાર વાતો કરતાં અને એક બીજાના બબર અંતર પૂછતાં. સમય જતાં અમારા વચ્ચે સામાજિક અંતર પહાડ જેવું છતાં હૃદયનું ઐક્ય સંધાયું. એક બીજાને અંતરની વાત કહી શકીએ તેવો સખીભાવ જન્મ્યો, ત્યારે જ બબર પડી કે શેઠાણીને સર્વ પ્રકારના વૈભવની વિપુળતામાં

એક ન્યૂનતા હતી અને તેથી જ તેઓ સદા વિષાદમાં રહેતાં હતાં. તેમને બચ્ચાં થતાં પણ જીવતાં નહિ અને નારીજાત માટે આ કંઈ જેવું તેવું કષ્ટ ન ગણાય. આ તો મુખમાં પડતો કોળીયો કોઈ ઝડપી લે અને ક્ષુધાતુરને જે દુઃખ ઉપજે તેના જેવી સ્થિતિ!

જ્યારે મારા જેવી એક ક્ષુદ્ર જાતિની નારી સાથે સ્નેહ બંધાયો અને પોતાના મર્મની વાત પ્રગટ કરી ત્યારે મને પણ લાગ્યું કે આ કષ્ટ મારે દૂર કરવું જ ઘટે. મેં કહ્યું: 'ભાનુમતી બાઇ! તમે જરા પણ મુંઝાશો નહીં. જેમ તમને ગર્ભ રહ્યો છે તેમ હું પણ બે જીવવાળી છું. પ્રભુ કરશે તો મને પુત્ર પ્રાપ્ત થશે એમ ચિહ્નો પરથી જણાય છે અને જો તેમ બનશે તો એવી ગુપ્ત રીતે તે તમને મોકલાવીશ કે કોઈના પણ જાણવામાં નહીં આવે. તમને જે મરેલું સંતાન પ્રાપ્ત થાય છે તે મને મોકલજો. અમારું જીવતર તમારા સરખું મહત્તાભર્યું નથી. જો તમારી પીડા ટળતી હોય તો એ સાહસ હું જરૂર ખેડીશ, માટે તમે નિરાશાને દેશવટો દઇ સદા પ્રફુલ્લિત રહો.'

'બહેન ગંગી! ભલે તું દુનિયાની દૃષ્ટિએ નીચ કહેવાતી હો, છતાં મારા માટે જે કામ કરવાની ઈચ્છા દર્શાવી છે એ જોતાં સખી માટે પ્રાણ પાથરનાર વ્યક્તિ સદૃશ તારું જીવન જરૂર ઊંચા પ્રકારનું કહી શકાય. પુત્રસ્નેહ તજવો સહેલો નથી.'

હરિ! આ અમારી સમજુતી. કુદરતે ધાર્યું હતું તેવું જ સરજાવ્યું. પુત્રનું મુખ જોઈને મને પણ અપાર આનંદ થયો, છતાં પ્રતિજ્ઞા-વચનભંગ કેમ થવાય? તરત જ ગુપ્ત રીતે મેં એને ભાનુમતી શેઠાણીને ઘેર મોકલાવી દીધો. જગતે એ વાત ન જ જાણી. હજુ પણ એ સત્ય અંધારા હેઠળ જ દટાયેલું છે. મારો પુત્ર છતાં વણિકકુળમાં પોષાયો એટલે આજે તે ખાનદાન ગણાયો. મોટા મોટા આઠ શેઠીઆના કુલીન ઘરોમાં એનું

વેવિશાળ થયું. રંભાને શરમાવે એવી રામાઓનો એ મુગટમણિ નિર્માયો. આજે તે જ મારો બાલુડો પરણવા જઇ રહ્યો છે.

પેલી બાળા સાચે જ વણિકકૂળરે જન્મેલી છતાં તે મેતરની કન્યા કહેવાણી. એ જ આપણી મોતલી જન્મતાં જ મરણ પામી.

સમાજ માને કે ન માને છતાં એ વરરાજા મારો જ દીકરો છે. આજે માતાનો પ્રેમ ઉભરાવાથી, છુપી રાખવાની વાત પણ મેં તને કહી સંભળાવી. ભલે એ સુખી થાય. આનંદ ભોગવે. આપણે એટલો જ સંતોષ લઇ માર્ગે પડીએ. ”

“ ગંગી, શું કહે છે ? એમ છે ? તો હું એ મારા પુત્રને ઉંચકી લાવું. તે વિના પાછો ન ફરું. આઠ કન્યાને બદલે અઢાર કન્યા હું પરણાવીશ. મારી જાતિમાં કયાં તોટો છે ? ” એટલું કહેતો જ ગંગી હાથ પકડે તે અગાઉ તો હરિ મેતર એકદમ વરઘોડાની અંદર દોડ્યો.

પુત્રમોહથી પ્રેરાયેલા હરિ મેતરે વરઘોડામાં પાછળથી પ્રવેશ કરી જ્યાં વરરાજાના અશ્વની લગામ પકડી કે એકાએક ચોતરફ ખળભળાટ મચી રહ્યો.

સાજનવર્ગમાં કોલાહલ શરૂ થયો. કેટલાક તો હલકટ મનાતા મેતરના આ કાર્યથી એટલા બધા ઉશ્કેરાઇ ગયા કે એકદમ તેના પર ધસી ગયા અને એક-બે જણ આડા ન પડ્યા હોત તો એનો બરડો પણ હલકો કરી નાંખત. થોડાક વૃદ્ધો આ બનાવથી ગંભીર વિચારમાં મગ્ન બન્યા. કોઇક રાજા શ્રેણિકનું શરણ લેવાની સલાહ દઇ રહ્યા તો કોઇ વ્યવહારવિચક્ષણ માનવીઓ દૂર ઊભા રહી તમાસો જોવા લાગ્યા. એક નીચ જાતિનો મેતર રાજગૃહીના વિશાળ માર્ગ પર ઊંચ ને ધાનદાન શેઠીઆના વરઘોડામાં આવો ક્ષોભ પેદા કરે એ જોઇ કોનું હૈયું હાથ રહે ? હરકોઇ વણિકનું લોહી તપી આવે; છતાં સો ગળણે

ગળી પાણી પીનાર, વિચાર કરી પગલું ભરનાર, પ્રજ્ઞાસંપન્ન બિરુદધારી આ વણિક સજ્જનોએ કોઇ પણ જાતનું ઉગ્ર પગલું ન લેતાં શેઠ શું કરવા ચાહે છે તેની રાહ જોવા માંડી.

શેઠ તો અશ્વ નજીક આવી મેતરને દારુ પીને આવેલો સમજી, લગામ મૂકી દેવાનું અને આઘા ખસી જવાનું સમજાવતા હતા. મેતર 'આ મારો જ છોકરો છે અને એને હું લઈ જઈ મારી ન્યાતમાં પરણાવીશ.' એમ કહી જરા પણ નમતું આપતો નહોતો. શેઠાણી પણ ઘોડા આગળ આવીને ગાંડાઈ ન કરવાની, દારુના ઘેનમાં આ જાતની ઘેલછા ન આદરવાની હરિ મેતરને વિનવણી કરી રહ્યાં હતાં. વળી જોરથી કહેતા હતા કે—

"તારો છોકરો અહીં ક્યાંથી આવ્યો ? આ તો ગંગીનો વર જાણી જવા દઇએ છીએ; નહિં તો હમણાં જ ચબૂતરે મોકલાવી દઈશું." શેઠ પણ સિપાઈને બોલાવવાની અને પકડાવી દેવાની ધમકી દેવા લાગ્યા.

આમ રકઝકમાં થોડી પળો વીતતાં ગંગીનો સાદ સંભળાયો. તરત જ શેઠાણીની નજર એના તરફ ગઈ. નજરોનજર મળી. એમાં શું ઇસારા થયા તે તો જ્ઞાની જાણે પણ તરત જ વાતનો રંગ પલટાયો. શેઠાણીએ શેઠને ઉદ્દેશી જણાવ્યું :

"આ મેતર નથી માનતો તો ભલે એને જવા દો. ગમે તેમ તો મારી ગંગીનો એ વર છે. ગંગીના ધણીને મારાથી ચબૂતરે નહિં મોકલાય. અત્યારે એનું ચિત્ત ઠેકાણે નથી તો ભલે મારા દીકરાને એ લઈ જાય. મેં તો શેરીમાંથી નીકળતાં જ બિલાડી આડી ઉતરેલી જોઇ તમને કહેલું કે–આ અપશુકન થાય છે પણ તમે માન્યું નહીં. આખર અપશુકને ભાવ ભજવ્યો. આમ રંગમાં ભંગ પડ્યો. કદાચ હરિ મેતર સમજે તો પણ આપણાથી આજે વિવાહ જેવો માંગલિક પ્રસંગ નથી ઉજવાવાનો. હવે તો

અન્ય મુહૂર્ત્ત જોવરાવે જ છૂટકો. ભલે બિચારો એને લઈ જઈ પુત્રસ્નેહનો આનંદ માણે. એ ક્યાં સુધી રાખવાના છે ? આખરે તો આપણો બાળક આપણે ઘેર જ આવવાનો. એના જેવી હલકાઇ આપણાથી કેમ કરાય ? ”

જ્યાં પુત્રની જનેતા જ હરિ મેતરનો માર્ગ મોકળો કરી આપે ત્યાં ઇતર જનોને ઘણું લાગી આવતું હતું છતાં એમનો ઇલાજ શો ? હરિ મેતર ઘોડા પરથી પુત્રને ઉતારી, પોતાની સાથે લઇ પોતાની ઝુંપડી તરફ વળ્યો. પાછળ ગંગી મેતરાણી પણ ચાલી. આ તરફ સાજન પણ વીખરાઇ ગયું ને સૌ પોતપોતાના ઘર તરફ વળ્યા.

આ કંઇ જેવો તેવો બનાવ નહોતો. શેઠ જેવા પ્રબળ ને સાહસિક વેપારીની ધીરજ પણ હાલી ઊઠી હતી. માત્ર શેઠાણીની વ્યવહારદક્ષતા માટે પૂર્ણ વિશ્વાસ હોવાથી જ તેણીના ચીંધેલા માર્ગને તેઓ મૂંગું અનુમોદન આપી રહ્યા હતા. અબળા છતાં શક્તિના એ અવતારે આ વેળા જબરી હિંમત દાખવી. ચહેરા પર એક પણ વિષાદનો ભાવ જણાવા ન દીધો. પૂર્વની પ્રફુલ્લતા જાણે કંઇ બન્યું જ નથી એવો સ્વાંગ ધરી, જાળવી રાખી.

દુનિયા તો દોરંગી છે. આ બનાવની ચર્ચા સારાએ નગરમાં પ્રસરી રહી. વિવિધ પ્રકારની શંકાઓ બહાર આવવા લાગી. કલ્પનાના તરંગોમાં અવનવી વાતો પ્રગટ થવા માંડી. કેટલાકને દાળમાં કાળું હોવાનો શક ગયો, તો કેટલાક શેઠાણીએ પુત્રને જતો કરી ગંગી મેતરાણી સાથેનો સ્નેહ જાળવ્યો એની પ્રશંસા કરવા લાગ્યા.

સાચી જ વાત છે કે જ્ઞાનીઓ વગર સંપૂર્ણ સત્ય તો કોઈ નથી જ જાણી શકતા. જગતની આંખો આ બનાવને જે રૂપે નિરખતી હતી તે કરતાં એ બનાવનું સાચું સ્વરૂપ તો કોઈ

જુદા જ પ્રકારે આલેખાયલું હતું; તેથી જ એક કવિએ કહ્યું છે કે–' જગતના કાચના યંત્રે, ખરી વસ્તુ નહીં ભાસે. '

હરિ મેતરના આનંદનો પાર નહોતો. ગંગીને પણ શેઠાણીને દુઃખ પમાડ્યાનું દુઃખ તો લાગ્યું છતાં એ વિષાદ પુત્રપ્રાપ્તિના આનંદમાં ક્યારનો ય ઓગળી ગયો હતો. સંતાનમોહ છૂટવો સહજ તો નથી જ. એમાં પણ જ્યાં જ્ઞાનદશાના અંકુરા ઊગ્યા જ ન હોય ત્યાં મોહનું સામ્રાજ્ય પ્રવર્તે એમાં શી નવાઇ ?

જેની પ્રાપ્તિથી મેતર કુટુંબને હર્ષનો ઉભરો સમાતો નહોતો એવા પુત્ર મેતાર્યને કયાં આનંદ હતો ? આખા બનાવે તેને કર્તવ્યમૂઢ બનાવી દીધો હતો. હરિ મેતર સાથે એ આવ્યો ખરો, છતાં એક ગોવાળ ગાયને દોરી જાય તેવી રીતે એના મુખ પર વિષાદના વાદળાં એવા તો ગાઢ પથરાયા હતા કે એમાં ઘડી પૂર્વની પ્રફુલ્લતા શોધી પણ જડતી નહોતી.

હરિ ને ગંગીના ઘણા ઘણા યત્નો છતાં ને લાડકોડના વચનોની વર્ષા વરસાવ્યા છતાં એક હરફનો પણ તેણે ઉચ્ચાર કર્યો નહીં. આમ આનંદનું મુખ્ય સાધન મેતરકુટુંબને અત્યારે તો ઉપયોગવગરનું નકામા જેવું થઇ પડ્યું. હરિ મેતરની પુત્ર મેળવી લહાવો લેવાની કેટલીએ કામનાઓ હાલ તો વંધ્ય થઇ પડી.

આખરે એ દંપતીએ પુત્રને ઝુંપડીના એક એકાંત ભાગ પર એકલો રહેવા દઈ, બીજા ભાગ પર રસોઇની જગ્યા હતી ત્યાં જઇ પેટ ભરવાની સામગ્રી તૈયાર કરવાની તરખડ આરંભી.

આમ મેતાર્ય એકલો પડતાં જ એની ચક્ષુ સામે આજનો બનાવ સિનેમાના ચિત્રો માફક એક પછી એક ચકરાવા લેવા લાગ્યો. એમાંથી તેનું મન ભૂતકાળમાં ઉતરી પડ્યું. શેઠગૃહનો

બાલ્યકાળ, લાલનપાલન અને બાળક્રીડા આદિ પ્રસંગો યાદ આવ્યા. ત્યાં અચાનક દિવ્ય અવાજ સંભળાયો.

મકુલીના એકાંત ભાગમાંથી અકસ્માત્ અવાજ સાંભળી મેતાર્યને પ્રથમ તો આશ્ચર્ય થયું, પણ જ્યારે એણે જોયું કે એ અવાજ કરનાર એક દિવ્યરૂપધારી વ્યક્તિ છે ત્યારે તો એની વિસ્મયતાની અવધિ જ આવી રહી! સહસા મુખમાંથી શબ્દો નીકળી ગયા : "મહાશય! આપ કોણ છો?"

સવાલના જવાબમાં સામો પ્રશ્ન રજૂ થયો કે "શું તું મને નથી ઓળખી શકતો? આપણા વચ્ચે થયેલ કરારને આટલો જલ્દી વીસરી ગયો?"

મેતાર્યે જવાબ દીધો કે: "આપ ગમે તે હો, છતાં મારું મગજ આજના બનાવથી એટલું તો ગુંચવાઈ ગયું છે કે હું નથી તો આપને ઓળખી શકતો કે નથી તો આપની સાથેના કરારની સ્મૃતિ તાજી કરી શકતો."

"ત્યારે તો મારે લાંબો ઈતિહાસ રજૂ કરવો પડશે" એમ કહી દિવ્યરૂપધારી વ્યક્તિએ કહેવા માંડયું : મેતાર્ય એ વૃત્તાંત ધ્યાનપૂર્વક સાંભળી રહ્યો. "આ સાકેતપુરના ન્યાયી રાજવી ચંદ્રાવતંસને સુદર્શના રાણીથી થયેલા સાગરચંદ્ર અને મુનિચંદ્ર નામના બે પુત્રો હતા. સાગરચંદ્રને યુવરાજ પદવી અપાણી તે વેળા મુનિચંદ્રને ઉજ્જૈનીનું રાજ્ય પ્રાપ્ત થયું. કેટલાક સમય પછી બીજી પ્રિયદર્શના રાણીની કુખે ગુણચંદ્ર અને બાલચંદ્ર નામના બે પુત્રો થયા.

એક વેળા સંધ્યાકાળે ભૂપાળ ચંદ્રાવતંસ પોતાના આવાસમાં 'જ્યાં સુધી દીવીમાંનો દીવો બળતો હોય ત્યાં સુધી મારે કાયોત્સર્ગમાં રહેવું' એવો નિયમ ધારી એકાંત ભાગમાં સ્થિર

ઊભા રહ્યા. અભિગ્રહના સ્વરૂપની જેને ખબર નથી એવી એક દાસીએ મહારાજાને અંધારું ન લાગે એવા શુદ્ધ ભાવથી દીવીમાં તેલ ખૂટે નહીં એવી રીતે વખતોવખત તેલ પૂર્યા કર્યું. આમ કાયોત્સર્ગની મર્યાદા પ્રાતઃકાળ સુધી લંબાણી. જ્યારે સૂર્યોદયના ચોઘડીઆ વાગ્યા ત્યારે દીવો આપોઆપ ઓલવાયો. રાજાએ પ્રતિજ્ઞાપાલનનો હર્ષ જેના મુખ પર નૃત્ય કરી રહ્યો છે એવા આનંદપૂર્વક કાયોત્સર્ગ પાર્યો; પણ શરીર રાત્રિના સકળ પરિશ્રમ સામે ટટાર ન ઊભું રહી શક્યું. તરત જ ભૂમિ પર પડી ગયું. આયુષ્યનો ક્ષય થતાં ચંદ્રાવતંસ ભૂપનો આત્મા સ્વર્ગભૂમિ પ્રત્યે પ્રયાણ કરી ગયો.

હવે સાગરચંદ્ર રાજગાદીએ આવ્યો પણ પિતાના અવસાનથી એનું હૃદય એટલી હદે દુભાઈ ચૂકયું હતું કે એને સંસારની બાબતોમાં રતિ ઉપજતી નહોતી. આ વાત એક વાર તેણે પોતાની ઓરમાન માતા પ્રિયદર્શનાને જણાવી, ગુણચંદ્રને રાજ્ય સોંપી દીક્ષા લેવાની ઈચ્છા પ્રગટ કરી, પણ પ્રિયદર્શનાએ પોતાનો પુત્ર હજુ બાળક છે અને રાજ્યભાર વહન કરવાને શક્તિમાન નથી એવું કારણ બતાવી, થોડો સમય થોભી જવા કહ્યું. આમ આગ્રહને વશ થઈ સાગરચંદ્ર પ્રજાનું પાલન કરવા લાગ્યો.

આવી રીતે કેટલોક સમય વ્યતીત થયો. સાગરચંદ્રની રાજ્ય-કાર્યમાં કુશળતાથી પ્રજામાં તેના યશોગાન ગવાવા લાગ્યા. દરમિયાન એક દાસીએ બાનગીમાં પ્રિયદર્શનાને ભરાવ્યું કે 'તારા પુત્રો ગુણચંદ્ર ને બાળચંદ્ર તો સામાન્ય માણસ જેવા જ લેખાય છે જ્યારે ખરો રાજા તો સાગરચંદ્ર જ છે અને હવે એ પોતે આખું રાજ્ય પચાવી પડ્યો છે.' જેમ મંથરાએ કૈકેયીને ભંભેરી દશરથના સુખી સંસારમાં આગ લગાડી હતી તેમ આ દાસીએ ચંદ્રાવતંસના કુળમાં કલહાગ્નિ જગાવ્યો. એના વચનથી

કાચા કાનની રાણી પ્રિયદર્શના ભંભેરાઇ ગઈ અને સાગરચંદ્ર પ્રતિ ઈર્ષ્યાને વહન કરતી સતી એ કંટક કેવી રીતે માર્ગમાંથી ઉખેડી નાખવો તેના ઉપાયો ચિંતવવા લાગી.

એકદા સાગરચંદ્ર પોતાના અનુજ બંધુઓ સહિત ઉદ્યાનમાં ક્રીડા અર્થે ગયેલ હતો. તેમને માટે સુદર્શનાએ મોદકોનો થાળ ભરી દાસી સાથે મોકલ્યો. માર્ગમાં પ્રિયદર્શનાનો ભેટો થયો. તેણીએ સાગરચંદ્રને ઝેર આપવાનો વિચાર બર આણવા માટે આ પ્રસંગ ઠીક મળ્યો એમ જાણી દાસીના હાથમાંથી થાળ લઈ દાસીને કોઈ કામમાં થોડી ક્ષણ માટે રોકી દઇ, પ્રચ્છન્ન-(ગુપ્ત)પણે મોદકોમાં વિષનું મિશ્રણ કર્યું.

'બાંડો બોદ્દે તે પડે' એ ન્યાય યથાર્થ છે. પ્રિયદર્શનાનું પાપ તેણીને પોતાને જ નડ્યું. દાસીએ મોદકનો થાળ ઉપાડી ઉદ્યાનમાં આવીને સાગરચંદ્ર સમક્ષ મૂક્યો. સાગરચંદ્ર પરિશ્રમથી ક્ષુધાતુર થયેલા પોતાના લઘુ બાંધવોને મોદક આરોગવાનું ફરમાવી પોતે સ્નાન કરવા ગયો. 'જેના હૃદયમાં સાચ રમે છે તેને આંચ આવતી જ નથી.' મોદક ખાતાં જ ગુણચંદ્ર ને બાળચંદ્ર બેભાન થઈ ગયા. આ વાતની ખબર પડવાથી સાગરચંદ્ર દોડી આવ્યા અને તરત જ નોકરોને દોડાવી વમનના સાધનો મંગાવી ઉભય બંધુઓને વમન કરાવ્યુ, અલ્પ કાળમાં રાજવૈદ્ય પણ આવી પહોંચ્યા. તેમની પાસેથી ઔષધ અપાવતાં જ બન્ને ભ્રાતાઓમાં સ્વસ્થતા આવવા લાગી ત્યારે જ સાગરચંદ્રને જંપ વળ્યો. તેણે નિશ્ચય કરી લીધો કે 'લાડુમાં ઝેરનું મિશ્રણ કરવામાં આવ્યું છે.' એટલે તરત જ દાસીને બોલાવી પૂછવામાં આવ્યું કે 'આમ કેવી રીતે બન્યું?' તેણીએ સર્વ વૃત્તાન્ત જણાવી દીધો. કાર્યદક્ષ સાગરચંદ્ર એ પરથી સર્વ વાત કળી ગયો અને બંધુઓને લઇ ઘેર આવ્યો. અંતઃપુરમાં જઇ, એકાંતમાં પોતાની વિમાતાને

બોલાવીને કહ્યું: ' ધિક્કાર છે તને ! વિષથી મને મારી નાખવા તેં કાવતરું રચ્યું, પણ તારા જ પુત્રોના તેથી પ્રાણ જાત. શા સારુ તારે આમ કરવું પડ્યું ? મને રાજ્યની ઇચ્છા છે જ નહિ, માત્ર પૂર્વે તારા આગ્રહથી જ હું રોકાયો હતો. આવી દુર્બુદ્ધિ તને શા કારણથી સૂઝી ? '

પછી તરત જ ગુણચંદ્રને રાજ્ય પર બેસાડી સાગરચંદ્ર સંયમ સ્વીકાર્યું. અને અલ્પ સમયમાં તેઓ એકાદશ અંગના જ્ઞાતા થયા. એક સમયે અવંતી તરફથી વિહાર કરી આવેલા સાધુઓના મુખથી સાંભળવામાં આવ્યું કે ' ત્યાં રાજપુત્રાદિ તરફથી સાધુઓની કનડગત થાય છે. અવંતીરાજ મુનિચંદ્રનો પુત્ર અને સૌવસ્તિક નામના પુરોહિતનો પુત્ર સાથે મળીને સાધુઓને વહોરવાના મિષે તેડી જઇ, પોતાના આવાસમાં એકાંત ભાગ પરના ઓરડામાં લાવી તેમને નાચવાની ફરજ પાડે છે અને સંસારના આવા વિલાસથી અજાણ સાધુ જ્યાં મૌન સેવે છે ત્યાં તેમને બંધાવી કદર્થના પહોંચાડવામાં આવે છે. '

સાગરચંદ્ર મુનિ આ વાત શ્રવણ કરતાં જ વિચાર કરવા લાગ્યા કે ' એ તો મારા એક સમયના ભાઇનું રાજ્ય. ચંદ્રાવસંત જેવા પવિત્ર વંશમાં ત્યાગી આત્માઓના આવાં અપમાન થાય અને તે પણ મારી હૈયાતિમાં થાય ? એ કેમ ચલાવી લેવાય ? તરત જ ગુરુઆજ્ઞા મેળવી સાગરચંદ્ર મુનિ ઉજ્જૈનીના પંથે પળ્યા.

અનુક્રમે વિહાર કરતાં મહાત્મા સાગરચંદ્ર અવંતીમાં આવી જ્યાં અન્ય સાધુઓ રહેલા છે એ ઉપાશ્રયમાં ઉતર્યા અને પોતાના આગમન સંબંધી વ્યતિકર જણાવ્યો. મધ્યાહ્ન થતાં જ એકાકી ગોચરીએ નીકળ્યા અને રાજમહાલયનો માર્ગ લીધો. રાજમહેલ સમીપ પહોંચતાં ઘણા લોકોએ અંદર જવા માટે ના પાડી. રાજપુત્ર અને પુરોહિતપુત્ર તરફથી આપવામાં આવતાં કષ્ટોની

કથાઓ વર્ણવી, છતાં મુનિ તો ચાલ્યા. 'સુધારણા દૃઢ નિશ્ચય વિના કયાંથી સંભવે ?' થોડું આગળ જતાં જ પેલી નામીચી જોડીનો ભેટો થયો. પહેલો જ પ્રશ્ન કરવામાં આવ્યો કે—'ભો મુનિ ! અમારી જોડે તમે રમશો ?'

મુનિએ જવાબ વાળ્યો–'શા માટે નહીં ? જરૂર રમીશ.' તરત જ એ ત્રિપુટી મહાલયના એકાંત ભાગમાં આવી પહોંચી. હંમેશાંની આદત મુજબ આ પ્રપંચી પુતળાઓએ મુનિની મશ્કરી અને કદર્થના કરવા માંડી. મુખમાંથી ધર્મની હેલના કરતાં જેમતેમ લવવા માંડયું, પણ આ મુનિ તો જુદા પ્રકારના હતા. રમતના ઘેનમાં ચકચૂર બનેલા આ પુતળાઓને સાગરચંદ્ર મુનિએ એવી રીતે અંગો દબાવી, સાંધા ઢીલા કરી નાંખ્યા કે જોતજોતામાં તેમના મુખમાંથી ફીણ નીકળવા માંડયું. તે ઉભય જમીન પર પડી ગયા. પુનઃ ઉઠવાની તેમનામાં શક્તિ પણ ન રહી ! તેમના એકેએક અવયવમાં પીડા થવા માંડી. મુનિ તો ત્યાંથી પાછા ફરી શહેર બહાર જઇ ઉદ્યાનમાં આવી કાયોત્સર્ગ ધારણ કરી એક વૃક્ષ નીચે ઊભા રહ્યા.

આ તરફ ઉભય પુત્રો મોટેથી રુદન કરવા લાગ્યા. એ વાત મુનિચંદ્ર ભૂપ સુધી પહોંચી. તે પોતે ત્યાં આવી જ્યાં પુત્રની સ્થિતિ નિહાળે છે અને તેમના મુખથી મુનિએ પરાજય પમાડ્યાનું સાંભળે છે એટલે તરત જ મુનિ ઉપર તેને ક્રોધ આવ્યો અને બોલી ગયા–'હે સુભટો ! કુમારને આવી દશામાં આણનાર તે મુનિ કયાં છે તેની તપાસ કરો.'

તરત જ સુભટોએ બહાર જઇ તપાસ કરી આવીને જણાવ્યું કે–'ઉદ્યાનમાં તે મુનિ તો કાયોત્સર્ગમાં ઊભા છે.' રાજવીએ ઉદ્યાનમાં આવી દમામથી સવાલ કર્યો–'હે યતિ ! શા સારુ આવું પાપ આચર્યું ?'

કાઉસગ્ગ પારી મુનિએ કહ્યું: 'હે રાજન્! ઉત્તમ કુળમાં ઉત્પન્ન થયેલ એવા તારા રાજ્યમાં તારા પુત્રોવડે મુનિઓને તાડન કરવામાં આવે તે અન્યાય તું કેમ સાંખે છે?' આ સાંભળતાં રાજા અધોમુખ બન્યો.

ધર્મલાભની આશિષપૂર્વક મુનિએ આગળ ચલાવ્યું: 'હે ચંદ્રાવતંસના પુત્ર મુનિચંદ્ર! તારા રાજ્યમાં સાધુઓની હીલના ન થવી જોઇએ. 'ત્યાગીઓ હીલના પામ્યા છતાં નરકના દેનારા અને પૂજાયા થકા મોક્ષને દેનારા થાય છે અર્થાત્ તેઓ શ્રાપ કે આશીર્વાદ નથી દેતા પણ શુભ અશુભ કરણીના ફળ અવશ્ય મળે છે. મારી સામે જો. હું કોણ છું? ઓળખાણ પડે છે કે સંસારની વિલાસિતાએ એકલોહીના સંબંધને પણ વિસ્મૃત કરાવી દીધો છે? પુત્રનું દુઃખ ઝટપટ ધ્યાનમાં આવી ગયું અને પૂજ્ય શ્રમણોને અત્યાર સુધી થતી કદર્થના તારા કાને પણ ન પહોંચી? અલબત્ત, તેવો પરિસહ સહન કરવાનો સાધુનો તો ધર્મ છે. તેઓ એ માટે ફરિયાદ કરવા આવ્યા નથી. હું તેમના તરફથી વકીલાત પણ નથી કરતો; પણ ભાઇ! તારા જેવા પવિત્ર પુરુષના વંશજની ન્યાયપરાયણતા કેવી કહેવાશે એનો વિચાર કર્યો? ન્યાયતોલનમાં પિતાપુત્રના સ્નેહ કામ ન આવે. આથી તો અન્યાયીનું કલંક ચોંટશે અને રાજ્યની બરબાદી થશે તેનો વિચાર કોઇવાર કર્યો છે?'

હૃદયમાં સોંસરી ઊતરી જાય તેવી વાણી સાંભળવાથી અને તે પણ એક વખતના પોતાના વડિલ ભ્રાતાના મુખે સાંભળવાથી તરત જ મુનિચંદ્રનો રોષ શાંત થઇ ગયો. તે નમ્રઅનની પગમાં પડી વિનવણી કરવા લાગ્યો.

'હે મુનિપુંગવ! આપે અહીં પધારી ખરેખર મારા જેવા મૂઢની દૃષ્ટિ ઉઘાડવાનું પરોપકારી કાર્ય કર્યું છે. ધર્મ જેવી

અગત્યની વાત જે મારા સ્મૃતિપટમાંથી ભૂંસાઇ ગઇ હતી તે પુનઃ આપે ઉપદેશવારિના સિંચનથી નવપલ્લવિત કરી છે. હવે કૃપા કરી એ મુગ્ધ બાળકોના અપરાધ માટે ક્ષમા આપો અને પુનઃ તેમને મૂળ સ્થિતિમાં મૂકો. હવેથી તેઓ કોઇપણ સાધુની કદર્થના નહિ કરે.'

'હે રાજન્! તેઓની વર્તમાન સ્થિતિ સુધારવા માટે એક શરત છે. તેઓ જો સંયમ સ્વીકારે તો જ હું તેમને છૂટા કરું. આથી તું એમ ન સમજતો કે હું ફરજીયાત ચારિત્ર આપવા માંગું છું કિંવા મને શિષ્યો મેળવવાની લાલસા છે. આ શરત રજૂ કરવાના બે કારણ છે: એક તો તેઓએ ત્યાગજીવનમાં રમતા નિર્ગ્રંથોને પીડા પમાડીને અતિ દારુણ કર્મ બાંધ્યું છે, તેમાંથી છૂટવાનો ચારિત્ર સિવાય અન્ય કોઇ શ્રેષ્ઠ ઉપાય નથી અને બીજું એક રાજવી તરિકે પ્રજામાં ન્યાયની તુલા સમતોલ દર્શાવવાની પણ તારી ફરજ છે. મુનિઓને ન્યાય આપવામાં તેઓ જાતે મુનિપણું અંગીકાર કરી જે વેષની અવલેહના કરતા હતા તેનું ગૌરવ વધારે એ જ યોગ્ય માર્ગ મને ભાસે છે. રોગની તરતમતા પ્રમાણે ઔષધ શોધવું એ સુજ્ઞનું કર્ત્તવ્ય છે.'

રાજવીએ આ શરત ઉભય તરુણો સમક્ષ નિવેદન કરી. તેઓએ પ્રથમ તો એ સામે નિરાશાના સૂર કાઢ્યા પણ જાણ્યું કે એ વિના બીજો માર્ગ જ નથી ત્યારે એનો સ્વીકાર કર્યો. દુનિયામાં અનુભવીઓનું કહેવું છે કે–જેવા જેવા પાત્રોનો યોગ થાય તેવા તેવા ભક્તિના પ્રયોગ યોજવા ઘટે. ગોબરના દેવતાને તો કપાશીયાની આંખો જ ઘટે. અને જેઓ વાર્યું ન કરે તેઓ હાર્યું જ કરે.

ભાગવતી દીક્ષાનો સ્વીકાર અને તે પણ એક નિષ્ણાત–સંયમરંગી અને લબ્ધિસંપન્ન મુનિના હસ્તે. પછી એના સ્વરૂપની પિછાનમાં કચાશ કયાંથી રહે? જેમ જેમ એ પવિત્ર ચીજમાં સમાયેલી મહત્ત્વતા આ ઉભય તરુણોના અંતર ઉજ-

વાળતી ગઇ તેમ તેમ તેઓ તેમાં દૃઢચિત્ત થતા ગયા. એમનામાં જે ભાવ પ્રથમ નહોતા ઉદ્ભવ્યા તે સતત બોધથી ઉદ્ભવ્યા–તેઓ સાચા સાધુ બન્યા. શિયાળની માફક સંયમ સ્વીકારનાર તેઓ એના પાલનમાં સિંહવૃત્તિ દાખવનાર બન્યા.

એક બાબતમાં પુરોહિતપુત્ર રાજપુત્ર કરતાં પાછળ પડ્યો. સાધુજીવનમાં સ્નાનનો નિષેધ હોવાથી એ દ્વિજપુત્રનું મન મલિન વેષની દુગંચ્છા ધરવા લાગ્યું. જો કે મનની વાત મનમાં જ સમાતી હતી પણ 'જેવી મતિ તેવી ગતિ' એ ન્યાય લાગુ તો પડ્યો જ. નિરતિચાર ચારિત્ર પાળનારા તેઓ બન્ને અણુસણ કરી દેવગતિમાં ઉપન્યા. સ્વર્ગસુખના અનુભવમાં ઘણો સમય વ્યતીત થતાં એક વાર તેઓએ પરસ્પર શરત કરી કે 'આપણામાંથી જે દેવ પહેલો ચ્યવે તેને બીજો ત્યાં જઇ બોધ પમાડે.'

થોડા સમય પછી પુરોહિતપુત્રનો જીવ ચ્યવ્યો અને રાજગૃહીમાં આવેલ હરિ મેતરના ઘરમાં ગંગી ભાર્યાની કુક્ષીમાં ગર્ભપણે ઉપન્યો. ગંગી મેતરાણીને એક શ્રેષ્ઠીભાર્યા સાથે સખીપણું બંધાયેલ હતું. સખીનું કષ્ટ હરવા ગંગી મેતરાણીએ પૂરા દહાડે જે પુત્રને જન્મ આપ્યો તે ગુપ્ત રીતે શેઠાણીને ગૃહે મોકલી દીધો અને શેઠાણીની જન્મતાં જ મૃત્યુ પામેલી છોકરીને પોતાને ત્યાં મંગાવી લીધી.

આમ બનવામાં કર્મરાજાના પ્રપંચ સિવાય બીજું કંઈ જ નથી. પુરોહિતપુત્રે ચારિત્રપાલનમાં જે દૃઢતા દાખવી હતી તેનું રૂડું ફળ તો મળવું જ જોઈએ અને તે જન્મતાં જ ગર્ભના ફેરફારરૂપે શ્રેષ્ઠીના કુળ સરખું કુલીન ઘર મળવાથી મળ્યું. એ સાથે વિવિધ પ્રકારના સુખો પણ પ્રાપ્ત થયાં, પણ પૂર્વભવે જે દુગંચ્છા કરેલી તેના ફળરૂપે જન્મ તો હલકા કુળમાં જ થયો. 'કરે તેવું પામે' એ તો જગપ્રસિદ્ધ ન્યાય છે.

જગતે એટલું જ જાણ્યું કે શેઠને ઘેર પુત્રજન્મ થયો. હરિમેતર બિચારો એટલું જ સમજ્યો કે ગંગીએ પુત્રીને જન્મ આપ્યો પણ એ બિચારી અલ્પ આયુષની હોવાથી જન્મતાં જ મરી ગઈ. કર્મની ઊંડી ગૂંચો ઉકેલવાનું આ કરતાં વધુ સામર્થ્ય ચર્મચક્ષુઓમાં કયાંથી સંભવી શકે ?

હે મેતાર્ય ! તારું આ જીવન. હવે તો તું મને ઓળખી શકયો હઇશ કે આ બધું કહેનાર હું તારો દેવમિત્ર–એક સમયનો રાજપુત્ર અને તું જાતે પુરોહિતપુત્ર. પ્રતિજ્ઞા મુજબ બોધ કરવા હું પૂર્વે એક બે વાર આવેલ પણ બાલ્યકાળના વિચારોમાં એનું કંઈ પરિણામ ન આવ્યું; તેથી જ મારે તારા લગ્નની તક સાધવી પડી. હજુ કંઇ બાજી બગડી નથી ગઇ માટે તું સમજી જઇ આ મોહના બંધનમાં ઝકડાતા પૂર્વે એમાંથી વિમુક્ત થઇ જા. ”

સારોયે વૃત્તાન્ત શ્રવણ કરતાં મેતાર્યની સઘળી ગૂંચો આપોઆપ ઉકલી ગઈ. તેનું મન પ્રફુલ્લિત થયું. તે બોલી ઊઠ્યો :

“ મિત્ર ! તેં પ્રતિજ્ઞાનું પાલન કર્યું અને એટલા સારુ સ્વર્ગીય સુખો ત્યજી દઇને અહીં આવ્યો તે માટે ધન્યવાદ ! પણ તને શું એમ નથી લાગતું કે આ વિશાળ નગરમાં મારી જે અપભ્રાજના થઈ છે તે કાયમ રાખીને હું સંયમ સ્વીકારું તો વ્યવહારમાં એના કેવા મૂલ્ય અંકાવાના ? જનતા એ માટે કેવો અભિપ્રાય ઉચ્ચારશે ? મારા પાલક માતાપિતા માટે કેવી વાતો કરશે ? વળી મારું આત્મબળ પણ એકદમ કૂદકો મારવા તૈયાર નથી. હું સંયમ જરૂર સ્વીકારીશ પણ એ પૂર્વે મારા પર લાગેલ મલિનતાનો ડાઘ ભૂંસી નાંખવાની મને તીવ્ર લાલસા છે અને એમાં તારી સહાયની પૂર્ણ આવશ્યકતા છે. તું દેવશક્તિથી કોઇ એવી વસ્તુ મને આપ કે જેના દ્વારા હું ચમત્કાર દેખાડી દુનિયા આજે જે જાતના ઊંચ–નીચના વમળમાં અટવાઇ ગઇ છે એની ભ્રમણા

ટાળી શકું અને એ સાથે મારા જીવનરૂપી બોધપાઠથી સમજાવી શકું કે ઊંચ કુળ વા નીચ કુળ એ તો કર્મરાજે ઊભા કરેલા વૃક્ષો સમાન છે. એ કંઈ ગર્વ કરવાના કે પરસ્પર ઝઘડવાના સાધન નથી. વૃક્ષના મૂળમાં જે પ્રકારનું સિંચન થાય છે તેવા પ્રકારની તરતમતા એના ફળની મીઠાશમાં આવે છે. જેવી કરણી આત્માએ પૂર્વભવમાં કરી હોય છે તેવી પાર ઉતરણી તેની થાય છે અર્થાત્ કરણીને અનુરૂપ ફળ જીવ ભોગવે છે. નામકર્મ એને બંધબેસતું ચોકઠું ઢાળી આપે છે."

દેવે કહ્યું : " મારી ફરજ મેં બજાવી છે. તારી ઇચ્છા જો એમ જ છે તો મારે કંઈ ઉતાવળનું પ્રયોજન નથી. આત્મ-કલ્યાણમાં બળજબરી કરવી શા કામની ? હું આ મેંઢું (છાગ) મૂકી જાઉં છું એ તારી મનોકામના પૂરશે, પણ એટલી શરત કે તારા વિના અન્ય કોઇને એ વંછિત ફળ દેનાર નહીં જ બને. આ ઉપરથી તું સમજ્યો હોઇશ કે એ મેંઢું તો સાધન માત્ર છે, એની પાછળ કામ કરનાર હું જ છું. માની લે કે એ મારું બાહ્ય સ્વરૂપ જગતને આશ્ચર્ય ઉપજે એ બાતર નિર્માયું છે. જતાં પૂર્વે મારી સલાહ છે કે-તું હવે તારું કામ જલદી આટોપવા માંડજે કેમકે મારા આયુષ્યના પણ ઘડિયા વાગી રહ્યા હોવાથી હું લાંબો સમય તારી મદદમાં રહી શકીશ નહીં. વળી આ બધાની પાછળ જે પ્રતિજ્ઞાપાલન અને સંયમનો સ્વીકાર રહેલો છે તેને ભૂલીશ નહીં. " આ પ્રમાણે કહીને દેવ અદૃશ્ય થયો.

* * *

શ્રેણિક-અભય ! ત્યારે હવે પેલા મેતરને શું જવાબ દઇશું ?

અભય-મહારાજ ! આપને કેમ આ પ્રશ્ન કરવો પડ્યો ? પરીક્ષાના ક્ષેત્રની હદ આવી ગઈ છે, હવે તો પરીક્ષામાં ઉત્તીર્ણ થનાર માટે પારિતોષિક આપવારૂપ નિર્ણય જ કરવાનો છે.

શ્રેણિક–અભય ! તો શું તારું કહેવું એમ છે કે–મારે એ મેતરને મારી પુત્રી આપવી ? રાજકન્યા એક મેતરના છોકરાની વહુ બને !

અભય–મહારાજ ! મગધના સ્વામી આજે આ જાતનો વિચાર કરે છે એથી મને અજાયબી ઉપજે છે. કદાચ આ વિચારણાનું કંઈ પણ સ્થાન માનીએ તો તે વિચારણા પ્રથમ કરવી હતી. હવે એ પર તરંગો દોડાવવા તદ્દન વ્યર્થ છે. ક્ષત્રિયો વચન-પાલન અર્થે પ્રાણ પણ કુરબાન કરી શકે છે ત્યાં આ તો એક નજીવો પ્રશ્ન છે. આપણે મેતર નામથી ભડકવાનું નથી. નીતિ-કારનું તો એ કથન છે કે—

" गुणाः पूजास्थानं, गुणिषु न च लिङ्गम् न च वयः । "

અર્થાત્ પૂજા–સત્કાર કે સન્માનનું જો કોઈ પણ સ્થાન હોય તો તે ગુણો જ છે; નથી વેષ કે નથી વય. અહિ પણ ગુણની જ કદર કરવાની છે ત્યાં પછી મેતર જાતિનો સવાલ રહે છે જ કયાં ?

આપ હરિ મેતરની માંગણીને એકદમ વધાવી નથી લેતા પણ પરીક્ષા કરી એની શક્તિનું માપ કાઢો છો, એ પરથી એમ નથી જણાતું કે એની પાછળ કોઈ દૈવી શક્તિનો હાથ છે ?

એકાદ સામાન્ય મેતર રોજ સોનામહોરોનો થાળ ભરી લાવી કયાંથી ભેટણું કરે ? વળી એ સોનામહોરો એને ત્યાં છાગની લીંડીઓરૂપે ઉત્પન્ન થાય એ કંઈ જેવું તેવું આશ્ચર્ય છે ? આપે એ છાગને એક દિવસ અહીં મંગાવી નહોતી ખાતરી કરી ? એ વેળા એક પણ સોનામહોર નીકળી હતી ? નિહાર-સમયે લીંડીઓ નીકળે એ જ વાસ્તવિકતા છતાં એનું સ્થાન સોનામહોરો લે ત્યાં જરૂર સમજવું કે આની પાછળ કોઈ છુપી શક્તિનો હાથ છે. જરા આગળ જઈએ. એક રાત્રિમાં–કઠીણ એવા વૈભારગિરિના માર્ગની સુધારણા થાય એ શું માનવકૃતિ

છે ? અડતાળીશ ગાઉના વિસ્તારવાળી રાજગૃહી નગરી કિલ્લાથી સંરક્ષિત બની જાય અને તે પણ માત્ર એક રાત્રિના સમયમાં ! એ ઉપરથી જ તોલ કરવાનો છે કે એ બધા દૈવી શક્તિના પ્રતાપ છે. હરિ મેતર કે તેના પુત્રની ગમે તેવી સ્થિતિ હોય પણ આ કામો આગળ તે કુંઠિત બને છે. માનવીના એક રાતના ગમે તેવા મહાપ્રયાસો હોય છતાં આ કાર્યો એવા વિકટ છે કે જ્યાં એનું કંઈ પણ પરિણામ આવી શકે નહિ, તેથી જ એમાં દૈવીશક્તિ પૂરવાર થાય છે. જ્યાં આવી રીતે દેવ સહાયક છે ત્યાં કન્યા દેવામાં વિલંબનું શું પ્રયોજન હોય ? આવી શક્તિવાળો એ મેતરના પુત્ર સિવાય કોઇ બીજો આપે જોયો છે ? જેની સહાયમાં દેવ છે એ મેતરના પુત્રને પરણનાર રાજકન્યા સુખના રાશિ અનુભવશે કે દુઃખના ડુંગર ? શું મેતરનો અવતાર સદાકાળ નિંદનીય છે ? પશુ કરતાં પણ એ હલકી કક્ષામાં આવે છે ? એમાં રહેલી લાયકાતના પ્રત્યક્ષ દર્શન થયા છતાં એ સંબંધમાં શંકાના વમળ ઉદ્ભવ્યા જ કરે એ શું વ્યાજબી છે ? ”

શ્રેણિક–અભય ! તારી બુદ્ધિ માટે મને માન છે. તારી સલાહમાં તથ્યપણું છે એટલે હવે વધારે વિલંબ ન કરતાં શુભ મુહૂર્ત્ત નક્કી કરી, હરિમેતરના પુત્ર સાથે રાજસુતાનું પાણિગ્રહણ કરાવી આપી, એની લાંબા સમયની અભિલાષાને સંતોષો. ”

વાચક સમજી તો ગયા જ હશે કે મેતાર્યનો દેવમિત્ર સાથે વાતોલાપ થયા પછી પરણવા જતાં જે નામોશી થઈ હતી તે ભૂંસી નાખવા અને પુનઃ પ્રતિષ્ઠા સ્થાપવા આ પ્રયાસ હતો. ‘બકરો લીંડીઓને બદલે સોનામહોરોનો નિહાર કરે છે’ એ વાતથી એના મંડાણ થયા એનું અંતિમ ફળ શું આવ્યું તે આપણે ઉપર જોઇ ગયા. એ બધો દેવ–મિત્રનો પ્રતાપ !

આજે મેતાર્ય રાજજમાતા બની ચૂકેલ છે. હરિમેતરનો

છોકરો છતાં તે અસ્પૃશ્ય નથી રહ્યો. જનતા તેનો તિરસ્કાર નથી કરતી. રાજા-પ્રજા ઉભયનું એ પ્રેમપાત્ર છે. સોનામહોરોના ઢગલાએ અને જનહિતના કાર્યોએ એનું નામ સૌ કોઇના મુખે ચઢાવ્યું છે. એનો નિવાસ હવે 'મેતરવાસ'ની સામાન્ય ઝુંપડીમાં નથી રહ્યો. આજે તો એ મોટા પ્રાસાદમાં વસી ધનિકો અને અધિકારીઓ કરતાં પણ વધારે ઋદ્ધિસિદ્ધિનો ભોક્તા બન્યો છે.

આગળ જે આઠ શ્રેષ્ઠીકન્યાઓ સાથે એનું પાણિગ્રહણ થવાનું હતું તે પણ તેની ભાર્યાઓ થઇ ચૂકી છે. જ્યાં મગધનો સ્વામી પોતાની પુત્રી પરણાવે ત્યાં પછી વણિકોને વિચાર કરવાપણું હોય જ શાનું ? આમ મેતાર્ય નવ લલનાઓ સાથે સંસારના વિલાસ ભોગવી રહેલ છે. હરિમેતર ને ગંગીની મનોકામના પણ પૂરી થઇ ચૂકી છે. એક રીતે કહીએ તો જે કારણથી મેતાર્યની અપ-ભ્રાજના થઇ હતી તે સર્વ સ્વપ્નસૃષ્ટિ સમ અદૃશ્ય થઇ ગયું છે. કોઇ જાણતું પણ નથી કે મેતાર્ય એ અસ્પૃશ્ય જાતિનો પુત્ર છે.

ધન્ય છે રાજ્યવ્યવસ્થાને ! અને ધન્ય છે મહાજનના ધંધા-રણને ! વિશેષ ધન્ય છે વણિકસમાજના ધુરણોને કે જેઓ સમયજ્ઞ હોઇ ઉપસ્થિત થતા વિકટ પ્રશ્નોનો બુદ્ધિપૂર્વક તોડ આણી, કોઇપણ જાતના તડા કે ભેદમાં પોતાની સમાજને વહેંચી નાંખી બલહીણ બનાવવા કરતાં, દેશ-કાળને અનુરૂપ પરિવર્તન કરવામાં જ સદાકાળ તત્પર રહેતા હતા. મહાજનની શોભા તે વખતે જ હતી. આગેવાનોની મહત્તાના મૂલ્ય તે કાળે જ અંકાતા હતાં.

Time and Tide wait for no man અર્થાત્ વખત અને ભરતી-ઓટ કોઇની રાહ જોતાં નથી. તેમનું કાર્ય નિય-મિત ચાલુ જ હોય છે. આમ અનંતો કાળ વહી ગયા છતાં સંસારી આત્માને તેનું ભાન મહામુશ્કેલીપૂર્વક થાય છે, પણ મેતાર્ય તો સંસારની આંટીઘુંટીથી ઘડાઇ ચૂક્યો હતો. દેવમિત્રની

વાત તેના અંતરમાં સતત જાગૃત હતી. આજે જોકે તે એક, બે નહિં પણ નવ કામિનીઓ સાથે ભોગવિલાસ માણી રહ્યો હતો છતાં તેનું લક્ષ્યબિન્દુ કાયમ જ હતું.

સમકિતશાળી જીવડો, કરે કુટુંબ પ્રતિપાળ;
અંતરથી ન્યારો રહે, ધાવ ખીલાવત બાળ.

એ સ્થિતિ તેના જીવન સાથે મળતી આવતી. જે સમયની એ માર્ગપ્રતીક્ષા કરી રહ્યા હતા તે સમય આવી પહોંચ્યો. સંસારસુખના ફળરૂપે આજે તેના મહાલયમાં બાળકોનો કલરવ સંભળાતો. કેટલાક અભ્યાસની ભૂમિકાએ પહોંચ્યા હતા અને એકાદ-બે પુખ્ત વયમાં પણ આવી ચૂક્યા હતા. તેમના સ્કંધ પર સંસાર-શકટનો ભાર આરોપણ કરી, પ્રેયસી-પત્નીઓની હર્ષપૂર્વક વિદાય લઇ, એક શુભ ચોઘડિયે તે ચાલી નીકળ્યા. પ્રભુ શ્રી મહાવીર દેવ સમીપ પહોંચી ગયા. પોતાની ભાવના વ્યક્ત કરી અને ભાગવતી દીક્ષા અંગીકાર કરી. સંયમમાં અતિચાર લગાડવાથી પોતાને કેવો કડવો અનુભવ થયેલો તે જાણવામાં હોવાથી નિરતિચાર ચારિત્ર પાલનમાં અને દેહ-ઇંદ્રિયના દમનમાં રક્ત થયા.

વીશમી સદીમાં મેતાર્યને સ્ત્રી-પુત્રો તરફથી મળેલી ભાવભીની વિદાય અજાયબીભરી લાગશે, પણ વસ્તુતઃ વિચારતાં એમાં વિસ્મય જેવું કંઇ જ નથી. હાલનું મોહગ્રસ્તપણું કે સ્નેહીજનના વિરોધ એ ઉચિત સંસ્કારનો અભાવ સૂચવે છે. સમાજના ધુરિણોએ, ધર્મના પ્રચારકોએ અને કુટુંબના વડીલોએ સેવેલો પ્રમાદ અને દાખવેલી ઉપેક્ષા એના નિમિત્તભૂત છે. રાજપૂતાનાનો ઇતિહાસ વાંચતાં એક કરતાં વધારે ઉદાહરણો નજરે ચઢે છે કે જેમાં નવપરિણીત વધૂ, જેના હાથેથી મીંઢળ પણ છૂટ્યા નથી હોતા, તે રણાંગણમાં જતા પતિને હસ્તે મુખડે

વિદાય આપે છે. પોતાના મોહમાં પડી, પીઠ ન બતાવતાં સામી છાતીએ મૃત્યુને ભેટવાના વચનો સંભળાવે છે. શું ભોગવિલાસ તેમને નહિ ગમતા હોય ? ધણીવિહુણું જીવન શું પસંદ હશે ? એવું કંઈ જ નથી, પરંતુ એ બધાને ટપી જાય તેવો ક્ષાત્રધર્મ તેને ગળથૂથીમાં જ પાવામાં આવે છે. આપણા સમાજમાં પણ પ્રથમ એવી ભૂમિકા તૈયાર કરવાની જરૂર છે. ભૂમિકા શુદ્ધ થતાં પરાવલંબીપણું નષ્ટ થશે. એ વેળા મેતાર્ય જેવી વિદાય આશ્ચર્યરૂપ નહીં લાગે. એ તો 'જેવું વાવેતર તેવો પાક.'

* * *

મધ્યાહ્ન થવા આવ્યો છે. ગોચરી અર્થે નીકળેલા મેતાર્ય મુનિ એક સુવર્ણકારના ગૃહમાં પ્રવેશતાં જ, જવ ઘડતો સોની પોતાનું કામ પડતું મૂકી પ્રણામપૂર્વક મુનિશ્રીને ઘરના મધ્ય-ભાગમાં લઇ જઇ પોતે આહાર લેવા માટે ઘરની અંદર ગયો. દરમ્યાન એક ક્રૌંચ પક્ષી લીલા જવની ભ્રાંતિથી એ સોનાના જવો ગળી ગયું, પરંતુ પેટમાં ભાર થવાથી તે દૂર ઊડી ન શકયું એટલે નજીકમાં એક છાપરા પર બેઠું. મુનિશ્રીની દૃષ્ટિએ પક્ષીની આ ક્રિયા ચઢ્યા વગર ન રહી. જ્યાં સોની આહાર વહોરાવી પાછો ફરી પોતાની બેઠક આગળ આવે છે ત્યાં જવ ન મળે ! એ જોતાં જ એ આભો બની ગયો ! શ્રેણિક ભૂપતિને બીજા દિવસના સવારમાં પૂજા અવસરે એ પહોંચવા જ જોઇએ, નહિ તો રાજાનો પ્રકોપ કેવી પાયમાલી નોતરે ? વળી આ તો કિંમતી વસ્તુ. ઘરમાં ત્રીજું કોઇ નજરે પણ ચઢ્યું નથી. એ બધી વિચારણામાં ભાન ભૂલેલા સોનીએ એ મેતાર્યમુનિને જવ ક્યાં ગયા ? એમ ક્રોધાવેશમાં પૂછ્યું. પૂછતાં જવાબ ન મળવાથી તેમને જ ચોર માન્યા. જ્યાં ચોર તરીકેનો ખ્યાલ: જન્મ્યો એટલે પહેલાંની ભક્તિ અદૃશ્ય થઈ ગઇ. એનું સ્થાન તીવ્ર ક્રોધે લીધું. માનવી ક્રોધના આવેશમાં શું શું નથી કરતો ? એ એક જાતનો

ઉન્માદ છે. એ વેળા સારાસારનો કે કર્ત્તવ્યાકર્ત્તવ્યનો વિવેક નથી રહેતો ? પોતાના આચરણનું કેવું પરિણામ આવશે ? એટલું વિચારવાને પણ તે અશક્ત બને છે. મનમાં એટલી નિર્મળતા રહી શકતી નથી તેથી જ જ્ઞાની પુરુષો ' **કડવાં ફળ છે ક્રોધના૦** ' એમ કહી ગયા છે.

જ્યારે ક્રોધને વશ થયેલ સોનીનું ચિત્ર ઉપર કહ્યા મુજબ હતું ત્યારે મેતાર્યમુનિ કોઇ જુદા જ ભાવમાં રમણ કરતા હતા. હવે તે સાચા સંતની કક્ષાએ પહોંચ્યા હતા. પોતા પરનું આળ ખંખેરવામાં મુશ્કેલી જેવું હતું જ નહિં. ' પક્ષી જવ ચરી ગયું ' એટલો જવાબ બસ હતો, પણ તેથી પક્ષીનો ઘાત થાય. દયાળુ મુનિ એ કેમ સહી શકે ? અથવા તો ' પંચમહાવ્રતધારી સાધુ જવોથી હજારગણી કિંમતવાળા પદાર્થોને લાત મારી પવિત્ર સંયમ ધરનાર એવો હું–તારા જવ શા માટે ચોરું ? ' એટલો ઉત્તર શંકાનું નિરસન કરી નાખત, પણ જેને આત્મરમણતા સિવાય અન્ય પ્રવૃત્તિમાં અંશમાત્ર આનંદ ઉદ્ભવતો નથી તે શા માટે બીજી બાબતમાં માથું મારે ? સત્ય પર મુસ્તાક રહેનાર ચોરીના આરોપથી કેમ ગભરાય ? મુનિ મૌનપણે કર્મરાજ કેવો નાચ નચવે છે એ જોઈ રહ્યા. એક શબ્દ સરખો મુખમાંથી ન કાઢ્યો.

સોની જેવા પામર મનુષ્યે આ મૌનનો અર્થ જવ ચોર્યાની બાતરીરૂપે માન્યો અને શિક્ષા કર્યા વગર તે નહીં કાઢી આપે એમ માની મેતાર્ય મુનિના મસ્તકને લીલી વાધરથી બાંધી લીધું. ઉપર સૂર્ય પૂર્ણ કળાથી તપી રહ્યો હતો, તેની ગરમીથી વાધર સૂકાવા માંડી તેમ મુનિના મસ્તકને વધુ ને વધુ કષ્ટ થવા લાગ્યું. નસો તૂટવા લાગી. એક તો ક્ષુધાની પીડા હતી, તેમાં વળી ચોરીના આરોપનું દુઃખ ભળ્યું. એ સાથે સૂર્યનો તાપ ઉમેરાયો અને વાધરીના સુકાવાથી અંગોની ઝકડામણ શરૂ થઇ.

ઉપસર્ગોની પરંપરાથી સાચો સંત ગભરાય તો એ સંત

શાનો ? સો ટચના સુવર્ણની પરીક્ષા તો અગ્નિમાં પડ્યે જ થાય છે. એમના મનમાં પક્ષીના જીવનની રક્ષાનો આનંદ હતો. એને મન પરિષહો પ્રાપ્ત થતાં પોતે કેવી સમતા રાખી શકે છે એ અનુભવવાનો આનંદ હતો. એને મન જે કર્મોને ક્ષય કરતાં વર્ષોના વહાણા વાત તે અલ્પ સમયમાં ખપી જશે એનો આનંદ હતો. એને મન 'સત્યમેવ જયતે' અર્થાત્ સત્યનો જય થશે એવો નિરધાર હતો. આવા આનંદોમાં લયલીન બનેલા મેતાર્યમુનિ કોઇ અનેરી ભાવનામાં આરૂઢ થયા. એમને સોની તો નિમિત્તરૂપ લાગ્યો. આ બધું નાટક ભજવનાર તો સત્તામાં રહેલ કર્મો જ હોવાથી તેમના તરફ એમની નજર આકર્ષાઇ. એ કર્મો પર જય મેળવવા માટે તો પોતે નીકળેલા જ હતા એટલે એનાથી પરાભવ કેમ પામે ? દેહને આત્માના ભિન્ન ભિન્ન ધર્મોનું મનન કરતાં એમણે શુભ ભાવનાનો વેગ વધાર્યો. વિદ્યુત્થી પણ તીવ્રતમ વેગે કર્મોના બંધનો તૂટવા માંડ્યા; પણ એ બધું આંતરિક યુદ્ધ સમજવું.

બાહ્યદૃષ્ટિ જીવોના ચર્મચક્ષુઓ માટે એનું દૃશ્ય અસંભવિત હતું. એ આંખોએ તો જોયું કે મુનિના જીવનની ઘડીઓ ગણાતી હતી, અસહ્ય તાપથી ને નસોના ખેંચાણથી આંખોનું તેજ હણાઇ ચૂકયું હતું; પણ તેને જોનાર માત્ર આંગળીના ટેરવે ગણાય તેટલા જ–સોની, તેનું કુટુંબ અને એના શોરબકોરથી એકત્ર મળેલ આછો જનસમુદાય. જવલા ચોરનાર સાધુ પર કોને દયા આવે ? ગતાનુગતિક જનતા એથી આગળ બુદ્ધિ દોડાવી શકે ખરી ?

પણ સત્ય તો છાપરે ચઢીને બોલે છે. એ પ્રસંગે એક કઠિયારાએ માથા પરનો ભારો જોરથી ત્યાં જમીન પર પછાડ્યો કે તરત જ પેલા જવ ચરી જનાર ક્રૌંચ પક્ષીથી વિષ્ટા થઈ ગઇ અને તેમાં જવલા નીકળી પડ્યા. સોની તો આ જોઇ રહ્યો. જોતાં જ આભો બની ગયો ! હવે જ તેની સાન ઠેકાણે આવી. જવલા એકઠા કરવાના મૂકી દઇ, મુનિ તરફ દોડ્યો પણ તેણે ત્યાં શું જોયું ?

મેતાર્ય મુનિનું માત્ર કલેવર જ ત્યાં હતું. આત્મા તો ક્યારનો પ્રયાણ કરી ગયો હતો. મસ્તકના બંધ છોડતાં જ એ પક્ષીવિહુણું પિંજર નીચે પડયું. આ જોતાં જ સોનીનો દેહ કંપી ઊઠ્યો. હૃદય પોકારી ઊઠયું કે મેં મુનિ પર ચોરીનું કલંક ચડાવી તેના પ્રાણ લીધા. હવે ખરો પશ્ચાત્તાપ શરૂ થયો. એક સામાન્ય પ્રાણીનો ઘાત પણ સમ્રાટ્ શ્રેણિકના રાજ્યમાં મહાન્ ગુન્હો ગણાતો ત્યાં આ તો મુનિનો ઘાત. એ માટે દેહાંતદંડની જ શિક્ષા સંભવે. વળી આ તો તેમના જમાઇ થાય એટલી વિશેષતા અને તેમાં પણ ચોરીનું ખોટું કલંક ! સાધુ મહાત્મા પરનું આવું હડહડતું જૂઠાણું શ્રેણિક ભૂપાલ ઘડીભર પણ ચલાવી લે ખરા ?

આ વાતની ખબર પડતાં જ નક્કી આખા કુટુંબને ગરદન મારશે એ ભયે સોનીના ગાત્ર ઢીલાં કરી નાખ્યાં. રાજાને કાને સમાચાર પહોંચે તે પૂર્વે જ એવો માર્ગ કાઢવો જોઇએ કે જેથી નૃપતિનો રોષ વહોરવો ન પડે અને આખા કુટુંબનું રક્ષણ થાય. સામે જ મુનિનું શબ પડયું હતું, આત્મા નીકળી ગયો હતો, છતાં વેશમાં રહેલી સમતા, સમભાવદશા અને શાંતિ હજુ પણ જણાતા હતા. મૃત્યુને હસ્તે મુખે ભેટનાર એ મહાત્માનાં મુખારવિંદ પર વૈરનો કે ભયનો જરા સરખો પણ વિકાર નહોતો. સોનીએ એ પરથી તેમનું અનુસરણ કરવાનો નિશ્ચય કર્યો. જીવતાં જેમના પર મરણાંત ઉપસર્ગ કર્યા તેમનું જ હવે શરણ શોધ્યું—એમનો પંથ સ્વીકાર્યો. મેતાર્ય મુનિનો વેશ ધારણ કરી જૈનધર્મની દ્રવ્યપ્રવ્રજ્યા સ્વીકારી તે ચાલી નીકળ્યો.

કુટુંબીજન જોઇ રહ્યા. કોઇ આડું ન આવ્યું. એક તો ખોટી વૃત્તિએ મહાભીષણ કામ કરેલું એટલે તેના પ્રતિ સહજ અભાવ સૌ કોઇને થાય જ, પણ એથી વિશેષ તો મરણનો ભય એમને અટકાવી રહ્યો. એ સાધુ થતાં જ એના કુટુંબને નિર્ભયતાની ખાતરી મળી.

મોડા મોડા પણ શ્રેણિક મહારાજના કાને મેતાર્ય મુનિના

કાળધર્મ પામ્યાના સમાચાર પહોંચ્યા. તેમને અતિ દુઃખ થયું. એકદમ સોનીને પકડી આણવા હુકમ છૂટ્યો, ત્યાં તો સાધુના વેશમાં સોની સામે જ ખડો થયો. ઘડીભર રાજવી પણ કિંકર્ત્તવ્યમૂઢ બની ગયો.

રાજા મહામહેનતે બોલ્યા: 'ભાઈ! તેં આજે મહાભયંકર ગુન્હો કર્યો છે છતાં આ વેશ સ્વીકાર્યો એટલે હું ગુન્હો માફ કરું છું, પણ આ વેશ દેખાવપૂરતો ન હોવો જોઈએ, સાચો સાધુ બનશે તો જ શિક્ષામાંથી બચી જશે. એમાં જ તારું પણ કલ્યાણ છે. મુનિઘાત સરખા મહાપાપમાંથી બચવાનો ચારિત્ર અને તપ સિવાય બીજો કોઇ ઉપાય નથી.'

સાધુ બનેલ સોનીની ભીતિ નષ્ટ થઇ. પાપ ધોવાનો સાચો નિશ્ચય કરી, ભૂપ સાથે તે પ્રભુ સમીપ પહોંચ્યો અને ભાવપૂર્વક દીક્ષા સ્વીકારી. રાજવીએ પણ પ્રભુમુખથી મેતાર્યનું અંતગડ-કેવલી થઈ સિદ્ધિગમન સાંભળ્યું. પરિષહ સહન કરતાં એમણે જે સમતા રાખી હતી તેની પ્રશંસા કરી. આમ વણિક ને મેતરના સંયુક્ત સંસ્કારોથી જેનું જીવન પોષાયું છે એવા મેતાર્ય મુનિએ સદ્ગતિને માટે ભવભ્રમણની પીડા ટાળી.

આ ઉદાહરણમાંથી ધાર્મિક, સામાજિક કેટલાયે પ્રશ્નો પર અજવાળું પડે છે, પણ એની ચર્ચાનું આ સ્થાન ન હોવાથી પ્રભાવિક પુરુષોરૂપ માળાના પ્રથમ ગુચ્છકનું આ ચોથું પુષ્પ અત્રે પૂર્ણ થાય છે.



અતિમુક્તક કુમાર



શ્રેષ્ઠીપુત્રોના ચરિત્રોરૂપ પ્રથમ ગુચ્છકના ચાર પુષ્પો યથાર્થ રીતે સૂંઘ્યા પછી હવે આપણે બીજા ગુચ્છકના પ્રથમ પુષ્પ પ્રતિ વળવાનું છે. આ ગુચ્છકમાં એવા આત્માઓના ચરિત્રોનો આપણે વિચાર કરવાનો છે કે જેમના જીવનમાં નથી તો પ્રસંગોની લાંબી હારમાળા કે નથી તો વિવિધવર્ણી બાબતોની પરંપરા. કેવળ થોડામાં ઈષ્ટ સિદ્ધિ. જીવન પણ સાદા અને સ્વભાવ પણ સરલ. વળી આ ઉપરાંત વિચિત્રતા તો બ્હરી જ. ત્રણ તો રાજપુત્ર છતાં જીવનની અસંગતતા, જ્યારે ચોથાનું જીવન તો કેવળ ચોર લૂંટારા જેવું જ. આમ છતાં મહાત્માના સંસર્ગથી એમાં કેવું પરિવર્તન થાય છે? જોતજોતામાં તેઓ કેવા આત્મકલ્યાણના સાધક બની જાય છે અને થોડામાં કેવી રીતે ઘણું કરી દેખાડે છે? એ વાંચતાં ભાવની પ્રબળતાનો સાચો ખ્યાલ આવે છે. ભાવનામાં સમાયેલી અમોઘ શક્તિનો સાક્ષાત્કાર થાય છે. '**ભાવના ભવનાશિની**' એ ઉક્તિમાં રહેલી યથાર્થતા સમજાય છે.

આનો પ્રારંભ કરીએ તે પૂર્વે એટલું કહેવું પડશે કે આ આત્માઓના જીવન સંસાર–અટવીના મહાભયાનક તાપો સહન કરીને ઠીક ઠીક રીતે ઘડાયેલાં હતાં. તે વિના તેમનામાં સરલતા ને પાપભીરુતાનાં જે દર્શન થાય છે તે ન જ સંભવી શકે. સંતસમાગમ થતાં કિંવા વસ્તુસ્વરૂપનો ભાસ થતાં અથવા તો નજર સામે દોષોનો રાશિ નિહાળતાં એ સર્વથી તરી પાર થવાની જે તાલાવેલી જન્મે છે એ નિરખવાનો પ્રસંગ ભાગ્યે જ અન્યથા મેળવી શકાય. ગમે તેમ હો પણ એના ઊંડાણમાં

ઊતર્યા વગર કથાનકના પ્રવાહમાં આગળ વધીએ અને જોઈએ કે પ્રથમ પુષ્પના નાયક અતિમુક્તક કોણ છે ?

બાલ્યવયમાં ભાગવતી દીક્ષા સ્વીકારી, ઈર્યાવહી પડિક્કમતાં જેમણે કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું તેવા મહાત્માને વંદન હો !

ભારતવર્ષના મોટા નગરોમાં **પોલાસપુર** પણ ગણાતું હતું. રાજવી **શ્રીવિજય** અને રાણી **શ્રીમતિ** પ્રજાને પોતાના સંતાન સમ ગણીને પાલન કરતા હતા. ઉભય દંપતીને જૈનધર્મના સંસ્કાર વંશપરંપરાથી ઊતરી આવેલા હોવાથી દાન, શિયલ, તપ, ભાવ, જિનપૂજા, પ્રભાવના, સ્વામીવાત્સલ્યાદિ કાર્યોમાં તેમની લક્ષ્મીનો વ્યય થતો અને જિનમૂર્તિ, ચૈત્ય, જ્ઞાન, સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકારૂપ સાત ક્ષેત્રોનું પોષણ હમેશાં થયા કરતું હતું. વળી ભૂપતિ રાજધર્મને અનુસરી જૈનેતર પ્રજાના કાર્યોમાં પણ દ્રવ્ય વાપરતો. દીન-દુઃખીનો નાદ શ્રવણ થતાં જ અન્ય કામો બાજુ પર રાખી પ્રથમ એ વાત પર લક્ષ દઇ દારિદ્રય નિવારણનો ઉપાય શોધતો. આમ ધર્માત્મા **શ્રીવિજય** રાજવીની રાજ્ય પ્રણાલિકાથી પ્રજા સંતુષ્ટ રહેતી અને તેથી પેઢાળપુર (પોલાસપુર)ની યશપતાકા દેશ-દેશાંતરમાં વિજયધ્વનિપૂર્વક ઊડવા લાગી હતી.

આ પ્રેમાળ દંપતીને સંસારજીવનમાં એક ઊણપ હતી તે પણ પૂર્ણ થઇ. રાણી **શ્રીમતી**એ એક દિવ્ય કાંતિવાળા પુત્રને જન્મ આપ્યો. જૈનધર્મના સંસ્કાર ઊંડા ઊતરેલા હોવાથી અદ્યાપિ સુધી પુત્રમુખ જોવાનો સુઅવસર લાધ્યો નહોતો તેથી કંઇ આ દંપતી નહોતા કલ્પાંત કરતાં કે ઓછું આણી ઝુરતાં. માત્ર કર્મરાજાના તમાસા સમભાવપૂર્વક નિહાળતા હતા. આમ છતાં આજે સુયોગ સાંપડવાથી ઉભય હર્ષાન્વિત થયા હતા. પુત્રજન્મની વધામણીમાં લક્ષ્મીને જળ માફક ગણી છૂટથી વાપરવામાં આવી. સારા ય નગરમાં આનંદમંગળ વર્તાઇ રહ્યો.

કુમારનું નામ **અતિમુક્તક** રાખવામાં આવ્યું. બીજના ચંદ્રની માફક તે વધવા લાગ્યો. ક્રીડાકુતુહળથી સૌ કોઇને આનંદ ઉપજાવવા લાગ્યો. આમ કરતાં તે છ વર્ષનો થયો.

આવા આત્માને પૂર્વજન્મના સંસ્કારનું બળ તો હોય છે જ અને એમાં પોતાની આસપાસના અનેક બનાવોનું નિરીક્ષણ કરવાનું મળે છે. એ ઉપરથી બાલ્યકાળથી જ તે અમુક પ્રકારનું વલણ ગ્રહણ કરવાનું શરૂ કરે છે; તેથી જ લોકવાયકા છે કે–

'કુમળા ઝાડને જેમ વાળીએ તેમ વળે.'

એક સમયે કુમાર અતિમુક્તક બાળકો સાથે રમી રહ્યો છે દૂરથી ગોચરી માટે મંદ મંદ પગલાં ભરતાં, સુંદરાકૃતિવાળા શ્રી ાતમસ્વામી ગણધર મહારાજને તેણે જોયા. સમિપ આવતાં જ ૂ ભાવપૂર્વક નમસ્કાર કર્યા. ઊભયના નેત્રો મળ્યા. તરત જ કુમા । મુખારવિંદમાંથી શબ્દો બહાર આવ્યા કે :

'ભગવન્! હું તમારા જેવો થઈશ.'

પૂર્વભવના કોઈ સંકેત વગર આમ બોલવું શું શકય છે? જ્ઞાનીના વચન છે કે કર્મોની ગહનતા પ્રાકૃતજનોથી પરખાતી નથી.

શ્રી ગૌતમ જવાબ આપે છે કે :

'વત્સ! તું હજી બાળક છે, દીક્ષા એ કંઇ બાળકના ખેલ નથી પણ દુષ્કર વસ્તુ છે; ચારિત્રનું પાલન કષ્ટભર્યું છે. કહ્યું છે કે–'તપનું સેવન, ક્રિયાનું આચરણ, મનનું ગોપન અને વિનયાદિ ગુણોનું અનુસરણ જેમાં સમાયેલું છે એવો ચારિત્રધર્મ આત્માને પ્રાપ્ત થવો અત્યંત મુશ્કેલ છે. એ વાતમાં રજમાત્ર સંશય ધરવાપણું નથી.'

કુમાર બોલ્યો–'પ્રભુ! જો કે હું શિશુ છું, છતાં મારું અંતઃકરણ એમ કહે છે કે તમારા સરખો જરૂર હું થઈશ.

તમે મારી સાથે આહાર વહોરવા મારે ત્યાં પધારો. આપ-સાહેબને અનુકૂળ આવે તેવું અન્નપાન મારે ઘેર તૈયાર છે.'

બાળકના આગ્રહથી ગૌતમસ્વામી તેને ઘરે (રાજમહેલમાં) વહોરવા પધાર્યા. શ્રીમતિ રાણીએ ભક્તિપૂર્વક વિશુદ્ધમાન આહાર વહોરાવ્યો.

ગણધર મહારાજ તો આહાર લઈ પંથે પડ્યા, પણ કુમારના હૃદયમાં જબરું મંથન શરૂ થઈ ગયું. તેને એક જ તમન્ના લાગી કે 'કેવા પ્રકારે હું શ્રી ગૌતમસ્વામી જેવો બનું ?' એના જોરે તે તેમની પાછળ દોડી પહોંચ્યો. વાર્તાલાપ કરતાં ગૌતમસ્વામી સાથે પ્રભુ પાસે ગયો. પોતાને દીક્ષા આપવા વિનંતિ કરી. પ્રભુએ માતાપિતાની આજ્ઞા લઈ આવવા કહ્યું. તેણે માતાપિતા પાસે આવી સર્વ હકીકત કહી સંભળાવી અને અંતમાં માગણી કરી કે 'મને પ્રભુની પાસે દીક્ષા અપાવો.'

માતાપિતા સ્વપુત્રની દીક્ષા સંબંધી માગણી શ્રવણ કરી ઘડીભર વિચારમગ્ન બની ગયા. બાલ્યકાળમાં આ વચનો નીકળતાં જોઈ સ્વતનુજની આસન્નસિદ્ધિ ને પૂર્વસંસ્કારિતા માટે મન પ્રમુદિત બન્યું, હૃદય પુલકિત થયું. આમ છતાં તેનું મન સંયમ-રંગે કેટલી હદે રંગાયેલું છે એ જાણવા સારુ પ્રશ્ન કર્યો—

'વહાલા પુત્ર ! આ તું શું વદે છે ? તું માત્ર આંધળાની લાકડી ને નોધારાના આધાર સમો અમારો લાડકવાયો એક જ પુત્ર છે—એક આધાર માત્ર છે. અમારી આંખની કીકી તુલ્ય હોઈ તારું દર્શન સૃષ્ટિનાં સર્વ પદાર્થો કરતાં પણ અમને અતિશય ઇષ્ટ છે, તું જતાં આ વિશાળ રાજ્યનો ભાર કોના શિરે અમારે સ્થાપન કરવો ? અમારી વૃદ્ધાવસ્થામાં તારા વગર અમારી સાર-સંભાળ પણ કોણ કરે ? દીક્ષાગ્રહણની વેળા તારે માટે આવી છે કે અમારા માટે ? તેનો તો જરા ખ્યાલ કર. હુન્યવી તડકા—

છાંયા જોઈને અમારા કેશ શ્વેતતાને ધારણ કરે છે. તું તો હજી ખીલતા કુસુમ સરખો છે. તારે હજુ ઘણા પ્રકારના નવનવા અનુભવો પ્રાપ્ત કરવાના છે. કેટલી ય ટાઢી-મીઠી ચાખવાની છે, માટે ઉતાવળો ન થા."

"વહાલા જનક જનની! વિશિષ્ટ જ્ઞાન વગર કેમ જાણી શકાય કે તમે વૃદ્ધ છો અને હું બાળક છું? શું યમરાજ કેશનું શ્વેતપણું નિરખી આમંત્રણ મોકલે છે? ચક્ષુ સામે આપણે જોઇ રહ્યા છીએ કે પગ જેના ખખડી ગયા છે, નેત્ર જેના વહી રહ્યા છે અને ગાત્ર જેના ગળી જવા લાગ્યા છે એવા વૃદ્ધને પડતો મૂકી, જેને સંસારને નિહાળ્યા પૂરા પાંચ ચોમાસા પણ નથી થયા, અરે! જેના વાળની કાળાશ પણ મનોહરતાને ધારણ કરવા લાગી હોય છે અને જે હજુ દુનિયા કઇ ચીડીયાનું નામ છે એ જાણતો પણ નથી હોતો એવા અર્ભકને શું નથી યમરાજ ઉપાડી લેતો? માટે જ નાના મોટાના કે વયના વિચાર નકામા છે.

વળી પૂજ્યશ્રી! વિચારો કે કોણ પુત્ર છે ને કોણ માતા કે પિતા છે? સંસારભ્રમણમાં આ જીવને એવા કેટલાય સંબંધો થઇ ગયા તેની કંઇ નોંધ છે? આજે જે માતા છે તે ભૂતકાળમાં પિતા, ભ્રાતા કે પુત્રના સંબંધથી કેટલી ય વાર જોડાઇ ચૂકેલ છે. કર્મરાજની જાળમાં સંબંધની સરખાઇ શોધી પણ જડે તેમ નથી. વીતરાગના વચન મુજબ સર્વે આત્મા પથિક તુલ્ય છે. એ સિવાય ન તો માતા કે ન તો પિતા, નથી તો પ્રિયા કે નથી તો સંતાન, અને તેવી જ રીતે ન તો ભાઇ કે ન તો બહેન શરણ આપનાર થઇ શકે છે. જ્યાં પોતે જ પરાધીન છે ત્યાં બીજાને શરણભૂત થાય પણ કેવા પ્રકારે? રંક આત્મા કોટિ દ્રવ્યનું દાન કયાંથી કરી શકવાનો? શરણ તો તે મહાત્માનું લેવું ઘટે કે જેણે ત્રણ લોકમાં પરમ ઐશ્વર્યતા સાધી

છે. એવી ઐશ્વર્યતાની સાધના અર્થે હે શિરછત્ર ! હું આપની અનુજ્ઞા ચાહું છું. આપના હાર્દિક આશીર્વાદ વગર મારું ઈપ્સિત કાર્ય સધાય તેમ નથી, તેથી આપ ઉભય રાજીખુશીથી મને રજા આપો. તમે સારી રીતે સમજો છો કે આપ વડિલોની અનુજ્ઞા વિના ભગવંત ઈંદ્રભૂતિ મારો સ્વીકાર કરે તેમ નથી. વળી વિનયપ્રધાન જૈનધર્મમાં મારા જેવાનું સ્વચ્છંદી વર્તન તલમાત્ર ચાલી શકે તેમ પણ નથી. એમ કરવું તે મારો પુત્ર તરિકેનો ધર્મ પણ નથી; માટે આપ અંતરના ઉમળકાથી મને અનુજ્ઞા આપો."

માતાપિતા પણ અરિહંતદેવના ઉપાસક હતા. સંસારની પરિસ્થિતિને સમજનારા હતા તેથી તેઓએ મહોત્સવપૂર્વક પુત્રને શ્રી મહાવીરસ્વામીને હસ્તે પ્રવ્રજ્યા અપાવી. કુમાર પણ ગુરુશ્રીનું બહુમાન કરવાપૂર્વક શાસ્ત્રના અધ્યયનમાં તેમ જ ક્રિયાકલાપમાં તદ્રૂપ બન્યો. અંતરના ઉલ્લાસથી સાધુધર્મનું પાલન કરવા લાગ્યો. વયમાં બાળ છતાં જ્ઞાનથી અબાળ (પંડિત) બન્યો, સ્ખલના વગર ચારિત્રધર્મમાં દિવસાનુદિવસ વિશુદ્ધિને ધરતો ગુરુ સાથે વિહરવા લાગ્યો. આમ છતાં બાળસ્વભાવસુલભ કેટલીક ત્રુટીઓ થઈ જતી.

એકદા પ્રાતઃકાળમાં ક્ષુધાતુર થવાથી કોઇ શ્રેષ્ઠીના ઘરમાં કુમાર અતિમુક્તક ગોચરી લેવા ગયા. જ્યાં ધર્મલાભ શબ્દનો ઉચ્ચાર કરી ઊભા ત્યાં શેઠની પુત્રવધૂએ હાસ્ય કરતાં પ્રશ્ન કર્યો કે-'હે ક્ષુલ્લક સાધુ ! આટલી જલ્દી ઉતાવળ કેમ કરી ?' એની આવી અપૂર્વ ને માર્મિક વાણી સાંભળી ચમત્કૃતિ ઉપજી છે જેને એવા કુમારે જવાબ આપ્યો કે-**'यज्जानामि तन्न जानामि'** શેઠની પુત્રવધૂએ પુનઃ પ્રશ્ન કર્યો-'આપે શું કહ્યું ? મને બરાબર સમજાવો.' 'હે ભગિની ! તમારા પ્રશ્નનો આશય તો એ હતો કે 'મને આટલી નાની વયમાં દીક્ષા લેવાની ઉતાવળ કેમ થઇ આવી ?' મેં જણાવ્યું કે **'यज्जानामि** એટલે મૃત્યુ ગમે તે વેળા જરૂર આવવાનું છે એ વાત હું જાણું છું પરંતુ' **'तन्न जानामि'**

ફક્ત જે નથી જાણતો તે એટલું જ કે એ કઈ અવસ્થામાં આવશે ? બાલ્યકાળ એને માફક આવશે કે વૃદ્ધાવસ્થાને તે પસંદ કરશે ? અને જ્યાં આ સ્થિતિ હોય ત્યાં પછી ઉતાવળનો પ્રશ્ન જ કેવો ? એવું વિશિષ્ટ જ્ઞાન નથી કે જેથી એના આગમનની ચોક્કસ મિતિ અવધારી શકાય તેથી ઉતાવળ કહેવાય પણ કેમ ?'

શેઠની પુત્રવધૂએ બાળક સાધુના આ સાચા વચનો શ્રવણ કરી સમ્યક્ત્વમૂળ બાર પ્રકારના વ્રતયુક્ત શ્રાવકધર્મ ગ્રહણ કરીને શુદ્ધ અન્નપાનાદિથી મુનિશ્રીને પ્રતિલાભ્યા.

એક સમયે ધરતી પર ચોતરફ જળ પથરાઇ રહ્યું છે, વિજળીઓના ચમકારા ને વાદળાના ગર્જારવ પછી મુશળધાર વરસાદ વરસી રહ્યો છે. જાણે સૃષ્ટિસુંદરી હર્ષભર્યા સ્નાન કરી ન રહી હોય તેવો ભાસ થાય છે. જનતા પોતાના આવાસમાંથી વર્ષાકાળનું આ મનોહર દૃશ્ય નિહાળી રહી છે. પોષધશાળાના મકાનમાંથી બાળસાધુ અતિમુક્તકની દૃષ્ટિ પણ આ તરફ ખેંચાય છે. ઘડીભર સ્વાધ્યાય બાજુ પર રહે છે. નજર માર્ગ પર નાના મોટા ખાડામાં ભરાઇ રહેલા જળ તરફ જાય છે. વરસાદ અટકતાં જાણે કારાગૃહના બંધનમાંથી છૂટ્યા હોય એમ નાની વયના બાળકો ઘરમાંથી બહાર આવી પાણીના નાના નાના આબોચીયામાં કાગળની હોડીઓ બનાવી સાગરમાં વહાણ હંકાર્યા તુલ્ય આનંદ માણી રહ્યાં છે. આ જોતાં જ મુનિશ્રી પણ શાળાના પગથિયા ઊતરી ત્યાં પહોંચી જાય છે, સમાન વયના શિશુઓની સાથે શરત કરતાં કાચલીની હોડી તરાવવામાં લીન બને છે. પોતે કઈ કક્ષામાં વર્તે છે એ વાત તદ્દન વિસ્મૃતિ બહાર જાય છે. જ્ઞાની સિવાય કોણ આ વેળા ભાખી શકે તેમ છે કે જળમાં કાચલીનું નાવ તરાવનાર આ બાળસાધુ અલ્પકાળ પછી સંસાર-

સાગરમાં સાચું નાવ તરાવી આત્મસાક્ષાત્કાર કરનાર છે ! પ્રાકૃત જનતા તો ઊઘાડી આંખે જોઈ રહી છે કે–મુનિપણાને ન છાજે, એમાં દૂષણ લાગે તેવું વર્તન ચલાવી રહેલ છે.

અકસ્માત્ શાળાની બારીએથી જોઇ રહેલા શ્રી ગૌતમસ્વામીની દૃષ્ટિ આ લઘુ શિષ્ય પર પડી. તેઓશ્રી ત્યાં જઇ પહોંચ્યા. ગુરુશ્રીને જોતાં જ અતિમુક્તક શરમાયા. ઉભયે પ્રભુ શ્રી મહાવીરદેવના સમવસરણનો માર્ગ લીધો.

જ્યાં પ્રવેશ કરી ઇર્યાપથિકી પડિકમવા લાગ્યા ત્યાં અતિમુક્તક સાધુએ 'દગમટ્ટી, દગમટ્ટી' એ પદના અર્થમાં પુષ્કળ વિચારણા કરી. પોતે સાધુજીવનના સૂત્રોને અભરાઇ પર ચઢાવી, નાવ તરાવવામાં હમણાં જ પાણી તથા માટીના જીવોને જે કિલામણા પહોંચાડી છે એ આખું ય દૃશ્ય ચક્ષુ સામે ખડું કરી એની સાચા મનથી ક્ષમાપના આરંભી. ખરૂં જ કહેલું છે કે– **'मन एव मनुष्याणां कारणं बंधमोक्षयोः'** બંધ કે મુક્તિનું કારણ મનુષ્ય માત્રને પોતાનું મન જ છે.

' દગમટ્ટી ' ની વિચારણામાં એકાગ્ર થઇ, ક્ષપકશ્રેણિકનું અવલંબન ગ્રહી, અર્થાત્ કર્મનો ક્ષય કરી અલ્પકાળમાં કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું. સમિપસ્થ દેવોએ કેવળજ્ઞાન મહોત્સવ કર્યો. જે તીવ્ર કર્મો કોટિ જન્મ સુધીના તીવ્ર તપથી બાળી શકાતા નથી તે અર્ધી ક્ષણમાં આત્મભાવનારૂપી તીવ્ર તપબળ ને સમતાનું અવલંબન લઇ બાળી શકાય છે. એ વેળા મનની વિચારસૃષ્ટિ એકાગ્ર થવી જોઇએ.

અતિમુક્તક કેવળીએ પૃથ્વીતળ પર વિહાર કરી ઘણા ભવ્ય જીવોને ઉપદેશવારિથી નહવડાવી અધોગતિમાં પડતાં અટકાવી તેનો ઉદ્ધાર કર્યો. આમ વિચરતાં વિચરતાં, જૂદા જૂદા ગામનગરમાં ફરતાં ફરતાં સૂર્યપુર સમીપ આવી પહોંચ્યા. બહારના

ઉદ્યાનમાં સમવસર્યા. જિતશત્રુ રાજા અનેક જનયુક્ત આવી, પ્રદક્ષિણા દઇ, વંદન કરી, ધર્મશ્રવણ કરવા બેઠો. ઉપદેશધારા વહી રહી–'જ્યાં લગી આ દેહ સ્વસ્થ છે અને વૃદ્ધાવસ્થા આવી નથી તેમ જ ઇંદ્રિયો શિથિલ થઇ નથી ને આયુષ્યનો અંત આવી લાગ્યો નથી ત્યાં સુધીમાં આત્મકલ્યાણ અર્થે હે ભવ્યો! જરૂર યત્ન સેવો. આગ લાગ્યા પછી કૂવો ખોદવો જેમ મૂર્ખતાનું કારણ છે તેમ આ સ્થિતિ પલટાયા પછી–બાજી હાથમાંથી ગયા પછી–ઉદ્યમ શું કામનો?'

પ્રતિષ્ઠાસંપન્ન અને અતિશયતાને વરેલા અતિમુક્ત કેવળીની દેશના ફળવતી બને એમાં શું આશ્ચર્ય? કેટલા યે ભવ્યાત્માઓએ સાધુધર્મનો સ્વીકાર કર્યો. બીજાઓએ બાર વ્રતયુક્ત શ્રાવકધર્મનો સ્વીકાર કર્યો. આત્મકલ્યાણની આવી કેટલી યે પરંપરા પ્રવર્તાવી પ્રાંતે અતિમુક્તકકુમારે મુક્તિપુરીમાં પગલા કર્યા.

શ્રી અંતકૃતદશાંગ સૂત્રના છઠ્ઠા વર્ગમાં એનો ૧૫ મો અધિકાર છે. તેમાં અંતકૃતકેવળી થઇને મોક્ષે ગયાનું કહેલું છે. તત્ત્વ કેવળીગમ્ય.



શાળ તથા મહાશાળ

પ્રથમ અતિમુક્તકકુમારનું ચરિત્ર વાંચ્યા પછી શ્રી ગૌતમસ્વામીના હસ્તે પ્રવ્રજ્યા લેનાર આ બીજા બે બાંધવોની વાત વિચારીએ. ખાસ ચમત્કૃતિ તો એ છે કે શ્રી ગૌતમસ્વામીના હસ્તે દીક્ષિત થનાર વ્યક્તિઓ અલ્પ કાળમાં જ કેવળજ્ઞાન પામતી જ્યારે તેમના ગુરુ શ્રી ગૌતમને શ્રી મહાવીરદેવના જીવન પર્યંત એ કેવળજ્ઞાનનો ઉદય જ ન થયો ! એના કારણમાં પ્રભુ પ્રત્યેનો એકપાક્ષિક રાગ ગણાય છે.

જે સમયની વાત થાય છે એ કાળે **પૃષ્ટચંપા** નામની નગરી મનોહર જિનપ્રાસાદોથી શોભતી અને ધંધાના ધીકતા ધામ તરિકેની ખ્યાતિને ધારણ કરી રહી હતી. રાજવી **શાળ** અને યુવરાજ **મહાશાળ** તથા ભગિની **યશોમતી** વચ્ચેનો સ્નેહ અવર્ણનીય હતો. યશોમતીના લગ્ન કાંપિલ્યપુરના રાજા પીઠર સાથે કરવામાં આવેલા અને આજે તે દંપતીના ખોળામાં **ગાગલિ** નામનો એક લઘુ અર્ભક ક્રીડા કરતો હતો. પરસ્પરની સદ્વૃત્તિ વૃદ્ધિ પામે તે સારુ અવારનવાર યશોમતી સહકુટુંબ, સ્વબાંધવોની રાજધાનીમાં આવતી અને કેટલોક સમય રહી પણ જતી.

એકદા પરમાત્મા શ્રી વીરપ્રભુનું આગમન આ નગરીમાં થયું. રત્ન, સુવર્ણ અને રૂપાના ત્રણ સુંદર કિલ્લા જ્યાં શોભી રહ્યા છે, જ્યાં અલૌકિક રૂપને ધરનારા દેવ-દેવાંગનાના સમૂહ ગમનાગમન કરી રહ્યા છે અને જ્યાં દેવદુંદુભીના કર્ણપ્રિય નાદથી આકાશતળ ગાજી રહ્યું છે એવા રમ્ય સમવસરણમાં વિરાજી પ્રભુશ્રી માલકોશ રાગમાં ઉપદેશવારિનું સિંચન કરી ભવ્ય જીવરૂપ કમળોને વિકસ્વરતા અર્પી રહ્યા છે.

શ્રી અરિહંતદેવનો એ એક અતિશય છે કે જેથી પોતે

માનવી વાણીમાં ઉપદેશ દેવા છતાં તેઓની વાણી દેવો પોતાની દૈવીભાષારૂપે, ભીલો પોતિકી ભીલડીયા બોલીરૂપ, તિર્યંચો પોતપોતાની જાનવરની બોલીરૂપે સમજી શકે છે.

" આ સંસાર અસાર છે. " એટલી જ વાત હૃદયપટ પર કોતરી રાખી, માત્ર શિવસ્થાનપ્રાપ્તિ નિમિત્તે ધર્મનું આરાધન કરવામાં આવે તો જીવોના કલ્યાણમાં કોઇ જાતની ઊણપ રહેતી નથી, પણ ધર્મના આરાધનમાં જરા માત્ર વિલંબ કરવો વ્યાજબી નથી; કારણ કે તેમ કરવા જતાં બાહુબળી જેવા બળાઢ્ય અને ભક્તિવંત રાજવીને પ્રભુ શ્રી યુગાદિદેવના દર્શનથી વંચિત રહેવું પડયું હતું. એ રાજા સંધ્યાકાળે પધારેલા જિનને સવારે ઋદ્ધિ-સિદ્ધિના આડંબર યુક્ત વાંદવા જવાના વિચારમાં પડવાથી અણીનો સમય ચૂકયા. નિર્ગ્રંથશિરોમણિ શ્રી ઋષભદેવ તો પ્રાતકાળ થતાં અન્યત્ર વિહાર કરી ગયા. એમને મન એકાકી આવી વંદન કરી જાય કે ઋદ્ધિપુરસ્સર આવી ચરણમાં આળોટે એ સર્વ પ્રત્યે સમભાવ જ હતો.

" વળી હે મનુષ્યો ! તમે તેથી કરીને જરા માત્ર પ્રમાદનું સેવન ન કરશો. મદ, વિષય, કષાય, નિદ્રા અને વિકથા મળી એના પાંચ મુખ્ય ભેદો છે. તેમાં પણ જાતિ, કુળ, રૂપ, તપ, ઐશ્વર્ય, વિદ્યા અને ઋદ્ધિ આદિ મદના પ્રકારો છે. પાંચ ઇંદ્રિયોના મળી ત્રેવીશ પ્રકારે વિષય ગણાય છે. કષાયના ક્રોધ, માન, માયા અને લોભ એમ ચાર પ્રકાર અથવા તે ચારને અનંતાનુબંધી, અપ્રત્યાખ્યાની, પ્રત્યાખ્યાની અને સંજ્વલનના ભેદોથી ગુણતાં સોળ પ્રકારો છે. નિદ્રા, નિદ્રાનિદ્રા, પ્રચલા, પ્રચલાપ્રચલા અને થિણદ્ધિરૂપે નિદ્રા પાંચ ભેદે છે, જ્યારે વિકથા યાને કુથલીના રાજકથા, દેશકથા, ભોજનકથા અને સ્ત્રીકથા એવા ચાર ભેદ છે અથવા તો મૃદુ આદિ ત્રણ પ્રકાર મળી સાત ભેદ પણ ગણાય છે. સારાંશ કે આખું ય પ્રમાદચક્ર જીવોને સંસારમાં

ભ્રમણ કરાવનાર મહાકુંડાળારૂપ છે. જેમ જડ ધન માટે લૂંટારાથી સાવચેત રહેવાની જરૂર છે તેમ આત્મધનને માટે તેના લૂંટનાર આ પ્રમાદરૂપી મોટા લૂંટારાથી ચેતતા રહી સતત જાગ્રત અવસ્થા રાખવાની જરૂર છે. ધર્મકરણીમાં ઉદ્યમવંત થવું અને જરા (વૃદ્ધાવસ્થા) રાક્ષસી આવી દેહ પર તરાપ મારે તે પૂર્વે શક્તિ અનુસાર પરભવનું પાથેય તૈયાર કરી લેવું. ”

આવો હૃદયસ્પર્શી ઉપદેશ સાંભળી પાછા ફરતાં શાળ ભૂપાળ પોતાના લઘુભ્રાતા મહાશાળને કહે છે કે–‘ હે ભાઈ ! તું હવે રાજ્યની લગામ ધારણ કર અને હું તો વીર પ્રભુની પાસે પ્રવજ્યા ગ્રહણ કરીશ. મને હવે આ રાજ્યના સુખો તણખલા સરખા ભાસે છે. ‘ રાજ્યને અંતે નરક ’ એ તો જાણીતી વાત છે.”

મહાશાળ–“ જ્યેષ્ઠ ભ્રાતા ! તમે આમ જાણો છો તેથી જ એ ભાર મારે શિરે સ્થાપી મને નરકગામી બનાવવા માંગો છો ? પરંતુ હું પણ સંયમનો જ અભિલાષી છું. શિવસુંદરીના સમાગમમાં મને જે સ્નેહ વર્તે છે એવો આ સૃષ્ટિ પરના એક પણ પદાર્થમાં નથી વર્તતો. ”

શાળ–“ બંધુ ! તારી ભાવના ઘણી સુંદર છે. વિશ્વના આ વિશાળ ચોકમાં નથી તો એવો કોઇ વૈદ્ય જન્મ્યો કે જે તૂટેલું આયુષ્ય સાંધી શકે. નથી તો એવી કોઇ ઔષધિ કે જડીબુટ્ટી હાથ લાગી કે જેનાથી મૃત્યુરૂપી મહારોગનું નિવારણ કરી શકાય. જ્યાં પરિસ્થિતિ આમ છે ત્યાંપછી સગા–સ્નેહીના વાર્તાલાપો કે કુળદેવતાના નૈવેદ્યોથી શું વળે ? માત્ર એક ધર્મ જ તારણહાર છે અને સાધુધર્મ એ તેનો ધોરી માર્ગ છે. કહ્યું છે કે–‘ અનન્ય મનથી જો વિધિપુરસ્સર એક જ દિનનું ચારિત્ર પાળ્યું હોય તો પાળનાર આત્મા જરૂર વૈમાનિક દેવોની ગતિમાં જાય છે અર્થાત્ એથી ઉતરતી ગતિઓના દુઃખોથી બચી

જાય છે ' કેવળ સુખોનો ભોક્તા બને છે તો પછી એની યથાર્થ આરાધનાના ફળની શી વાત ? "

શાળ, મહાશાળ રાજમહેલમાં આવી તરત જ પોતે ઇચ્છિત કાર્યની સિદ્ધિમાં લાગી ગયા. કમ્પિલપુરથી પોતાના બનેવી તથા બહેન અને ભાણેજ ગાગલિને બોલાવી મંગાવ્યા. તેઓની સમક્ષ સ્વવિચાર નિર્દિષ્ટ કરી, પોતાને સંતાન ન હોવાથી ગાગલિનો રાજ્યાભિષેક કર્યો. સાત ક્ષેત્રમાં પુષ્કળ લક્ષ્મી ખરચી અને પરમાત્મા શ્રી વીર સમીપે જઇ શાળ તથા મહાશાળે પ્રવ્રજ્યા અંગીકાર કરી.

એકદા શ્રી ગૌતમગણધરની સાથે શાળ-મહાશાળ મુનિ વિહાર કરતાં પૃષ્ટચંપાપુરીના ઉદ્યાનમાં આવી પહોંચ્યા. આ વાતની ગાગલિ ભૂપને ખબર પડતાં સ્વમાતા-પિતા સહિત તે વાંદવા માટે આવ્યો.

ગણધર મહારાજાએ દેશના આપી કે-" સંપત્તિ એ પાણીના પરપોટા જેવી ચપળ છે. યૌવન એ તો ચાર દિનની ચાંદની પછી અંધારી રાત જેવું છે અને જીવિત એ શરદઋતુમાં વાદળા જેવું નશ્વર છે તો પછી પ્રાપ્ત થયેલ ધનાદિ સામગ્રીથી શા સારુ શુદ્ધ ધર્મનું સેવન ન કરવું ? "

શ્રી ગૌતમસ્વામીની આ મીઠી વાણીએ ગાગલિ ભૂપના તથા તેના માતાપિતાના જીવનમાં પલટો આણ્યો. ગાગલિએ ઘેર આવી, પોતાના પુત્ર સાથે વાતચીત કરી, તેને મહોત્સવપૂર્વક રાજ્યાસન પર બેસાડી, અમાત્યને ભલામણ કરી માતા-પિતા ને પુત્રરૂપ ત્રિપુટીએ અલ્પ કાળમાં જ ભાગવતી દીક્ષા અંગીકાર કરી.

ગાગલિ, યશોમતી અને પીઠરરૂપ નવદીક્ષિતને ઉદ્દેશી ગણધર મહારાજાએ જણાવ્યું કે-" હે મહાનુભાવો ! તમારે ચારિત્રનું પાલન શુદ્ધ પ્રકારે, અલ્પ પણ અતિચાર લગાડ્યા વગર કરવું. શુદ્ધ સંયમ સિવાય મુક્તિ નથી એ નિશ્ચય માનવું. સાધુજીવન સંબંધી નીચે મુજબ ચાર ભાંગા છે:—


(૧) કેટલાક લેતી વેળા સિંહ સરખી પ્રકૃતિવાળા હોય છે પણ પાળતી વેળા શિયાળ તુલ્ય નિર્માલ્ય બની જાય છે. (૨) કેટલાક સંયમ લેતાં શિયાળ જેવી ભીરુવૃત્તિ ધરનારા હોય છે, પણ પાલન કરવામાં સિંહ સમી શૂરવીરતા દાખવે છે. (૩) કેટલાક શિયાળ વૃત્તિએ ગ્રહણ કરી તેવી જ વૃત્તિથી સારું ય સાધુજીવન વ્યતીત કરે છે. (૪) કેટલાક સિંહવૃત્તિએ સ્વીકારી તેવી જ વૃત્તિનું પાલન જીવનના અંત સુધી કાયમ રાખે છે. પ્રશંસનીય તો એ ચોથો ભાંગો છે, કેમકે મુક્તિસુખ તો એના હાથમાં રમે છે એમ કહી શકાય. ”

શ્રી ગણધર મહારાજની સાથે શાળ અને મહાશાળ, ગાગલિ, પીઠર અને યશોમતી આદિ શ્રી વીર જિન કે જેઓ શ્રી રાજગૃહીમાં હતા તેમને વાંદવા જવા માટે ચાલી નીકળ્યા. માર્ગે ગુરુકથિત ઉપદેશનો વિચાર કરતાં ઘર, મહેલ, વાડી, બંગલા અને અન્ય દેખાતાં સુખો નશ્વર છે ઇત્યાદિ વૈરાગ્ય ભાવનામાં જેમના ચિત્ત સતત ઉજમાળ છે એવા તે સર્વને માર્ગમાં જ કેવળજ્ઞાનની પ્રાપ્તિ થઇ. સરળ જીવોને–મોક્ષભાવી જીવોને–ચારિત્રશુદ્ધિથી કૈવલ્ય ઘણું દૂર નથી હોતું, એ વાત અહીં પૂરવાર થાય છે.

જ્યાં સમવસરણમાં પહોંચ્યા કે પ્રભુને ત્રણ પ્રદક્ષિણા દઇ શ્રી ગૌતમ વાંદવા લાગ્યા ને આ શિષ્યો તો પ્રદક્ષિણા કરી જ્યાં કેવળીઓ બેઠા હતા ત્યાં જઇને બેઠા. એટલે શ્રી ગૌતમ બોલી ઊઠ્યા કે ‘ આમ કેમ કરો છો ? ’ પ્રભુએ જણાવ્યું કે ‘ હે ગૌતમ ! તેઓ વ્યાજબી કરે છે. તેમને સર્વને કેવળજ્ઞાન ઉત્પન્ન થયેલ છે.’

ઘડીભર સકળ પર્ષદા વિસ્મિત થઇ ગઇ. ગુરુ તો એમ ને એમ રહ્યા અને તેમના હસ્તદીક્ષિતો આવી રીતે કામ સાધી ગયા એ પણ એક ચમત્કૃતિને !

આર્દ્રકુમાર



આજે આપણે જેમનું જીવન વિચારવાનું છે તે વ્યક્તિ અનાર્યદેશોત્પન્ન છે, છતાં શુભ નિમિત્ત પ્રાપ્ત થતાં તેના જીવનમાં કેવો પલટો આવી જાય છે અને આખો યે રાહ કેવો બદલાઈ જાય છે એ જોવા જેવો છે.

" પિતાશ્રી ! એક વાર હું ભારતવર્ષ જોવા ઇચ્છું છું તો એ માટે આપ અનુજ્ઞા આપશો અને ઘટતી વ્યવસ્થા કરી આપશો."

" આર્દ્રકુમાર ! તારી આકાંક્ષા વધુ પડતી હોવાથી તેમજ તું મને અધિક પ્રિય ને એકનો એક પુત્ર હોવાથી મારા ચક્ષુઓથી પળવાર પણ તું દૂર જાય એ મને જરા પણ રુચે તેમ નથી."

" પિતાશ્રી ! આપ મુરબ્બીની વાત વ્યાજબી નથી. ગાઢ સ્નેહના કારણે સ્વપુત્રને દેશદર્શન અને જાત-જાતના અનુભવના લાભથી વંચિત રાખવો એ પુત્રહિતવત્સલ પિતાનો ધર્મ પણ નથી."

" કુંવર ! આ તું શું વદે છે ? આપણો દેશ કાંઇ નાનો નથી. એમાં તું યથેચ્છ પ્રકારે વિચરી જાત-જાતના અનુભવ મેળવી શકે છે; પણ જે દેશ અને આપણા દેશ વચ્ચે આડો મહાસાગર પડ્યો છે, જેની સંસ્કૃતિ, લિપિ અને ભાષા, પહેરવેશ તથા રીતરિવાજમાં મહાન્ અંતર છે, વળી જ્યાં આપણું કોઈ અંતરનું સગું વસતું પણ નથી એવા અજાણ્યા દેશમાં હું તને ન જ જવા દઈ શકું. "

" હે પિતાજી ! આપ કેમ કહો છો કે એ અજાણ્યો દેશ છે ? મગધરાજ સાથે આપણને વંશપરંપરાથી સંબંધ ચાલ્યો આવે છે. હજુ થોડા દિવસની વાત છે કે જ્યારે આપે રાજવી

શ્રેણિકને ભેટ મોકલાવેલી અને કુશળ સમાચાર પાઠવેલા. તે સમયે મેં પણ મગધપતિના પુત્ર સારુ થોડા મુક્તાફળની ભેટ મોકલાવેલી અને મિત્રતાનો પ્રાથમિક પ્રયોગ કરેલો. આજે તેને સુંદર ફળ બેઠું છે. જેમ આપને મગધરાજ તરફથી પ્રત્યુત્તર તેમજ ભેટના બદલે ભેટ પાછી મળી છે તેમ મને પણ એ રાજવીના પુત્ર અભયકુમાર તરફથી એક સુંદર વસ્તુ પ્રાપ્ત થઈ છે. વળી પ્રીતિસૂચક પત્ર પણ મળ્યો છે. એ વખતથી જ મારા મનમાં એક વાર ભારતવર્ષના દર્શન કરવાની અને સ્વનેત્રોવડે મગધદેશને નિરખવાની તેમ જ મિત્ર એવા અભયકુમારને મળવાની પ્રબળ લાલસા ઉદ્ભવી છે; માટે જ આપની આજ્ઞા ચાહું છું."

"પુત્ર! મગધરાજ સાથેની આપણી પ્રીતિ જો કે લાંબા સમયથી ચાલી આવતી હોવા છતાં ન તો એકે વાર મેં ભારતવર્ષની ધરતી પર પગ મૂક્યો છે કે ન તો મગધરાજે આ તરફ જાતે પધારવા એકાદ વાર પણ તસ્દી લીધી છે! એલચીઓ કિંવા સોદાગરો અવારનવાર ગમનાગમન કરે છે. તેમની દ્વારા પરસ્પરમાં ભેટ-સમાચારની આપ-લેથી અમારો સ્નેહ બન્યો બન્યો રહે છે. વળી આપણા સરખી રાજ્યસંપત્તિના ભોક્તાને સફરના કષ્ટો ભોગવવાની અગત્ય શી? અવશ્ય આજે મગધ એ ભારતવર્ષનું નાક ગણાય છે, એની યશગાથા ચોતરફ પ્રસરેલી પણ છે; છતાં મને એ તરફ જવાની ઇચ્છા સરખી નથી ઉદ્ભવી. તારે પણ એ વાતને વિસારી મૂકી, પ્રાપ્ત થયેલ સુખ-સાહેબીમાં આનંદ માનવો."

"પિતાશ્રી! મારી પ્રાર્થનાનો એક વાર વિચાર કરી જોજો અને આજ્ઞા આપજો. બાકી એક વાર એ ભૂમિમાં ફર્યા વગર મને જંપ નથી વળવાનો."

વાચકનો મોટો સમુદાય પ્રતિવર્ષ પર્યુષણ પર્વમાં વંચાતા આર્દ્રકુમારના ચરિત્રથી ભાગ્યે જ અજાણ હશે. અત્રે પણ એ જ

કથાનક વર્ણવવાનું છે. એમાં ચાલુ સમયને સ્પર્શ કરતા કેટલાક પ્રશ્નો સંકળાયેલા છે તે પ્રતિ પણ નજર ફેરવવાની છે. એ તરફ વળતાં પૂર્વે પિતા-પુત્ર વચ્ચે ઉપર મુજબ જે સંવાદ થયો છે તેના અંકોડા મેળવી લઇએ.

આર્દ્રક ભૂપાળનો દેશ આજે જ્યાં અરબસ્તાનનો પ્રદેશ આવ્યો છે ત્યાં હતો, એમ પુરાતત્ત્વકોવિદોનું માનવું છે. આજે પણ ખરાં-સાચાં મોતી ત્યાંથી જ મુંબઇના બજારમાં આવે છે. એની ગણત્રી અનાર્ય દેશમાં થાય છે એ પણ યથાર્થ છે; કેમકે અરબસ્તાનના પ્રદેશોમાં ફરી આવેલાં મનુષ્યો ત્યાંના ચિત્ર દોરે છે એ પરથી એ વાત પૂરવાર થાય છે. અસ્તુ. આપણે તો એ જોવાનું છે કે એ રાજા તરફથી જેમ શ્રેણિક ભૂપને ભેટણું આવ્યું તેમ આર્દ્રકુમાર તરફથી અભયકુમારને પણ મુક્તાફળની ભેટ આવી હતી. એ રાજાઓ વચ્ચે આપ-લેનો વહેવાર હતો, પણ રાજપુત્રો વચ્ચે આ પ્રથમ પ્રસંગ હતો. ભેટ લાવનાર મનુષ્યો-દ્વારા અભયકુમારે સાંભળ્યું કે-" આર્દ્રકુમાર તમારી સાથે મૈત્રી બાંધવા ઇચ્છે છે " ત્યારે તેને આશ્ચર્ય થયું. સમોવડીઆ-સરખે-સરખા વચ્ચે મૈત્રી બંધાય એ કંઈ નવી વસ્તુ નથી, પણ જેઓ નથી તો એકે વાર મળ્યા કે નથી તો અરસપરસ એક બીજાને જોયા છતાં જ્યારે મૈત્રી માટે હાથ લંબાવાય છે ત્યારે જરૂર કંઇ પૂર્વનો સંકેત હોવો ઘટે. દક્ષ અભયકુમારને લાગ્યું કે ' અનાર્યદેશોત્પન્ન આ કુમાર અવશ્ય ભવ્ય ને સુલભબોધિ જીવ હોવો જોઇએ; તે વિના મારી જોડે એને મિત્રતા જોડવાનો સંકલ્પ સંભવે જ નહીં. '

બસ, જ્યાં આટલો નિરધાર થયો કે એણે નક્કી કર્યું કે ' મારે કોઇ પણ રીતે મારા આ નવીન મિત્રનો કલ્યાણપંથ ઊજાળવો. આર્યભૂમિ તરફ એના કદમ થાય એવો માર્ગ ચીંધવો. ' તેથી જ ભેટના બદલા તરિકે એને સુંદર જિનમૂર્તિ મોકલવાનો પ્રબંધ કર્યો.

મૂર્તિના આકારના મચ્છને જોઇને પણ અન્ય મચ્છ જીવોને સમ્યક્ત્વની પ્રાપ્તિ થાય છે એ વાત પોતે જાણતા હતા. વળી વીતરાગદેવની મૂર્તિના દર્શનથી સંખ્યાબંધ આત્માઓના કલ્યાણ થયાં છે એમ પોતે શ્રદ્ધાથી માનતા હતા. એટલે જ મંત્રીશ્વર અભયે આ માર્ગ લીધો. લઇ જનારને માત્ર એક જ સૂચના આપી કે 'મારા મિત્ર એવા આર્દ્રકુમારને મારી આ મંજૂષાની ભેટ બાનગીમાં આપવી અને એકાંતે ઉઘાડવાનું કહેવું.'

આજે જેઓ મૂર્તિપૂજનનો વિરોધ કરે છે કિંવા પત્થરની મૂર્તિ શું ફળ દઇ શકે તેમ છે? એવી નિરાધાર દલીલો કરે છે તેઓની નજર સામે આ મૂર્તિને જોતાં આર્દ્રકુમારને જે અસર થઇ એ પુરાવારૂપ છે. અહીં મૂર્તિપૂજા શાસ્ત્રસિદ્ધ છે એ દર્શાવવા લંબાણ કરવાની જરૂર નથી. એ માટે ઘણું સાહિત્ય વિદ્યમાન છે. જેઓ પ્રમાદમાં મૂર્તિપૂજા જેવા અણમૂલા સાધનનો કેવળ સ્વનિર્ણીતા છૂપાવવા વિરોધ કરે છે તેઓ પોતાના આત્માને ભારે બનાવે છે; બાકી શ્રદ્ધાળુ હૃદયોમાં મૂર્તિએ અજબ ભાવો પ્રગટાવ્યાના સંખ્યાબંધ ઉદાહરણો ટાંકી શકાય તેમ છે. આકીન વા શ્રદ્ધા કોઇ અનેરી વસ્તુ છે અને એ જ ફળે છે. મહાત્માજી જેવા કહે છે કે 'જ્યાં બુદ્ધિનું ક્ષેત્ર પૂરું થાય છે ત્યાંથી શ્રદ્ધાનો પ્રારંભ થાય છે.' મનુષ્યને શ્રદ્ધા વિના ચાલવાનું નથી જ.

બુદ્ધિવાદના ચક્રાવામાં ફરતા યુવાનો માને કે ન માને પણ શાસ્ત્ર કહે છે કે 'અભયકુમારે મોકલેલી મંજૂષાએ આર્દ્રકુમારની આંખ ઊઘાડી.' આભૂષણની ઇચ્છાએ જ્યાં તેણે પેટી ઊઘાડી કે દેદીપ્યમાન પ્રતિમા દૃષ્ટિ સન્મુખ ખડી થઈ. પ્રથમ તો અનાર્ય દેશવાસી કુમારે ભારતવર્ષમાં પહેરાતું આ પણ એકાદ જાતનું આભરણ હશે એમ માની લઇ, વારંવાર ફેરવી જોઇ અંગ પર પહેરવા પ્રયાસ સેવ્યો, પણ એમાં સફળતા ન મળી. પછી જ સાચું

મનોમંથન શરૂ થયું. ઇહા, અપાય શરૂ થયા. પૂર્વે આવું મેં કોઇક સ્થળે જોયું છે એવી તરંગશ્રેણી પ્રવર્તી. ધારણાના નાના પ્રકારો મસ્તિષ્કપ્રદેશમાં ઝંઝાવાતના વાયરા માફક ઘૂમી રહ્યા. આખરે જાતિસ્મરણજ્ઞાન પ્રાપ્ત થતાં જ પોતાનો પૂર્વભવ દીઠો.

ઘડીભર આર્દ્રકુમાર અનાર્યભૂમિમાંથી જાણે ઉચકાઇને આર્યભૂમિમાં આવી ગયો હોય અને કોઇ અનેરી સૃષ્ટિમાં વિહરતો હોય એવું દૃશ્ય નેત્રો સામે જોવા લાગ્યો. એનો પૂર્વ-ભવ સિનેમાના ચલ-ચિત્રોની માફક તેના ચક્ષુ સમીપ રમી રહ્યો.

આ તો વીતરાગ ભગવાનની પ્રતિમા. એ ભગવાને ઉપદેશેલી આત્માનો ઉદ્ધાર કરનારી પ્રવ્રજ્યા મેં પૂર્વભવે મારી પત્ની સહિત ભાવપૂર્વક સ્વીકારેલી, અને સાધુસમુદાયમાં રહી મેં વર્ષો સુધી નિરતિચારપૂર્વક શુદ્ધ જીવન ગાળ્યું. તેવી જ રીતે મારી એ ભવની પત્ની બંધુમતીએ પણ પવિત્ર આર્યાઓના સમુદાયમાં રહી સાધ્વીજીવનની મીઠી વાસ લીધી.

પણ મેં એક જ ભૂલ કરી કે જે ભૂલે મારો સારો ય ખેલ અલાસ કરી નાંખ્યો. કાંઠે આવેલી નૌકાને ભરસમુદ્રમાં ધકેલી દીધી. એ ભૂલના પ્રતાપે જ હું આજે એવી ભૂમિમાં ઉપજ્યો કે જ્યાં નથી તો વીતરાગનો ધર્મ કે નથી તો એ ભવનિસ્તાર કરવામાં સાધનરૂપ ધર્મના ઉપદેશક. ત્યાં મારી પૂર્વની પવિત્ર ભાગવતી દીક્ષા જડે પણ કયાંથી ?

અરેરે ! કેવી ભયંકર ભૂલ ! વિષરૂપ સમજીને વિસારી મૂકેલા વિષયોને સાધ્વીજીવનમાં નિષ્કલંક જીવન જીવતી બંધુ-મતીને જોતાં ફરીથી માણવાના કોડ ઉપજ્યા ! મનમાં ઉદ્ભવેલી આ વાતનો ઇસારો એ પવિત્ર આર્યાને કાને પહોંચતાં જ એને વિચાર આવ્યો કે-' જો મુનિ મર્યાદા તોડે તો જગતમાં ઊભું રહેવાનું સ્થાન જ ન રહે. ' એટલે અનશનદ્વારા પ્રાણનું બલિ-

દાન દઈને સામાયિક(સંસારીપણાનું–આર્દ્રકુમારનું પૂર્વભવનું નામ) ને સાચા સામાયિકનો–ખરી સાધુતાનો ખ્યાલ કરાવવો.' આમ વિચારી બંધુમતી સાધ્વી તો અનશન કરી કાળધર્મ પામી સ્વર્ગે ગઇ, પણ મનથી જેણે સાધુવ્રત ખંડિત કરેલું છે એવો હું પાછળ રહ્યો. હું પણ દેખાદેખીથી અનશન કરી સ્વર્ગે ગયો અને ત્યાંથી ચ્યવી આ અનાર્ય દેશમાં ઉપજ્યો. '

જાતિસ્મરણજ્ઞાનના પ્રભાવથી આર્દ્રકુમારની દૃષ્ટિ બરોબર ખુલી ગઇ. તેણે એક જ નિરધાર કરી લીધો કે–કોઇ પણ ભોગે આર્યદેશમાં પહોંચવું ને ભૂલ્યા ત્યાંથી ફરીથી ગણવું અર્થાત્ ભાગવતી દીક્ષા સ્વીકારવી.

આ વાત કેટલાય સમય સુધી ગુપ્ત રાખી આર્દ્રકુમારે જાણે કંઈ બન્યું જ નથી એવો દેખાવ કરી અંદરખાનેથી ગુપ્ત તૈયારી કરવા માંડી. ફરવા જવાના મિષે દૂર સુધી અશ્વો દોડાવવા માંડ્યા. કેટલીયે વાર રાજધાનીથી ઘણે દૂર દરિયાના કિનારા પર્યંત પહોંચી જતો. મુસાફરી અર્થે ગમનાગમન કરી રહેલાં જહાજ–વહાણ અને પડાવ જોતો તેમ જ નાવિકો અને બારવાઓને કંઇ કંઈ પૂછતો.

એક તરફ કુમારની તૈયારી વૃદ્ધિ પામતી હતી ત્યારે રાજા પણ મૂંગો નહોતો બેઠો. આર્દ્રકુમારની વાત પરથી જ એણે જાણી લીધું હતું કે જરૂર એ ગુપ્તપણે નીકળી જઈ ભારતવર્ષ તરફ પ્રયાણ કરી જશે, તેથી સાવચેત બની કુંવરની દેખરેખ માટે પાંચ સો સુભટોને નિયત કરી રાખ્યા હતા. જ્યાં જ્યાં કુમારના પગલાં પડતાં ત્યાં ત્યાં આ સંરક્ષકો સાથે જતા.

પણ નિશ્ચયી શું નથી કરી શકતો ? કુમારે પાંચ સો રક્ષકોને વિશ્વાસમાં લેવા સારુ જાતજાતની યુક્તિઓ યોજી. કેટલીક વેળા અશ્વને આગળ દોડાવી જઇ, થોડા સમયમાં પાછો

વળી સુભટો સાથે જોડાઇ જતો. કોઈક વાર કલાકોના કલાકો એકલો રહેતો અને શોધ કરીને આ લોકો જ્યાં નજીકમાં આવતા જણાય ત્યાં તો તેમની પાસે પહોંચી જઇ હસી પડતો. આ જાતની સંતાકુકડીથી સુભટોમાં કુમારે વિશ્વાસ જમાવ્યો. એકદા ભૂલથાપ આપી, જહાજમાં ચઢી, ચિરકાળથી જે સ્થાનને જોવાની તાલાવેલી ઉદ્ભવી હતી એવા ભારતવર્ષના આર્ય-વિભાગમાં આવી પહોંચ્યો.

પવિત્ર ભૂમિ પર પગ મૂકતાં જ જાતિસ્મરણજ્ઞાનથી નિરખેલ દૃશ્ય તાજું થયું. દીક્ષાની લગની બળવત્તર બની. યોગ્ય ગૃહસ્થને પ્રતિમા સોંપી, મંત્રીશ્વર અભયને એ પહોંચાડવાની ભલામણ કરી, આર્દ્રકુમારે સ્વયમેવ ચારિત્ર સ્વીકારી લીધું અને મગધદેશ તરફ પ્રયાણ કર્યું. ચારિત્ર-ગ્રહણ સમયે આકાશ-વાણીમાં સંભળાયું કે—

‘ કુમાર ! તારે દીક્ષાની વાર છે. હજુ ભોગાવળી કર્મ બાકી છે માટે ઉતાવળો ન થા.”

પણ આર્દ્રકુમારે એ તરફ બહેરા કાન રાખ્યા. પોતાના નિર્ણયમાં તે આગળ વધ્યો. એક ભૂલે તેની બાજી ઊંધી વાળી હતી તે સુધારવાના આવેગમાં એનું મન એટલી હદે લીન થયું હતું કે બીજી તરફ એ જોતું જ નહીં. બસ, એક જ લગની—સંયમ, સંયમ ને સંયમ. અને તેના પાલન અર્થે ઇંદ્રિયદમન તથા તપ. ફરતાં ફરતાં આર્દ્રમુનિ મગધદેશના વસંતપુર ગામમાં આવી, ભાગોળે આવેલા મંદિરમાં એકાંત સ્થાન પસંદ કરી, કાયોત્સર્ગમાં એકાગ્રપણે ઊભા રહ્યા.

સમય સમયનું કામ કર્યે જ જાય છે. એની ગતિમાં રજ માત્ર સ્ખલન નથી થતું; તેથી જ **‘अघटितघटितानि घटयति’** એવી ઉપમા

તેને અપાય છે. જુઓ! 'અયોધ્યામાં સૌ કોઇ જાણતું હતું કે પ્રભાત-કાળ થતાં જ શ્રીરામચંદ્ર રાજગાદીએ આવશે અને ભૂપ દશરથ વાનપ્રસ્થ સ્વીકારશે' પણ સવાર થતાં તો નિર્મળ આકાશમાં ઘનઘોર વાદળસમૂહ એકત્ર થઇ જાય તેમ અયોધ્યામાં બની ગયું.

એક તરફ રામ, લક્ષ્મણ ને સીતા વનવાસે જઇ રહ્યાં છે, બીજી તરફ ભૂપ દશરથ અવાક્ બની ગયા છે, ત્રીજી તરફ આનંદ-થી ગાજતું અંતઃપુર સ્મશાનની શાંતિ દર્શાવી રહ્યું છે અને ચોથી દિશામાં પુરજનોનો આનંદ પાંખો કરી કયાંય પલાયન કરી ગયો છે. સર્વત્ર કાલીમા પથરાયેલી છે. આ સર્વ કોણે કર્યું ?

'**सुघटितघटितानि जर्जरीकुरुते**' જેવા કાળદેવે કે કોઇ બીજાએ ? આર્દ્રમુનિ તો ધ્યાનમગ્ન હતા પણ તેમની પાછળ પડેલ કામદેવ તેમને કયાં છોડે તેમ હતો ? લાગ મળ્યો જાણી તરત જ એ ઉપડ્યો. એનું બીજું નામ અનંગ છે. એનો અર્થ વિચારીએ તો શરીર વગરનો કહેવાય. એ ગમે તેમ હોય. આર્દ્રકુમારની બાબતમાં તે સાચે જ શરીર વગરનો બની રહ્યો, છતાં એવી કરામત કરી કે જેથી દીક્ષા લેતી વખતે જે દૃઢતા હતી તે નરમ પડવા માંડી. આખરે બહુ નરમ પડી અને આકાશવાણી સાચી ઠરી.

આ કેવી રીતે બન્યું ? તે ટૂંકમાં અવલોકીએ. જ્યારે આર્દ્રમુનિ ધ્યાનમગ્ન હતા ત્યારે ત્યાં વસંતપુરના શ્રેષ્ઠીની કન્યા **શ્રીમતી** સમાનવયની સાહેલીઓ સાથે ક્રીડાર્થે આવી અને વર પસંદગીની રમત રમવા લાગી. દરેક સખી અકેક થાંભલાને વર માની લઈ વળગી પડી. શ્રીમતી થંભને સ્થાને સ્થંભ સમાન નિશ્ચળ ઊભેલા આર્દ્રમુનિને પગે વળગી ગઈ. એ કાળે પુનઃ એક વાર આકાશ-વાણી સંભળાઇ કે–'હે બાળા ! તેં સુંદર પસંદગી કરી છે.'

ત્યાં તો અદ્‌ભુત નાદથી જેમના અંતરો વિસ્મયતાને વર્યા

છે એવી શ્રીમતી વિગેરે સર્વ સખીઓ પોતપોતાના સ્થાનો પડતાં મૂકી, પુર તરફ પાછી ફરી, પણ શ્રીમતીના હૃદયમાં ત્યારથી જ એક નવીન અંકુરનો પ્રાદુર્ભાવ થયો અને તે એ જ કે—'પરણું તો એ ધ્યાનમગ્ન મુનિને જ પરણું.'

ધ્યાન પૂર્ણ કરી મુનિ આર્દ્ર પણ વસંતપુરની ભાગોળેથી સામી દિશામાં પ્રયાણ કરી ગયા. એ વારંવાર થતી દિવ્ય વાણીનો મર્મ સમજી ચૂકયા હતા, છતાં મનમાં એટલી વાત ઘર કરવા લાગી કે-શું આ દૈવી શબ્દો સાચા પડશે? આમ છતાં અંતરની મજબૂતીથી આદરેલ વ્રતને જરા પણ ક્ષતિ ન પહોંચે એ હેતુથી ત્યાંથી એવી રીતે વિદાય થઇ ગયા કે થોડા દિવસ પછી આખો ય બનાવ સ્મૃતિપટમાંથી ભુંસાઇ ગયો.

જ્ઞાની મહાત્માઓ સિવાય કાળની ગતિને કોણ ઓળખી શકે તેમ છે? કર્મોની વિચિત્ર અને ગહન ગતિને જાણવાનું સામર્થ્ય પણ એવી વિજ્ઞાનસંપન્ન વિભૂતિઓ વિના કોનામાં છે? ને દૈવતાઇ વાણી એટલે પણ શું? અવધિ કે વિભંગજ્ઞાનદ્વારા આગામી સમયમાં બનનાર વસ્તુના સંબંધમાં આગાહી કરવી એ જ ને?

આથી સહજ સમજાશે કે એ વાણી નિષ્ફળ નથી જતી. નિકાચિત કર્મો ચાહે તો શુભ હોય કિંવા અશુભ હોય પણ તે ભોગવ્યા વિના આત્માથી છૂટા પડતા નથી. આર્દ્રમુનિના સંબંધમાં પણ તેવું જ બન્યું છે. 'સામાયિક'ના ભવમાં સાધ્વીના અનશનથી ઉદ્ભવેલી લાલસા દબાઇ જાય છે છતાં સર્વથા એનું ઉન્મૂલન નથી થતું. અદ્યાપિ એ વૃત્તિ મુનિના મનોબળને દબાવી શકી નથી, પણ એનો ચમકારો શ્રીમતીના ચરણ પકડવાના અને 'પરણું તો એ મુનિને જ પરણું' એવું પણ (પ્રતિજ્ઞા) લેવામાં જણાઈ આવ્યો. એ ચમકારો કેવી રીતે સત્ય રૂપે પરિણમે છે તે હવે જોઇએ.

જ્યાં શ્રીમતીએ તરુણાવસ્થામાં પ્રવેશ કર્યો ત્યાં શેઠને તેના

પાણિગ્રહણની ચિંતા શરૂ થઇ. કેટલાયે મુરતીઆના સંબંધમાં સખીદ્વારા તેનો મત પૂછાયો ત્યાં તો એની દૃઢ પ્રતિજ્ઞા જાણવામાં આવી. શેઠને એમાં માત્ર અશક્યતા નહિ પણ અસંભવિતતા દેખાવા લાગી, પણ જ્યારે શ્રીમતી સાથે એ સંબંધમાં પરામર્શ કર્યો ત્યારે સમજાયું કે એ અસંભવને સંભવમાં ફેરવવાનો શ્રીમતીનો નિશ્ચય છે અને નિમિત્ત કારણમાં દેવવાણી છે. પછી શું થાય ? શેઠને વચ્ચે અવરોધ ખડો કરવાનું પ્રયોજન પણ શું ? શ્રીમતી એ મુનિને પારખી શકે એટલા સારુ પુરમાં પધારતા પ્રત્યેક ભિક્ષુને તેના હસ્તે દાન અપાય તેવો પ્રબંધ તરત જ શરૂ કરવામાં આવ્યો. વર્ષો પછી વર્ષો વીતવા માંડ્યા. આશારૂપ લતાને ફળ ન બેસવાથી શ્રીમતીના કેટલાય સ્નેહીજનો નિરાશ બન્યા, પણ લાખો નિરાશામાં આશાની અમરતાના દર્શન કરનાર શ્રીમતીનું હ�ૃદય ડગે તેમ હતું જ નહિ. આ પરીક્ષામાં ઉત્તીર્ણ થવાનો એ નિરધાર કરી ચૂકી હતી. એને મન આજે ન આવ્યા તો કાલે જરૂર આવશે જ એવો દૃઢ નિશ્ચય હતો. એમને આણવાનો ભાર દેવ કે દૈવના શિરે મૂકી તે તો પોતાના નિત્યકર્મમાં રક્ત રહેવા લાગી.

આપણે જોઇ ગયા કે આર્દ્રમુનિ તો એ ધરતીથી આઘા ગયા પછી એ બનાવ વિસરી ગયા ને પોતાના નિત્ય જીવનમાં એકતાર બન્યા. એવાં કેટલાય વર્ષો વીત્યા બાદ જાણે કોઇ અદૃશ્ય શક્તિ જ ખેંચી લાવી હોય તેમ મુનિઆર્દ્ર એ જ વસંતપુરમાં આવી ચઢ્યા; એટલું જ નહિ પણ દાન દેતી શ્રીમતીની સામે ખડા થયા.

નજરોનજર મળી. જે કામ ચરણ સ્પર્શવાથી નહોતું બન્યું તે આંખોના મેળાપે કર્યું. કહે છે કે ‘ કામના બાણ નેત્રોદ્વારા વાગે છે ’ એ સત્ય અહીં પૂરવાર થયું. દાનના અર્થી આર્દ્રમુનિ શ્રીમતીને પુનઃ જોતાં કોઈ અગમ્ય તરંગમાં તણાયા. શ્રીમતી

તો પાણિગ્રહણ માટે પ્રાર્થના કરી રહી હતી, પણ મુનિએ શું વિચાર્યું ? એનું યથાર્થ માપ જ્ઞાનશક્તિ વિના ન થઇ શકે, છતાં કર્મરાજના આદેશથી કાળભૂપે એવી તો ભૂમિકા રચી હતી કે એમાં પરાજયનું નામ નહોતું.

દીક્ષાને જળો માફક ચોંટી રહેનાર અને આકાશનાદને અવગણનાર એક સમયના આર્દ્રમુનિ શ્રીમતીને જોઇ વિચારે છે કે–આટલો કાળ જવા છતાં મારા માટે આ યુવતી કેમ આટલો સ્નેહ ધરી રહી છે ? ઊંડું અવગાહન કરતાં બંધુમતીનો આત્મા જાણે શ્રીમતીરૂપે ન ઉપસ્થિત થયો હોય એમ લાગ્યું. એમાં આશ્ચર્ય પણ શું ? આત્મા ઓછો જ બદલાય છે ? જે બદલાય છે એ તો શરીરનું ખોળિયું. બંધુમતી એ જ શ્રીમતી. એ વિચાર ઉત્પન્ન કરનાર પેલું ભોગાવળી કર્મ કે બીજું કોઈ ? ગમે તેટલું ફર્યા પણ આખરે તો જ્યાં સર્જિત થયું હતું ત્યાં જ આવીને ઊભા. મુનિઆર્દ્રનું હૃદય આજે પહેલાં જેવું મજબૂત નહોતું રહ્યું. શ્રીમતીના હાવભાવ કે વચનોથી અને એ કરતાં વધુ તો એ જ બંધુમતી છે એ ભાવથી જર્જરિત થઈ ચૂકયું હતું. દૃષ્ટિ સન્મુખ દૈવનો પરાજય કરવા જતાં પોતાનો પરાજય તરતો હતો. એટલે જ સાધુતાના ઉપકરણોને ખીંટીએ ભરાવી, શ્રીમતીનો કર ગ્રહણ કરી એક વારના મુનિઆર્દ્ર ફરીવાર ગૃહસ્થ બન્યા.

જ્યાં અગમ્યતાના હાથ ફરી વળે છે ત્યાં પામર બુદ્ધિના માનવીની ગણના કામ નથી જ આવતી. દુનિયા ઉપરછલ્લું દેખી અનુમાનપરંપરા ચલાવે છે. ઓછું જ તેને અંદરનું સત્ય સમજાય છે ? એટલે જ મનુષ્ય સંયોગાધીન પ્રાણી છે અર્થાત્ 'A man is the creature of circumstances.'

× × ×

'જય હો આર્દ્રકમુનિનો ! જય હો જૈન ધર્મનો ! વંદન હો પ્રભાવિક મહાત્માને !' આમ ભિન્ન ભિન્ન ધ્વનિના જ્યાં

પોકાર થઈ રહ્યા છે ત્યાં શ્રેણિકભૂપની સ્વારી અભયકુમાર સહિત આવી પહોંચી. લોકોએ માર્ગ આપ્યો અને રાજવી શ્રેણિકે આર્દ્રમુનિને વંદના કરી બેઠક લીધી.

ધર્મદેશના સમાપ્ત થતાં શ્રેણિક મહારાજે કહ્યું કે–"મહાત્મન્! આપને જોતાં જ હસ્તિના શૃંખલાબંધન આપોઆપ તૂટી ગયા. વળી આપની ઉપદેશધારાથી હસ્તીમાંસભક્ષી તાપસોએ પ્રભુ શ્રી મહાવીરદેવનો અહિંસામૂલક ધર્મ સ્વીકાર્યો એ વૃત્તાન્ત સાંભળીને મને આશ્ચર્ય થયું છે. આપને એ કાર્યની સિદ્ધિ પૂર્વે જે પરિષહનો સામનો કરવો પડ્યો અને આપે ધૈર્યતાથી એનો તાગ આણ્યો એ કંઈ ઓછી ચમત્કૃતિભર્યું ન ગણાય."

"રાજન્! મને જેટલી મહેનત એ શૃંખલાબંધ તોડાવવામાં કે તાપસોના હૃદયમાં અહિંસાની પ્રાણપ્રતિષ્ઠા કરવામાં નથી પડી એથી અતિ ઘણી સુતરના તાંતણાના બંધનો તોડવામાં લાગી છે. હાથીની લોખંડી સાંકળ તૂટવી સહેલ છે પણ સ્નેહવડે બંધાયલા સુતરના તાંતણા તોડવા મુશ્કેલ છે. આ મારું અનુભવસિદ્ધ વચન છે."

"અહો! આ તો કોઈ નવી જ વાત આપે ઉચ્ચારી. હું એક આશ્ચર્યમાંથી છૂટો થાઉં તે પૂર્વે આપે બીજામાં મને ઊતાર્યો, તો હવે કૃપા કરીને આપનું એ ચરિત્ર સંભળાવો કે જેથી ઉદ્ભવેલી જિજ્ઞાસા તૃપ્ત થાય."

વાચક અગાઉ જોઇ ગયા છે કે આર્દ્રમુનિએ સાધુતાનો અંચળો ખીંટીએ ટીંગાડી શ્રીમતી સહ ગૃહસ્થાશ્રમ શરૂ કર્યો હતો, તો પછી શ્રેણિકભૂપ સામે સ્વજીવન વર્ણવવા તત્પર થયેલ મુનિશ્રી આર્દ્ર એ જ કે બીજા? એવો પ્રશ્ન સહજે ઉદ્ભવે. એટલે સ્પષ્ટીકરણ કરી લઇએ કે એ તે જ આર્દ્રમુનિ છે. પુનઃ સાધુતાના પંથે તેમણે કેવી રીતે પ્રયાણ કર્યું અને રાજગૃહીમાં તેઓશ્રી કેવી રીતે આવી પહોંચ્યા એ સર્વ વૃત્તાન્ત તેમના

મુખેથી જ ભૂપ શ્રેણિકના પ્રશ્નના જવાબરૂપે કહેવાવાનું હોવાથી આપણે હવે કથાના પ્રવાહમાં આગળ વધીએ.

મુનિશ્રીએ એક સમયે જોમપૂર્વક સ્વીકારેલ ચારિત્રને કેવા સંયોગોમાં તિલાંજલિ આપી, સંસારમાં પ્રવેશ કર્યો એ સર્વ વ્યતિકર જણાવ્યા બાદ ઉચ્ચાર્યું કે:—

" રાજન્! શ્રીમતી સહ સંસારસુખ ભોગવતાં, કેટલાક વર્ષ વીત્યા ત્યાં પુત્રમુખ જોવાનો અમો દંપતીને યોગ સાંપડ્યો. સુંદર અંગોપાંગ ને મનોહર મુખાકૃતિવાળા અર્ભકને–ઉભયના સ્નેહને પોષનાર અને કાલું કાલું બોલીને આનંદ આપનાર બાળકને–અમો બન્ને હર્ષપૂર્વક ઉછેરવા લાગ્યા. એ રીતે સંસાર-જન્ય સુખોના અનુભવમાં તલ્લીન બન્યા. આમ છતાં મારા અંતરના એક ખૂણામાં ફકીરીની ચિરાગ આછી પાતળી સળગતી જ રહી હતી. એક તરફ મારો સ્નેહ શ્રીમતી અને નવા બાળકમાં વહેંચાવા લાગ્યો. બીજી તરફ શ્રીમતીની પણ તેવી જ સ્થિતિ દૃષ્ટિગોચર થઈ અને મોહની જે આંધીએ મારા પવિત્ર વેષને ઉતરાવ્યો હતો તે આપોઆપ ચાહે તો વર્ષોના વહેવાથી કે ચાહે તો અનુભવની ચક્કીમાં પીસાવાથી ગમે તે કારણે એ આંધી ક્ષીણ થવા માંડી. જ્ઞાની પુરુષોના શબ્દોમાં કહીએ તો ભોગાવળી કર્મનો ઉદય પૂર્ણ થઇ ગયો હોવાથી તે હવે નામશેષ થવા માંડ્યું. એ કારણે મેં શ્રીમતીને એક વાર કહ્યું પણ ખરું કે—

' પ્રિયા! તારા ખોળામાં પુત્ર રમતો થયો છે, જોતજોતામાં તે ઉમરલાયક થઈ તારા મનોરથ પૂર્ણ કરશે. વળી વિશેષ ભોગવિલાસ એ સુખના સાધન નથી પણ રોગને વધારનાર છે, માટે ખુલ્લા હૃદયે સંમતિ આપી મને હવે મારા માર્ગે પ્રયાણ કરવાની અનુમતિ આપ. એક વાર જે જાતનું મારું પતન થયું છે તેમાંથી પુનઃ મને ઉન્નતિના માર્ગે ચઢવામાં તું હર્ષિત વદને સહાયભૂત થા. '

શ્રીમતી પણ કુલીન કુટુંબની તનયા હતી. પ્રેમવશ થઈ તે મને વરી હતી છતાં તેણીને એટલો જરૂર ખ્યાલ તો હતો જ કે મારો રાહ સદાને માટે એક સંસારી તરિકે રહેવારૂપ ન હતો. વળી વિષયમાં ક્રીડા જેવી ગૃદ્ધિ ધરવા જેવો તેનો સ્વભાવ પણ નહોતો. આમ છતાં દુનિયામાં બને છે તેમ પતિ જેવું છત્ર સદાને સારુ ચક્ષુથી અદૃશ્ય થતાં જે દુઃખ એક પતિવ્રતાને થાય તેનાથી એ અલિપ્ત કેમ રહી શકે ? નારી જાતના એ હૃદયનો પાર પુરુષવર્ગ માટે અણપામ્યો જ રહેવાનો.

'સહન કરવું એય છે એક લહાણ' જેવા ભાવને સમજનારી એ લલના મારા પ્રશ્ન સામે અવાક્ રહી.

હું પણ એના ખુલાસા માટે અધીરો ન બન્યો. મધ્યાહ્ન સમય પછીની મીઠી નિદ્રામાં મારા નેત્રો ઘેરાયા. કેટલીયે ઘટિકાઓ પસાર થઈ ગઈ. જ્યારે જાગૃત થયો ત્યારે મારા બન્ને પગ સુતરના કાચા તાંતણાથી બંધાયેલા જોયા. સમિપમાં જ મારા બાલુડાને એક પહેરેગીર એકાદા કેદીની રક્ષામાં ઘડે પગે ઊભો હોય તેમ મારી ચોકી કરતો જોયો. આ દૃશ્ય નિહાળી હું વિસ્મયતામાં ડૂબી ગયો. કંઈ પ્રશ્ન કરું તે પૂર્વે તો એ બોલી ઊઠ્યો :

'મેં તમારા પગ બાંધી દીધા છે, હવે તમે કઈ રીતે અમને મૂકી નાશી જશો અને દીક્ષા લઈ સાધુ બનશો ?'

'સાધુ બનશો' એ શબ્દો શ્રવણ થતાં જ મને શ્રીમતી સાથેનો વાર્તાલાપ સ્મૃતિપટમાં તાજો થયો. પગ તરફ નજર પડી તો સુતરના તાર વીંટાયેલા જોયા. વળી શ્રીમતીને રેંટીયો ફેરવતી નિહાળી એટલે પરિસ્થિતિનું માપ નીકળ્યું. એટલું તો સમજાયું કે મારા નિદ્રાસમય દરમિયાન મા-દીકરા વચ્ચે મારી પ્રવ્રજ્યા પરત્વે કંઈ વિચારણા થઈ છે ખરી. હું હસતો હસતો શય્યામાં

બેઠો થયો અને શ્રીમતી પણ મુખ પર હાસ્યની લાલીમા પાથરતી નજીકમાં આવી. ઉભય વચ્ચે વાર્તાલાપ શરૂ થયો.

'પ્રિયા! તું મને ઉત્તર ન આપી શકી પણ તેં આ બાળકને શણગાર્યો ને?'

'નાથ! એવું કંઇ જ નથી. હું તો માત્ર પતિના વિરહસમયે પત્નીને સહાયભૂત થનાર અને પતિવ્રતાધર્મના પાલનમાં મદદકર્ત્તા રેંટીયાનો આશ્રય લઈ સુતર કાંતવા બેઠી હતી. એ વખતે આપણો આ બાળક રમવા ગયેલો ત્યાંથી અચાનક આવી ચઢ્યો. મને રેંટીયો ફેરવતી જોઈ પ્રશ્ન કર્યો—

'માડી! આપણા ઘરમાં ધનસંપત્તિની લીલાલહેર છતાં કોઇ દિ' નહીં અને આજે એકાએક તેં આ શું આરંભ્યું છે?'

'બેટા! તારા પિતા આપણને છોડી સાધુ થનાર છે. આમ છત્રરૂપ તેમનો વિયોગ થતાં આ રેંટીયો જ માત્ર નોધારાના આધારભૂત આપણો રક્ષણહાર છે. તું જાણે છે કે નવી આવક ન હોય અને વ્યય ચાલુ હોય તો ભર્યા ભંડાર પણ ખાલી થઇ જાય! કમાનારના ગયા પછી આપણી સંપત્તિ ક્યાંસુધી ટકવાની? તું ઉમરલાયક થાય ને કંઈ કમાઇ લાવે ત્યાંસુધી આજીવિકા ચલાવવાની જોખમદારી મારે શિર તો ખરી જ ને! વળી સ્ત્રીને સ્વામી સદૃશ એક માત્ર સુખનું સ્થાન ને સ્નેહનું વિશ્રામસ્થળ જતાં નવરા પડેલા મનને નિયંત્રિત કરી, ખોટા માર્ગે ચઢવા ન દેતાં સીધા રાહે કાયમ રાખી, ઘર આંગણે બેઠા બેઠા જે આવકમાં કંઈપણ સહાય આપનાર સાધન હોય તો આ એક માત્ર રેંટીયો જ છે. વિશેષમાં જણાવું તો સદા ધોળા રૂને નિરખવાનું હોવાથી હૃદય પણ કોઇ જાતના વિકારવિહોણું એ શ્વેત કાપુસ માફક સ્વચ્છ રહે છે; અર્થાત્ એ પરિશ્રમમાં ઇતર કોઇ ચીજનો ખ્યાલ

આવતો નથી તેથી જ એના મંગળાચરણ મેં કરી દીધાં છે અને રૂડા મારા રેંટીયાનું ગીત હર્ષપૂર્વક ગાઇ રહી છું.'

'મા, મા, મારા બાપા એકદમ, હું હજુ બાલ્યાવસ્થામાં હોવા છતાં, મારા શિક્ષણનો તેમ જ વ્યવહારમાં પલોટવાનો ભાર તેમના શિરે હોવા છતાં, તેમ જ તારા ભરણપોષણ માટેનો પ્રબંધ કર્યા વગર કેમ ચાલી જવા ઇચ્છે છે? શું ગૃહસ્થ-જીવનની સામાન્ય ફરજનો પણ તેમને ખ્યાલ નથી? પુત્ર એ તો માબાપનો સહિયારો વારસો. તો પછી પતિ, પત્નીના મસ્તકે એની જવાબદારી ઓઢાડી કેમ ભાગી નીકળે? કદાચ પ્રેમના સાગર સમી માતા, નિષ્ઠુર બની જો પિતાના જેવું વર્તન ચલાવે તો એ સંતાનના શા હાલ થાય? એનું જીવન ઉચિત સંસ્કાર-વિહોણું બને જ ને? અહિંસાનાં ઉપાસક માટે શું આ સ્થિતિ વ્યાજબી લેખાય? જગત એ માબાપને ધર્મ બજાવ્યાના આશીર્વાદ આપશે કે સંતાન પ્રત્યેની ફરજ ચૂકયાના શ્રાપો વર્ષાવશે?'

'પુત્ર! તારા બધા કથનનો મારી પાસે જવાબ નથી. મારો ધર્મ પતિવ્રતા તરિકે મને એક જ વસ્તુ શિખવે છે કે– 'પતિને સુખ ઉપજે તેવી રીતે વર્તવું' અને એમ કરવામાં જે કંઇ સહનશીલતા દાખવવી પડે તે સ્નેહભાવે દાખવવી. પતિના કલ્યાણમાર્ગમાં આડો હાથ ધરનાર પત્ની પતિવ્રતાની ફરજ અદા નથી કરી શકતી. વળી મારા સંબંધમાં કહું તો તારા પિતાશ્રીને સાધુતા છોડાવી સંસારમાં વાસ કરાવવામાં હું જ નિમિત્તભૂત બની છું. તારા પ્રત્યેના માતૃસ્નેહથી હું એ પવિત્ર સંયમના રાહ પર ચાલવા તૈયાર નથી થઇ શકતી, છતાં તારા પિતાશ્રી પોતે પોતાના પૂર્વના માર્ગે જવા તત્પર બન્યા હોય તો તેમને અટકાવવા સમર્થ પણ નથી. મારું હૃદય મને અવરોધ કરવાની ના પાડે છે. એમાં અવરોધ કરવાથી મારા નાથનું અકલ્યાણ મને દૃષ્ટિગોચર થાય છે, એટલે એ સંબંધમાં

હું મૌન છું. તેઓની ગેરહાજરીમાં પણ હું તારું ને મારું પોષણ કરીશ. હું કુલીન કુટુંબની તનયા હોઈ મારો એ જ ધર્મ છે. એટલું ખમીર મારી છાતીમાં હજુ ભર્યું છે.'

'માડી! તારી વાત તને શોભે તેવી છે છતાં તે તારી પાસે રહો. હું આ સુતરવડે જ સ્વસંતાન પ્રત્યેની ફરજને અભરાઇએ ચઢાવનાર પિતાને બાંધી રાખીશ અને એ દ્વારા તેમની ફરજનો ખ્યાલ કરાવીશ.'

"રાજન્! તમે ગમે તેમ માનો પણ, મારી નિદ્રાવસ્થામાં મા-દિકરા વચ્ચે જે વાતચીત ચાલી છે એનો ભાવ મારા ઉપર્યુક્ત વર્ણનમાં આવી જાય છે. મગધ દેશના સ્વામી! આપને હું શું કહું? ફકીરીનાં સ્વાંગ ધરવાને ઉદ્યુક્ત થયેલો હું આખરે તો એક માનવી જ હતો. મારા હૃદયના સ્નેહ-ઝરણા તદ્દન નહોતા સૂકાઇ ગયા. ઊંડે ઊંડે ત્યાં એકાદ ખૂણામાં પત્ની કે પુત્રસ્નેહ નહિં પણ જીવ અથવા આત્મા પ્રત્યેનો પ્રેમ તો ઢંકાયેલો પડ્યો જ હતો. એ પ્રેમમાં જ હું દયાના દર્શન કરતો અને અહિંસાના આદર ભાળતો. પત્નીધર્મની વાત શ્રવણ કરી મારું હૃદય થનગની ઊઠ્યું. આર્યાવર્તની એ મહાદેવીઓના આવા પવિત્ર જીવન પ્રત્યે મને બહુમાન પેદા થયું. આજે પણ એ મહાસતીઓના ચરણમાં મારું મસ્તક અવનત થાય છે. અપેક્ષાના દૃષ્ટિબિન્દુને વેગળું મૂકીએ તો નારીજાતમાં દૂષણ જોનારે કેવળ એકાંત દોષ જ જોયો છે. તરત જ મારા ચક્ષુ સામેના આવરણો એ બનાવથી બસી ગયા. પિતાધર્મનું મને ભાન થયું. મારા કલ્યાણ કરતાં પણ મને એમાં વધુ કલ્યાણ દેખાયું અને તેથી મેં એ નાના બાલુડાની પીઠ થાબડતાં હર્ષિત હૈડે જણાવ્યું કે—

'વત્સ! તારે ચોકી કરવાની હવે જરૂર નથી. બેટા! તેં સુતરના જેટલા આંટા મારા પગે વીંટ્યા છે તેટલા વર્ષ હજી હું

સંસારમાં રોકાઇશ ને મારી પિતા તરિકેની ફરજ અદા કરીશ.' કુદરતનો સંકેત પણ એવો કે એ આંટા બાર થયા.

" રાજવી ! એ સુતરના તાંતણા તોડવામાં મને જે મુશ્કેલીઓ નડી છે અને જે અનુભવ પ્રાપ્ત થયો છે તેની આગળ બીજું બધું કશી ગણત્રીમાં નથી.

" આમ છતાં પત્ની-પુત્રની હસતે મુખડે વિદાય લઈ હું મેદાને પડ્યો. હૃદયનો એકે ખૂણો પણ હવે સ્નેહાર્દ્ર ન રહ્યો. એ દ્રઢતાએ એક સમયના મારા પાંચસો અંગરક્ષકો–જેઓ મારા પલાયન થયા પછી મારા પિતાની બીકે પાછા ન ફરતાં જહાજમાં ચઢી આ અજાણી ભૂમિમાં આવેલા અને લૂંટફાટ કે ચૌરવૃત્તિથી જીવનનિર્વાહ ચલાવતા હતા તેમને ઉપદેશ આપી, તેમના જીવન અજવાળ્યા. મગધના સીમાડે હસ્તી–તાપસોના આશ્રમ સમિપ આવતાં જ લોખંડની શૃંખલાઓવડે જેના પગ બંધાયેલા હતા એવા એક હાથીએ અન્ય પથિકોને વંદન કરતાં જોઈ, કોઇ અગમ્ય સંકેત જ ન હોય તેમ મને વંદન કરવાની ભાવના સેવી, અને સાચી ભાવનાને શું અશક્ય છે ? **' મન ચંગા તો કથરોટમેં ગંગા '** એ ઉક્તિ અનુસાર મારા પ્રતિ દૃષ્ટિ કરતાં જ તેની સાંકળો તૂટી ગઈ ! મુક્ત થતાં જ ગજરાજ મારા પ્રતિ ધસી આવ્યો. ચોતરફ પોકાર ઊઠ્યો.

' અરે સાધુજી ! દૂર ભાગો, દૂર ભાગો, નહિં તો એ મદોન્મત્ત પ્રાણી તમને મારી નાંખશે. '

" મગધના ધણી ! મેં એ સૂચના ન ગણકારી. ' પૂર્વના સંચિત વગર વિડંબના નથી પમાતી. ' એ આગમવચન પર મને શ્રદ્ધા હતી. છકાયના જીવોને કાયમી અભયતા અર્પી, હું નિર્ભય બન્યો હતો. એટલે મારે ભય રાખવાપણું નહોતું જ અને બન્યું પણ તેમ જ. ઉન્મત્ત ગજરાજે તો મને વંદના કરી અને

સૂંઢ અવનત કરી એવો નમ્રભાવ દાખવ્યો કે–' જો તેને તિર્યંચપણામાં મનુષ્ય જેવી સામગ્રી મળી હોત તો તે મારો એક શ્રદ્ધાળુ સેવક બની રહેત એવો મૂક સંદેશો એમાંથી મળી રહેતો હતો. ' આટલું કરી તે હાથી અરણ્ય પ્રતિ દોડી ગયો.

' આશ્રમવાસી તાપસોને વિસ્મય અને દુઃખ સાથોસાથ ઉપજ્યા. તિર્યંચ જેવાના બંધન આપોઆપ મને દેખતાં તૂટી જાય એ ચમત્કાર વિના ક્યાંથી સંભવે ? એ મંતવ્ય વિસ્મયતાનું અને ચિરકાળ સુધી જેનું માંસભક્ષણ કરવા કામ આવત એ પ્રાણી આમ ચાલ્યું ગયું એથી થયેલું દુઃખ ! (એ તાપસો હાથીને મારીને જ નિર્વાહ ચલાવતા હતા.)

" અવનીપતિ ! મારે માટે ભૂમિકા તૈયાર જોઈ, મેં નિમ્ન શબ્દોમાં મારું કાર્ય આરંભ્યું. મેં તે તાપસોને કહ્યું–' મહાનુભાવો ! શા સારું વિષાદ ધરો છો ? ત્યાગજીવનની મધુર સુગંધ જ્યાં પ્રસરી રહી છે ત્યાં આજીવિકાના આવા પ્રલોભન શા ? શા માટે પાપ–પંકથી તમારે હાથ ખરડવા પડે ? દેહદમન અર્થે સંસારના વિલાસોને લાત મારનારા તમારે પોષણ સારુ એક પંચેંદ્રિય તિર્યંચને આંગણે બાંધવાપણું કે આશ્રમ ખડા કરી એક સ્થાને નિયત વસવાપણું શા કારણે ? આમ તો તમે દયાની હિમાયત કરો છો. મુખથી વદો છો કે જેમ ઓછા જીવના ઘાતે જીવનનિર્વાહ થાય તેમ વધારે સારું, તો પછી એટલો વિચાર કેમ નથી કરતા કે જેની સામગ્રી નહિ જેવી છે અને જે હજુ સુષુપ્ત દશામાં છે એવા એકેંદ્રિય પદાર્થોથી જો ચલાવી શકાતું હોય તો જેને આપણા જેવી જ પાંચ ઇંદ્રિયો પ્રાપ્ત થઈ છે અને આપણા સરખી જ સુખ–દુઃખની લાગણીઓ જે અનુભવી શકે છે તેવા પંચેંદ્રિય જીવના નાશવડે શા માટે સ્વદેહનું રક્ષણ કરવું ? વળી એમ કહેવું કે–એ તો માત્ર એક જ જીવનો ઘાત છે ને ? પણ જોડે એ જાણી લેવાની જરૂર છે

કે એ ઘાત એકાદા આહારને યોગ્ય સાધનનો નહીં પણ પંચેંદ્રિય પ્રાણીનો છે. વળી એના માંસમાં પણ સમયે સમયે અનંત નિગોદ જીવોનો ઉત્પત્તિ-લય થયા કરે છે એટલે અનાજ કે વનસ્પતિના જીવો સાથે હાથીના જીવની તુલના અનુચિત છે. અને સાથે એટલું પણ ઉમેરું છું કે તમારે ત્યાગજીવનમાં શા માટે એ જાતના નાના-મોટા આરંભમાં પડવાપણું હોય? સંસારસ્થ ગૃહસ્થો તમારા સાચા ચારિત્રના દર્શન કરશે-તમારા પરમાર્થજીવનની સૌરભ સુંઘશે એટલે તમારી આહારની ચિંતા આપોઆપ ટળી જશે. મારી સામે નજર કરો. નથી તો એક ઠામે નિયતવાસ કે નથી તો દેહપોષણનું સાધન, છતાં મારું ગાડું અટકી નથી પડતું અને ધારો કે કોઇ દિવસ અટકે તો અહોભાગ્ય માનવું. પરિષહના સામના વિના આત્મસાક્ષાત્કાર ન જ લાભે, તેથી અહિંસાનું સાચું સ્વરૂપ પિછાનો અને પરમાત્મા મહાવીરદેવના માર્ગે ચાલો. અહિંસા તે જ છે કે જેના પાલનથી કોઇપણ જીવનું રૂંવાડું સરખું પણ દુભાવું જોઇએ તેમજ ચોરાશી લાખ જીવયોનિને અભય પ્રાપ્ત થવું જોઇએ.'

તાપસો મારા વક્તવ્યથી બોધ પામ્યા. તેમને દલીલ કરવાપણું ન રહેવાથી વીતરાગમાર્ગના અનુયાયી બન્યા. તેઓ પણ વૈભારગિરિ પર બિરાજતા જ્ઞાતપુત્રના દર્શને જઇ રહ્યા છે અને ભૂપાળ! હું પણ ચિરકાળની મારી એ અભિલાષાને પૂર્ણ કરવા આતુર બન્યો છું. આજે એ મહાપ્રભુના ચરણમાં પડી આત્માને પવિત્ર-નિર્મળ બનાવવા ઇચ્છું છું. તમે જોશો કે ગજની બંધન-મુક્તિ કે તાપસોને બોધ દેવાપણું એ જેટલા મુશ્કેલ નથી લાગ્યા એટલા પેલા સુતરના તાંતણા વિકટ લાગ્યા છે."

"ધન્ય હો! મુનિશ્રી આપના જીવનને ધન્ય હો! અનાર્યતાની મધ્યમાં ઉછરી, આપે કમળપુષ્પ સમ નિર્લેપતા સાધી જીવન ઉત્કૃષ્ટ બનાવ્યું છે."

" મહારાજ ! એ માટે હું આપના પુત્ર આ અભયકુમારનો ઋણી છું. એ મહાનુભાવનો જેટલો ઉપકાર માનું તેટલો ઓછો છે. તેમણે મારા કલ્યાણના કારણરૂપ જિનબિંબ ન મોકલ્યું હોત તો આજે હું કઇ દુનિયામાં, કેવું યે વિચિત્ર જીવન જીવતો હોત. "

મુનિશ્રી, શ્રેણિક મહારાજ અને અભયકુમાર આદિ માનવગણ વૈભારગિરિના શિખરે પહોંચ્યા ને ત્રણ જગતના સ્વામી શ્રી વર્ધમાનપ્રભુની સેવામાં ઉપસ્થિત થયા.

આર્દ્રમુનિએ શેષ જીવન નિર્દોષ ચારિત્રપાલનમાં ગાળી, આત્મકલ્યાણ સાધ્યું. અનાર્ય દેશમાં જન્મ્યા છતાં પુરુષાર્થથી સર્વ કંઇ મેળવ્યું. આ કથાનકમાંથી ઘણી જાતની પ્રેરણા મેળવી શકાય તેમ છે. એ વાત વાંચકના હૃદય પર છોડી હવે પછી એક હત્યારાના જીવનમાં ડોકિયું કરીએ.



દૃઢપ્રહારી



"**જુઓ**! સામે ઊભેલ છે એ જ એ દુરાત્મા. હવે સાધુતાનો અંચળો ઓઢી મહાત્મા બનવાનો ઢોંગ આદર્યો છે! એથી જરા પણ આપણે છેતરાવાનું નથી. એ પાપીના ઘાથી જ મારા પિતાનો પ્રાણ ગયો છે. આ ભાઇની હજારોની દોલત લૂંટી જનાર પણ એ જ લૂંટારો. અને શાહ કરમચંદની અકાળે હત્યા કરનાર પણ એ જ અધમ આત્મા. એક મધ્યરાતે કરમચંદને ત્યાં ધાડ પાડી એનું ધન લૂંટી લેવા આવનાર આ અધમ પુરુષ. કરમચંદ જાગી જવાથી અને ચોતરફ હોા-હા મચવાથી ન ફાવ્યો એટલે જતાં જતાં તલવારના ઘાથી એને પૂરો કરી આ શયતાન પલાયન થઇ ગયો. આવા આવા કેટલાંય દારુણ કર્મો, મારફાડના ભીષણ કામો, લૂંટાફાટના અને જીવ લેવા સુધીના કરપીણ કૃત્યો આચરતાં પણ આ માનવ-પિશાચનું હૃદય જરા પણ આર્દ્ર નથી બન્યું. આજના એના ઢોંગ દેખી રંચ માત્ર ગભરાયા સિવાય, ચોર લૂંટારાના એ સરદારને-કાળા કામ કરનાર ભીલોના એ નાયકને-આપણે સાથે મળી એવો ખોખરો કરવો કે ફરીથી આવા ઘાતકી કામો કરવાની બીજો કોઇ હિંમત ન કરે."

નાયકની આટલી લાંબી વિવેચના પૂરી થતાં જ દશ-બાર આદમીઓનું એક ટોળું નગરના દરવાજાથી થોડે દૂર ઊભેલા, કાયોત્સર્ગ મુદ્રામાં લીન બનેલા, જેમના શરીર પર સાધુતાનો ભાવ સૂચવતું એક માત્ર શ્વેત વસ્ત્ર પ્રાતઃકાળની હવામાં ફરફરી રહ્યું છે એવા, મૌનપણે ઊભેલા-એકાકી આત્મા પર એકાદા શીકાર ઉપર જેમ ભૂખ્યા વરૂઓ તૂટી પડે તેમ તૂટી પડ્યું.

'મારો-લગાવો, એ હરામખોર પર જરા પણ રહેમ ન દાખવો' એવા અવાજો વચ્ચે લાકડીના ઘા અને હાથના તમાચા

ધબોધબ પડવા માંડ્યા. વળી કોઇ તો એના કાન આમળવા લાગ્યા, તો બીજા વળી હાથ મરડવા લાગ્યા. દરેકથી અપાય તેટલું દુઃખ આપી, કદર્થના પમાડી વેર વાળ્યાનો આનંદ અનુભવતું ટોળું નગર તરફ પાછું ફર્યું.

આ તો એકાદ બનાવની ઝાંખી કરાવી. આવું તો રોજ બનતું. મુનિ સવારથી મધ્યાહ્ન પર્યંત મૌનપણે ધ્યાનસ્થ દશામાં ઊભા રહેતા અને નગરજનતા જાતજાતના ઉપદ્રવો, પૂર્વની વાતો સંભારી સંભારીને કરતી. ભાતભાતના વિશેષણો લગાડતી. એ ઉપાલંભ સામે કે એ અપાતાં કષ્ટ પ્રત્યે મુનિશ્રી તરફથી એક સીસકારો સરખો પણ ન સંભળાતો કે રોષ યા દ્વેષની લાગણી પણ જન્મતી. સહનશીલતાથી એ સર્વ ઉપસર્ગ મૂકભાવે સહન કરતા.

આમ આઘાત સામે પ્રત્યાઘાત ન થતો હોવાથી નગર-જનતામાં પણ વૈરની લાગણી ઘટવા માંડી. કેટલાકને મુનિના પૂર્વ જીવનની વાત વિસારે પડવા માંડી, કોઇકમાં તેમના પ્રતિ ભક્તિભાવ પ્રગટ્યો. આમ છતાં હજુ પણ થોડાક તો એવા હતા કે જેમને કંઇ ને કંઇ પીડા ઉપજાવ્યા વગર ચેન પડતું નહીં.

એવા એક ટોળાનું વર્તન આપણે જોઈ ગયા. થોડી વાર થતાં જ એવું બીજું ટોળું આવ્યું. સામેથી આવી રહેલ એક શકટમાં બેઠેલા એક દ્વિજ મહાશયે મુનિ સામે થઈ રહેલા વિવિધ પ્રકારના પ્રહારો નજરે જોયા. તરત જ નીચે ઊતરી, ટોળાને સમજાવી પાછું વાળ્યું અને ગાડાવાળા તરફ ફરીને પ્રશ્ન કર્યો કે—

" આ નગરના માનવીઓ આટલા બધા નીચ કેમ બન્યા છે કે આવા એક સંત પ્રત્યે આ જાતનું હલકટ વર્તન ચલાવી રહ્યાં છે ? સંતના દેહ પર આ જાતના મારથી ઊઠી આવેલી નિશાનીઓનો પાર નથી. એ દ્વારા થતાં કષ્ટની પીડા એ સમજાય

તેવી વસ્તુ છે. આ સંબંધમાં રાજ્ય તરફથી કંઈ પગલા નથી ભરાતા ? આવો અન્યાય કેમ ચલાવી લેવાય છે ? ”

“ મહાશય ! મને કંઈ વિશેષ ખબર નથી પરંતુ લોકવાયકા પ્રમાણે મારા કાને એટલી વાત આવી છે કે આજ છેલ્લા છ માસથી એકાદ સાધુ કે જેનું આગલું જીવન ચોરી ને મારફાડમાં વ્યતીત થયું હતું, તે કુશસ્થળ નગરના દરવાજે ધ્યાન ધરે છે અને સામો લેશ પણ પ્રતિકાર કર્યા વગર કરવામાં આવતી સર્વ કદર્થનાઓ મૌનપણે સહન કરે છે. ”

શકટ–વાહકની વાત સાંભળીને દ્વિજ મહાશયનું આશ્ચર્ય વૃદ્ધિ પામ્યું. શહેરમાં જવાનું ઠરાવેલું છતાં ગાડાવાળાને ભાડાની રકમ આપી તે ત્યાં જ ઊતરી પડ્યા. સમીપમાં આવેલ એક વિશાળ વટાવાળા વૃક્ષની નીચે પોતાનો સામાન રાખી, એકાદી શેતરંજી બિછાવી, મુનિશ્રીને હજુ કેવી જાતની કીલામણાઓ થાય છે એ જોવા લાગ્યા.

નવું તો શું બનવાનું હતું ? એ ધોરી માર્ગેથી પસાર થનાર જવલ્લે જ કોઇ એવી વ્યક્તિ જડતી કે જેની દૃષ્ટિ મુનિ પ્રત્યે ન ખેંચાતી. ભાગ્યે જ એમને જોઇ કોઇ બબડ્યા વગર રહેતું. કટુ શબ્દોની કે ફીટકારની તો ધારા વહી જતી. પ્રહાર કરનારનું સંખ્યાબળ કમી થયું હતું. આમ છતાં ખૂબી તો એ હતી કે સાધુજીની પવિત્રતા કે તેમના સમભાવ તરફ કોઇનું પણ દિલ ખેંચાયું નહોતું. આમ કેટલીયે ઘડીઓ વીતી ગઈ. વૃક્ષ હેઠળ ભૂદેવ કહ્યી રહ્યા હતા તેવો પ્રસંગ બન્યો. એક ખેડૂતને મુનિશ્રી પ્રત્યે ભક્તિભાવથી હાથ જોડી નમન કરતો જોયો. તરત જ ભૂદેવ ત્યાં દોડી ગયા અને એ ખેડૂતને પૂછવા લાગ્યા કે—

“ ભાઈ ! આ બધું છે શું ? આવી વિચિત્રતા તો અહીં કુશસ્થળમાં જ જોઇ. આવા સાધુપુરુષ સામે જનતાનો આવો

પ્રબળ રોષ? તમે એ સંબંધી જે હકીકત જાણતા હો તે મને કહી સંભળાવો. હું હજી આજે જ પાવાગામથી અહીં આવેલો છું."

"મહાશય! મારો વ્યવસાય ખેતીનો હોવાથી મને આ મહાત્મા સંબંધી કંઈ પણ ખબર નથી. પણ એટલું હું જાણું છું કે આ મહાત્મા છેલ્લા છ માસથી આ નગરની જુદી જુદી દિશાએ સવારથી મધ્યાહ્ન સુધી આ રીતે મૌનપણે ઊભા રહે છે અને તેમના પ્રતિ થતો આક્રોશ કે પરિષહ સમતાભાવે સહન કરે છે. મેં મારી નજરોનજર આ બધું જોયું છે ત્યારથી મને કુદરતી તેમના પ્રતિ બહુમાન પેદા થયું છે. તેમના દર્શન કર્યા વગર મારો દિવસ પડતો નથી. તેમની માફક હું પણ નગરની ચારે દિશામાં ફર્યો છું. મને કેટલીક વાર થતી કદર્થનાઓ નિવારવાનું મન થયેલું અને તેથી એકાદ બે વાર બપોરનો સમય સાધી હું મુનિશ્રીને મળ્યો પણ ખરો. પરંતુ એક જ વાર જવાબ મળ્યો કે–'મહાનુભાવ! આ બધું હું ઇરાદાપૂર્વક સહન કરું છું, તારે એમાં કંઈ કરવાપણું નથી.'

"મહાશય! ત્યારથી મને પણ લાગેલું કે આ પ્રકારના દેહદમનમાં કોઇ ઊંડો ભેદ રહેલો હશે પણ મારા જેવાં રંક અને રોજના વ્યવસાયીને એનો તાગ ક્યાંથી મળી આવે? કદાચ તમારા જેવાથી એ પડદો ઉચકાય તો ના ન કહેવાય. મધ્યાહ્ન થયા પછી અહીંથી તે જંગલ તરફ ચાલ્યા જાય છે. એ તક સાધીને તમે કંઈ વાત કઢાવી શકો ખરા."

મધ્યાહ્નને હજુ વિલંબ હતો. બ્રાહ્મણ તો નગર તરફ સીધાવ્યો, જ્યારે ભૂદેવે નજીકની વાવમાં જઇ, સ્નાન કરી, આવશ્યક કર્મ પતાવ્યું અને મુનિશ્રીના આગમનની માર્ગ–પ્રતીક્ષા કરવા લાગ્યો.

ધારેલી પળ આવી પહોંચી. મુનિ કાયોત્સર્ગ પારી જંગલના માર્ગે વળવા માંડ્યા. ત્યાં તો દ્વિજમહાશયે કરજોડી આહાર

અર્થે વિનંતિ કરી અને વૃક્ષ હેઠળ લઇ જઇ પોતાની પાસેના ભાતામાંથી સૂઝતો આહાર ગ્રહણ કરવાની પ્રાર્થના કરી.

મુનિશ્રીએ યોગ્ય ચીજો લીધી અને હંમેશના માર્ગે આગળ વધવા માંડયું. દ્વિજે એ સમયે સ્વહૃદયનો ભાવ પ્રકટ કર્યો. મુનિશ્રીએ જણાવ્યું કે: "ભાઇ ! એ બધું જાણવામાં કંઇ સાર નથી, આમ છતાં તારી ઇચ્છા જ હોય તો થોડા સમય પછી અરણ્યના અમુક વૃક્ષ હેઠળ મળજે."

જિજ્ઞાસા ચીજ જ એવી છે કે એક વાર ઉત્પન્ન થયા પછી જ્યાંસુધી એ પૂર્ણતાને પામે નહીં ત્યાંસુધી શમતી નથી. સમય થતાં પૂર્વે દ્વિજમહાશય નિર્દિષ્ટ સ્થાને પહોંચી ગયા. અલ્પ કાળમાં સમીપવર્તી ટેકરીના એક ભાગ પરથી ઊતરી આવતા મુનિશ્રી પણ દેખાયા. ઉચિત વિધિપૂર્વક બેઠક લીધા બાદ સાધુજીએ સ્વ-જીવનનો ભૂતકાળ નિમ્ન શબ્દોમાં ઊકેલવો શરૂ કર્યો:

"એક સમયે તારી માફક હું પણ ક્રિયાકાંડમાં તત્પર બ્રાહ્મણ હતો. મારું નામ દુર્ધર પાડવામાં આવેલું. મને સંગત થઇ ક્ષત્રિય સંતાનોની, એટલે અસ્ત્ર, શસ્ત્ર ફેરવવાનું પણ શિખ્યો. નિશાન તાકી એવું તો તીર ફેંકું કે એ નિષ્ફળ જાય જ નહીં. મારો પ્રહાર ખાલી ગયો હોય એવું ભાગ્યે જ બને. ત્યારથી જ દૃઢ-પ્રહારી એવું મારું નામ પડયું. શક્તિની સાથે મને ગર્વ પણ આવ્યો.

"વળી વ્યસનોમાં ચકચૂર રહેવા લાગ્યો. દ્વિજસંતાનને આવું જીવન શોભાસ્પદ ન જ હોઇ શકે, એટલે વડીલ માતા-પિતા તરફથી ઉપાલંભ મળવા લાગ્યા, છતાં સંગતનો દોષ ન જ ટળ્યો. **'શ્વાનની પૂંછડી વાંકી તે વાંકી'** એ ઉક્તિ અનુસાર શિક્ષા દેનાર પ્રત્યે હું રાતી આંખ કરવા લાગ્યો. આખરે રાજા તરફથી મને ગામ છોડવાનો આદેશ મળ્યો.

" યુવાની દીવાની તો છે જ ' એમાં વળી વ્યસનોનો વળગાડ અને પ્રાપ્ત કરેલ બળનો ગર્વ. જીવન સુધારવાને બદલે ' ચોર કોટવાળને દંડે એ ન્યાયે ' રાજા અને સંબંધીઓ પર દ્વેષ ધરી, નજીકની એકાદી પલ્લીમાં પહોંચ્યો અને તેમાં ભળી જઇ લૂંટફાટનો વ્યવસાય આરંભ્યો. મારા પરાક્રમથી ભિલ્લનાયક રાજી થયો અને પોતે નિઃસંતાન હોવાથી મને પુત્રપણે સ્થાપ્યો. ત્યારથી મારું કામ વધી પડ્યું. અવારનવાર આસપાસના પ્રદેશો પર હું મોટી ધાડો લઈ જતો, પ્રજાને રંજાડતો, સામા થનારના જાનમાલનો નાશ કરતો અને ધનના પોટલા બાંધી લાવતો. કોઇપણ પ્રકારે વધુ ધન એકઠું કરી, વધારે માણસોનું જૂથ જમાવી, મારા રાજા સામે બહારવટું ખેલવાના મને કોડ હતા. ચારે તરફના પ્રદેશમાં મારું નામ જબરદસ્ત ને શૂરવીર લૂંટારા તરિકે-ભયંકર હત્યારા તરિકે પ્રસિદ્ધિને પામ્યું હતું. કુશસ્થળની સંપત્તિ મને અહીં ખેંચી લાવી. કેટલા ય ધાડામાં અખૂટ લક્ષ્મી એકઠી કરી. કેટલાયના જીવનનો અકાળે અંત આણ્યો. ઘણી બહેનોને અકાળે વૈધવ્ય ભોગવવામાં હું નિમિત્તભૂત બન્યો. કેટલાય સંતાનોને અનાથ બનાવવામાં કારણરૂપ થયો. હત્યારાના જીવનમાં બીજે તે શું સાર હોય ? દૃઢપ્રહારીના પગલે પગલે ધરણી ધ્રૂજવા માંડી. નામ-શ્રવણ થતાં જ માનવી હૃદયો કંપવા લાગ્યા.

" આનો છેડો ક્યારે આવત તે કલ્પનાતીત વાત હતી પણ એક જ બનાવે બાજી પલટાવી. લાંબા કાળથી રચેલ મનોસૃષ્ટિમાં એ ભૂકંપ એવો થયો કે સારી ય ઇમારત એકાએક તૂટી પડી. એ સોનેરી પળ તે વેળા તો મને ભયંકર ભાસેલી, મારા મનોરથોને ભસ્મીભૂત કરનાર એ ચોઘડિયા પર મેં તિરસ્કાર વરસાવેલો; પણ આજે મને સમજાય છે કે મારા જીવનપલટાનું મૂળ વહેણ ત્યાંથી જ શરૂ થયું. એ ક્ષણ સાચે જ અણમૂલી હતી. જો કે એ કુટુંબનું તો મેં સત્યાનાશ વાળ્યું છતાં એ કુટુંબરૂપ

(ઉભય બ્રાહ્મણ હોવાથી) મારા જ્ઞાતિભાઈએ મરીને પણ મારા કલ્યાણનો રાહ દેખાડ્યો. ”

કુટુંબનું સત્યાનાશ સાંભળતાં જ દ્વિજ મહાશયના મુખમાંથી અચાનક ‘આહ’શબ્દ સરી પડ્યો. આંખો લાલ બની વૈરવૃત્તિ કપાળમાં રમવા લાગી. મુનિશ્રીએ એ જોયા છતાં વાત આગળ ચલાવી :

“ મહાનુભાવ ! એક પ્રસંગે હું મારા ભિલ્લ સાથીદારો સહિત કુશસ્થળમાં દાખલ થયો પણ ચોઘડિયું એવું કે જ્યાં ગયો ત્યાંથી હડધૂત થયો અને ખાલી હાથે પાછું ફરવું પડ્યું. આથી મારો ક્રોધ વધી પડ્યો. હું એકદમ એક વિપ્રના ઘરમાં પેઠો ત્યાં તો સામેથી દોડતી આવતી એક ગાય મારો માર્ગ રોધતી હોય એમ આડી ઊભી. મેં ખડ્ગથી તેના પ્રાણ લીધા ને જ્યાં અંદરના ઉમરામાં પ્રવેશું છું ત્યાં થાળીમાં ખીર ખાતો બાળક જોયો. એ એકદમ હુંકાર કરતો સામે થયો ને કહેવા લાગ્યો. ‘રે પાપી ! આ ગરીબડી ગાયનો વધ તેં શા કારણે કર્યો ? ’ પણ એટલું સાંભળવા હું તૈયાર ન હતો. તરત જ તેના પર પણ ઘા કર્યો. દરમિયાન એનો પિતા જે નદીએ સ્નાન કરવા ગયેલો તે આવી પહોંચ્યો અને પોતાના ઘરમાં રક્તપાત જોતાં જ ક્રુદ્ધ બની હસ્તમાં ડાંગ પકડી સામે આવ્યો. એને પણ મેં અલ્પ કાળમાં ધૂળ ચાટતો કરી દીધો અને આગળ વધી જોઉં છું તો એ દ્વિજની ભાર્યા મારા ભયંકર કાર્યો પર શ્રાપ વરસાવી રહી હતી ‘હત્યારા, પિશાચ, પાપીષ્ઠ’ ઇત્યાદિ કડવા વચનો મારે માટે કાઢી રહી હતી. એ સહન કરું તો હું દુર્ધર શાનો ? દૃઢપ્રહારી જેવા પ્રબળ આત્મા માટે એટલું પણ સાંભળવાનું હોય ? એના પર પણ ખડ્ગના પ્રહાર ! જોતજોતામાં એના રામ રમી ગયા. એ ગર્ભવતી હોવાથી તરફડતો ગર્ભ પણ બાજુએ પડ્યો. આમ લોહીના ખાબોચિયામાં ઊભેલો હું, હત્યા પર હત્યાઓ કરી નિર્દોષોના પ્રાણ લેનાર હું, હજી પણ અહંકારવશ શું ન કરત ? પણ

પેલા તરફડતા ગર્ભે મારી સાન ઠેકાણે આણી. એ કરુણ દૃશ્ય જોતાં જ મારા ગાત્ર ઢીલા પડ્યા. આંખે અંધારા આવવા માંડ્યા. તરત જ ત્યાંથી ભાગ્યો. નગર બહાર નીકળી આ અરણ્યમાં આવ્યો ત્યાંસુધી પણ એ ભીષણ દૃશ્ય મારી નજર સામેથી દૂર ન થયું. અંતરમાંથી એટલો જ અવાજ સંભળાતો:—

'આ તેં શું કર્યું ? ચોરી લૂંટફાટ તો ઠીક પણ એક સામટી ચાર મહાહત્યાઓ ! ગાય, દ્વિજ, સ્ત્રી અને બાળક જેવા નિરપરાધી ગણાતા આત્માઓનો એક સામટો વધ ! અધ...ધ...ધ!!'

" ધરણી પણ આવા દુરાત્માને કેમ ધારણ કરે ? આથી તે કોઇ મહાન્ પાપ બીજું કયું હોય ? ફાંસીનો માંચડો તો નજર સામે દેખાતો હતો અને એ કરતાં પણ વધુ જોરથી પાપરૂપ કીડો મારું કલેજું કોતરતો હતો. પૂર્વે પ્રાણ તો ઘણાના લીધા હતા પણ આવી અરેરાટી નહોતી ઉદ્ભવી. જાણે મારા હૃદયમાં મહાભયંકર દાવાનળ સળગી ઊઠ્યો ન હોય એમ હું બળવા લાગ્યો. સામેની ટેકરી પરથી ઝંપાપાત કરી પ્રાણનો અંત આણવાનો નિરધાર કરી હું દોડ્યો.

" પણ ભાગ્યની કોઇ અનેરી પળે એકાદ સંત–કેવળ પ્રેમ અને શાંતિની સૌમ્ય મૂર્તિ સમા મળ્યા. ઉપદેશ–અંજનથી મારા અંધ બનેલા નેત્રો તેમણે ઉઘાડ્યા. મારી કલંક–કથા સાંભળીને એમાંથી બચવાનો એક જ ઉપાય કહ્યો–તે એ જ કે 'પરમાત્મા મહાવીર દેવને શરણે જા. તેં જે પાપરાશિ સંચિત કર્યો છે તે સર્વથા ભસ્મીભૂત કરી આત્મનિર્મળતા પ્રાપ્ત કરવા જો કોઇ યથાર્થ ઈલાજ દેખાડવા સમર્થ હોય તો માત્ર તે જ વિભૂતિ છે. બાકી ચારિત્રનો માર્ગ સ્વીકાર્યા વગર હવે તારો ઉદ્ધાર નથી. સંયમ અને તપરૂપ વારિપ્રવાહ વિના તારો પાપરૂપ કીચડ નથી ધોવાવાનો.'

" મહાનુભાવ ! મેં સાચા હૃદયે ત્યાં જ સાધુવેશ સ્વીકાર્યો.

મારા જેવા અઘોર પાપીને આટલી ધીરજ દેનાર જો કોઇ હોય તો તે સાધુજી. હું પ્રભુ વીરની સમીપે પહોંચ્યો. એક જ વાક્ય સાંભળ્યું. અમૃત કરતાં પણ અતિ મીઠું–**'સંચિત પાપો યા કર્મોનો નાશ સમતા અને સહનશીલતાવડે જ થાય છે.'** અને એક જ ઉપાય તે મહાવિભૂતિએ દર્શાવ્યો કે ' જ્યાં જ્યાં તેં આવા દારુણ કર્મો આચર્યાં હોય ત્યાં ત્યાં ઊભો રહી, અન્યથી કરવામાં આવતાં ઉપસર્ગો સહન કર. સમતાથી નિશ્ચળતાને ધારણ કરી તારાં સર્વ કૃત્ય જનતાની સ્મૃતિમાંથી ભુંસાઈ જાય ત્યાંસુધી તું કાયોત્સર્ગમુદ્રામાં રહે. એક જ વિચાર મનમાં જાગ્રત રાખ કે આ બધા તો નિમિત્તમાત્ર છે, ખરો ગુન્હેગાર તો મારો આત્મા જ છે. તારા પાપ ધોવાનો આ જ ધોરી માર્ગ છે. એના જેવો બીજો સરલ માર્ગ નથી. '

" સર્વજ્ઞની વાણી મારા હૃદયમાં સોંસરી ઊતરી ગઇ. તરત જ મેં મારું અંતિમ જીવન નિર્મળ બનાવવાનો નિશ્ચય કર્યો. એક વાર કર્મ કરવામાં શૂરવીરતા દેખાડી હતી તેને સ્થાને ધર્મમાં શૂરવીરતા દાખવવાનું નક્કી કરી. **कम्मे शूरा धम्मे शूरा** એ પ્રભુવાક્ય આચરણમાં મૂર્ત બતાવ્યું. ચોતરફ પેદા કરેલો દ્વેષાગ્નિ પ્રેમરૂપ જળથી–મૌનપણે સહન કરવાની દૃઢ શક્તિરૂપ વારિથી શાંત કરવાનો પ્રયાસ આરંભ્યો. એ પ્રયોગને આજે છ માસ થઇ ગયા છે. જેનો હાથ ઉગામેલો પાછો નહોતો ફરતો અને જેનો ઘા ખાલી નહોતો જતો એ આત્માએ સ્વેચ્છાથી અનેકશઃ પ્રહારો–જાતજાતના કષ્ટો અને કર્ણકટુ વચનો સહન કરવામાં મંદતા નથી દાખવી. પરને કલેશ પમાડવામાં–અન્યનો પ્રાણ લેવામાં કેવું દારૂણ દુઃખ સમાયું છે ? તેથી આત્મજનોમાં કેવી શોકની કાલીમા પથરાય છે ? એકના જવાથી કુટુંબરૂપ પ્રાસાદ કેવા પ્રકારે બળભળી ઊઠે છે ? ઇત્યાદિ વિવિધ પ્રકારના આક્રંદો અને વૃત્તાન્તો મૌનપણે શ્રવણ કરતાં જ મારી દૃષ્ટિ ખુલી ગઇ.

ત્યારે જ મેં કેવો ઉલ્કાપાત મચાવ્યો હતો એનો મને ખ્યાલ આવ્યો. એ રોજના અનુભવથી સમજાયું કે મારા જેવા નરાધમથી તો માત્ર જનની નહિં પણ જન્મભૂમિ-જાતિ અને સારી ય માનવ સમાજ લાજે છે. એ પછીના દૈનિક અનુભવે પ્રતીતિ થવા માંડી કે શ્રી વીરનો આ ઉપાય જ માત્ર એક રામબાણ ઈલાજ છે. એથી મારા પ્રત્યેનો વિરોધ લગભગ ઓગળી ગયો છે. જવલ્લે જ કોઈ હવે દૃઢપ્રહારીને કે તેની કાર્યવાહીને યાદ કરે છે."

દ્વિજ મહાશય પોકારી ઊઠ્યા: "તમારી શયતાનીયતે જ મારા ભાઇનું જ સર્વનાશ કર્યું છે. દુનિયા પર મને એકલો બનાવી મૂક્યો છે. એ સમાચાર સાંભળીને હું વેર લેવા અહીં આવી ચઢ્યો. તમે જ્યાં ચાર મહાહત્યાઓ કરી એ મારા સગા ભ્રાતાનું ઘર. વ્યવસાયને કારણે દૂર રહેવા છતાં અમે સ્નેહથી એકબીજાની નજીક હતા, એમાં તમે ભંગ પડાવ્યો. તમારી પવિત્રતા મેં નજરે ન જોઈ હોત તો જરૂર અત્યારે કાંઇ પણ પરવા કર્યા વગર એ વેરનો બદલો લેત."


"હજુ તેમ થઈ શકે છે, ભૂદેવ! આ દેહ તમારે સ્વાધીન છે. સત્વર એનો અંત આણો અને મારા રહ્યાસહ્યા પાપમાંથી મને છૂટો કરો."

"પૂજ્ય મુનિશ્રી! મારી ભાવના તમારા કથનથી ફેરવાઈ ગઈ છે. **गतं न शोच्यम्** એ ન્યાયે જૂની વાત વિસરી જઇ હું પણ શ્રી મહાવીરનો ઉપદેશ મસ્તકે ચઢાવું છું. તેઓશ્રીનું શરણ સ્વીકારવા હું પણ તમારી સાથે આવું છું."

આમ દૃઢપ્રહારીએ પાપના પશ્ચાત્તાપથી આત્મકલ્યાણ સાધ્યું.

અહીં બીજા ગુચ્છકનું ચતુર્થ પુષ્પ પૂર્ણ થાય છે. એમાં આવેલ ભિન્ન ભિન્ન વૃત્તાંતો પરથી વાચક સ્વજીવન માટે ઘણું ગ્રહણ કરી શકે છે.

દશાર્ણભદ્ર



કર્મોની વિચિત્રતાથી આત્માઓ જુદી જુદી જાતના જીવનોમાં નાટકના પાત્રોની માફક ભાગ ભજવે છે. એમાં જેઓ આત્મસ્વરૂપ પીછાને છે તેઓ સ્વકલ્યાણસાધનામાં અગ્રેસર થાય છે, જ્યારે બાકીના માટે ઘાણીમાં જોડેલા બળદની જેવું પરિભ્રમણ ચાલુ જ રહે છે. આપણે શ્રેષ્ઠીસુતોના જીવન અવલોકયા તેમ ચોર ને હત્યારાના કથાનકો પર પણ ચક્ષુ ફેરવ્યા. એ પરથી એક મુદ્દો તો સર્વમાં રમતો જોઈ શકયા કે—આત્મા ધારે તો પોતાની બગડેલી બાજીને પણ સુધારી શકે છે અને પતનના છેલ્લા પગથિયેથી, ઉન્નત પંથનો પથિક બની શકે છે. ફક્ત એક વાર નિરધાર કરવો જોઇએ.

આ ત્રીજા ગુચ્છકમાં ચાર એવા માનવીઓના જીવન અવલોકવાના છે કે જેઓ એક કાળે પ્રબળ-પ્રતાપી રાજવીઓ હતા. તેમનો વૈભવ-વિલાસ કોઇને પણ ઇર્ષ્યા પ્રગટાવે તેવો હતો અને જેમની સમૃદ્ધિની મર્યાદા પણ નહોતી. ટૂંકમાં કહીએ તો 'રમા અને રામા' કે જેની મોહજાળથી સારું ય વિશ્વ મંત્રમુગ્ધ થયેલું નયનપથમાં આવે છે એમાં એકતાર હતા.

પણ ધરતીકંપનો આંચકો લાગે ને માનવી સફાળો ઝબકી ઊઠે તેમ, એમની સંપત્તિ ને રાજ્યઋદ્ધિ વચ્ચે એકાએક ધડાકો થાય છે. આ ધડાકો બોમ્બ કે તોપનો ન હોવા છતાં જે તીવ્ર અસર કરે છે, એ જ આશ્ચર્યકારી છે.

'નિમિત્તવાસી આત્મા' અર્થાત્ A man is the creature of circumstances એ ન્યાયે એકદા સંતનો યોગ સાંપડે છે. એની મીઠી-મધુરી વાણી કર્ણ પર અથડાય છે અને તરત જ

આંખી એ હૃદય–વીણામાં ઝણઝણાટ પ્રકટે છે. એ જાણવા સારુ રાજવીઓના જીવનમાં ડોકિયું કરીએ. એ સાથે વિચારીએ કે એવો એકાદ પ્રસંગ આપણને પ્રાપ્ત ન થાય ?

કદાચ પ્રાપ્ત થયો હશે છતાં આપણે એ કાળે બેદરકાર હઈશું તો ? એ વિચારણામાં કાળક્ષેપ ન કરતાં–'**गतं न शोचामि**' એ નીતિ–સૂત્રને સંભારી ભૂલ્યા ત્યાંથી ફરી ગણીએ. કથા–પ્રવાહમાં આગળ વધીએ. પરંતુ એક વાત ન જ ભૂલીએ કે–**પૂર્વ-પુરુષોના કથાનકો અવલંબન અર્થે જ છે.**

પ્રાતઃકાળથી જ આજે દશાર્ણપુર શહેરમાં કોઈ અનેરી જાગૃતિ આવી છે. ચોતરફ દોડધામ ચાલી રહી છે. કોઇ અશ્વારૂઢ બની દરબારગઢ તરફ જઈ રહ્યા છે તો બીજા વળી ખાસ અગત્યના સંદેશા સાથે મારતે ઘોડે દરબારગઢના મુખ્ય દ્વારને વટાવી રહ્યા છે. જડ ગણાતા માર્ગો અને નિશ્ચેષ્ટ કહેવાતી પૃથ્વી, ચેતનવંતા માનવીઓના ગમનાગમનથી સ્વયમેવ ચેતનવંત થઇ પડેલ છે. શહેરની એકાદ પોળ પણ એવી નથી રહી કે જ્યાં થોડા પણ માનવીઓ હજુ આળસ મરડતા ઊઠતા હોય કિંવા મહામુશ્કીલતે શય્યાનો મોહ છોડતા હોય. પનઘટ પર તો અત્યારપૂર્વે જબરી ભીડ જામી ચૂકેલી અને નારીવૃંદમાં પાણી ભરવા નિમિત્તે સજ્જડ હરિફાઈ થયેલી, અત્યારે તો કોઇ રહીંઘરી પનિયારી પાણી ભરતી દૃષ્ટિગોચર થાય છે.

ચાહે તો મોટી પોળ તરફ નજર ફેરવો કે એકાદી પ્રતોલિકામાં દૃષ્ટિ ફેંકો–સર્વત્ર એક જ વસ્તુ દેખાશે અને તે એટલી જ કે ઝટપટ પ્રાતઃકાળના આવશ્યક કાર્યોથી પરવારી, સ્વચ્છ અને શોભિતા વસ્ત્રોથી સજ્જ થઈ દરબારગઢ તરફ જવાની.

દરબારગઢ તો આજે કોઇ જુદી જ રીતે દીપી ઊઠ્યો છે. એક તરફ સંખ્યાબંધ અશ્વોને હારબંધ ઊભા રાખી તેમના

પર ભાતભાતના શણગારની સજાવટ થઇ રહી છે. બીજી તરફ હાથીઓની શ્રેણી ખડી છે. એમના પર સુંદર અંબાડીઓ શોભી રહી છે. કેટલાક પર રેશમી વસ્ત્રો આચ્છાદિત કરેલાં છે તો કેટલાક પર જરીયાનથી ભરેલી કિંમતી ઝુલો ઓઢાડી છે. એક પણ સુભટ એવો નથી દેખાતો કે જેના અંગ પર જૂનો પોશાક હોય. એક પણ ચોપદાર કે હજુરીયો એવો દૃષ્ટિગોચર નથી થતો કે જેને પહેરવા સારુ નવીન લેબાશ ન મળ્યો હોય. સર્વત્ર નવા વસ્ત્રો ને નવીન સામગ્રી દેખાય છે.

અધિકારીવર્ગે પણ પોતાના હોદ્દાને છાજતો સ્વાંગ ધારણ કરી આવવા માંડયું છે. અંતઃપુરમાં દાસીઓની દોડાદોડ એવી મચી રહી છે કે જાણે સિનેમાના ચિત્રપટોની હલચલ! આમ છતાં આજે તેમના મુખ પર ઉમંગની લાલીનો પાર નથી. રાણીવાસની રમણીઓના સંબંધમાં તો કહેવાપણું જ શું હોય? બહુમૂલ્ય આભૂષણો ને કિંમતી વસ્ત્રોનો રાશિ નજર સન્મુખ એકત્ર કરી, આજના પ્રસંગને કયો શણગાર અનુરૂપ છે એની વિચારણામાં અથવા તો પરિધાનમાં અંતઃપુરની લલનાઓ મશગૂલ બની છે.

સહજ પ્રશ્ન ઉદ્ભવશે કે આજે એવો તે કયો પ્રસંગ છે કે જેથી સારુંય નગર એ માટે આ જાતના જોરશોરથી અને અંતરના ઉમળકાભેર તૈયારીમાં લાગી ગયું છે. એ જાણવા સારુ વાચકવૃંદે ભૂપતિ દશાર્ણભદ્ર પોતાના મનોહર આવાસમાં વિરાજે છે ત્યાં જવું પડશે; કેમકે તેમની જ આજ્ઞાથી નગરવાસીઓએ આજના દિનને સામુદાયિક ઉત્સવમાં ફેરવ્યો છે. કર્ણપરંપરાથી એટલું તો જાણવામાં આવી ગયું છે કે રાજવી ધર્મ–નીતિપરાયણ હોઇ પ્રજાનું પાલન સ્વપુત્રવત્ કરતા હોવાથી તેના પ્રત્યે પ્રજાનો પ્રેમ અગાધ છે. **पार्थिवानामलङ्कारः, प्रजाना-**

मेव पालनम् । એ સૂત્રથી નૃપતિ દશાર્ણભદ્ર સારી રીતે માહિતગાર હોવાથી પ્રજાને દુઃખકારી થાય એવો એક પણ કર તે લેતો નહોતો એટલું જ નહિ પણ જનતાની સુખાકારી જળવાય, વેપાર-વાણિજ્યની વૃદ્ધિ થાય અને નાગરિકોની સમૃદ્ધિ વિપુળતાને ધારણ કરે એ અર્થે દરેક જાતની સગવડ કરી આપતો. ત્રિકાળ જિનપૂજન કરનાર આ રાજા, જેટલી ભક્તિ પ્રભુ પ્રત્યે દાખવે છે તેટલી માનવકલ્યાણમાં પણ દર્શાવે છે. **सत्त्वेषु मैत्री** અને **क्लिष्टेषु जीवेषु कृपापरत्वम्** એ એનો મુદ્રાલેખ હતો.

જે રાજાની જનતાના કલ્યાણમાં આ પ્રકારની મનોકામના છે એની પ્રજા, રાજવીની આજ્ઞાને દેવતુલ્ય માની, અમલ કરવા તત્પરતા દાખવે એમાં આશ્ચર્ય પણ શું ?

" પિતાશ્રી ! જેમના આગમન નિમિત્તે છેલ્લા સાત દિવસથી જતજાતની તૈયારી કરાવી રહ્યા છો, જેમને માટે અવારનવાર સમાચાર મેળવતા રહો છો અને હમણાં જ જેમના આગમનની વધામણી ઉદ્યાનપાળ આપી ગયો ને તેને આપે ઉદારતાથી મુકુટ સિવાયના અંગ પરના સર્વ અલંકારોનું દાન કર્યું—એ વિભૂતિ કોણ છે ? મેં પૂર્વે દશાર્ણપુરમાં રાજા-મહારાજાના સામૈયા જોયા છે તેમ કેટલાયે સંત-મહન્તોથી આપણી આ ધરતી પાવન થતી નિહાળી છે; છતાં આપ અત્યારે જે એકલીનતા દાખવો છો તેવી પ્રખર એકતારતા પૂર્વે કોઇ વાર દીઠી નથી. "

" રાજકુમાર ! તારો પ્રશ્ન વ્યાજબી છે એટલું જ નહિ પણ તેં જે અનુમાન દોર્યું છે તે સાચું છે. મારું મન જ કેવળ સાક્ષી છે કે આ વેળા મારા હૃદયમાં કેવા ભાવો રમણ કરી રહ્યા છે. આજે જેમનું આગમન થયું છે એ સંતની વિલક્ષણતાનો પાર નથી. તેમનો જન્મ હજારોના કલ્યાણમાં કારણભૂત બન્યો છે. અમીરીમાં જન્મ્યા છતાં તેમણે ફકીરી સ્વીકારી,

રાજમહાલયના સુખોને અને ઉર્વશી સમી અંગના યશોદાના પ્રેમને સમજણપૂર્વક તિલાંજલી આપીને એકાકી નીકળી પડ્યા. પ્રથમ તો વર્ષોના વર્ષો સુધી તીવ્ર તપ તપ્યા, વિવિધ પ્રકારના ઉપસર્ગો મૂકભાવે સહ્યા અને પ્રાંતે આત્મસાક્ષાત્કાર કર્યો. કેવલજ્ઞાનરૂપી અમૂલ્ય આદર્શ મેળવ્યો. એ દ્વારા જગતની વિચિત્રતાઓનું-ચાલતા દંભ, પ્રપંચ અને અજ્ઞાનતા તથા વહેમોનું પ્રત્યક્ષ દર્શન કર્યું. એ દૃશ્ય જોયા પછી, એ સર્વને તોડવાનો નિશ્ચય કરી જનતાને સાચા સ્વરૂપનો ખ્યાલ આપવા મેદાને પડ્યા. એમનું નામ **વર્ધમાનકુમાર** છતાં વધુ પ્રસિદ્ધિ પામ્યા જ્ઞાતપુત્ર મહાવીર તરિકે.

"એ કાળે પંડિત ગણાતા પુરુષો યજ્ઞો કરાવતા અને સંખ્યાબંધ પશુઓનાં બલિદાન દેતા. એ પ્રાણીઓની મૃત્યુવેળાની કારમી ચીસો કે દર્દભર્યા આર્ત્તનાદોથી પણ માંસલોલુપી એ પામર આત્માઓને અરેરાટી ન ઉપજતી કે કરુણા ન આવતી. હસવા જેવી વાત તો એ હતી કે આવું પિશાચતુલ્ય કામ આચરતાં છતાં તેઓ કહેતા કે યજ્ઞમાં હોમાનાર પશુ તો સ્વર્ગે જાય છે! યજ્ઞ કરવો એ મહાધર્મનું કામ છે! આ જાતની સ્વાર્થી પ્રચારણારૂપી જાળમાં ફસાનાર ભોળી જનતાનો પાર નહોતો. આ ઉપરાંત ધર્મ અને પુન્યના નામે જનસમૂહને છેતરી ધનોપાર્જન કરવાના અને બદલામાં આગામી ભવમાં તમોને અમુક પ્રકારની સુખસમૃદ્ધિ પ્રાપ્ત થશે એવા ખોટા પ્રલોભનોરૂપ પરવાના આપવાના માર્ગો શોધી કાઢ્યા હતા. આ પ્રકારની લીલા સામે ભલભલા ક્ષત્રિય રાજા-મહારાજાઓ પણ આંગળી ચીંધી શકતા નહીં. વત્સ! એ સામે રાજપુત્ર મહાવીરે અપૂર્વ હિંમતથી અને અડગ ધૈર્યથી પોકાર કર્યો કે—

'યજ્ઞ કરવામાં જે હિંસા થાય છે એ ધર્મ નથી. હિંસામાં

ધર્મ જેવી ઉત્તમ વસ્તુનો વાસ જ ન હોય. જ્યાં અહિંસા ત્યાં જ ધર્મ. જો યજ્ઞમાં હોમાનાર પશુઓ સ્વર્ગે જતાં હોય તો શા સારુ યજ્ઞ કરનારા પોતાના માતાપિતાને હોમીને સ્વર્ગે નથી મોકલતા ? શું તેઓ સ્વર્ગકામી નથી ? પશુ બિચારા કયારે સ્વર્ગે જવાની માગણી કરવા આવ્યા હતા ? '

વળી પરભવમાં સુખદુઃખ પામવાના નિમિત્તરૂપ આ જન્મના કે પૂર્વજન્મોમાં ઉપાર્જન કરેલાં સારાં-માઠાં કર્મો જ છે, એટલે અહીંથી અપાતા પરવાના કે કહેવામાં આવતું-' અમને ધન આપશો તો ધન મળશે, પલંગ આપશો તો પલંગ મળશે ' ઇત્યાદિ સર્વ કંઇ મિથ્યા છે. એક પ્રકારની એ છેતરપિંડી છે. અત્રેથી છૂટનાર જીવ અન્ય જન્મોમાં કઈ ગતિમાં ઉદ્ભવ્યો એ જ જ્યાં વિશિષ્ટ જ્ઞાની સિવાય કોઈ કહી શકે તેમ નથી ત્યાં પછી અહીં અપાતા દાન ત્યાં પહોંચાડવાની વાત કરવી એ રેતી પર કિલ્લા ચણવા જેવું હાસ્યાસ્પદ છે.

" પુત્ર ! ઉપર વર્ણવ્યા એ તો માત્ર એકાદ બે મુખ્ય મુદ્દા છે. ધર્મને લગતો આત્માના સાચા સ્વરૂપને વર્ણવતો, સ્વર્ગ-નરકની યથાર્થ સમજણ આપતો અને એ માટેની:શુભાશુભ કરણીઓને સૂચવતો ઉપદેશ સ્થાને સ્થાને ભ્રમણ કરીને-જડ નાંખી બેઠેલા દ્વિજવર્ગનો રોષ વહોરીને-જરા પણ ગભરાયા વગર કે ઉશ્કેરાયા વગર ઉપદેશ આપનાર શ્રમણ ભગવાન મહાવીર એ સર્વોત્કૃષ્ટ વિભૂતિ છે.

" યજ્ઞ માટે હજારોની સંખ્યામાં એકત્ર થયેલા ઇંદ્રભૂતિ આદિ પંડિતોનું આકર્ષણ કરી, પોતાની પાસે બોલાવી, તેમનું દૃષ્ટિ-બિન્દુ ફેરવનાર એ પ્રબળ પ્રતાપી અદ્વિતીય વીર છે. તે પંડિતો જે વેદને માનતા હતા તેમાંનાં જ મંતવ્યથી પોતાની વાત સિદ્ધ કરી, તેમને વીતરાગ ધર્મમાં વાળી જયશ્રી વરનાર મહાન્ વિજેતા છે.

" આજે તે પવિત્ર–અનેક સંતના પગલાંથી આપણી ભૂમિ પાવન થઇ છે. વળી એક વાત રહી ગઇ. એ જ્ઞાતપુત્ર સાથેનો મારો સંબંધ તો એ જ્યારે બાલ્યાવસ્થામાં હતા ત્યારનો છે. જે કાળે શ્રેણિક–ચંડપ્રદ્યોત આદિ રાજકુમારો ચૌદ સ્વપ્નસૂચિત એ કુમાર ચક્રવર્ત્તી થશે એ ધારણાથી તેમની સેવા કરવા ક્ષત્રિયકુંડ નગરમાં આવેલા ત્યારે હું પણ ગયેલો. કોઈ અગમ્ય સંકેતથી પ્રથમ દર્શને જ અમારા વચ્ચે પ્રીતિની ગાંઠ બંધાઇ ને તે દિવસે દિવસે વૃદ્ધિંગત થતી જ રહી છે.

" આજે તો એ વાતને વર્ષોના વહાણા વહી ગયા છે. દરમિયાન સંસારના વૈભવ–વિલાસને તૃણવત્ ત્યજી દઇ એ મિત્રે આત્મ-કલ્યાણનો દુર્ધર પંથ સ્વીકાર્યો ત્યારે હું હજી વિલાસોમાં બૂડેલો છું. એ મહાત્માએ જે સત્યના દર્શન પોતે કર્યા તે આજે જગત-ભરને દેખાડવાના પરોપકારી કાર્યને આ જન્મનું વ્રત માન્યું છે અને એ પરમાર્થ ભાવનાથી પ્રેરિત બની આ તરફ પધાર્યા છે, તો મારી એવડી ફરજ છે કે મારા એક સમયના એ પ્રિય સુહૃદનું–જનકલ્યાણ કરનાર પ્રભુનું–અદ્યાપિ સુધી કોઈએ ન કર્યું હોય તેવું સામૈયું કરી સ્વાગત કરવું. જેટલી શક્ય હોય તેટલી તમામ ઋદ્ધિથી તેમની સામે જઇ, એ મહાપુરુષનું બહુમાન કરવું. સારા ય મારા દેશની સમૃદ્ધિના દર્શનપૂર્વક મારી આખી પ્રજાના સાથથી તેઓશ્રીની એવી ભક્તિ કરવી કે આજ સુધીમાં એ પ્રકારની કોઇએ કરી ન હોય, તેથી જ આ તરફ તેમના કદમ થયાનો સંદેશો મળતાં જ મેં સર્વત્ર ઉચિત તૈયારી કરવાના ફરમાનો કાઢ્યા છે. "

દશાર્ણભદ્ર રાજાના મુખથી આજે પધારનાર પ્રભુ શ્રી મહાવીર-દેવ સંબંધી વૃત્તાંત તેમ જ તેમના સામૈયા માટે કરવામાં આવતી તૈયારીને લગતું વૃત્તાંત લંબાણપૂર્વક સાંભળી કુમાર હર્ષ પામ્યો.

તેણે માત્ર એટલું જ ઉચ્ચાર્યું કે: "પિતાશ્રી ! તો હવે જલ્દી કરો. દશાર્ણગઢમાં સર્વ તૈયારી થઇ ચૂકી છે. મહાજનના આગેવાનો માર્ગપ્રતીક્ષા કરી રહ્યા છે. નગરના નર-નારીઓ આતુરતાપૂર્વક રાહ જોઇ રહ્યા છે. દેવોનું આગમન નગર સમીપની નાનીશી ટેકરી પર થયાના સમાચાર પણ આવી ગયા છે. હવે વિલંબ કરવાનું પ્રયોજન નથી."

× × ×

સારો ય રાજમાર્ગ પતાકા-તોરણોથી વિભૂષિત કરાયેલો છે. ગાળે ગાળે સુંદર કમાનો ને રંગબેરંગી દેખાવો ઊભા કરવામાં આવેલાં છે. કેટલેક સ્થળે મનોહર માંડવીઓની રચનાથી માર્ગો પૂર્ણ રીતે શોભી રહ્યાં છે. કર્પૂરની સુવાસ અને બળી રહેલા ધૂપની ગંધથી સર્વત્ર સુગંધમય વાતાવરણ થઇ ગયું છે. રસ્તા પર ગુલાબજળમિશ્રિત પાણીનો છંટકાવ થયેલો હોવાથી દુર્ગંધનું નામનિશાન પણ રહ્યું નથી. વળી જ્યાં ત્રણ માર્ગો એકઠા મળે છે અને જ્યાં ચાર રસ્તાઓનું સંધીસ્થાન છે ત્યાં ગીત-નૃત્યનો પ્રબંધ કરવામાં આવેલ છે. જેઓ દાનના અર્થી છે અથવા તો જેઓનો વ્યવસાય પ્રશસ્તિ ગીતો ગાઇને કિંવા સ્વસ્તિ વાકયો સંભળાવીને આજીવિકા મેળવવાનો છે તેઓને આજે સારા પ્રમાણમાં તડાકો પડવા માંડ્યો છે. પોતપોતાની યોગ્યતા પ્રમાણે તેમના થાળમાં સૌ કોઇ પોતાનો ફાળો ધરે છે. આમ સર્વત્ર આનંદ, ઉલ્લાસ ને ઉમંગનું વાતાવરણ જામ્યું છે.

એ માર્ગે થઇ રાજવી દશાર્ણભદ્રની સ્વારી આગળ વધી રહી છે. ચિરકાળની વાંચ્છા આજે ફળવતી થઇ રહી છે. પ્રજાજનની ભક્તિના મૂલ્યાંકન કરવાના સાધનો શોધ્યા જડતા નથી બલ્કે જોયા પાર આવે તેમ નથી. હૃદયની ઊર્મિથી થતા શણગારની શોભાનું શું કહેવું ?

આ જાતના અતિ વિશાળ વરઘોડા કે સરઘસનો ચિતાર આબેહૂબ દોરવાને સારુ કોઈ કલ્પનાશીલ કવિની કલમ જોઈએ અથવા તો વર્ણનકારની ચપળ વાચાની આવશ્યકતા મનાય. એ છતાં ય નજરે નિરખ્યા સિવાય એનો પૂર્ણ ખ્યાલ તો ન જ આવી શકે. કથાકારના શબ્દોમાં કહીએ તો એ વરઘોડામાં અઢાર હજાર સુંદર રીતે અલંકૃત કરાયેલા હાથીઓ, ચોરાશી લાખ ઘોડાઓ, એકવીશ હજાર રથ, એકાણું કરોડ પાયદળ, પાંચસો સુખાસન કે જેમાં મંડલિક રાજાઓ પોતપોતાના પરિવાર યુક્ત વિરાજેલા છે. આ ઉપરાંત અંત:પુરની રમણીઓ અને તેમનો પરિવાર, વિશેષમાં નગરના આગેવાનો–શેઠ શાહુકારો–પોતપોતાની ઋદ્ધિને છાજે તેવી રીતે આજના પ્રસંગને શોભાવતા નગર બહાર આવેલા દશાર્ણગિરિ સન્મુખ પ્રફુલ્લિત વદને આગળ વધી રહ્યા છે. નરનારીના ટોળે ટોળાં અટારીઓ પર ચઢી, અથવા તો માર્ગો પર બીચોબીચ ઊભા રહી આ અદ્વિતીય દૃશ્યને–આજના આ મહામૂલા વરઘોડાને–અભૂતપૂર્વ સ્વારીને–નિરખી હર્ષારવોથી ગગનતળને ગજાવતા અને સર્વ પાછળ ચાલી રહેલા વૃંદમાં ભળી જઇ, સંખ્યામાં વૃદ્ધિ કરતા, પુરના વિસ્તૃત પથોને સંકુચિત બનાવતા, 'સાંકડા રે ભાઇ પર્વના દહાડા' એ ઉક્તિનો સાક્ષાત્કાર કરાવતા હતા.

દશાર્ણગિરિ પર પ્રભુભક્ત દેવો તરફથી સમવસરણની મનોહર રચના થઇ ચૂકી હતી. રજતના દેદીપ્યમાન પ્રાકારોથી, કનકના ઝળહળતા દ્વારોથી અને મણિ–રત્નોના તેજસ્વિતા વિસ્તારતા કાંગરાઓથી શોભતા ગઢમાં પાદપીઠ યુક્ત સિંહાસન પર વિરાજમાન પરમાત્મા શ્રી મહાવીર દેવને દૂર–દૂરથી સૌ કોઇ જોઇ શકતા. એ શાંત મનોહર મુદ્રાના દર્શનથી કોઈ અનેરી–અનુપમ–અકથ્ય શાંતિ હૃદયમાં પથરાઈ જતી. અગાધ આત્મિક લક્ષ્મી પ્રાપ્ત કરનાર મહાન્ વિભૂતિનો એ પ્રભાવ હતો.

સમવસરણ નજીક આવતાં ભૂપાળ દશાર્ણભદ્રે અંબાડીનો ત્યાગ કરી હાથી પરથી નીચે ઉતરી પંચાભિગમપૂર્વક પ્રભુશ્રીના સમવસરણની પાવડીઓ ચઢી, શ્રી મહાવીર દેવની ત્રણ પ્રદક્ષિણા કરી નમસ્કારપૂર્વક પર્ષદામાં ઉચિત સ્થાને બેઠક લીધી. દેવ–દેવીઓ અને નર–નારીઓના આવાગમન ચાલુ થઇ ચૂકયા હતા. સૌધર્મ દેવલોકના સ્વામી શક્રેંદ્રના આગમનની ઘડીઓ ગણાતી હતી. રાજવી દશાર્ણભદ્રની ચિરકાળસંચિત અભિલાષા આજે પૂર્ણતાને વરી ચૂકી હતી. અંતરમાં એ જ વિચારણા ચાલી રહી હતી કે આજે જેવી રીતે સર્વ પ્રકારની ઋદ્ધિસિદ્ધિ (સામગ્રી) સહિત પ્રભુશ્રીને મેં વાંદ્યા છે તેવી રીતે કોઇ દેવોના સ્વામી ઇન્દ્રે અથવા તો નૃપતિઓના સ્વામી ચક્રવર્ત્તીએ અદ્યાપિ સુધી વાંદ્યા નથી અર્થાત્ મારા સરખી અતુલ ભક્તિનું પ્રદર્શન કોઇના તરફથી કરવામાં આવ્યું નથી.

હૃદયગત આ અહંભાવ વિશિષ્ટજ્ઞાની સિવાય કોણ જાણી શકે ? ભક્તિના પવિત્ર ગંગાજળ સાથે બાબોચિયાના દુર્ગંધી પાણીનો યોગ થઇ રહ્યો હતો ! ઘી જેવો પુષ્ટિકારક પદાર્થ વારંવાર પાણીથી ધોવાય તો ઝેરરૂપે પરિણમે છે એવું કાર્ય દશાર્ણ-દેશના રાજવીના સંબંધમાં બની રહ્યું હતું. નિઃસ્વાર્થ સેવામાં અભિમાનની કાલિમા પ્રવેશ પામતી જતી હતી. મેં કર્યું એ જરૂર ઉત્તમ છે છતાં એ આત્મકલ્યાણ અર્થે જ હતું, એ ભાવને સ્થાને ' મારા જેવું કોઇએ કર્યું નથી ' એ જાતનો અહંભાવ જોર કરતાં સારી ય પરિસ્થિતિ બદલાઇ જતી હતી. પ્રાકૃતજનો પ્રથમ દર્શને કદાચ એમાં રહેલ અભિમાનવૃત્તિ ન જોઇ શકે, છતાં વિચક્ષણ જનો માટે એ વાત હાનિકર્ત્તા પૂરવાર થઇ ચૂકી છે. દશાર્ણદેશના માલિકમાં અભિમાને ઘર કર્યું હતું, ઋદ્ધિના મદે આસન જમાવ્યું હતું. એ મદે જ ' મારા જેવું કોઇએ કર્યું નથી ' એ વિચારને જન્મ આપ્યો હતો.

કૈવલ્ય મેળવી પછી પ્રભુ સન્મુખ જવું એ ઇરાદાથી જો બાહુબળિએ કાયોત્સર્ગ લીધો હોત અને પરિષહ સહ્યાં હોત તો 'વીરા મારા ગજથકી ઊતરો' જેવાં વાક્ય ન સાંભળવા પડત, પણ 'મારાથી નાના બંધુઓને વાંદું, તે કરતાં કેવલી થઇને જ ત્યાં પહોંચું કે જેથી વાંદવાપણું રહે જ નહિ' એ ઇચ્છા જ્યાં બળવત્તર હતી ત્યાં સરલતા નહોતી; પણ અહંકાર-દશા હતી. તેથી જ તીર્થપતિ શ્રી ઋષભદેવને સાચી સ્થિતિની ઝાંખી કરાવવા માટે ઇસારો કરવો પડ્યો. ત્યારે જ માનસિક પ્રદેશમાં ચાલતા આંદોલનો કેવા ખળભળાટ મચાવે છે અને બાહ્ય દૃષ્ટિના માપે માપનાર જગત જેમને માટે વાહવાહ પોકારે છે તેમને માટે આંતરદ્રષ્ટાઓ શું ધારે છે એનો ખ્યાલ આવે છે.

જેવી ગુલાંટ અભિમાને બાહુબળીને બવરાવી હતી એવી જ અત્રે દશાર્ણભદ્રે બાધી. સોનાની થાળીમાં લોઢાની મેખ જેવું બન્યું, પણ સિતારા પાંસરા એટલે આવેલું વિઘ્ન થોડામાં પત્યું. પ્રથમ દેવલોક છોડતાં શક્રેન્દ્રે અવધિજ્ઞાનનો ઉપયોગ મૂક્યો અને સર્વ જોયું. એમાં દશાર્ણ ટેકરી સમિપનું સારું ય દૃશ્ય આવી ગયું. આટલી સુંદર ભક્તિ કરનાર નૃપતિ જાણે-અજાણે ઋદ્ધિમદનો શિકાર બને એ તો અચ્છેરું ગણાય. ઇંદ્ર સરખો પ્રભુભક્ત, સ્વધર્મીબંધુનું આવું પતન મૂકભાવે કેમ થવા દે? એણે એ અભિમાન દૂર કરાવવા નિશ્ચય કર્યો.

ઋદ્ધિનો ગર્વ નિવારવા મહાઋદ્ધિના દર્શન કરાવવા એ જ ઘોરી માર્ગ ઇષ્ટ માન્યો. વાત પણ સમજાય તેવી છે. માનસિક ભૂમિના ઉલ્કાપાતો અન્ય જાહેરાતથી ન સુધારી શકાય. એ માટે પ્રથમને ટપી જાય તેવું આવશ્યક અમલી કાર્ય જ બસ થઈ પડે.

દેવોનું સામર્થ્ય અગાધ હોય છે. તે ધારે તેવી લીલા આંખના પલકારામાં સર્જી શકે છે, તેથી જ ધરતી પરના માનવ-

ગણુમાં ઇંદ્રજાળ–દેવમાયા, કિંવા દેવતાઇ માન્યતાના અતિઘણા આદર આજે પણ થઇ રહ્યા છે–અસ્તુ.

સૌધર્મ ઇંદ્રે જે ઋદ્ધિના સર્જન કર્યા એનો ઉલ્લેખ શાસ્ત્રમાં કહ્યા મુજબ જણાવતાં પૂર્વે એક વાત સ્પષ્ટ કરી લઇએ કે એમાં અતિશયોક્તિ જેવું કંઇ જ નથી. કેટલીક વાર જે વસ્તુ આપણા જમાનામાં આપણી નજરે બનતી નથી, દેખાતી નથી તેથી કોઈ અન્ય સમયમાં પણ નહોતી જ બનતી એમ માનવું એ સમજ-શક્તિની નબળાઇ બતાવવા બરાબર છે. કાળચક્રનું પરિવર્તન ચાલુ જ હોય છે, એમાં અવનવા બનાવો બનતાં જ રહે છે; માટે એકાંત મંતવ્ય પકડી બેસવામાં બુદ્ધિમત્તા નથી. દ્રવ્ય–ક્ષેત્ર–કાળ–ભાવ અને ગુણપર્યાયોનું યથાયોગ્ય અવલોકન ને તોલન કરવામાં આવે તો સર્વ બાબતોના અંકોડા સહેલાઇથી સાંધી શકાય તેમ છે. એ માટે જિજ્ઞાસાવૃત્તિ ને શ્રદ્ધા જરૂરી છે. અહીં તો વૈક્રિયશરીરધારી દેવની વાત છે. તે ધારે તેવાં રૂપો સર્જી શકે છે અને જોતજોતામાં તેને વિણસાડી પણ શકે છે. એ દૃષ્ટિબિન્દુ નજર સામે રાખી નિમ્ન લખાણ વાંચતાં વર્ણનનો સાર જલ્દી સમજી શકાશે.

શક્રેંદ્રે ચોસઠ હજાર હાથી વિકુર્વ્યા. એ દરેક હાથીને પાંચસો બાર મુખો, પ્રત્યેક મુખ પર આઠ આઠ દન્તૂશળ, દરેક દન્તૂશળ પર આઠ આઠ વાવડીઓ, પ્રત્યેક વાવડીમાં આઠ આઠ કમળો, દરેક કમળમાં વચ્ચે કર્ણિકા, કર્ણિકા પર ઇંદ્રને બેસવાને સારુ સિંહાસન જ્યાં ઇન્દ્ર મહારાજ પોતાની મુખ્ય આઠ ઇન્દ્રાણીઓ સહ વિરાજે છે. કમળના પાંદડાની સંખ્યા પણ નાનીસૂની નહીં. એકેક લાખ પાંદડા અને પાંદડે પાંદડે દેવતાઇ બત્રીશ પ્રકારના નાટકો પ્રવર્તી રહ્યાં છે. આ પ્રકારની દેવતાઇ રચના, કલ્પનામાં પણ ન ઉતરી શકે એવી શક્રેન્દ્રે સર્જીને આકાશમાર્ગેથી ઉતરતી, સમવસરણ સમિપમાં ઉપસ્થિત થતી બતાવી. શાસ્ત્રકારે ઉપરોક્ત વર્ણનમાં

જે જે વસ્તુઓ દર્શાવી છે એ સર્વનો સરવાળો પણ સાથે જ દર્શાવેલો છે. એ લંબાણ અત્રે ઇષ્ટ ન ધારી છોડી દીધેલ છે, પણ એ સર્વનું તાત્પર્ય એટલું જ અવધારી શકાય છે કે એવી સમૃદ્ધિ સહિત આકાશમાં રહીને તીર્થપતિને વંદન કર્યું કે એ જોતાં ભૂપાળ દશાર્ણભદ્ર તો આભો જ બની ગયો. જાણે ચિત્રમાં આળેખેલ માનવ આકૃતિ ન હોય તેમ સ્થિર થઇ ગયો. અત્યાર સુધી પોતે જે રીતે પ્રભુવંદન કર્યું એવું કોઇએ પણ કર્યું નથી એ જાતનો અહંભાવ અંતરમાં જોર-શોરથી રમી રહ્યો હતો તેનું એકાએક શમન થઇ ગયું. સૌધર્મ-પતિની ઋદ્ધિસિદ્ધિ અને નમ્ર ભક્તિએ એની આંખ આડેના પડલો ભેદી નાંખ્યા. આવેલ ગર્વ, અગ્નિ પર જેમ ઘી ઓગળવા માંડે તેવી રીતે ગળવા લાગ્યો, ઋદ્ધિનો મદ, દૈવી શક્તિની આ સમૃદ્ધિ જોતાં જ અદૃશ્ય થઇ ગયો.

રાજવીના મનમાં તુમુલ યુદ્ધ મચી રહ્યું. અરે ! મારી મૂર્ખતા તે કેવી ? શક્રની સંપદા આગળ જેની ગણના સાગરમાં બિન્દુ સમી લેખાય, એના પર આટલું અભિમાન ! તો પછી મારી ભક્તિ કેવી ગણાય ! પ્રભુ સાથેના મારા બેવડા સંબંધનું શું ? સર્વ કોઇથી ચઢિયાતું કરી દેખાડવાની મારી પ્રતિજ્ઞા પૂર્ણ તો થવી જ ઘટે. શક્રેન્દ્રે મારા ગર્વનું ઉન્મૂલન કરી જરૂર મારા પર ઉપકાર કર્યો છે. એ પ્રકારનો મારો મદ ખોટો હતો એટલું જ નહિં પણ અસ્થાને હતો એ પૂરવાર કરી આપ્યું છે, છતાં મારી સામે, આવી માર્મિક રીતે, આ જાતનો મને પરાભવ પમાડી જાય એ સહન કેમ કરી શકાય ? સાચા ક્ષત્રિયને એ શોભાસ્પદ પણ કેમ હોઇ શકે ?

એક તરફ અવનીપાળ દશાર્ણભદ્રના મનમાં જબરું મંથન ચાલી રહ્યું છે જ્યારે બીજી તરફ પરમાત્મા શ્રી મહાવીરદેવે અમૃતવાણીમાં દેશના શરૂ કરી. કેવળજ્ઞાનરૂપી દિવ્ય આરિસા-

વડે જેઓ ત્રણે જગતના ભૂત, ભાવી ને વર્તમાન ભાવો જાણી શકે છે તેઓ ભૂપના મનોપ્રદેશમાં ચાલી રહેલ મંથન જોઇ, સ્વદેશનાનું સુકાન એવી રીતે ફેરવ્યું કે સૌ કોઇએ એને પોતપોતાની સમજ અનુસાર પોતાપૂરતું માની લીધું. છતાં એથી રાજવીના હૃદયમાં તો દઢ ને સચોટ છાપ જ પડી ગઇ.

ભગવાન માલકોશ રાગમાં ઉપદેશ સુણાવે છે. તેઓશ્રીની ભાષા અર્ધમાગધી હોય છે. આમ છતાં દેવતાઓ એને પોતાની દૈવી ભાષા તરીકે સમજે છે, મનુષ્યો માનવ ગિરા તરિકે લેખે છે, અને તિર્યંચો પોતપોતાની બોલી તરિકે અવધારે છે અર્થાત્ એમાં એવી અતિશયતા છે કે જેથી શ્રોતાઓ પોતાની ભાષા જેટલી સુલભતા ને સરળતાથી સમજે છે તેટલી જ એ વાણીને સમજે છે.

સારી ય દેશનામાંથી જાણે સારરૂપ ન હોય એમ પ્રભુશ્રીનું નિમ્ન વાકય દશાર્ણભદ્રને અતિશય ગમી ગયું.

'જ્ઞાનવાનને—સમજુને જે જે કારણો અન્યને આશ્રવ યાને કર્મબંધના નિમિત્તરૂપ હોય છે, તે તે કારણો સંવર યાને કર્મોને ત્યજી દેવાના (નિર્જરાના) સાધનરૂપ બને છે. એમ બનવામાં આત્મામાં રહેલ સમ્યગ્જ્ઞાન વિશેષ ઉપકારી હોય છે. તેથી જ જ્ઞાનને 'સકળપદાર્થપ્રકાશક' કહી એનું બહુમાન કરવામાં આવ્યું છે. માટે જ કહેવામાં આવ્યું છે કે—'**લોકાલોકપ્રકાશકર, જ્ઞાન એક પ્રધાન**' એક જ લગની લાગી કે ભક્તિના મિષે જે કાર્ય આદરેલું અને એમાં મદ ભરાઇ જવાથી જે વિષમિશ્રિત દૂધ જેવું દોષિત બની ગયું અર્થાત્ જેનાથી લાભને બદલે હાનિ થઈ, એ હવે સુધારી કેમ શકાય ? ભગવાન્ કહે છે કે દોષના કારણોને પણ સાચો વિદ્વાન ગુણના સાધનોમાં પરિણમાવી શકે છે, તો શા સારુ હું એ કિમિયો ન અજમાવું ? પ્રભુના સાનિધ્યથી એ જાતનું સમ્યગજ્ઞાન મને કેમ ન લાધે ? આત્માની શક્તિ જ્યારે

અનંત છે અને તેની સાધના સૌ કોઇ માટે ઈજારા વગર ઊઘાડી છે તો હું કેમ એનો સાક્ષાત્કાર ન કરું ?

ભલે ઇંદ્ર મહારાજે મને પોતાની ઋદ્ધિના દર્શનવડે પરાભવ પમાડ્યો છતાં મારે એને પરાજય આપવો હોય તો કોઇ સાધન મારી પાસે છે કે કેમ? પ્રતિજ્ઞા કરી તો એનું પાલન કરી દેખાડવું એમાં જ સાચી મર્દાનગી. એ જ ખરી ક્ષત્રીવટ. વિચારણાને અંતે રાજવીને માર્ગ લાધ્યો. ગાઢ અંધકારમાં એકાદ દીપક દૃષ્ટિગોચર થાય તેમ દશાર્ણભદ્રને સમજાયું કે બાહ્ય સંપત્તિમાં ભલે ઇન્દ્ર મહારાજ મારાથી આગળ હોય, પણ આંતરઋદ્ધિમાં તો હું જ મોખરે છું. માત્ર માનવજન્મ જ એવો છે કે જ્યાંથી સીધું મુક્તિગમન થઇ શકે છે. એ શક્તિ દેવભવમાં નથી તો પછી ત્યાગના સ્વાંગ સજવા કે જેથી શક્ર મહારાજનો આપોઆપ પરાભવ થઇ જાય. બસ, નિશ્ચય થયો કે તુરત જ પર્ષદામાંથી બહાર નીકળી બાજુ પરના એકાંત ભાગમાં યુવરાજ તેમજ રાણીઓને તેડાવી, તેમની સાથે મંત્રણા કરી, યોગ્ય સૂચના આપી, રજા મેળવી સર્વ પરિવાર સહિત પર્ષદામાં પાછા ફરી પ્રભુ સન્મુખ હાથ જોડી ભૂપ દશાર્ણે સંયમ માટે પ્રાર્થના કરી.

પ્રભુની આજ્ઞા મળતાં પંચમુષ્ઠી લોચપૂર્વક એ મહાન્ નરે ચારિત્ર ગ્રહણ કર્યું. તે જોઇ ખૂદ ઇન્દ્રને પણ કહેવું પડ્યું કે– "હે મહાભાગ! આપે આપની પ્રતિજ્ઞા પૂર્ણ કરી, કોઇને ન વાંદ્યા હોય એવી રીતે જિનને આપે વાંદ્યા અર્થાત્ બાહ્ય અને અભ્યંતર એમ ઉભય ઋદ્ધિનો પ્રકાશ કર્યો. હું સંયમ સ્વીકારી શકું તેમ નથી એટલે મારે પરાજય કબૂલવો જ રહ્યો." આમ કહીને ઇંદ્ર સ્વસ્થાને ગયા. પછી નિરતિચાર ચારિત્ર પાળી સર્વ કર્મનો ક્ષય કરી રાજવી દશાર્ણભદ્રે પ્રાંતે મોક્ષ મેળવ્યો— અનંત ઋદ્ધિના સ્વામી બન્યા.

રાજર્ષિ કરકંડૂ



કર્મના કાતીલ ઘાથી વિશ્વભરમાં કયો આત્મા નથી હણાયો ? બાર બાર મહિના લગી શ્રી નાભિસુત ઋષભદેવને આહાર ન મળ્યો એ કોનો પ્રતાપ ? ચરમ તીર્થપતિ શ્રી મહાવીરદેવને કર્ણમાં ખીલા નંખાવવામાં કર્મ સિવાય અન્ય કોઇનો હાથ હતો ? એ કર્મરાજના પ્રપંચનો પાર કે એની લીલાનો તાગ માનવપ્રજ્ઞા પામવાને અશક્ત છે, તેથી જ નીતિકારોએ **'कर्मणो हि प्रधानत्वम्'** અથવા તો **' કર્મની ગતિ ગહન છે '** એવા વાક્યો આળેખી હાથ ખંખેરી નાખ્યા છે. વાચકબંધુ, નિમ્ન કથાપ્રવાહમાં આગળ ગતિ કરતાં એ સંબંધમાં આપોઆપ ખાત્રી મેળવી શકશે.

" અરરર ! આ ઘોર જંગલમાં હું એકાકી આવી પડી ! હવે મારી શી ગતિ ? વાઘ-વરુ જેવા હિંસક પશુઓની જ્યાં ત્રાડો પડી રહી છે એવા બિહામણા સ્થાનમાં કયે માર્ગે આગળ વધવું તે પણ નથી સમજાતું ? કોઇ માનવી નજરે ન ચડે, અરે ! જ્યાં મનુષ્યનો પગરવ સરખો પણ ન જણાય ત્યાં પૂછવું પણ કોને ? મને એવી તે શી બુદ્ધિ સૂઝી કે જેથી હું ઉદ્યાન-વિહાર અર્થે નીકળી ?

" કયાં મારા મણિરત્નજડીત ભૂમિકાવાળા-જ્યાં સદૈવ સુગંધીદાર ચીજોની બહુલતાથી સુવાસ બ્હેકી રહે છે એવા-રમણીય આવાસો અને કયાં આ અરણ્ય વચ્ચે વિકરાળપણાના મૂર્ત્તિમંત સ્વરૂપ જેવું ઘીચ વૃક્ષઝુંડ ? કયાં સુંદર કારીગરીવાળા, વેલ, ઝાડ, પાન આદિના ચિત્રોથી જેનાં કાષ્ઠો કોતરણીનો સુંદર ખ્યાલ આપે છે એવા સીસમના પલંગો અને તે ઉપર ઊજળી દૂધ સમી શ્વેત ચાદરોથી વેષ્ટિત થયેલ મશરુની તળાઇઓ અને કયાં અહીંની કઠણ ભૂમિમાં ઊગેલી બરછટ વનસ્પતિરૂપ પાથરણું ?

" મેરુ અને સરસવ, ધનિક અને રંક કિંવા અશ્વરત્ન અને ગર્દભ વચ્ચેની સરખામણી જો ઉચિત હોય તો જ ઉપર્યુક્ત સરખામણી શકય ગણાય. એ સર્વ પ્રસંગો સ્મૃતિપટમાં તાજા થતાં-દંપતિજીવનના પ્રણયપ્રસંગો યાદ કરતાં મારી આંખોમાંથી અશ્રુપ્રવાહ વહેવા માંડે છે. મારું હૃદય ચીરાઇ જાય છે !

" ધિગ્ દૈવ ! આ તેં એકાએક શું કર્યું ? ભૂખ્યા સામે ઘેબરનો થાળ ધરી, એકાએક તેના હાથમાંથી ખુંચવી લેવામાં આવે તેમ મને રાજવૈભવ વચ્ચે ફૂલ-પાનમાં ઉછરવા દઇ, રાજવી ચેટક જેવા ક્ષત્રિયકુલાવતંસ પિતાને ઘેર અચાનક ચંપાપતિના મેળાપનો યોગ કરાવી, તેઓશ્રી સાથે પાણિગ્રહણરૂપ વિધિવડે દાંપત્યભાવથી જોડી, યથેચ્છ પ્રકારે સંસારી વિલાસોમાં થોડો કાળ વિચરવા દઇ, એકાએક આ દારુણ લાત મારી જંગલમાં ભટકતી કરી મૂકી ! અરે ! એક સમયની મહારાણીને ભિખારણ કરતાં પણ અધમ દશામાં ધકેલી દીધી.

" ક્રૂર દૈવ ! તને જરાપણ દયા ન આવી ? આવો ઇરાદો જો હતો, તો શા માટે વૈશાલીપતિના ઘરમાં જન્મ આપ્યો ? રાણીપદથી વિભૂષિત થવા જ શું કામ દીધી ? જેને પ્રાસાદની એકાદી સીડી ઉતરતાં ખમા ખમા કરનાર દાસીવૃંદ હાજર રહેતો, અરે ! જેનો પડ્યો બોલ ઉચકવા સારુ સંખ્યાબંધ સેવકો તૈયાર રહેતા, ખુદ નરપતિને મન જેનું સ્થાન ગૌરવભર્યું હતું, એવી ભાગ્યવતીને આજે કોઇ હુંકારો ભણનાર પણ નજીકમાં નથી ! ક્ષુધાથી દેહ કરમાયા છતાં અને તૃષાથી ગળે કાકડી બાઝયા છતાં નથી તો કોઇ અન્ન ધરનાર કે નથી તો કોઇ પાણી આપનાર ! ઓ ભગવાન ! આ તે કેવું પરિવર્તન ! ઘડીકમાં કેવો પલટો થઇ ગયો ? વેળા વેળાની છાંયડી અથવા તો સુખ પાછળ દુઃખ તે આનું જ નામ ને ?

" શું મૃત્યુ આ કરતાં વધુ ભયંકર છે ? શા માટે આવી પરિસ્થિતિમાં જીવતાં રહેવું ? દુઃખમાં જન્મીને દુઃખ ભોગવવું એ જેટલું મુશ્કેલ નથી તેથી અતિ ઘણું કપરું સુખમાં જન્મી, વૈભવ-વિલાસના શિખરે પહોંચી ત્યાંથી એકાએક દુઃખની ઊંડી ગર્તામાં જઈ પડવામાં છે. જ્યાં કુદરત જ ફરી બેઠી ત્યાં પછી શા સારુ વિલાપ કરતાં જીવન ગાળવું ? આત્મહત્યાદ્વારા એનો અંત આણવો શું ખોટો ?

ત્યાં તો અંતરનાદ થયો. સહજ પ્રશ્ન થયો કે-" આત્મહત્યા-દ્વારા જીવનનો અકાળે અંત આણનાર તું કોણ ? તું કોની તનયા ? તારો ધર્મ શું હોઈ શકે ? ' દુઃખ આવે મરણની વાંછા કીધી ' એ (સંલેષણા) અતિચારનું વાકય અમલમાં મૂકવા સારુ નથી પણ એમ કરતાં અટકવા માટે છે. વિચાર કર. કર્મરાજના પ્રપંચમાં કોના નાવો ઊંધા નથી વળ્યા ? એથી ગભરાનાર આત્મા કેવી રીતે ઊગરી જવાનો ? ચેટક ભૂપ જેવા પ્રબળ ક્ષત્રિયની પુત્રી આમ સંકટોથી ગભરાઇ, એકાદ મૂઢ અબળાની માફક પ્રાણ વિસર્જન કરવાનો વિચાર કરે ? એ સાથે ગર્ભમાં રહેલ એકાદ અન્ય જીવનો પણ નાશ થવા દે ? જેના પિતા રાજવી છતાં જૈન ધર્મની અહિંસાના પૂજક છે અને જેમના ઘરમાં આબાળવૃદ્ધ સૌને બાળપણથી જ જૈન ધર્મના ઉમદા સંસ્કારો આપવામાં આવે છે, એવા પ્રસિદ્ધ કુટુંબની એક રમણી માત્ર કર્મજનિત આપ-ત્તિથી અકળાઇ, અજ્ઞાનજન્ય ચેષ્ટા આદરે એ શું ઉચિત છે ? એ કાર્યથી જગતમાં જૈનધર્મની કેવી વાતો થાય ? જૈનત્વના સાચા ઉપાસક માટે આવું વર્તન શોભાસ્પદ કેમ ગણી શકાય ?"

દુઃખનું આગમન થાય ત્યારે જ સત્ત્વશીલ મનુષ્યની કસોટી થાય છે. અગ્નિમાં પૂર્ણપણે તપાયા પછી જ સાચા સુવર્ણની પ્રતીતિ થાય છે. સુગંધીદાર ચંદન બળતાં બળતાં જ ચોમેર સુવાસ પ્રસરાવે છે. આમ કષ્ટોની પરંપરા પ્રાપ્ત થતાં જ સત્ત્વ-

ગુણ પ્રગટ થાય છે. જ્યાં પામરોના પગલાં પાછાં પડે છે, જ્યાં નિર્બળોના ગાત્રો ગળે છે, જ્યાં ભીરુઓ રડવા લાગે છે ત્યાં જ અને ત્યાંથી જ સત્ત્વશાળી સ્વહૃદયબળે આગળ કૂચ કરે છે. જગતમાં એના યશ ગવાય છે. ક્ષત્રીવટને આત્મહત્યા સાથે બારમો ચંદ્રમા છે, તેથી જ આત્માની અમરતામાં અતૂટ શ્રદ્ધા ધરનાર જૈનધર્મી વ્યક્તિ એના પડછાયે પણ ચડવામાં નબળાઇ દેખે છે. જીવનધારી માટે કલ્યાણના રાહો ઓછા નથી. 'સમયે સમયે ભાવનાઓ પલટાય છે' એ વાક્ય આપ્તપુરુષનું છે ને અનુભવસિદ્ધ છે.

અરણ્ય વચ્ચે ઊભેલી રમણી કે જે ઘડીપૂર્વે મરણને વધાવવા તત્પર બની હતી તે એકાએક ઊભી થઇ આગળ ચાલવા લાગી અને આવેગમાં કેટલીય ભૂમિ પરથી પસાર થઇ ગઇ.

કેટલોક માર્ગ કાપ્યા પછી દૂર-દૂર દૃષ્ટિ ફેંકતાં તેણીની નજરે એક આશ્રમ પડ્યો. જો કે ક્ષુધા, તૃષા અને થાકથી સારી ય દેહલતા કરમાઇ શ્યામ બની ગઇ હતી અને પગ પણ આગળ વધતાં લથડિયાં ખાતાં હતાં, છતાં આશ્રમમાં પહોંચવાથી જરૂર કંઇ ને કંઇ આશ્વાસન મળશે એ આશારૂપી કિરણે હૃદયમાં એવો તો વેગ ભર્યો કે દૂર દેખાતો આશ્રમ હાથવેંતમાં આવી પડ્યો.

જેમના મસ્તકના કેશ શ્વેતતાની સ્પર્ધા કરી રહ્યા છે અને જેમણે માત્ર કષાય વસ્ત્ર ધારણ કરેલ છે એવા એક વૃદ્ધ તાપસને આશ્રમમાંથી બહાર નીકળતાં આ દુઃખી અબળાનો ભેટો થયો. તરત જ તેમણે ચાલતા અટકી જઈ, બાઈને આશ્વાસન આપતાં પ્રશ્ન કર્યો કે—" પુત્રી ! તું કોઇ દુખિયારી અવસ્થામાં આવેલી છતાં કુલિન નારી જણાય છે. તારે કોઇપણ જાતના સંકોચ કે ભીતિને જરાપણ ધારણ કરવાની જરૂર નથી. મને તારા પિતા

સમાન લેખીને તારો વૃત્તાંત જણાવ કે જેથી એ દુઃખ ઓછું કરવામાં મારાથી બનતો ભોગ હું આપી શકું.”

“પૂજ્ય ઋષિ! આપની મીઠી વાણીથી મને આશ્વાસન મળ્યું છે. મારું વૃત્તાન્ત જેટલું લાંબું નથી તેટલું મારા પર અણધાર્યું આવી પડેલું મારું દુઃખ લાંબું છે. મારું નામ પદ્માવતી. વૈશાલીના સ્વામી ચેટકરાજની હું પુત્રી. ચંપાના માલિક રાજવી દધિવાહનની હું રાણી. અમારા લગ્ન થયાને વધારે વર્ષો નથી વીત્યા. અમો દંપતી તારુણ્યનો–પ્રણયનો અમાપ લ્હાવો લેતાં દિવસો પસાર કરતા હતા. એવામાં હું ગર્ભવતી થઈ, એટલે મને જાત–જાતના દોહદો ઉત્પન્ન થવા માંડ્યા. કોઈ અપશુકનવાળી પળે સ્વામી સહ હસ્તીપીઠ પર બેસી ઉદ્યાન–વિહાર કરવાનું મન થયું. પ્રેમીવલ્લભ તરફથી એની પૂર્તિ તુરત થતાં અમો દંપતી જોતજોતામાં અમારા નગરથી કેટલી ય ભૂમિ આગળ વધી ગયા. હાથીની ઉતાવળી ગતિથી સંરક્ષક સૈન્ય પણ પાછળ પડી ગયું. કોઈ પણ પ્રકારે હાથી અંકુશથી વશમાં ન આવે અને મહાવતના પ્રહારને અવગણીને આગળ ને આગળ દોડ્યો જ જાય. એ સંબંધમાં શું કરવું? એની મારા પતિદેવને વિમાસણ થઈ પડી. ત્યાં તો હસ્તીએ જોરથી ઉછાળો મારી, મહાવતને જમીન પર પટકી દઈ અરણ્યના માર્ગે પાગલની માફક દોડવા માંડ્યું. મારા સ્વામીએ ઉભયનું જીવન ભયમાં જોઈ, એક દૂર દેખાતા વૃક્ષ તરફ આંગળી કરી મને સૂચના કરી કે એ વૃક્ષ નીચે હાથી આવે કે તરત આપણે ઉભયે અકેકી શાખાને પકડી લઈ વળગી જવું. ઝાડ આવતાં પતિએ સૂચનાનો અમલ કર્યો પણ હું તેમ ન કરી શકી. આમ અમારો વિયોગ થયો. હાથીએ એ પછી તો કેટલી ય ધરતી ઓળંગી. ભયાનક અટવી મધ્યે એક સરોવર જોતાં એ પાણી પીવા થોભ્યો. એ તકનો લાભ લઈ હું સમિપના વૃક્ષને વળગી પડી. રાત્રિ ત્યાં જ પસાર કરી. એ

કલાકોમાં મારા મનમાં જે મંથન થઇ રહ્યું, એ જ્ઞાની વિના કોણ જાણી શકે તેમ છે? સવાર થતાં હિમત આણી આગળ વધતાં આપનો મને પ્રથમ મેળાપ થયો છે. મારું ક્ષુધા–તૃષાનું દુઃખ ભાંગી કોઇ યોગ્ય સ્થાને પહોંચાડવા મારી આપને વિનંતિ છે.

× × ×

ચોતરફ લશ્કરી છાવણીના ડેરા–તંબુ ઠોકેલાં હોવાથી, દૂર સુધી નજર નાંખતાં શિબિરોની હારમાળા સિવાય ભાગ્યે જ બીજું કંઈ દેખાય છે. સૈનિકોની વાતમાં તેમજ દૈનિક ચર્ચામાં ટૂંક સમયમાં શરૂ થનારા ભયંકર અને ભીષણ સંગ્રામ સિવાય બીજું કંઈ સંભળાતું નથી. દિવસ ઊગ્યે શસ્ત્રોની વિવિધ પ્રક્રિયાઓ અને શસ્ત્રોના ભિન્નભિન્ન પ્રયોગ આરંભાય છે અને શત્રુને કેવી રીતે સત્વર પરાસ્ત કરી દેવાય તેના બોધ-પાઠ અપાય છે. . ટૂંકમાં કહીએ તો સારું ય વાતાવરણ લડાઈ-મય થઇ ગયું છે. ખૂદ ધરતી પણ જાણે લોહી–તરસી ન બની ગઇ હોય એવો ભાસ થાય છે. કાગડા–ગીધ આદિ હિંસક પક્ષીગણના શબ્દોમાં પણ એ જ વાતના પડછંદા પડે છે.

જ્યાં આ જાતની પરિસ્થિતિ વર્તી રહી છે ત્યાં અહિંસાની દેવી સમી શ્વેત વસ્ત્રધારિણી એક સાધ્વીમાતા, પરિશ્રમથી કલાન્ત થયેલા અને જેમની મુખમુદ્રા થાકથી કિંવા અન્ય કોઇ પ્રકારથી વિષાદમય દૃષ્ટિગોચર થાય છે એવા, રાજવીની શિબિર પ્રતિ પગલાં માંડી રહ્યાં છે. તેઓ એવી નિર્ભયતાથી ચાલ્યા આવે છે કે એ જોઇ ઘડીભર આશ્ચર્ય થાય. ભલભલા ચંડ પ્રકૃતિના ખડ્ગધારી રક્ષકોને પણ તેમની સન્મુખ નજર કરતાં મસ્તક નમાવવું પડે છે. એ સ્વાંગમાં જ જાણે કે કોઇ અજબ જાદુ ન ભર્યાં હોય તેમ વિના રોક–ટોકે તેઓ ભૂપાળના મુખ્ય તંબુ પાસે આવી ઊભા રહ્યા અને દ્વારપાળને સૂચના કરી કે–

" પોતે રાજવીને મળવા માંગે છે. એ માટે શીઘ્ર પ્રબંધ કરે અર્થાત્ ઉચિત અનુજ્ઞા મેળવે. "

યુદ્ધના સમયમાં ચોકી કરનારા દ્વારપાળોને બહુ જ સાવચેતી રાખવી પડે છે. શત્રુસૈન્યના માણસો સાધુ-સંન્યાસી વિગેરેના કૃત્રિમ રૂપો ધારણ કરી કયાં તો બળમાપણી કરવાના હેતુથી કિંવા દગો રમવાની મલિન ભાવનાથી આવે છે અને એ દ્વારા જીતની બાજી હારમાં ફેરવી નાંખે છે. એટલા ખાતર છાવણીમાં સંત, મહંત કે ફકીરને ગમે ત્યાં બેધડક વિચરવાની છૂટ હોવા છતાં એ સંબંધી સખ્ત ચોકસાઇ રાખવામાં આવે છે. જાતજાતના પ્રશ્નો પૂછી તેઓ કયા હેતુથી આવેલા છે એનો નિશ્ચય કરાય છે.

આમ છતાં આ સાધ્વીમાતાને એવી કોઈપણ પ્રકારની આકરી કસોટીમાંથી પસાર થવાની જરૂર ન પડી, એ તેમની મુખમુદ્રા પર રમી રહેલી શાંતિનો પ્રભાવ હતો કિંવા તેમણે પરિધાન કરેલા અહિંસા-પ્રચારના સાધનસમાવેશનો પ્રભાવ હતો એ કહેવું મુશ્કેલ છે; છતાં એટલું કહેવું બસ છે કે તેઓને રાજવી કરકંડૂ સમક્ષ માનપૂર્વક લઇ જવામાં આવ્યા અને યોગ્ય આસન પર બહુમાનપૂર્વક બેસાડવામાં આવ્યા.

રાજન્ તરફથી વિનયપૂર્વક પ્રથમ આ પ્રમાણે પ્રશ્ન કરવામાં આવ્યો કે:—

" પવિત્ર ધર્મધારિણી માતા ! આપના કદમ આ તરફ શા કારણે થયા છે ? આપ સારી રીતે જાણો છો કે જે ધર્મનો આપ ઉપદેશ આપો છો અને જે જાતની શાંતિ સ્થાપવામાં આપ અહોરાત્ર મશગૂલ રહો છો એનાથી ઊલટું કરવું અને એમાં માનવતાને પણ ભૂલી જવી એ અત્યારે અમારું કાર્ય છે. મારફાડ ને રોકકળનો જ્યાં વેપાર ચાલે છે, અહિંસા કઇ ચીડીયાનું નામ છે એ પણ જાણવાની જ્યાં દરકાર નથી, સદાકાળ

હૃદય મરવું કે મારવું એવા ચિંતનમાં પડેલું હોય છે અને જ્યાં રક્તપાતથી ઉદ્વેગ આવવાને બદલે રાચવાપણું પ્રવર્તે છે ત્યાં તમારા સરખી દયાની દેવી અણધાર્યા પગ મૂકે એ આશ્ચર્યપૂર્ણ તો છે જ; પણ મારા અનુભવમાં તો આ પહેલો જ પ્રસંગ છે."

" રાજન્ ! વાત સાચી છે. સંસારના સંબંધોને ઠોકરે મારી, કેવલ આત્મકલ્યાણ અર્થે નીકળી પડનારા અને માત્ર પરમાર્થના કાર્યોમાં સ્વવાણીનો ઉપયોગ કરનારા નિર્ગ્રંથોને માટે આ સ્થાનમાં પગ મૂકવો સંભવતો નથી પરંતુ કોઇ એવા કારણો ઉપસ્થિત થાય છે કે જેથી તેઓના હૃદય આ તરફ સહજ ખેંચાય છે. "

" મારા ભાગ્યે આપ સરખા શાંતિના ફિરસ્તાના દર્શન થયા. આપ સૂચના કરો કે આ સેવકદ્વારા કયા કાર્યની આપને અપેક્ષા છે?"

" કરકંડૂ ! મારી એક જ સૂચના છે કે તું આ જાતના યુદ્ધથી વિરામ પામ. એમાં અધર્મ છે, જીવોનો સંહાર છે અને એ ઉપરાંત વિનયધર્મનું ઉલ્લંઘન પણ છે, જે તારા સરખા સુ-સંતાનને કદાપિ શોભતું નથી. "

" સાધ્વીમાતા ! આપ બીજું જે કંઇ કહો તે કરવા હું તૈયાર છું પણ રાજધર્મના પાલન અર્થે જે વસ્તુ આવશ્યક છે તે વાત ત્યજી દેવા હું તૈયાર નથી. આપ એમાં અધર્મ દર્શાવો છો એ આપની દૃષ્ટિએ ભલે વ્યાજબી હોય, પણ જ્યાં એથી પણ અતિ ઘણો અધર્મ વર્તી રહ્યો છે એવી આ ધરતી પર મેં મારા બાહુના સામર્થ્યવડે સત્ય અને નીતિ પાથરવાનો નિરધાર કર્યો છે. આ સંગ્રામ ખેલવાની મારી ઇચ્છા નહોતી પણ એ માર્ગે ચંપાપતિએ મને ફરજીયાત દોર્યો છે. "

" પવિત્ર માતા ! આપને એ સંબંધની ખબર નહિં હોય પણ મારે જણાવવું જોઇએ કે આ ધરતી પર ધર્મ અને સમા-

જના નામે પણ ઘણા ધતીંગો ચાલી રહ્યાં છે. એમાં સત્ય, નીતિ કે પ્રમાણિકતા જેવા અણમૂલા ગુણોનું ખૂન થઇ રહ્યું છે; છતાં એ ખૂન કરનારાઓ પોતાની જાતને પવિત્ર માને છે!

" મારી જ વાત કહું છું. ચંડાળને ત્યાં જન્મ્યો એટલે અસ્પર્શ્ય ગણાયો. કુદરતની કૃપાથી મને રાજ્યલક્ષ્મી પ્રાપ્ત થઇ છતાં મારા તરફ ઊંચ તરીકેનું ગૌરવ લેતાં દ્વિજ-સમુદાયનો વિરોધ ચાલુ જ રહ્યો છે. એક જ દલીલ કરવામાં આવે છે કે અસ્પર્શ્ય જાતિમાં જન્મેલો હું રાજા થઇ જ ન શકું. પવિત્રતાનું સંપૂર્ણ સ્વરૂપ બ્રહ્માએ માત્ર બ્રાહ્મણોને જ સોંપ્યું છે, પણ મેં મારા ભુજબળવડે એ ભૂદેવોનો ગર્વ તોડ્યો અને '**वीरभोग्या वसुन्धरा**' ની ઉક્તિનું રહસ્ય સમજાવ્યું. મારા જેવા સંખ્યાબંધ માનવીઓ કે જેઓ માત્ર જન્મથી જ નીચ ગણાતા હતા અને સમાજથી હડધૂત થઇ રહ્યા હતા તેઓનો ઉદ્ધાર કરી '**પવિત્ર આચરણ** કરનારા પવિત્ર ગણાય અને અધમ આચરણ કરનારા **નીચ ગણાય**' એવો પાઠ મેં પઢાવ્યો અર્થાત્ ઊંચનીચના ભેદો જન્મઆશ્રિત નહિ પણ કર્મઆશ્રિત છે એ વાત સાબિત કરી બતાવી. આ યુદ્ધનો આરંભ પણ મેં એક દ્વિજને વચન આપેલું કે 'તું માગે તે ગામ આપવું' તેના પાલન અર્થે કરવો પડ્યો છે. ચંપાપતિ દધિવાહન કે જે મારા કરતાં ઊંચ ગોત્રના આ દુનિયામાં મનાય છે એમને મેં ઇચ્છો પાઠવી નમ્રતાપૂર્વક જણાવ્યું કે " તમારું એક ગામ આ ઇચ્છો લાવનાર દ્વિજને બક્ષીસ આપો અને એના બદલામાં તમે માંગો તે મારું ગામ હું તમને આપું.' વચન પાળવાનો ધર્મ કે જેને હું મારા જીવન જેટલો જ કિમતી ગણું છું તે આ જાતની ગોઠવણ વિના બજાવી શકાય તેવો નથી." આના જવાબમાં એ રાજવી જણાવે છે કે-' તારા જેવા શૂદ્રને હું રાજા તરીકે સ્વીકારતો જ નથી, ત્યાં એ ઇચ્છામાં જણાવેલી

વાતનો અમલ તો ક્યાંથી જ કરું ? આ પ્રકારનો રૂક્કો પાઠવવામાં તેં મારું જે અપમાન કર્યું છે તે માટે યુદ્ધ કરવા તૈયાર થઈ જા.'

" પવિત્ર આર્યા ! મને કહેશો કે મેં શું ખોટું કર્યું છે કે જેનો જવાબ મને ઉપર પ્રમાણે અસભ્યતામાં આપવામાં આવ્યો ? પ્રતિજ્ઞા પાળવા સારુ મ્હોંમાંગી વસ્તુ આપીને એક ચીજ લેવી એ શું અધર્મ છે ? છતાં એથી ઊલટું વિનાકારણ, જેના પર ભાગ્યદેવીની કૃપા ઊતરી છે તેને તિરસ્કારના શબ્દો સંભળાવવા એ શું વ્યાજબી છે ? ધર્મનું સ્વરૂપ સમજનાર અને એનું પાલન કરવાનો દાવો કરનાર પાસેથી આ જાતનો વર્તાવ ! આ બધાથી મને ધર્મના બાહ્ય દેખાવ પર અભાવ જન્મ્યો છે, સમાજના ખોટા બંધારણો પર દ્વેષ ઉત્પન્ન થયો છે અને તેથી જ આ યુદ્ધ કોઈપણ હિસાબે મેં લડી લેવાનો નિરધાર કર્યો છે. જગતને હું બતાવવા માગું છું કે જેની ભુજાઓમાં વીરતા રમી રહી છે એ જ સાચો વીર છે અને બોલેલા વચનના પાલન માટે જે પ્રાણોની પણ કુરબાની કરી શકે છે એ જ સાચો ધર્માત્મા છે."

" રાજવી કરકંડૂ ! તારી વાત ન્યાય-તુલાએ તોલતાં સત્ય ઠરે તેવી છે, એમાં કિંચિત્ સંશય જેવું નથી; છતાં મારું હૃદય પોકારે છે કે તારે હજારો જીવોનો વિનાશ કરનારા આ ભયંકર યુદ્ધથી હાથ ઉઠાવવા. મેં પ્રથમ જણાવ્યું છે કે અમારી જેવા ત્યાગીઓનું વિનાકારણ આ તરફ આગમન થતું નથી.

"રાજન્ ! તું ચંડાળપુત્ર નથી. આજે જે જાતનો વર્તાવ કહેવાતા ઉચ્ચવર્ગ તરફથી અસ્પર્શ્ય તરીકે ઓળખાતા જન-સમૂહ પ્રત્યે થઈ રહ્યો છે એ અનુચિત છે એટલું જ નહિ પણ એને જૈનધર્મ જેવા આત્મકલ્યાણકર અને પ્રત્યેક આત્મામાં અનંતશક્તિ સ્વીકારનાર ધર્મનો ટેકો ન જ હોઈ શકે. એ સંબંધમાં તારા પ્રયાસો પ્રશંસનીય હોવા છતાં મારે કહેવું

ઘટે છે કે તું પોતે ભલે ચંડાલને ત્યાં ઊછર્યો છતાં જન્મથી ચંડાળ-પુત્ર નથી જ, તારી જન્મદાત્રી હું છું અને એ લોહીના સંબંધથી જ-અંતરના ઊંડાણમાં રહેલા પુત્રસ્નેહથી જ-અહીં ખેંચાઇ આવી છું. સુપુત્રનો ધર્મ માતા-પિતાનું બહુમાન સાચવવાનો છે. જૈનધર્મમાં વિનયને મુખ્ય સ્થાન અપાયેલું છે અને ખૂદ પરમાત્મા મહાવીર દેવે સ્વમાતાની ઇચ્છાનું પાલન કરી એનું ગૌરવ દેખાડી આપ્યું છે. તારાથી પણ એ વિનયધર્મનું ઉલ્લંઘન ન થાય એટલા સારુ હું વિકટ માર્ગમાં વિચરી, વિવિધ પરિષહો સહન કરી એનું ભાન કરાવવા આવી છું. તું જાણી લે કે ચંપાપતિ દધિવાહન એ તારા શત્રુ નથી પણ તારા પિતા છે."

"સાધ્વીમાતા ! આપ આ શું કહી રહ્યા છો ? આ વાતના અંકોડા મળે જ કેવી રીતે ? "

" રાજન્ ! તારે વાતના અંકોડા મેળવવાના અભિલાષ છે તો પછી એ જીવન કે જેને ઉકેલવાની મારી લેશમાત્ર ઇચ્છા નથી અને જેના પર મેં પડદો પાડેલો છે તેને પુનઃ એક વાર વર્ણવી બતાવવાની મને ફરજ પડેઃછે એટલે ન છૂટકે ટૂંકમાં જણાવું છું.

ચંપાપતિ સહ કેટલાક વર્ષો વૈભવવિલાસમાં વીતી ગયા. પછી એકદા હું સગર્ભા બની. મને જાતજાતના દોહળા ઉપજવા લાગ્યા. એક અભાગી પળે મને ઉદ્યાનવિહાર કરવાનું મન થયું. તરત જ સ્નેહી પતિ તરફથી એ માટેની યોગ્ય તૈયારી થઇ ચૂકી. અમો દંપતી હસ્તીપીઠ પર આરૂઢ થઇ, થોડા સંરક્ષક સૈનિકો સાથે ચંપાપુરીના ઘોરીમાર્ગે થઇ આગળ વધ્યા. હસ્તીની ગતિ પગલે પગલે વૃદ્ધિંગત થવા માંડી અને નગરીનો મુખ્ય દરવાજો મૂકયા પછી તો એ એટલો શીઘ્ર ગતિએ દોડવા લાગ્યો કે જાણે અમે આકાશમાર્ગે ઊડી રહ્યા હોઇએ એમ લાગ્યું. અંગરક્ષક સૈન્ય પાછળ પડયું, ઉદ્યાન પણ બાજુ પર રહી ગયું અને મહાવતે

હાથીને અંકુશમાં આણવા કરેલા પ્રયાસો નિષ્ફળ ગયા. ગજરાજ તો કોઇ વિલક્ષણ ગતિએ દોડવા લાગ્યો. કેટલીય ધરતી આ રીતે અમોએ પાછળ મૂકી અને જો અલ્પ કાળમાં હાથી પર કાબૂ ન રહે તો અન્ય રાજ્યના સીમાડામાં પહોંચવાનો ભય ખડો થયો. ભૂપાળે મહાવતને હાથીને અંકુશમાં આણવા સખત તાકીદ કરી, પણ એનું પરિણામ તો તદ્દન વિપરીત આવ્યું. ગજરાજે જોરથી કૂદકો મારી મહાવતને એક બાજુ ઝાડીમાં ફેંકી દીધો અને જાણે અમોને કોઇ નિશ્ચિત સ્થળે ઇરાદાપૂર્વક ઘસડી જવા માગતો હોય તેમ દોડવાનું ચાલુ જ રાખ્યું. હવે શું થાય ? આનંદવિહાર બાજુએ રહ્યો અને જીવનસંરક્ષણનો પ્રશ્ન ઉપસ્થિત થયો. કોઈપણ ઉપાયે એની પીઠ પરથી ઊતરવું રહ્યું, પણ તે બને કેવી રીતે ? એ કંઇ જેવોતેવો પ્રશ્ન નહોતો. આખરે ચંપાપતિને એક ઉપાય સૂઝ્યો. હાથી જે માર્ગે જઇ રહ્યો હતો તે તરફ થોડે દૂર વડની વડવાઈઓ લટકતી નજરે પડી. અમો ઉભય એની હેઠળ આવતાં જો એ પકડી લઈએ ને હાથીને એકલો પસાર થવા દઈએ તો પછી સર્વ કંઇ ઠીક થઇ રહે. જેમ ડૂબતો આદમી તરણું પણ પકડવા જાય તેમ અમે ઉભયે એ ઉપાય અજમાવવાનો નિશ્ચય કર્યો. વિચાર કરવાનો ઝાઝો સમય પણ નહોતો. વૃક્ષ નીચે આવ્યા. ભૂપે તો ઊછળીને વડવાઇ પકડી પણ હું તેમ ન કરી શકી.

બસ પળ વીતી ગઇ ! મનની મનમાં રહી ગઈ. રહ્યાસહ્યા આશ્રય સમા વહાલા પતિનો પણ આમ વિરહ થયો. હાથી તો નિમિત્ત માત્ર હતો, પણ એ પાછળ કોઇ અદૃશ્ય દૈવ આ બધી રમત રમી રહ્યું હોય એમ મને સ્પષ્ટ લાગ્યું. ઉપર આભ અને નીચે ધરતી. સ્વપ્નામાં જેમ એક પછી એક બનાવો ખડા થાય ને નષ્ટ થાય તેમ જાતજાતની અટવીઓ અને ગીચ ઝાડીઓ ઓળંગી ગજરાજ શીઘ્ર ગતિએ દોડ્યે જ જતો હતો. આ

એકાકી દશામાં મારો જે સમય વીત્યો એ જીવનભર ભૂલાય તેમ નથી. ખરેખર જગત શું ચીજ છે અને દુઃખ કેવો પદાર્થ છે એનો ત્યારે જ મને સાચો ખ્યાલ આવ્યો.

પિતાશ્રી ચેટકરાજને ત્યાં કે પતિદેવ દધિવાહનના મહાલયમાં મેં કોઈ જાતની તકલીફ–તંગાશ વેઠેલી નહિ, તેને આ જાતની પીડા 'કીડી પર કટક' જેવી થઇ પડી. જેની આજ્ઞા બજાવવા દાસ–દાસીઓ સદૈવ હાજર રહેતા, જ્યાં ભોગવિલાસના સાધનોની કમીના ન હતી અને જેને રંચ માત્ર પરિશ્રમ જવલ્લે જ કરવો પડતો, અરે! પ્રાસાદ બહાર જે વાહન વિના પગ પણ ન મૂકતી તે આજે એકાએક ભયંકર અટવીમાં એકલી, અટુલી, નિરાધાર દશામાં, હસ્તિસ્કંધ પર જીવન–મરણ વચ્ચે ભૂખી તરસી ઝોલા ખાતી હોય! એ ચિત્રનું સ્વપ્નું આણવું એ પણ ઉદ્વેગજનક છે તો આ તો પ્રત્યક્ષ બનાવ હતો. દુઃખીનાં દર્દોનો ખ્યાલ આવ્યો. પીડિતોના આર્ત્તનાદ પાછળનો સ્વર કેટલો સાચો હોય છે એનું ભાન થયું. 'માનવીએ મોટાઈ કે શ્રીમંતાઇ પ્રાપ્ત થતાં અભિમાની ન બની જવું જોઇએ' એ આપ્તવચનનો ભાવ સમજાયો; પણ આ બધા તરંગો અત્યારે તો પ્રયોજન વગરના હતા.

જે સ્થિતિ બદલાઈ ગઇ તેનો શોક નકામો હતો. ચાલુ સંયોગને આધીન બની, હિંમત ધરી કંઇ માર્ગ એવો શોધવાનો હતો કે જેથી આ મત્ત હાથીનો જલ્દી ત્યાગ કરી શકાય. આખરે તો ભલે હું અબળા હતી છતાં સત્ત્વશાળી ક્ષત્રિયની તનયા હતી ને? નબળાઇઓને ખંખેરી નાંખી, મન મજબૂત બનાવ્યું. ગતકાળની સતીઓના જીવન સ્મૃતિપટમાં તાજા કરી આવેલ સંકટમાંથી બચવાનો રાહ શોધવા નિશ્ચય કર્યો.

નિશાના શ્યામ અંધારા ઓસરી ચૂકયા હતા. ક્ષિતિજ પર સહસ્રરશ્મિની રક્તવર્ણી પ્રભા પ્રસરવા માંડી હતી. કરાલ ગર્જા-

રવથી ભયંકર ભાસતી અટવી, પક્ષીઓના મધુર કિલાકલાટોથી ગાજી રહી હતી. ભીતિના ઓળા અદ્રશ્ય થઇ ચૂકયા હતા અને એ સ્થાને કાનનઉચિત કુદરતી ઉત્સાહપ્રેરક વાતાવરણ ખડું થવા માંડયું હતું.

થોડે દૂર એકાદ સુંદર સરોવર દેખાતાં જ મારા ગજરાજે એની ગતિ ધીમી બનાવી. મને પણ લાગ્યું કે એ પાણી પીવા ત્યાં થોભે તો તે દરમિયાન મારે એનો સાથ જરૂર છોડી દેવો એ ઠીક છે. ખરેખર માનવ દૃઢ મન રાખી જે નિશ્ચય કરે છે તે જરૂર ફળવંત થાય છે જ. એની સામે કપરામાં કપરું વિઘ્ન પણ ટકી શકતું નથી તેથી જ ' મનુષ્ય ધારે અને પ્રભુ પાર ઊતારે ' અથવા તો ' God helps them, who help themselves.' જેવી ઉક્તિઓ પ્રચલિત બની છે.

ધારણા સાચી પડી. લીલાપૂર્વક ગજરાજે પાણી પીવા માંડયું અને સમય પૂર્વે જે જાતની ગાંડાઇનું પ્રદર્શન કરાવેલું તે તદ્દન નષ્ટ થઇ ગયું. સમીપવર્તી વૃક્ષનો આશ્રય લઇ, ધીમેથી હું ઊતરી પડી. આમ એક આફતમાંથી તો સ્વતંત્ર બની પણ, જ્યાં ચોતરફની આગ ભડકી રહી હોય ત્યાં એકાદ દિશાની મુક્તિનો શું અર્થ ? દિવસના વધવા સાથે ઉષ્ણતાનું જોર વધવા લાગ્યું હતું. ક્ષુધાને સંતોષવાનો ઉપાય પણ શોધવાનો હતો. વળી ગીચ જંગલમાંથી કોઇ વસ્તીવાળા પ્રદેશમાં પહોંચવાનું હતું. પગ માટે એ પ્રશ્ન તદ્દન નવો હતો, પણ સંયોગો જ મનુષ્યને મજબૂત બનાવે છે, તેમ મેં પણ એ બધી વિપત્તિઓ વચ્ચેથી માર્ગ કાઢવાનો આરંભ કર્યો. સાચે જ ' નિમિત્તવાસી આત્મા ' એ સૂત્ર ટંકશાળી છે ' A man is the creature of circumstances ' એ વાત ખોટી નથી જ.

મેં એક દિશા પકડી ચાલ્યા જ કર્યું. થાકતી ત્યારે થોડીક

વિશ્રાંતિ વૃક્ષની છાયામાં બેસીને લઇ લેતી. વૃક્ષના ફળથી અને સરોવરના કે ઝરણુનાં વહેતા જળથી ભૂખ–તરસને છીપાવતી હું આગળ વધી. દિવસનો અંત આવે તે પૂર્વે આશાનું એક કિરણ દેખાયું. દૂર એકાદ આશ્રમ જેવું જણાતાં જ મારા ચરણ મેં એ તરફ વાળ્યા. સંધ્યાની શીળી છાયા પથરાવાને થોડી વાર હતી, છતાં તે પૂર્વે મારે ત્યાં પહોંચી જવું જોઇએ, એવો નિરધાર કરી, થાક ને પરસેવાથી ગાત્ર ઢીલા પડ્યા હતા છતાં, મેં ગતિ વધારી. આશાતંતુ પર નાચતી હું એ સર્વ પરિશ્રમ કેવી રીતે સહન કરી ગઇ તે આજે યાદ કરું છું ત્યારે પણ સમજમાં આવતું નથી. એક જ જવાબ જડે છે અને તે એ જ કે—'એક મરણીયો જેમ સોને ભારે પડે તેમ એક કૃતનિશ્ચયી આત્મા સર્વ કંઇ કરી શકે છે. એની હામ સામે દુઃખો કે કષ્ટોનો રાશિ, અગ્નિ સન્મુખ જેમ ઘૃત પીગળી જાય તેમ, ઓગળી જાય છે' **'कार्यं साधयामि वा देहं पातयामि'** એ સૂત્રમાં એવું અમાપ બળ રહેલું છે. આશ્રમ સમિપ પહોંચતાં જ સામેથી બહાર નીકળતાં કષાયવસ્ત્રધારી કુળપતિના દર્શન થયા. હું કંઇ કહું તે પૂર્વે મારી સ્થિતિ સમજી જઇ, બે હાથ ઊંચા કરી તેમણે મને શાંત્વન આપ્યું, એટલું જ નહિ પણ પોતાના શિષ્યને હાક મારી મારું ભૂખ–તરસનું કષ્ટ નિવારણ કરવાની તેમ જ સંધ્યાપૂર્વે નજીકના શહેરનો માર્ગ બતાવવાની આજ્ઞા ફરમાવી બહાર નીકળી ગયા. આમ આશ્રમમાં થોડા સમયની શાંતિ મેળવી અને થાક પણ ઊતાર્યો. આહારપાણીના યોગે શરીરમાં ઉત્તેજના પણ પ્રગટી, પરંતુ હજુ શહેરમાં પહોંચવાનો અને ત્યાં સલામતીભર્યો આશ્રય શોધવાનો પ્રશ્ન નજર સામે ડોકિયાં કરતો હોવાથી કુળપતિના એક શિષ્ય સાથે હું આશ્રમ છોડી આગળ વધી. મનમાં પરોપકારપૂર્ણ સંન્યસ્તજીવન જીવનાર આ તાપસોને ધન્યવાદ દેવા લાગી. થોડું ચાલ્યા બાદ નગરની ભાગોળે અમે આવી પહોંચ્યા એટલે 'બહેન!

આ દત્તપુર નામનું પ્રસિદ્ધ નગર છે, ત્યાં જઇ તમે કોઇ પણ આશ્રયસ્થાન શોધી લેશો.' એમ કહી સંન્યાસી પાછો ફર્યો.

અજાણ્યું નગર, અજ્ઞાત રાજવી ! નારી જાતના સૌન્દર્ય પ્રતિ કામલોલુપ દૃષ્ટિએ જોનાર પુરુષવર્ગનો સંભવ અને મારા સરખી જનવ્યવહારથી તદ્દન અનભિજ્ઞ સગર્ભા રમણી ! આ પ્રકારની વિચિત્રતાઓમાં 'ક્યાં જવું અને શું કરવું ?' એ કંઇ જેવી તેવી મુશ્કેલી નહોતી. કદાચ 'ઓલામાંથી નીકળી ચૂલામાં પડવા જેવું થાય તો ? શિયલ સંરક્ષણનો સવાલ પણ ગંભીર ગણાય.' એટલે કેટલીક મનસ્વી ગાંધછોડના અંતે હું પૂછતી પૂછતી સાધ્વીજીના ઉપાશ્રયે પહોંચી. રાત્રિના સમયે એક ભાગમાં નિદ્રાનું સેવન કરવા અર્થે કોઇ પણ જાતની પૂર્વ ઓળખાણ વિના માત્ર સ્વધર્મીબંધુત્વના સંબંધથી મેં આશ્રય મેળવ્યો.

પુત્ર ! ત્યાંના નિવૃત્તિજનક વાતાવરણે, કોઇ પણ જાતની આધિ, વ્યાધિ કે ઉપાધિવિહુણા એ સાધ્વીમૈયાઓના આત્મચિંતનમાં રતપણાએ:મારા મનનું સુકાન ફેરવ્યું. મને દુઃખગર્ભિત વૈરાગ્ય ઉપજ્યો. જે સુખ માણ્યું હતું એ હવે સ્વપ્નમાં પુનઃ જોવાનો સંભવ ન હતો અને હોત તો પણ એ સંસારત્યક્ત સાધ્વીઓના જીવનમાં જે નિરવ ને ગાઢ શાંતિ નિરખી તે કરતાં વધુ આનંદજનક ન જ નીવડી શકત, એવી મારી દૃઢ માન્યતા થતાં, નીતિકારોએ વૈરાગ્ય કે સંયમને જ એક માત્ર ભય વગરનો માર્ગ કહ્યો છે, એ વાતની પ્રતીતિ નેત્ર સામે નિહાળી. બીજી સવારે એ પૂનિત પંથે વિચરવાનો નિરધાર કરી હું અમાપ શાંતિથી નિદ્રાનું આસેવન કરવા લાગી. એક વાત હું જાણતી હતી કે—

જૈનદર્શનમાં અમુક અયોગ્યતાવાળી સ્ત્રીને સંયમમાર્ગની દીક્ષા અપાતી નથી. એમાં નાના બાળકવાળી ને ગર્ભિણીનો સમાવેશ પણ થાય છે. આમ છતાં મેં ઇરાદાપૂર્વક મારી અવ-

સ્થા છુપાવી. કર્મવશાત્ એવી બુદ્ધિ જ મને સૂઝી કે જેથી મેં એ વાતનો સ્ફોટ સંયમ સ્વીકારતા પૂર્વે ન જ કર્યો. એથી જે વિકટ પરિસ્થિતિ ભવિષ્યમાં ઉત્પન્ન થઇ તે કહેવાને હું આગળ વધું તે પૂર્વે મારે એટલું તો કબૂલ કરવું જ જોઇએ કે મારી એ ઉતાવળ ને ભૂલનું પરિણામ જો યોગ્ય સહાય ન મળી હોત તો અતિ ભયંકર આવત. માત્ર મારી બદનામીનો પ્રશ્ન જ નહોતો, પણ એમાં જૈનદર્શન પર કાળી ટીલીનો પણ સવાલ હતો.

' વગર વિચાર્યું જે કરે, પાછળથી પસ્તાય ' એ લોકવાયકા પ્રમાણે મારે પણ પશ્ચાત્તાપના પાવકમાં ભારોભાર બળવું પડ્યું. ગર્ભની વાતના સંબંધમાં જરા પણ ઇસારો કર્યા વગર પ્રવ્રજ્યા સ્વીકારી તો લીધી પણ દિવસોના વહેવા સાથે શારીરિક ચિહ્નોથી સાધ્વીગણમાં મારી સ્થિતિ ગુપ્ત ન રહી શકી. નાના બાળકવાળી કે ગર્ભિણી નારીને દીક્ષા નથી આપી શકાતી એવું શાસ્ત્રકારોનું ફરમાન છે છતાં મારી દશા તરફ જોનાર સહજ કહી શકે કે હું સગર્ભા છું; તો પછી મેં પવિત્ર જીવન જીવવાના શપથ લીધા બાદ એ જીવનને કલંક પહોંચાડે તેવું આચરણ કર્યું છે? આવી શંકા સહજ ઉદ્ભવે. વળી મારા એકના દોષે સારો ય સાધ્વીગણ નિંદાય, તેમ જ વીતરાગદેવનો પવિત્ર પંથ વગોવાય, પણ એટલા મારા સદ્ભાગ્ય કે આવી વિષમ સ્થિતિ ઉપસ્થિત થાય અને જનતા ભીતરના ભેદ જાણે તે પૂર્વે જ મારી દક્ષ ગુરુણીની નજરમાં હું આવી ગઇ. એકાંતમાં જ્યારે મેં સર્વ વ્યતિકર ખુલ્લા હૃદયે કહી સંભળાવ્યો ત્યારે તેમને મારા વચનમાં વિશ્વાસ આવ્યો, એટલું જ નહિ પણ ' મનુષ્ય માત્ર ભૂલને પાત્ર છે ' અને ' કર્મના પ્રપંચોમાંથી ભલભલા વિદ્વાનો પણ નથી બચી શક્યા. ' એ સૂત્રોનું અવલંબન ગ્રહી, વિશ્વાસુ શ્રાવિકા મારફતે એવી તો ગુપ્ત રીતે કામ લીધું કે મેં પૂરા દિવસે એક પુત્રને જન્મ આપ્યો તરત જ તેને રત્નકંબલમાં

લપેટી હું સ્મશાનભૂમિમાં તેના પિતાના નામની એક મુદ્રિકા સહિત મૂકી આવી અને તેને એકાકી જોઈ ચંડાલ સ્વગૃહે લઇ ગયો તે ગુપ્ત રીતે નીરખી લીધા પછી હું ત્યાંથી પાછી ફરી ત્યાં સુધીનો સર્વ વ્યતિકર અમારા બે જણ સિવાય આજે પણ જગતની આંખથી અંધારામાં છે. જો કે એમ કરવામાં મેં જે ચારિત્રધર્મ સ્વીકાર્યો હતો તેને કેટલાક અંશે ક્ષતિ પહોંચી અને મારી સામે અતિચારની હારમાળા રચાઇ; છતાં નથી તો જૈનશાસનને કાળી ટીલી લાગી કે નથી તો એ અલ્પવયસ્ક અર્ભકનું અકલ્યાણ થયું. અતિચારનું સેવન કરીને પણ માતૃત્વનું પાલન કર્યું છે.

એ બાળક તે મારી સામે રહેલ રાજવી તું પોતે જ છે. મારા આટલા વર્ણન પછી એમાં શંકાને સ્થાન રહેતું નથી, છતાં વધુ સાબિતીની આકાંક્ષા હોય તો તારા દક્ષિણ હાથની અંગુલી પર જે મુદ્રિકા ઝગમગે છે એ તરફ નજર કર. એમાંનાં અક્ષર વાંચતાં આપોઆપ જણાઈ આવશે કે જેની સામે તું યુદ્ધ ખેડી રહેલ છે તે તારા પિતા અને એક સમયના મારા સ્વામી–નૃપતિ દધિવાહનનું તેમાં નામ છે. ”

“ હે જનની ! સ્વમુખે કથન કરેલ વૃત્તાંત અને આ મુદ્રિકાનો પ્રત્યક્ષ પુરાવો મારા જીવન પર નવો જ પ્રકાશ પાડે છે અને એથી મને ઘણો જ હર્ષ થાય છે, છતાં મારે દુઃખપૂર્વક કહેવું પડે છે કે આપની એક નાનીશી ભૂલથી–આગળ વધીને કહું તો સંતાન પ્રત્યેની બેદરકારીથી મારે કેવી કેવી અડચણોનો સામનો કરવો પડ્યો છે અને ઉચ્ચ કુળમાં જન્મવા છતાં કેવી અપકીર્તિ ને અવહેલના વેઠવી પડી છે તે આપ નથી જાણતા. આજે પણ મારી ઓળખાણ ચંડાળપુત્ર તરિકે જનતાના ચોપડે આળેખાયલી છે. મારું ‘ અવકર્ણિક ’ નામ તો આંગળીના ટેરવે ગણાય તેટલા માનવીઓ જાણતા હશે. બાકી બાજને : લઇ બણવાની આદતથી પડેલું મારું નામ ‘ કરકંડૂ ’ એ સુપ્રસિદ્ધ છે;

છતાં હું રાજપુત્ર છું એ તો હું પણ આજે જ જાણું છું. જો આટલી જાણ પ્રથમથી જ હોત તો સાધુયુગમે જે કાષ્ઠદંડને રાજ્ય દેનાર તરિકે વર્ણવ્યો અને મેં જે દ્વિજપુત્રના હસ્તમાંથી ઝુંટવી લીધો ત્યારે દત્તપુરના મહાજન સમક્ષ મારા ચંડાળ પિતાને ખોળા પાથરવા પડ્યા તે સમયે જ તેમ ન કરતાં જણાવી દીધું હોત કે–' વીરભોગ્યા વસુંધરા ' એ ઉક્તિ અનુસાર હું રાજબીજ છું ને કારણવશાત્ ચંડાળગૃહે ઊછરી રહ્યો છું, છતાં એ દંડ ભિક્ષાન્ન પર જીવન નિર્ભર કરનાર બ્રાહ્મણપુત્રના હસ્તમાં ન રહી શકે, એને ધરનાર તો મારા જેવો ક્ષત્રિયકુલોત્પન્ન અને માગવા કરતાં મરવું પસંદ કરનાર રાજપુત્ર જ હોઇ શકે. એની જ એમાં માલિકી હોય ! સિંહણના દૂધ માટે માટીનું વાસણ નથી ચાલી શકતું, તેને તો સુવર્ણપાત્રની જરૂર પડે છે, કેમકે તેમાં વસ્તુને જીરવવાની શક્તિનો પ્રશ્ન પ્રથમ વિચારવો પડે છે. પણ સાધ્વીમૈયા ! તમારી ગુસ્તાખીએ મારા ચંડાળપણાને આગળ આણ્યું. મહાજને ચંડાળ એટલે હલકટ–નીચ–પાપી–બૂરા કામ કરનાર અને ત્યાં રાજ્યદાયક દંડ સંભવી જ ન શકે. એવો ચૂકાદો આપ્યો. ચંડાળકુળમાં જન્મ્યા છતાં ઉત્તમ રીતે જીવન જીવી શકાય છે, અગર તો સારા સંસ્કારથી અધર્મના કાંઠે અવતરેલ માનવી ધર્મી પણ થઇ શકે છે એવો અપવાદ સરખો પણ ન સ્વીકારાયો. બસ એક જ વાત પકડી રખાણી. બ્રાહ્મણ એટલે સર્વ વર્ણોમાં ગુરુ તુલ્ય. ભલે પછી તેના આચરણોનું ઠેકાણું ન હોય, ભલેને ' **ब्रह्मं चरतीति ब्राह्मणः** ' એ વ્યાખ્યા નેવે મૂકાણી હોય.

" માતા ! આ જાતના ન્યાયથી જે ભૂમિ પર મારા ચંડાળ પિતાએ સારું ય જીવન વીતાવેલું, જે જ્યાંના હવાપાણીથી પોષાઇ સ્વજનવર્ગમાં જિંદગીનો મોટો ભાગ પસાર કરેલો એ બધાને મારે માટે અને મારી પાસેના કાષ્ઠદંડ માટે એકાએક છોડી

દેવા તૈયાર થવું પડયું. રાતોરાત ઉચાળા ભરવા પડયા! આ કંઈ જેવો તેવો દુઃખદ પ્રસંગ ન હતો. નિરક્ષર, દરિદ્રી અને માત્ર મજૂરી કરી પેટ ભરનાર વર્ગને કાયમી વસવાટ અને ચિરપરિચિત સહવાસ છોડતાં અને તદ્દન નવી દિશામાં પાસે કૂટી બદામ વગર પગલાં ભરતાં કેવી કપરી મુસીબતો વેઠવી પડે છે અને હૃદયમાં કેવો સળવળાટ ઉદ્ભવે છે, એ એનો અંતરાત્મા જ સમજી શકે છે. માલેતુજાર ને શ્રીમંતાઈમાં ઉછરેલા વર્ગને એ જીવનની ઝાંખી થવી પણ દુર્લભ છે. નીચગોત્રમાં અવતાર એ જરૂર પૂર્વોપાર્જિત માઠા કર્મોની નિશાનીરૂપ છે, છતાં એ સામે કુલીનવર્ગે તિરસ્કારની દૃષ્ટિએ જોવાનું નથી. કર્મે જેમને પાડેલા-દબાવેલા છે તેમના પ્રત્યે કરુણા રાખી, એમાંથી તેમનો ઉદ્ધાર કરવો એ જ કુલીનનો ધર્મ છે. એ પણ પોતાની જેવા જ આત્માઓ છે એ ભાવ ન જન્મે ત્યાં સુધી 'મરિચીભવ' ની વાત યથાર્થ નથી સમજાણી, અથવા 'મદ આઠ નિવારવારૂપ સજ્ઝાય' નથી ગળે ઊતરી એમ માનવું રહ્યું. જનતાનો મોટો ભાગ હજુ પણ એવા અંધારામાં આથડે છે. હજુ એના ગોત્રમદ ઓછા થયા નથી.

"જનેતા! વધુ દુઃખકથા તે શી કહું? સાધનવિહીન અમારું કુટુંબ ભૂખ તરસની પીડા વેઠતું, સતત ચાલીને માંડમાંડ કેટલેક દિવસે દત્તપુરની હદ વટાવી ચૂકયું. કંચનપુરની ભાગોળે આવતાં જ છૂટકારાનો દમ ખેંચ્યો. નોધારાના આધાર જેવા, રાય ને રંક પર એક સરખો ભાવ રાખી શીળી છાયા અર્પતા એક સુંદર ચંપક વૃક્ષ તળે વિસામો લેવા અમે સર્વ થોભ્યા.

"મુનિયુગલનું ભવિષ્ય સાચું પડયું. તે જ સવારે કંચનપુર-નરેશ અપુત્રિયો મરણ પામવાથી પ્રધાનવર્ગે નક્કી કરેલું કે હાથિણી જેના શિરે કળશ ઢોળે તેને રાજગાદી આપવી. ફરતી

ફરતી તે હાથિણી હું જ્યાં વિશ્રામ મેળવી રહ્યો હતો ત્યાં આવી અને મારા મસ્તક પર સૂંઢમાં રહેલા કળશથી અભિષેક કર્યો. ઘડી પૂર્વે રસ્તા પર ભટકનાર–ઘરબાર વગરનો એક ચંડાળપુત્ર આમ જોતજોતામાં રાજા બની ગયો. જરૂર એ દંડનો જ પ્રભાવ હું તો માનું છું. સાધુ મહાત્માના એ જ્ઞાન માટે વારી જાઉં છું. તેઓશ્રીની નિઃસ્પૃહતા ઊડીને આંખે વળગે છે.

" પણ માજી ! ત્યાં પણ મારું ચંડાળપણું આગળ આવે છે. મારા રાજા તરિકેના જીવનને માત્ર ગણત્રીના દિનો પસાર થાય છે ત્યાં તો પેલો ભૂદેવ મને શોધતો ત્યાં આવી ચડે છે અને જનતામુખે હાથિણીએ કળશ કર્યાની વાત શ્રવણ કરતાં જ એના હૃદયમાં અસૂયા ને રોષની પ્રબળ જ્વાળા ભભૂકી ઊઠે છે તેથી ઠેરઠેર મારી હલકી જાતિમાં જન્મની–ચંડાળપણાની કથનીઓ તેણે કથવા માંડી, પ્રજાને મારા પ્રતિ વિરોધ જગાડવા ઉશ્કેરી. બ્રાહ્મણસમુદાય કે જે પોતાની જાતને પવિત્રતાના અવતાર સમો લેખતો તે સૌ કરતાં પ્રથમ બળવામાં જોડાયો, પાછળ તે વર્ગની બુદ્ધિએ સંચરનાર અન્ય સમુદાયો પણ એમાં ભળ્યા અને એ રીતે મારી સામે પ્રજાનો પ્રબળ બળવો ફાટી નીકળ્યો.

" આ સમુદાયની માન્યતા જ એવી થઇ પડેલી કે હલકા કુળમાં જન્મનાર દરેક જીવ દરેક પ્રકારે હીણ, દીન ને પંગુ જ હોય. અન્ય આત્માની માફક તેને બોલવા કે વર્તવાના હક્ક હોય જ નહીં–તેને માટે ઉન્નતિ સાધવાના કે ઉન્નતપંથે પળવાના સાધનો સંભવી જ ન શકે. કર્મવશાત્ એ હલકા મનાતા કુળમાં પણ કોઈ પ્રબળ ભાગ્યશાળી અવતરી શકે છે એવું માનવાને પણ આ સમુદાય તૈયાર ન હતો.

" એ વખતે મેં જો ક્ષત્રિયોચિત મક્કમતા અને પરાક્રમ ન દાખવ્યાં હોત તો કયારનાયે તે લોકો ફાવી ગયા હોત, પણ;

ગમે તેવા પ્રબળ વિરોધ સામે ઝઝુમવાનો મારો અડગ નિશ્ચય જોતાં જ મારા સૈનિકો જરાપણ અંદેશામાં પડ્યા સિવાય મને વફાદાર રહ્યા અને ' માણસ ધારે, પ્રભુ પાર ઊતારે ' પોકાર પાડનારા દબાઈ ગયા. દ્વિજપુત્રને એની ઇચ્છા મુજબનું એક ગામ ઈનામ અપાવવાનું નક્કી થયું અને મેં પણ એ તકનો લાભ લઇ શુદ્ધિદ્વારા કેટલાય નીચ ગણાતા કુટુંબોને ઉદ્ધર્યા. તેમના દૈનિક કર્મો ફેરવી નાંખ્યા અને તે સર્વને બીજા કાર્યોમાં રોકી દીધા. આમ દૃઢ મનોબળથી માનવી, **જન્મથી ઊંચ કે નીચ નથી પણ પોતે જેવા આચરણ કરે તે અનુસાર અર્થાત્ કર્મથી તે પ્રકારના વ્યવહારનું ભાજન બને છે** એમ દેખાડી આપ્યું.

" સાધ્વીમૈયા ! મેં પ્રારંભમાં જણાવ્યું છે તેમ મારા વચનનું પાલન કરવા–દ્વિજપુત્રને તેની માગણી મુજબનું ગામ આપવા માટે જ આ યુદ્ધને મેં વહોરી લીધું છે. "

" વત્સ ! મારા જીવનવૃત્તના શ્રવણથી એ કોકડું ઉકેલવાનો માર્ગ સરળ થઇ ચૂકયો છે; માત્ર પગ ઉપાડવાની જ વાર છે. તને મારી એક ભૂલ ખટકે છે, પણ એ સંબંધમાં હું તારું ધ્યાન વીતરાગકથિત ' કર્મની વિચિત્ર ગતિ ' તરફ ખેંચું છું. એના સંકેત ફેરવવા જ્યાં ખૂદ અનંત બળના ધણી પોતે નથી ફાવ્યા ત્યાં મારા સરખી અબળાની શી વાત ? "

" સાધ્વી માતા ! હવે એ ગતકાળની વાતો પર મીટ માંડવાનું કંઇ પ્રયોજન નથી. ' જે કંઇ બને તે સારાને માટે જ ' એમ ધારી ચાલુ સ્થિતિનો વિચાર કરીએ. આપે મને પગલું ભરવાનો ઇસારો કર્યો પણ તમારી કુક્ષીએ જન્મેલ સંતાન તરિકે તેમ જ એક ક્ષત્રિયકુલાવતંસના પુત્ર તરિકે હું સામો એ રીતે તો નહીં જઇ શકું; તેમજ ' હું તમારો પુત્ર છું ' એમ કહી નહીં શકું,

પણ સાથોસાથ મારા પિતાશ્રીનો વિનય જાળવવાની ખાત્રી આપું છું એટલે એક જ માર્ગ ઊઘાડો છે કે આપ ત્યાં જઇ સર્વ વ્યતિકર જણાવી સુલેહસૂચક શ્વેત ધ્વજ ઊંચો કરાવો કે તરત જ હું મારા તરફથી તેવી ખાત્રી આપી, પિતાશ્રીના ચરણ ચુમવા ચાલ્યો આવીશ ને તેમના પગમાં પડીશ.

સંધ્યાના જેવા રંગ સોનેરી, વંધ્યાને લાડ લડાવ્યા;
જોબન ને તન ધન તેવા સમજવા, પાણીમાંના પડછાયા.

× × ×

ક્ષિતિપ્રતિષ્ઠિત નગરની ભાગોળે આવેલ મનોહર ઉદ્યાનમાં એક ત્યાગી મહાત્માના આજે પગલાં થયા છે. વંદનાર્થે આવનાર ભાવુક હૃદયો તેમની મુખાકૃતિ જોતાં જ ઘડીભર મંત્રમુગ્ધ થઇ જાય છે. તેઓ સંયમપથમાં એટલા તલ્લીન બનેલ છે કે મોટા ભાગે મૌન સેવનમાં જ સમય વ્યતીત કરે છે. નગરની જનતાએ પૂર્વે ઘણીયે વાર અનેક સંતના ચરણો ચૂમ્યા છે, છતાં આજે એને ઉક્ત મહાત્માના દર્શનમાં, તેમની દૈનિક ચર્યામાં વિલક્ષણતા ભાસે છે. જાણે કે કોઇ ચમત્કારિક વિભૂતિનું આગમન ન થયું હોય એવી ઊલટથી જનતા આજે મુનિશ્રીનું ભાવભીનું સ્વાગત કરી રહેલ છે. સારીય પ્રજા આ શ્રમણના દર્શનાર્થે ઊતરી પડી છે.

વાચકગણ ! આપણે પણ ત્યાં જ પહોંચવાનું છે, પણ અરે ! નગરની વસ્તી જેના માટે હિલોલે ચડી છે એ તો આપણા પૂર્વપરિચિત છે. બરાબર નિહાળતાં, વેશપલટો થયા છતાં, સ્હેજે ઓળખાય છે. અહો ! આ તો રાજવી કરકંડૂ. આપણે તો તેમને છેલ્લા સમરાંગણના શિબિરમાં જોયા હતા. તેમણે જ સાધ્વીજીને દધિવાહન ભૂપ સમિપે સુલેહના દૂત તરિકે મોકલેલા; તો પછી આ પલટો કેવી રીતે થઇ ગયો ?

એ જાણવા સારુ આપણે તેઓશ્રીને અત્રે મૂકી, પુનઃ એક વાર યુદ્ધભૂમિ પ્રતિ દૃષ્ટિપાત કરવો પડશે. સુલેહના દૂત તરિકે સાધ્વીજીએ બજાવેલ કાર્ય, પિતાપુત્રનું મિલન, અવકર્ણિકનો રાજ્યકાળ આદિ બનાવો વિલોકવા પડશે. એ વૈભવવિલાસને સાપ જેમ કાંચળીનો ત્યાગ કરી નાખે તેમ છોડી દઇ, આ વેશ અંગીકાર કરવામાં નિમિત્તભૂત કોણ થયું ? એ પણ જોવું જ પડશે. ત્યારે જ આ બદલાયેલી વસ્તુસ્થિતિનો યથાર્થ ખ્યાલ આવશે. ત્યારે જ અંતર્મુહૂર્ત્તમાં ભાવનારૂપી વિદ્યુતશક્તિ કેવું સંગીન પરિવર્તન પ્રગટાવે છે તેનો તાદૃશ ચિતાર નજર સમક્ષ ખડો થશે. એ વેળા જ સમજાશે કે એકાદી નાની ચીજ પણ જીવનપલટો આણવામાં કેવો ભાગ ભજવે છે.

ચંપાપતિની છાવણીમાં પ્રવેશ કરતાં સાધ્વી પદ્મશ્રી સહજ ઓળખાઇ ગયા. સંયમપથના કષ્ટોએ–કર્મ નિર્જરા અર્થે આચરવામાં આવતા તપ અનુષ્ઠાનોએ, દેહલતામાં કૃશતા આણી હતી છતાં ય મુખ પરની ગુલાબી અને લાવણ્યતા પૂર્વના જેવી જ હતી. એકાદ વાર થયેલ એ ચહેરાના દર્શન પણ સ્મૃતિપટમાંથી ભુંસાવા સહજ નહોતા, ત્યાં આ તો અમુક વર્ષોનો સહવાસ. સૈનિકગણ એ ભલી રાણીમાતાને કેમ વીસરી શકે ? તેઓશ્રીની શોધખોળ પાછળ દધિવાહન ભૂપે ઓછો પરિશ્રમ નહોતો સેવ્યો. મહિનાઓ દુઃખમાં ગાળ્યા હતા. એ પવિત્ર રમણીરત્નનું એકાએક આગમન થતાં જ ઘડી પૂર્વેના ભીષણ ને લડાયક વાતાવરણમાં એકાએક ખુશાલીનો અનેરો વાયુ ફુંકાયો. ભૂપ દધિવાહનને, પ્રેયસી પદ્માવતી જૈન આર્યાના લેબાશમાં પધારે છે એવા સમાચાર કર્ણપટ પર અથડાતાં, કોઇ નવીન દેશ જીત્યાથી જે આનંદ ઉદ્ભવે તેના કરતાં અધિક આનંદ ઉદ્ભવ્યો અને તરત જ પોતાના શિબિરમાંથી બહાર નીકળી સાધ્વીજીની સામે દોડી આવ્યો. પગલે પગલે સૈનિકોદ્વારા પ્રણામ કરાતા

એક સમયના દંપતી અથવા તો મહારાજ્ઞી અને મહારાજા છતાં વર્તમાન ક્ષણ પર નજર રાખી કહીએ તો ગુરુણી અને શ્રમણોપાસકનો માર્ગમાં જ ભેટો થયો.

આવી અનુપમ પળો કવચિત જ આવે છે અને એની સ્થિતિ અતિ અલ્પ હોય છે. એ સનાતન નિયમાનુસાર અહીં પણ જેમનું મન ત્યાગી જીવનરૂપી સુંદર કાનનમાં રમી રહ્યું છે એવા સાધ્વીજીએ થોડા શબ્દોમાં પોતાના આગમનનો આશય સમજાવતાં ઉચ્ચાર્યું કે–" રાજન્ ! આ ઘોર સંગ્રામને સત્વર આટોપી લેવાનું ફરમાન બહાર પાડો. આપ જેની સાથે યુદ્ધ કરવા કટિબદ્ધ થયા છો અને એ રીતે પૃથ્વીને રક્તરંગી બનાવવા ઇચ્છો છો તે વ્યક્તિ અન્ય કોઇ નહીં પણ આપનો આત્મજ છે. ગર્ભિણી અવસ્થામાં હસ્તિપીઠ પર હું રહી ગઇ અને આપે વટવૃક્ષની વડવાઈ પકડી છૂટકારો મેળવ્યો. એ વાતને વર્ષોનાં વહાણા વાયા છતાં આપ વીસરી તો નહીં જ ગયા હો. એ જ ગર્ભનો આ બાળક ! પ્રતાપી પિતાનો શૌર્યશાળી પુત્ર ! એ જ આપનો ગાદીવારસ ! "

" દેવી ! તમારી વાત સાંભળીને આનંદના પૂર ઉભરાય છે; છતાં ' આ તો ચંડાળપુત્ર છે ' એવો લોકવાયકા છે એનું કેમ ? વળી એ જ્યારે રાજવી છે તો તમો એની માતા તરીકે શા સારુ આ વેશમાં આવ્યા છો ? "

શંકાના સમાધાન અર્થે પુનઃ એક વાર સાધ્વીજીએ સ્વવૃત્તાન્તની વહી ઉકેલી અને યથાશક્ય ઉતાવળે સંકેલી. પરિણામે સુલેહનો શ્વેતધ્વજ ફરકાવવાના હુકમ છૂટ્યા. માનપુરસ્સર યુવરાજને તેડી લાવવાના નિશાનડંકા વાગ્યા. ત્યાં તો સામેથી ક્ષત્રિયકુલાવતંસ, પ્રખર મહારથી અને તેજસ્વી મુખમુદ્રાવાળા

કરકંડૂ રાજવીના પગલા થયા. પિતા-પુત્રનો પ્રથમ ભેટો થયો. ઉભય સૈન્યમાં હર્ષના જયનાદો પ્રસર્યા. ચંપાની પ્રજાએ છૂટકારાનો દમ ખેંચ્યો. પણ આ શું ? પેલા સાધ્વીમૈયા, જેમના પ્રયાસને આ શોભા આભારી છે એ, તો સ્વ ઉપકરણોને પીઠ પર બાંધી અરણ્યના માર્ગે વિચરવા તૈયાર થયા છે. એ જોતાં જ પિતા-પુત્ર ઉભય દોડી, પગમાં પડી, થોભી જવા વિનંતિ કરવા લાગ્યા. પણ એ શ્વેત વસ્ત્રમાં સજ્જિત મૈયાએ, સંસારના આવા ઘણા મિલનો, ક્ષણભરના આનંદો અને એની પાછળ વણઝારાની પેઠ સમા વિયોગજન્ય કષ્ટો જોયેલા અને અનુભવેલા એટલે એમાં ન રાચતાં તેણે એટલું જ ઉપદિશ્યું કે:—

" મહાનુભાવો ! મારા વ્રતને રખલના પહોંચાડીને પણ મેં મારી ફરજ અદા કરી છે-ઇપ્સિત કાર્ય પાર પાડયું છે. હવે ક્ષણભર વિલંબ મારે માટે અસહ્ય છે. જે ઉજ્જવળ પંથની હું પ્રવાસિની છું, જે આત્મકલ્યાણનું ધ્યેય મેં નિયત કર્યું છે, એ તરફ મને હવે પગલાં ભરવા દો. સંસારની આ બધી લીલાઓના ભૂગર્ભમાં એક મહત્ત્વનું રહસ્ય છુપાયું છે અને તે એ જ છે કે:—માનવભવ પુનઃ પુનઃ મળી શકતો નથી, તે તમે ન ભૂલશો. યુવાન અવકર્ણિકને હજી ઘણી અભિલાષાઓ હોય એ સમજાય તેવું છે, પણ વૃદ્ધ ભૂપાળ ! મસ્તકે શ્વેત રોમ નિરખ્યા છતાં આમ કયાંસુધી જોયું ન જોયું કરવા ઇચ્છો છો ? અવસર લાધ્યો છે તો એનો લાભ લ્યો. વિષયો માણી જાણ્યા તેમ એને તજી પણ જાણો. પ્રત્યેક કાર્યમાં ધર્મને દૃષ્ટિ સન્મુખ રાખશો એ જ અંતિમ સૂચના. "

એ શબ્દો સાથે સિનેમાનું ચિત્ર અદૃશ્ય થઇ જાય તેમ પદ્મશ્રી સાધ્વી વિહાર કરી ગયા; છતાં એમના હૃદયસ્પર્શી શબ્દોનો ગુંજારવ તો ચાલુ જ રહ્યો. દધિવાહનનું દૃષ્ટિબિન્દુ પલટાયું.

એની મોહદશા-પ્રમાદનિદ્રા ઊડી ગઇ. ચંપાનું રાજ્ય કરકંડૂને ભળાવી, ટૂંક સમયમાં એમણે પણ સંયમનો રાહ લીધો. એ સંબંધી વિસ્તારપૂર્વક વૃત્તાંત જાણવાના જિજ્ઞાસુએ 'ચાર પ્રત્યેકબુદ્ધનો રાસ' અથવા 'ચમત્કારિક યોગ યાને પ્રત્યેકબુદ્ધ ચરિત્ર' વાંચવું. હવે આપણે કરકંડૂ 'રાજા મટી સાધુ બન્યા' એ પ્રસંગ તરફ નજર ફેરવીએ.

રાજવી કરકંડૂને ગાયોના ગોકુળ રાખવાનો એક પ્રકારનો શોખ હતો એમ કહીએ તો ચાલે. એક વાર એવા એક ગોકુલમાં તરતનો જન્મેલો શ્વેતવર્ણી એક સુંદર વાછડો જોતાં જ એના પ્રતિ કુદરતી પ્રેમ પ્રગટ્યો. તરત જ ગોવાળને એ વાછડાને પેટપૂર્ણ દૂધ પાઇને ઉછેરવાની આજ્ઞા અપાણી. આમ 'Born with a silverspoon' એ ઉક્તિ અનુસાર ગળથૂથીમાંથી જ આ નવીન વાછડાને પોતાની માતાના દૂધ ઉપરાંત અન્ય ગાયોનું દૂધ પણ મળવા માંડ્યું. દૂધ જેવા પૌષ્ટિક પદાર્થ માટે શું કહેવાપણું હોય? આજનો વિજ્ઞાનયુગ પણ એમાં 'વીટામીન'(vitamin)નું અતિઘણું પ્રમાણ માને છે અને એ રીતે એનું મહત્ત્વ સ્વીકારે છે. ટૂંકમાં કહીએ તો દૂધના સંગીન આહારે વછેરાનું બંધારણ એવું તો સુઘટિત ને દૃઢ બનાવ્યું કે એ ભલભલા માતેલા સાંઢનો પણ બેધડક સામનો કરવા લાગ્યો અને સ્વબળથી જોતજોતામાં સૌને પરાસ્ત કરવા લાગ્યો. એના આવા પરાક્રમથી કરકંડૂ રાજા બહુ જ રાજી થવા લાગ્યા. દિવસાનુદિવસ એનો સ્નેહ આ પ્રાણી તરફ ગાઢ થતો ગયો. સર્વ પશુ-પ્રાણીઓમાં આ વૃષભ ધુરિણ મનાયો અને એક નાયકની જે રીતે બરદાસ્ત થાય એવી તેની ચાકરી થવા લાગી. પણ 'વેળા વેળાની છાંયડી!' 'ચાર દિવસની ચાંદરણી ને ઘોર અંધારી રાત!' આવી કહેવતો પાછળ રહેલા ગૂઢભાવને ઉકેલાય તો જીવનનું ઊંડું રહસ્ય ઝટ સમજાય. બાલ્યાવસ્થા

વીતી ને યુવાની આવી, પણ એ સાથે ઘડપણ આવશે એ પણ નિશ્ચિત છે જ. યુવાનીનો દોર ખતમ થવા લાગ્યો. જરા રાક્ષસી-એ પોતાની સત્તા જમાવવા માંડી, પુષ્ટ ગાત્રો ગળવા માંડ્યા, નેત્રોમાંથી પાણી ટપકવા લાગ્યું અને મ્હોંમાંથી લાળ પડવી શરૂ થઇ. વિશાળ કાયા પર કરચલી પડી. ગોવાળો દૂધ પાવા મહેનત કરે છતાં પૂર્વની માફક ન તો એ બળદ પી શકતો કે ન તો પચાવી શકતો. એક વેળા પ્રખરશીંગધારી ને બળવાન દેહવાળા સંખ્યાબંધ સાંઢો જેની સામે ઊભા રહેવાની હિંમત સરખી કરી શકતા નહોતા ત્યાં આજે નાના વાછરડાઓ પણ મસ્તી ખેલતા. એની ચોટો કેટલીયે વાર આ વૃદ્ધ વૃષભને લાગતી. માખીઓનો ગણગણાટ પણ વધી પડ્યો હતો, છતાં શક્તિહીન બનેલો, જરારૂપ ડાકિનીથી પૂર્ણપણે ગ્રસિત થયેલો અને લાચાર અવસ્થાની પારાકાષ્ઠાએ પહોંચેલો આ વૃષભ એ સર્વ સહન કરી રહ્યો હતો. એની અગાઉની સ્થિતિમાં પરિવર્તનનું ચક્ર એવું તો ફરી ચૂકેલું હતું કે એક વાર ખૂદ કરકંડૂ રાજવીને પણ ત્યાં આવતાં પ્રશ્ન કરવો પડ્યો કે:—" પેલો, મારો પ્રિય વૃષભ ક્યાં છે ? "

ગોવાળોએ જ્યારે આ ઘરડા બેલ તરફ આંગળી કરી ત્યારે ભૂપ ઘડીભર તો વિસ્મયતામાં ડૂબી ગયા. ' એ તે જ વૃષભ છે અને ઘડપણે તેની આ હાલત બનાવી છે ' એમ જ્યારે મજબૂત રીતે કહેવામાં આવ્યું ત્યારે નૃપે એ વાત સ્વીકારી; પણ એનો આંચકો એવો સજ્જડ લાગ્યો કે જેમ વેગથી માર્ગ કાપી રહેલા જહાજને એકાએક બરફના પહાડની ચોટ લાગે ને તેની જે દશા થઇ જાય તેના જેવું થયું. રાજવીએ જે આનંદ સાથે ગોકુલમાં પગ મૂકેલો તે આનંદ નીકળતાં ન રહ્યો. હૃદયમાં એક જ મંથન શરુ થયું કે " જ્યારે આવા મદોન્મત્ત વૃષભને પણ રાક્ષસી જરા વળગી પડીને શોષી રહી છે ત્યારે મારું શું ? આજે જે દશા એ પ્રાણીની તે જ દશા એક સમયે મારી થવાની ને ? આ

રાજ્ય, આ સૈનિકગણ, આ મનોહર ગાત્રવાળી લલનાઓ અને આ મહેલાતો એ બધામાંથી મને કોણ સધિયારો આપશે? મારું કષ્ટ કોનાથી કપાશે? '*असारमेव संसारं*' એ જ્ઞાની વાકય કેમ ખોટું કહી શકાય? છતાં હું હજી પણ મોહનિદ્રામાંથી કયાં જાગું છું? માતાએ સંસાર ઓળખ્યો, પિતાને નહોતો ઓળખાણો તે ઓળખાવ્યો પણ મને એ કયારે ઓળખાશે?

હે આત્મન્! જાગ, વિચાર, દૃષ્ટિ સમક્ષ ભજવાયેલ વૃષભના જીવનરૂપી નાટકને યથાર્થ જોઈ લે, સમજી લે અને સાચી શૂરવીરતા હોય તો નીકળી પડ. કર્મમાં શૂરત્વ ઘણું દાખવ્યું, હવે ધર્મમાં સ્વવીર્ય ફોરવ."

બસ થઈ ચૂકયો નિરધાર. રાજપૂતી વચન એ તો પથ્થર પર કોરેલો શિલાલેખ. રાજગઢમાં આવી પોતાનો નિશ્ચય પ્રમદાઓને જણાવ્યો. યુવરાજને ગાદીનશીન કરવાની તૈયારીઓ થઇ રહી. અંતરમાં તો ત્યાગની આગ ભભૂકી રહેલી હતી જ, એટલે 'ઘાવ ખિલાવત બાળ' ની માફક સર્વ ક્રિયાઓ પતાવી. જાતે જ ઉપાધિઓનો સંગ ત્યજી, સંયમનો સ્વાંગ સજી, અનગારત્વ સ્વીકાર્યું. પ્રત્યેકબુદ્ધ થઇ, ભૂમિતલ પર વિચરતાં, તપરૂપ દમનથી કાયાને દમતાં, સમ્યક્પ્રકારે યતિધર્મનું પાલન કરતાં, પરિષહ ને ઉપસર્ગોનો ઊઘાડી છાતીએ સામનો કરતાં કેટલા ય વર્ષો ગાળી, કર્મરિપુને એવો તો સજ્જડ ને સચોટ પરાભવ પમાડ્યો કે આજે તે નામશેષ બની ચૂકયો છે. ચહેરા પર જ્ઞાનપ્રભાના રેખાંકન થઇ રહ્યા છે, તેજસ્વિતાના ઓળા પથરાઈ ચૂકયા છે, અને શાંતિના એવા તો આંદોલનો ગુંજવા માંડ્યા છે કે એ સામે મીટ માંડનાર પ્રત્યેક વ્યક્તિને 'આ કોઇ ચમત્કારિક સંત છે' એવો સદ્ભાવ ઉત્પન્ન થાય છે. તેમનો વધુ સમય આત્મશોધનમાં અને મૌનમાં જ વ્યતીત થાય છે.

એકદા ક્ષિતિપ્રતિષ્ઠિત નગરના ઉદ્યાનમાં રહેલ ચતુર્મુખ યક્ષ-પ્રાસાદમાં એક અવનવી ઘટના બની અને તેને કારણે **કરકંડૂ** ઉપરાંત **નમિરાજર્ષિ, દ્વિમુખ રાજા** અને **નગ્ગઇ રાજવી**ના જીવનમાં પણ અસાધારણ પલટો થયો. અનાયાસે તે ચારે મુનિઓ જુદા-જુદા દ્વારથી પ્રાસાદમાં પ્રવેશ્યા. કરકંડૂને ખાજની (ખણુવાની) ટેવ હતી તેટલા માટે તેઓ સંયમ સ્વીકાર્યા છતાં એક સળી સાથે જ રાખતા અને ઇચ્છાનુસાર ખરજ ખણુતા. આ સમયે પણ તેમણે સળીનો ઉપયોગ કર્યો એટલે દ્વિમુખ મુનિ બોલી ઊઠ્યા કે-' રાજઋદ્ધિનો કાંચળીની માફક ત્યાગ કરવા છતાં આ સળીનો ત્યાગ કરી શકયા નહીં તે શું ?' દ્વિમુખ મુનિનું આ કથન સાંભળી નમિરાજર્ષિ બોલી ઊઠ્યા કે-' હે દ્વિમુખ અનગાર ! સર્વ ચિંતા ત્યજીને સર્વવિરતિ સ્વીકાર્યા પછી આ સળી સંબંધી ચિંતા શા માટે ?' નમિરાજર્ષિ પોતાનું વચન પૂર્ણ કરે તેવામાં નગ્ગઈ સાધુપ્રવરે જણાવ્યું કે-' હે ક્ષમાનિધિ નમિરાજર્ષિ ! તમે આવા નિંદા-વચનમાં કયાં અટવાઇ પડ્યા ?'

આ રીતે ચાલતી ચર્ચાના નિમિત્તભૂત પોતાને જોઈ કરકંડૂમુનિ સર્વને ઉદ્દેશી બોલ્યા : " હે દેવાનુપ્રિયો ! આત્માનું અહિત થાય તેવા કાર્યથી જે નિવારે તે જ સાચો હિતસ્વી ગણાય. દ્વિમુખના કથનથી મને લેશ માત્ર પણ દુઃખ નથી થયું. તેમનું કથન અક્ષરશઃ સત્ય છે. એક સળી માત્રનો પણ પરિગ્રહ મારે હવે શા માટે રાખવો જોઇએ ? " એ પ્રમાણે કહી પોતે ધ્યાનમગ્ન બન્યા. દ્વિમુખ રાજવીને પણ થયું કે-હું ઉપદેશ આપનાર કોણ ? નમિરાજર્ષિના મનમાં વિચાર સ્ફૂર્યો કે-ઉપાલંભ આપનાર હું કોણ ? નગ્ગઇ મુનિવરને પણ વિચારણા થઇ કે આ પરસ્પર હિત-વાર્તાને નિંદાની કોટિમાં ખેંચી જનાર હું પણ કોણ ? આ પ્રમાણે પ્રત્યેકના હૃદયપટમાં નવીન વિચાર-સાગર ઉછળવા

લાગ્યો અને સૌ કાયોત્સર્ગ ધ્યાનમાં લીન બન્યા અને શુક્લ-ધ્યાન ધ્યાતાં ચારેને એકી જ સાથે લોકાલોકપ્રકાશક, કૈવલ્યજ્ઞાન પ્રાપ્ત થયું. આ સંબંધી વિશેષ વૃત્તાંત જાણવાના જિજ્ઞાસુએ "ચાર પ્રત્યેકબુદ્ધ ચરિત્ર અથવા રાસ" વાંચવો.

અહીં તો કથાનકના ઉપસંહારમાં એટલું જણાવવું જ બસ થઇ પડશે કે–'નિમિત્ત પ્રાપ્ત થતાં દરેક આત્મામાં કોઈ અનેરો ઝણુઝણાટ ઉદ્ભવે છે. વળી એવા નિમિત્તો તો સહજ પ્રાપ્ત થઈ શકે છે, પણ જરૂર રહે છે માત્ર એ નિમિત્તોને પારખવાની અને એ ઝણુઝણાટને ઓળખી લઇ, એનો અમલ કરવાની, તેથી જ તક સાંપડતાં પૂરો લાભ લઇ શકાય એ સારુ જ્ઞાન-જ્યોતિને જાગતી રાખવાની જરૂર છે.

રાજર્ષિ કરકંડૂ પ્રાંતે મોક્ષે ગયા. એમનું જીવન સૌ કોઈને પ્રેરક નીવડો એ જ અભ્યર્થના.



પ્રસન્નચંદ્ર ભૂપાલ



"**અરે**! પણ તમે આમ વ્યાકુળ બની, ખાલી હાથે કેમ પાછી ફરો છો? તમોને ગભરાવાનું શું કારણ છે? તમને મારા ભાઇનો મેળાપ થયો કે નહીં?"

"અન્નદાતા! અમ સરખી પણ્યસ્ત્રીઓને–આપ સરખા ભૂપનું જેમના શિરે છત્ર વર્તે છે એવી વારાંગનાઓને–અન્ય ગભરાટ તે શો હોય? આપે દર્શાવેલા આશ્રમે પહોંચતા જ 'ભાવતું હતું ને વૈદ્યે કહ્યું' એ ઉક્તિ અનુસાર જેમના અંગ ઉપર વલ્કલનો પોશાક શોભી રહ્યો છે એવા એક મુગ્ધ કુમારનો અમને ભેટો થયો. ઇંગિત આકારથી એ જ આપના ભ્રાતા વલ્કલચીરી હોવા જોઇએ એમ ધારીને અમોએ અમારી માયાવી જાળ બિછાવવા માંડી. અમારા સરખી નારીજાતિને એ કુમારે જ્યારે 'તાત' શબ્દથી સંબોધન કર્યું અને હાથ જોડી નમન કર્યું ત્યારે અમને ઉપજેલ કુતુહળને અમે માંડ માંડ રોકી શક્યા. કુમારની મુગ્ધતાનો યાને વ્યવહારઅનભિજ્ઞતાનો પારો કેટલી પરાકાષ્ઠાએ પહોંચ્યો છે તેનો સહજ ખ્યાલ આવ્યો. અમોએ કુમારને નજીક ખેંચી છાતી સરખો ચાંપવા માંડ્યો. સાથે લઇ ગયેલ સ્વાદુ મોદક તેની સામે ધર્યા. આમ સ્પર્શ ને રસરૂપી સાણસામાં સપડાયેલ કુમારે, જાણે આજે કોઇ અનોખું દૃશ્ય ન જોયું હોય તેમ, લલના જાતિના કુદરતી કોમલ સ્પર્શથી પ્રેમાર્દ્ર બની, પ્રથમ પ્રશ્ન એ કર્યો કે 'તમો સર્વને છાતીના ભાગ પર આ કુંભો શાથી ઉપસી આવ્યા છે?' વળી મોદકની મીઠાશ અનુભવીને બીજો પ્રશ્ન કર્યો કે–'આ ફળો કયા આશ્રમમાં પેદા થાય છે?' ટૂંકમાં કહીએ તો, પોતનપુરના સ્વામી! લગભગ યુવા-

વસ્થાના આંગણે ઊભા રહેનાર આપના બંધુનું જીવન તદ્દન નિષ્કપટ હતું–જાણે યુગાદિ પ્રભુના સમયનો એકાદ યુગલિક ! હૃદયહારનું ભોળપણ.

" તરત જ તે વેળા અમારી ચક્ષુઓ ભૂતકાળમાં ઊંડી ઊતરી પડી. પોતનપુરના શૃંગારભરપૂર આવાસમાં ક્રીડાકેલી કરતાં અને પાકી વય થતાં માંડ આપ સરખા પુત્રનું મુખ–દર્શન કરવાનો જેમને યોગ સાંપડ્યો છે એવા **સોમચંદ્ર** રાજા અને **ધારણી** રાણી માતાને જોયા. તે વેળા આપ જ માત્ર સંતાનમાં હતાં. વર્ષો વીતવા છતાં અન્ય પુત્ર કે પુત્રીના પગલા જ નહીં. આશાવંતું જીવન જીવતાં એ દંપતીના કેશો પણ શ્યામ વર્ણ બદલી શ્વેતવર્ણી થવા લાગ્યા. તેવામાં રાણી ધારણીને ગર્ભ રહ્યાના આછા ચિહ્ન જણાયા. એકાદ પ્રસંગે સ્વામીના મસ્તકમાં કૃષ્ણ કેશ વચ્ચે એક શ્વેત વાળ જોતાં જ સહસા તેનાથી કહેવાઇ ગયું કે–' **નાથ ! દૂત આવ્યો.** '

" સોમચંદ્ર ભૂપને અંતઃપુરના આ એકાંત પ્રદેશમાં એકાએક દૂતનો પ્રવેશ અજાયબીભર્યો જણાયો, પણ દૂતરૂપે જરાડાકિનીરૂપ પળીઆના રાણીએ જ્યારે દર્શન કરાવ્યા ત્યારે નૃપને પોતાના પૂર્વજોનો રિવાજ યાદ આવ્યો. વૃદ્ધાવસ્થા આવ્યા છતાં પોતે મોહનિદ્રામાં લીન છે એ જોઇ ગ્લાનિ ઉપજી. યૌવન અદૃશ્ય થતાં જ, રાજ્યવિલાસને તજી દઇ સ્વેચ્છાએ વનવાસ સ્વીકારનાર પોતાના પિતાની તુલનામાં પોતે પંગુ સમાન જણાયો. તરત જ કુમારને રાજ્ય પર બેસાડી વાનપ્રસ્થાશ્રમમાં પગલાં માંડવાનો નિરધાર કર્યો. આ સામે ભાગ્યે જ દલીલને સ્થાન હતું. ધારણી રાણી પણ આગ્રહ કરી રાજવી સહ સિધાવી. મહારાજ ! આપ ગાદીનશીન થયા એ સુવર્ણ દિન પોતનપુરની પ્રજા ભૂલી શકે તેમ નથી. વનમાર્ગે સિધાવતાં આપના માતા-

પિતાને જોયેલા ત્યારપછી આજે કેટલાયે વર્ષો બાદ ધારણી દેવીના ચહેરાની તાદૃશ્યતા ધરાવનાર તરુણ વલ્કલચીરીને જોયો એટલે જ એ પ્રસંગ યાદ આવ્યો. જન્મતાં જ જેણે માતાનો અંક (ખોળો) ગુમાવ્યો અને કેવલ સંન્યાસી જીવન ગાળનાર પિતા સિવાય જેને નથી તો અન્યનો સમાગમ થયો કે નથી તો અન્યનો આશ્રય મળ્યો. પછી એ કુમારમાં બાલોચિત મુગ્ધતા દૃષ્ટિગોચર થાય એમાં શી નવાઇ! સર્વ કોઇને એ 'તાત' કહી સંબોધે એમાં શું આશ્ચર્ય! વનના મૃગો સિવાય એને મિત્રતા પણ કોની સાથે હોઇ શકે? મહારાજ! આટલો કાળ આપે કેમ દુર્લક્ષ્ય દાખવ્યું?"

"ભોળી વામાઓ! તમને કયાંથી ખબર હોય કે મેં મારા એ બંધવને અત્રે આણી ઉછેરવા પિતા સમક્ષ કેટલા પ્રસ્તાવ ધર્યા હતા? પણ જ્યારે એમાં સફળતા ન મળી ત્યારે જ કૂટનીતિથી કામ લેવાનો મનસૂબો કરી તમારો સધિયારો શોધવો પડ્યો છે.

"તમે પણ મૂળ મુદ્દો ચૂકી શા કારણે રામની રામાયણ કરો છો? ઝટ કહી નાંખો કે પછી બન્યું શું? મારા એ માડી-જાયાને અહીં આણ્યા વગર મને કોઇપણ રીતે ચેન પડનાર નથી. એના સુંદર ગાત્રો પર છાલ–પાંદડાંના ઢાંકણ જોઇ અને અપસરતું એનું નિરસ જીવન જોઇ, મારું અંતર બળીને ખાખ થઇ જાય છે. મારી વેદના દુનિયાને શી રીતે દેખાડાય? કોણ જાણે કેમ પણ પિતાજીને એ કુમાર નજર સામેથી અળગો કરવો ગમતો જ નથી. એથી તો એને સંન્યસ્ત જીવનના પાઠ પઢાવી રહ્યા છે. સંસારના વિષયવિલાસથી કે ક્ષત્રિયોચિત કળાકૌશલ્યથી દૂર રાખી રહ્યા છે. મારા સરખા સાચું કહેનાર પર પણ આંખ રાતી કરે છે."

"મહારાજ! અમને પણ એ જ ભીતિ લાગી. કુમારને મીઠી વાણીથી ભોળવી, વારંવાર સ્પર્શવડે મોહિત બનાવી,

એના શબ્દોમાં કહીએ તો પોતનાશ્રમ(પોતનપુર)માં આવવા સારું ઈંતેજાર કરી જ્યાં ચાલવાની તૈયારી કરી ત્યાં દૂરથી ચાલ્યા આવતા સોમચંદ્ર ઋષિને જોતાં જ અમારા ગાત્ર ગળવા લાગ્યા. 'કદાચ રોષમાં આવી જઈ કંઈ શ્રાપ આપી દેશે તો' એ વિચારે અમારા હૃદય એટલી હદે વિહ્વળ બન્યા કે તરત જ અમે આડા માર્ગે નાશી છૂટ્યા. પછી કુમારનું શું થયું તેની કંઈ ખબર નથી, પરંતુ નગરદ્વાર પર આવતાં એક રથીના મુખથી સાંભળ્યું કે ઋષિના આશ્રમમાંથી એક તદ્દન ભોળો તાપસકુમાર નગરમાં આવ્યો છે. અરે! એનું ભોળપણ અને અજ્ઞાનતા એટલી હદે ફાલ્યાં છે કે તે માર્ગે નર-નારી આદિ જે કોઈ મળે તેને 'તાત, તાત' કહીને સંબોધે છે અને હાથ જોડીને નમન કરે છે. રથમાં જોડેલ બળદોને તે મૃગલા સમજે છે અને મોદકને ફળ લેખે છે."

"ત્યારે તો જરૂર તમારી મહેનત લેખે લાગી. એ બધું નગરમાં આવેલ છે તો હવે સહેજે પત્તો લાગી જશે."

તરત જ ચોતરફ સૈનિકોને દોડાવવામાં આવ્યા. પણ્યલલનાઓને પારિતોષિક આપી વિદાય કરવામાં આવી અને ભૂપ પ્રસન્નચંદ્ર અંતઃપુરમાં જવા સારુ આગળ પગલાં ભરે છે ત્યાં તો સૈનિકોએ વલ્કલચીરી હાથ લાગ્યા માત્રની જ નહિ, પણ એ ઉપરાંત કામલતા વેશ્યાની પુત્રી કામકંદલા સહ તેનું પાણિગ્રહણ થઈ ચૂકયાની તેમ જ ત્યાં નિશ્ચિતપણે દંપતીજીવનની મોજ માણી રહ્યાની વધાઈ આપી. રાજવી પ્રસન્નચંદ્રની જે ચિરકાલીન મનોકામના હતી તે આમ ઘર આવેલી જોતાં, તેને અતિ આનંદ થયો.

અન્ય સમય હોત તો વેશ્યાપુત્રીને રાણીપદે બેસાડતાં વિલંબ કરત, એમ કરનાર પ્રત્યે સત્તાનો કોરડો ફેરવાત; પણ એને સ્થાને આજે તો વેશ્યાના આદરમાન થયા. અરણ્યના અનિષ્ટ પ્રદેશમાં કેવલ પશુ જેવું જીવન જીવતાં સ્વજંઘવને વેશ્યાએ માનવીજીવનમાં પગલાં ભરાવ્યા હતા. એની તનુજાએ

અલ્પકાળમાં કળાકેલિ અને વારાંગનાસુલભ કુશળતાથી કુમારની મુગ્ધતાને પાણીચું દઈ એનામાં ગૃહસ્થજીવનની રસ લ્હાણ પાથરી દીધી હતી. શુષ્કતા અને ઉદાસીનતાને સ્થાને રસવૃત્તિ ને પ્રમોદ પ્રગટાવ્યા હતા. તે જ આદરમાનનું કારણ હતું. આજે કુમારની નજરમાં–' **सारं सारंगलोचना** ' પદ જોરશોરથી ઉછળતું હતું. રાજવીએ **'स्त्रीरत्नं दुष्कुलादपि'** એ સૂત્રનું અવલંબન ગ્રહી, વાજતે-ગાજતે એ દંપતીને રાજમહાલયમાં પ્રવેશ કરાવ્યો. વલ્કલચીરીને યુવરાજપદે સ્થાપ્યો. આનંદ મંગલસૂચક વાજીંત્રો વાગી રહ્યા.

આ તે જ પ્રસન્નચંદ્ર કે જે, મગધના કુમાર શ્રેણિકની સાથે ચૌદ સ્વપ્નસૂચિત જેમનો જન્મ થયો છે એવા ત્રિશલાસુત વર્ધમાનસ્વામી જ્યારે યુવાનવયમાં પ્રવેશ્યા ત્યારે મિત્રતાની ગાંઠ બાંધવા આવેલા હતા. વર્ધમાનકુમાર ચક્રવર્ત્તી થાય તો બાળપણની મિત્રતા કામ લાગે એ આશય તે સમયે અંતરમાં રમતો હતો, પણ જ્યાં વર્ધમાનકુમાર આગાર છોડી અનગાર બન્યા કે આ જોડી ત્યાંથી સ્વસ્થાને ચાલી ગઇ. મિત્રતાના મીઠા પ્રસંગોમાં પણ આ યુગલ ત્યાગજીવનની સૌરભથી અલિપ્ત રહ્યું હતું. ઉભયમાં કામિનીઓના કાતીલ કટાક્ષ અને શૃંગારી હાવભાવ પ્રત્યે ગાઢ મોહ ઉપજ્યો હતો, તેથી જ તેમના અંત:પુરમાં રૂપની રાશિ સમી–મદનપ્રિય રતિને પણ કામક્રીડામાં પરાભવ પમાડે તેવી સંખ્યાબંધ રમણીઓ હતી. તેમના જીવનમાં ધર્મ કરતાં વૈભવ, વિલાસ, રાજ્ય અને ક્રીડાની મસ્તી અગ્ર ભાગ ભજવતી હતી.

આટલી પ્રસ્તાવના પ્રસન્નચંદ્ર નરેશના વર્તમાન જીવનના મૂલ્યાંકન માટે પર્યાપ્ત છે. વલ્કલચીરી તરફનો બંધુપ્રેમ માત્ર ત્યાગ મૂકાવી, રાગમાં રેલાવી ન સમાવતા એને પણ સંખ્યાબંધ રાજપુત્રીઓ સહ પાણિગ્રહણ કરાવી, નામ માત્ર વલ્કલચીરી રાખી, ખરેખરો વ્રજવિહારી બનાવી દેવામાં સાર્થક્ય કર્યું.

× × ×

આશ્રમમાં જન્મથી જ જેને ઉછેરવાનો ભાર વહન કર્યો છે એવા ઋષિ સોમચંદ્રની સ્થિતિ વલ્કલચીરીના અચાનક ગુમ થવાથી અતિ શોકજનક થઇ પડી. સંન્યસ્ત જીવન જેવી નિર્લેપ દશામાં પણ પ્રેયસી ધારિણીની આ આખરી ભેટ સ્નેહના તારને ગૂઢ રીતે ગંઠી રહી હતી. એટલે જ પીડાની ઉષ્ણતા વધી પડી. ત્રીજે દિવસે જ્યારે પ્રસન્નચંદ્ર અવનીપતિએ વલ્કલચીરી સંબંધીનો સુખરૂપ સંદેશ આપ્યો ત્યારે માંડ માંડ આ વૃદ્ધે પારણું કર્યું. આમ છતાં એની સ્મૃતિમાંથી એ કુમાર કદી પણ વિસ્મૃત ન જ થયો. સંન્યાસી સોમચંદ્રના એકાંત જીવનમાં એ આશાવાહિનીનો અદૃશ્યપણે ભાગ ભજવી રહ્યો.

રમણીઓ સહ રતિક્રીડામાં, વડીલ બંધુ સાથે કથાકેલિમાં એક સમયના મુગ્ધકુમારે બાર વર્ષ જેવો લાંબો કાળ પાણીના વહેણ સમ વહેવડાવી દીધો. દરમિયાન ઉભય બંધુઓના આવાસમાં સંખ્યાબંધ અર્ભકો કાલું કાલું બોલી ક્રીડા કરતા થઇ ચૂકયા. દાંપત્યજીવનના સ્વર્ગીય સુખમાં કોઇને પણ સોમચંદ્ર ઋષિનો આશ્રમ સાંભર્યો નહીં. ભોગવૃત્તિના ઘેનમાં 'ઉદય પાછળ અસ્ત' કિંવા 'દિન પાછળ રાત' અવશ્ય આવે છે એ સનાતન નિયમને તદ્દન વિસરી ગયા, પણ કુદરતને ઘેર સ્ખલનાનો સંભવ કયાંથી હોય? એની ઘડિયાળ વિના ચાવી ફેરવ્યે નિયત સમય જણાવે છે. તલમાત્ર ત્યાં આઘું પાછું થતું નથી. અચાનક રંગમાં ભંગની પળ આવી ચૂકી. એક ચમકારાથી જ મોહના પડલ ચીરાણા અને પુનઃ એ વલ્કલચીરીના કદમ અરણ્ય તરફ થયા. પ્રસંગ સાધી એક નાનો બાલુડો લાડ કરતો વલ્કલચીરીના ખોળામાં ચઢી બેઠો. એ તરફ દૃષ્ટિ ખેંચાતાં જ વલ્કલચીરીને પોતાની શિશુવય યાદ આવી. તરત જ મનોમંથન આરંભાયું. એક જ પ્રશ્ન વારંવાર ઉદ્ભવવા લાગ્યો કે 'જન્મતા જ જેની માતાનું મૃત્યુ થયું છે એવા મને ઉછેરી મોટો કર્યો એવા

વૃદ્ધ પિતાને એકાકી ત્યજી દઈ હું આ વૈભવવિલાસમાં ચકચૂર બન્યો છું. પિતાના ઉપકારનો બદલો વાળવામાં અસમર્થ ને કૃત્રિમ સ્નેહધારી એવા મારી શી ગતિ ? મારાથી કોણ બીજો નિષ્ઠુરતામાં ચઢતી પાયરીએ હશે ? સંધ્યાના ઓળા ઊતર્યા. નાનુંશું બાળક તો તેની જનની સમીપ પહોંચ્યું છતાં વલ્કલચીરીના તાર તૂટ્યા તે તૂટ્યા જ–ભજન અધૂરાં જ રહ્યાં. જે ઝાટકો લાગ્યો તે ન જ ભૂસાયો. રાત્રિ વીતતાં જ તે એકદમ વડીલ ભ્રાતા સમિપ પહોંચ્યો અને પિતાના દર્શને જવાની અનુજ્ઞા માગી. દર્શન ન થાય ત્યાંસુધી ભોજન ન લેવાની સ્વપ્રતિજ્ઞા પણ કહી સંભળાવી.

આશ્રમે જવાની ઇચ્છા ઢીલી છતાં પ્રસન્નચંદ્ર રાજાએ અન્ય ઇલાજ ન દેખવાથી સાથે જવાની તૈયારી કરી. જ્યાં ઉભય પવિત્ર ભૂમિ સમિપ આવી પહોંચ્યા ત્યાં વલ્કલચીરી પોતાની સ્મૃતિ તાજી કરી, ભૂલાઈ ગયેલો ઇતિહાસ તાજો કરતો વૃક્ષ, ફૂલ અને ફળ સંબંધી વૃત્તાન્ત સ્વભ્રાતાને સંભળાવવા લાગ્યો. સોમચંદ્ર ઋષિના ચરણમાં પડી ઉભયે વંદન કર્યું. ઘણા સમયે સંતાન-મુખદર્શનથી સંન્યાસીને પણ આનંદ થયો, તરત જ વલ્કલ-ચીરીની દૃષ્ટિ એક સમયના પોતાના તાપસજીવનમાં રોજ ઉપ-યોગમાં આવતાં પાત્રો કે જેના ઉપર રજના ઘેરા આવરણો છવાયાં હતાં તે તરફ પડી. પોતાના ઉત્તરીય વસ્ત્રથી એનું પ્રમાર્જન આરંભ્યું.

અંતરમાં ઇહા–અપોહના તાર ઝણઝણવા માંડ્યા. મેં પૂર્વે આ રીતે મુનિના ઉપકરણો–વસ્ત્ર–પાત્ર પ્રમાર્જ્યાં છે એવી દૃઢ પ્રતીતિ જોર કરવા લાગી. જેમ બોઈલિર તપતાં વરાળ વધુ જોર કરે તેમ સ્મૃતિ–ધારણાનું બળ વધ્યું અને જાતિસ્મરણ જ્ઞાન પ્રાપ્ત થયું. પોતાનો પૂર્વભવ જોયો. એ ભવમાં ગુરુ સમિપે ભાગવતી દીક્ષા સ્વીકારેલી અને શુદ્ધ રીતે એનું પાલન કરેલું તે સર્વ નજર સામે રમવા માંડ્યું. પણ એ ચારિત્ર આયુષ્ય

અલ્પ હોવાથી મોક્ષદાતા ન બની શક્યું. એથી દેવગતિ મળી. ત્યાંથી મારો આ જન્મ એક રાજપુત્ર તરીકે થયો, પણ પેલી મનોવાંછિત દેનારી જિનદેવપ્રરૂપિત પ્રવ્રજ્યા ક્યાં? ભાવના વિદ્યુત્‌વેગે વધવા લાગી.

રાજ્યલક્ષ્મી અસાર દેખાણી, રમણી સાથેના ભોગ દારુણ રોગ સમ જણાયા અને માનવીજીવન એ તો હાથીના કર્ણ સમું ચપળ લાગ્યું. **अनित्यं संसारे भवति सकलं यन्नयनगम्।** એ મહાસૂત્ર અંતરગુહામાં પ્રબળ ભોમપૂર્વક ધોધ સમ વહી રહ્યું. એનાથી કર્મપંક ધોવાઈ ગયો અને ઉપકરણોની પ્રમાર્જના ચાલું છે ત્યાં જ કૈવલ્યજ્ઞાન ઉપજ્યું.

× × ×

" ત્રણ જગતના સ્વામી! આપે શું કહ્યું? આપશ્રીનો જવાબ શ્રવણ કરવામાં મારી ભૂલ તો નથી થતી? "

" શ્રેણિકરાજ! મેં સાચું જ કહ્યું છે. અત્યારે ભૂપ પ્રસન્નચંદ્ર કાળ કરે તો અવશ્ય સાતમી નરકે જાય. "

પ્રભુ શ્રી મહાવીર દેવ પોતે આ વાત કરનાર એટલે શ્રેણિકરાજને એ સ્વીકારી લેવું પડ્યું. એ સ્થાને જો અન્ય કોઇ કહેનાર હોત તો તે હરગીજ કબૂલ ન કરત. શ્રી વીરનું આટલું સ્પષ્ટીકરણ છતાં શ્રેણિકભૂપના મનમાં તો એ સંબંધમાં વસવસો ચાલુ જ રહ્યો. મન હિંડોળે ચઢયું ને તરંગોની શ્રેણી સમુદ્રમાં ભરતી ટાણે આવતાં મોજાં સમ ઉભરાવા માંડી.

આ પ્રકારનું દારુણ તપ તપનાર, જેના ગાત્રો પ્રતિ દૃષ્ટિ નાખતાં કેવળ હાડકાની ખોખરમાળ સિવાય ભાગ્યે જ બીજું નયનપથમાં આવે. મારા એક સમયના એ પ્રભાવશાળી ને પ્રખર સાહસિક મિત્રના પૂર્વ જીવન સહ તેના આજના જીવનનું તોલન

કરું છું-તેના રાજ્યકાળના શૌર્ય, દેહકાંતિ અને અમાપ ભોગ-વિલાસિતા કે અવર્ણનીય આડંબર લાલાયિતા સાથે આજના સંયમીજીવનની, એમાં પગલે પગલે નિતરતી રુક્ષતા-ઉપેક્ષાવૃત્તિ, પુદ્ગલ સંબંધી સુખો તરફ વિરાગદશા અને માત્ર ધ્યાનદશા પ્રતિ એકાગ્રતાની-સરખામણી કરું છું ત્યારે વિનાસંકોચે એ સુહૃદ મટી સંત બનેલા આત્માના ચરણમાં મારું મસ્તક સહજ અવનત થાય છે. અગાધ વૈભવને, સંખ્યાબંધ લલનાસમૂહની મોહજાળને એકાએક ફગાવી દેનાર, આ મહાત્મા તરફ બહુમાન પેદા થાય છે. હજી અલ્પ સમય પૂર્વે મારી સગી આંખે તો હું જોઉં છું કે પહાડની કંદરાના એકાંત પ્રદેશ પર કોઈ પણ પદાર્થ તરફ એકાદું મટકું પણ માર્યા સિવાય નીચી દૃષ્ટિએ તેઓ કાયોત્સર્ગ મુદ્રામાં ધ્યાનમગ્ન બડા છે. આવી વિરાગદશા ! આ જાતની કષ્ટસહનતા ! આ પ્રકારની પૌદ્ગલિક લાભો તરફ બેદરકારી ! છતાં એનું ફળ ? -નરક ! શું આ સંભવી શકે ? તો તો પછી સ્વર્ગ કે મોક્ષ માટે કેવી કરણીનું પ્રમાણપત્ર જોઇએ ? એ મહાત્મા નરકે જાય તો પછી સ્વર્ગ અપવર્ગના દ્વાર સદાને માટે બંધ જ રહેવા જોઇએ. એમાં જનાર જવલ્લે કોઈ જીવ જ જડી આવે !

અંતર કબૂલી શકતું જ નથી કે પ્રસન્નચંદ્ર રાજર્ષિ નરકે જાય, પણ શ્રી મહાવીરદેવ સ્વમુખે વદે છે કે અત્યારે એ જો કાળ કરે તો ચોક્કસ સાતમી નરકે જાય. શ્રી વીરનું વચન એટલે સો ટચનું સોનું. એમાં શંકાને સ્થાન જ ન હોઇ શકે, તો પછી આ ગૂંચ ઊકેલાય કેવી રીતે ? દૃષ્ટિ જુદું દેખાડે છે, મન જુદું મનાવે છે, અંતરનો અવાજ કોઇ જુદો ઊઠે છે; છતાં શ્રદ્ધાના તારમાંથી અનેરું જ સંભળાય છે.

યુગાદિ જિનેશના કૈવલ્યની સાથોસાથ ચક્રરત્નની ઉત્પત્તિ પ્રસંગે જેવી દશા ભરતરાજની થઇ હતી એવી જ અત્યારે મારી સ્થિતિ છે. સૌ કોઇ શાણાનો મત અંતરના અવાજની સ્વીકૃતિ-

માં પડે છે, છતાં શ્રી વીરવચનની અડગ શ્રદ્ધા ડગમગી શકે જ કેમ ? મેરુપર્વત સમ એ ધીર અને અડગ છે. જ્યાં બુદ્ધિની મર્યાદા અંકાય છે ત્યાંથી જ શ્રદ્ધાનો જન્મ થાય છે. સમજુ-વર્ગનો એ અભિપ્રાય છે. એ સ્વીકારવામાં જ ડહાપણ છે.

છતાં પુનઃ એક વાર ફરીને પ્રભુને પ્રશ્ન કરવાનું નિશ્ચિત થાય છે, પરંતુ એ પ્રશ્ન પૂછાય તે પૂર્વે પાત્રોનું પ્રમાર્જન કરતાં વલ્કલચીરીને થયેલ કેવળજ્ઞાન, એ વેળા પ્રસન્નચંદ્ર ભૂપની ત્યાં હાજરી, સંસારના રસરાગોથી આકંઠ ભરેલો એ અવનીપતિ એકાએક રાજગિરિની ગુફાઓમાં સાધુરૂપે દેખા દે એ કેવી રીતે બન્યું તે જરા જોઇ લઇએ.

વિદ્યુત્શક્તિના જાતજાતના પ્રયોગો નજર સામે નિહાળતાં ને બટન દાબતાં અસંખ્ય દીપકો ઝળઝળાયમાન થતાં અનુભવતા આ 'યુગ' વાસીને સમયના ચક્રની ગતિનો ભાસ સુલભ છે. 'સમય માત્ર પ્રમાદ ન કરીશ' એવું શ્રી ગૌતમ પ્રતિનું શ્રી મહાવીરદેવનું વચન કેટલું સારગર્ભિત છે એનો એ ઉપરથી સહજ ખ્યાલ આવે છે. 'સમયે' અને 'અંતર્મુહૂર્ત્તે' હજારોના જીવનો ઉન્નત બનાવવામાં, જેમ નાનોસૂનો ભાગ નથી ભજવ્યો તેમ હજારોના જીવનો પતિત કરવામાં પણ કચાશ નથી રાખી. અતિ નાનો જણાતો સમય એવા તો પલટા કરી મૂકે છે કે જેને યથાર્થપણે સમજવા સારુ વર્ષોના વહાણા વાય. એ સૂક્ષ્મ જણાતા વખતની વિચારણા કે એ વેળાના મનપરિણામ પરથી બનેલા બનાવોની નોંધ લેવી હોય તો કથાનુયોગના પાના ફેરવી જોવા. જે 'તરંગ' ભોગી ભરતને ત્યાગી બનાવે છે તે 'તરંગ' સુભૂમને પંચત્વ પમાડે છે. અલબત્ત, એની પાછળ ભાવના ભિન્ન ભિન્ન રહેલી છે છતાં કાળના માપ તો એના એ જ છે.

વિજળીનો એક ઝટકો જેમ દીપક પ્રકટાવે છે તેમ સર્વ ભસ્મીભૂત પણ કરી નાખે છે. ઉપયોગ કરનારની જેવી કાર્ય-દક્ષતા; એ તો સાધન માત્ર છે. તેથી જ ' નિમિત્તવાસી આત્મા ' એ વચન ટંકશાળી છે. વલ્કલચીરીની સાથે આવનાર પ્રસન્નચંદ્ર ન તો સંસારથી કે રમા અને રામાના વિલાસથી નિર્વેદ પામ્યા હતા કે ન તો એની ઐહિક સુખ માટેની લાલસા ઓછી થઇ હતી. તેના મનમાં ભાઈને પાછો વાળી લાવવાના કોડ હતા. એ પિતાના વચનથી ભોળવાઇ ન જાય એ સારુ તો તેનો સાથ છોડતા ન હતા; છતાં વિધિના રાહ અનેરાં હતા.

વલ્કલચીરીના કેવળજ્ઞાને એવો સખત ઝટકો માર્યો કે એથી પ્રસન્નચંદ્ર ભૂપની કલ્પનારૂપી આખી હવેલી તૂટી પડી. એકાએક જીવનપલટો થઇ ગયો. એની દુનિયા જ ફરી ગઈ.

કેવલીની દેશના સાંભળી સોમચંદ્ર ઋષિને તાપસ મટી નિર્ગ્રંથનો વેશ સ્વીકારતા જોયા, ઉભયને નેત્ર સામેથી વિદાય લેતા પણ જોયાં અને એ સર્વની પાછળ એક જ નાદ પોતાના કર્ણમાં જોરશોરથી પડતો સાંભળ્યો અને તે એ જ કે—' **જાગ અને જો** '

નિતરું સત્ય ચક્ષુ સામે હતું. વલ્કલચીરીનું આખું ય જીવન બોધપાઠરૂપ હતું. આખરી એક જ ધ્વનિ વારંવાર ઊઠતો કે- ' જે એણે સાધ્યું તે પોતે કેમ ન સાધી શકે ? '

પોતનપુરનો માર્ગ વિચારમંથનમાં ક્યાં ય પસાર થઇ ગયો એ તેને ન જણાયું. આખરી એક જ નિશ્ચય થઇ ચૂકયો કે જે માર્ગે પિતા અને ભાઇ ગયા એ જ માર્ગ પોતે ગ્રહણ કરવો, તો જ ઇષ્ટસિદ્ધિ થવાની. ક્ષત્રિવટના ' પણ ' (પ્રતિજ્ઞા) એ તો વજ્રલેપ સમા અતૂટ હોય. સર્પ જેમ કાંચળીનો ત્યાગ કરી નાંખે તેમ નૃપતિ પ્રસન્નચંદ્રે તરુણ કુમારને ગાદીનશીન

કરી, સચિવને રાજ્ય ભળાવી, અંગનાઓને ત્યાગજીવનની સૌરભમાં શા શા જાદુ ભર્યા છે એનો ખ્યાલ કરાવી, શ્રી વીરના સમવસરણનો પંથ લીધો. ભાગવતી દીક્ષા સ્વીકારી દુર્ધર તપ તપવા અને કર્મમળને ખપાવવા ગિરિગુફાનું શરણ શોધ્યું.

વૈભારગિરિના માર્ગે થઇ સમવસરણ તરફ જતાં શ્રેણિક ભૂપાળે એ જ સાધુ પ્રસન્નચંદ્રને ધ્યાનમગ્ન નિરખેલા. પાછળથી એ રસ્તે પસાર થતા પહેરેગીરો સુમુખ ને દુર્મુખ જે વાર્તાલાપ કરી રહ્યા હતા તે પરથી ધ્યાનભગ્ન થવાનો પ્રસંગ ઉદ્ભવ્યો.

સુમુખે રાજવીનો સંસારત્યાગ વખાણ્યો પણ એ સામે દુર્મુખે સ્વભાવાનુસાર વાંધો લેતાં જણાવ્યું કે–" ભાઈ ! રાજકાજના અભ્યાસહીન કુમારને ગાદી આપી, આ રાજાએ સંયમ લેવામાં ઉતાવળ કરી છે એ ઠીક નથી કર્યું. આજે એ પોતનપુરના રાજ્યની કેવી માઠી દશા થઈ રહી છે ? સીમાડાના રાજાએ ચઢાઇ કરી, મંત્રીમંડળમાં ફૂટ પડાવી, કુમારનૃપને કેવા વિષમ સંયોગોમાં મૂકી દીધો છે ? એનો વિચાર કર. એ દારુણ સ્થિતિ આ ભૂપના અવિચારી પગલાને જ આભારી છે."

એ પહેરેગીરો તો વાતો કરતા આગળ વધ્યા પણ જેના કર્ણમાં એ શબ્દો પહોંચ્યા છે એવા એક સમયના રાજવી પ્રસન્નચંદ્ર પોતાનું ધ્યાન ચૂકયા. પોતે કઇ દશામાં અને કેવા વેશમાં છે એનું એમને વિસ્મરણ થયું. ક્ષાત્રતેજનો દુર્ધર્ષ આવેગ પ્રગટી નીકળ્યો. નસેનસમાં વીરતા પ્રસરી ગઇ. પોતે સમરભૂમિમાં જાણે યુદ્ધ ખેલી રહ્યા હોય અને સીમાડાના રાજા સામે વૈરાગ્નિનો બદલો લઈ રહ્યા હોય એવા ભાવમાં તે મશગૂલ બની ગયા. પ્રભુના પ્રત્યુત્તર કાળે તેઓ મનપ્રદેશમાં મહાભયંકર યુદ્ધ ખેલી રહ્યા હતા. સંખ્યાબંધ શત્રુસૈનિકોનો સંહાર કરી શત્રુ સામે ખડા થયા હતા. એક જ વિચારમાં રમી રહ્યા હતા કે 'મારી

હૈયાતિમાં એક નાનકડો ઠાકરડો મારા દેશની આવી સ્થિતિ કરે! મારા તનુજને આ રીતે રસ્તાનો રખડતો ભિખારી બનાવે!'

આ પ્રકારના વૈરીના નાશમાં એટલી હદે એ લયલીન થઈ ગયા કે જાણે લડતાં લડતાં પોતાની પાસેના સર્વ શસ્ત્રો ખલાસ થઈ ગયા. શત્રુ સામે ફેંકવાનું કંઈ સાધન ન જોતાં તરત જ હાથ માથા ઉપરનો લોઢાનો ટોપ લઈ ફેંકવાના વિચારથી માથા તરફ વળ્યો. ત્યારે જ શુદ્ધિ ઠેકાણે આવી. લુંચિત મસ્તક ટોપ તો ન આપી શકયું પણ સાચું ભાન કરાવવામાં નિમિત્તભૂત બન્યું. વેશ કે આચાર પણ ભૂલા પડેલાને પાછા વાળવામાં સહાયક થઈ શકે છે એ વાત આ પરથી પૂરવાર થાય છે. લોચ કરેલ માથાએ પોતે આજે રાજવી નથી પણ સાધુ છે એ વાતનો સાક્ષાત્કાર કરાવ્યો. તરત જ મન-ભૂમિકામાં વિચાર-સરણી પરિવર્તન પામી. વૈરતૃપ્તિને ઠેકાણે 'મારે હવે સંસારની બાબતો સાથે શું સંબંધ' એવા ભાવને સ્થાન મળ્યું. ભૂલ્યા ત્યાંથી ફરીથી ગણવાનું શરુ થયું.

મગધના સ્વામી તરફથી આ જ સમયે પ્રભુશ્રી મહાવીરને પુનઃ પ્રશ્ન પૂછાયો. જવાબમાં પ્રભુશ્રીએ જણાવ્યું કે–" અત્યારે મૃત્યુ પામે તો પ્રસન્નચંદ્ર મુનિ સ્વર્ગે જાય " એવો ઉત્તર મળ્યો. આ સાંભળીને શ્રેણિકરાજનું આશ્ચર્ય વધી પડયું. પ્રભુશ્રી તરફથી આમ વિચિત્ર ઉત્તરો કેમ મળે છે ? એવો પ્રશ્ન અંતરમાં ઉદ્ભવ્યો અને આથમ્યો. એ સંબંધમાં તદ્દન સ્પષ્ટતાથી જાણી લેવાની તમન્ના જાગ્રત થઈ. ત્યાં તો દેવદુંદુભિના સ્વર કર્ણપટ પર અથડાયા.

પ્રભુશ્રીએ ઉચ્ચાર્યું: " શ્રેણિકરાજ! તમારા મિત્ર પ્રસન્નચંદ્રને કેવળજ્ઞાન થયું."

" નાથ! આપ આ શું વદી રહ્યા છો ? એક વાર નરક, બીજી વાર સ્વર્ગ અને હવે કૈવલ્ય! આ જાતની વિચિત્રતાઓ અને તે પણ આપ જેવાના મુખમાં ? "

" નરેંદ્ર ! એમાં કંઇ આશ્ચર્ય નથી. સમયે સમયે મનના પરિણામો બદલાય છે અને જેવા આત્માના પરિણામો એવી ગતિના દળિયા બાંધે છે. " એમ કહી પ્રસન્નચંદ્ર મુનિના મનમાં ચાલતા સંગ્રામ વેળા કહેલી નરકગતિનો અને ટોપને સ્થાને મૂંડાયેલું શિર જોતાં બદલાયેલા પરિણામ વેળાની સ્વર્ગ-ગતિનો સમન્વય કરી અંતમાં જણાવ્યું કેઃ-

" પોતે ત્યાગીજીવનમાં છે, અનગાર ધર્મમાં છે-એવો ખ્યાલ આવતાં એ જીવનને રંચમાત્ર પણ ન છાજે એવા વિચારો કર્યા એ બદલ સખત પશ્ચાત્તાપ શરૂ કર્યો. કોનો પુત્ર ને કોનું રાજ્ય ? એ ભાવ પર આહલેખ જગાવ્યો. અનિત્યાદિ ભાવનાઓના પ્રબળ ઘસારાવડે કર્મપંકને ધોવા માંડ્યો. આત્માને નિર્મળ બનાવ્યો એટલે વિભાવદશા ભાગી ગઇ અને સ્વભાવ દશાનો ઉદ્યોત પ્રગટ્યો. એ જ કેવળજ્ઞાન. ' તેથી જ **'કર્મે શૂરા તે ધર્મે શૂરા'** જેવા વચન અસ્તિત્વમાં આવ્યા છે. એટલા સારુ તો કહેવું પડ્યું છે કે-' **मन एव मनुष्याणाम्, कारणम् बंधमोक्षयोः।** '

માનવીનું મન એટલે એની વિચારમાળા જ બંધન કે છૂટકારામાં નિમિત્તભૂત બને છે; તેથી જ મન પર અંકુશ રાખવાની વાત પર અતિ ભાર મૂકવામાં આવ્યો છે.

આમ ભલભલા ભોગીઓ અને રાગદશામાં આકંઠ ભરેલાના આત્મિક કલ્યાણ જોતજોતામાં સધાઇ ગયા.

શ્રીમદ્ આનંદઘનજી યોગીરાજે બરાબર જ ગાયું છે કે- ' મન સાધ્યું તેણે સઘળું સાધ્યું ' એ વાત તદ્દન સાચી છે.

અંતિમ રાજર્ષિ ઉદ્દાયન

"પૂજ્ય સંત! આપ જો નિવૃત્તિમાં હો તો આપનું જીવન-વૃત્તાન્ત શ્રવણ કરવાની મને અભિલાષા વર્તે છે." અભયકુમારે ગુરુવંદન કરી, બેઠક લેતાં પૂછ્યું.

"મંત્રીશ્વર! મારું જીવનવૃત્તાન્ત! ભલા એમાં શું માલ છે? અન્ય પુણ્યશ્લોકી મહાત્માઓના ચરિત્રો કયાં ઓછા છે?"

"પણ ક્ષમાનિધાન! આપની આત્મકથા આપશ્રીના મુખે જાણવામાં કંઈ ખાસ હેતુ હોય તો જિજ્ઞાસુ જીવને એ સંભળાવવા જેટલો આપ પરિશ્રમ ન લ્યો?

"સૂર્યનો અગાધ પ્રકાશ પથરાયેલો હોવા છતાં, ગૃહના અંધકારથી આચ્છાદિત કમરામાં જવા સારુ તો દીપકની જ આવશ્યકતા રહે છે."

"અમાત્યમણિ! ભલે, જો તારી એ મનોકામના જ હોય, એ દ્વારા તને કંઈ લાભ થવાનો હોય તો, મારા ભૂતકાલીન જીવનના ખાસ પ્રસંગો પર નજર નાંખી જવામાં મને વાંધો નથી. સંતના જીવનમાં પરોપકાર સિવાય અન્ય ધર્મ શો હોઈ શકે?

"મારું જીવન, તારા જેવા બુદ્ધિનિધાનને દીપિકાની ગરજ સારે એ મારું અહોભાગ્ય."

"પૂજ્ય શ્રમણ! પ્રભુશ્રી મહાવીરદેવના મુખેથી સાંભળ્યું કે 'ભાગવતી દીક્ષા સ્વીકારનાર આપ છેલ્લા રાજન છો' ત્યારે મારા આનંદનો–મારા હર્ષનો જાણે મહાસાગર ઉછળી રહ્યો. આપ નોંધી રાખો કે એ અર્ધી લીંટીમાં મારા જીવનનો અનુપમ

દ્હાવ સમાયો છે. આજે એ પરનો પડદો ઉચકવા હું તૈયાર નથી, છતાં ભાર મૂકી મારે કહેવું જોઇએ કે–મારા માટે એ જીવનમરણનો પ્રશ્ન છે. It is a question of life & death."

" સચિવશ્રેષ્ઠ ! જ્યારે તારી ઉત્કટ સિદ્ધિ કે પ્રબળ સાધનાનો તાર મારા જીવનપટ સાથે સંકળાયેલો ભગવાનના વાક્યથી પૂરવાર થાય છે ત્યારે એ જીવનમાં ડોકિયું કરવાને હું પણ તૈયાર જ છું. તારી દૃષ્ટિ મહાસાગર જોડે સ્નેહગ્રંથીથી જોડાયેલ સિંધુ સૌવીર દેશ પ્રતિ ફેરવ. નૃપતિ ઉદાયનનો તનમનાટ કરતો યુવાનીનો સમય અને રાજ્યકાળ ચક્ષુ સામે ધર.

' એના પરાક્રમની યશગાથા ગાવાને કે વીરતાની વિસ્તૃત વર્ણમાળા લંબાવવાને દિલ ના પાડે છે. શૌર્ય ને બળપરાક્રમથી રંગાયેલા એ સમયમાં, દિવાની યુવાનીના નાદમાં, ધર્મ કઈ ચીડિયાનું નામ છે એ પણ તે જાણતો ન હતો. તાપસોના અરણ્યવાસ ને નિવૃત્ત જીવન પ્રતિ મમત્વ ધરાવવા છતાં જાતે ધર્મકરણીના આચરણમાં તદ્દન શુષ્કતા દાખવતો. ચેટક ભૂપ જેવા ધર્માત્માની તનયા પ્રભાવતી જેવી ગૃહસ્વામિની મળવા છતાં તે રાજવીના જીવનમાં ધર્મના નામે કેવલ સહરાના રણની રેતી જ હતી. અર્હન્તઉપાસિકા પ્રભાવતીના ધર્મમાર્ગે દોરવવાના હેતુથી કરાયેલા સંખ્યાબંધ પ્રયાસો માત્ર નિષ્ફળતાને જ વર્યા હતા.

' કોઈ વાર પ્રભાવતીની દલીલોના અંતે ઉદાયન સ્પષ્ટ સંભળાવી દેતો કે સાધુઓ કે શ્રમણો એ તો ક્રિયાજડત્વને વરેલા છે. જો કંઇ પણ નિવૃત્તિ જણાતી હોય તો આશ્રમવાસી તાપસોના જીવનમાં જ. બાકી ધર્મ એ તો મુગ્ધ જીવોને લલચાવવાની મધલાળ છે. ડરપોકતા અને ભીરુતાને જન્મ આપનાર છે.

' આમ છતાં શીલવતી અંગનાની મીઠી વાણી અને પ્રસંગોચિત ઇસારા હું તદ્દન અવગણી શકતો નહીં. ન–છૂટકે પણ એની

ચર્ચામાં ઉતરવું પડતું. મનમાં એમ થઇ જતું કે એકાદ સાધુની પોલ ઊઘાડી પાડી શ્રદ્ધાસંપન્ન રાણીની આંખ ઊઘાડી નાંખવી. તે વિના આ રોજની ચર્ચા નહિ ઓછી થાય કે નહિ એ મારો પીછો છોડે !

'પણ વો દિન કહાં ? ત્યાગી આત્મામાં પોલ એ કાળે સુલભ નહોતી. સમજીને સંસારને લાત મારનાર માનવીઓ સ્વજીવનના પ્રત્યેક કાર્ય પર સૂક્ષ્મ નજર નાખી જતા, જરા પણ શિથિલતાને મચક ન આપતા, પ્રમાણિકપણે લીધેલ સંયમનું પાલન કરતા, વેશને ટીકાપાત્ર બનાવવા કરતાં મૃત્યુને ભેટવું વધુ પસંદ કરતા.

'દરરોજની તપાસને અંતે એક પ્રસંગ સાંપડ્યો. નગર બહારની ચંડિકાદેવીના મંદિરવાળી નાની ધર્મશાળામાં રાત્રિ ગાળવાના ઇરાદાથી એક નિર્ગ્રંથ ઊતર્યાની અને સ્વઆવશ્યક ક્રિયામાં લાગી ગયાની બાતમી મને મળી. જે તકની હું લાંબા સમયથી માર્ગપ્રતીક્ષા કરી રહ્યો હતો તે આમ અચાનક મળી જવાથી મારા હર્ષનો પાર ન રહ્યો. તરત જ મેં બાતમીદારને હુકમ કર્યો કે 'એ સ્થાનને બહારથી તાળું લગાવી રાખવું અને હું થોડા સમયમાં જે પહેરેગીરને ત્યાં મોકલું તેની સૂચના પ્રમાણે કરવું.'"

'રાત્રિના ઓળા પથરાતાં મેં એક વેશ્યાને બોલાવી મંગાવી અને તાકીદ કરી કે 'ચંડિકાદેવીના મંદિરવાળી ધર્મશાળામાં જે કોઇ વ્યક્તિ હોય તેની સાથે તારે રાત્રિ પસાર કરવાની છે.' તરત જ એક પહેરેગીરને સૂચના આપી કે 'આ વેશ્યાને ધર્મશાળામાં દાખલ કરી, બહારથી તાળું મારી એ સ્થાનમાંથી કોઇ બહાર ન જાય તેવો સખત ચોકીપહેરો રાખવો."

'મંત્રીશ્વર ! મારે આજે ખુલ્લા હૃદયે કબૂલ કરવું જોઇએ કે આ પ્રપંચની રચના પાછળ મારો એક જ ઇરાદો હતો

કે–સાધુઓના જીવનમાં કાળી બાજુ હોય છે એમ બતાવી ચેટક-ભૂપની તનયાની શ્રદ્ધામાં ઓટ આણવો.

रात्रिर्गमिष्यति भविष्यति सुप्रभातम्,
भास्वानुदिश्यति हसिष्यति पंकजश्रीः ।
इत्थं विचिंतयति कोषगते द्विरेफे,
हा हन्त हन्त नलिनीं गजमुज्जहार ॥

આ શ્લોકનું તાત્પર્ય એ છે કે—' કમળમાં બીડાયેલ એક ભ્રમર વિચારે છે કે–રાત્રિ પસાર થઇ જશે અને સુંદર પ્રભાત પ્રસરતાં સૂર્યોદય થશે, કમળની શ્રેણી વિકસ્વર થતાં હસી ઊઠશે. ઇત્યાદિ વિચારમાં તે મશગૂલ બનેલો છે એવામાં ત્યાં એક હાથી આવીને તે ભ્રમર સહિત કમળને તોડીને ખાઈ ગયો. ' આત્મકથા કહી રહેલા ચરમ રાજર્ષિ મંત્રી અભયકુમારને ઉદ્દેશીને કહે છે કે 'એ રાત્રે મારી એવી સ્થિતિ વર્તી રહી હતી કે કયારે પ્રાતઃકાળ થાય ને દેવી પ્રભાવતીને લઇ એ ધર્મશાળા પ્રતિ પગલાં માંડું અને પ્રત્યક્ષ ઉદાહરણ દેખાડી રાણીને કહું કે–' શ્રદ્ધામાં અંધ બનેલી ઓ રાણી ! નિર્ગ્રંથ કહેવાતા ને સાધુપણાનો સ્વાંગ ધરતા ત્યાગીની આ લીલા નિહાળ ! '

' વળી એ ઉપરાંત ભાર મૂકીને તેને જણાવું કે-જ્યાં આ લીલાની મને જાણ થઇ કે તરત જ એ પર ચોકી પહેરો બેસાડ્યો હતો. બાકી આવું તો ઘણું ય ચાલતું હશે એની કોણ નોંધ રાખે ? આ તો તારા અંધશ્રદ્ધાના પડલ ચીરાય એટલા ખાતર કર્યું ! આવી મારી નિદ્રા પૂર્વેની ભાવના હતી.

' પણ જેમ કમળનો કોળીયો હાથીના મુખમાં થઇ જતાં ભ્રમરની તરંગમાળા આપોઆપ વિનશ્વર થઇ ગઇ તેમ મારી સ્થિતિ પણ ધર્મશાળાના કમાડ ઊઘડતાં જ થઇ ગઇ. આખા એ દેહ પર ભસ્મ લગાવેલી અને માત્ર કોપીન ધારણ કરેલી એક

વ્યક્તિ ભોળા શંભુનું સ્મરણ કરતી બહાર નીકળી. નગરમાર્ગે જ્યાં કદમ ભરવા લાગી ત્યાં રાત્રે ભાવેલી મારી ભાવનાનો વિનાશ થઇ ગયો. મહામુશીબતે ચણેલી ઇમારત આપોઆપ નજર સામે જમીનદોસ્ત થતી અનુભવી. એકાએક આમ તદ્દન અનોખું કેવી રીતે બની ગયું ? તેનો ઊકેલ કરી શકાયો નહીં.

' દેવી પ્રભાવતી રક્તનેત્રે મારા સામું જોઇ રહી. દમામભરી વાણીમાં એક જ પ્રશ્ન તેણીના તરફથી થયો.

' કયાં છે મારા નિર્ગ્રંથ સાધુ ? સવારના પહોરમાં શા માટે તમારા લંગોટીયા ભેખધારીની આ લીલા બતાવવા મને ખેંચી લાવ્યા ? જ્યાં સાચો ત્યાગ નથી ત્યાં આવું હોય એમાં શી નવાઇ ! વિષયવાસના પરની મૂર્ચ્છા ઊઠ્યા વગર સાધુતા ન જ સંભવી શકે. તેથી જ હું તો આપને રોજ શ્રી વીતરાગના ધર્મની–સત્ય ધર્મની વાત સંભળાવું છું. '

' માનદ મંત્રી ! તે વેળા હું કંઇ જ ઉત્તર ન આપી શકયો, કેવળ ભોંઠો પડો ગયો. દેવી પ્રભાવતીના વચનો મને તીર સમ ખુંચતા છતાં અન્ય પ્રતિકાર ન હોવાથી ગળી ગયો અને તરત જ અમે દંપતી રાજમહાલય તરફ સિધાવી ગયા. મારા મનમાંથી જૈન સાધુ એકદમ એક બાવાના વેશમાં આટલા સખત ચોકી-પહેરા વચ્ચે કેવી રીતે ફેરવાઇ ગયા એ જાણવાની ઇંતેજારી કોઇ-પણ રીતે દૂર ન થયાથી અવસર પ્રાપ્ત થતાં જ બાનગી રીતે મેં પેલી વેશ્યાને બોલાવી અને દમામથી રાત્રિમાં જે બન્યું હોય તે સાચે સાચું કહેવાની આજ્ઞા કરી.

વેશ્યા બોલી: " મહારાજાધિરાજ ! આપની આજ્ઞા પ્રમાણે મેં સરામાં પહોંચી જઇ, ભલભલા દૃઢ મનોબળીને પણ મદનનો નશો ચઢાવે અને વિહ્વળ બનાવે તેવા શણગારની સજાવટ કરી, વિવિધ પ્રકારના હાવભાવ આદર્યા. એકાંતનો લાભ લઇ

જ્યાં એ જૈનમુનિ પોતાની આવશ્યક ક્રિયામાંથી પરવાર્યા કે એકદમ તેની સમીપે પહોંચી ગઇ અને આલિંગન પણ કર્યું હોત; ત્યાં તો એક સત્તાવાહી અવાજ કર્ણરંધ્ર પર અથડાયો અને એમાં રહેલા પ્રબળ મનોભાવથી મારી અર્ધી આંધી ઉતરી ગઇ. એ શબ્દો હજુ પણ મને યાદ છે. " ખબરદાર ! એક પગલું પણ આગળ વધી છે તો ? મારે તારા કામીજન ઉચિત પ્રલોભનોની રંચમાત્ર અગત્ય નથી. રામાની માયા અને ગૃહસ્થોચિત વિલાસોનો તો મેં પૂરી સમજ પછી ઇરાદાપૂર્વક ત્યાગ કર્યો છે. એ ઉચ્છિષ્ટમાં પુનઃ પુનઃ ન લોપાવાની મારી દૃઢ પ્રતિજ્ઞા છે. ઓ ભામિની ! આ નિર્ગ્રંથ તારા આ જાતના કામોત્તેજક હાવભાવ ને મર્યાદાહીન અંગસંચાલનોથી ફસાશે એમ જરા પણ માનતી નહીં. વિનાકારણ નારીજાતને ઉચિત મર્યાદાનો ભંગ ન કર. સાડાત્રણ હાથ દૂર રહીને જે કંઇ કરવું હોય તે કર. " મહારાજ ! આમ છતાં મેં એ મુનિને લોભાવવામાં કચાશ ન રાખી. કટાક્ષ, હાવભાવ, અંગમરોડ અને નગ્ન નૃત્ય આદિના કંઇ કંઇ પ્રયોગો કરી દેખાડ્યા; છતાં પત્થરના સ્થંભ સરખા એ સાધુ તો અડગ જ રહ્યા. વિકારની જરા સરખી ઉત્તેજના પણ એનામાં મેં ન ભાળી. જ્યાં કામદેવ પર આવું આધિપત્ય હોય ત્યાં મારું શું ચાલે ?

' એક વાર ફરીથી એને ભેટવાનો ને મારા દેહ સાથે લપેટવાનો વિચાર કરી જ્યાં આવેગ સહ આગળ વધું છું ત્યાં તો એ મુનિએ જરા પાછા હઠી, ક્રુદ્ધાદાર વાણીમાં–જાણે હમણા જ શાપ આપી બાળી નાંખશે એવી તીવ્ર ભાષામાં કહ્યું–

' જો એક કદમ પણ આગળ વધશે તો પરિણામ ભયંકર આવશે. અબળાજાતિ જાણી આ બીજી વાર જવા દઉં છું, પણ મારા વ્રતરક્ષણ અર્થે આવા પ્રયત્નો હવે નહીં જ ચાલવા દઉં. '

‘ નાથ ! જ્યાં સામાના દિલમાં સ્નેહનો લવ સરખો પણ ન હોય, કામનું ચિહ્ન સરખું ન સંભવે, જે સ્થાને કેવળ કચ્છના રણની રેતી જેવી શુષ્કતા ભરી હોય ત્યાં મારા જેવી વેશ્યાના પ્રયાસો પણ નિષ્ફળ નિવડે એમાં શી નવાઇ ? ખરેખર એ સાચા ત્યાગી હતા.

‘ મારી એ પ્રકારની સર્વ ક્રિયાઓ વ્યર્થ ગઈ અને એ પરિશ્રમથી મારા અંગોપાંગ એટલા તો ઢીલા પડી ગયા કે ન છૂટકે મારે એક ખૂણાનો આશ્રય શોધવો પડ્યો. ભેંશ આગળ ભાગવત જેમ નકામું છે અને બહેરા આગળ શંખધ્વનિની કંઇ અસર થતી નથી તેમ આ મુનિ સામે કામકેલીનો કે અનંગ-ક્રીડાનો કંઇ અર્થ નથી જ એમ નક્કી કરી નવી કંઇ પણ ચેષ્ટા ન આદરવાની મન સાથે મેં ગાંઠ વાળી. ’

‘ હે વેશ્યા ! એ તો જાણે એની દૃઢતાનું વર્ણન થયું, પણ તારા કથન પ્રમાણે એ જૈનધર્મી સાધુ હતા એ જ્યારે ચોક્કસ વાત છે તો, એમાંથી અલેખ જગાવતો લંગોટો કેવી રીતે થઇ ગયો ? તેં આ સંબંધમાં તેની સાથે બીજી કંઇ વાત તો નથી કરીને ? ખરેખરું કહેજે, જો જરા પણ અસત્ય વદવા યત્ન સેવીશ તો યાદ રાખજે કે આજીવિકા તો જશે પણ આ નગરમાં રહેવું ભારે પડશે. આ ઉદાયન ભૂપાળ સામે જેવું બન્યું હોય તેવું અક્ષરે અક્ષર કહી દેવામાં જ જિંદગીની સલામતી છે. ’

ગણિકા–‘ સૌવીર દેશના માલિક અને મારા અન્નદાતા ! આપસાહેબની હજૂરમાં એક અક્ષર પણ ખોટો વદવાની મારી નથી તો ગુંજાશ કે નથી તો મારામાં એવી શક્તિ. જેવું બન્યું છે તેવું જ હું કહી સંભળાવું છું:—

એ ત્યાગના મૂર્તિમંત સ્વરૂપે ફરીથી એક વાર એની ધાર્મિક વિધિ આરંભી. જાણે કે આંગણે આવેલ મહેમાન વિદાયગીરી ન માંગતો હોય અથવા તો ચિરકાળ સુધી જેમની સેવા–શુશ્રૂષા

કરી તેનાથી જાણે કાયમના માટે છૂટા પડવાનું ન હોય, અને તેથી અંતરમાં દુઃખ થતું ન હોય એવો ભાવ આ વેળાની ક્રિયામાં જણાયો. જો કે આ મારું અનુમાન છે છતાં પાછળની કરણી પરથી એની સત્યતા વિનાસંકોચે સ્વીકારી શકાય તેમ છે. આ વિધાન ઝાઝો સમય ન ચાલ્યું. એની સમાપ્તિ સાથે જ એકાદ લડવૈયો રણાંગણમાં દોડી જવાની તૈયારી કરે એટલા ઉમંગથી એ મુનિ ઊભા થયા. હૃદયમાં નિશ્ચિત કરેલ યોજના અને તેને ઇષ્ટફળ બેસવાની ધારણા પાકી હોવાથી એ મોટા સ્વરે બોલી ઊઠયા–

' પ્રભો ! અરિહંત દેવ ! જે સાધનો સંયમપંથ ઉજાળવા અર્થે છે, જે ઉપકરણો ચારિત્રધર્મના સંરક્ષણ માટે છે, એ સર્વનો આજે હું નાશ કરવામાં–એનું અસ્તિત્વ ભુંસી નાખવામાં ધર્મ સમજું છું–મારી ફરજ માનું છું. શાસ્ત્ર આજ્ઞા કયાં સુધી પહોંચે છે તે હું નથી જાણતો છતાં અંતરનો એ અવાજ સ્પષ્ટ છે. **વ્યક્તિના મહત્ત્વનો સવાલ હોત તો અન્ય માર્ગ** વિચારી શકાત પણ આ તો શાસન–અર્હન્તના ધર્મ–નિર્ગ્રંથના પવિત્ર જીવન પર ઇરાદાપૂર્વક ટંગાયેલી ને ઘડીપળમાં પડું પડું થઈ રહેલી નાગી તરવાર છે. શાસન પરનું કલંક એ કંઈ નાનીસૂની વાત નથી. માટે જ મારો આખરી નિરધાર મુનિજીવનમાંથી અદૃશ્ય થઈ જવાનો અને એના પ્રત્યેક ચિહ્નને મીટાવી દેવાનો છે. એમાં જે કંઈ દોષાપત્તિ સંભવી શકતી હોય એ માટે મિચ્છામિ દુક્કડંની અભિલાષા. " મહારાજ ! મોટા સ્વરે ઉચ્ચરાયેલા આટલા શબ્દો મેં બરાબર સાંભળ્યા છે. પછી એ સાધુએ ધર્મના ઉપકરણોમાંથી એક નાની પોટલી (સ્થાપનાચાર્યની) જુદી મૂકી બાકી સર્વ ફાડી–તોડી ઢગલો કર્યો. કોપીન ધારણ કરી બીજા સર્વ વસ્ત્રો પણ ઉતારી નાંખ્યા. એ વેળાનો દેખાવ આશ્ચર્યકારી હતો. વીર્યરક્ષાથી ખીલેલા ને પ્રબળતાનો પુરાવો આપતા પ્રત્યેક અંગ

કોઈ પણ મોહિનીને લોભાવવાને કિંવા માનિનીનો મદ ઉતારવાને બસ હતા. બ્રહ્મચર્યનો અતુલ મહિમા ગવાયો છે અને ઇંદ્રિયગોપનમાં અમાપ શક્તિની આવશ્યકતા છે. એ વાતો સાંભળવામાં તો આવેલી, પણ એનો પ્રથમ સાક્ષાત્કાર એ રાત્રે જ થયો. મારી પણ્યાંગના તરિકેની જિંદગીમાં મેં સંખ્યાબંધ પુરુષોનો સમાગમ કર્યો છે, મારી દેવડીએ કેટલાયે ભિન્નભિન્ન રુચિધારી આત્માઓએ આંટા માર્યા છે, એ સર્વના જીવનની કે એમનાં દિદારની કંઇ કંઇ ટાઢીમીઠી સુણી છે અથવા તો કેટલાકની ઊંડાઈના માપ પણ કાઢ્યા છે. એનો નીચોડ એટલો જ આવ્યો છે કે–વિલાસની આગમાં કે વિનાદોર ઇંદ્રિયોની મોકળાશમાં સાચા જીવનની અને સાત ધાતુમાં રાજા સમાન વીર્યની કેવળ ખરાબી જ થયેલી હોય છે. જો કે મારો ધંધો મને એ નરકાગાર તુલ્ય જીવનનો પાશ છોડવા દે તેમ નથી છતાં એ મહાત્માનું અંગ જોતાં નીતિકારના નિમ્ન વચનો સહજ યાદ આવે છે. જગતના મોટા ભાગનો એ સ્વભાવ હોવા છતાં એમાં દોરેલું ચિત્ર સાચું છે એમ મારો આત્મા પોકારે છે.

धनेषु जीवितव्येषु, भोगेष्वाहारकर्मसु ।
अतृप्ताः प्राणिनः सर्वे, याता यास्यन्ति यान्ति च ॥

એ પાંચ ચીજને જેઓ સમજીને ત્યજી દે છે એ જ સાચા સુખી અને સમજુ છે.

મહારાજ ! આટલું લંબાણ કરવાનું કારણ પણ એ જ છે કે એ સાચા મુનિના દર્શને મારા સરખી હીણજીવીને પણ વિચાર કરતી બનાવી છે એનો કંઈક ખ્યાલ આવે.

ચંડિકા દેવીના દીપકનો ઉપયોગ ઉપર્યુક્ત સર્વ સામગ્રી ભસ્મીભૂત કરવામાં કર્યો. હાથમાં રાખવાનો દાંડો સરખો પણ મૂળ સ્વરૂપે ન રાખ્યો. એ સર્વની પૂર્ણાહૂતિ થતાં જે રાખનો

પુંજ ખડો થયો એમાંથી જેટલી ચોળાય એટલી શરીર પર ચોળીને ઘડીપૂર્વેના જૈન સાધુ જોતજોતામાં બાવાના રૂપમાં ફેરવાઈ ગયા. સન્ધ્યાના આછા અંધકારમાં પધારેલા નિર્ગ્રંથ મુનિ પ્રાતઃકાળમાં અહાલેક જગાવતાં દૃષ્ટિગોચર થયા. એમાં મેં વર્ણવેલ વૃત્તાંત સિવાય અન્ય કંઇ પણ કરામત નથી.”

પારિતોષિક અપાવી ગણિકાને વિદાય કરવામાં આવી તેમ છતાં રાજવી ઉદાયનનું મનોમંથન પૂરું ન થયું. મુનિએ વાપરેલી દીર્ઘદૃષ્ટિ પર એ મુગ્ધ બન્યો. રંભા સમી રમણી અને એકાંત સ્થાન પ્રાપ્ત થયા છતાં કામ પર આધિપત્ય જમાવનાર ત્યાગી પ્રત્યે એને કુદરતી જ બહુમાન ઉદ્ભવ્યું. જગતમાં વિલાસને લાત મારી કેવળ પ્રતિજ્ઞાપાલન અર્થે મરી ફીટનાર વીરલા પણ પડ્યા છે. એ વિચારે ભારતવર્ષ ગૌરવવંત ભાસ્યું. સહસા મુખમાંથી–ધનુષ્યમાંથી બાણ છૂટે તેમ–શબ્દો સરી પડ્યા.

“ઓ ત્યાગી સાધુ! સાચે જ તમે જિનશાસન પર મલિન વૃત્તિથી કલંક ચઢાવવા કમર કસનાર મારા જેવાને શિકસ્ત આપી છે એટલું જ નહિં પણ, જીવનભર યાદ રહી જાય તેવો બોધપાઠ પણ આપ્યો છે. પાપપંથમાં આકંઠ ભરેલી અંગનાના વિચારમાં પલટો આણ્યો છે અને મારા જેવા મદાંધની–આ ભવ મીઠો માની યથેચ્છ રીતે વિચરનારની–ચક્ષુઓ ઊઘાડી નાંખી છે. ઓ સંત! તમને ધન્ય છે અને એક બે વાર નહિં પણ અનેક વાર પ્રણામ છે.

‘હું, હું, આવા ધન્યવાદ! સિન્ધુ દેશના સ્વામી, સદાકાળ એ લંગોટા ને વેશ્યાના વિચારમાં જ રકત રહેશો કે કંઇ રાજના જરૂરી કામો માટે અને પ્રજાના શ્રેય અર્થે સમય કાઢશો?’

પ્રભાવતીએ કમરામાં પ્રવેશતાં મજાકમાં કહ્યું ‘દેવી! એમ ન

બોલ્યો' ઉદાયને તરત જ ઉત્તર આપતાં જણાવ્યું અને ઉમેર્યું કે– 'તમે જેને લંગોટો ધારો છો એ સાચે જ એક જૈન સાધુ હતા.'

'આપ આ શું વદી રહ્યા છો ? શું નજરે જોયા છતાં હજુ પણ ભ્રમ સેવો છો ? આવી તે મશ્કરી હોય ? '

'ના રે ના, આમ ઉતાવળા ન થાઓ. ' આમ કહી 'હું તારા ધર્મગુરુની નિંદા નથી કરતો. બાહ્ય ચક્ષુઓ જે વ્યક્તિને લંગોટા તરિકે જોતી હતી એ જ વ્યક્તિ મૂળ રૂપે એક જિન-ધર્મની ચૂસ્ત પવિત્ર વિભૂતિ હતી. એણે કેવળ જિનશાસનને વિનાકારણ અસાધારણ કલંકમાંથી બચાવવા સારુ ભસ્માદિથી વિભૂષિત થઈ 'બાવાજી' નો સ્વાંગ ધર્યો હતો.

'આપની ગુંચવણીભરી વાતમાં મને કાંઈ સમજાતું નથી. જે કંઈ બન્યું હોય તે યથાસ્વરૂપે કહો. કંચન અને કામિનીથી સેંકડો ગાઉ દૂર વસનાર જૈન સાધુ ચંડિકાના મંદિરમાં શા કારણે ગયા ? ત્યાં વળી કુતરાની ચાટ સમી પેલી પૈસાની પૂજ-રણ કયાંથી જઈ પહોંચી ? સ્વામી ! જે હોય તે સ્પષ્ટ શબ્દોમાં કહો. આ કંઈ હાસ્યનો પ્રસંગ નથી. પરમાત્મા મહાવીરદેવની ઉપાસિકા અને બારવ્રતધારી ચેટકભૂપની તનયા પ્રભાવતી ઘડીભર પણ પોતાના ધર્મ પર કલંક નહીં ચઢવા દે. કદાચ કોઈ રડીખડી વ્યક્તિ કર્મસંજોગે વ્રતભંગ આદરી કુમાર્ગે ગઈ હોય તો એ સંબંધમાં યોગ્ય તપાસ કરશે. '

પ્રભાવતીએ ઉદાયન નરેશની વાતનો આશય જુદા રૂપે લઈ જઈ આવેગમાં આવી જણાવ્યું.

રાજા બોલ્યો—' અરે ! પણ આટલો આવેશ શા સારુ ? ' ઉદાયને સ્મિત કરતાં ને વાત રંગ પર ચઢાવતાં ઉચ્ચાર્યું અને લંબાવ્યું કે–' ક્ષત્રિયાણીને આવો ગભરાટ ન શોભે. અરિહંત-

દેવની સાચી ઉપાસિકા આમ ધીરજ ન ગુમાવે. શું મહાવીરની શ્રાવિકા જૈનશાસનની સેવા આ રીતે કરવા ધારે છે? એનામાં પૂરી વાત શ્રવણ કરવા જેટલી પણ સમતા નથી! સાચના પૂજારીને એ શોભે ખરું?'

'તો પછી આપ ઝટ કહી નાંખોને! શા સારુ તલસાવો છો? હું ક્યાં એ વાત નથી જાણતી કે આપને 'જૈનધર્મ' માટે જરા પણ માન કે પ્રેમ નથી. તે વિના આમ દૂધમાંથી પોરા કાઢવાનું ગમે ખરું?'

રાજા: 'અરે! આ તો વાતનું વતેસર થઇ પડ્યું. દેવી! તમે અહીં પગ મૂક્યો ત્યારે સાચે જ હું એ સાચા ત્યાગીના વખાણ કરતો હતો, અને જેટલું તમારા દૈનિક ઉપદેશોએ ન નીપજાવ્યું એથી અતિ વધારે, એ યોગીની દીર્ઘદર્શિતાએ મારા અંતરમાં નીપજાવ્યું છે. વળી એ નિમિત્તે આજે મને ચેટકપુત્રીની ધર્મ ભક્તિ કેવી છે? ચોળમજીઠના રંગ જેવી છે કે અલપઝલ્લી પતંગ રંગ સદૃશ છે? એ ચકાસવાનો યોગ સાંપડ્યો, એ કંઇ જેવા તેવા આનંદની વાત નથી. તમારી જિજ્ઞાસાને વધુ તીક્ષ્ણ કરવાની મારી ઇચ્છા નથી.'

આ પ્રમાણે કહી ઉદાયન નૃપે રાત્રિનો સવિસ્તર વૃત્તાંત કહી સંભળાવ્યો. એ સુણતાં જ દેવીના મુખ પર લાલીમા પથરાઇ ગઇ. એ સામાન્ય શ્રમણે સ્વપ્રતિજ્ઞાના પાલનપૂર્વક વિકટ પરિસ્થિતિના ભયાનક વાદળ હેઠળ પસાર થઇ, શાસન પર જરા માત્ર ડાઘ પડવા ન દીધો એટલું જ નહિ પણ બે આત્મા પર મૂકપણે સચોટ છાપ પાડી એ વાત શ્રવણ કરી આનંદ વ્યક્ત કર્યો. જે ધર્મમાં આ જાતના વીરલા મનુષ્યો પડેલા છે તે ધર્મનો વિજયધ્વજ અખિલ ભારત વર્ષમાં ફરફરે એમાં નવાઇ પણ શી હોઇ શકે? સ્વપતિમુખે

સર્વ વ્યતિકર સાંભળી પ્રભાવતીએ પ્રેમાળ સ્વરમાં હસ્તા મુખવડે આર્જવતાભરી વાણીમાં એક જ પ્રાર્થના કરી કે–' નાથ ! આપ આજથી પ્રતિજ્ઞા કરો કે આ પ્રકારનો પ્રપંચ પુનઃ માત્ર એકલા જૈન ધર્મ પ્રતિ જ નહિ પણ સર્વ ધર્મ પ્રતિ નહીં આદરું. એ તો સુભાગ્યે દૃઢ મનોબળવાળા ત્યાગી સાંપડ્યા અને પરિણામ સુંદર આવ્યું; નહિતર સામાન્ય કક્ષાના માનવીનું આપે યોજેલા સંયોગોમાં અવશ્ય પતન થાત અને એ રીતે ધર્મ પર કાળી ટીલી ચોંટત. આવા પ્રપંચ કરવાથી વિનાકારણ આપદાને નોતરવાપણું છે. એથી તો આ ભવ ને આવતો ભવ–ઉભયનો બગાડો થાય છે. આપને શ્રદ્ધા બેસે તો શ્રી વીરના વચન સ્વીકારો. એ માટે મારો આગ્રહ નથી, છતાં કોઇ પણ પંથની આવી જાતની આકરી અને એકાંત હાનિકારક કસોટી તો અવશ્ય ત્યજી ઘો. '

' રાણી ! એ જાતનું ' પણ ' તો તારા પગલાં અત્રે થતાં પૂર્વે મેં મનથી સ્વીકારી લીધું છે. ચંડિકામંદિરના શ્રમણની એ યાદગીરી છે. હવે એ પ્રકારનો ભય રંચમાત્ર તું ન ધરીશ. અલબત્ત, મારું વલણ વીતરાગના માર્ગ પ્રતિ વળ્યું છે, છતાં એ ભરતીનો ઓટ ક્યારે થશે એ અત્યારે ન જ કહી શકાય. અને તારા સરખી અટલ શ્રદ્ધા ઉત્પન્ન થતાં તો કદાચ વર્ષોના વહાણા વીતશે કે ભવોની હાર લાગશે એ કોણ કહી શકે ? '

ત્યાં તો મહાલયનાં આંગણામાં કોળાહળ થઇ રહ્યો. સંધ્યાબંધ પહેરેગીરો એક અજાણ્યા આદમીને વીંટાઇ વળી, મહાલય પ્રતિ ઘસડી લાવતાં નજરે ચઢ્યા. તરત જ ભૂપતિ અંદરથી બહાર નીકળ્યા અને અનુચરને તપાસ માટે દરવાજા પર મોકલ્યો.

તરત જ સમાચાર મળ્યા કે ' આગંતુક આદમી જાતે નાવિક છે. આજે સવારે એનું વહાણ સમુદ્રતીરે લાંગરેલું છે છતાં હજુ સુધી એના તરફથી દાણ નથી ભરાયું. એક મોટી બંધ પેટી

એના વહાણમાં હોવા છતાં આ સામુદ્રિક કહે છે કે મારી પાસે દાણ ભરવાનું સાધન નથી. બળજબરીથી પેટી ઉઘાડવા માંડી છતાં ઊઘડતી નથી એટલે થાકીને એના વહાણ પર પહેરો મૂકી, આ સામુદ્રિકને અહીં ઘસડી લાવવામાં આવેલ છે. '

' જાઓ, સત્વર એને મારી સમક્ષ ખડો કરો. '

ચોતરફ બેસુમાર માનવમેદની મળી છે. સારું ય વીતભય-નગર જાણે કે અહીં જ એકત્ર થયું છે. ઘણાંના મનમાં તો એ કુતુહળ ચાલી રહ્યું છે કે સાયાંત્રિક આ શું ધંધો લઇ બેઠો છે? એવી તે કેવી પેટી લાવ્યો છે કે જે જોવા સારુ આ જાતનો માનવમેળો એકઠો થયો છે? ત્યાં તો એકાદો ઝીણો સ્વર કર્ણપટ પર અથડાય છે કે-' આપણા મહારાજ પણ કેવા! પહેરેગીરોએ દાણના કાયદાનું ઉલ્લંઘન કરનાર આ સાયાંત્રિકને પકડી તેઓના ચરણે ધર્યો ત્યારે એને નશિયત પમાડવાને બદલે રાજાધિરાજે એની હકીકત ઠંડે કલેજે સાંભળી. એમાં રતિભાર શંકા ન ધરતાં નગરમાં દાંડી પીટાવી, આ પ્રકારનો માનવસમુદાય એકત્ર કરવામાં સહાય કરી આપી. અરે! ચોકીદારોના મુખ શ્યામ પાડવા સારુ જ કેમ ન હોય તેમ એ ત્રણ દમડીના માનવને પોતાની સાનિધ્યમાં ગૌરવવંતું સ્થાન આપ્યું. '

' અરે! સાંભળો, સાંભળો. થાળી પીટીને કહેવામાં આવે છે કે-આ પેટી એ કંઇ વેચવા માટે આણેલી વસ્તુ નથી. એની પાછળ એક વિચિત્ર કહાણી સમાયેલી છે. '

સોદો કરવાના મિષે જે મહાશયો પધારેલા તેમના કર્ણપટ પર ઉપરનો ખુલાસો અથડાતાં તેઓ કિંકર્ત્તવ્યમૂઢ બન્યા. વિચિત્ર કહાણી સાંભળવાનું એક જ કારણ હવે તેઓ માટે માત્ર થોભવા પૂરતું રહ્યું. આમ છતાં સૌને મન આશ્ચર્ય તો હતું જ. પેટીનો દેખાવ જ સૌ કોઇને મંત્રમુગ્ધ કરતો. એની કારીગરીમાં-એના

પર ચિતરેલા પ્રત્યેક આલેખનમાં-કોઇ દૈવીશક્તિનો ચમકાર જણાતો. એનો દેખાવ જોતાં જ એની અંદર કોઇ અનોખી અને અમૂલ્ય વસ્તુ હશે એવો સહજ ભાસ થતો.

એની પાછળના મૂંગા ઇતિહાસથી જ માનવસાગર ઉભરાતો હતો. સાયંત્રિક ઊઠીને એ સંબંધમાં બોલવું શરૂ કરે તે પૂર્વે તો આખી ય મેદની પર નિઃશબ્દતાની લહરીઓ ફરી વળી. અગાધ શાંતિ વચ્ચે સૌ કોઈના નયનો આતુરતાથી આગંતુક મહેમાનના મુખ પ્રતિ મંડાયા.

'સિન્ધુ-સૌવીર દેશના માનવીઓ ! આ અણમૂલી ચીજ મને એક સ્વરૂપવાન વિભૂતિ તરફથી પ્રાપ્ત થઇ છે. એની ભેટ વીતભયનગરમાં ધરવા હું આવ્યો છું. એમાં કેવું કિંમતી જરીયાન મૂકેલું છે અથવા તો કેવું અણમૂલું જવાહીર એમાં સમાવેલું છે, અગર તો કેટલી કિંમતી ચીજોનો એમાં સંગ્રહ કરાયેલ છે એ સર્વ બાબતોથી હું બીલકુલ અજ્ઞાત છું. મને માત્ર એક જ ફરમાન કરવામાં આવેલું છે કે આ અદ્‌ભુત પેટી તારે વીતભય-પટ્ટણમાં લઇ જઈ, બજાર મધ્યે જાહેર પોકાર કરી જેના હસ્તો એના દ્વાર ઊઘાડવા સમર્થ બને તેને સુપ્રત કરવી. તને પૂછવામાં આવે તો માત્ર એટલો જ જવાબ દેવો કે-એમાં 'દેવાધિદેવ' છે. જેને એની પિછાન હશે તેનાથી જ તેના દ્વાર ઊઘાડી શકાશે.

'હવે રહી એક જ વાત. જે ભેટ આપના દેશને અર્પણ કરવાની હોય તેનું 'દાણ' આપવાપણું ન જ હોઇ શકે એટલે તેની ખાતર મેં પહેરેગીરો સાથે બાકરી બાંધી હતી. એમ કરવાથી મને જાહેરાત કરવાનું સુગમ થઇ પડયું. બાકી દાણચોરી કરવી કે એ નિમિત્તે કલહ કરવો એ મારું કામ નથી. વહાણવટી તરિકેના મારા વ્યવસાયમાં એને સ્થાન પણ નથી. આપને આંગણે આવેલ આ ભેટ શરત પ્રમાણે ઉદ્યમ સેવીને ગ્રહણ કરો એ જ પ્રાર્થના.'

'જેટલામાં સાયાંત્રિકનું વિવેચન પૂર્ણ થયું તેટલામાં જનતામાં પેટીના દ્વાર ખોલવા સારુ મહાન્ સ્પર્ધા ઉદ્ભવી. જોતજોતામાં કેટલી ય ભુજાઓ એની આસપાસ વીંટળાઇ વળી, પરંતુ ધારવા જેટલું સરળ કાર્ય ન નીકળ્યું. સંજ્ઞાણંધ હાથોના પ્રયાસો નિષ્ફળતાને વરી ચૂકયા. કલાકોના વધવા સાથે તરણીનાં તેજ ઝીલવા ભારે થઇ પડ્યા. આમવર્ગના પૂર ઓસરવા માંડ્યા. સાથોસાથ આ ચમત્કારી પેટી અને એમાં રહેલા વધુ ચમત્કારી દેવાધિદેવના સમાચાર એ વીતભયપટ્ટણની શેરીઓમાં અને પોળોમાં પહોંચી ગયા. જતાં-આવતાં માણસોના મુખમાંથી એ સિવાય ભાગ્યે જ બીજી વાત નીકળતી. ઉદાયન ભૂપતિની ધીરજ પણ ખૂટી ગઇ. કોઇ પણ ઉપાયને પેટીના દ્વારે મચક ન આપી. હવે આદરેલો સમારંભ આટોપ્યા સિવાય ઊઠાય પણ કેમ ? આમ મૂંઝવણનો પાર ન રહ્યો. હવે જ જનહૃદયમાં દેવતાઇ કરામતના ભણકારા વાગવા માંડ્યા. કોઇ શિવના નામે તો કોઇ શંભુના નામે સ્તુતિ કરવા લાગ્યા. એકે તો શ્રી ગણેશાય કરી આરંભ કર્યો. વિષ્ણુ ભગવાનના સ્મરણપૂર્વક પ્રયત્ન કરનાર પણ ઓછા ન હતા. આમ છતાં દેવાધિદેવે તો દર્શન ન જ દીધા. અંતેઉરમાંથી ભોજન સારુ નિમંત્રણ ઉપર નિમંત્રણ આવવા લાગ્યા. જનાનાગૃહ સુધી દેવાધિદેવની વાત પહોંચી ગઇ. ન્યાય તોલવા કરતાં પણ પેટીના દ્વાર ખોલવાનું કાર્ય વિકટ થઈ પડ્યું.

પ્રભાવતી દેવીએ દાસીમુખે દેવાધિદેવ સંબંધી પરિસ્થિતિ જાણી ત્યારે ઘડીભર વિસ્મયતામાં ડૂબી ગઇ. તેણીને સહજ ખ્યાલ આવ્યો કે દેવાધિદેવ તો રાગ-દ્વેષાદિ અઢાર દૂષણને જીતનાર શ્રી જિનેશ્વર પ્રભુ જ ગણાય; તેથી પેટીમાં તેમની જ મૂર્તિ સંભવે છે. એ અમીભરી પ્રતિમાના દર્શનનો યોગ વિધાનપૂર્વક જ કરાય. તરત જ રાણીએ પૂજનની તૈયારી કરી, સ્નાન કરી, શુદ્ધ વસ્ત્રોમાં સજ્જ થઈ, જે સ્થળે આ સર્વ વ્યતિકર બની

રહ્યો છે ત્યાં પગલાં કર્યા. જનતાએ રાણીમાતાને માર્ગ આપ્યો. ચેટકભૂપની આ સતીપુત્રી માટે પ્રજાનો આબાલવૃદ્ધ વર્ગ સૌ કોઇ અનુપમ પ્રેમ ધરાવતો. સૌ કોઇને વિશ્વાસ હતો કે આ પવિત્ર માતાના હાથે જ પેટીના દરવાજા ખુલશે. સૌની દૃષ્ટિ માતા પર રમી રહી. વિધિપૂર્વક, ભક્તિભાવથી પેટીના દ્વારોનું ચંદન-અક્ષત-પુષ્પાદિથી પૂજન કરી, નમ્રભાવે રાણીમાતાએ હસ્તદ્વય જોડી નિમ્ન વાક્યોદ્વારા સ્તુતિ આરંભીઃ

मोहमल्लबलमर्दनवीर !, पापपंकगमनामलनीर ! ।
कर्मरेणुहरणैकसमीर !, त्वं जिनेश्वरपते ! जय वीर ! ॥

સ્તુતિના સુંદર સ્વર સાથે જ પેટીના દરવાજા ઊઘડી ગયા, અને સર્વ કોઇની દૃષ્ટિએ ગોશીર્ષચંદનમયી, સુંદર આકૃતિવાળી, સિંહનું લંછન છે જેને એવી શ્રી મહાવીર પ્રભુની મૂર્તિ નજરે પડી. સર્વત્ર આનંદ છવાઈ રહ્યો. રાજવીની ચિંતાનો અંત આવ્યો. નાવિકને પણ ફરજ અદા કર્યાનો સંતોષ થયો. માનવ-મેદની વિખરાઈ અને રાજમહાલયના એક પવિત્ર પ્રદેશમાં આ મનોહર બિંબને લઈ જઈને સ્થાપન કરવામાં આવ્યું.

પ્રભાવતી દેવી અહર્નિશ આ ચમત્કારી બિંબની પૂજા બહુમાનપૂર્વક કરવા લાગી. રાજવી ઉદાયન પણ એમાં ઘણી વાર જોડાતા. એક પછી એક બનતા બનાવોએ તેમના હૃદયમાં જૈનધર્મ પ્રતિ આકર્ષણ પ્રગટાવ્યું હતું.

એક પ્રસંગે સ્નાન કરી રહેલી રાણીએ દાસી પાસે પૂજાના શ્વેત વસ્ત્રો મંગાવ્યા. દાસીએ લાવી હાજર કર્યા છતાં ભ્રમવશ રાણીને એ રાતાં લાગ્યાં. એટલે સહજ ઉપાલંભરૂપે બોલી જવાયું કે-'આ શૃંગારકેલિને યોગ્ય વસ્ત્રો શા સારુ આણ્યા ?' અને ગુસ્સામાં એના તરફ દર્પણ ફેંકયું. દાસીને મર્મસ્થળે એ વાગી ગયું અને એનું પ્રાણપંખી દેહપિંજરમાંથી ઊડી ગયું. પછી વસ્ત્ર તો શ્વેત

જણાયું એટલે આ અણધાર્યા બનાવથી રાણીની શુદ્ધિ ઠેકાણે આવી. પંચેંદ્રિય એવા માનવઘાતથી એનું અંતર અતિશય દુભાયું. આત્મ-કલ્યાણના પુનિત પંથે પગ માંડવામાં પ્રમાદવશ બની કેવી ગંભીર હિંસા જન્માવી. એ દોષથી દારુણ વ્યથા ઉદ્ભવી. તે દિનથી પ્રત્યેક કાર્ય વિચારીને કરવાનું 'પણ' લીધા છતાં મન વિષાદપૂર્ણ રહેવા માંડયું. ચહેરા પર પૂર્વની પ્રફુલ્લતા ન જ પ્રકટી. આવો અક્ષમ્ય પ્રમાદ પોતાથી કેમ બની ગયો ? એ વિચાર સતત મગજને ફોલી ખાવા લાગ્યો.

થોડા સમય પછી એની પૂર્તિરૂપે જે બનાવ બન્યો તે એ જ કે–દેવાધિદેવ સામે રાણી પૂર્ણ ઉમળકાભેર નૃત્ય કરી રહી છે અને રાજવી ઉદાયન વાજિંત્ર વગાડી રહ્યા છે. સહસા શિરવિહુણું રાણીનું માત્ર ધડ જોતાં જ ભૂપના ગાત્ર ઢીલા પડી ગયા અને એકાએક હાથમાંનું વાજિંત્ર અટકી પડયું. તરત જ રાણીના નૃત્યમાં ભંગ પડ્યો અને એ માટેનું કારણ જાણવાની હઠ પકડતાં જ સાચી સ્થિતિ સમજાણી. દાસીના અવસાન પછી એ વાત માંડમાંડ ભુંસાવા આવી હતી ત્યાં આજના બનાવે પુનઃ એ તાજી થઈ. મનમાં નિશ્ચિત થયું કે આ બનાવયુગલથી સ્પષ્ટ સમજાય છે કે મારો અંતકાળ બહુ દૂર નથી. આ પ્રકારના ચિહ્નો પરથી એ સૂચિત થાય છે કે હવે મારે આત્મકલ્યાણના પંથે પળવું જોઈએ.

ભૂપતિની સંમતિપૂર્વક રાણીએ શેષ જીવન આત્મપંથ ઉજાળવામાં વ્યતીત કર્યું. ચારિત્ર ગ્રહણ કર્યું. નિરતિચાર પાળ્યું અને માનવભવ છોડી સ્વર્ગે પ્રયાણ કર્યું.

'દેવાધિદેવ'ની પૂજાભક્તિ કરનાર રાણી તો સિધાવી ગયા એની બદલીમાં એ કાર્ય એક કુબડી દાસીના શિરે આવ્યું. એના મનમાં બિંબ સંબંધી ચમત્કારનો ભાવ તો હતો જ એટલે એ દાસીએ પણ પૂરા ભાવથી પૂજારિણી પદ સ્વીકાર્યું.

ગંધાર નામનો એક શ્રાવક જુદા જુદા તીર્થોમાં પરિભ્રમણ કરતો અને ભાવપૂર્વક સ્થાવર તીર્થોની વંદના કરતો એકદા એક જ્ઞાની મુનિના સમાગમમાં આવ્યો. તેઓશ્રીના મુખેથી વીતભય-પત્તનમાં રહેલ દેવાધિદેવ યાને જીવંતસ્વામીની મૂર્તિનું મૂળથી સર્વ સ્વરૂપ સાંભળ્યું. તેના મનમાં આ ચમત્કારી મૂર્તિના પ્રત્યક્ષ દર્શન કરવાની ઉલટ જાગી. પરિભ્રમણ કરતો તે મહામુશીબતે વીતભયપત્તનમાં આવી પહોંચ્યો. જીવંતસ્વામીના દર્શન કર્યા છતાં સ્વાસ્થ્યમાં લથડી પડ્યો. ઘણા ઘણા તીર્થોમાં એ ફરી આવ્યો હતો. જાતજાતના સંતોના એને સમાગમ થયા હતા. કેટલાયે યાંત્રિકો અને માંત્રિકોનો એને ભેટો થયો હતો એટલે એની પાસે કેટલીક ગૂટિકાઓ હતી; છતાં પરદેશમાં એકાએક તંદુરસ્તી જોખમાવાથી એ કોઇને દઇ શકાય તેવું ન રહ્યું. દરમિયાન સ્વામીભાઇ સમજી કુબડી દાસીએ શ્રાવક ગંધારની શુશ્રૂષા ને ચિકિત્સા કરવામાં રંચમાત્ર કચાશ ન રાખી. દાસીની એક સગી ભગિની કરતાં વધી જાય એવી સેવાથી દર્દીનું દર્દ નરમ તો ન પડ્યું છતાં દુઃખભાર તો અવશ્ય ઓછો જણાયો. એ અસાધ્ય રોગે ગંધાર શ્રાવકનો પ્રાણ લીધો તે પૂર્વે દાસીએ પોતાની નિઃસ્વાર્થ કરેલી વૈયાવચ્ચથી એના હૃદયમાં એટલી હદે સ્થાન મેળવ્યું કે મરતાં પહેલાં તેણે પોતાનો સર્વ ગૂટિકાસંગ્રહ તેણીને સોંપ્યો એટલું જ નહિં પણ એના શા શા ચમત્કાર છે તે પણ સાથોસાથ સમજાવ્યા. પછી તે મરણ પામ્યો.

કુબડી મટી સંપત્તિવાળી બનેલી દાસી એક ગૂટિકાના પ્રભાવથી રૂપની રાશિ સમી દેવાંગના બની ગઇ. જ્યાં આ ચમકારો અનુભવ્યો કે પછી જેમ કોઇને અચાનક ધનરાશિ મળી જાય એથી તે રાચે-માચે તેમ આ દાસીએ તો ઊંચા ઊંચા મનોરથ ઘડવા માંડ્યા. એની પૂર્તિ પિતા તુલ્ય ઉદાયન ભૂપદ્વારા

તો ન જ સંભવી શકે એટલે એની નજર સહજ સિંધુ-સૌવીર દેશના કાંગરા કુદાવી અવંતીના પ્રખ્યાત પ્રદેશ પર્યંત પહોંચી ગઇ. સૌંદર્યવતી આ રામાએ એ પ્રદેશના સ્વામી ચંડપ્રદ્યોતનને પોતાનો પતિ સ્થાપવાના કોડ સેવ્યા. ગૂટિકાએ એમાં કેવી યારી આપી તે વાત જોઈએ તે પહેલાં એક વાત અત્યારે કહી દેવાની જરૂર છે કે આ પરિવર્તન કાળમાં એ દાસી દેવાધિદેવની પૂજાને જરા માત્ર ભૂલી નહોતી. ગંધાર શ્રાવકનો યોગ પણ એ મૂર્તિને આભારી લેખતી અને એ શ્રાવકના મુખે એ મૂર્ત્તિનો જે ચમત્કારિક ઇતિહાસ શ્રવણ કરેલો તેથી તેણીની શ્રદ્ધા દ્વિગુણી બની હતી.

× × ×

'અરે, તમો આ શું સાચું વદી રહ્યા છો?'

'લો! કુમારનંદી! તું એટલો તો વિચાર કર કે જ્યારે અમે ઉભય તારી સાથે પત્નીભાવથી જોડાવા સ્પૃહા ધરીએ છીએ ત્યારે જૂઠું વદવાનું અમને શું પ્રયોજન હોઇ શકે?'

હાસા-પ્રહાસાના કથનથી જેના દેહની નાડીઓ ઢીલી પડી ગઇ છે અને જેનો ઉત્સાહ મંદતાની છેલ્લી કોટીએ પહોંચી ગયેલ છે એવો કુમારનંદી બોલ્યોઃ—

'હે દેવીઓ! હજુ પણ મને તમારી વાતમાં મજાક જેવું લાગે છે. એક એકથી રૂપમાં ચઢીઆતી અને કામકેલીમાં એક બીજીથી કોઇ અનોખી વિલક્ષણતા અને ચતુરાઇ દાખવતી એક, બે કે પાંચ પંદર નહિ પણ પાંચ સો અંગનાઓનો હું સ્વામી છું. વગરસંકોચે, સ્વેચ્છાપૂર્વક એ લલનાવૃંદ સહ સંસારી વિલાસોની મોજ માણતા સુવર્ણકાર તરીકેની મારી કીર્તિ-કમાણી જેમ અજોડ છે તેમ મારી વિષયવાસના ને રતિલાલસા પણ અદ્‌ભુત જ છે અર્થાત્ એ સર્વની પ્રસિદ્ધિ એટલી વિશાળ છે કે જવલ્લે જ મારા સંબંધી કંઇ ન જાણતો હોય એવો આદમી મળી આવે.

આ સર્વ હકીકત તમારી સમક્ષ એટલા સારુ વર્ણવું છું કે તમે ઉભય મારા જીવનસંબંધમાં અંધારામાં ન રહો. એક સંધ્યાએ તમે જાતે આવી, મારા પ્રાસાદમાં પગલાં પાડી, મારા પ્રત્યેનો તમારો પ્રણય દાખવ્યો અને પંચશૈલ દ્વીપે આવવાનું આમંત્રણ કર્યું. અરે! એ સાથે ત્યાં આવવાથી સમાગમ થશે એમ સ્પષ્ટ જણાવ્યું. આ જાતની સાફ વાત થયા છતાં આજે તમે કોઈ જુદી જ રેખા દોરો છો એ શું વ્યાજબી છે? એથી તમારા પ્રમાણિકપણાને લાંછન લાગે છે. દેવતાઈ જીવન માટે એ કાર્ય ઘૃણાજનક લેખાય.

'તમારા તે પ્રસંગના દર્શન અને વાર્તાલાપથી મારી સ્થિતિ એટલી હદે વિરહાતુર બની કે ત્યારપછી કઈ રીતે અને કેટલી ઝડપે પંચશૈલ દ્વીપમાં પહોંચી જવું એ જ મારો માત્ર વ્યવસાય બની ગયો. તે ક્ષણથી આહાર-વિહાર મને આકરા થઈ પડ્યા.

'અરે! દૈવીજીવનના આનંદપ્રમોદમાં મશગૂલ બનેલ વામાઓ! ત્યારબાદ મેં અહીં આવવા સારુ કેવી કેવી આપત્તિઓને નોતરી અને કેવી કદર્થનાઓ વેઠી એનો તમે ઉભય વિચાર કરો તો હરગીજ આ પ્રકારની બેદરકારી મારા પ્રતિ ન દાખવો. મેં સાયંત્રિકના બીસામાં સુવર્ણમહોરોની વર્ષા કરી ત્યારે તો માંડ એણે આ તરફ આવવાનું સ્વીકાર્યું અને મને નાવ પર લીધો. દૂરથી ગિરિ નજરે પડતાં જ એ પર્વત પર શોભી રહેલ વિશાળ વટવૃક્ષની શાખા ગ્રહણ કરી, વહાણ ત્યજી દેવાની અને તરુ પર રાત્રિએ વિશ્રામ અર્થે આવી બેસતા ભારંડપક્ષીમાંના એકના પગે વળગી, તમારા આ નિવાસસ્થાન પ્રતિ પહોંચવા સંબંધી સૂચના મને આપી દીધી. સાથોસાથ જણાવી પણ દીધું કે એમ કરવામાં જરા જેટલી પણ સ્ખલના થઈ કે સોએ વર્ષ પૂરા થયાનું સમજી લેવું. ક્યાં તો સાગરના વમળમાં અટવાઈ મરવાનું. કિંવા ગિરિકંદરામાં ભ્રમણ કરી દિવસો પસાર કરવાના!

' પણ પુણ્યયોગે એ સર્વ આપદામાંથી સાંગોપાંગ પાર ઊતરી હું અહીં આવ્યો છું માટે હે સુભ્રૂ ! હવે ક્ષણમાત્ર પણ વિલંબ ન કરતાં મને સ્વામી તરીકે સ્વીકારો અને આટલા સમયથી વિરહ-તાપથી તપ્ત થયેલ મારા હૃદયને શાંતિ અર્પો. '

' પ્રિય કુમારનંદી ! તમારી આ સાહસકથા સામાન્ય સંજોગો-માં જરૂર પ્રશંસાપાત્ર લેખાય, પરંતુ અમારા દેહના આલિંગન અતિ સસ્તા કે સહજ નથી. જેની કામલોલુપતા પાંચસો જેટલી રામાથી તૃપ્ત ન થાય અને રૂપ નજરે પડતાં જ જેનું અંતર હચમચી ઊઠે, એવા કામી નર માટે અહીં આવવારૂપ સૂચન એ તો માત્ર પરીક્ષાના પ્રથમ પગલા તુલ્ય હતું. અમે સાચા પ્રેમીના સંગની અભિલાષિણીઓ હોવા છતાં માત્ર કામી માનવીના હાથમાં રમકડા જેવું જીવન ગાળવા જરામાત્ર ઇચ્છતી નથી. એટલા ખાતર ઇસારો કરી તમારામાં કેવા પ્રકારનું સત્ત્વ છે એની ખાતરી કરવા સારુ આ પ્રયોગના પથિક તમને બનાવ્યા, પરંતુ પરીક્ષાનું બીજું યાને અંતિમ પગલું તો હવે આવે છે. વહાલા સુવર્ણકાર ! એમાં ઉત્તીર્ણ થયા વગર અમારો યોગ આકાશકુસુમવત્ અસંભવિત છે. એ પાદનું સ્વરૂપ સાંભળી લ્યો.

' આવતાં ભવે હું હાસા-પ્રહાસાનો પતિ થઉં એવા નિયાણા-પૂર્વક મરણ સ્વીકારો. ' એમ કરવાથી જરૂર તમારો નવો જન્મ દેવયોનિમાં અત્રે થશે અને તમને આ સાતધાતુમય ઔદારિક શરીરને બદલે મનોહર એવું વૈક્રિય શરીર પ્રાપ્ત થશે. જન્મતાંની સાથે જ નવયૌવન ખીલી ઊઠશે. ત્યારે જ આપણા *હૃદયનો મેળ મળશે. પ્રસ્વેદનાં ક્ષામરૂપ અને મલિનતાના પૂર્ણ* સ્વરૂપ સમા તમારા આ દેહ સાથે અમારા દેવતાઈ દેહનો સમા-ગમ એ તો ન ભૂતો ન ભવિષ્યતિ જેવો અસંભવિત છે, એટલું જ નહિં પણ અમારા ઉચ્ચ દેહના વટાળ સમું પણ છે. '

હાસા–પ્રહાસા તરફથી કરવામાં આવેલ નિવેદન શ્રવણ કરતાં જ કુમારનંદીના ગાત્રો ગળી ગયા. કામાગ્નિની તીવ્રતા પલાયન થઇ ગઇ. આ માનવદેહે તો કંઈ શુકવાર સરવાનો નથી એ વિચારથી તદ્દન નિરાશાનું મોજું ફરી વળ્યું. માત્ર એટલું જ બોલી જવાયું કે–' અરેરે ! તમારા વિશ્વાસે નીર–તીરથી ભ્રષ્ટ થનાર પેલા ગજ જેવી મારી દશા થઇ ! દેવાંગનાઓ મળી નહીં અને માનવલલનાઓ હતી તે પણ દૂર થઇ ગઇ ! '

' સાહસ વિના અપ્સરાના સમાગમ દુર્લભ જ હોય છે. સ્વર્ગીય લહાવા કંઈ રસ્તામાં પડ્યા નથી ! '

' વહાલા સુવર્ણકાર ! રંચમાત્ર નિરાશ થવાની જરૂર નથી. તમારા નગરમાં ક્ષણમાત્રમાં તમને અમે પહોંચાડી દઈશું. જો તમારો સ્નેહ અમારા પર સાચો હશે તો તો અમારા દોરેલા માર્ગે જરૂર તમે જવાના. બાકી સાચા સ્નેહ વગરના મનુષ્ય જોડે પ્રીતિ બાંધવાથી બરું સુખ ન માણી શકાય. '

દેવશક્તિને અશક્ય કંઈ જ નથી. આંખ ઊઘાડીને નજર કરતાં જ કુમારનંદીએ પોતાને પોતાના આવાસમાં શય્યા પર પોઢેલો જોયો. દરિયાની મુસાફરી, ભારંડના પગે વળગવું, હાસા–પ્રહાસાની સાનિધ્યમાં પહોંચવું, રમણીય નિકેતનમાં વાર્તાલાપ કરવો–એ સર્વ ઇંદ્રજાળની માફક અદૃશ્ય થઇ ગયું, છતાં એ અનુભવ વીસરાય તેમ હતો જ નહી. કામી જીવની દશા જ વિચિત્ર હોય છે. સામાન્ય નશાબાજ પણ સ્વજીવનને સાત્ત્વિકતાના પંથે દૃઢ નિશ્ચય વિના નથી લઈ જઇ શકતો. ત્યાં પછી કામાંધ, રાગાંધ કે રૂપાંધનું શું પૂછવું ? નારીદેહની વાસનામાં એ એટલો લીન બની ગયો હોય છે કે માંસ–લોહીના એ ગાત્રોને કંચન અને રત્નરાશિની ઉપમાઓથી વર્ણવે છે.

અરે ! એમાં જ દુનિયાના સર્વ પ્રકારના સુખની કલ્પના કરે છે. એના દૃષ્ટિકોણમાં અન્ય કંઇ જણાતું જ નથી.

કુમારનંદી–પાંચસો લલનાઓનો ભોગી–એ જ ઘડતરનો હતો. દેવીયુગલના ભોક્તા થવાની તીવ્રતમ લાલસાએ જીવન અગ્નિમાં હોમવાનો નિરધાર: કરાવ્યો. સંસારના જમે ઉધાર પાસાં સંકેલાયા. આ ભવના વિલાસો પર તાળાં દેવાયાં. આ નિશ્ચયની તેના એક શ્રાવક મિત્ર નાગિલને ખબર પડતાં જ તે દોડી આવ્યો. આ જાતના આત્મઘાતથી પાછો વાળવા એણે ઘણો પ્રયાસ કર્યો. દેખાતાં અપ્સરાના સંયોગની પાછળ કેવો આત્મિક અધ:પાત સમાયો છે એનું ભાન કરાવ્યું, પણ સર્વ છાર ઉપર લીંપણ સમું નિરર્થક ગયું. હાસા–પ્રહાસાએ જે નશો કરાવેલો એમાં આ સુવર્ણકાર આકંઠ બૂડેલો હોવાથી તે કંઇ પણ લાભાલાભ ન તારવી શક્યો. તે જીવતાં બળી મુઓ અને નિયાણાના પ્રભાવે પંચશૈલ દ્વીપમાં એ દેવી–યુગલનો સ્વામી થયો.

સુવર્ણકાર મટી વ્યંતરનિકાયમાં દેવત્વની પ્રાપ્તિ થયા છતાં કાયમી સંતોષ ન જ પ્રાપ્ત થયો. હાસા–પ્રહાસા સહના સમાગમમાં દિવસો પાણીના રેલાની જેમ વહી ગયા અને એ જીવન નિત્યનું બની જતાં એ સંબંધમાં જે પહેલાં મોહ ઉદ્ભવ્યો હતો તે કમી થઇ ગયો. એક વાર નંદીશ્વરદ્વીપની યાત્રાનો પ્રસંગ આવ્યો. તરત જ દેવેંદ્ર તરફથી આગળ ચાલીને હાસા–પ્રહાસાને નૃત્ય કરવાનો અને તેમના સ્વામીને મૃદંગ બજાવવાનો હુકમ થયો. આ સાંભળતાં જ કુમારનંદીના જીવને ઉકળાટ થઇ આવ્યો. આ જાતનું કાર્ય બજાવવામાં એને અણગમો થઇ આવ્યો. પણ થાય શું ? દેવરાજની આજ્ઞા અનુલંઘનીય હતી. પ્રત્યેક યાત્રાપ્રસંગમાં આ જાતનું નૃત્ય–વાદન એ તો હાસા–પ્રહાસાના આચારરૂપ હતું. તેમના સ્વામીની અનિચ્છા છતાં મૃદંગ ગળે બંધાઈ ચૂક્યું.

દુઃખ અને ગ્લાનિ ઉપજ્યા છતાં ફરજીયાત મૃદંગ વગાડતાં સ્ત્રીની આગળ ચાલવું પડ્યું.

ત્યાં તો પાછળથી એક સુંદરાકૃતિવાળા સ્વરૂપવાન દેવે ખભા પર હાથ મૂકી પ્રશ્ન કર્યો કે–'ભાઇ ! મને ઓળખે છે ?'

વિચારમગ્ન દશામાંથી સફાળો કોઇ જાગ્રત બને તેમ સંકટપૂર્ણ ને લજ્જાસ્પદ દશામાં આવી પડેલ કુમારનંદી દેવે સામું જોયું. દિવ્યસ્વરૂપી–ઋદ્ધિસંપન્ન દેવને જોયો પણ કંઇ જવાબ દઇ ન શક્યો. 'અરે ! તેં મને ન ઓળખ્યો ?' આગંતુક દેવે મૂંઝવણનો તોડ આણવા પુનઃ ઉચ્ચાર્યું અને આગળ ચલાવ્યું.

'ભાઇ કુમારનંદી ! હું તારો નાગિલ મિત્ર, તારું અજ્ઞાનતાભર્યું બાળમરણ નિરખી, મારું મન સહજ વૈરાગ્ય તરફ વળ્યું. મેં તરતજ પ્રવ્રજ્યા સ્વીકારી, તપ તપી શેષ જીવન ચારિત્રમાર્ગે વીતાવ્યું તેથી હું બારમા અચ્યુત દેવલોકમાં દેવ થયો છું. તારી આ શોચનીય દશા અવધિજ્ઞાને જોતાં જ અહીં તારી પાસે આવ્યો છું.'

'મિત્રવર્ય ! તારી શિક્ષા અવગણી તેનો આ નતિજો આવ્યો. મોહના ઘેનમાં એ વેળા સત્ય ન જોઇ શક્યો. હવે જ સાચી સ્થિતિનું ભાન થયું. પણ આગ લાગ્યા પછી કૂવો ખોદવા જવારૂપ એ નિરર્થક પશ્ચાત્તાપનું હવે શું પ્રયોજન ? હવે તો આ જીવનમાંથી છૂટવાનો કોઇ માર્ગ હોય તો દેખાડો.'

'ભાઇ ! પુરુષાર્થી માટે રસ્તાનો કંઇ ટોટો નથી. ચરમ જિનપતિ શ્રી મહાવીરદેવની ગોશીર્ષચંદનની મૂર્તિ ભરાવી કોઈ પવિત્ર ને પ્રભાવિક આચાર્ય પાસે એની પ્રતિષ્ઠા કરાવી, બહુમાનપૂર્વક તેની પૂજા કર. એ પ્રકારની ભક્તિથી તારા અશુભ કર્મોનો નાશ થશે. પ્રાંતે એ પ્રતિમાની જ્યાં યથાર્થ રીતે પૂજા થાય એવા નગરમાં તેને પહોંચતી કરાવજે.'

આવા કથનથી તે દેવે ગોશીર્ષ ચંદનની શ્રી મહાવીરસ્વામીની મૂર્તિ તૈયાર કરીને **કપિલ** કેવળી પાસે તેની પ્રતિષ્ઠા કરાવી.

" અવંતિ દેશના સ્વામી ! ઉપર મુજબનું કથાનક જેના સર્જનનું કારણ છે એ ચમત્કારી પ્રતિમા તમારી નજર સન્મુખ આ રહી. તેને સાથે લીધા વિના આપની સાથે હું આવી શકું તેમ નથી. કોઈ પણ રીતે આના જેવી મહાવીરસ્વામીની બીજી મૂર્તિ ભરાવી લાવો કે જેથી એનું અહીં સ્થાપન કરી આ મૂળ બિંબ આપણે સાથે લઈ જઇ શકીએ. "

ચંડપ્રદ્યોતને આ કથન સ્વીકાર્યા સિવાય છૂટકો જ ન હતો. તેથી ગુપ્ત રીતે આવ્યો હતો તેમ પુનઃ ચાલ્યા. જઈ તેણે તેવી જ પ્રતિમા નવી કરાવીને **કપિલ** નામના મુનિવર પાસે તેની પ્રતિષ્ઠા કરાવી અને તેને લાવી, દાસીને સુપ્રત કરી. પછી તે પ્રતિમા ત્યાં મૂકી મૂળ પ્રતિમા સાથે દાસીનું હરણ કરી લઇ ગયો. આ અપહરણને અંગે તેને પોતાને કેવી વિટંબણા ભોગવવી પડી તે હવે આપણે જોઇએ.

× × ×

વર્ષાકાળનો સમય છતાં આજ કેટલા દિનોથી વૃષ્ટિ બંધ થઇ ગઇ છે અને ચેતનાજનક સૂર્યકિરણોના સેવનથી વનરાજી નવપલ્લવરૂપી નીલવર્ણી વાઘા સજી કલ્લોલ કરતી દૃષ્ટિગોચર થાય છે. માનવગણનો આહ્લાદ પણ સાથોસાથ વૃદ્ધિંગત થઇ રહ્યો છે. મેઘરાજની અમર્યાદિત કૃપાથી સેવેલ પરિશ્રમનો ફળ-પરિપાક લણવાના અભિલાષમાં ખેડૂતગણનો આનંદ સમાતો નથી. એ જ વર્ષાકાળના આગમને એક સમયની નિર્જનભૂમિને વિવિધરંગી શિબિરોની હારમાળાથી ભરી દઇ એકાદ શહેર વસ્યું હોય તેવો ચિતાર ખડો કર્યો છે. જ્યાં સંખ્યાબંધ સૈનિકોની છાવણીઓના ડેરાતંબુ ઠોકાય ત્યાં રોજની વસ્તુઓનો ક્રયવિક્રય કરનારા તેલી-તંબોલી કે ગાંધી-કાછીય આદિ દુકાન-

દારોની કતાર મંડાય એમાં નવાઈ જેવું પણ શું? લશ્કરી ટુકડીના ધામા એટલે એક નાનકડું શહેર જ કલ્પી લેવું.

જરીયાનથી ભરેલા, સુંદર જરી–બુટ્ટાથી શોભતા અને પશુ–પક્ષી કે ફળ–ફૂલ વાવેલા રોપા યુક્ત વિવિધ કળાકૃતિઓથી શણગારાયેલા એક સુંદર શિબિરમાં (તંબુમાં), જેની મુખાકૃતિ જોતાં જ સહેજે અનુમાની શકાય કે એ કોઇ મોટા દેશનો સ્વામી અને પ્રભાવશાળી નરપતિ હશે એવો એક તેજસ્વી પ્રૌઢ પુરુષ જ્યાં પ્રાતઃકાલીન આવશ્યક ક્રિયાથી પરવારી આસન પર વિરાજમાન થાય છે ત્યાં તો પ્રતિદિન માટે નવનવી રસવતી તૈયાર કરી, પીરસવાની જવાબદારી જેના શિરે છે એવા એક શ્વેત ને સ્વચ્છ વસ્ત્રધારી રસોઇયાએ પ્રવેશ કરી, વિનયપૂર્વક પૂછયું કે ‘ મહારાજ ! આજે રસોઇમાં શું બનાવવું છે ? ’

‘ ભાઇ ! આજે તો પર્યુષણ મહાપર્વનો અંતિમ દિન યાને સંવત્સરીરૂપ મહાપવિત્ર દિવસ છે એટલે હું તો ઉપવાસ કરવાનો છું; પણ રાજવી પ્રદ્યોતની જેવી ઇચ્છા હોય તેવી રસવતી કરી તેમને જમાડજે. ’

રસોઇઓ વિદાય થયો. ભૂપતિ જ્યાં દૈનિક કાર્યક્રમની ધારણા વિચારી ઊઠવા માંડે છે ત્યાં તો રસોઇયાના પગલાં પુનઃ થયાં અને રાજા સવાલ કરે ત્યાર અગાઉ તે બોલી ઊઠ્યો કે ‘ નામદાર ! પ્રદ્યોતરાજ કહે છે કે તેમને પણ આજે ઉપવાસ છે. તેઓ પણ આપ સાહેબની માફક શ્રાદ્ધધર્મ આચરનારા છે. ’

‘ અરે ! આ તું શું વદે છે ? શું તે અરિહંતના ઉપાસક છે ? તો તો એ મારા સ્વધર્મીબંધુ ગણાય. જ્યાં લગી એક પણ સ્વામીભાઇ સાથે વૈમનસ્ય હોય, જ્યાંસુધી એ દોષનું નિવારણ કરી તેની સાથે પણ સાચી ક્ષમાપના ન કરી હોય ત્યાંસુધી મારું સંવત્સરી પર્વારાધન અધૂરું જ ગણાય; તો પછી હું

જિનાજ્ઞાનો આરાધક કેમ કહેવાઉં ? અન્ય સર્વ કાર્યો પડતા મૂકી પ્રથમ મારે એ સ્વધર્મી બંધુ સાથે ક્ષમાપના કરી લેવી જ જોઇએ.'

મોટા પુરુષનો વિચાર થયો કે એ જરૂર આચારમાં મૂકાવાનો. આગળ શું બન્યું એ જાણતાં પૂર્વે ચાલુ કથાપ્રવાહનો સંબંધ જરા વિચારી લઈએ. પ્રદ્યોતરાજને આપણે તો શ્રી કપિલમુનિ પાસે નવી પ્રતિમાની પ્રતિષ્ઠા કરાવતો જોયો છે જ્યારે અહીં તો તે એક કેદીનું જીવન જીવતો જણાય છે. એ કેમ બન્યું ? તે પ્રતિ ઊડતી નજર ફેરવીએ.

કપિલમુનિ રાજવી ચંડપ્રદ્યોતના આગ્રહથી અવંતી પધાર્યા. મોટા આડંબરપૂર્વક રાજાએ સામૈયું કરી વિધિ-વિધાનપૂર્વક નવીન બિંબની પ્રતિષ્ઠા કરાવી. એમાંથી પરવાર્યા બાદ કપિલ મુનિરાજ સંમેતશિખરના પ્રવાસમાં આગળ વધ્યા; જ્યારે મદનપીડિત અને જેનું મન સુવર્ણગુલિકાના એક રાતના રૂપ-દર્શનથી તેના સમાગમ માટે ઉત્સુક બન્યું છે એવો પ્રદ્યોતરાજ, અનિલવેગ હાથી પર મૂર્તિ લઇ વીતભયપટ્ટણ પહોંચ્યો.

જે સમયે ઉદયન રાજાના મહાલયમાં નિરવ શાંતિ પથરાયેલી હતી અને નગરની પ્રજા નિદ્રામાં લીન થઇ હતી એવી મધ્ય રાત્રિએ અંતઃપુરના એક ભાગમાં, જ્યાં દેવાધિદેવનું ગૃહમંદિર આવ્યું હતું ત્યાં દાસીમાંથી રાણી બની ચૂકેલી સુવર્ણગુલી અને ગુપ્તપણે આવેલ પ્રદ્યોતભૂપ પ્રાચીન પ્રતિમાને લઇને પલાયન થવાની તૈયારી કરી રહ્યા હતા. વાચક સારી રીતે જાણે છે કે સુવર્ણગુલીને કાંઇ મોટી તૈયારી કરવાની નહોતી. ફક્ત દેવાધિદેવની મૂર્તિ લઇ જવી હતી અને એને બદલે પ્રદ્યોત નૃપે આણેલી નવી મૂર્તિ ગુપ્ત રીતે ગોઠવી દેવાની હતી. આ કાર્યમાં વિશેષ વિલંબ ન થયો. પાછલી રાતના ઓળા વીતભયપટ્ટણની

મીઠી ઊંઘ લેતી પ્રજા પર ઊતરે તે પૂર્વે તો આ દંપતી અવંતીના માર્ગે કૂચ કરી ગયા હતા. ઉભયના હૃદયમાં આનંદનો વેગ એટલા જોરથી વહી રહ્યો હતો કે એ વેળા આ કાર્યનું ભાવી પરિણામ શું આવશે એનો વિચાર સરખો પણ ન આવ્યો. દુન્યવી ક્રમમાં એ વસ્તુ નવીન નથી. પ્રીતિના વહેણવેળા વર્તમાનકાળ જ જોર કરતો હોય છે. ભવિષ્યના અંક માંડવા સૌ કોઇ બેસે તો ભાગ્યે જ એક પણ કાર્ય થાય; તેથી જ ભવિતવ્યતાની શક્તિ અજોડ મનાઇ છે. 'હોણહાર કદાપિ મિથ્યા થતું નથી.'

બીજી સવારે પૂજનનો સમય થતાં જ જ્યાં ઉદાયન નૃપતિ ગૃહમંદિરમાં પગ મૂકે છે ત્યાં દાસી નજરે પડતી નથી. વળી પ્રભાવિક મૂર્તિના કંઠની માળા આજે પહેલી જ વાર કરમાયેલી જણાઈ. બારીકાઇથી તપાસતાં બિંબ બદલાયેલું છે એવી પ્રતીતિ થઈ. જ્યાં આ સંબંધી ઊહાપોહ થઇ રહ્યો છે ત્યાં તો ગજશાળાના રક્ષકદ્વારા સમાચાર પ્રાપ્ત થયા કે બધા હાથીઓના મદ ગળી ગયા છે. આ પરિસ્થિતિ પરથી અનુમાન કરી શકાયું કે જરૂર કોઇ મહાશક્તિધારી ગજરાજનું રાત્રિસમયે અહીં આગમન થયું હોવું જોઇએ અને તેવી શક્તિ ચંડપ્રદ્યોતના અનિલવેગ ગંધહસ્તિમાં જ સંભવે છે એટલે આ સારા ય બનાવમાં તેનો જ હાથ જણાય છે. તરત જ દૂતને ચંડપ્રદ્યોત પાસે દોડાવ્યો અને પરિણામે અનુમાન સત્યમાં પરિણમ્યું.

સિંધુ-સૌવીર દેશના સ્વામીને આ કરણીમાં પોતાનું ભયંકર અપમાન થયાનું લાગ્યું. જે દ્વારા પોતે ધર્મને માર્ગે શ્રદ્ધા ધરતો થયો એવી દેવાધિદેવની મૂર્તિ આ રીતે ચોરાઇ જાય અને પોતે આંખમીંચામણા કરી બેસી રહે એવો તે કાપુરુષ ન હતો. ક્ષત્રીવટનું લોહી તેની નસોમાં ધબકતું હતું. તરત જ સૈન્યને સજ્જ થવાની આજ્ઞા અપાણી. અલ્પ સમયમાં તે વિશાળ લશ્કર સહિત ઉજ્જયનીના સીમાડામાં દાખલ થયો.

રાજવીઓ વચ્ચેનો સંગ્રામ એ કોઈ નવી ચીજ નથી. જર, જોરુ અને જમીનરૂપ ત્રિપુટીમાંથી એક કે અધિક સારુ સંખ્યાબંધ યુદ્ધ ખેલાયાના દૃષ્ટાંતો આદિકાળથી ઇતિહાસના પાને નોંધાયલા મળી આવે છે. વિશાળ સામગ્રી અને યુદ્ધની કાર્યદક્ષતા પર જયનો આધાર છે. અહીં પણ એમ જ બન્યું. માલવેશના સંરક્ષણ પ્રયાસો, ઉદાયનરાજના પ્રખર હલ્લા સામે નિષ્ફળ નિવડ્યા અને જયશ્રીની પરીક્ષામાં ચંડપ્રદ્યોત નાપાસ થયો એટલું જ નહિ પણ ઉદાયનના હાથે કેદ પકડાયો.

ગુન્હેગાર સામે સમભાવ દાખવનારા તો વીરલા જ મળે. એ વેળા ગુસ્સો મર્યાદા ઉલ્લંઘી જાય છે. એમાં ક્ષત્રિય રાજમહારાજાનો કોપ તો અમર્યાદિત ગણાય છે. વાસુદેવના ભવનું સીસુ રેડવારૂપ દારુણ કાર્ય કયો જૈન નહીં જાણતો હોય? ઉદાયને પણ આવેગમાં આવી, ચંડપ્રદ્યોતના શિર પર 'દાસીપતિ' એ ચાર અક્ષરના ડામ દેવરાવ્યા એવી વાત કથાનક વદે છે. એ વેળા '**કડવાં ફળ છે ક્રોધનાં**' એ મુનિશ્રી ઉદયરત્નનું વચન યાદ આવે છે. આ પછી તો દેવાધિદેવની મૂર્ત્તિ પાછી લઇ જવાનો પ્રયત્ન આરંભાયો, પણ દેવ તો ઊઠ્યા જ નહીં. ઉદાયન ભૂપને શંકા થઇ કે વીતરાગ દેવ પણ રૂઠ્યા કે શું? ત્યાં તો અંતરીક્ષમાંથી સ્વર સંભળાયા. વીતભયપટ્ટણ ધૂળવડે ઢંકાઇ જવાની આગાહી કર્ણે અથડાઇ. ખેલ ખલાસ. દૈવને કોઇ હંફાવી શકયું છે? મૂર્ત્તિની પૂજાવિધિ યથાર્થ રીતે થઇ શકે તેવો પ્રબંધ કરી નૃપતિ ઉદાયન ખિન્ન હૃદયે પાછો ફર્યો. એનો ઉલ્લાસ સૂકાઇ ગયો. વિજય મળ્યો છતાં એથી આનંદ ન થયો, સંસાર પરથી એનું દિલ ઓસરવા માંડયું. ચોમાસું આવતાં માર્ગમાં જ સ્થિરતા કરી. પર્યુષણ પર્વનું આરાધન શાંતિથી કરવાના હુકમ છૂટ્યા. જોતજોતામાં તંબુ ડેરા નંખાયા. દશ મુગટબંધ રાજાઓનો પરિવાર પથરાય એટલે એક શહેર જ વસી રહેને! નામ પડ્યું **દશપુર**.

પુરાતત્ત્વશોધકોની દૃષ્ટિએ એ સમયનું દશપુર તે આજનું મંદસોર છે. સાંકળના ખૂટતા અંકોડાને સાંધવામાં પ્રજ્ઞાએ તેમને સંગીન સાથ આપવો ઘટે.

ક્ષમાપનાને લગતું જે આલેખન કરાયેલું છે એ બનાવ દશપુરમાં જ બન્યો. આમ તો રાજવી ઉદાયન માટે જે રસવતી તૈયાર કરવામાં આવતી તે જ ભૂપ પ્રદ્યોતને પીરસાતી. રાજકેદી માટે ભાણાભેદ જેવું નહોતું, પણ સંવત્સરી પર્વ માટેનો ઉપવાસ એ પ્રદ્યોત નૃપ માટે સંશયનું ભાજન બન્યો. રોજ રસોઇ માટે ન પૂછતાં આજે જ એ માટે પ્રશ્ન કરાય છે એટલે જરૂર કંઇ ભેદનીતિ સંભવે છે. શંકિત હૃદય સર્વત્ર વહેમના ઓળા અનુભવે છે. ભેદનીતિમાં ન ફસાવા ખાતર જ પ્રદ્યોતનૃપે શ્રાદ્ધધર્મનું અવલંબન ગ્રહ્યું. એ પાછળનો ભાવ ભિન્ન છતાં ઉપવાસરૂપી દ્રવ્યતપે એનો છૂટકારો કરાવ્યો એટલું જ નહિ પણ સાધર્મીબંધુના સન્માનપૂર્ણ અધિકાર પર બેસાડી દીધા. તપમાં અચિંત્ય શક્તિ મનાય છે એ વાત ખોટી નથી જ.

જેનું મન અંતરશુદ્ધિ અને ક્ષમાપનામાં એકતાર બન્યું છે એવા ઉદાયને જાતે કારાગૃહના દ્વાર ખોલી નાંખી, બહુમાનપૂર્વક પ્રદ્યોતનૃપને ભેટી, પોતે અજાણપણે સ્વધર્મીભાઈની આ જાતની કદર્થના કરી તે માટે પશ્ચાત્તાપ જાહેર કર્યો. શિરોભાગનો ડામ સુવર્ણપટબંધથી આચ્છાદિત કર્યો અને સુવર્ણગુલીને એક પુત્રી સમ ગણી જમાતાને યોગ્ય સન્માન અને ઉચિત ગામગરાસથી માલવેશને નવાજ્યો. શાસ્ત્રકાર આ પ્રકારના ' મિચ્છામિ દુક્કડમ્ ' ને જ સાચાં લેખે છે. ધર્મની દાઝના માપ ભૂપ ઉદાયનની આચરણામાંથી જડી આવે છે. પર્વના આગમન બહારના દેખાવ કે કૃત્રિમ આડંબર માટે નથી પણ અંતરશુદ્ધિ અર્થે જ છે.

પર્યુષણના પવિત્ર દિનોને અને ચોમાસાના ચાર માસને જ્યાં અનંતો કાળ વહી ગયો ત્યાં વીતી જતાં શી વાર ? વીત-

ભયપટ્ટણમાં પુનઃ પ્રવેશ પણ થઇ ચૂક્યો અને રાજકાજમાં દિવસો વીતવા લાગ્યા. પણ 'બુંદથી બગડી હોજથી ન સુધરે' તેમ પૂર્વ માફક રાજવી ઉદાયનની ચિત્તવૃત્તિ કામ કરતી જ નથી. અહર્નિશ કૃત્રિમ જીવિતસ્વામીના બિંબની પૂજા કરતાં છતાં પણ એના મગજનો ઉદ્વેગ કમી થયો નહીં. એની ચક્ષુઓ સામે પ્રભાવતી દેવી ગઇ! દેવાધિદેવની મૂર્ત્તિ ગઇ!! થાંભલા પર કોતરેલી પુતળી માફક અડગતાથી ઉપાસના કરતી દાસી પણ ગઇ!!! એમ 'ગઇ, ગઇ' ના ચિત્રો જ તરવરે છે. રાજમહેલ અકારો લાગે છે. પ્યારા વતન વીતભયપટ્ટણનો વિનાશ નજીકના સમયમાં ડોકિયાં કરતો દૃષ્ટિગોચર થાય છે. 'રાજ્યને અંતે નરક' એ પરમાત્મા શ્રીમહાવીરનું વચન સ્મૃતિપથમાં તાજું થાય છે. વિચાર થાય છે કે જાણીબૂઝીને એ નરકમાં મારે શા સારુ પડયું રહેવું અને પુત્રને રાજ્ય આપી તેને પણ શા માટે પાડવો? પુષ્કળ વિચારણાને અંતે પુત્રને તો નરકગામી ન જ બનાવવો એવો નિરધાર થયો. પુત્રના કાને આ વાત જતાં તે રીસાઇને ચાલ્યો ગયો. **'આપત્તિના આગમન એકલડોકલ નથી હોતાં પણ પરિવાર સાથે જ હોય છે.'** એનો સાક્ષાત્કાર થયો છે. એ સહીને પણ સિંધુ-સોવીર દેશનો માલિક સ્વબચાવના ઇલાજ શોધી રહ્યો છે. ત્યાં વનપાલકે વધામણી આપી કે "મહારાજાધિરાજ! ઉદ્યાનમાં પ્રભુ શ્રી વર્ધમાનસ્વામી સમવસર્યા છે." દેવે રચેલા સમવસરણમાં પ્રભુ દેશના આપે છે ત્યાં ઉદાયનરાજા ચતુરંગિણી સેના ને પરિવાર સાથે આવ્યા. પ્રભુએ દેશનાના પ્રારંભમાં કહ્યું કે—

मज्जं विसयकसाया, निद्दा विगहा य पञ्चमी भणिया ।
एए पञ्च पमाया, जीवं पाडंति संसारे ॥ १ ॥

आर्यदेशकुलरूपबलायु-र्बुद्धिबन्धुरमवाप्य नरत्वम् ।
धर्म-कर्म न करोति जडो यः, पोतमुज्झति पयोधिगतः सः॥२॥

હે ભવ્ય જીવો ! પ્રાતઃકાળથી આરંભી નિશાકાળની છેલ્લી ઘટિકા યાને નિદ્રાના સ્વાંગમાં ચક્ષુ મીંચતાં પર્યંતના કલાકોમાં વધુ નહિ તો બે પાંચ ક્ષણનો વિરામ પ્રાપ્ત કરી, એકાદ વાર પણ તમે વિચાર કર્યો છે કે–' સંસારમાં જીવો કયે કારણે અમર્યાદિત કાળ સુધી પરિભ્રમણ કરી રહ્યાં છે ? અથવા તો સંસારમાં આ જાતનું ભ્રમણ કરાવનાર કઇ વસ્તુઓ છે ? શું એ વાત મહત્ત્વની અને વિચારણીય નથી ? મહાનુભાવો ! સમજી રાખો કે, સંસારમાં દીર્ઘ સમય પર્યંત જીવોને દબાવી રાખનારા જો કોઇ પણ શત્રુઓ હોય તો તે નિમ્ન પ્રકારના પાંચ આંતરિક શત્રુરૂપી હત્યારાઓ છે.

મદ, વિષય, કષાય, નિદ્રા અને **વિકથા** એ એનાં નામો છે. પ્રાપ્ત થયેલ વસ્તુની સુંદરતા કે ઉત્કૃષ્ટતા વિચારી અહંકારી બનવું-ગર્વથી ફુલાઇ જવું એનું નામ મદ. તેના ગોત્ર (કુળ), જાતિ, રૂપ, બળ, તપ, ઋદ્ધિ, વિદ્યા અને ઐશ્વર્ય–આ આઠ મુખ્ય પ્રકાર છે. કુળનો મદ કરનાર એક સમયના મરિચી કેવી વિટંબણાના ભાજન થયા ? એનો પ્રત્યક્ષ અનુભવી હું પોતે તમારી સામે જ છું. ઋદ્ધિનો મદ કરનાર એક વખતના રાજવી દશાર્ણભદ્ર જુઓ પેલા બેઠા. મદના માઠા વિપાક સારુ આ કરતાં વધુ ઉદાહરણની આવશ્યકતા છે ખરી ?

' વિષય તો વિષ કરતાં પણ તીવ્ર અને ' ક્ષય ' કરતાં પણ અતિ ભયંકર વ્યાધિરૂપ છે. એક જ વેળા પ્રાણનો અંત વિષ-ભક્ષણથી થાય, પ્રયોગદ્વારા એમાંથી જીવ બચી પણ જાય; પરંતુ નાગપાસમાં બરાબર ફસાવી મારી, મીઠી છુરીની ગરજ સારનારા આ પાંચ ઇંદ્રિયોના ત્રેવીશ વિષયો તો એક બે ભવ નહિ પણ સંખ્યાબંધ ભવો પર્યંત આત્મા સાથે ચોટી રહી વારંવાર એને પંચત્વ પમાડે છે--અધોગતિનું ભાજન બનાવે છે !

ક્ષયનું દરદ જીવલેણ ગણાય છે, પણ તે એક જ ભવ માટેનું; પરંતુ વિષયમાં લેપાયેલ આત્મા તો અનેક ભવો સુધી એની મધલાળમાંથી છૂટવા નથી પામતો. હોંશે હોંશે મુગ્ધ બની પોતાના હાથે જ પોતાના બંધન વધુ મજબૂત કરે છે, તો પછી ક્ષય જેવા મહાવ્યાધિથી એ વધુ દારુણ ગણાય જ. એમાં લવલેશ શંકાને સ્થાન નથી.

'ચાર કષાય એ તો ખરેખર સંસારરૂપ વિશાળ મકાનના અતિ મજબૂત પાયા સમાન છે. સારી ય સંસારી મહેલાત એના પર જ નિર્ભર છે. એ જ્યાં હાલ્યાં ત્યાં સંસારને કકડભૂસ થતાં જરા પણ વિલંબ ન સમજવો. એના નામોથી ભાગ્યે જ કોઇ અજ્ઞાત હશે. ક્રોધ, માન, માયા અને લોભ. એને સંભારતાં અને એ ચંડાળચોકડીના દારુણ કર્તુકો યાદ કરતાં ભલભલાના હૃદયો કંપી જાય તેમ છે. મોહરાજાના એ ત્રણ પૌત્રોએ અને માયા પૌત્રીએ સારા ય વિશ્વમાં એવી તો ભીષણતા-ભયંકરતા અને ભયાતુરતા વિસ્તારી મૂકી છે કે એનાથી ગમે તેવા મહારથીઓ પણ ધ્રૂજી ઊઠે છે. અરે! મૂછ પર લીંબુ ઠેરવનારા અને સમરાંગણમાં વારંવાર વિજયશ્રી વરનારા મહારથીઓ કે પ્રબળ સુભટો પણ એના મીઠા પાશમાં ફસાઇ જાય છે કે જેથી એનો તાગ પણ શોધ્યો જડતો નથી. માયા ડાકિનીને તો ખરેખર કોઇ વિચિત્ર સ્વભાવની વ્યંતરી જ સમજી લ્યો. તે જોતજોતામાં એવી તો અદૃશ્ય રીતે આત્મામાં પ્રવેશી જઇ, અડ્ડો જમાવી દે છે કે એનાથી સંસારી આત્માઓનું તો શું કહેવું પણ સમર્થ મહાત્માઓ અને કેવળ નિઃસ્વાર્થ જીવન જીવનારા સંતો પણ એની કારમી અસરથી મુક્ત રહી શકતા નથી. અરે! દ્રવ્ય કે વિલાસના સાધનોમાં તો એ કુટ્ટિની ભલે નાચ નચાવી રહી હોય પણ આત્મકલ્યાણના હેતુભૂત ધર્મકરણી કે તપાચરણમાં પણ જ્યારે એના દર્શન થાય છે ત્યારે તો એના બહુરૂપીપણા પર તિરસ્કાર જ છૂટે છે.

પાંચ પ્રકારની નિદ્રા અને ચાર પ્રકારની વિકથા જો કે આગળના ત્રણ જેટલી દારુણ ન ગણાય, એમ છતાં એના સાથી તરિકેના ગૌરવને શોભાવે તેવી તો ખરી જ. જો ચેતતા ન રહ્યા તો તે પીઠ પાછળથી ઘા કરતાં રંચ માત્ર વિલંબ ન કરે. આત્માને બેભાન જેવી હાલતમાં રાખી એ પોતાનું કામ કાઢી લ્યે. નિદ્રા ને વિકથારૂપ પ્રમાદબેલડીમાં તો હરકોઇ આત્મા ઓછાવત્તે અંશે ફસાયેલો જ છે. એમાંથી બચવા સારુ સતત જાગૃત રહેવાની જરૂર છે. એનો સદુપયોગ કરી લેવાનું દૃષ્ટિબિન્દુ એક વાર નિશ્ચિત કરી લેવાય તો પછી એ યુગલની ધાસ્તી રાખવાનું કારણ નથી.

હે ભવ્ય જીવો ! આ પાંચ પ્રકારના પ્રમાદ સંસારમાં દરેક જીવોને પરિભ્રમણ કરાવનાર છે એમ યથાર્થપણે સમજી લ્યો. એમાંથી બચવાના સાધનોનો સધિયારો લ્યો. તમને આર્ય દેશ, ઉત્તમ કુળ, સર્વાંગ સુંદરતા, યોગ્ય શક્તિ, દીર્ઘ આયુષ્ય, સારાસાર સમજવાની બુદ્ધિ, સહાયક બન્ધુવર્ગ અને મનુષ્યપણું પ્રાપ્ત થયું છે તો એનો પૂર્ણ લાભ ઉઠાવી લ્યો. ઉપરોક્ત સામગ્રીનો સંયોગ ધર્મકરણીમાં અનુકૂળતા અર્પે છે. અનાર્ય દેશોમાં કે હલકા કુળોમાં **ધર્મ** એ કઇ ચીડિયાનું નામ છે ? એ પણ જીવો જાણતા નથી. અંગોની હીનતા કે અશક્ત દેહ ને અલ્પ આયુષ્યવાળા જીવો ધર્મ પામ્યા છતાં પણ આચરી શકતા નથી. બુદ્ધિનો દુરુપયોગ કરીને કે ભ્રાતૃગણમાં ક્લેશની હુતાશન પ્રગટાવીને સારું ય જીવન વિણસાડી નાંખનારા કયાં આપણી નજર બહાર છે ? તિર્યંચો ધારે તો પણ ધર્મકૃત્ય તેમનાથી દોઢસો ગાઉ દૂર છે. કેવળ માનવજિંદગીને જ એ અનુકૂળતા વરી છે. એમાં જ્યારે ઉપરોક્ત સાધનોની વિપુળતા હોય તો પછી કયો આત્મા અભાગી હોય કે જે ધર્મ ન સેવે ? એવો યોગ મળ્યા છતાં પ્રમાદ કરનારની દશા કિનારે સુંદર વહાણ મોજુદ છતાં સાગર પાર કરવા સારુ સમુદ્રમાં ભુસકો મારવા જેવી મૂર્ખાઇ

કરવા બરાબર છે. ભુસકો મારી સાગર જેમ ન તરાય તેમ ઉપરની અનુકૂળતાઓનો લાભ ન લેવાય તો આ જીવન નિષ્ફળ જ જાય. એવું અવળું કાર્ય શુભ આત્મા તો ન જ કરે. એમ થાય તો પછી ચેતન અને જડ વચ્ચે ફેર શો ? તેથી જ મહાનુભાવો ! ' સાંભળ્યાનું ફળ વિરતિ યાને યથાશક્તિ ગુણ ગ્રહણ કરી દોષને ત્યજવામાં છે ' એ વાત બરાબર અવધારી લઈ મનુષ્ય જન્મને સફળ કરવા ઉજમાળ થાઓ. ”

અમૃતથી પણ અતિ મીઠી પ્રભુની વાણી શ્રવણ કરીને પર્ષદામાંથી સંખ્યાબંધ માનવીઓ ઊભા થયા. ચરમ તીર્થપતિ શ્રી મહાવીર દેવ સમક્ષ જાતજાતના વ્રત-પચ્ચખ્ખાણ ગ્રહણ કરાયા. કેટલાકે તો સંસારને સદાને માટે લાત મારી, સંયમરૂપી કલ્પવૃક્ષની શીળી છાયામાં વસવાનો નિરધાર જણાવ્યો. તેને પ્રભુએ દીક્ષા આપી. કેટલાકે શ્રાવકનાં વ્રતો ગ્રહણ કર્યાં.

તરત જ નરેશ ઉદાયને ઊભા થઇ, હસ્તદ્વય જોડી નમ્ર સ્વરે ત્યાગ જીવનરૂપી સુંદર ને મનોરમ વાટિકામાં પ્રવેશવાનો સ્વમનોરથ પ્રભુશ્રીને જણાવ્યો અને પોતે રાજકાર્યનો ભાર અન્ય શિરે સોંપી એ સંબંધી સર્વ તૈયારી કરી લે ત્યાંસુધી વીતભયપટ્ટણના એ ઉદ્યાનમાં સ્થિરતા કરવાની વિનંતિ કરી. શ્રી મહાવીર દેવનો તો એ જ જવાબ હતો કે ' એક સમય માત્ર પણ પ્રમાદ ન કરશો.'

રાજવીની ચિરકાળ સંચિત આશા નવપલ્લવિત થવાનો સુયોગ કમાડ ઠોકવા લાગ્યો, એના હર્ષનો પાર ન રહ્યો. ભાણેજને પોતાની ગાદી પર સ્થાપન કરી સત્વર પોતે રાજકાજના ભારથી મુક્ત બની પ્રભુહસ્તે દીક્ષિત થયા.

મંત્રીશ્વર અભય ! એ ઉદયન તે હું પોતે. આજે તારી સમક્ષ મારું જીવન વર્ણવી રહ્યો છું. હવે માત્ર એક જ પ્રસંગ ! સંસારનો સંબંધ કેવો છે એ પર એક જ સર્ચલાઈટ ફેંકવારૂપ પ્રયાસ કરું છું.

" હકદાર પુત્રને રાજ્ય ન સોંપતા બહેનના પુત્રને રાજ્ય આપ્યું ને હું ચાલી નીકળ્યો. કર્મ તોડવા સારુ જાતજાતના તપ આરંભ્યા. એકદા પારણાર્થે હું એ જ વીતભયપટ્ટણની ભાગોળે આવી ચડ્યો. અહા ! માનવની કેવી લોલુપતા ! એ જ ભાણેજે રાજ્ય પાછું માંગવાની કુશંકાએ મને આહારમાં વિષ* દીધું. સગાઇ ને ઉપકારનો એ રીતે બદલો વાળ્યો. એ તો મારા સુભાગ્યે અચાનક દેવસાનિધ્ય મળી ગયું અને વિષની કારમી અસરથી હું બચી ગયો, નહિં તો આરંભ્યા અધવચ્ચ જ રહેત. પ્રભુ શ્રી મહાવીર દેવના વચનો–' સૌ સ્વાર્થના સગા છે. કોઇ કોઈને સાચું પ્રિય નથી. સંસાર અસાર છે. સંસારી સમાગમ તો પંખીના મેળા કે મુસાફરના સાથ સમો છે. ' તે ત્યારથી મારી છાતીમાં પથ્થર પરના શિલાલેખ સમ કોતરાઇ ગયા છે. એ જ દીપિકાની રોશનીથી આજે હું મારા જીવનને અજવાળી રહ્યો છું."

અભયકુમાર બોલ્યો—" મહાત્મા ! મારા જેવા ઉપાધિમાં રચ્યાપચ્યા રહેનાર જીવને આપની આ જીવનકહાણી માર્ગદર્શક લોમિયાની ગરજ સારશે. આપના જીવનમાંથી જ મારા જીવન-સૂત્રની ગુંચવાયેલી આંટી સહેલાઇપૂર્વક ઊકલી જાય છે. પિતાશ્રી બિંબિસાર સમક્ષ જ્યારે પ્રવ્રજ્યાની વાત રજૂ કરું છું ત્યારે એ જ જવાબ મળે છે કે ' હું બોલાવું આવું ત્યારે તારે જવું.' રાજર્ષિ ! મને પિતાશ્રીની સંસારાસક્તિ જોતાં તે સંસાર છોડે એમ જણાતું નથી પણ વડીલની આજ્ઞાપ્રાપ્તિ વિના ધાર્યું

*ઉદયન રાજર્ષિનું અવસાન તેમના ભાણેજ કેશીરાજાના વિષ-પ્રયોગથી જ થયું છે. તેણે ત્રણ ચાર વાર દહીં સાથે વિષ આપ્યું. દેવ થયેલ પ્રભાવતીએ બે ત્રણ વાર હરી લીધું, એક વાર પ્રમાદથી વિષ ન હરતાં તે વિષવાળા દહીંનો આહાર કરવાથી આરાધનાપૂર્વક તેમના પ્રાણ ગયા તેથી ક્રોધ પામી પ્રભાવતીદેવે ધૂળવડે આખી વીતભય નગરી દાટી દીધી.

કેમ થાય ? આજે આપની કથનીએ મારા હૃદયના દ્વાર ઉઘાડી નાંખ્યા છે. પ્રભુ શ્રી વર્ધમાનસ્વામીએ આપને અંતિમ રાજર્ષિ કહ્યા છે એટલે હવે હું રાજા થયા પછી રાજર્ષિ થાઉં એ સંભવતું નથી મારે તેથી કોઇપણ રીતે પિતાની આજ્ઞા મેળવવી તે સિવાય હવે બીજો આરો નથી. ”

આ પ્રમાણે કહી વંદના કરી મંત્રીશ્વર અભય સિધાવી ગયા. રાજર્ષિ ઉદાયન કૈવલ્ય પામી સિદ્ધશિલાવાસી બન્યા.

ત્રીજા ગુચ્છકનું રાજવી મનુષ્યનું એ ચોથું પુષ્પ પૂર્ણતાને પામ્યું.

શ્રેણિકપુત્રો.



સંસારજન્ય વિલાસોમાં આકંઠ ડૂબેલા અને દુન્યવી વ્યવહારોના વિવિધરંગી અભિનયોથી જીવનરૂપી નાટકના સુંદર ભાગ ભજવતા પાત્રો, કે જેમને માત્ર એકાદ આંચકો લાગતાં જ સાપ જેમ કાંચળીને ત્યજી દે છે તેમ સ્વઅભિનયને છોડી, જીવનપલટો કરતાં સ્હેજ પણ વિલંબ લાગતો નથી. એવા આત્માઓના જીવન વિચારતાં આપણે ચોથા તબક્કા પર આવી ઊભા છીએ. 'કર્મે શૂરા તે ધર્મે શૂરા' જેવા ટંકશાળી વચનનો ઉલ્લેખ તેમના સરણાને જ લાગુ પાડી શકાય. 'સંસાર ભોગવી પણ જાણે અને એ જ સંસારને તજી પણ જાણે' એ તેઓની જિંદગીમાંથી ઝરતો સાર છે. અગાધ સાગરના અમાપ વારિ વચ્ચે પણ ઊભા રહી, પ્રખર સમીરના સખત ઝંઝાવાતો સહી, સંખ્યાબંધ જહાજોને અને નાનકડા ગામોનો ચિતાર ખડો કરતી મોટી સ્ટીમરોને, લાલબત્તી ધરતી યાને યોગ્ય માર્ગનું ભાન કરાવતી દીવાદાંડીરૂપ જેમનું જીવનસૂત્ર છે એવા અમર આત્માઓમાં કોઇનો પણ ઇજારો કે વારસો નથી નોંધાયો. અલબત્ત, એ સારુ આત્માને આછી પાતળી જાગ્રતિનો ખ્યાલ તો હોવો ઘટે જ. નિમિત્ત મળતાં જ એ જાગ્રતિ ભભુકી ઊઠે છે અને શૂરાતનનો પાવક પ્રજ્વલિત થતાં વિલંબ લાગતો નથી. એ કાળે દિશાફેર તો સહજ હોય છે.

આપણી માળામાં એવાં ત્રણ ગુચ્છકોમાં ગુંથાયેલા બાર પુષ્પો સમા વિવિધવર્ણી ચરિત્રો જોઇ ચૂકયા. આજે આરંભાતું ચોથું ગુચ્છક 'રાજપુત્રો'નું છે. એમાં એ સર્વ એક જ પિતાના સંતાન છે. એ જેમ અજાયબી પમાડે છે તેમ પૂર્વના ગુચ્છકમાં

આવેલ શાળ–મહાશાળ માફક આમાં પણ હલ્લ–વિહલ્લરૂપ યુગલની વાત એક જ મથાળા નીચે આવવારૂપ વિલક્ષણતા છે.

પરમાત્મા મહાવીર દેવનો સમય એટલે ભારતવર્ષની ચઢતી કળાનો મધ્યાહ્ન કાળ. એ વેળા સૌ દેશોમાં મગધની કીર્તિ સવિશેષ ગણાતી. એની ઋદ્ધિ–સિદ્ધિનો જેમ સુમાર નહોતો તેમ એના વેપાર–વણજ પણ અમર્યાદિત હતા. એ કાળનું રાજગૃહ આજના મુંબઈને પણ ટક્કર મારે તેવું હતું. કથાનકોમાં આવતાં વર્ણન પરથી જણાય છે કે–અડતાળીશ ગાઉનો તો એનો વિસ્તાર હતો. આજે છેટા પડેલા ગુણશીલવન કે નાલંદા જેવા ભાગો તો તે સમયે તેના પરા તરિકે લેખાતાં. જેમની લક્ષ્મીનું લેખું નહોતું એવા સંખ્યાબંધ કોટિધ્વજોનો એ રાજધાનીના મુખ્ય શહેરમાં વાસ હતો. સાત માળના મુંબઈના માળા જોઈ, દેશમાંથી પહેલવહેલાં એ ધરતીમાં પગ મૂકનાર માનવીને જેમ અચંબાનો પાર રહેતો નથી અને સર્વત્ર ઊંચા મકાનો જ લાગ્યા કરે છે તેમ એ કાળે આ વિશાળ નગરમાં સાત ભૂમિકાવાળી હવેલી કે ઊંચા પ્રાસાદોનો તોટો નહોતો. આજની મોટી સ્ટીમરોની માફક ત્યાં વસતા મહાન્ વહેવારીયાના સંખ્યાબંધ મોટા જહાજો અગાધ સાગરને ખેડતા. એમાં કોઇ પાંચ સો કૂવાસ્થંભવાળાના તો કોઈ અઢીસો કૂવાસ્થંભવાળા હતા અને એમાં પણ ઉક્ત સ્ટીમરોની માફક ત્રણ, પાંચ કે કોઇમાં તો છ અગર સાત માળ પણ હતા. ટૂંકમાં કહીએ તો આજના એકાદ મહાન્ ને ધંધાના ધીકતા ધામ સમું મહત્ત્વ એ મહાપુરી રાજગૃહીનું હતું. આજના સાધનોથી કોલાણાના કાંઠે બનેલો બનાવ દાદર વસતો મનુષ્ય સહજ જાણી શકે છે પણ એ સમયની વસ્તી, વિસ્તાર અને વ્યવસાયરક્તતાનું પ્રમાણ એવું વિશાળ હતું ને સાથોસાથ આજની માફક્ના જાહેરાત કરવાના સાધનનો અભાવ હતો કે જેથી રાજમહાલયનું આંગણું વાળતી ભંગિનીના દેહ પર રત્નકંબળ જોયું ત્યારે રાજવી

શ્રેણિકને ખબર પડી કે મારા રાજ્યમાં શાલિભદ્ર શેઠ જેવો વ્યવહારીયો વસે છે કે જેના ઘરની કામિનીઓ રત્નકંબળ જેવી કિંમતી વસ્તુઓનો ઉપયોગ માત્ર એક દિનના પાદલુંછન તરીકે કરી, વાસી અન્નની માફક બીજે દિવસે તો ઉચ્છિષ્ટ ગણી કચરાની બાળમાં ફગાવી દે છે. આજના વિચારકને કદાચ આમાં અતિશયોક્તિ જેવું લાગે પણ વસ્તુતઃ વિચાર કરતાં અને એ સમયના દેશકાળનો તાળો મેળવતાં આમાં આશ્ચર્ય પામવા જેવું કંઈ જ નથી.

જે ગુણશીલ વનમાં અને જે નાલંદાપાડામાં શ્રી મહાવીરદેવે ચૌદ ચોમાસા કર્યાં છે અર્થાત્ જ્યાં અવારનવાર આગમન ચાલુ રહ્યાં છે એ સ્થાનો મહત્ત્વના જ હશે, તે વિના વારંવાર ત્યાં તીર્થપતિના આગમન ન જ સંભવી શકે. નાલંદા એ કાળનું જબરદસ્ત વિદ્યાપીઠ હતું એમ પુરાતત્ત્વશોધકો પ્રતિપાદન કરે છે. આજે ખોદકામ કરતાં ત્યાં આગળ જે સંખ્યાબંધ વિહારોનો પત્તો લાગ્યો છે અને જૂની અગણિત ચીજો હાથ લાગી છે તે પરથી એ વાત સિદ્ધ થાય તેમ છે. જો કે હાલ એ સર્વ બુદ્ધ-ધર્મને નામે ચડ્યું છે છતાં એ વિહારોની રચના અને એના અભ્યાસ તેમ જ ચિંતન ને મનન કરવા સારુ યોગ્ય સગવડભર્યા સંખ્યાબંધ કમરા જોતાં આજે પણ અનુમાની શકાય તેમ છે કે ભૂતકાળમાં આ સ્થળે સુવિખ્યાત ને મહાન્ વિદ્યાપીઠો હશે અને સંખ્યાબંધ છાત્રો જુદા જુદા દર્શનના અભ્યાસ અર્થે અહીં આવતા હશે. ષડ્દર્શનના જ્ઞાતાઓ પણ સારી સંખ્યામાં અત્રે નિવાસ કરતા હશે. આમ એક કાળે વિદ્યા અને શિક્ષણના કેંદ્રસ્થળ તરીકે આ સ્થાનનું ગૌરવ સવિશેષ હતું તેથી જ ચરમ જિનપતિના ચોમાસાં અવારનવાર આ સ્થાનમાં થયા છે. રાજગૃહના શાખાપુર યાને નાલંદાપાડા તરીકે સુવિખ્યાત થયેલા આ સ્થાનના સંબંધમાં જૈન કથાનકોમાં ઉલ્લેખોનો પાર નથી.

વળી તે એટલા અંતરે આવેલ છે કે ધંધા કે પ્રવૃત્તિનો ધમ-ધમાટ એને બિલકુલ સ્પર્શી શકે તેમ નહોતું.

આજે પણ વિપુળગિરિથી માંડી વૈભારગિરિ સુધી વિસ્તરેલી ગિરિમાળા, તળેટીમાં આવેલ ઠંડા ને ગરમ પાણીના કુંડો અને જરાસંધનો અખાડો, શાલિભદ્ર શેઠની નિર્માલ્ય કુઇ, શ્રેણિક મહારાજનો ભંડાર, નંદ મણિયારની વાવ અને રોહિણીયા ચોરની ગુફા તરીકે ઓળખાતા ને કાળના કરાળ પંજામાં કકડ-ભૂસ થઇ, જીર્ણતા-વિશીર્ણતાને વરેલાં-કેવળ નામમાત્ર ધારણ કરી રહેલાં-સ્થળોના દર્શન પરથી પણ ગતકાલીન ગૌરવના જેમ ઝાંખી થઇ શકે છે તેમ ઐતિહાસિક શૃંખલાના અંકોડા પણ જોડી શકાય છે.

ઉક્ત પાંચ ટેકરી પર સ્થાપન કરાયેલ દેવકુલિકાઓ અને પાદુકાઓ સંખ્યાબંધ વર્ષોના વહાણા વાયા છતાં અને પ્રબળ વર્ષા કે પ્રખર ગરમીમાં કાળદૈત્યના અસ્ખલિત ચક્રમાં પીસાયા છતાં હજુ પણ ભૂતકાળમાં થઇ ગયેલા મહાત્માઓ કે જે આત્મ-કલ્યાણના માર્ગે આ સ્થાનનો આશ્રય ગ્રહણ કરી, કૂચ કરી ગયા છે તેની સાક્ષી પૂરે છે. એ સ્થાનનાં દરેક પત્થરમાં અગમ્ય ઇતિહાસના લેખ છુપાયા છે. એનો પ્રત્યેક કંકર મૂકભાવે આજે પણ પથિકના અંતરને વલોવી નાંખે છે અને ઊંડું અવગાહન કે બારિક અવલોકન કરનારને મૂકપણે ઘણું ઘણું દર્શાવે છે.

જે સ્થાનના ગૌરવની આપણે ઉપર વાતો કરી અને જેની પાછળ પ્રેરણા પાતો સંગીન ઇતિહાસ છે એ તરફ આજે દૃષ્ટિ કરનાર મુસાફર પહેલી તકે કિંકર્તવ્યમૂઢ બની જાય કિંવા પોતે કોઇ સ્વપ્નસૃષ્ટિમાં તો નથી આવી પડ્યો એવી એવી આશંકાનું ભાજન થાય. કારણ એક જ અને તે એટલું જ કે નથી એ રામ-રાવણ કે નથી એ લંકાનગરી! અડતાળીશ ગાઉના વિસ્તાર-

વાળી–એક સમયની પ્રબળ મહાપુરી–આજે થોડા ઝુંપડામાં સમાઇ જાય છે. એ ગિરિની હારમાળા આજે ખડી છે છતાં એના ગતકાલીન ગૌરવનું નામનિશાન પણ નથી રહ્યું. યાત્રાના ધામ તરિકેનું એનું મહત્ત્વ જળવાઇ રહ્યું ન હોત તો આજે ત્યાં ભાગ્યે જ કોઇ માનવીનો પદસંચાર થાત.

ભક્તિથી ખેંચાયલા હૃદયો આજે પણ યાત્રા નિમિત્તે ત્યાં ગમનાગમન કરી, એક વાર ભૂતકાળના ઊંડાણમાં અવગાહન કરે છે અને એ કાળના ગૌરવની ઝાંખીથી આત્મસંતોષ અનુભવે છે. કલ્યાણકભૂમિના નિમિત્તને જ એ આભારી છે. અસ્તુ.

ભૂત વર્તમાનની આટલી સમીક્ષા પછી શ્રેણિક પુત્રોના જીવનમાં આપણે ઉતરવાનું છે. જે કાળની આપણે વાત કરીએ છીએ તે કાળે મગધ દેશના સ્વામી તરીકે રાજવી પ્રસેનજિતના પુત્ર મહારાજા શ્રેણિકની સર્વત્ર આણ પ્રસરતી હતી. એ ભૂપનું બીજું નામ બિંબસાર કે ભંભાસાર પણ હતું. તેઓશ્રીને ચેલણા, ધારિણી, નંદા પ્રમુખ લગભગ આઠ રાણીઓ હતી. અભયકુમાર, મેઘકુમાર, નંદીષેણ, કોણિક ને હલ્લ–વિહલ્લ આદિ પુત્રોની સંખ્યા પણ દશકને વટાવી જતી.

એ રાજપુત્રોમાંના આપણી કથાસરિતાને વહેતી રાખવામાં ઉપયોગી થઇ પડે તેવા માત્ર પાંચ જ છે. અનુક્રમે આપણે એ દરેકને લગતી મુખ્ય અને આવશ્યક બાબતો વિચારશું.

ચાલો ત્યારે શ્રી ગણેશાય નમઃ અભયકુમારથી જ કરીએ.



મંત્રીશ્વર અભયકુમાર.



ભાસ્કરદેવનાં મધુરાં લાગતાં કિરણો સમયના વધવા સાથે ઉષ્ણતાને ધરવા લાગ્યા. જનતાનું સંખ્યાપ્રમાણ પણ અતિ વધી પડ્યું. એક તરફ અધિકારીવર્ગ અને પોતાનું સ્થાન પણ પ્રજ્ઞાસંપન્નની કક્ષામાં છે એમ માનતો સમુદાય જ્યારે બીજી તરફ કેવળ કુતુહળવૃત્તિથી ખેંચાઈ આવેલ અગર 'તમાસાને તેડું નહિ' એ ઉક્તિ અનુસાર વિના આમંત્રણે પધારેલ જનવૃંદ. આમ જનતારૂપી મહાસાગરમાં વ્યવસ્થા સાચવવા હરફર કરતા રાજ્યના સુભટો એ તો સાગરના પાણી પર લટાર મારતી નાનકડી નાવડીઓ સમ દૃશ્ય રજૂ કરતા. સૌ કોઇનું લક્ષ્ય સાથોસાથ આવેલા કૂપયુગલ પ્રતિ હતું અને એમાંની કેટલીક જિહ્વાઓ અસ્ફુટ સ્વરે ભાષાવર્ગણાના જે પુદ્ગલોનું આંદોલન પ્રગટાવતી તેમાં કેવળ નિરાશા ને હતોત્સાહનો ભાસ થતો.

" અહો ! આટઆટલા બુદ્ધિસંપન્નોના પ્રયાસ નિરર્થક જ ગયા ને ! રાજકાજના અતિ અટપટીયા પ્રશ્નોમાં જેમનું સારું ય જીવન વ્યતીત થયું છે અને સંધિ-વિગ્રહની આંટીઘુંટી ઊકેલી જેમના કેશો પણ સફેદ થવા આવ્યાં છે એવા આ પ્રધાનો, આ દિવાનો, કેમ આજે આશાદીપકને બુઝાવી બેઠા છે ? તેમની પ્રજ્ઞાનું આટલી હદે તળિયું દાઝવનાર આજનો કોયડો પણ અજબ ગણાય. "

ત્યાં તો સંભળાય છે કે-રાજવી બિંબિસાર પણ જબરા ! બાપ કરતાં બેટા સવાયા ! રાજગાદી પર પગ મૂકતાં જ બુદ્ધિના અખતરા આરંભી દીધા. અરે ! તેવી શક્તિ વિના મગધ જેવા

મહારાજ્યના સ્વામી બનાય છે ? એમ ન હોત તો મૃત્યુશય્યા પર સૂતેલા મહારાજને કયાં પુત્રો ઓછા હતા ? પણ તેમના માટે તો વેગવંતી સાંઢણીઓ દોડાવેલી. ખરું જ કહ્યું છે કે—

' તારાકી જ્યોતમેં ચંદ્ર છુપે નહીં,
સૂર છુપે નહીં બાદલ છાયા; '

અરે ! એક બટકબોલાએ તો વાતનો મેળ મેળવતાં કહી નાખ્યું કે–" ભાઈઓ ! અશ્વ ખેલાવનારા ને શસ્ત્રોના દાવ રમનારા ક્ષત્રિયકુંવરોમાં આવી બુદ્ધિપ્રગલ્ભતા સંભવે જ નહીં; પણ આપણા આ નવા મહારાજાએ તો પરદેશમાં ભ્રમણ કરી, જાતજાતની ચતુરાઈ પ્રાપ્ત કરી છે. અરે ! બેનાતટના એક શેઠની પુત્રી સાથે ગૃહસંસાર પણ માંડ્યો છે અને વણિકોની પ્રજ્ઞા-સંપન્નતા કોણ નથી જાણતું ? "

' આંગળ કહીને માંગળ વાસે, માંગળ કહીને મૂલ પ્રકાસે;
મૂલ જણાય તો કાઢે હાંસે, વણિક કળાથી દેવ પણ નાસે. '

એ તો સુપ્રસિદ્ધ વાત છે.

તરત જ એક જણે ટાપશી પૂરી. "વાત સો ટચના સુવર્ણ માફક સાચી છે. વણિક રાણીને એક પુત્ર થયો છે અને હવે ટૂંક સમયમાં જ એ મા-દીકરાને આપણા રાજા અહીં બોલાવી લેવાના છે. "

આ કથન તરફ સહેજે એક પરદેશી જણાતા યુવકનો કર્ણ આકર્ષાયા. એણે જરા આગળ આવી આજની આ મેદની શેને આભારી છે ? એ જાણવા ઇચ્છા પ્રગટ કરી.

પેલાએ જવાબ આપતાં જણાવ્યું કે–" જુઓ ભાઈ પરદેશી ! પેલા બે કૂવા છે ને, એમાંનાં એકમાં અમારા રાજવીએ રત્ન-જડિત મુદ્રિકા નાંખી છે અને આજ્ઞા ફરમાવી છે કે કૂવામાં

ઊતર્યા વગર કાંઠા પર ઊભા રહી એ મુદ્રિકા કાઢવી. જે વ્યક્તિ એમાં ફતેહમંદ થશે તેને મુખ્ય મંત્રીનો અધિકાર પ્રાપ્ત થશે."

"ઊભા ઊભા લોહીનું પાણી થવા આવ્યું અને સુરજ પણ માથે ચડવા માંડ્યો છતાં હજુ કોઇ બત્રીશદંતો વિજય નથી મેળવી શક્યો, કેટલા ય ફાંફાં મારી ગયા!"

"અરે! એમાં શું ભારે કામ છે?" માંડ હજુ તારુણ્યના પ્રાંગણમાં પ્રવેશતા એ પરદેશીના શબ્દો શ્રવણ કરતાં જ ઘણા અચંબો પામી ગયા. એકાદ જણ તો બોલી પણ ગયો કે-"આ કંઇ બાળકના ખેલ નથી. ભલભલા બુઝર્ગો જ્યાં પાછા પડ્યા ત્યાં તારા સરખા ઊગતા યુવકનો ગજ વાગશે?"

પરદેશી યુવાને દૃઢતાથી જવાબ વાળ્યો કે-"જો બુદ્ધિનો એકહથ્થુ ઇજારો અપાયો હોત તો નીતિકારોને '**बालादपि हितं ग्राह्यं**' જેવા સૂત્રની રચના કરવાની જરૂર ન રહેત. જ્ઞાનપ્રાપ્તિ વૃદ્ધ, યુવા કે બાળવય પર અવલંબતી નથી, પણ એનો આધાર તો વ્યક્તિના જ્ઞાનના ક્ષયોપશમ પર રહેલો છે."

ચતુરાઇયુક્ત વચનોએ પરદેશીનો માર્ગ મોકળો કર્યો. કૂવા સન્મુખ પહોંચતાં જ રાજવીના અંતરા પાછળનું રહસ્ય સમજાયું. ભારવટ પર 'ધવલે ટોડે ઘર કહીઆ[૧]' જેવા માર્મિક વચન લખી જનાર પિતાની બુદ્ધિ માટે બહુમાન જન્મ્યું. ખાલી કૂવામાં પડેલી વીંટી, સમીપમાં જળથી પૂર્ણ બીજો કૂવો અને ઉભયમાં જળની ફેરબદલી થઇ શકે તેવી રચના જોતાં જ યુવાને પોતાની યોજના ગોઠવી કાઢી. અનુચર મારફત લીલું છાણ મંગાવી, બરાબર વીંટી પર ગોળો કરી ફેંકયું.

---

૧ જ્યાં સુંદર ઉજ્જવળ ટોડા-ઘરો રહેલા છે ત્યાં મારું સ્થાન છે, અર્થાત્ રાજમહેલ મારું સ્થાન છે એવો એનો અર્થ છે.

મુદ્રિકા એમાં ચોંટી ગઇ કે તરત જ તેના ઉપર સળગતો અગ્નિ ફેંકયો, અલ્પકાળમાં જ તાપથી એ સૂકા છાણારૂપે પરિણમ્યું, એટલે તરત જ બાજુના કૂવાનું પાણી આ કૂપમાં વાળતાં જ એ છાણું તરીને ઉપર આવ્યું. હજારો નેત્રો જેના કાર્ય પ્રતિ એક સરખું લક્ષ્ય રાખી રહ્યાં છે એવા તે યુવાને તેમાંથી વીંટી કાઢી રાજવી પાસે જઇ તેમના કરમાં સોંપી દીધી. પરદેશથી આવેલ અને રાજ્યવહીવટની ગૂંચો શું ચીજ છે ? એનો કક્કો સરખો પણ હજુ જેણે ઘુંટ્યો નથી એવા આ નવયુવાનને શિરે, પૂર્વપુન્યના પ્રાબલ્યથી કે ઔત્પાતિક બુદ્ધિના દર્શનથી, મુખ્યમંત્રીપણાનો મુગટ જનતાના જયનાદો વચ્ચે રાજાએ પહેરાવ્યો. ભૂપ શ્રેણિક આ નવયુવાનની તેજસ્વી બુદ્ધિથી રાજી થયો, એટલું જ નહિ પણ કુદરતી એના પ્રતિ એકાદ અંગત સંબંધી હોય તેવું વહાલ એને છૂટયું. એની આકૃતિ ને મુખમુદ્રા નિહાળતાં જ વર્ષો પૂર્વેની એકાદ સ્મૃતિ ચક્ષુ સામે રમવા માંડી. તેનાથી સહજ પ્રશ્ન પૂછાયો કે–

"વત્સ ! તું કયા નગરથી આવે છે ?"

"મહારાજ ! હું બેનાતટથી આવું છું."

"બેનાતટવાસી ધનાવહ શેઠને તો તું ઓળખતો હઇશ. તેમની પુત્રી સુનંદા વિષે તને કંઇ માહિતી છે ?"

"રાજન્! એ સર્વની સાથે તો મારે ઘર જેવો સંબંધ છે. સુનંદાનો તેજસ્વી પુત્ર એ તો મારો જીગરજાન મિત્ર છે. મારાથી એ વિખૂટો રહી શકતો જ નથી."

"તો પછી, તે ત્યાં અને તું અહીં કેમ ?"

"ના રે ધરાધિપ ! એ મારા માતુશ્રી સુનંદા સહ અહીં આવેલ છે અને સામે દેખાતા ઉદ્યાનમાં જ ઉતરેલ છે."

"તો ચાલ વત્સ ! મને સત્વર એમનો મેળાપ કરાવ."

ભૂપાળ શ્રેણિક રાજકાજની ગાઢી જંજાળમાં–પિતાશ્રીના સૃષ્ટિ-પટ પરથી ચાલ્યા જવાના (મરણના) શોકમાં, સ્નેહના આદ્ય પ્રસંગને હૃદયપટ પર અવધારેલ છતાં, એ સંબંધમાં બાહ્યથી કંઈ માર્ગ નિરધારી શક્યો નહોતો. અન્ય કાર્યોના વમળમાં એ સ્મૃતિ તાજી થતાં ન થતામાં તો વિલીન થઈ જતી. અહો! પુરુષ-જાતિ જ આ બચાવ શોધે છે, સ્ત્રીજાતિ માટે ભાગ્યે જ આવો ઉલ્લેખ થઈ શકે. એના હૃદયમાં પ્રીતમ માટેની પ્રીતિ કેટલી ઊંડાઈએ હોય છે એ માપવા કોણ સમર્થ છે? એ સ્નેહ પાછળ રક્તનાં શોષણ કરતાં કે દેહના બળિદાન દેતાં પણ નારી-જાતિ પાછી પાની કરતી નથી એ શું ઓછા ગૌરવનો વિષય છે? પણ 'પુરુષપ્રધાનત્વ' ના ઘેનમાં એ સમજાય છે ખરું?

× × ×

"મગધના સ્વામી! આ રહ્યા મારા માતુશ્રી સુનંદા."

એ સ્વર કર્ણપટ પર અથડાતાં ને ઊંચી નજર કરતાં હૃદય-વલ્લભ શ્રેણિકને નિરખી, સુનંદાના લોચન આનંદભારથી નીચા નમ્યા. તરત જ ગાલીચા પરથી બસી જઈ નાથને બેસવા સારુ સ્થાન કર્યું.

સ્નેહના તારમાં ઝણઝણાટી એ તો સ્વભાવથી જ હોય છે અને એમાં પણ યુવાની અગ્રભાગ ભજવતી હોય ત્યારે શું કહેવાપણું રહે? રાજા કે રાણી તે પણ દંપતી તો ખરાં જ ને? વિયોગીઓનો વર્ષો પછી સંયોગ. એ આનંદના દર્શન પરસ્પરના નયનોમાં થઈ શકે, બાકી એ વર્ણવી ન જ શકાય–અનુભવગમ્ય છે માટે જ.

શ્રેણિકને સચિવની હાજરીમાં એમાં ડૂબી જવાનું વ્યાજબી ન લાગ્યું, તેમ સુનંદાના મિલનમાં પુત્રના દર્શન થયા નહીં એટલે સહજ પ્રશ્ન કર્યો કે—

"રાણી! કુંવર ક્યાં છે? રાજમહાલયમાં જવાની ઢીલ થાય છે." જવાબ શું હોઈ શકે? કયાંય સુધી સુનંદા સ્મિત કરતી

ઊભી જ રહી. નવયુવક, અરે ભૂપનો મહામંત્રી પણ મૂકભાવે જોઇ જ રહ્યો. શ્રેણિક ભૂપની મૂંઝવણ વધવા માંડી.

ત્યાં તો અજાયબીના પડલ ચીરી અવાજ આવ્યો કે–" આપ કેમ એવો સવાલ કરો છો ? સામે ઊભેલ છે અને જેની સાથે આપ અત્રે પધાર્યા છો એ જ આપનો પુત્ર અભય. " એ શ્રવણ કરતાં જ શ્રેણિક નૃપના આનંદનો પાર ન રહ્યો. પુત્ર જ નહિં પણ સાથોસાથ બુદ્ધિમત્તાનું મૂર્તિમંત સ્વરૂપ. એ જ પોતાનો મહામંત્રી ! સોનું ને સુગંધ મળ્યા તુલ્ય. અથવા તો મોસાળ જમણ અને મા પીરસનાર ! એ હર્ષને અંતરમાં સમાવી અભયકુમારને ઉદ્દેશી રાજવીએ જણાવ્યું કે–"યુવાન મંત્રી ! કુંવરના મિત્ર તરીકે ઓળખાવી આવી છેતરપીંડી કરવાનો અપરાધ કરવા બદલ મારે તારા સંબંધમાં વિચાર કરવો પડશે."

" પિતાશ્રી ! એમાં અપરાધ જેવું શું છે ? સાચા સુહૃદોના દેહ જુદા છતાં હૃદય એક જ કહેવાય છે અને માતાનાં હૃદયમાં પુત્ર માટેનું સ્થાન એવું નિશ્ચળ હોય છે કે તે કદાચ તેનાથી દૂર પણ હોય છતાં વસ્તુતઃ દૂર ન ગણાતાં સમિપ જ કહેવાય. આ મંતવ્ય નીતિવેત્તાઓનું હોવાથી ભાગ્યે જ એ પ્રમાણે વર્તનાર અપરાધી લેખાય. "

રાજગૃહની પ્રજા મુદ્રિકાના બનાવથી તરુણ યાને અભયકુમાર પ્રતિ સ્નેહ નજરે જોતી થઇ હતી જ અને જ્યારે લોકવાયકા પ્રસરી કે ' એ તરુણ તો મહારાજ શ્રેણિકનો પાટવી કુંવર છે ! અરે ! ભાવી યુવરાજ છે અને મહારાજા બેનાતટ રહેલા ત્યારે જે વણિકપુત્રી સુનંદા સહ પાણિગ્રહણ કરેલું તેનો બુદ્ધિમાન પુત્ર છે. ' ત્યારે તો હર્ષાતિરેક થઇ પડ્યો. અંતરના ઉભરાતા ઉમળકાઓવડે પ્રજાએ એમનો સત્કાર કર્યો. રાજમહાલયમાં આનંદમંગળ વરતાયો. પિતાપુત્રનો આ જાતનો માનભર્યો મેળાપ એ વિરલ જ ગણાય.

First in war, First in Peace;
First in the heart of his people.

ઉપરોકત આંગ્લ ઉકિતનો ભાવ અભયકુમારના જીવનને યોગ્ય રીતે બંધબેસતો આવે છે. જે કાળની વાત કરી રહ્યા છીએ એ કાળે ભારતવર્ષમાં વિશાલાપતિ ચેટકભૂપનું રાજ્ય નાનુસૂનું નહોતું. નવ મલ્લકી ને નવ લચ્છકી જાતિના અઢાર ગણરાજ્યોમાં એ જબરું પ્રભુત્વ ધરાવતું હતું. આમ છતાં મગધની કીર્તિ અનોખી હતી. રાજગૃહીનો માનમોભો અને યશગાથા દૂર દૂર સુધી પથરાયેલાં હતાં. એમાં રાજવી શ્રેણિકનો રાજ્યકાળ મુખ્ય ભાગ ભજવે છે અને એનો ઘણોખરો યશ પુત્ર ને મંત્રી એવા અભયની કાર્યદક્ષતા ને વ્યવસ્થિત રાજ્યનીતિને આભારી છે. મોગલ સામ્રાજ્યનો સુવર્ણકાળ જેમ મહાન્ અકબરના સમયમાં દૃષ્ટિગોચર થાય છે તેમ મગધનું કીર્તિકેન્દ્ર બિંબિસારનો રાજ્યકાળ છે. અકબરની પ્રતિભામાં મંત્રી બીરબલ આદિ કેટલાકનું નિષ્ઠાપૂર્વક બજાવાયેલું કાર્ય ઊડીને આંખે વળગે છે તેમ શ્રેણિકનૃપની પ્રતિભામાં મંત્રીશ્વર અભયનું કાર્ય જણાય છે. બુદ્ધિ, કળા–રાજ્યકૌશલ્ય કિંવા આંટીઘુંટીના પ્રશ્નોમાં અભયમંત્રી અને બીરબલનો પ્રભાવ સમાન કક્ષાએ આવે છે. ઉભયના જીવન સાથે સંખ્યાબંધ આખ્યાયિકાઓ બુદ્ધિપ્રગલ્ભતાના ચમકારા દર્શાવતી જોડાયેલી છે. અત્રે એનો વિસ્તાર ન કરતાં એ સંબંધી કેટલીક ઊડતી નોંધ લઈ કેટલાક અર્થસૂચક ઇસારા કરી આગળ વધીએ.

વણિકતનયા સુનંદાનો એ પુત્ર રાજા–પ્રજારૂપ શૃંખલાને જોડતા મધ્ય અંકોડારૂપ હતો. લડાઈ કે સુલેહ એ ઉભય પ્રસંગોમાં શ્રેણિકનૃપને પુત્ર અભયની સલાહ અતિ અગત્યની થઇ પડતી. એની જ દોરવણીએ મગધ કીર્ત્તિવંતું બન્યું હતું અને શ્રેણિક રાજા ઇપ્સિત કાર્યો નિઃશંકપણે કરી શકયા છે. આમ

છતાં પ્રજાને નથી તો વેઠવી પડી આપદાઓ કે નથી તો ભરવા પડ્યા ભારી કર-વેરાઓ. એનું કારણ પણ નિષ્ણાત મહામંત્રીના કારભારની કુશળતામાં જ સમાય છે.

પ્રભુ શ્રી મહાવીર એનામાં સમકિતના સડસઠ પ્રકારમાંનું પ્રથમ દૃઢપણું દાખવે છે, અર્થાત્ શ્રદ્ધાના ચાર ભેદમાંનો પહેલો ભેદ અભયકુમારમાં દૃઢ હતો. શાસ્ત્રકાર એની બુદ્ધિને દીર્ઘ-દર્શિતાવાળી બતાવે છે અને વાત પણ સાચી છે. તર્કશક્તિ કે ભાવિ અવલોકન કે હાજરજવાબીના સંખ્યાબંધ પ્રસંગો મંત્રી અભયના ચરિત્રમાંથી ઉદ્ધૃત કરી શકાય તેમ છે. પ્રજાનો ગમે તેવો અટપટો પ્રશ્ન કે ગુંચવાયેલો કોયડો અભયકુમારની આંખે ચડતાં જ ઊકલી જતો. પ્રજાના દિલમાં એનું પ્રજ્ઞાસંપન્ન તરિકેનુ સ્થાન મુદ્રિકા પ્રસંગે જ સ્થપાયું હતું.

વિચાર કરતાં અભયકુમારની પ્રશસ્તિ હનુમાનના પુચ્છ માફક લંબાવી શકાય, પણ પ્રાચીન કાળના રાજવી શાંતનુ અને ભીષ્મપિતાની ઝાંખા કરાવતો એકાદ પ્રસંગ જોયા વિના આગળ ન જ વધાય. શ્રેણિકરાજને રાણીઓ એક કરતાં વધુ હતી અને પુત્રો દશકો વીતાવી જતા, પણ એમાં માત્ર એકલા અભયનું જ સ્થાન અનોખું હતું. એ પુત્ર ઉપરાંત મિત્ર ને સ્વામીનિષ્ઠ સેવકનો ભાગ ભજવતો. પાટવીકુંવર છતાં નથી એણે યુવરાજ પદવી ભોગવી કે નથી એણે રાજગાદી લીધી. પિતાની કામનાપૂર્તિમાં પણ એણે અંતરના મિત્ર જેવું કાર્ય બજાવ્યું છે. પોતાની માતાની ભક્તિ એણે વિમાતાઓને દુભવીને કે તેમના પ્રતિ ઊણપ યા ભેદનીતિ રાખીને દર્શાવી નથી. રાજવીને એકાદ વાતનો મોહ કે મનોરથ થયો કે અભય પુત્ર છે એ વાત વિસરી જઈ તરત જ તેને કહેવા એ દોડી જતા. કદાચ મર્યાદાનું બંધન નડતું, તો અભય પણ પુત્રના હક્કથી નહિ તો મંત્રીના અધિકારથી જાણી લેતો અને જાણ્યા પછી એ ગમે તે ભોગે, અરે ! જીવના

જોખમે પણ પૂર્ણ કરતો. એમાં સ્વજીવનસાર્થકતા યાને ફરજ સમજતો. ભીષ્મપિતાએ પિતાના સુખ અર્થે આજીવન બ્રહ્મચર્ય સ્વીકાર્યું. અભયકુમારના જીવનમાંથી સ્પષ્ટ એવું તો નથી દેખાતું છતાં એમણે રાજગાદીના મોહને લાત મારી, સંસારની વાસનાઓને ત્યજી દઇ, સંયમ સ્વીકાર્યો એ તો ખુલ્લું જ છે.

ચેટકરાજે મગધના રાજકુળમાં પોતાની પુત્રી આપવામાં હીણપ જોયાની વાત જ્યારથી શ્રેણિકના કાને આવી ત્યારથી જ એના મનમાં વિશાલા સામે પ્રકોપ જન્મ્યો હતો અને જ્યારે તાપસી મુખે ચેટકપુત્રીના રૂપ–લાવણ્યની વાર્તા શ્રવણ કરી ત્યારે તો કોઇ પણ જોખમે એ મદાંધ ભૂપની કન્યાને પરણવાનો મનસૂબો કર્યો હતો. પણ સત્તા અને સૈન્યમાં ચઢિયાતા બળવાળા ચેટક સામે માથું ઉંચકવું એ ઓછું જોખમકારક ન હતું, તેથી કેટલી ય વાર એ મનોવેદના મનમાં ને મનમાં જ સમાઇ જતી. પણ અપમાનનો ડંખ ક્ષત્રિયપુત્રથી સહજ નથી ભૂલાતો. એમાં વળી રૂપકથાનો યોગ મળ્યો એટલે પ્રચંડ તાલાવેલી જન્મી. અભયકુમાર સુધી એ વાત પહોંચી.

'શ્રી ગણેશાય નમઃ' એ મંગલિક કાર્યના મંડાણનું આદ્ય સૂત્ર. ચેટકરાજ સામે બળથી નહિ તો કળથી વિજય પ્રાપ્ત કરવો એ મહામંત્રીપણાનો પ્રથમ કાર્યારંભ. એ માટે સાર્થવાહના વેશે વિશાલામાં જઇ, રાજ્યમહાલય નજીક વસી, સુજ્યેષ્ટાને શ્રેણિક પ્રતિ સ્નેહવંત કરવી, સુરંગ ખોદાવવી, શ્રેણિક ભૂપનો મેળાપ કરાવવો, અલંકારનો કરંડક લેવા સુજ્યેષ્ટાનું જવું અને ચેલણાને લઇ શ્રેણિક ભૂપનું સુરંગ માર્ગે પલાયન થવું, એ વેળા સુલસાના બત્રીશ પુત્રોનું એકી સાથે મરણ થવું વિગેરે ગોઠવણોમાં અભયકુમારે ગુપ્તપણે કાર્યદક્ષતાથી લીધેલ કામથી ભાગ્યે જ જૈનસંતાન અજ્ઞાત હોય. એટલે એ સંબંધી વધારે હકીકત ચેટક ભૂપની કથામાં આપેલ છે.

× × ×

Birds of the same feather fly together.

સંધ્યાના ઓળા પથરાવા માંડ્યા હતા. સીમમાં સારો ય દિવસ અંગ તોડી મહેનત કરનાર ને ધૂળમાંથી ધાન્ય પેદા કરનાર, વળી જગતના તાત તરીકેનું બિરુદ ધરાવનાર ખેડૂતગણ પોતાના વહાલા બળદો સહિત નગર તરફ પ્રફુલ્લ વદને પાછો ફરવા માંડ્યો છે. કારીગર ને મજૂરગણના નાનકડા સમૂહો અહીંતહીં વાતો કરતાં, દિવસની કમાણીનો આંક કાઢતાં, તેમજ આવતા દિન માટેની કામગીરી નિરધારતાં દૃષ્ટિગોચર થાય છે. એકાદા ખૂણામાં મોજીલા ને નટખટ તરિકે પ્રસિદ્ધિ પામેલા માનવીઓની મંડળી ભેગી મળી અલકમલકની વાતો–કિંવા શૃંગપૂચ્છવિહીન આખ્યાયિકાઓના પ્રવાહમાં મોજ માણી રહી છે.

ત્યાં સહજ એક સુંદરાકૃતિ ને વિચિત્ર વેષ–સજ્જિત વ્યક્તિએ અજાયબી પમાડે તેવી વાર્તા કહેવાનો આરંભ કર્યો. સૌ એ પ્રતિ કાન માંડી રહ્યા.

" જેના પ્રત્યેક ગાત્રો યૌવનાવસ્થાના તરવરાટથી ગુલાબની કળી સમા ખીલી રહ્યાં છે અને જેનો ચહેરો નિરખતાં ભલ-ભલાના મન મુગ્ધ થાય છે, વળી જેના અંગ પર અલંકારો પણ ઉચિત રીતે પહેરેલાં હોવાથી શોભામાં વૃદ્ધિ કરે છે એવી એક તરુણી, ચંદ્રજ્યોત્સ્નાના અજવાળામાં, લગભગ મધ્ય નિશાકાળ થવા આવ્યો છે તેવા સમયે, હાથમાં પૂજનસામગ્રી સહિત વસ્તીથી દૂર નિર્જન પ્રદેશમાં એકલી ચાલી જાય છે. વિના રોકટોકે, રંચ માત્ર ગભરાટ કે ભીતિ વગર હંસગતિએ આગળ વધે છે. ત્યાં અચાનક ચાર ચોર સામા મળે છે. શુકનમાં જ આવું સુંદર ભક્ષ્ય મળવાથી તેમના આનંદનો પાર રહેતો નથી. જલ્દી દાગીના ઉતારવાની હાકલ પડે છે.

પણ અરે ! આ શું ? જરા પણ ભય વિના, તરુણી નમ્ર

સ્વરે કહે છે કે—" ભાઈઓ ! આ દાગીના જરૂર તમને ઊતારી આપીશ, પણ મારી પ્રતિજ્ઞા પૂરી કરીને પાછી આવું એટલી ધીરજ તમારે ધરવી ઘટે. કૃપા કરી એનું સ્વરૂપ સાંભળો.

" કન્યા અવસ્થામાં હતી ત્યારે મનપસંદ વર મેળવવા હું બગીચામાંથી ગુપ્ત રીતે ફૂલો લાવી કામદેવની પૂજા કરતી હતી. એમ કરતાં એક વાર માળીના હાથમાં પકડાણી. મેં એને બધી વાત કહી દીધી; એટલે તેણે મારી પાસેથી પરણીને સાસરે જવાની પ્રથમ રાત્રિએ મળવાનું વચન લઇ મુક્ત કરી. આજે શ્વસુર-ગૃહપ્રવેશનો પ્રથમ દિન છે. પતિ સહ પ્રથમ વાર્તાલાપ કરી, મારી બાલ્યકાળની વાત જણાવી, વચનપૂર્તિ અર્થે આજ્ઞા મેળવી હું માળીના આવાસ તરફ જઈ રહી છું. હાલ મને આ સ્થિતિમાં જવા દો. પાછા ફરતાં આ સર્વ દાગીના આપીને જ હું ઘેર પાછી ફરીશ. મારા વચનમાં વિશ્વાસ રાખો."

સાદી ને સીધી વાતથી ચોરોના દિલ પીગળ્યા. તરુણી આગળ વધી. થોડું અંતર કાપતાં જ રાક્ષસી માનવનો ભેટો થયો. એને પણ બાઈ જવાની મોજ માણવાનો મનોરથ થયો, છતાં તરુણી મુખેથી સીધું ને સરલ બ્યાન સાંભળ્યું ત્યારે પાછા ફરવા સુધી થોભવાનું મુનાસિબ ધાર્યું.

આમ મધ્યરાત્રિ થતાં માળીના આવાસના કમાડ ઠોકાયા. જેની સ્મૃતિમાં પુષ્પચોર બાળાની પ્રતિજ્ઞાનો લવલેશ સરખો પણ ભાગ્યે જ સંઘરાયેલો છે એવા માળીએ દ્વાર ઊઘાડતાં જ એક સમયની પેલી મુગ્ધ કન્યાને પોતાની નજર સામે પતિગૃહેથી આવેલી અને પ્રતિજ્ઞા પાળવાને ઉત્સુક જોઈ. વર્ષો પૂર્વેની વાત યાદ આવી. મશ્કરીમાં બોલાયેલ અક્ષરો ગંભીરરૂપે પરિણમ્યા નિહાળી માળીની નિદ્રા તો ઊડી ગઈ, પણ સાથોસાથ અંતરનો દરવાજો પણ ઊઘડી ગયો. તરુણી પ્રત્યે એક દીકરી જેવો સ્નેહ

પ્રગટ્યો. વચન પાળવા અર્થે તેણીએ ખેડેલા સાહસ અને એમાં પતિએ પૂરેલા સૂરથી એ મુગ્ધ બન્યો. તેણે વસ્ત્ર–દાગીનાની સારી ભેટ આપી તેણીને પાછી વિદાય કરી.

તરુણીનું હૃદય આ જાતના સત્કારથી થનગની ઊઠ્યું. 'સાચને આંચ નથી આવતી' એ વચન પ્રતિની શ્રદ્ધા બળવત્તર બની.

પણ આશ્ચર્યનો સૂર્ય મધ્યાહ્ને તો ત્યારે પહોંચ્યો કે પાછા વળતાં રાક્ષસ તેમ જ ચોરો તરફથી પણ કદર્થના પામવાને બદલે માનપૂર્વક ભાઇ જેવો સત્કાર થયો અને વધારામાં સાસરવાસો મળ્યો. તે પોતે પણ આનું કારણ કલ્પી શકી નહીં. સરળહૃદયી તન્વંગીના દર્શને આ કપરા માનવ અંતરોમાં પણ ઉજ્જ્વલ પ્રગટાવ્યો. એ શુભ શકુને તેઓને ધાર્યા કરતાં અતિ ઘણું પ્રાપ્ત થયું. તેઓએ જ્યારે સાંભળ્યું કે–માળી જેવો પુષ્પપરીક્ષક મ્હોંમાં આવેલ કોળિયાને વિનાચાખ્યે જવા દે છે, અરે! સુવાસિત કુસુમને વગરસુંઘ્યે પાછું ફેરવે છે! અને ઉપરથી પહેરામણી આપે છે તો શું તેઓ તેનાથી અધમ છે કે–આ ઉમંગભરી યુવતીના માર્ગમાં કાંટા બડા કરે! જીવનને ખારું બનાવે! એમ બને જ નહીં. એનાથી અધિકો સત્કાર કરી શ્વસુરગૃહે જવા દેવામાં જ તેમની શોભા છે. એમાં જ દૈવ રાજી રહે.

આમ સત્યના પ્રભાવે જુદા જુદા અંતરોમાં કોઇ અણકલ્પેલા ભાવો પ્રગટ્યા અને આ નવયૌવના લઇ ગયા કરતાં અતિ ઘણી સમૃદ્ધિ સાથે હસતે મુખડે પાછી ફરી, સ્વપતિના નેત્ર સામે ખડી થઇ. સર્વ વ્યતિકર યથાર્થરૂપે જણાવ્યો. "

બંધુઓ! મારી આ ચમત્કારી કથા પરથી તમો સર્વને મારો પ્રશ્ન છે કે એમાં વધારે પરાક્રમ કોણે દાખવ્યું? અર્થાત્ પતિ, ચોર, રાક્ષસ કે માળી એ ચારમાંથી કોની સહૃદયતા વધુ પ્રશંસાપાત્ર લેખાય?

આમ પૂર્ણાહુતિનો ઘંટ વગાડીને એકીટશે શ્રોતાઓ પ્રતિ તે મીટ માંડી રહ્યો. '**मुंडे मुंडे मतिर्भिन्ना**' એ વાક્યાનુસાર અને '**यथा पिंडे तथा ब्रह्मांडे**' જોવાની વૃત્તિઓથી દોરાઇ, કેટલાકે Honey Moon યાને સમાગમની પ્રથમ રાત્રિએ વ્યવહાર તથા ધર્મ–નીતિની મર્યાદાને વટાવી જનાર પતિની સાહસિકતા વખાણી, કેટલાકે મુખમાં આવેલ ભક્ષ્ય ત્યજી દેનાર માળીને પ્રશંસાપાત્ર લેખ્યો, થોડાક રાક્ષસની પ્રશસ્તિ ગાનાર નીકળ્યા અને એકે તો ચોરને જ ધન્યવાદ આપ્યો. પરસ્પરના મંતવ્યોની ચર્ચા કરતાં સૌ વિખરાયા.

કથા કરનાર વ્યકિતએ ચોરપ્રશંસકનું કાંડું પકડી, જરા દૂર લઇ જઈ, રૂવાબથી કહ્યું:–

" અરે અધમ ! આમવૃક્ષની કેરીઓ તેં જ તફડાવી છે ને ? "

ચોર—" કેમ રે ! વાર્તાના રસમાં–તરુણીના નાદમાં દીવાનો તો નથી બન્યો ને ? વચમાં કેરીઓની વાત કયાંથી લાવ્યો ? હજુ વસંતની ઋતિશ્રી થયા વિના ગ્રીષ્મનાં આગમન કેવા ? "

અભય—" એક તો કરી ચોરી, હવે કરવી શિરજોરી; પણ મને પીછાની લે એટલે આપોઆપ સમજશે કે કથાકાર વ્યકિત અન્ય કોઇ નહિ પણ મગધના સ્વામીનો મહામંત્રી અભય છે. કથાના નિમિત્તથી એણે ચોર પકડી પાડ્યો છે."

મંત્રીશ્વરનું નામ શ્રવણ કરતાં જ દીવાનો કહેનાર પોતે જ એરંડીયું પીધેલ જેવો બની ગયો. ગરમીનો પારો એકાએક ઊતરી ગયો. ગુન્હો કરનાર જે ગભરામણ અનુભવે અને ભાવી વિટંબણાથી ધ્રૂજી ઊઠે તેવી એના દેહની સ્થિતિ થઇ. સત્તા-સૂચક અવાજ છતાં પ્રેમાળ વાણીથી મંત્રીએ જણાવ્યું– "તારે ગભરાવાની જરૂર નથી, મનુષ્યમાત્ર ભૂલને પાત્ર છે; તેથી જ

To err is human યાને **मनुष्या विस्मरणशीलाः** જેવી ઉક્તિઓ પ્રચલિત બની છે, છતાં બરેબરું વૃતાન્ત કહીશ તો તારા જીવને જોખમ નહીં થવા દઉં. વાર્તામાંની નવયૌવનાની જેમ 'સત્ય' પર ભરોસો રાખી ગુન્હો કબૂલી લે. '**सत्यमेव जयते**' એ વાક્ય ત્રિકાળાબાધિત જ છે. સારા ય રાજગૃહમાં એ એક જ ઉદ્યાન એવું છે કે જ્યાં સદૈવ છએ ઋતુનાં ફળ નીપજે છે. એમાં વસનાર પટરાણી વિશાલાપતિ મહારાજા ચેટકની પુત્રી ચેલણા સતી છે, એના નિમિત્તે દૈવી–સહાયથી આ ઉદ્યાનના મંડાણ થયા છે. સતત જ્યાં ચોકીપહેરો રહે છે ત્યાંથી કેરીઓ લાવવાનું તારું સાહસ પણ કાળીનાગના મુખમાં હાથ નાંખવા જેવું જ ગણાય. એની પાછળ મને તો વિદ્યાની મદદ અને કોઇ ખાસ યુક્તિનું અનુમાન થાય છે. આવી નાની સરખી ચીજ સારુ પાકો ચોર આ જાતના બળતા અગ્નિકુંડમાં ન કૂદી પડે."

"મંત્રીશ્વર ! આપ વયમાં ભલે નાના હો પણ પ્રજ્ઞાભારથી નમેલા યાને વૃદ્ધના અનુભવને પણ ટક્કર મારો તેવા છો. હુન્નરોને છક્કડ મારી, અદ્યાપિ કોઇના પંજામાં ન આવનાર, તથા સલામત રીતે જીવનશકટ વહન કરનાર હું આજે તમારી ચુંગાલમાં સપડાયો છું તે એક જ કારણથી–મારી ગર્ભવતી પ્રિયાને આમ્રફળ ખાવાનો દોહદ થયો. એ અણપૂર્યો કેમ રખાય ? એટલે જ અવનામિની વિદ્યાના જોરે ગઢ બહાર રહી, વૃક્ષને નમાવીને ઉદ્યાનના આમ્રવૃક્ષ પરથી મેં કેરીઓ મેળવી. ચોકીદારોને એની ગંધ સરખી પણ ન આવી અને કોટવાળનો ગજર પણ ન વાગ્યો. માનસશાસ્ત્રના અભ્યાસી તમે જો ન મળ્યા હોત તો એ વાતનો પડદો આટલો જલદી ન ઊઘડત. હવે ચાહે તો મારો યા જીવાડો. આ જ સાચેસાચો વ્યતિકર છે."

ઉપરનો બનાવ વાર્તાના ચાલુ પ્રવાહને સહજ જોડી દે છે.

ચેલણા પ્રતિ દૃઢ પ્રેમ ધરાવનાર શ્રેણિકભૂપને સખત રક્ષણ વચ્ચેથી આમ્રફળ ગયાનું દુઃખ વિશેષ લાગ્યું. રાજાની આંખમાં ધૂળ નાંખીને વસ્તુ પ્રાપ્ત કરવી એ અશક્ય જ ગણાય, ત્યાં તો વિનંતિ જ શોભે. આ બનાવે ભૂપાળનો ગુસ્સો વધારી મૂક્યો. ચોરને પકડવા મહેનત કરી છતાં એનો પત્તો ન લાગવાથી આખરી પયગામ આવ્યો અભયના શિરે કે ' ગમે તેમ કરી ચોરને પકડી લાવો, નહિં તો તેની શિક્ષા તમે સહન કરો. ' ઊંચા આસન સાથે જ ભારી જવાબદારી લખાયેલી છે. એવો ક્રમ અનાદિ છે. ચોરનો પત્તો મળ્યાનું સાંભળતાં જ મગધેશનો કોપ વધી પડ્યો. મંત્રી નિવેદન કરે તે પૂર્વે ચોરને ફાંસીને માચડે ચડાવી દેવાનો હુકમ થયો અને એ સામે હરફ પણ કોણ ઉચ્ચરે ? **आज्ञाभंगो हि नरेंद्राणाम्, अशस्त्रवधमुच्यते ।**

સર્વત્ર અંધકાર હોય ત્યાં બુદ્ધિમાન કિરણ ફેંકી શકે, કેમકે ' Knowledge is power ' અથવા તો **बुद्धिर्यस्य बलं तस्य** એ ટંકશાળી વચન છે. અભયકુમારે હિંમતપૂર્વક રાજા પાસે આવીને નમ્રતાથી ઉચ્ચાર્યું : "મહારાજ ! આ આમ્રફળનો ચોર."

શ્રેણિક–"એને શિક્ષા કરવાનો હુકમ અપાઇ ગયો છે. એમાં બૂદ્ધ તારા આગ્રહથી પણ ફેરફાર ન કરવો એવો મારો નિશ્ચય છે. મારી આંખે પાટા બાંધી જનારને મારે સખ્ત નશિયત કરી પ્રજામાં ધડો બેસાડવો જોઈએ. એ સમયે ગુન્હાનું પ્રમાણ નથી જોવાતું, પણ આસપાસના સંજોગ જોવાય છે."

અભય–" સ્વામિન્ ! એ બધું સાચું, પણ એ વ્યક્તિ પાસે રહેલ વિદ્યા તો ગ્રહણ કરી લ્યો; નહિતર ચોરના મૃત્યુ સાથે વિદ્યાનું પણ મૃત્યુ થશે. "

શ્રેણિક–" તો પછી વિલંબ ન કરો. ઝટ લાવો એને અહીં. પહેલું કામ એ જ કરો. "

ચોરે આસને બિરાજેલ રાજવીને વારંવાર અવનામિની વિદ્યાનો પાઠ સંભળાવ્યો, પણ રાજવીની સ્મૃતિમાં શબ્દો કેમે કરી સ્થિર થયા જ નહીં. એટલે નૃપને એની દાનતામાં વહેમ પડયો. ત્યાં તો અભયકુમારે ધ્યાન ખેંચ્યું—

" મહારાજ ! વિદ્યાનું ગ્રહણ તો વિનયપૂર્વક થાય. વિદ્યાગુરુને ઉચ્ચાસને બેસાડી આપ સામે બિરાજો તો જ વિદ્યા શિખી શકાય. 'વિનય વિના વિદ્યા મળે નહીં' એ વાત આપ સમજો તો છો જ."

જ્યાં આ ફેરફાર થયો કે અલ્પ કાળમાં વિદ્યા કંઠાગ્ર થઇ ગઇ. રાજાની ગરજ સરી એટલે સેવકોને તેમની આજ્ઞા યાદ આવી. તેઓ બોલ્યા–"ચાલ ભાઇ ચોર ! આગળ થા." અભયકુમાર બોલી ઊઠ્યો–" સબૂર કરો. મહારાજ ! વિદ્યાગુરુને કંઈ દક્ષિણા આપી કે ખાલી હાથે વિદાય કરો છો ? દેવગુરુના દર્શન ખાલી હાથે શોભે. વિદ્યાદાતા ગુરુનો ઉપકાર કદી પણ ન જ વિસરાય."

રાજા–"તો પછી આપો સોનામહોરો ને જલ્દી પતાવો કાર્ય. કયાં સુધી હુકમ અણબજાવ્યો રહે ?"

અભય–" જ્યાં જીવનનું અસ્તિત્વ નથી રહેવાનું ત્યાં સોનામહોરો આપવાથી શું ? એ કરતાં તો જીવનદાન એ જ શ્રેષ્ઠ દક્ષિણા છે. ગુરુનું સ્થાન અવધ્ય જ લેખાય. "

આમ યુક્તિથી નૃપનો રોષ ઠંડો પાડ્યો અને ચોરનું કાર્ય સધાયું. જ્ઞાનનું ગૌરવ સ્વીકારી શ્રેણિક ભૂપાળે ચોરને સોનામહોરોની ભેટ આપી વિદાય કર્યો. અભયકુમારની બુદ્ધિએ ચોરનો જીવ બચાવ્યો, એટલું જ નહિં પણ માનસશાસ્ત્રના અભ્યાસીએ આમ્રફળની ચોરી જેવા તો કઇક કોયડા ઉકેલ્યા.

એક રાંકની દીક્ષા સામે આંગળી ચીંધનાર વર્ગને ધનના ત્રણ ઢગલા કરી, જે આજીવન ટાઢા પાણીને ન અડકે, જે આ-

જીવન અગ્નિનો ઉપયોગ ન કરે, અથવા તો જે આજીવન બ્રહ્મચર્યવ્રત સ્વીકારે તેને સોનામહોરનો અકેક ઢગલો આપી દેવાની જાહેરાત કરી, એમ કરવામાં સમાયેલ અમાપ આત્મબળનું જનતાને ભાન કરાવી રાંકની દીક્ષા એ કેવળ ઉદરપૂર્તિ અર્થે નહોતી એ સાબિત કરી દેખાડયું. અને સાથોસાથ એની પાછળ રહેલ 'ત્યાગ'ના દર્શન પણ કરાવ્યા.

× × ×

" પધારો, પધારો, મંત્રી મહાશય! આટલી મોડી રાત્રિએ આપે જાતે પધારવાની તસ્દી કેમ લીધી? એવું તે જરૂરનું શું કામ આવી પડયું?"

અભય—" રથવીરસિંહજી! ખાસ કામ વગર હું આપને તસ્દી આપું જ નહીં. એકાએક મહારાજાને શરીરમાં સખત પીડા ઉપડી છે. વૈદ્યરાજનું કહેવું છે કે એક ટાંકભર માનવકલેજાનું માંસ લાવવામાં આવે તો આ ગહન વ્યાધિનો પ્રતીકાર થઇ શકે. આજે સવારની બેઠકમાં આપે જ માંસને સસ્તું દર્શાવેલું તેથી પ્રથમ હું આપની પાસે જ દોડી આવ્યો. મારી માગણી સત્વર સંતોષી મને છૂટો કરશો કે જેથી જલ્દી મહારાજાનો ઉપચાર થઇ શકે."

" મહામંત્રી! મેં માંસ સોંઘું ગણાવેલું એ સાચું પણ મારા કાળજાનું ટાંકભર માંસ આપીને હું જીવતો કેમ રહી શકું? માટે કૃપા કરી મારું આ નજરાણું સ્વીકારો અને મને મુક્ત કરો." એટલું કહી રથવીરસિંહજીએ સોનામહોરોની એક થેલી મંજૂષામાંથી મંગાવી મંત્રી સન્મુખ ધરી.

નિરાશ વદને પાછા ફરવાનું હોય તેમ એ થેલી પોતાની સાથેના પરિચારકને સોંપી મંત્રી દાદર ઊતરી ગયા અને તુરત જ શિબિકા બીજા ભાયાતના પ્રાસાદ તરફ લેવરાવી.

દીલિપસિંહજી તો શ્રેણિક ભૂપના ખાસ સુહૃદ હતા. ભાગ્યે જ એમની હાજરી વિના એક પણ મૃગયા કરવા મહારાજા નીકળ્યા હોય. માંસ આસ્વાદનની લહેજત વેળા દીલિપસિંહની વાણી છૂટથી નાચી ઊઠે. એ સમયનું વર્ણન સાંભળતાં જ કવિની પંક્તિમાં એ મહાશયને મૂકવાનું મન થાય.

અહીં પણ ટાંકભર માંસની માંગણી શ્રવણ કરતાં જ, આવકાર સમયના હસતા મુખડા પર એકાએક વિષાદની કાલિમા પથરાઇ ગઈ. વદન દીન બન્યું. "કોઇ પણ રીતે—એ સારુ મનગમતું નજરાણું લઇને પણ—અન્ય કોઇને શોધી લ્યો એમ અચકાતા-અચકાતા ઉચ્ચાર્યું."

મંત્રીજી ત્યાંથી પણ થેલીઓ ઉચકાવી, ભ્રમર માફક એક પુષ્પ પરથી બીજા પુષ્પ પર અને ત્યાંથી ત્રીજા પુષ્પ પર એમ મહારાજા શ્રેણિકના કેટલા ય સાથીઓ અને સલાહકારોના નિવાસમાં ફરી વળ્યા. કાળજાનાં માંસ નિમિત્તે સંખ્યાબંધ સુવર્ણમહોરો યુક્ત થેલીઓરૂપી રસ ચૂસ્યો. આમ છતાં 'સર્વ પદાર્થો કરતાં માંસ સસ્તુ છે' એવી બડાશ હાંકનાર એક પણ ભાયાતે ટાંકભર માંસ કાપી ન આપ્યું. સર્વને સ્વજીવન વહાલું લાગ્યું.

બીજે દિવસે જ્યારે દરબારમાં બેઠક મળી ત્યારે મહારાજા શ્રેણિક તો સામે રાખેલી પાટ પર થેલીઓનો ગંજ નિરખી આભા જ બની ગયા. ઘડીભર લાગ્યું કે 'મહામંત્રી અભય આજે નિઃસંદેહ ગાંડો બની ગયો છે. તે વિના આ જાતનું પ્રદર્શન રચાવે!' તરત જ આવેગમાં આવી જ્યાં કારણ માટે પ્રશ્ન કરવા મુખ ખોલે છે ત્યાં તો અભયકુમારના શબ્દો કાને પડ્યા "મહારાજ! ગઈકાલે આપે સર્વ ભક્ષ્ય પદાર્થોમાં માંસને સોંઘું ઠરાવેલું પણ ખરેખર તેમ નથી. આપ નજર સામે જોઇ લ્યો, સોનામહોરોનો આ રાશિ માત્ર એક ટાંકભર

માંસની કિંમતના બદલામાં પ્રાપ્ત થયેલ છે. હવે નિર્ણય કરો કે માંસ સોંઘું કે મોંઘું ?"

શિકારદ્વારા પરના પ્રાણ અપહરણ કરી રસનાઇંદ્રિયની લોલુપતામાં રાંક બાંધવો અથવા રાંક પ્રાણીઓ પર પ્રહાર કરી વીરતાના બણગા ફુંકવા એ સહેલું છે; પણ જ્યારે પોતાના જીવ પર આવે છે ત્યારે જ જીવન કેવું મીઠું છે અને મરણભય કેવો દુઃખદ છે એનો સાચો સાર સમજાય છે. સૃષ્ટિતળ પરના નાના મોટા દરેક આત્માને જીવન પ્યારું છે. સર્વને જીવવાની આકાંક્ષા જ વર્તે છે, તેથી જ **आत्मवत् सर्वभूतेषु, यः पश्यति स पश्यति** એમ કહેલું છે. એ સૂત્ર હૃદયમાં ધારણ કરાય તો માંસ જેવી મોંઘી કોઇ વસ્તુ નથી એ વાત સહજ સમજાય, મૃગયાનો છંદ આપોઆપ ઓસરી જાય અને નિરપરાધી જીવોના માથે ઝઝૂમી રહેલ ભયંકર મરણભયરૂપી વાદળ વિખરાઈ જાય.

શ્રેણિક-" અભય ! ખરેખર તેં આજે મારા નેત્રો ખોલી દીધા છે. ગર્ભવતી હરણીના કોમળ ગર્ભે મારું અંતર વલોવી નાંખેલું. એ વેળા પુનઃ 'આવું નહીં કરું' એવા પરિણામ પણ થયેલાં. ચેટકતનયાનો એ માટે ઉપદેશ તો ચાલુ જ છે, પણ આ મિત્ર-મંડળીની પ્રેરણા અને જિહ્વા પર ચોંટી બેઠેલ સ્વાદ-મને એ છંદમાંથી મુક્ત નહોતા કરી શક્યા. તારી ટાંકભર કાળજાનાં માંસ અર્થેની પ્રયુક્તિએ મારા અંતરનો પડદો ચીરી નાંખ્યો છે, તેથી કાયમને માટે માંસભક્ષણ છોડવાનું 'પણ' હું ગ્રહણ કરું છું."

અભય-" તો પછી નેકનામદાર એ નિયમ પરમાત્મા શ્રી મહાવીરદેવની સાક્ષીમાં જ લ્યો. એ મહાસંતની શીતળ છાયામાં સ્વીકૃત કરેલ પ્રતિજ્ઞામાં સ્ખલન થવાનો પ્રસંગ જ ન ઉદ્ભવે. સાથોસાથ ગર્ભવતી મૃગલીના પાપનું પ્રાયશ્ચિત્ત પણ માગજો. સીધો રાહ તો 'બંધસમયે ચિત્ત ચેતીએ રે, શો ઉદયે સંતાપ ?'

એ વાકયમાં સમાયેા છે, છતાં પાપ થયું ન થયું થનાર નથી, એટલે હવે આલેાચના કરવી એ જ એક માત્ર માર્ગ છે.”

મંત્રીશ્વરની બુદ્ધિમત્તાનું આ ઉદાહરણ સંગ્રહવા જેવું છે. એ પછી જ શ્રેણિકનૃપના જીવનનેા અનેરેા પલટેા થયેા. એ કથાપ્રસંગ લાંબેા હેાઇ ચાલું વિષય સાથે અપ્રસ્તુત છે. બાકી શાસ્ત્રકારેાએ તેા કથ્યું છે કે—

ज्ञानचारित्रहीनोऽपि, श्रूयते श्रेणिकः किल ।
सम्यग्दर्शनमाहात्म्यात्, तीर्थकृत्त्वम् प्रपत्स्यते ॥

એ શ્લેાકનું બીજ ઉપરેાક્ત બનાવમાં છે. પ્રભુમુખથી અહિંસાનું સુંદર સ્વરૂપ સાંભળી, જીવવધ પાછળ રહેલ મહાપાપનું વર્ણન વિચારીને જ શ્રેણિક મહારાજ પ્રભુ શ્રી વીરના અનન્ય ભક્ત બન્યા. અડગ શ્રદ્ધાધર તરીકે દેવ, દાનવ અને નરસમૂહમાં ગણાયા–જૈનશાસનના સ્થંભ થઇ પડ્યા.

એ જીવંત શ્રદ્ધાએ દેવતાઇ હાર અપાવ્યેા, એની પ્રાપ્તિથી રાણી ચેલણાને હર્ષાનંદ થયેા અને અકસ્માત તે ચેારાઈ જતાં જબરેા સંક્ષેાભ પણ પેદા થયેા.

ચેારની તપાસનેા બેાજો ફરીફરીને આવ્યેા મંત્રી અભયના માથે. ચાલાક પ્રજ્ઞાવંતની પ્રજ્ઞા એ અર્થે અહર્નિશ બરચાતાં પણ ગુન્હેા અણઊકલ્યેા રહ્યો. સાત દિનની અંતિમ અવધિનેા છઠ્ઠો સૂર્યાસ્ત આથમી ચૂકયેા. આવતી કાલ એ તેા પાખી. ધર્મજ્ઞ મંત્રી એ દિને પૌષધ ન મૂકે. વ્યાઘ્રતટિન્યાય જેવું. પૌષધ પારીને આવતાં જ ક્યાં તેા હાર મંગાવવાની અગર તેા મૃત્યુની ભેટ કરવાની આજ્ઞા છૂટવાની. ન્યાયની તુલા નથી જોતી બાપ દીકરાને કે નથી પાડતી ભેદ રાયરંકનેા. ‘ રીઝવવેા એક સાંઇ ’ કિંવા ‘ ધર્મે કર્મ ઠેલાય ’ એ સૂત્રનેા સધિયારેા લઈ મહાશય અભયે પૌષધશાળામાં પ્રવેશી આઠ પહેાર સુધી સકળ જીવરાશિને

અભય આપ્યું, એક દિનનું શ્રમણત્વ સ્વીકાર્યું. સાથે જ પોતે સંસારમાં છે કિંવા મંત્રીના ઓદ્ધા પર છે એ વાત વિસારી મૂકી, કેવળ ધર્મધ્યાનમાં મન પરોવ્યું–ધ્યાનમાં નિશ્ચળ થયા.

આત્મવિશ્વાસ કોઇ અનેરી વસ્તુ છે. કટોકટીના સમયમાં પણ એ પર ચોકસ પલાણ મારનારને જવલ્લે જ નિરાશાની આંધિમાં અટવાવું પડે છે. ઘણુંખરું તો દુનિયામાં વિજયશાળી આત્માઓની પ્રશસ્તિઓ જ નોંધાણી છે અને એ પ્રશસ્તિઓમાં નોંધને લાયક થનાર, આત્મતેજ પર મુસ્તાક રહેનાર આત્માઓના જ ઉદાહરણ જડવાના.

દેવતાઇ હાર ચોરનાર જીવ એની પાછળની સખત તપાસથી અકળાઈ ઊઠ્યો. અભયના હાથમાં એ કાર્ય સુપ્રત થયાનું જાણતાં જ એના હાંજા ગગડી ગયા. ગુપ્તપણે હાર તેને પહોંચતો કરવાની તક જોવા લાગ્યો. હાર મંત્રીની નજરે ચડે છતાં પોતાનો પીછો પકડી ન શકે એ ઇરાદાથી પાખીની રાત્રિના અંધારા પથરાયા પછી, ઉપાશ્રયની બહાર કાયોત્સર્ગ ધ્યાનમાં એકાગ્ર બનેલ આચાર્યની કોટમાં હાર પહેરાવી ચોરનાર વ્યક્તિ અદૃશ્ય થઇ ગઈ.

સંધ્યા આવશ્યકથી પરવારી ઉપાશ્રયના કમરામાંથી ગુરુશુશ્રૂષા અર્થે બહાર પગ મૂકતાં જ પ્રથમ શિષ્યે પેલો હાર જોયો. તરત જ તેનું ચિત્ત રાજઆજ્ઞાના વમળે ચડ્યું ને ગુરુદેવના શિરે મરણાંત ભયનું ચક્ર ભમતું ભાળ્યું. પ્રથમ પ્રહર પૂર્ણ થતાં જ તે શિષ્ય પાછો ફર્યો અને ઉપાશ્રયમાં પ્રવેશતાં નૈષેધિકીના સ્થાને **'ભયં વર્તતે'** એવો શબ્દોચ્ચાર થઈ ગયો.

અભય—"મુનિશ્રી ! સંસારના બંધનને સાપ કાંચળીનો ત્યાગ કરે એ રીતે તજી દેનાર મહંત! આપને ભય કેવો ?"

મુનિશ્રી—"મહામંત્રી ! મને સંસારીજીવનની સ્મૃતિ તાજી

થવાથી મારાથી ઉતાવળે એ પ્રસંગના અનુસંધાનમાં ' ભયં વર્તતે ' શબ્દનો ઉચ્ચાર થઇ ગયો. "

પૌષધાવસ્થામાં રહેલ મંત્રીશ્વરે પૂછવાથી સંસારજીવનનો એક પ્રસંગ મુનિએ કહી પણ દેખાડ્યો. આમ દરેક પ્રહર પૂરો થતાં ને શિષ્યોની બદલી થતાં બનવા માંડ્યું. **અતિભય, બહુભય** અને **મહાભય** વર્તે છે—એવા ઉચ્ચારોએ રાત્રિના ચાર પ્રહર પૂરા કર્યા. એ પર ભિન્ન ભિન્ન મુખે, વિવિધ રસ જમાવટભર્યા વૃત્તાન્તો સાંભળીને મંત્રીશ્વરે રાત્રિના કલાકો ધર્મજાગરિકામાં વ્યતીત કર્યાં. કથાનકના જિજ્ઞાસુએ એ માટે 'મુનિપતિચરિત્ર*'માં ડોકિયું કરવું કિંવા 'અભયકુમાર ચરિત્ર' કે ' શ્રેણિકરાજપ્રબંધ ' વિલોકવા.

પ્રાતઃકાળના સ્ફુર્તિજન્ય કિરણો પથરાતાં જ્યાં મંત્રી અભય રાઇપ્રતિક્રમણથી પરવારી ગુરુવંદન નિમિત્ત વરંડામાં પદસંચાર કરે છે ત્યાં તો ગુરુજીના કંઠમાં પેલો દેવતાઈ હાર દૃષ્ટિગોચર થયો. તરત જ એના મનોમંદિરમાં શિષ્યોએ ગુરુની શુશ્રૂષાથી પાછા ફરતાં ઉચ્ચારેલા ભયના ગુંજનોમાં બીજરૂપે કઇ ચીજ હતી તેનો સહજ ખ્યાલ આવ્યો. ભયની ફિલસૂફી સમજાવવા અર્થે રચેલ ભાષ્યો સમી જીવન કથાઓના ભય કરતાં ગુરુકંઠમાં રહેલ ' હાર ' જ વધુ ભયંકર લાગ્યો હતો અને એણે જ નિર્ગ્રંથ સાધુઓને મુખે ' ભીતિસૂચક ' શબ્દપ્રયોગો કરાવ્યા હતા. એ વાત દીવા જેવી સ્પષ્ટ મંત્રીને જણાઈ.

પૌષધ પારી, હાર ગ્રહણ કરી, અભયે સીધો દરબારગઢનો માર્ગ લીધો અને શ્રેણિક મહારાજને હાર સોંપ્યો. આમ 'ધર્મથી કર્મ ઠેલાય' એ ઉક્તિ સાચી પડી.

મંત્રીશ્વરની પ્રજ્ઞાએ આવા તો કંઇ કંઇ ચમત્કારો દાખવેલાં છે. મોટા આડંબરથી જબરા સૈન્ય સહિત ચડી આવેલ ચંડ-

* આ ચરિત્ર આપણી સભા તરફથી છપાયેલ છે કિંમત માત્ર બે આના.

પ્રદ્યોત ભૂપાળને રક્ત રેડ્યા વગર એના મંત્રીઓમાં ભેદનીતિના આંદોલન જન્માવી પાછો ભગાડ્યો હતો અને વધારામાં એનો કેટલોય અસબાબ હાથ કર્યો હતો તેથી જ કહેવામાં આવ્યું છે કે—

बुद्धिर्यस्य बलं तस्य, निर्बुद्धेस्तु कुतो बलम् ?।
वने सिंहो मदोन्मत्तः, शशकेन निपातितः ॥ १ ॥

× × ×

" અરેરે ! આ **મારી**ના ઉપદ્રવથી તો ત્રાહી ત્રાહી થઇ ગયા. દિવસ ઊગે ને જોતજોતામાં સંખ્યાબંધ આત્માઓ પરલોક પ્રયાણ કરી જાય ! મેં ઘણા ઘણા યુદ્ધો ખેડી નાંખ્યા છે, મારી ચક્ષુ સામે લોહીની નદીઓ વહેતી જોઈ છે, મરણકાંઠે પડેલા સૈનિકોના આર્ત્તસ્વરો સાંભળ્યા છે, સમરભૂમિના સપાટે ચઢવાથી કોઇના શિર તો કોઇના હાથ પગ, તો કોઇના વળી અન્ય ગાત્રો છેદાઇ જવાથી કેવળ ચીતરી ચઢે તેવા ભયંકર દ્રશ્ય પણ નિહાળ્યા છે; છતાં એ પ્રસંગો પર હું આટલો હતાશ નથી થયો. ક્ષત્રિયવટના નામે, શૌર્યતાના સધિયારાથી–એ સર્વ અવિષન્ન ચહેરે દૃષ્ટિ હેઠળ પસાર થવા દીધું છે, પણ આ **મારી** ડાકિનીનો ત્રાસ હવે તો જોયો જતો નથી. પ્રધાનજી ! કંઈ ઉપાય શોધો. કોઇ જ્ઞાની પુરુષની સલાહ પૂછી લાવો."

" મહારાજ ! મેં એનો પ્રતિકાર શોધવા સારુ ઓછા પ્રયાસ નથી કર્યા. આજે મારે માલવપતિના કાન સુધી વાત નછૂટકે આણવી પડી છે. કદાચ ઇલાજ મળી આવે તો આપે જેને નજરકેદમાં રાખેલ છે એ બુદ્ધિનિધાન મંત્રીશ્વર અભયને પૂછવાથી જ મળવા સંભવ છે. બાકી સારી અવંતી ફેંદી વળ્યો છું. ભૂવા, જતિ યા વૈદ્ય કે ઇલ્મી કોઈને અણપૂછ્યા નથી મૂક્યા. "

" અરે ! વિનાકારણ છળ કરી જેને પકડી મંગાવ્યો તે હવે સાચી સલાહ બતાવે કે ? શું દુનિયામાં એની જ પ્રજ્ઞા એક મહત્તાની ટોચે ચડી છે ? એ જ કેવળ બુદ્ધિનો ઇજારદાર છે ?"

" માલવેશ ! નીતિકારનું કથન છે કે ' **बालादपि हितं ग्राह्यम्** ' અને ' ગરજે ગમે તેની આજીજી કરવી ' આ લોકોક્તિ આપ કયાં નથી જાણતા ? વળી એની બુદ્ધિપ્રગલ્ભતાના માપ મેં તો વાસવદત્તાના પ્રસંગ પરથી જ કાઢ્યા હતા. તે વેળા એણે મને સ્પષ્ટ જણાવેલું કે–' પ્રેમરક્તા વાસવદત્તાના વત્સ ઉદાયન સાથે ધામધુમથી લગ્ન કરવા એ જ ઇષ્ટ છે, બાકી અન્ય ઉપાય કરવા જતાં કયાં તો કુંવરી ભાગી છૂટશે, કિંવા મરણને ભેટશે. ' આપસાહેબના એ પરત્વેના પ્રતિકારોનો શો નતીજો આવ્યો ? આંખમાં ધૂળ નાંખી ઉદાયન વાસવદત્તાને કૌશાંબી લઇ જ ગયો ને ! ભલે આપે તેની સાથે છળ કર્યું છે છતાં એ મંત્રી સલાહને વળતે પ્રપંચ રમે તેવો નથી. પવિત્રહૃદયી છે. ખોટી સલાહ કદિ પણ આપે તેમ નથી. "

" તો પછી બોલાવો ત્યારે **दीर्घसूत्री विनश्यति** । " એ નીતિકારોનું કથન આપણા સંબંધમાં તો સાચું પડયું છે.

" નમસ્કાર માસાજી ! છો તો મજામાં ને ? " અવંતીપતિ ચંડપ્રદ્યોતના સલાહભુવનમાં પ્રવેશ કરતાં મંત્રીશ્વર અભયે રાજવીને ઉદ્દેશી પ્રશ્ન કર્યો.

" અરે અભય ! આ કંઇ રાજગૃહી નથી, વળી હું તારો માસો કે તને નજરકેદમાં પુરનાર શત્રુ ? "

" મારે મન રાજગૃહી ને ઉજ્જયિની સમાન જ છે. વળી ચેડામહારાજની પુત્રી જેમ ચેલણા છે તેમજ શિવાદેવી પણ છે. ચેલણાદેવી પ્રત્યેનો મારો સ્નેહ મારી જનેતા સુનંદાથી તલભાર પણ કમ નથી. એ હિસાબે ચેલણાદેવીની બહેન શિવાદેવી મારા માસી જ છે અને આપ તેમના સ્વામી છો એટલે મારા માસા યાને વડીલ જ છો.

" જો કે આપે રાજગૃહમાંથી, વેશ્યાને શ્રાવિકાનો સ્વાંગ સજાવી, ધર્મના ઓટા મિષથી છેતરપિંડી કરાવી મને અત્રે આણી બંધનમાં રાખ્યો છે, છતાં એનું મને દુઃખ નથી, પરંતુ છળપ્રપંચ એ ક્ષત્રીવટને લાંછનરૂપ હોઇ સાચા રાજવીનો ધર્મ નથી. સ્વામીભાઇના નાતાથી જમવા તેડી એ બનાવટી શ્રાવિકાએ જે કરણી કરી એનું ફળ એ બિચારીને જ ભોગવવું પડવાનું ! સ્વામીભાઇ પ્રત્યેનો ધર્મ ' તારક ' છે પણ એ વામાએ તેના કરેલ દુરુપયોગથી એને માટે તો ' મારક ' રૂપ નિવડવાનો. યાદ રાખજો કે ધર્મના અંચળા હેઠળ કરાતું છળ મહાભયંકર છે. માસાજી ! આપ પણ રાજધર્મ ચૂકી શું હહાણ કાઢો છો ? પરાક્રમી છતાં, વગરવિચાર્યું કરવાથી આપની અપભ્રાજના ઓછી થાય છે ? "

" અભય ! મારે તારું નીતિશાસ્ત્ર સાંભળવું નથી. મેં બીજા જ કામ સારુ તને બોલાવ્યો છે. એમાં સાચી સલાહ દઇશ ને ? "

" આપ જેવું ' પિંડે તેવું બ્રહ્માંડે ' જોવાનું મૂકી દો. પીઠનો ઘા કરવાનું અભય શિખ્યો જ નથી. વિશ્વાસ હોય તો પૂછો. "

" જોને ભાઇ ! મારો સારો યે દેશ મહામારીની દારુણ ઘંટીમાં પીસાઇ રહ્યો છે, એનો કંઇ ઉપાય તું ન દર્શાવે ? "

" મહારાજ ! ઓહો ! આમાં વિલંબ કેવો ! ' હાથકંકણને આરસીની જરૂર કેવી ? ' આ કોઇ પિશાચદેવનું કાર્ય છે. સામાન્યતઃ આટલી પ્રબળતમ શક્તિ અને આટલો અમર્યાદિત વિસ્તાર કેવળ મરકીનો ન જ સંભવે, પરંતુ ગમે તેવા ક્રૂર દેવની શક્તિ પણ એકાદી સાધ્વી, સુશીલા, પતિવ્રતા, સતીના દર્શન થતાં જ નષ્ટ થઈ જાય છે. રાણી શિવાદેવીના હસ્તે સર્વત્ર વારિ-સિંચન કરાવો કે આપોઆપ આ આપત્તિ શમી જશે. ઘરમાં મહાસતી મોજુદ છતાં વિલંબનું શું પ્રયોજન ? "

અગમનજરી અભયની દવાએ હવા ફેરવી નાંખી. જોતજોતામાં માલવદેવની મનોહરતા પુનઃ ખીલી ઊઠી. અભયકુમારને માન-પુરસ્સર વિદાય મળી. જતાં જતાં એણે માસાને ઉદ્દેશીને કહ્યું કે:

"આપ તો મને અંધારે ઉચકી લાવ્યા હતા, પણ હું તો તમને પ્રજાજનના દેખતાં ઊઘાડે છોગે એક વાર રાજગૃહી લઇ જઇશ અને ખાત્રી કરી આપીશ કે પ્રજ્ઞા–નૈપુણ્ય કોઈ અનોખી ચીજ છે. તેમજ અભયને છેડવો એ વાઘની બોડમાં હાથ નાંખવા તુલ્ય છે."

રાજગૃહીમાં આવ્યા ને કેટલો ય કાળ વહી ગયો. રાજકાર્યની આંટીઘૂંટીમાં કે વ્યાવહારિક વિષયોના વમળમાં અભયકુમારને ઝુકાવું પડયું. એથી ચંડપ્રદ્યોત રાજવીને શિક્ષા આપવાનું કરેલ 'પણ' સ્મૃતિમાં તાજુ છતાં એ માટેનો માર્ગ ન યોજી શકાયો. 'પુણ્યવંતને પગલે પગલે નિધાન' આ વચન અનુસાર અન્યદા રાજવી ચંડપ્રદ્યોતને લગતો એક બનાવ મંત્રીશ્વરના કર્ણપટ પર આવ્યો અને તરત જ પ્રદ્યોતરાજને બંદી બનાવ-વાનું યંત્ર ગોઠવાઈ ગયું.

સીમાડાના એક રાજ્ય પર એ રાજાની રૂપ–લાવણ્યમાં અપ્સ-રાને શરમાવે તેવી એક કુંવરીને મેળવવા સારુ ચંડપ્રદ્યોત એકા એક હલ્લો લઇ ગયો. ચરપુરૂષદ્વારા એ વાર્તા કુંવરીના પિતાએ જાણી. દક્ષમંત્રીની સલાહથી કામલોલુપી પ્રદ્યોતરાજને અધવચથી એવી છુપી રીતે ફસાવી નજરકેદ કરી લીધો કે એ બનાવની ગંધ સરખી સૈન્યને ન આવી ! નાયક વિનાનું સૈન્ય પાછું ફર્યું, એ વૃત્તાંતની ખબર જ્યારે રાજકન્યાને પડી ત્યારે ગુપ્તપણે તે પ્રદ્યોતરાજને મળી. પોતાની પ્રાપ્તિ અર્થે સાહસ ખેડનાર અવંતીપતિના પ્રત્યક્ષ દર્શન કરતાં તેણીના હૃદયમાં એને માટે સ્નેહ પ્રગટ્યો. આખરી અંજામ ઉભયના પાણિગ્રહણમાં પરિ-ણમ્યો અને પ્રદ્યોતરાજની કાર્યસિદ્ધિ થઇ. ઉક્ત પ્રસંગમાંહેની કામાસક્તિ પરથી અભયે યોજના રચી કાઢી.

મંત્રીશ્વર અભયે કામી નૃપને ફસાવવા સારુ એક યુવાન અને કામકેલીદક્ષ પણ્યાંગનાને પસંદ કરી. પોતે સોદાગર બન્યો અને રોજના પરિચયમાં આવનાર પણ ઓળખી ન શકે એવું વેશપરાવર્તન કરી, ઉજ્જયિની પહોંચી રાજમહાલયની સમીપમાં આવાસ ભાડે રાખીને રહ્યો. પાણી માફક પૈસા વાપરી વેપારી-સમાજમાં તેમ જ રાજમહાલયમાં એવી તો સુંદર છાપ બેસાડી કે વ્યવહારીસમૂહમાં એક દક્ષ ને કુશળ વેપારી તરીકેની તેને પ્રસિદ્ધિ પ્રાપ્ત થઇ. મહાલયની પ્રત્યેક દાસી કે દેવડી પરના પહેરગીરથી લઇ, ખૂદ જનાનાવિભાગના મુખ્ય રક્ષક સુધીમાં ભાગ્યે જ કોઇ એવું હશે કે જે આ નવીન સોદાગર અને તેની સૌંદર્યવતી ભગિનીને નહીં ઓળખતું હોય. દિવસો જતાં આ નિકટવર્તી રૂપરાશિની વાર્તા નૃપ ચંડપ્રદ્યોતના કર્ણરંધ્રમાં પહોંચી. એક કરતાં વધુ પ્રસંગે ગવાક્ષમાં બેઠેલ આ નવયૌવનાને રાજવીએ નીરખી પણ ખરી. મદનનો આવેગ ઉભરાયો, પુષ્પ-ભોગી ભ્રમર જેમ પુષ્પરાશિની આસપાસ ભમ્યા કરે તેમ કામી ભૂપાળ પ્રદ્યોતની ચર્યા થઇ પડી. એકાદ તક સાધી આ પ્રમદાએ એવી તો નજર ફેંકી અને કોમળતાભર્યા કટાક્ષ દાખવ્યા કે કોઇ પણ રીતે રૂબરૂ મળવાની ચટપટી નૃપને લાગી. એક હોંશિયાર ચેટીદ્વારા મુલાકાત ગોઠવાણી. મીલનમાં અન્ય કોઇ અંતરાય હતો જ નહીં; એટલે જોતજોતામાં સ્નેહની જડ જામી અને મંત્રીની ધારણા પાર પડી. પછી તો ભાગ્યે જ કોઇ દિવસ એવો જતો કે જેની સાઠ ઘડીમાં એકાદ ઘટિકા આ ભોગી ભ્રમરો મળ્યા વિના રહે. સોદાગરસ્વાંગધારી મંત્રીએ પરિચય વધુ ગાઢ બનાવવા થોડા સમય માટે બહારગામ પ્રયાણ કર્યું. એ દરમિ-યાન ચંડપ્રદ્યોત વિનાઆશંકાએ ત્યાં પડ્યોપાથર્યો રહેવા લાગ્યો. મંત્રીએ પ્રયાણ પણ હેતુસિદ્ધિ અર્થે જ કર્યું હતું. તે પાછો ફર્યો ત્યારે એક એવા માણસને સાથે લાવ્યો કે જેનો ચહેરો

ઘણી રીતે ચંડપ્રદ્યોત ભૂપને મળતો આવતો હતો અને વયમાં તે તેનાથી ચારેક વર્ષ નાનો હતો. બીજા જ દિવસથી એક પ્રયોગ આરંભ્યો. જાણે કે પોતાનો આ લઘુ બંધુ અસ્થિર મગજનો છે એટલે એના ઉપચાર અર્થે, ગાડીમાં બેસાડી અવંતીના સરિયામ રસ્તે થઈ, નગરીની બીજી ભાગોળે આવેલ હકીમના ઘર તરફ મંત્રી તેને લઇ જતો. એ વેળા પેલો નાનો ભાઇ પોકાર પાડતો–'અરે! કોઇ છોડાવો, હું પ્રદ્યોત રાજા છું, આ મને પકડીને લઇ જાય છે.' આમ વારંવાર બોલતો ને ગાડીમાંથી ઊતરી જવા યત્ન કરતો. સોદાગર હાથ પકડી પુનઃ પુનઃ બેસાડતો. વેપારીગણ રોજની આ કાર્યવાહીથી એટલો બધો જાણુ થઇ ગયો હતો કે શાહ સોદાગરને શિરે આવી પડેલ આ આપત્તિ પ્રત્યે હમદર્દી બતાવતો અને ગ્રથિલના પોકારમાં દરદની વેદના નિહાળતો. આ ઇરાદાપૂર્વક ગોઠવાયેલ નાટક મહિનાઓ સુધી ચાલુ રહ્યું. માત્ર બજારમાં વેપારીઓ જ નહીં પણ અવંતીની પ્રજાનો મોટો સમૂહ સોદાગરના ભાઇ પ્રદ્યોતની ચક્રમતાથી ને પોકારથી માહિતગાર બન્યો. સોદાગરના કાર્યમાં એટલી હદે શ્રદ્ધા પ્રકટી કે કોઇ વાર જોર કરી આ ગાંડો પ્રદ્યોત ગાડીમાંથી નાશી છૂટતો તો માર્ગે જનાર માણસો એની પાછળ પડી તરત જ પકડી લાવી સોદાગરના હાથમાં સોંપી દેતા, જોરથી બંધ બાંધવામાં સહાય કરતા, સાહસિક ને પરોપકારી સોદાગરને શિરે આવી પડેલ દુઃખમાં દિલાસો આપતા. આમ ઉજ્જયિનીની પ્રજામાં સોદાગરનું સ્થાન પ્રતિષ્ઠાસંપન્ન થઇ પડ્યું. એની પાછળ કોઇ છૂપી હીલચાલ છે એવી ગંધ સરખી પણ કોઇને ન આવી. બીજી બાજુ ઊગતી કળીનો આસ્વાદી ભ્રમર કામગૃદ્ધિમાં એટલી હદે મુગ્ધ બન્યો કે પોતે કયા અધિકાર પર છે તે પણ ન જોઇ શકયો, તેમ આ અજાણ્યા આવાસમાં સ્વચ્છંદતાથી પોતે જે વર્તાવ કરી રહ્યો છે તે વિનારોકટોકે કેમ ચલાવી લેવાય છે?

એની પાછળ કંઈ ભેદી રમત તો નથી રમાતી ? એ પણ ન કળી શકયો. નીતિકારે સાચું જ કહ્યું છે કે–' ઘુવડ દિવસે જોઇ શકતું નથી, કાગડો રાત્રે જોઇ શકતો નથી; પણ કામાંધ તો દિવસે અને રાતે બંને વખત જોઇ શકતો નથી; અર્થાત્ એનું અંધપણું સવિશેષ છે. '

ભ્રાતાયુગલ અને ભગિની વચ્ચે એક રાત્રિએ મસલત થઇ ચૂકી. બીજી સવારે મધ્યાહ્ન થાય તે પૂર્વે અવંતીમાંથી ઉચાળા ભરવાનો કાર્યક્રમ નિયત થયો. રાજવી ચંડપ્રદ્યોતને બંધનથી જકડી લઇ ઉઠાવી જવાની સર્વ તૈયારી થઇ ચૂકી.

પ્રાતઃકાળના ચોઘડીયાં વાગી રહ્યાં ત્યાં તો પ્રતિદિન ભજવાતા એકધારા નાટકના આખરી પ્રવેશનો આરંભ થયો. દૂધ પીવામાં રક્ત બનેલ બિલાડી પાછળ ઉગામેલી લાકડી જોઇ શકતી નથી તેમ લટું બનેલ કામી સ્વપ્ને પણ માથે ભમતો ભય નથી પારખી શકતો. હજુ આનંદના પૂર ઉભરાયા પણ નથી ત્યાં તો એકાએક ચંડપ્રદ્યોત ભૂપને જોરથી પકડી લઇ, રાજપોશાકનો ત્યાગ કરાવી, ગાંડા પ્રદ્યોતનો સ્વાંગ સજાવાયો અને ગાડી પર ચઢાવી સખત બંધનથી મુસ્કેટાટ કરાયો. તરત જ પ્રયાણ આરંભાયું.

અવંતીનો એ જ મોટો બજાર, જાતજાતનાં કરિયાણાં જ્યાં સદૈવ ક્રયવિક્રય થતા એ જ આ સ્થાન. દગો થયાનું પૂર્ણ રીતે સમજી ચૂકેલ રાજવી પ્રદ્યોત એ બધું નિરખતાં જોરશોરથી બૂમો મારવા લાગ્યો. " અરે ! કોઈ દોડો, જલ્દી દોડો, આ હરામખોર મને બાંધીને લઇ જાય છે, તેના હાથમાંથી છોડાવો. હું પ્રદ્યોતરાજ છું. માલવપતિ ચંડપ્રદ્યોત છું. "

પણ રોજના ફારસથી ટેવાયેલી અવંતીની જનતાએ આ બનાવમાં સોદાગરના ગાંડા ભ્રાતાની ગ્રથિલતાની અતિરેકતા

સિવાય બીજું કંઇ ન જોયું તેથી એ સામે મૌનપણે જોયા કર્યું. કેટલાક તો હસવા લાગ્યા અને ઊંચે સ્વરે કહેવા લાગ્યા–' વાહ ભાઇ પ્રદ્યોત ! ખરો માલવપતિ !' આમ વિનારોકટોકે બુદ્ધિનિધાને ગોઠવેલું સરઘસ અવંતીના માર્ગેથી પસાર થઇ ગયું અને થોડા સમયમાં રાજગૃહી પહોંચ્યું.

સોદાગરનો અંચળો દૂર ફેંગાવી દઈ હસતા અભય મંત્રીએ માલવેશના બંધન છોડી નાખ્યા અને કહ્યું કે–" માસાજી ! મારું કથન મેં વર્તનમાં મૂકી બતાવ્યું છે. આપને મુંઝાવાની જરૂર નથી. આ તો બુદ્ધિનો ચમકારો માત્ર છે. "

પૂરા આદર સત્કાર ને ઉચિત આતિથ્ય સાચવ્યા પછી શ્રેણિકરાજે સાહુ ચંડપ્રદ્યોતને અવંતી જવા માટે વિદાય આપી.

× × ×

ખરેખર વિધિની વિચિત્રતા કોઇ અકળ છે ! '**विधिश्चैतानि विदधति, यानि पुमान् नैव चिन्तयति।**' એ નીતિકારનું વચન સાચું જ છે. આજે આંખ ખુલી ગઇ ને નમસ્કાર મહામંત્રનું સ્મરણ કર્યું ત્યારથી જ હૃદયમાં કોઇ અનેરી ભાવના નાચી રહી હતી. ' ક્યાંથી અહીં આવવું, પ્રાણિયા ! ક્યાં જવું, શું કર્યું શુભ કામ ? આજ જીવે ' એ પદ બોલતો આત્મા કોઇ જુદા જ ઉલ્લાસમાં હતો. આવશ્યક ક્રિયામાં પણ આજ અપૂર્વ આનંદ આવ્યો. જાણે આજે વર્ષોની મનોરથમાળા ફળતી લાગી અને પ્રભુપૂજનમાં પણ ઠીક રસ–જમાવટ થઈ. દ્રવ્યપૂજામાં જળ, ચંદન, પુષ્પ, ધૂપ, દીપ, અક્ષત, નૈવેદ્ય અને ફળરૂપ સાધનો એના એ છતાં એ પાછળ ભાવનાનો વેગ જરૂર જવલંત હતો. ભાવપૂજા માટેનો આજનો દિન જીવનભરમાં નોંધવા યોગ્ય ગણાય. ' ચિત્ત પ્રસન્ને રે પૂજનફળ કહ્યું ' એ જેમ યથાર્થ છે તેમ ' ઇલિકા ભ્રમરીધ્યાનાત્ ભ્રમરીત્વં અશ્નુતે ' એ પણ તેટલું જ સાચું છે. આજના જેવી એકાગ્રતા ને એકતારતા અત્યાર પૂર્વે

કોઇ દિવસ જામી નહોતી. શ્રીપાળનૃપકથામાં મયણાસુંદરીને થયેલ અમૃતક્રિયાના યોગનું જે વર્ણન પૂજાપ્રસંગમાં આવે છે એવું જ આજ મારે માટે પણ બન્યું હતું. મન પોકારીને કહેતું હતું કે– અભય ! આજ તારા માટે સોનાનો સૂરજ ઊગ્યો. આજે તારા પાસા પોબાર સમજવા. અંતરમાં પણ એ જ લગની હતી કે જલ્દી શ્રી વીરપ્રભુ સમીપ પહોંચું અને સંશય નિવારી ઘટિકા ધન્ય કરું. પણ ત્યાં તો આ લબોટો આવ્યો. મનની મનમાં રહી. રાજ્યાભિષેકના મુહૂર્ત્તે શ્રીરામને વનવાસ સિધાવવું પડ્યું તેમ મારે પણ એ જ ટાણે ભૂપઆજ્ઞાનો અમલ કરવા થોભવાનું. અહા ! અધિકાર ! મુખ્યમંત્રીપણું ! આખરે તો પરતંત્રદશા જ ને ?

જંગલમાં એકાદ સૂકા વૃક્ષ પર વસતા પંખીના સુખ સાથે શ્રીમંતને ઘરે સુવર્ણપિંજરમાં પૂરાયેલ અને અહર્નિશ સુંદર ફળ આરોગનાર પંખીના સુખની તુલના જ અસ્થાને છે. યથાર્થ રીતે જોતાં પિંજરના પક્ષીનું ગમે તેવું સુખ પણ એની કેદી જેવી દશા જોતાં કોડીના મૂલ્યનું થઇ જાય છે. જ્યારે વૃક્ષવાસી પંખી ધારે ત્યાં ઊડી શકે, ઇચ્છે ત્યાં જઇ શકે, એ સ્વતંત્રતા આગળ ભલે સુંદર ખોરાક ન હોય કે અલબેલું પીંજર ન હોય, એથી કંઈ જ દુઃખ નથી. કોઇની પણ પરવા કે તાબેદારીવિહૂણું જીવન એ જ મોટામાં મોટું સુખ છે, એ જ સાચું જીવન છે.

કેવા અપૂર્વ ઉલ્લાસથી આજ મારા કદમ સમવસરણની ભૂમિ તરફ પડત. ત્યાં તો હૂકમ છૂટ્યો. ' અંતેઉર સળગાવી દો ' જરા પ્રશ્ન કરે, કારણ જાણવા પ્રયાસ સેવે ત્યાં તો મહારાજા શ્રેણિક ગુસ્સાના આવેશમાં પસાર થઇ ગયા.

' સળગાવવાની આજ્ઞા જેટલી સહેલી છે તેટલું સળગાવવું સહેલું નથી જ.' એમાં લીલા સાથે સૂકું બળવાનો જેમ સંભવ, તેમ બળી ગયા પછી પશ્ચાત્તાપ થવાનો પણ સંભવ.

એ સાંભળવા કે વિચારવા ઊભા રહેવું છે કોને? રાજા, વાજા અને વાંદરા જ્યારે ટેડા (વાંકા) થાય ત્યારે કોઈના નહીં. ગમે તેવા પ્રસંગમાં–અરે! સુંદર રંગ જામ્યો હોય ત્યારે એમાં ભંગ પાડતાં વિલંબ ન થાય. 'વિવાહની વર્ષી' કરી નાંખતા વિમાસણ ન કરે અને પિતાશ્રીની તો કોઇ વાત જ અનોખી છે.

હજુ થોડા સમય પૂર્વે તો એ નવી રાણી લાવ્યા છે અને એની (ચેલણા) સાથેના પ્રેમ–સંવાદના હજુ તો ભરતીના મોજાં આવે છે ત્યાં એકાએક આ જાતની આજ્ઞા તેઓશ્રીને કેમ કરવી પડી?

અનુમાન ઉત્તર આપે છે કે-એમાં જરૂર કંઈ વહેમનું વેજું સંભવે છે. એનો તાગ કાઢવા સારુ માતુશ્રી ચેલણાના મંદિરીએ પહોંચવું જોઇએ. અભયકુમાર રાણી ચેલણાના આવાસમાં આવી જુએ છે તો રોજ પ્રવર્તતી ચંચળતાને બદલે સુસ્તી અને અવ્યવસ્થા ડોકિયાં કરી રહી છે. ગઇ રાત્રિની સખ્ત ઠંડીથી રાણી રોજ કરતાં મોડા ઊઠ્યા. ત્યાં દાસીવૃંદના મુખેથી સાંભળ્યું કે 'મહારાજા ઊઠ્યા ત્યારથી જ ગુસ્સાના આવેશમાં હતા. વાત-વાતમાં રાતાપીળા થઇ જતા. રોજની માફક શાંતિથી પ્રાતર્વિધિ ન સમેટતા એમાં પણ ત્વરા કરી જલદીથી ચાલ્યા ગયા છે. મંત્રીશ્વરને કંઈ ગંભીર આજ્ઞા ફરમાવી ગયા છે!' આ શ્રવણ કરતાં જ ચેલણાને કોઇ ભયંકર ભાવિની આગાહી થઇ. એકાએક એનાં ગાત્રો ઢીલા પડવા માંડ્યાં.

તેથી જ જ્યારે અભયકુમારે કમરામાં પગ મૂકયો ત્યારે તે ચિંતાતુર વદને વિચારમગ્ન અવસ્થામાં વેત્રાસન પર બેઠી હતી. રોજ કરતાં આજે ક્રમ તદ્દન ઊલટો કેમ થયો? એના કારણની શોધ કરતી હતી. પોતાને સાથમાં લીધા વગર એક ડગલું ન ભરનાર સ્વામી આજે કહેવા પણ ન થોભ્યા, એ જોઇ અપાર દુઃખ થયું! અમંગળ થવાની આશંકા બળવત્તર બની. મનોપ્ર-

દેશમાં એટલી વ્યગ્રતા પ્રવર્તી રહી કે પોતાની આસપાસ શું ચાલી રહ્યું છે એનું ભાન સરખું પણ ન રહ્યું !

" માતુશ્રી ! પ્રણામ. કેમ આપનું મુખ આજે અહર્નિશની માફક પ્રફુલ્લિત નથી દેખાતું ? શરીરે તો સ્વાસ્થ્ય છે ને ? "

અભયના આ સવાલથી જાણે એકાદ વ્યક્તિ ઊંઘમાંથી ઝબકી ઊઠે અને વિહ્વળતાથી જવાબ દેવા યત્ન સેવે તેમ ચેલણાએ અભયકુમારને ઢીલા પડી ગયેલા સાદે કહ્યું કે-" આવ વત્સ ! તારા સિવાય મારી મૂંઝવણ કોઇ ટાળે તેમ નથી. "

" માતુશ્રી ! આજે શું વાત બની છે ? પિતાશ્રી એકાએક આટલા ક્રોધાન્વિત શા કારણે થઇ ગયા છે ? "

" પુત્ર ! જો એ કારણની મને ખબર હોત તો પછી ચિંતા કરવાપણું રહેત જ કયાંથી ? રાત્રિના આનંદપૂર્વક અલકમલકની વાતો કરતાં અમે સૂતેલા. ત્યારપછી સખત ઠંડીમાં મને તો ગાઢ નિદ્રા આવી એટલે પાછળના કોઇ બનાવની મને કંઇ જ ખબર નથી. આજે ઊઠતાં પણ વિલંબ થયો અને ત્યાં તો **પ્રથમગ્રાસે મક્ષિકાપાત:** ના જેવા સમાચાર કાને પડ્યા. '**કારણજોગે કારજ નિપજે**' એ ટંકશાળી વચન છે, છતાં મને કોઇ કારણ જણાતું નથી. "

" માતુશ્રી ! પ્રાત:કાળમાં જ રોષના વાદળ ઘેરાયાં છે, એટલે એ પૂર્વે અર્થાત્ નિશાકાળમાં જ કંઇ શંકાસ્પદ બાબત બની છે. આપ શાંતિથી વિચારો. "

" શું વિચારું ? દીકરા ! તારાથી મારે ઓછું જ કંઈ છુપાવવાનું હોય ? કંઇ બન્યું હોય તો જણાવું ને ! જો ને ગઇકાલે તીર્થપતિ શ્રીમહાવીરદેવને વંદન કરી સંધ્યાકાળે પાછા

ફર્યા. વૈભારગિરિની તળેટીમાં ઠંડો પવન જોરશોરથી ફુંકાવો શરૂ થયો હતો, છતાં એક તપસ્વી મુનિને ઊઘાડે શરીરે કાયોત્સર્ગમાં લીન જોયા. આવા આકરા ઉપસર્ગો સહન કરતાં સાધુને જોઇ અમે ઉભય વીતરાગપ્રભુના શાસન પરત્વે વિમર્શ–પરામર્શ કરતાં મહાલયમાં આવ્યા, સીધા શયનગૃહમાં સિધાવ્યા અને કોઇ પણ જાતના મનોમાલિન્ય વિના નિદ્રાદેવીના અંકમાં પોઢી ગયા. લગભગ મધ્યરાતના સમયે એકાએક હું જાગી ગઇ, મારો એક હાથ ઓઢવાની રજાઇથી બહાર રહી ગયેલ તે એવો ઠરી ગયેલ કે અચાનક મને સંધ્યાસમયે જોયેલ મુનિ યાદ આવ્યા ને સ્વતઃ બોલાઇ ગયું કે–' તેમની શી દશા ? ' હું તો તરત જ પાછી મારા શરીરને પૂર્ણ રીતે રજાઇથી લપેટી સૂઇ ગઇ અને જોત–જોતામાં એવી ગાઢ ઊંઘ આવી ગઇ કે જાગ્રત થતાં પણ રોજ કરતાં આજે વિલંબ થયો છે. "

" માતા ! કારણ મળી આવ્યું. આજના સારા ય બનાવનું મૂળ તે જ છે. ' રજનું ગજ ' તે આનું નામ. જે વાત આટલી નજીવી છે, જેમાં ભયોત્પાદકતાનું નામ સરખું પણ નથી, તે વાતથી આજે કેવી ભયંકરતા ઉદ્ભવી છે ? કાન છતાં સાન ન હોવાથી વાતનું વતેસર કેવું બની જાય છે અને એની પાછળ શંકાના ગુંચળા ને વહેમનાં વમળ કેવા જામે છે ?"

" કોઇપણ જાતના આંતરિક મેલ વિના, કેવળ સ્વાભાવિક રીતે ઉચ્ચરાયેલા ' તેમની શી દશા ? ' એ શબ્દોએ સાચે જ મારા જાગતા પિતાના હૃદયમાં પ્રબળ ક્ષોભ પ્રગટાવ્યો છે. એથી જ માતુશ્રી ! આપના ચારિત્ર વિષે કોઇ અનેરી ગંધ આવી છે, તેથી જ મને ' અંતેઉર સળગાવી દેવાનો હુકમ આપી ગયા છે ! "

ચેલણા–" રાજા કાનના કાચા કહેવાય છે તે આવી રભસવૃત્તિને જ આભારી જણાય છે. ન્યાયતોલનની આ તે પદ્ધતિ

હોઇ શકે? અયોધ્યાની પ્રજા પૈકી કોઇ એકે શંકા દાખવી કે ઝટ સીતાને અરણ્યમાં હડસેલી મૂકી! નવાં બેરખા નિરખતાં જ પ્રેમી શંખરાજા ફરી બેઠા અને ગર્ભાવસ્થાના કિનારે પહોંચેલી કલાવતીને ભરજંગલમાં મોકલી અને કાંડા કપાવાનો પ્રસંગ પ્રાપ્ત થયો! સતી અંજના કે સતી નર્મદાસુંદરી આવી જ રીતે વહેમને પાત્ર બનેલી ને! શું નારીનો અવતાર એટલે એની કંઇ પ્રતિષ્ઠા જ ન મળે! શંકાનું કારણ જન્મે રાજવી હૃદયમાં અને દુઃખપરંપરા ભોગવવાની બિચારી અબળાજાતિને!! મંત્રી અભય! આ રસમ વિચિત્ર નથી જણાતી? એ તો સારું છે કે–જ્ઞાની પુરુષોએ શિયલનો–પતિવ્રતધર્મનો ઉપદેશ સચોટપણે દીધો છે અને કર્મની પ્રપંચજાળ સ્પષ્ટપણે સમજાવી છે. વળી સતીજીવનનું મહાત્મ્ય નારીહૃદયમાં એટલી હદે ઊંડું ઉતરેલ છે કે, વિપત્તિઓની ગંભીર પળોમાં–કષ્ટોની ઝડી વરસતી હોય ત્યારે પણ–પ્રમદાઓ ધૈર્ય રાખી એ સહન કર્યે જાય છે. પૂર્વકર્મને યાદ કરે છે છતાં પતિનો દોષ હરગીજ જોતી નથી. સ્ત્રીજીવનની એ ઉન્નત બાજુ છે. અબળા માટે એ ગૌરવનો વિષય છે છતાં આવું લાંબો સમય ચાલુ રહી શકશે?"

અભય–"માતુશ્રી! એની ચર્ચાનો આ સમય નથી. હું હવે રજા લઉં છું."

ચેલણા–"આજ્ઞાભંગની સલાહ હું ન જ દઇ શકું. વળી હું નિર્દોષ છું એમ જાતે જાહેર કરવું એનો કંઇ જ અર્થ નથી, છતાં મારા નિમિત્તથી મારી અન્ય બહેનોને અકારણ આપદા ઊભી થાય તે સામે મારો વિરોધ છે. મને એકલીને જ શિક્ષાપાત્ર બનાવવા મારી તને ભલામણ છે."

અભય–"માતા! આપ શું વદો છો? સૂર્યમાં અંધકારનો સંભવ હોય, કિંવા સો ટચના સુવર્ણમાં કંઇ દોષનો સદ્ભાવ

હોય તો જ ચેટકભૂપની પુત્રીમાં-પ્રભુશ્રી વીરની ચુસ્ત શ્રાવિકામાં કલંકનું સ્થાન કલ્પાય. ”

ચેલણા–“તો પછી **‘आज्ञाभंगो नरेंद्राणा–मशस्त्रवधमुच्यते’** એ નીતિકારના વચનનું કેમ થશે? તારા શિરે ધર્મ કરતાં ઘાહ તો નહીં આવી પડે ને? ભાઇ! વિચારીને પગલું ભરજે.”

અભય–“ **बुद्धिर्यस्य बलं तस्य** ’ એ વાકય પર માજી! મને પૂર્ણ ભરોસો છે, આપ તે માટે બેફીકર રહો. મનમાંથી ચિંતા કાઢી નાંખો. ”

ત્યાંથી બહાર નીકળી મંત્રીશ્વર અભયે અગમબુદ્ધિ વાપરી તરત જ એક તરકીબ રચી કાઢી. એ યુક્તિ એવી હતી કે ‘સાપ મરે નહીં ને લાકડી ભાંગે નહીં.’ કોઇનો જીવ જાય નહીં ને આજ્ઞા પાળી કહેવાય. અંત:પુરની આસપાસના કેટલાક ઘાસ આદિ સામાન ભરવાના ઝુંપડા સાફ કરાવી, સળગાવી દેવડાવ્યા. અગ્નિ જવાળાઓ ઊંચે ફેલાવા માંડી એટલે મંત્રીશ્વરે સમવસરણ પ્રતિ પગ માંડ્યા. સ્નેહ, પ્રેમ અને વહેમ તથા મૃત્યુ કેવા વિચિત્ર પ્રસંગો છે? સંધ્યાના રંગોમાં જોતજોતામાં કેવું પરિવર્તન થયા કરે છે? આખરે સર્વત્ર નશ્વરતા જ દૃષ્ટિપથમાં આવે છે. એ વિચારમાળામાં માર્ગ કાપતા મંત્રીશ્વરને મહારાજા શ્રેણિકનો એકાએક ભેટો થયો.

ગુસ્સાના અતિરેકથી દોડેલા, ચેલણાને પેલા વાકય–ઉચ્ચારણથી વ્યભિચારિણી કલ્પી અંત:પુર બાળવાનું ફરમાન આપી ગયેલા શ્રેણિકરાજ જ્યાં શ્રી મહાવીર ભગવાન પાસે આવ્યા ત્યાં અંતર એકાએક શાંત થઇ ગયું. કષાયનો અગ્નિ શમી ગયો. વાતાવરણની શીતળતા જોર કરવા લાગી. સહસા સવાલ નીકળ્યો કે:—

“ ભગવન! ચેલણા સતી કે અસતી? ”

" રાજન્ ! ચેટકરાજની સાતે તનયાઓ સતીઓ જ છે. " એમ કહી તરત જ શંકાનું નિરસન કર્યું.

આ શ્રવણ કરતાં જ રાજવીને પોતાની આજ્ઞા માટે પશ્ચાત્તાપ થયો. પોતે ભરેલા ઉતાવળિયા ને અયોગ્ય પગલાં માટે દારુણ દુઃખ થયું. તક સાધી સમવસરણની બહાર આવ્યા અને આગ સર્વને ભસ્મીભૂત કરી નાખે તે પૂર્વે નગરમાં પહોંચી જવા પૂરપાટ ગાડી દોડાવી. માર્ગમાં જ અભયને જોતાં પોકારી ઊઠ્યા–" કેમ શું કર્યું ? " તરત જ નમ્ર વાણીમાં જવાબ મળ્યો. "મહારાજની આજ્ઞાનું પાલન કરી ચાલ્યો આવું છું. જુઓ ! પેલી જ્વાળાઓ દેખાય."

આટલું સાંભળતાં જ શ્રેણિકનૃપ દુઃખી ને હતાશ બની તાડુક્યા " જા, જા, મૂર્ખ ! મને તારું મુખ ન બતાવીશ. જરા તો બુદ્ધિ વાપરવી હતી ! " એટલું કહી ભૂપે ગાડી નગર તરફ અતિવેગે દોડાવી. અભયના હૃદયમાં તો ઠંડક જ હતી એટલે એ તો વૈભારગિરિના માર્ગે આગળ વધ્યો. મનમાં ' જા જા ' નું વાક્ય ગુંજી રહ્યું. તરત જ વિચારશ્રેણિ વૃદ્ધિંગત થઈ. પૂર્વે પિતાએ કહેલું કે " જ્યારે ' જા જા ' કહું ત્યારે તારે દીક્ષા લેવા જવું " એ વાત સ્મૃતિપટમાં તાજી થઈ. એ સાથે જ પૂજનવેળાનો અપૂર્વભાવ યાદ આવ્યો. વિધિએ મેળવેલ ' યોગ ' દૃષ્ટિ સન્મુખ ખડો થયો. તરત જ તકનો લાભ લેવાનો નિશ્ચય કર્યો અને સત્વર શ્રીમહાવીરદેવ સમીપ પહોંચી, ટૂંકમાં સારું ય બ્યાન નિવેદન કરી પ્રવ્રજ્યા માટે માંગણી કરી. જ્ઞાની ભગવાન તો હસ્તામલકવત્ સર્વ ભાવો જોઈ રહ્યા હતા, એટલે એ માટે વિલંબનું પ્રયોજન હતું જ નહીં. ઘડી પૂર્વેના મંત્રીશ્વર અભય જોતજોતામાં અણગાર બન્યા. અંતેઉર સળગાવવાની આજ્ઞા, સાચે જ મંત્રીશ્વર અભય માટે તો સુવર્ણઘટિકા સમ નિવડી. માત્ર ઝુંપડા જ બાળવામાં આવ્યા છે અને અંતઃપુર તો સહી-સલામત છે એ નજરે જોયું ત્યારે અભયની બુદ્ધિ માટે શ્રેણિક-

રાજાને માન ઉપજ્યું. તરત જ શ્રેણિકરાજા રાણી ચેલણા આદિ પરિવાર સહિત પુનઃ પ્રભુ સમીપ જવા નીકળ્યા. દંપતી વચ્ચે રસ્તે ઘણી ઘણી વાતો થઈ. વહેમના વાદળ વિખરાઇ ગયા. પ્રીતિની ગાંઠ મજબૂત બની અને અભય જેવા પુત્ર માટે ગૌરવ પેદા થયું, પણ સમવસરણમાં આવીને જ્યાં અભયમંત્રીને સ્થાને સંસાર-બંધન ત્યજી, લોચ કરાવી નિર્ગ્રંથ થયેલા સાધુ અભયને જુએ છે ત્યાં હર્ષનો ઓટ થઇ ગયો ! ઘડીભર રાજવી સ્તબ્ધ થઇ ગયા. જમણો હાથ તૂટી ગયો એમ એમને લાગ્યું. કેમે કર્યું મન માનતું નથી. જો કે પોતે બધું સમજે છે. અભય-મુનિએ તો મિષ્ટ ભાષામાં પેલી વાત જ યાદ કરાવી. શ્રેણિક-રાજને એ પ્રસંગ યાદ આવ્યો. 'તેં મને છેતર્યો' એટલું જ બોલી શક્યા. વાંદીને પાછા વળ્યા.

અભયકુમારે સંસાર દીપાવ્યો અને આત્મશ્રેય પણ સાધ્યું. કાળ કરી સર્વાર્થસિદ્ધ વિમાને દેવ થયા અને ત્યાંથી ચ્યવી, મહાવિદેહક્ષેત્રમાં માનવભવ પામી ચારિત્ર લઇને મોક્ષે જશે.

મેઘકુમાર

रात्रिर्गमिष्यति भविष्यति सुप्रभातम् ।
भास्वानुदिष्यति हसिष्यति पंकजश्रीः ॥

"એવી રઢીઆળી પ્રભાત થતાં જ હું તો ચાલી નીકળવાનો– આ મુનિવેશ પાછો સોંપી દેવાનો. સીધો મારા મંદિરીએ પહોંચવાનો. અહા ! મારી પ્રેયસીઓને એથી કેટલો આનંદ થશે ? માતા ધારણી તો રાજીરાજી થઇ જશે. મારા નિશ્ચયમાંથી પાછા વાળવા એણે કયાં ખામી રાખી હતી ? કેટકેટલા ઉપસર્ગોની–આવી પડતાં કષ્ટોની ભૂતાવળ દેખાડી હતી, પણ મેં મૂર્ખાએ એમાંની એક પણ વાત કાને ન ધરી અને આવેશમાં આવી, એ રૂપના રાશિ સમી રામાઓના સ્નેહને તરછોડી દઇ, હિતવત્સલ માતાના આર્દ્ર વચનોને અવગણી, જેની સરખામણી અસિધારા વ્રત સાથે થાય છે એવા આ સંયમપંથને સ્વીકાર્યો અને એ ઉતાવળિયાપણાનો આ નતિજો નજરે નિહાળ્યો."

રાત્રિ ઝપાટાબંધ વહી રહી છે. ઘટિકાઓ એક પછી એક ડંકા વગાડતી ચાલી જાય છે. સંથારાપોરિસીમાં '**एगोऽहं नत्थि मे कोई**' ના છેલ્લા ચરણ ભણ્યાને બે, ત્રણ, ચાર તો શું પણ બરાબર સાત કલાક થઇ ચૂકયા છે, છતાં આંખનો કણો સરખો ભેગો થયો નથી. સંથારાપોરિસીના મધુરા આલાપ વેળા ધારેલું કે 'હાશ, હવે નિરાંતથી દેહને લંબાવી, દિવસભરના પરિશ્રમને ભૂલી જઇ, શાંત નિદ્રાનું આસ્વાદન કરશું. અરે ! પરિગ્રહનું નામ ન હોવાથી, કોઇ પદાર્થની વિચારણા કે અન્ય પ્રકારની આળપંપાળનો રંચ માત્ર સંબંધ ન હોવાથી 'ફિકરની ફાકી કરનાર ફકીર' સમ નિરાંતે ઊંઘીશું; પણ એમાંનું કંઇ બન્યું બરું ? આખી રાત શું અનુભવ્યું ? ઠલ્લામાત્રાના ગમનાગમને સાડાત્રણ હાથ ભૂમિ

પણ અણસ્પર્શી રહેવા દીધી ખરી ? હું કોણ ? મગધના સ્વામીનો વહાલસોયો પુત્ર ! રાણી ધારણીનો એકલવાયો ચિરંજીવી ! અને જેની શુશ્રૂષામાં આઠ આઠ તો લલનાઓ. વળી જેના શયનગૃહની મનોહરતા આગળ તો સ્વર્ગની શોભા પણ કંઈ વિસાતમાં નથી–એ મહાલયમાં વસનારો રાજપુત્ર મેઘ, અત્યારે ક્યાં પડ્યો છું. અરે ! આ કેવું પરિવર્તન ! જાણે માનસરોવરનો હંસલો એકાદ છીછરા ખાબોચિયાંને કાંઠે ! ક્યાં મારી એ સુંવાળી શય્યા અને ક્યાં આજનો આ કર્કશ સંથારો ? ગઈકાલનો હું સેવ્ય આજે તો સેવકની કક્ષામાં–અને તે પણ તદ્દન છેલ્લે નંબરે ! આ તો હજી પાશેરામાં પહેલી પૂણી ! નવા જીવનની પ્રથમ રાત્રિએ જ–પ્રવેશકાળની પ્રથમ ઘટિકાએ ભજવાતો આ અભિનય મારાથી શ્યે સહ્યો જાય ?

કંઈ નહીં, જાગ્યા ત્યાંથી સવાર. ક્યાં બગડી ગયું છે ? ભલેને એક રાતની ઊંઘ બગડી, ભલેને આંખ સરખી ન મળી. ફિકર નહીં એ ઉજાગરાએ પરિસ્થિતિનું ભાન તો કરાવ્યું. પ્રભુ શ્રી મહાવીરની મીઠી દેશનાએ પ્રગટાવેલ પાવક કેટલો ક્ષણસ્થાયી છે એનો ખ્યાલ તો આવ્યો. ત્યાગ પાછળના યશોગાન અને વૈરાગ્ય પાછળની લાંબી મોટી પ્રશસ્તિઓ ભલે શ્રવણ કરવામાં કર્ણપ્રિય લાગે છતાં એનો અનુભવ મને તો અરુચિકર નિવડ્યો એ નિશંસય વાત છે. સવાર થતાં જ ભગવાન વીરને સ્પષ્ટ શબ્દોમાં કહી દેવાનું કે–' નાથ ! આપનો સાધુવેશ આપશ્રીને જ મુબારક. અગણિત સુખોમાં રમનારા ' મેઘ ' ને એ ન ખપે. આખી રાત્રિ કેવળ ચિંતામાં ગાળી. પાસું વાળી જરા સૂવાનું પણ ન મળ્યું, પણ એ રોજનો ક્રમ કોટે વળગાડવાની મારી ઈચ્છા હવે નથી.'

વિચારવાયુની ગતિ જ ફેરવાઈ ગઈ. ' સંયમ પંથ અકારો ' જાણનાર, 'વ્રત છે ખાંડાની ધાર' એમ માનનાર મેઘ આજે એકા-એક નજીવા કષ્ટથી ઊલટા વિચારે ચડી ગયો. એની દૃષ્ટિ સન્મુખ સંસારના છીછરા સુખો–સરવાળે જેમાં સારનું નામ માત્ર નથી

એવા વિષયવિલાસો–પહાડ જેવા મોટા દેખાયા. એની સાંકળ-ગૂંથણીમાં શ્રેણિકપુત્ર મુગ્ધ બન્યો. આગલે દિવસે જે ઉછરંગ-પૂર્વક દીક્ષા સ્વીકારી હતી એ વાત તદ્દન વિસરી ગયો.

'રાઇપ્રતિક્રમણ' નો સમય ન સૂચવાયો હોત તો એની મનોરથમાળા કેટલાયે મણકા વધુ ઓળંગી ગઇ હોત. આવશ્યક વિધાનમાં રજોહરણ ને મુહપત્તિ પોતપોતાનો ભાગ ભજવતા હતા. સ્થવિરો નવદીક્ષિતને યોગ્ય સૂચન કર્યે જતા, પણ એ બધું 'અચરે અચરે રામ' કરી જનારનું ધ્યાન એક જ વાતમાં પરોવાયું હતું અને તે એટલું જ કે—

પ્રાતઃકાળ થતાં જ 'લ્યો દેવ ચોખા ને મૂકો મારો છેડો' અર્થાત્ આ વેશ પાછો આપી ઘરનો માર્ગ લેવાનું. હાથે બાંધેલા કંકણને જોવાને આરસીની શી જરૂર? સર્વજ્ઞ પ્રભુ શ્રી વર્ધમાન તો કૈવલ્યદર્પણમાં સારા ય વિશ્વના ભાવ-ઉદધિના વારિમાં જેમ સતત ભરતી ઓટના પ્રકંપ ચાલુ હોય તેમ પ્રત્યેક જીવાત્માની વિચારશ્રેણીમાં સમયે સમયે થઈ રહેલાં ચળ–વિચળ પરિવર્તનો જોઇ રહ્યા હતા, ત્યાં વંદન માટે આવી રહેલ–જેના ચહેરા ઉપર આગલા દિવસની પ્રફુલ્લતાને સ્થાને ઉદાસીનતા છવાઇ ગયેલી છે એવા મેઘમુનિને જોતાં જ એના હૃદયમાં થઈ રહેલ મંથનને અને એ પરથી કરેલ નિશ્ચયને પામી ગયેલા પ્રભુ **धम्मसारहीणं** એ વિશેષણ સાર્થક કરવાની પળ ઉપસ્થિત થયેલી જોતાં જ મધુર વાણીએ મુનિમેઘ મુખ ઊઘાડી કંઇ કહે તે પૂર્વે જ બોલ્યાઃ

"રાજકુમાર! ઘરે પાછા ફરવાનું ચિંતવન તને ન છાજે. એમાં ત્યાગીજીવનમાંથી પતન તો છે જ અને એક સાચા ક્ષત્રિયને કદીપણ શોભે નહીં એવી કાયરતા પણ છે. જો સંસાર-ના એ વિલાસો ખરેખર સાચા જ–કલ્યાણકારી હોત તો પછી અમે શા સારુ એને તિલાંજલી આપત? 'રાજ્યને અંતે નરક'

જેવી ઉક્તિ શા કારણે જન્મ પામત ? શા સારુ અરણ્યવાસ પસંદ કરાત ? મહાનુભાવ ! તેં ખરેખર દુર્ધ્યાનમાં નિશાના કલાકો વ્યતીત કર્યા છે. સાધુજીવનને અનુરૂપ એ વિચારણા ન ગણાય. કષ્ટોની સામે જવું અને હસ્તે મુખડે સમભાવપૂર્વક એ સહેવા. એને સારુ તો આગાર ત્યજી અણગાર બનવાનું. એ ખાતર અંગનાની પ્રીતિ, વિષયવાસના અને પૌદ્ગલિક સુખોની ઇચ્છા તદ્દન વિસારી મૂકવાની. એની સ્મૃતિ સરખી પણ ન ઘટે. ત્યાં તારા સરખા રાજપુત્રને એ યાદ આવે. અરે ! એ એટલી હદે દબાણ કરે કે એની મોહિનીમાં તું અંગીકાર કરેલ પ્રતિજ્ઞાને પણ તોડવા તૈયાર થાય ! ક્ષાત્રવચન કે ક્ષાત્રવટનું ગૌરવ પણ ખીંતીએ લટકાવી દેવા તૈયાર થાય ! અને તે પણ સંસારના છીછરા વિલાસોને કારણે ? ક્ષણજીવી સુખોને માટે ? જરા ઊંડા ઊતરી વિચાર્યું છે ખરું કે જેને તેં સુખો કલ્પ્યા છે તે સાચે જ સુખો છે ? એનાથી કેવલ સુખ જ મળે છે ? શું એ શાશ્વત છે ? આત્મસાક્ષાત્કારને પંથે પળી ચૂકેલ ઓ મેઘ ! જરા બારિકાઇથી વિચાર. બાહ્યભાવ ત્યાગી અંતરદૃષ્ટિથી અવલોકન કર. જેમાં તને સુખનો ભ્રમ થાય છે એમાં સરવાળે અગાધ દુઃખ સિવાય કંઇ જ નથી. કર્મરાજે ગોઠવેલા એ માત્ર પાસલાઓ છે. મુગ્ધ જીવો એમાં ફસાય છે, રાચેમાચે છે અને જોતજોતામાં માનવભવ હારી જઇ ચોરાશીના ચક્કરમાં હડસેલાય છે. સાચું સુખ કર્મબંધન તોડવામાં છે. આત્મા અને દેહનો સંબંધ યથાર્થ વિચારાય તો એની કુંચી હાથ આવે. સંયમ એ અર્થે યોજાયેલી એક માત્ર ભૂમિકા છે.

તને જે કષ્ટ લાગ્યું એ સાચે જ કષ્ટ કહેવાય કે ? જે આત્માઓ સંસારની લાલસાને તજી દઇ ચારિત્રરૂપ મહાન્ ધર્મનું સેવન કરી રહ્યા છે એમના ગમનાગમનથી કાંઇક અકળામણ થાય, પાદરજથી સંથારો ભરાય, એ તે દુઃખ ? એમાં તે

કષ્ટ ? સમજુ આત્મા એમ માને ? નિદ્રાપ્રાપ્તિમાં એ અડચણો તો ઉપરછલી જ છે. બાકી રાજકુમાર ! સાચી મુશ્કેલી તો તેં જે જીવનપલટો કર્યો તેને આભારી છે. રોજના ક્રમથી સદંતર જુદે જ ચીલે જીવનશકટ વાળ્યું તેની આ શરૂઆત છે. એવી કેટલીએ રાત્રિઓ ઉજાગરાવાળી જવાની–એક બીજાથી સદંતર ઊલટા રાહ રહ્યા એટલે સંઘર્ષણ તો થવાનું જ, જેના પરત્વે દૃઢ પ્રીતિ હશે, ચોળમજીઠનો રંગ હશે તે જ કાયમ રહેવાનો; બીજો આપોઆપ ઓસરી જવાનો. અજ્ઞાનતાની આંધિ જ્યાં નષ્ટ થઈ કે સાચો જ્ઞાન-ભાનુ ઊગવાનો. ત્યારે જ આત્મકલ્યાણ શેમાં છે ? એ સમજાવાનું. પણ એ સ્થિતિ ઓછી જ કંઈ એકદમ લાધી જાય ? એ અર્થે ધીરજ ધરીને માર્ગ રુંધતા બળોનો સામનો કરવો જ રહ્યો. તેં વેઠ્યા એ તો કષ્ટાભાસ માત્ર છે, બાકી પરિસહો ને ઉપસર્ગો તો તેં હજુ જોયા પણ નથી. કષ્ટ દેખીને ભાગે એ તો કાયર! શૂરો તો તે જ કે જે હિંમતથી એનો સામનો કરે. '**कार्यं साधयामि वा देहं पातयामि**' એ જ વીરનો તો મુદ્રાલેખ હોય. તારો આત્મા પણ એવો જ છે. તું આજે માનવદેહમાં જે કરણીથી અસુખ અનુભવે છે એ કરતાં પણ વધારે કષ્ટકારી કરણી સ્વેચ્છાપૂર્વક પૂર્વે તિર્યંચભવમાં તું કરી ચૂકયો છું. એમાં તેં ફરજ માની હતી. સાચે એ પરમાર્થ હતો અને એ સત્કાર્યના ફળરૂપે આ માનવ અવતાર ને રાજપુત્રપણું તને પ્રાપ્ત થયું છે.

સાંભળ ! એ કાળે તું ગજરાજ હતો. ગાઢ અરણ્યમાં તારો વસવાટ, હાથણીઓના વૃંદ સહિત ભ્રમણ કરવું અને વૃક્ષના ફળ પાન તથા વહેતાં ઝરણાનાં નિર્મળ પાણી પર ગુજારો કરવો એ તારો વ્યવસાય.

એક વાર વનમાં દવ લાગ્યો. તિર્યંચ સૃષ્ટિમાં જબરો કોલા-હલ મચી રહ્યો. એ પ્રચંડ હુતાશનમાંથી બચવા સારુ ભૂખ્યા-તરસ્યા જાનવરો એક સ્થાનેથી બીજે સ્થાને ભાગવા માંડ્યા.

એમાંથી તું બચ્યો, છતાં તૃષાતુર થવાથી પાણીના સ્થાન પર દોડતાં પંકમાં ફસાયો અને કાળનો કોળિયો થયો.

પુનઃ એ જ યોનિમાં ઉપજ્યો. વાતાવરણની સ્મૃતિથી જાતિ-સ્મરણજ્ઞાન થતાં જ પૂર્વભવ દીઠો. દાવાનળનો ભયંકર પ્રકોપ ધ્યાનમાં આવ્યો. એવો પ્રસંગ આવે તે પૂર્વે પાણી પહેલાં 'પાળ' બાંધવારૂપ તેં એક મોટું માંડલું તૈયાર કર્યું. ચારે તરફના વૃક્ષો ને વેલાથી એટલું તો નિરાળું એ મેદાન બનાવ્યું કે ગમે તેવો અગ્નિ પણ ત્યાં સુધી એની જ્વાળા ફેલાવી શકે જ નહીં. અલ્પકાળમાં જ દવ લાગ્યો. ઝાડપાન બળવા માંડ્યાં. તરત જ તું તારા યૂથ સાથે એ માંડલામાં આવી ભરાણો. બીજા પણ સંખ્યાબંધ જાનવરો આવી દેહરક્ષા સારુ એ સ્થાનનો લાભ લેવા લાગ્યાં. સંકડાશ વધી પડી, છતાં જીવનરક્ષાર્થે ભાગતાં ને એ તરફ આવી આશ્રય શોધતાં પશુઓની સંખ્યા ઓછી ન થઈ. તેં અરજ આવવાથી એક પગ જરા ઊંચો કર્યો ત્યાં તો એક અકળાયેલું સસલું એ સ્થાને ખડું થઈ ગયું. તારો પગ એના પર પડે તો એ તો કચરાઈ જ જાય ! પણ તેં દયાના ઉમદા ગુણથી પગ ઊંચો રાખ્યો. તારા આશ્રયે આવેલ એ જીવનું રક્ષણ કર્યું. લગભગ ત્રણ દિવસે દાવાનળ શમ્યો ને પશુઓ બધા સ્વસ્થાને ગયા ત્યાં સુધી એવી સ્થિતિ રહી, એટલે લોહી ગંડાઈ જવાથી પગ હેઠો મૂકાય તેવું ન જ રહ્યું તેથી ભૂમિ પર પડી ગયો. એની પીડા પણ વધી પડી, છતાં તારા પરિણામ કરુણામય જ રહ્યા. પરોપકારના કાર્યથી તારો આત્મા પ્રફુલ્લિત જ રહ્યો. એ શુભ ભાવમાં જ તું પંચત્વ પામ્યો.

સસલાની દયા ચિંતવનાર, અરે ! તિર્યંચયોનિમાં પણ એ માટે અપાર કષ્ટ અનુભવનાર ઓ મેઘ ! તું આજે મનુષ્ય અવતારમાં માત્ર મુનિઓના અવરજવરની કીલામણાથી નાહિંમત થાય છે ? વળી એ ચરણરજ પણ કોની ? જેઓએ ત્યાગજીવનની મનોરમ્ય

ભૂમિકામાં તારી પૂર્વે પાદસંચાર કર્યો છે એવા પવિત્ર સંતોની જ ને ? સંભાર, સંભાર, તારા પૂર્વ જીવનને.”

સર્વજ્ઞની વાણીનો એક શબ્દ જીવનપરિવર્તન કરવા સમર્થ છે ત્યાં આ તો પૂર્વભવનું આખું વર્ણન. મેઘકુમારના મનમાં મંથન આરંભાયું અને જોત-જોતામાં જાતિસ્મરણજ્ઞાન થયું. પ્રભુ શ્રી મહાવીરે જે કહી સંભળાવ્યું એ એણે પ્રત્યક્ષ દીઠું.

બસ, વિચારમાળાના મણકા ફરી ગયા. રમણીય આવાસ, કમનીય યુવતીઓ અને સુંદર શય્યા કાયમને માટે અદૃશ્ય થઈ ગયા. કારમા સગપણમાં પાછા ફરવાની વૃત્તિ પૂર્વજીવનની સ્મૃતિથી પલાયન કરી ગઈ. ભગવાને કહ્યું તેવું જ વિષયોનું સ્વરૂપ અંતરમાં સચોટ જડાઈ ગયું. ઘેર પાછા ફરવામાં ચોખી કાયરતા દૃષ્ટિગોચર થઈ. અરે ! વમન કરેલ પદાર્થ પુનઃ આરોગવા જેવી વિલક્ષણ ને ઘૃણાજનક વાત લાગી. કોઈ પણ હિસાબે ધારણ કરેલ નબળાઈને ત્યજી દઈ પુનઃ વધુ વીરતાથી સંયમપંથ ઉજાળવાનો નિરધાર કર્યો.

અશુભ ચિંતવન માટે આલોયણ લઈ, પ્રભુસાક્ષીએ ઘોર પ્રતિજ્ઞા લીધી કે-‘બે ચક્ષુઓ છોડી સારીએ દેહલતા મુનિ-વૈયાવચ્ચના કાર્યમાં અર્પણ કરું છું અર્થાત્ ચારિત્રપાલનમાં અતિ આવશ્યક નેત્રયુગલની રક્ષાપૂર્વક, ગમે તેટલું કષ્ટ પડે તો પણ સેવાના પ્રત્યેક ક્ષેત્રમાં ચાહોમ કરીને હું ઝુકાવીશ.’

આમ મેઘમુનિએ પુનઃ જીવનમાં અનેરો પલટો આણ્યો. પતનના કિનારેથી-સ્ખલનની આરિક ક્ષણમાંથી શ્રીવીરવચને જીવન-જહાજને નિર્ધારિત રાહે વાળ્યું. મેઘકુમારે આત્મકલ્યાણ સાધ્યું અને પૃથ્વીતળ પર વિચરી ધર્મપ્રભાવના વિસ્તારી. પ્રાંતે અનશનવડે કાળધર્મ પામી **વિજય** નામના પ્રથમ અનુત્તર વિમાનમાં દેવ થયા. ત્યાંથી ચ્યવી, મહાવિદેહક્ષેત્રમાં મનુષ્ય થઈ, ચારિત્ર લઈને મોક્ષે જશે.

હલ્લ અને વિહલ્લ

પૂર્વે આપણે શાલ-મહાશાલ નામના બંધુયુગ્મનું જીવન વાંચી ગયા છીએ. આજે એવી જ એક બીજી બેલડીની કથા નિહાળવાનો પ્રસંગ લાધ્યો છે. જૈન કથાસાહિત્યમાં જાતજાતની બેલડીઓ ઉપલબ્ધ થાય છે; અને એ બેલડીએ ગુંથાએલા જીવન-સૂત્રો સાથે જ અવલોકી શકાય તેવા હોય છે.

આ જોડલીએ મગધનો ઇતિહાસ રચવામાં કેવો ભાગ ભજવ્યો છે અગર તો મહારાજા શ્રેણિકને કેવા પ્રકારની સહાય આપી છે એ સંબંધમાં ઉપલબ્ધ થતાં સાહિત્યમાં કંઈ જ સંભળાતું નથી એમ કહીએ તો પણ ચાલે.

અભય કે અજાતશત્રુ (કૂણિક) જેવા રાજપુત્રોએ જેમ 'બાપ કરતાં બેટા સવાઇ' જેવા કાર્યોથી ઇતિહાસના પાના શોભાવ્યા છે તેમ આ રાજપુત્રો માટે બન્યું નથી. વળી પ્રાસંગિક નોંધોનો જે લાભ મેઘકુમાર કે નંદીષેણને પ્રાપ્ત થયો છે એવું પણ આ ભ્રાતાયુગલના ભાગ્યમાં નથી નોંધાયું. રાજવી કોણિકે એકાદ કારણને જન્મ આપ્યો ન હોત તો આ ભાઇઓના જીવન શ્રેણિક-ભૂપાળના અન્ય પુત્રો સમાન કદાચ અજ્ઞાત પણ રહેત.

જગત-બાગમાં વિકસેલા, વાડીમાં ખીલેલા કિંવા કરતલને શોભાવતા રંગબેરંગી કેટલાક સુવાસિત પુષ્પોની નોંધ લેવાય છે, છતાં એવાં કેટલાયે પુષ્પો અરણ્યના અંધારા ભાગમાં પ્રતિદિન ખીલીને કરમાઇ જતાં હશે એની નોંધ કયાં મળે છે? વિશાળ જગતમાં એવું તો ઘણું ય અણનોંધાયું રહી જાય છે.

આ હલ્લ-વિહલ્લ કુમારો તદ્દન છૂપા નથી રહ્યા, જો કે શાલ-મહાશાલની માફક એમના જીવનનો સાર મુઠીમાં સમાય તેમ

છે છતાં તેઓ એવા એક ભીષણ સંગ્રામના નિમિત્ત બન્યા છે કે જે બ્યાન થોડીક લીંટીઓ માગે છે.

જૈન જનતાએ શ્રેણિકભૂપને પાંજરામાં પૂરવાના પ્રસંગની તેમ જ રાણી ચેલણાનો પ્રથમ પુત્ર કોણિક રાજગાદીએ આવ્યા સંબંધની વિસ્તૃત યાદદાસ્ત તાજી કરાવવાની જરૂર ન જ હોય. સંબ્યાબંધ શત્રુઓને પરાસ્ત કરી કોણિકે અજાતશત્રુનું બિરુદ મેળવ્યું હતું એ તો પ્રસિદ્ધ વાત છે.

હલ્લ-વિહલ્લને જે નિમિત્ત સાથે સંબંધ છે તે બન્યું ત્યારે શ્રેણિકરાજ આ ધરતી પર નહોતા. અજાતશત્રુની હાક સર્વત્ર એટલા જોરથી વાગતી હતી કે ભલભલા પરાક્રમીઓ અને મૂછ પર લીંબુ ઠેરવનારા રાવરાણાઓ પણ એની સાથે વૈરભાવ બાંધતાં થરથરતા-એનો હોકારો થતાં નમી પડતા.

કોણિક માફક હલ્લ-વિહલ્લ પણ શ્રેણિક-ચેલણાના લાડીલા સંતાન હોવાથી તેમને ફાળે હાર વિગેરે દેવી ચીજો આવેલી. કોણિકની પટરાણી પદ્માવતીના જોવામાં એ આવતાં જ એના મનમાં એ પ્રાપ્ત કરવાની જિજ્ઞાસા ઉદ્ભવી. વાત અજાતશત્રુના કર્ણ સુધી પહોંચી. પ્રેયસીની ઇચ્છાપૂર્તિ સારુ રાજવીએ ન્યાય અન્યાય જોયા સિવાય પોતાના બાંધવો ઉપર દિવ્ય હાર અને સેચનક હાથી આપી દેવાનો જહાંગિરી હુકમ છોડ્યો. હલ્લ-વિહલ્લને પાના-પુસ્તકે ચઢાવનાર એ નજીવો ને નાનકડો પ્રસંગ.

હલ્લ-વિહલ્લને બાપિકો વારસો છોડવો ન જ ગમે. વળી તેમનું ક્ષાત્રતેજ પણ કટાઇ ગયું નહોતું, છતાં મગધના સ્વામી સામે માથું ઉચકવું એ કંઈ બચ્ચાના ખેલ નહોતા એ તેઓ સારી રીતે સમજતા, એટલે તેઓ રાતોરાત જે કંઇ સાથે લેવા જેવો સરપ્ર સામાન હતો તે સર્વ લઇ, પોતાના કુટુંબ સહિત, સેચનક હાથી પર સ્વાર થઇને ભાગ્યા. તાતા તીર જેવા ને અણનમ સ્વભાવના

અજાતશત્રુ રાજાની આજ્ઞાભંગ સામે તેઓને જો કોઇ પણ શરણ આપે તેમ હોય તો તે લચ્છકી ને મલ્લકી જાતિના ગણરાજના અગ્રણી અને વિશાલાના પ્રભાવશાળી ભૂપ માતામહ **ચેટક** જણાયા.

એ કાળ એવો તો વિષમ હતો કે રાજગૃહીના અવનીપતિના ફરમાન પરત્વે ન તો ચૂંચા કરી શકાય કે ન તો એમાં રહેલ સત્યાસત્યની છણાવટ કરી શકાય. વળી એ સાથે રાજ્યના ગુન્હેગારને સંઘરવો એ પણ કંઇ જેવું તેવું જોખમ નહોતું. કયાં તો શરણાગતને સોંપી દેવાની હાકલ પડે ને એનો નકારો કહેતાં તરત જ સમરાંગણ ખેલવાના નોતરાં આવે. બળિયા સાથે બાથ ભીડવી એટલે સર્વનાશ !

ક્ષત્રિયનો એ પણ ધર્મ કે શરણે આવેલને પાછો સોંપાય નહીં. શિર જાય તે બ્હેતર પણ શરણાગતને ઊની આંચ પણ ન આવવા દેવાય. ઇતિહાસે ક્ષાત્રવટની એવી એવી તો કેટલીય પ્રશસ્તિઓ સંઘરેલી છે. એ વાંચતા રૂંવાડા ખડા થાય છે.

ચેડા રાજાના વ્હાલસોયા ઉપનામથી સંબોધાતાં વૈશાલીપતિને એ બધાનું પૂર્ણ જ્ઞાન હતું. શરણે આવેલાને આશ્રય આપવો એ જ જ્યાં ધર્મ હોય ત્યાં પછી ભાવી સંકટના વિચારને અવકાશ કેટલો ? એમાં અહીં તો શરણે આવનાર અન્ય કોઇ નહીં પણ પોતાની દીકરીના જ દીકરા.

જ્યારે કોણિકે સાંભળ્યું કે પોતાની આંખમાં ધૂળ નાંખી લઘુબંધુઓ વિશાલા વિદાય થઈ ગયા છે ને માતામહ ચેટકે તેમને આશ્રય પણ આપ્યો છે ત્યારે તેનો ગુસ્સો મર્યાદાના વર્તુળને કૂદાવી ગયો. ઠપકાભરી વાણીમાં ગુન્હેગારોને સોંપી દેવા સારુ સત્વર દૂત મોકલાયો અને જ્યારે એ નકાર સાથે પાછો ફર્યો ત્યારે તો અજાતશત્રુને એ અપમાન એટલું તો અસહ્ય લાગ્યું કે જાણે એની અમાપ ગરમીથી એના પ્રત્યેક ગાત્રો બળવા લાગ્યા.

ચાલુ અવસર્પિણી કાળનું જે મહાભયંકર ને અતિ દારુણ યુદ્ધ કહેવાય છે તેનો સમારંભ હલ્લ-વિહલ્લના નિમિત્તથી મંડાયેા. એમાં સંખ્યાબંધ જીવોનો કચ્ચરઘાણ નીકળી ગયેા. લેાહીની સરિતાએા વહી. વિશાલા જેવી મહાન્ ને પ્રાચીન પુરીનું આખરે પતન થયું. એ ઇતિહાસ લાંબેા છે. ચાલુ કથાનક સાથે એનેા ખાસ સંબંધ પણ લેખાય તેથી જ એના કાંઠે કાંઠે ચાલી મૂળ તરફ વળીએ.

એ ભયાનક યાદવાસ્થળીમાં આ બેલડીએ શૂરાતન દાખવવામાં પાછી પાની ન કરી. પેાતાના જ કારણે આ યુદ્ધ-જ્વાળા પ્રગટી છે એનેા પૂર્ણ ખ્યાલ રાખી તેઓએ માત્ર દિવસના જ નહીં પણ રાત્રિના સમયનેા લાભ લઇ, સેચનક હાથી પર સ્વાર થઇ, શત્રુવાસમાં જવા માંડયું અને અસાવધતાનેા લાભ મેળવી ઘણી ખુવારી કરવા માંડી. નિશાકાળના અંધારામાં અણધારી રીતે બનતા આ રેાજના બનાવે કેાણિકને વિચાર-વિવશ કરી મૂકયેા. કેટલા ય દિવસેા એના કારણની શેાધ પાછળ વ્યતીત થયા, છતાં આ અદૃશ્ય પંથનેા ઉકેલ ન આણી શકાયેા. આખરે ખરી ખબર મળતાં બચાવ અર્થે તેના માર્ગમાં ખાઇ ખેાદાવીને તેમાં ખેરના અંગારા ભરાવ્યા કે જેથી તેને ઉલ્લંઘીને કેાઇ નજીક આવી ન શકે. ખાઇને ઉપરથી ઢાંકી દીધી.

રેાજના ક્રમથી ટેવાયેલા અને શત્રુઓના સંહારમાં દત્તચિત્ત બનેલા બંધુયુગલને આ વાતનેા સ્વપ્ને પણ ખ્યાલ કયાંથી હેાઇ શકે? છતાં દક્ષ હસ્તિ વિજ્ઞાનવડે ઢાંકી દીધેલી ખાઇનું સ્વરૂપ પારખી ગયેા. રેાજ જે પળમાત્રમાં શત્રુસૈન્યમાં ઘુસી જતેા એ કુંજર આજે ખાઇથી થેાડે દૂર અટકયેા. એને આગળ ગતિ કરાવવામાં મહાવતના કઠેાર વચનેા અને અંકુશના પ્રહારેા નિષ્ફળ નીવડ્યા. એ જોઇ હલ્લ-વિહલ્લના મુખમાંથી શબ્દેા

સરી પડ્યા કે–'ઓ માતંગ! અમારું નિમક ખાઈ ઉછરેલ! શું તું પણ આજે અમારી આ સ્થિતિ જોઇ નિમકહરામ થાય છે?'

ચાનકદૃષ્ટિવાળા ગજથી આ ઉપાલંભ ન સાંખી શકાણો તેથી જોરપૂર્વક પોતાની પીઠ પરથી હલ્લ-વિહલ્લને ઊતારી દઇને અંગારાભરેલી ખાઈમાં તે કૂદી પડ્યો. જોતજોતામાં બળીને ભસ્મ થઇ ગયો. ત્યારે જ આ ભાઇઓને હાથીના ડહાપણ વિષે યથાર્થ ખ્યાલ આવ્યો. પોતાની બુદ્ધિ તિર્યંચ કરતાં પણ અદ્દતર બની અને પોતાના કારણે આજે હસ્તિ મરણ પામ્યો એ વિચારતાં તેમ જ અનેક મનુષ્યોના વિનાશનો વિચાર કરતાં તેમને ગ્લાનિ ઉદ્ભવી. તેમ જ માતામહનો માર્ગ નિષ્કંટક કરવા વૃત્તિ જન્મી. અત્યારસુધીનો વૈરનો તીવ્ર અગ્નિ વૈરાગ્યના શીતળ જળમાં પલટાઇ ગયો. સંસારની વિચિત્રતા, કિલષ્ટતા અને માયા–પાશ કેટલું કારમું દૃશ્ય ખડું કરે છે તેનું આબેહૂબ ચિત્ર નજર સામે તરવરવા લાગ્યું. ક્ષાત્રતેજ તો હતું પણ તેનો દુરુપયોગ કરવાને બદલે તેને આત્મકલ્યાણના હિતકર માર્ગે વાળવાનો બંધુબેલડીએ માનસિક નિર્ણય કર્યો. ભાગ્યવાન પુરુષને તરત જ માનસિક વિચારની સિદ્ધિના સાધન સાંપડે છે, તેની માફક સમિપવર્તી દેવે ઉભય બંધુઓને શ્રી મહાવીર દેવનું સાનિધ્ય મેળવી આપ્યું–પ્રભુ પાસે મૂકી દીધા. તરત જ શ્રી વીરપ્રભુની ઉપદેશામૃત વર્ષાથી તેમણે નવજીવન પ્રાપ્ત કર્યું. ભાગવતી દીક્ષા સ્વીકારી અને શુદ્ધ સંયમ પાળી સર્વાર્થસિદ્ધ વિમાન સંબંધી દિવ્ય દેવસુખના ભોક્તા થયા.



નંદિષેણ

એકાએક કુલપતિની સરદારી હેઠલ તાપસવૃંદને રાજદરબારમાં વિહ્વળદશામાં ગ્લાનિભર્યા ચહેરે પ્રવેશતું જોતાં જ કુમાર નંદિષેણ મહેલના પગથિયા ઊતરીને નીચે આવ્યો. આજે તે યૌવનના આંગણે આવી ચૂકેલ છતાં સંસારના વિલાસો કે યુવાનીસુલભ રંગરાગ એને આકર્ષી શકયા નહોતા. નજર સામે પોતાના જ બંધુઓને વિવિધ મોજ ઊડાવતા જોતાં છતાં એનું મન કુદરતી રીતે તેનાથી અલિપ્ત રહેતું. સાંસારિક બાબતોમાં લગભગ એ કમળપુષ્પવત્ નિરાળો જ રહેતો. સંસારની ઉપાધિને લાત મારી જેઓ અરણ્યવાસમાં જીવન ગાળવા કટિબદ્ધ થયા હતા એવા નિર્ગ્રંથ, સંત કે તાપસ પ્રતિ તેને બહુમાન પેદા થતું. એમાંનો એકાદ નજરે ચડતાં જ તે તેમના પગ ચુમવા પહોંચી જતો.

પિતાશ્રી શ્રેણિક પાસે ઘણી ય વાર તેને તાપસ, મહંત કે ભિક્ષુકને આવતાં જોયેલા, તેઓની માંગણી સંતોષવામાં જવલ્લે જ નૃપ આનાકાની કરતા, એ પણ એની ધ્યાન બહાર નહોતું. પ્રભુ શ્રી મહાવીરદેવની સ્થિરતા રાજગૃહીમાં હોય ત્યારે રાજવી દરરોજ રાજરસાલા સહિત વંદન અર્થે જતા, એ પણ જોયેલું અને અનુભવેલું નિર્ગ્રંથ પ્રત્યેની દૃઢ ભક્તિમાં ભૂપ શ્રેણિક સાથે કોઇક જ બરાબરી કરી શકે એવું પોતે માનતો. ચાહે તો આ વારસામાં મળેલા સંસ્કારની અસરથી કે ચાહે તો અન્ય કોઈ અગમ પ્રેરણાથી–ગમે તે કારણથી ત્યાગીના વેશ પ્રતિ તેને અતિશય પ્રેમ હતો. હજુ તે અણગાર અને મઠધારી વચ્ચેના તફાવત શું શું હોઈ શકે એ પારખી શકયો નહોતો. બારિકાઇથી એ જોવાનો પરિશ્રમ પણ નહોતો સેવ્યો, એમ કહેવામાં કશું ખોટું નથી.

કુલપતિ સહ તાપસનું આવું મોટું વૃંદ આમ રાજદરબારમાં દાખલ થવાનો આ પ્રથમ જ પ્રસંગ હતો. કોઈ ગંભીર બનાવ બન્યાની એથી આગાહી થઇ. ઘડીભર મનમાં તરંગ પણ ઊઠ્યો કે 'આ નિઃસ્પૃહીઓ શા કારણે આમ વિહ્વળ બન્યા હશે?' તરત જ ટોળાની પાછળ ખેંચાઈ રહેલા એક તાપસકુમારને બાજુ પર સ્નેહપૂર્વક બોલાવી તેણે ઉત્સુકતાથી પ્રશ્ન કર્યો:

"હે તપોધન! સંસારજન્ય ઉપાધિને ઠોકરે મારનાર આપ સરખા નિરિચ્છકોને આ ગ્લાનિ શી? આ દોડધામ શી? એવી તે શી તમારી માલ-મિલકત લૂંટાણી છે?"

"રાજકુમાર! એક હાથીએ આજે અમારી વર્ષોની મહેનત પર પાણી ફેરવ્યું છે. અમારા આશ્રમોને તોડીફોડીને બેદાન-મેદાન કરી નાંખ્યા છે. લાંબા પરિશ્રમે અહર્નિશ જળસિચન કરી જે ઝાડપાન અમે ઊછેર્યાં હતાં તે સર્વનું જડમૂળથી નિકંદન કાઢ્યું છે. વસ્ત્ર-પાત્ર અને વસ્ત્રવિહુણા એવા અમે, પશુ-પંખી કરતાં પણ બરાબ હાલતમાં આવી ગયા છીએ."

રાજકુમાર આગળ કંઈ પૂછે તે પૂર્વે તો દરબારગઢમાંથી કોટવાળ અશ્વારોહી સૈનિકોની એક ટુકડી સાથે કુલપતિએ નિર્દિષ્ટ કરેલ સ્થાન તરફ ત્વરિત ગતિએ કૂચ કરી ગયો. એની પાછળ સારું ય તાપસોનું ટોળું ધીમેધીમે પાછું ફર્યું. જુવાન તાપસકુમાર પણ એમાં જોડાયો. તાપસ, સંન્યાસી, શ્રમણ કે નિર્ગ્રન્થ જેવાના જીવનો અકિંચન ને નિર્લેપ હોય, જ્યાં પરિગ્રહનું નામ પણ ન હોય ને મમતાનો સંભવ સરખો પણ ન હોય-આવા નંદિષેણે કલ્પેલા ચિત્ર સાથે આ તાપસોનું જીવન બંધબેસતું નહોતું. તાપસ-કુમારના અધૂરા વૃત્તાન્તે એ નજરે જોવાની જિજ્ઞાસા નંદિષેણના હૃદયમાં પ્રગટાવી. એકાદા હાથીના તોફાનથી આ આત્માઓ આટલા પ્રમાણમાં કેમ હતાશ થઈ ગયા એ જાણવાનું કુતૂહળ પણ થયું.

તરત જ સજ્જ થઇ તે પણ નીકળી પડ્યો. જોતજોતામાં પગે ચાલતાં તાપસવૃંદની લગોલગ આવી પહોંચ્યો અને પરિચિત તાપસકુમાર સાથે અધૂરી વાતના તાર મેળવવા લાગ્યો. તાપસે વાતના અનુસંધાનમાં આગળ વધતાં જણાવ્યું કે :—

" રાજપુત્ર ! કદાચ અકસ્માતથી એકાદ સામાન્ય હસ્તીનું આગમન થયું હોત ને અમારા પ્રિય આશ્રમ પર એનો પ્રકોપ ઊતર્યો હોત તો અમને એટલું દુઃખ ન થાત, એ આટલી હદે નુકશાન પણ ન કરત; પરંતુ આ તો અમારી જ નિશ્રામાં ઉછરેલ, અમારા જ સંરક્ષણથી વૃદ્ધિ પામેલ અને અમારા સહવાસમાં જ જેનો બાલ્યકાળ વ્યતીત થયેલ છે એવા એક પરિચિત માતંગનું આ ભયંકર કાર્ય છે. એ હસ્તી નાનો હતો ત્યારે અમારી સાથે વૃક્ષોનું અને ફળ–ફૂલના રોપાઓનું જળ-સિચ્ચન સુંઢમાં પાણી ભરીને કરતો. **સેચનક** એવું ગુણનિષ્પન્ન નામ અમોએ તેનું રાખેલું. અમારી સાથે એક સહચરની જેમ એ ભળી ગયેલ, જાણે રમતગમત કે વ્યવસાયનો એક સાથીદાર. આટલી મિત્રાચારી સકારણ હતી. એનો જન્મ જ અમારા આશ્રમમાં થયેલો. પાંચ સો હાથણીઓનો સ્વામી એક બળવાન યૂથપતિ હાથી હતો. એના મનમાં દીર્ઘકાળ સુધી અટવીનું સામ્રાજ્ય માણવાના કોડ હતા એટલે કોઈ પણ નરહાથીને એ જીવતો રહેવા દેતો જ નહીં. જન્મતાં જ એના ગળે ટુંપો દેવાતો અર્થાત્ જ્યાં યૂથપતિની નજરે ચડતો કે એ પિતા જ એનો યમરાજ નિવડતો. આવા ભયંકર પતિની એક પત્નીએ કેવળ અપત્યપ્રેમની વિવશતાથી ગર્ભાવસ્થા પ્રાપ્ત થતાં છળથી એની સાથે કામ લીધું. પગ ખોડંગવાનો ઢોંગ કરી, હાથણીના સમૂહથી ઇરાદાપૂર્વક પાછળ રહેવા લાગી. ધીમી ચાલે ચાલી કોઈ વાર બે દિવસે તો કોઈ વાર ચાર દિવસે સાથ ભેગી થતી. એ રીતે યૂથપતિને વિશ્વાસ પમાડી, અમારા આશ્રમમાં બચ્ચાને

જન્મ આપ્યો. એણે તો માત્ર મર્યાદિત સમયપર્યંત જ એનું લાલનપાલન કર્યું. પકડાઇ જવાની બીકે એ પુનઃ સાથ લેગી થઇ ગઇ. એ પછીની સર્વ કરણી કુલપતિના આદેશથી અને દયાના તંતુવડે ખેંચાઇ અમોએ કરી લીધી. આમ સેચનક યુવાન અવસ્થા પામ્યો. અમારી સહાય પામ્યો ન હોત તો એનું અસ્તિત્વ જ ન હોત, પણ અરે! દુનિયા નગુણી જ વધારે દેખાય છે! તેથી જ કહેવત પ્રચલિત છે કે '**ગુણનો ભાઇ દોષ.**' એ સારુ શાસ્ત્રનાં પાનાં કયાં થોડા ભર્યા છે? ગુણ પર અવગુણ કરનારાના દાખલા શોધવા જવા પડે તેમ નથી. વૈયાકરણીઓને પણ કહેવું પડયું કે 'દુષ ધાતુને ગુણ કરીએ તો દોષરૂપે પરિણમે છે.' (દુષનો ગુણ દોષ.)

એક દિવસ કોઇ કારમા ચોઘડીએ સમીપવર્તી તળાવથી પાછા ફરતાં અમારા આ પ્રિય હસ્તીએ પોતાના પિતા એવા વૃદ્ધ યૂથપતિને હાથણીઓના સમૂહમાં ડોલતો અને આનંદ માણતો જોયો. તરત જ એનો તનમનાટ પ્રકટી ઊઠ્યો. એની સામે એ ગુસ્સાના અદમ્ય આટોપથી દોડ્યો અને યુદ્ધ કરવા મંડી પડ્યો. નવા લોહી આગળ પાછલી અવસ્થાનું ઠંડું પડેલું લોહી પરચો ન બતાવી શકયું. વૃદ્ધ નાયકનો પરાભવ થયો એટલું જ નહીં પણ કેટલા ય જુવાન અર્ભકોના અકારણ કોળિયા કરાવવારૂપ મહાપાપના બદલારૂપે જોતજોતામાં એ પોતે કાળનો કોળિયો બની ગયો. હવે સેચનક પાંચ સો હાથણીઓનો સ્વામી બન્યો. વિશાળ અટવીમાં રખલના વગર પરિભ્રમણ કરવા લાગ્યો. નિરંકુશપણે સ્વચ્છંદતાથી વિહરવા લાગ્યો. પ્રાપ્ત થયેલ આ અધિકાર અને વૈભવ નવો કોઇ તરુણ ગજ છીનવી ન લઇ જાય એ ખાતર એણે પણ પિતાની માફક ચાંપતી નજર રાખવા માંડી. એની એ વિચારણામાં પોતાનું જેમ આશ્રમમાં ગુપ્તપણે રક્ષણ થયું તેવું ભવિષ્યમાં કોઇ અન્યનું ન થવા પામે એટલા સારુ

આશ્રમનું અસ્તિત્વ મીટાવી દેવાનો તેણે મનમાં નિશ્ચય કર્યો. સ્વાર્થ આગળ એ તિર્યંચ પરોપકાર ને બાળજીવન વિસરી ગયો. એકાએક દોડી આવી જબરું ધમસાણ મચાવી દીધું. એની ઘેલછાએ લીલુંસૂકું કંઈ ન જોયું ! અમારા સર્વનાશનો આ કરુણ ઇતિહાસ. હવે તમે જાણી શકશો કે અમારું દુઃખ કેવું કારમું છે ? ”

રાજપુત્ર નંદિષેણ તાપસકુમારનું વૃત્તાન્ત શ્રવણ કરી વિચારમગ્ન બની ગયો. સંસારજન્ય આધિઉપાધિથી દૂર ભાગનાર તાપસો પણ એકાદા સામાન્ય પ્રસંગમાંથી કેવી વિટંબનાના ભાજન બન્યા એ જાણી એના હૈયામાં કોઇ નૂતન તરંગો ઊઠ્યા અને એમાં એ અવગાહન કરે તે પૂર્વે જ “ રાજકુમાર ! જુઓ, જુઓ, પેલો તોફાને ચઢેલો અમારો બાળસખા સેચનક. શ્રેણિકમહારાજના અશ્વારોહીઓને પણ લેખામાં લીધા વગર પોતાનું તાંડવનૃત્ય ચાલુ રાખી રહેલ છે ! ” તાપસવૃંદમાંથી તાપસકુમારે સામે દેખાતા આશ્રમ પ્રતિ અંગુળી કરીને કહ્યું.

નંદિષેણે ચક્ષુ માંડતાં જ આશ્રમભૂમિનું ઉન્મૂલન કરી મદોન્મત્તપણે પાંચ સો હસ્તિનીઓના સમૂહમાં, જાણે ગોપીઓના વૃંદમાં શ્રીકૃષ્ણ વાસુદેવ ક્રીડા કરતા હોય એમ હૃષ્ટપુષ્ટ શરીરી, સર્વાંગસુંદર ગજરાજને મોજ માણતો જોયો. અશ્વારોહી સૈનિકોના સંખ્યાબંધ પડકારા છતાં એ તરફ તદ્દન બેદરકાર ! જાણે એને મન તેમની રંચમાત્ર ગણના ન હોય તેમ એની ક્રીડા ચાલુ જ રહી.

વર્ષોની જહેમતે તૈયાર થયેલ સ્થળને આમ તદ્દન હાથમાંથી સરી જતું નિહાળી, કુલપતિ ગુસ્સાથી સૈનિકો પ્રતિ પોકારી ઊઠ્યા કે–“ એ સરળતાથી વશ નહીં થાય, ફેંકવા માંડો એના પર શરોનો વરસાદ ! એ શયતાન વિનાકારણ અમને ત્રાસ પમાડે છે. ભલે મૃત્યુનો મહેમાન બને ! ”

ચાહે તો તાપસમુખ્યના આહ્વાનથી કે પોતાના વૃંદમાં પડેલ કોઇ બાણથી એકાએક તે હાથી આશ્રમની બહાર આવવા દોડ્યો. એની આંખમાં લાલાશ ને ગુસ્સો સ્પષ્ટ જણાયાં. સૈનિકોને થાપ આપી કુલપતિ સહિત તાપસોનો સમુદાય જે દિશામાં ઊભો હતો ત્યાં તે ઉછળતા કદમે આવી પહોંચ્યો.

સર્વત્ર હાહાકાર મચી રહ્યો. કુલપતિનું હમણાં જ આવી બન્યું એવી ભીતિ પ્રસરી રહી, ધૂમો પડવા માંડી. ત્યાં એકાએક રાજપુત્ર નંદિષેણ સામે જતો દેખાયો. એણે પડકાર કર્યોઃ—

" સેચનક ! ઉપકારનો આ બદલો ? "

" ગાંડો બનેલ હાથી તાપસગણમાં કાંઈ નુકશાન કરશે. અરે ! દોડો, દોડો, રાજકુમાર એની સામે જાય છે. જોતજોતામાં એમના પ્રાણ પણ એ લઇ લેશે ! " એવા અવાજો કરતાં સૈનિકો સંગઠન કરીને આવે તે પૂર્વે સેચનકની આકૃતિ જ જાણે ફેરવાઇ ગઇ. ઉન્મત્તતા નષ્ટ પામી ગઇ.

નંદિષેણના સામે ચક્ષુ માંડતાં જ એ સ્તબ્ધ બન્યો. એકાએક અટકી ગયો. કોઇ જૂની સ્મૃતિ તાજી થઇ હોય તેવી એની ચેષ્ટા થઇ રહી. નંદિષેણના વ્યક્તિત્વમાં કોઈ જૂની પ્રતીતિની એને પિછાન થઇ. પરિણામ જુદું જ આવ્યું. સુંઢ નમાવી જાણે એક પાળેલો શ્વાન હોય તેમ રાજપુત્રની સામે એ ઊભો રહ્યો. નંદિષેણે સુંઢનો આશ્રય લઇ, તેની પીઠ પર ચઢી બેસી, અંકુશ હાથમાં પકડી એને નગરીના માર્ગે વાળ્યો.

જરા પણ રોકટોક વગર સેચનક, કુમાર નંદિષેણનો દોરવ્યો રાજગઢમાં આવી સ્વેચ્છાએ બંધનમાં પડ્યો. કોઇ અનેરા વહાલથી નંદિષેણને એ જોવા લાગ્યો. આમ વિઘ્ન અણધારી રીતે વેરાઇ ગયું. અલ્પ સમયમાં સેચનક રાજવીનો પટ્ટહસ્તી બન્યો.

નંદિષેણ સાથે સેચનકને વાત્સલ્ય કયાંથી ઉભરાઇ આવ્યું ? એ કેાયડો વર્ષો સુધી અણઊકલ્યેા રહ્યો.

એકદા ભગવાન શ્રી મહાવીરદેવનાં પગલાં રાજગૃહીમાં થયાં. વનપાળે આવીને સમાચાર કહ્યા. તરત જ આડંબર સહિત વંદનાર્થે જવાનેા આદેશ અપાયેા. પટ્ટહસ્તી સેચનક પર અંબાડી નંખાઇ. એ પર બેઠક લેતાં જ શ્રેણિક મહારાજની સ્મૃતિ સતેજ થઈ. સેચનક ને નંદિષેણના સંબંધમાં પ્રભુને પૃચ્છા કરવાનેા સંકલ્પ કર્યેા.

પરમાત્માનું સમવસરણ એટલે જિજ્ઞાસુ હૃદયેાને શંકાના સમાધાન કરવાનું, અપૂર્વ આત્મકલ્યાણકારી વાણી શ્રવણ કરવાનું અભંગદ્વારવાળું વિશાળ સ્થાન. એની રચના દેવેાદ્વારા થતી હેાવાથી એમાં સુવર્ણ કે મણિરત્નની સંભારભરણી હેાય તેમાં શી નવાઇ ! જેમનાથી ઊંચેા કેાઇ અધિકાર નથી એવા ત્રણ જગતના નાથ અર્હન્ત–તીર્થંકરને સિંહાસન પર બેસી, દેશના-વારિની અમૃતવર્ષા વરસાવવા સારુ સગવડભર્યું થઈ પડે તેવી એની કરામત હેાય છે.

ઘણે દૂરથી નજરે પડે એવા ત્રણ ગઢની રચનાવાળું ને સંજ્ઞાણંધ આત્માઓ પરસ્પરની અથડામણ વિના સરલતાથી બેસી શાંતચિત્તે ઉપદેશનું પાન કરી શકે તેવી ગેાઠવણવાળું આ વ્યાસપીઠ અપૂર્વ દેખાય છે. અનુભવનેા એકાદ પ્રસંગ લાધે એવી ભાવના કેાને ન હેાય ? તેથી જ મુનિ ઉદયરત્ને ગાયું છે કે—

સમવસરણમાં બેસીને, જિનવરની રે વાણી,
સાંભળશું સાચે મને, પરમારથ જાણી.
તે દિન કયારે આવશે ?

ચારે તરફ પર્ષદા ભરાય, એમાં ચારે પ્રકારના દેવ–દેવીઓ, નર–નારીઓ, સાધુ–સાધ્વીઓ તેા હેાય જ. પર્ષદાના એ બાર પ્રકાર કહ્યા છે. ઉપરાંત તિર્યંચેા પણ આવે. તેઓ બીજા ગઢમાં

રહી પ્રભુ જે કાંઇ બોલે તે સ્વભાષામાં સમજી શકે એવી જિન-વાણીની અદ્‌ભુતતા છે. કહ્યું છે કે—

देवा देवी नरा नारी, शबराश्चापि शाबरी ।
तिर्यंचोऽपि हि तैरश्ची, मेनिरे भगवद्‌गीरम् ॥

એમાં આશ્ચર્ય પણ શું ? અણઘડ ભિલ્લ જેવાએ '**શર નથી**' એવા એક વાક્યથી પોતાની ત્રણ સ્ત્રીઓને જુદા જુદા પ્રશ્નોનો જવાબ આપી દીધો હતો તો પછી પ્રભુની અતિશયતાનું શું કહેવું ?

આઠ પ્રાતિહાર્ય ને ચોત્રીશ અતિશયની અદ્વિતીય લક્ષ્મીવાળા શ્રી તીર્થંકર પ્રભુ અશોકતરુની શીતળ છાયામાં સિંહાસન પર વિરાજમાન થઇ માલકોશ રાગમાં જે સુંદર દેશના એક પ્રહર સુધી આપે છે એ વર્ણનાતીત હોય છે. એનાથી સંખ્યાબંધ આત્માઓના બીડાએલ હૃદયપદ્મો વિકસ્વર થઇ જાય છે. વણપૂછ્યા સંશયો એકાએક વિનશ્વરતાને પામે છે અને સંખ્યાબંધ જીવોમાં આત્મકલ્યાણની કોઇ અનોખી ઉત્તેજના પ્રાદુર્ભાવ પામે છે— અંતરના તાર ઝણઝણી ઊઠે છે.

રાજગૃહીના આંગણે આવું સમવસરણ મંડાતા જ શ્રેણિક ભૂપ સપરિવાર વંદનાર્થે આવી પહોંચ્યા. નંદિષેણ પણ સાથે જ હતો. ભગવાન શ્રીમહાવીર ઉપદેશકાર્યથી પરવાર્યા ત્યારે મહારાજા શ્રેણિકે ચિરકાળથી મનમાં ઘોળાયા કરતો સેચનકહસ્તિનો પ્રશ્ન રજૂ કર્યો અને નંદિષેણ સહ એનો સ્નેહ કેવી રીતે ચોંટ્યો તે જાણવાની ઇંતેજારી દાખવી.

પ્રભુ બોલ્યા—" રાજન્ ! પૂર્વભવસંચિત વેર યા સ્નેહ આત્મા-ઓને ઘણા ભવ સુધી ઉદય આવે છે. જેને દેખીને પ્રત્યક્ષ કારણના અભાવે પણ રોષ પેદા થાય ત્યારે સમજવું કે એ પૂર્વભવનો શત્રુ છે અને એવી જ રીતે જ્યારે હેતનો ઉદ્‌ભવ થાય ત્યારે પૂર્વભવના સ્નેહનું કારણ અવધારવું.

" પૂર્વે હાથી સેચનકનો જીવ શ્રીપુર શહેરમાં **મધુ** નામના વિપ્રપણે વ્યવહાર ચલાવતો હતો, ત્યારે નંદિષેણનો જીવ સમીપમાં વસનાર અને સેવા કરનાર એક **ભીમ** નામનો દાસ હતો. એક વેળા મધુદ્વિજને સંજ્ઞાંધ ભૂદેવોને અને સંન્યાસીઓવાઓને જમાડવાની ઈચ્છા ઉદ્ભવી. એને લગતી સામગ્રી એકઠી કરવામાં અને એ કાર્ય સાંગોપાંગ પાર ઉતારવામાં એણે ભીમની સેવા માગી. ભીમે શરત કરી કે 'ઉપર્યુક્ત કાર્ય ઊકલી જતાં જે સામગ્રી બચે તે મારી મહેનતના બદલામાં મને આપવી.' શરત મંજૂર થઇ અને મધુ બ્રાહ્મણનો મનોરથ પૂર્ણ પણ થયો. જે નિર્દોષ બાનપાન સેવાના બદલામાં ભીમના ફાળે આવ્યું તે તેણે હર્ષથી ઉભરાતા હૃદયે કંચન-કામિનીના ત્યાગી ને કેવળ મુમુક્ષુ એવા મુનિઓરૂપ સત્પાત્રને દાન દેવામાં વાપર્યું. ભાવનાયુક્ત આ દાનના બળે ભીમનો જીવ આયુષ્યના અંતે દેવલોકની ઋદ્ધિ પામ્યો. દ્વિજમહાશય પણ અન્ય ભવમાં ભ્રમણ કરી આ ભવે હાથીપણું પામ્યા અને ભીમનો જીવ દેવગતિમાંથી ચ્યવી તારે ત્યાં પુત્રપણે ઉપજ્યો. એ જ કુમાર નંદિષેણ.

" મદોન્મત્ત સેચનક, કુળપતિને મારવા તાપસવૃંદ તરફ દોડતો આવ્યો, પણ વચમાં નંદિષેણને જોતાં જ એની સ્મૃતિમાં મંથન શરૂ થયું. વચ્ચે ઊભી રહેલી આ વ્યક્તિને મેં કોઇ વાર પૂર્વે જોયેલી છે, એવી વિચારણા અંતરમાં ઉદ્ભવી અને માનવી કલ્પી પણ ન શકે એટલા સૂક્ષ્મ કાળમાં હસ્તિને જાતિસ્મરણ જ્ઞાન થયું. શ્રીપુરમાં વસતા પાડોશી તરીકેનો સંબંધ આંખ સામે તરવરી રહ્યો. સ્નેહના ઉભળકાએ વૈરવૃત્તિને ભૂલાવી દીધી અને કોઇ નવું જ દૃશ્ય ખડું કર્યું, જે તમે સર્વેએ નજરે દીઠું.

અહા ! દાનમાં કેવી અચિંત્ય શક્તિ છે ? અપાત્ર ને સુપાત્રમાં પડવાથી એમાં મોટી તરતમતા પ્રગટે છે. એની પાછળ પરિણા-

મની ધારાનું જીવંત પ્રાબલ્ય હોય છે તો એની ફળ દેવાની શક્તિ વિદ્યુતના વેગને પણ વટાવી જાય છે. કહ્યું છે કેઃ—

आनंदाश्रूणि रोमांचः, बहुमानं प्रियं वचः ।
तथानुमोदना पात्रे, दानभूषणपंचकम् ॥

દાનના એ ભૂષણોથી અલંકૃત બનેલ આત્મા વચમાં કોઇનો અવરોધ ન નડે તો મુક્તિપુરીના દ્વાર પણ ખખડાવે છે.

પ્રભુ શ્રી વીરની સંશયહારિણી વાણી શ્રવણ કરતાં જ રાજવી શ્રેણિકની અજ્ઞાયખીનો અંત આવ્યો પણ નંદિષેણની તો દૃષ્ટિ જ ખુલ્લી ગઇ. સમ્યક્ કરણીમાં રહેલી તરતમતા ઊડીને આંખે વળગી. તાપસ અને શ્રમણના જીવન વચ્ચેનો સ્પષ્ટ ભેદ નજરે આવ્યો. આશ્રમના ઉન્મૂલનથી કુલપતિને કેમ દુઃખ ઉપજ્યું અને હસ્તિ પ્રત્યે તેમના ગુસ્સાનો પારો શાથી છેલ્લી ડિગ્રીએ પહોંચ્યો ? તેનું કારણ પણ સ્પષ્ટ જણાયું. **मुच्छा परिग्गहो वुत्तो** અર્થાત્ જ્યાં સુધી અંતરમાં રહેલ દ્રવ્ય-પદાર્થ યા વસ્તુ પ્રત્યેની મૂર્ચ્છા યાને મમતા સર્વથા નિર્મૂળ થતી નથી ત્યાંસુધી વ્યક્તિ ભલે શ્વેત કિંવા ભગવો અંચળો ધારણ કરે, ભલે એ સંસારની જંજાળથી બહાર નીકળી અરણ્યવાસ કે ગિરિકંદરામાં જઇને વસે છતાં એ પરિગ્રહ યાને આળપંપાળથી મુક્ત થઈ શકતી નથી.

સાથોસાથ એ પણ સમજાયું કે જો મૂર્ચ્છાનો-મારાપણાની કામનાનો સર્વથા નાશ કરી દેવાયો છે તો ભલેને પછી વ્યક્તિ મણિજડિત કાંગરાવાળા ને સુવર્ણ-રત્નગુંફિત ગઢમાં બેસે છતાં પંકજવત્ એ નિર્લેપ રહી શકે છે. માયાનો પાશ ત્યાં લાગતોજ નથી. સમભાવની ભૂમિકા પર વિચરતા એ આત્માને કંચન-મણિના નથી પ્રલોભન હોતા કે કથીર પાષાણુના તિરસ્કાર સંભવતા. એની દૃષ્ટિ તો કોઇ અનોખા ધ્યેય પાછળ એકતાર બની હોય છે. એનું નામ સાચી મુમુક્ષુદશા છે.

પ્રભુને પ્રણામ કરી કુમાર પિતાની સાથે પાછો તો ફર્યો, પરન્તુ કોઇ જુદા જ નિશ્ચયને ધારણ કરીને. સંસારીજીવનની એની પરાઙ્મુખતા છુપી તો નહોતી જ, પણ હવે અમલમાં મૂકી સંસારને લાત મારી સાધુતાના પંથે પળવાનો નિરધાર એણે જાહેર કર્યો. માતાપિતાના કાને એ વાત પહોંચી. એમાં ચેન કેન પ્રકારેણ વિલંબ કરવાની મસલતો પડી ભાંગી. ભૂપનું આશ્રયસ્થાન તો શ્રી મહાવીર, એમના પર શ્રેણિકની અટલ શ્રદ્ધા. એના બળે જ જ્ઞાન–ચારિત્રમાં તદ્દન મંદતાવાળા શ્રેણિક રાજવી ઉન્નત પંથના પથિક બનવાના. કેવળજ્ઞાની પ્રભુએ નંદિષેણની સંયમ માટેની ઉલટ જોઇ, એ સાથે સત્તામાં રહેલ ભોગાવળી કર્મ પણ નિહાળ્યું. એ કુમારનું હવેનું જીવન વિલક્ષણતાભર્યું જોયું. દીક્ષા માટેની ઉતાવળ ઇષ્ટ ન લાગી, જ્ઞાનમાં દીઠેલી વસ્તુ ભૂપને કહી. એ સધિયારો લઇ શ્રેણિક નંદિષેણકુમાર પાસે પહોંચ્યા. ભોગવવાનાં બાકી રહેલ કર્મની યાદ આપી, પણ નિશ્ચય એટલે અટળ-અફર, એ મંતવ્યવાળા કુમારને એની કંઇ જ અસર ન પહોંચી. 'પુરુષાર્થ પાસે કર્મ તો રાંકડું છે,' એમ કહીને તેઓ સાધુ બન્યા. ત્યાં આકાશવાણી શું કરે? આનું નામ જ ભવિતવ્યતા. હોણહાર એનું બીજું નામ. એ ફેરવવાનું સામર્થ્ય ન તો ચક્રી કે તીર્થપતિના હાથમાં પણ સંભવે. જો કે અરિહંતો અનંત બળના સ્વામી હોય છે, છતાં પણ પંચ સમવાયના ધોરણે ચાલતી વિશ્વનિયંત્રણામાં એનો ઉપયોગ ન જ કરે. મૌનપણે કુદરતને એનો ભાગ ભજવવા દે. મહાપુરુષોનો એ જ સનાતન રવૈયો છે.

સાધુતાનો અંચળો ઓઢી થોડા સમય પૂર્વેના કુમાર નંદિષેણ રાજગૃહીના સીમાડા ઓળંગી ગયા. અડગ નિશ્ચયથી અને સંગીન મનોબળથી મુનિપણાના આચાર પાળવા લાગ્યા. પ્રમાદના પંજામાં ફસાયા વગર સતત ધર્મધ્યાનમાં અને જ્ઞાનાર્જનમાં રક્ત રહેવા લાગ્યા. આ રીતે સ્વ આત્માને ઘણી ઉચ્ચ

ભૂમિકા પર લઈ ગયા. તાપસ-સંન્યાસી કે જોગીબાવાના જીવનમાં અને સાચા ત્યાગી કે સમજુ અણગારના જીવનમાં કેટલો મોટો તફાવત રહેલો છે એ સ્વયં અનુભવી રહ્યા. એક તરફ અજ્ઞાન-ભરી કરણીનો-માનપાનની મહેચ્છાનો ડગલે ને પગલે સાક્ષાત્કાર થાય છે ત્યારે બીજી બાજુ ચોખ્ખું નિર્લેપ જીવન-સમ્યગ્જ્ઞાન-યુક્ત ક્રિયાના દર્શન-નજરે પડે છે.

આવા ચિંતનશીલ આત્માને પણ મોહભૂપે સપાટામાં લીધા. અવશેષ ભોગાવળી કર્મ અબાધાની હદ ઓળંગી જ્યાં ઉદયના આંગણામાં પ્રવેશ્યું, ત્યાં જાગૃત ને દૃઢ એવા નંદિષેણ મુનિને વિકારના ભાવો ઉદ્ભવવા માંડ્યા. એ સામે તપના તેજસ્વી શસ્ત્રનો ચમકારો દાખવવામાં કચાશ ન રાખી, દમનના પ્રત્યેક માર્ગોનું અવલંબન લેવામાં નંદિષેણઋષિએ જરા પણ કાયરતા ન દેખાડી, પણ જ્ઞાનીના વચન ટંકશાળી નિવડ્યાં. નિકાચિત કર્મને તપાવી એની અસર હળવી કરવાનું જેનામાં પરાક્રમ છે એવો તપરૂપ અગ્નિ પણ આ કર્મોદયરૂપ વ્યાધિ પર કારગત ન નિવડ્યો. ભોગકર્મની નિકાચિતતા ઠારવાનો અન્ય કોઇ માર્ગ ન લાધતાં-આ માનસિક વ્યથાનો અન્ય કોઇ ઇલાજ ધ્યાનમાં ન આવતાં-સ્વપ્રતિજ્ઞાનો નિર્વાહ કરવાના શુભ ઇરાદાથી મુનિ નંદિષેણ પર્વત પરના ઝંપાપાત કે ગળે ફાંસો દઇ આપઘાત કરવાના ભીષણ પંથ પર્યન્ત પહોંચી ગયા, પણ નિરુપક્રમી આયુષ્યવાળા આત્માઓને ઓછી જ એ કષ્ટોની અસર થાય છે, પુનઃ દેવવાણી સંભળાણી-હોણહારની સામે થવાનો મિથ્યા પ્રયાસ છોડી દેવાની ચેતવણી મળી. એ રેડ સીગ્નલનું ઉલ્લંઘન કરવાનું ભયંકર જોખમ ન સેવવાની તાકીદ થઇ.

'આટઆટલા પ્રયાસો છતાં શું વ્રતમાં અતિચાર લગાડવો પડશે ?' આવી શંકાનો ઉદ્ભવ હૃદયના એક ખૂણામાં ઉદ્ભવ્યો, એ સાથે અન્ય વિચારબિંદુઓ પણ આવીને જોડાયા.

'મારા જેવો રાજપુત્ર આવી પવિત્ર વસ્તુ પ્રાપ્ત કરી, વર્ષોના વર્ષો સુધી જેનું નિરતિચારપણે પાલન કર્યું એને છોડી દે! અરે! એ પવિત્રતા પર મશીનો કૂચડો ફેરવે? વ્રતભંગ કરતાં તો અગ્નિમાં પડી બળી મરવું કે જીવનનો અકાળે અંત આણવો શું ખોટો?' ત્યાં તો સ્મૃતિના ઢગલામાંથી અવાજ ઊઠ્યો:

'એ પંથ પણ હે આત્મા! તેં કયાં નથી જોયો? એ માર્ગે ગયા છતાં આયુદોરી તૂટી જ નહીં ત્યાં શું થાય? જો મનોબળી કે બાહુબળીના ધાર્યા જ થતાં હોય તો વિશિષ્ટ જ્ઞાનીઓનાં વચન અફર કયાંથી રહેવાનાં? પણ કેવળજ્ઞાનીનું દીઠું ક્રોડોગમે યત્નોથી કે અમર્યાદિત પરાક્રમોથી પણ ખોટું નથી નીવડવાનું. એમાં જ આત્માની શક્તિ કરતાં જ્ઞાનની ગરિમા છે. જો એમ જ છે તો પછી કિસ્મત સામે બાથ શી ભરવી?'

× × ×

"ધર્મલાભ!" મનોહર હવેલીનાં પગથિયાં ચઢી ઉંબરમાં પગ મૂકતાં જ શ્રમણે ઉચ્ચાર કર્યો.

એકાએક ધરતીકંપનો આંચકો લાગે ને ઊંઘતો માનવી ઝબકીને જાગી ઊઠી ચોતરફ આંખ ફેરવે તેની માફક આવાસના ઉંબરે પગ મૂકી, એક શ્વેત વસ્ત્રધારી, સુંદરાકૃતિ સાધુને 'ધર્મલાભ' રૂપ શબ્દોનો ઉચ્ચાર કરતાં જોઈ, માત્ર અનુચરવર્ગ જ નહિં પણ ખુદ મહાલયની સ્વામિની સ્વસ્થતાને ધારણ કરતી અને આશ્ચર્યથી પગલા પાડતી સામે ખડી થઇ ગઈ. સાધુનું આગમન આ સ્થાનમાં પહેલું જ હતું.

આ રમણીની દેહલતા કમળદંડની કોમળતાને યાદ કરાવે તેવી હતી. એની આંખો જોતાં જ મૃગનયનની ઉપમા આપવા મન લલચાતું. કૃષ્ણવર્ણી કેશકલાપ કટિતટ સુધી એવી સુંદર

રીતે વિસ્તર્યો હતો કે જાણે એકાદ નાગિણી વળાક લેતી દરમાંથી બહાર નીકળી રહી હોય. મુખાકૃતિ ને વક્ષસ્થળ જોતાં જ જાણે ખીલતું યૌવન આ લલનાના દેહ પર જ એકઠું થઈ તનમનાટ કરી રહ્યાનું-વિલાસી જીવનની કોઇ અમર્યાદ દશાનું ચિત્ર રજૂ કરતું હોય તેમ લાગતું.

"ધર્મલાભ' ના ઉત્તરરૂપે કંઈ પણ ક્રિયા ન થતી જોઈ, મુનિ ધરતી સામે નેત્રો રાખી પુનઃ બોલ્યા.

"ગોચરી અર્થે આવેલ આ ભિક્ષુકને કંઈ દેવા જેવું છે?"

"મહારાજ! માર્ગ ને મહોલ્લો બન્ને ભૂલ્યા લાગો છો." હાસ્યથી જેની મુખાકૃતિ પ્રફુલ્લિત થઈ છે અને મજાકવૃત્તિનો જેના નેત્રોમાં સ્પષ્ટ ભાસ થાય છે એવી તે યુવતી બોલી, ને વિશેષમાં કહેવા લાગી કે-"આ તો પણ્યાંગનાનું મંદિર છે. અરે! અખંડ સૌભાગ્યવંતીનો આવાસ છે. અહીં ધર્મલાભની વાત કેવી? સદાકાળ અહીં તો **અર્થલાભ** અને **કામલાભનું** એકછત્ર રાજ્ય પ્રવર્તે છે!

"જ્યાં 'ધર્મ' એ કઈ ચીડિયાનું નામ છે તેની ખબર સરખી નથી ત્યાં એના લાભની તે શી વાત? ભિક્ષુકને માટે કે અકિંચનતાની ફિલસૂફી સમજાવનાર માટે આ સ્થાન નથી. દૂરથી જ એને રામરામ કરવા ઘટે. સોનામહોરની થેલીઓ લાવો અને મનગમતી મોજ મેળવો, જાતજાતની વાનીઓ આરોગો, વિવિધ પ્રકારના વિલાસો માણી, મદનના તાપથી તપ્ત થયેલ શરીરને યથેચ્છ શીતળતા અર્પો. એ જ અમારું ધ્યેય અને એમાં જ અમારી જિંદગીની સફળતા!"

મુનિશ્રી અકિંચનતા ગુણની મશ્કરી થતી જોઈ, તોરણમાંના એક તૃણને ખેંચી લબ્ધિબળે સુવર્ણમહોરોનો વરસાદ વર્ષાવતાં મુનિ નંદિષેણ બોલ્યા: "લલના! સાચે જ હું વિવેક વિસર્યો.

આ વેશ્યાગૃહ છે એવો ખ્યાલ સરખો પણ મને ન આવ્યો. નજીકમાં અન્ય આવાસોમાં પણ આ જ સ્થિતિ છે કે શું? ધોળી ને કાળી બાજુનો આ યોગ પણ વિચિત્ર."

"મહારાજ! વિચિત્ર શું છે? કુલીન ગણાતાં કુટુંબો જ્યારે ધર્મ-નીતિની મર્યાદા ઓળંગી જઇ, પ્રામાણિકતામાંથી પીછેહઠ કરી, નારીવૃંદમાં પણ પુરુષવર્ગ જેવો જ આત્મા છે એ નીતાંત સત્ય વિસારી મૂકી, લેવાદેવાનાં કાટલાં જુદાં રાખે ત્યારે એ અકથ્ય ને અબોલ વ્યથા હેઠળ ડગલે ડગલે પીસાતો-પીડાતો ને કચડાતો નારીસમુદાય કયાં જઇ શાંતિ મેળવે? અરે! કયાં બેસી ઘડીભર હાશનો ઉચ્ચાર કરે? એટલે જ કુલીનતાના અંચળા હેઠળ કાલિમાને છુપાવું પડે છે, એટલે પ્રતિષ્ઠાસંપન્ન ઘરોની શ્રેણીમાં જ ઘર હોવા છતાં પ્રતિષ્ઠાનું અંદરખાને લીલામ બોલાતું હોય છે, એટલે જ અનિચ્છાએ 'ઉપર ધોળું ને અંદર કાળું' એવો દંભી દેખાવ ધારણ કરવો પડે છે! વેશ્યાગૃહો એ સમાજની નીતિમત્તા ને સદાચાર પર જેમ કલંક સમા છે અને વેશ્યાજીવન જીવતી નારીઓ એ ગૌરવભર્યા નારીસમાજની કલંકિત બાજુ છે, એ જેટલું સાચું છે એટલું જ સાચું એ પણ છે કે એનાં ચણતરમાં પુરુષજાતિનાં અત્યાચાર ને અમર્યાદ વર્તનનો લાંબો ઇતિહાસ છે. પુરુષપ્રધાનનો ફાંકો રાખનાર નરસમુદાયની અપરિમિત સત્તાનું હૃદયદ્રાવક પ્રદર્શન છે. જવાબદારી અદા કરવાને બદલે એનો દુરુપયોગ કરવાથી તૈયાર થયેલું એ ઘૃણિત રેખાચિત્ર છે. વેશ્યાજીવન જીવવું નારીને રુચિકર તો ન જ હોય પણ પુરુષજાતિ તરફથી ફરજીયાત એમાં હડસેલાય ત્યાં શું થાય?"

"બાઈ! તારા કથનમાં સત્ય હશે, છતાં દુન્યવી વિષયોથી દૂર ભાગનાર એવા મારા સરખા નિર્ગ્રંથ આગળ એ હાયવરાળ ઠાલવવાથી શો લાભ?"

" સાધુજી ! કુબેર સદૃશ શક્તિવંત એવા આપને એનો ખ્યાલ કરાવવો જરૂરી છે કેમ કે સમાજને આપ ઉપદેશદ્વારા ધારો તો ઉન્નત બનાવી શકો છો. ભૂતકાળમાં મેં સાધુજીની વાત સાંભળી છે. સતીઓનાં ચરિત્રો અને બ્રહ્મચર્યની ઉત્તમતા વિષે જેમ સાંભળ્યું છે તેમ **' નારી નરકની ખાણ ને પાપનું પૂતળું છે '** એવું પણ સાંભળ્યું છે, પરંતુ એ પછીનું જે જીવન મેં અનુભવ્યું છે તે જોતાં મારી એ વાતની શ્રદ્ધા મૂળ ઊઠી છે. કેવળ નારી જ દોષોનું ઘર છે અને નર ગુણનું પૂતળું જ છે એ માનવા હું તૈયાર નથી. નારીજાતિને જેટલા અન્યાય થયા છે અને જેટલી યાતનાઓ ભોગવવી પડી છે એમાં પુરુષની પ્રેરણાનો ફાળો હોવા છતાં એ એમાંથી છટકી જાય છે. આપ જેવાના ઉપદેશમાં પણ નારીના જેટલી સખત ઝાટકણી પુરુષની નથી કરવામાં આવતી, એ જોઈ મને ખરેખર અચંબો થાય છે. "

" લલના ! તું કોઇ કુલીન ને સમજુ જણાય છે. કડવા અનુભવથી આવેગ ને ક્રોધના જોરે આ અધમ દશામાં ઘસડાઇ લાગે છે, નહિં તો સતીઓનાં જીવન એક વાર જેના કાને પડ્યાં હોય તે આ દશામાં લેપાય ? "

" તપોધન ! આપની વાત સાચી છે. વીતરાગનો ધર્મ સાચો છે. જે કંઇ કચાશ છે તે કયાં તો ઉપદેશકોની અથવા તો શ્રોતાઓની; નહિં તો એ પણ પ્રભુના જ શાસનમાં દર્શાવાયું છે કે– સ્ત્રી યા પુરુષ ઉભયમાં સમાન આત્મા રહેલો છે. તીર્થંકર જેવા લોકોત્તર પુરુષને જન્મ આપનાર માતા રત્નકુક્ષી કહેવાય છે. મોક્ષ મેળવવામાં ઉભયને સરખો હક્ક છે. અરે ! પાપ કરવામાં પુરુષ સ્ત્રીને ટપી જાય છે તેથી તેને માટે સાતમીનાં દ્વાર ઊઘાડાં છે જ્યારે નારી તો છઠ્ઠી નરક સુધી જ જાય છે. એક ગૃહની અંદરના વહીવટની સ્વામિની, જ્યારે અન્ય બહારના

વ્યવસાયનો કર્ત્તાહર્તા. ઉભય અર્ધા અંગો મળીને ધર્મ, અર્થ ને કામરૂપ ત્રિવર્ગ સાધી સતત ચોથા વર્ગની તૈયારી કરનાર એક આખું અંગ અથવા તો સ્ત્રી-પુરુષરૂપ એક યુગલ. વળી તપ ને સુશ્રૂષામાં નારીનો નંબર આગળ જ. ધર્મશ્રદ્ધામાં અને એના પાલનમાં પણ તેવી જ સ્થિતિ. જ્યાં આવું ઉત્તમ નિધાન છે એ શાસનમાં પણ પુરુષવર્ગ તરફથી નારીજાતને અન્યાય કરાતો હોય, એના દુઃખ સાંભળવા જેટલી આગેવાનોને ધીરજ ન હોય અને અધૂરામાં પૂરું ત્યાગીઓ પણ નારીજાતની નિંદા સંભળાવતાં હોય ત્યાં મારા જેવી અબળાની આસ્થા હાલી ઊઠે તેમાં શી નવાઇ ?"

" યુવતી ! તારી વાતમાં સત્ય છે. તને પુરુષજાતિની કઠોરતા ને હૃદય-શૂન્યતાથી ઘણું વેઠવું પડેલું જણાય છે; છતાં સર્વત્ર એમ નથી હોતું. વળી કેટલાક ઉપદેશકો કેવળ અધ્યાત્મ ને વૈરાગને માટે એકાંતે વિચારવા નારીજીવનનું જે દોષયુક્ત ચિત્ર દોરેલું છે તેને વારંવાર વ્યાખ્યાનકાળે ભાર દઈ વર્ણવે છે એથી કેટલીક વાર સ્ત્રીજાતિમાં કોઈ જાતનું પ્રશંસનીય તત્ત્વ જ નથી, કેવળ તે દોષોની ભરેલી પૂતળી જ છે એવી માન્યતા જોર પકડે છે એ પણ સાચું છે, છતાં તારાં જ કથનથી એ તો પૂરવાર થાય છે કે એની જવાબદારી નથી તો ધર્મના પ્રણેતાને શિરે કે નથી તો જૈનધર્મના માથે. એ પરિણામ તો માત્ર વ્યાખ્યાતાની એક બાજુ જોઇ વર્ણન કરવાની ઊણપને આભારી છે. જૈનધર્મમાં સ્ત્રીનું સ્થાન દાસી તરીકેનું નહિં પણ પુરુષના મિત્ર જેવું છે. ભૂલ્યા ત્યાંથી ફરીથી ગણનાર ને ઉન્માર્ગ ત્યજી સન્માર્ગ પકડનાર માટે ત્યાં ગૌરવવંતું સ્થાન છે. હજુ પણ મન મજબૂત કરી તું આ કીચડમાંથી નીકળી જા."

" મુનિરાજ ! આપની વાત સાચી છે. સાચો રાહ તો બ્રહ્મચર્યયુક્ત જીવનનો જ ગણાય, પણ અધૂરી આશાવાળી હું જ્યારે

ભવિતવ્યતાના જોરે અહીં આવી પડી છું ત્યારે એમાંથી છૂટવા સારુ કોઇનો સધિયારો તો જોઇએ જ ને? મેં આ જીવનમાં પુરુષજાતિના સંસર્ગમાં આવી જે કડવી ને કલેજે કાણું પાડે તેવી નોંધો સંગ્રહી છે તે પર પૂર્ણ વિમર્શ–પરામર્શ ન થાય, ચર્ચાદ્વારા મારા હૃદયમાં ભોંકાયેલ એ ક્રૂર કાંટો દૂર ન થાય ત્યાંસુધી અહીં ઠરીઠામ થયેલી પુનઃ પાછી જગતના બજારમાં ધકેલાવા નથી ઇચ્છતી. સાધ્વીજીવનના પૂનિત પંથે જવાની મારામાં હજુ શક્તિ નથી આવી. આપે અર્થનો લાભ કરી મારું મન હર્યું છે. આપનામાં જેમ એ શક્તિ છે તેમ સામાના અંતરમાં સાચો ધર્મ પ્રેરવાની શક્તિ પણ દૃષ્ટિગોચર થાય છે. આપની મુદ્રા એ વાતની સાક્ષી પૂરે છે. આપ જો સાચે જ ધર્મલાભ આપવા ચાહતા હો તો, મારા પતિત જીવનમાંથી મને ઉદ્ધારવા ઇચ્છતા હો તો મારા સંસર્ગમાં રહી દુનિયાના ચોકમાં, બાહ્ય ઉજાગરા વળતા ધારણ કરી મરદજાતિ કેવા દાવો ખેલે છે એનો અભ્યાસ કરી, એની સુધારણા માટે કોઇ યોજના ઘડવા ધારતા હો તો–અહિં સ્થિરતા કરો. આપ જ્યારે અકસ્માત અહીં પધાર્યા છો તો ભાવીનો એમાં અવશ્ય કંઇ સંકેત હશે જ. પુરુષદ્વેષિણી હું આપના દર્શનથી પહેલી જ વાર મહાત થઇ છું. આપના પ્રત્યે મને કુદરતી પ્રેમ પ્રગટ્યો છે. ”

“ તરુણી ! જન્મથી જ જેના અંતરમાં વૈરાગની છોળો ઉછળી રહી છે અને અદ્યાપિ પર્યન્ત જેણે કોઇ કામિની પ્રતિ સરાગ નજરે આંખનું મટકું પણ નથી માર્યું તે તારા સરખી રૂપજીવીના વચનમાં તથ્ય જુએ છે, અરે લોભાય છે, એના મસ્તિષ્કમાં કોઇ અનોખી તરંગશ્રેણિનાં નૃત્ય ચાલી રહ્યાં છે, એમાં પણ ભવિતવ્યતાનો જ સંકેત હશે ને? પણ આ પવિત્ર જીવનનું અધઃપતન કેમ કરાય? એ વિચાર મને મૂંઝવી રહ્યો છે. ”

“ તપસ્વી! કાં ભૂલો છો? સાચો યોદ્ધો તો સામી છાતી-

એ જ સમર ખેલે છે. એને કામિનીના હાવભાવ, કટાક્ષબાણ કે અંગસ્પર્શો નથી ચળાવી શકતા. એવા અનુકૂળ ઉપસર્ગોને વખતે એની અડગતા મેરુપર્વત સમી હોય છે. જો આપનું મન મજબૂત હશે તો હું જાતે તમને ગમે તેવા યત્નોવડે નહીં જ લલચાવી શકું. આ મારું અનુભવનું વચન છે. મારી જોડે મોજ માણવા આવનાર સંખ્યાબંધ આત્માઓ છતાં મેં મારી ઇચ્છા વગરના એકને પણ શય્યાભાગી બનવા દીધો નથી. એના પ્રલોભનોને ઠોકરે મારી, એના ધનવૈભવને ખંખેરી નાખી, આ સ્થાનમાંથી અર્ધચંદ્ર આપતાં જરા પણ વિલંબ લગાડ્યો નથી. આપ માનો કે હું વેશ્યા તરીકે ઓળખાઉં છું છતાં ગમે તેને કે ગમે તેવી રીતે દેહનો વિક્રય કરનારી ધનપિપાસુ બજારુ સ્ત્રી તો નથી જ. સંયોગવશાત્ શિયળની નિર્મળતા નથી રાખી શકી, છતાં એના ભંગ વખતે રાચીમાચી નથી. વિકારનો અતિરેક પણ થવા દીધો નથી. એક રીતે કહું તો જે પુરુષજાતિએ મારો સર્વનાશ કર્યો છે તેના પ્રતિ વૈર વાળવાના એક માત્ર ઇરાદાથી જ મેં મારું જીવન બરબાદ કર્યું છે. સ્નેહભાવે કે સાચી પ્રીતિએ મેં કોઇનો સંસર્ગ રાખ્યો નથી. મનમાં વૈરશમનનો ભાવ જન્મતાં જ ગમે તેવા ચમરબંધીને ધક્કો મારતાં વિલંબ નથી કર્યો. એ પ્રકારે હૃદયશૂન્યોને નિચોવી જે દ્રવ્યસંચય કર્યો છે એમાંથી વિલાસના માર્ગે જુજ બરબાદ કર્યું છે, બાકી ગુપ્ત રીતે એ દ્વારા કેટલા ય કરમાઇ જતા જીવનો, કેટલી ય કટાણે ચીમળાતી કળીઓ, અને મારી મારફત વગરવાંકે ચગદાઇ જતી વામાઓનો પંથ ઉજાળવા પ્રયાસ કર્યો છે. એ જાણવું હોય તો મારા સાચા સહચર બનો."

વાચક! આટલું લંબાણ અન્યત્ર નહીં મળે. એની શોધનું પ્રયોજન પણ નથી. શાસ્ત્રકાર કહે છે કે ભવિતવ્યતાના જોરે મુનિ નંદિષેણ ગોચરી અર્થે વેશ્યાગૃહે ગયા અને

પોતે જ સાધુ-સમાજથી અગોચર થયા. આવો પ્રબળ વૈરાગી જેની ગોદમાં ફસાય એ લલના પણ જેવી તેવી ન જ હોય. ઉભયના યોગદ્વારા જ કર્મરાજા પોતાની સત્તા કેવી પ્રબળ અને અટળ છે તે દર્શાવે છે. એ યોગ પૂરવાર કરે છે કે 'વેશ્યા' કહેવા માત્રથી અધમ જ હોય એમ માની લેવાનું નથી. એ ક્ષેત્ર પણ ઉપદેશ અને ઉદ્ધાર માગે છે અને એ વાત પણ સાથોસાથ પુરવાર થાય છે કે સંયમના ઉપરછલ્લા નિયંત્રણ ઝાઝા ફળદાયી નથી. અગ્નિને ઢાંકણ ઇષ્ટ નથી, એનો તો નાશ જ જરૂરી છે. 'ઉપશમ'ને અમુક સમય પર્યંત ભલે વધાવી લેવાય છતાં અગત્ય તો છે 'ક્ષય'ની જ છે.

પણ્યાંગનાની ચિત્રશાળામાં અહર્નિશ ષટ્રસ ભોજન જમતાં, એ પ્રમદા સહ યથેચ્છ ક્રીડા કરતાં, પતિત મુનિ નંદિષેણ એક, બે નહીં પણ બાર વર્ષો સુધી રહ્યા. કોઈ વિરલ પ્રસંગમાં જ અગ્નિ નજીક ઘી પીગલ્યા વગર રહે. એ શૌર્ય નંદિષેણ ન દાખવી શકયા, છતાં પતનમાંથી પણ પ્રગતિ કરવાનો પ્રસંગ લાધે એ સારુ પ્રતિજ્ઞા એવી કરી કે–'જાતે પતિત થયા છતાં અહીં આવનાર કામી જનોમાંથી જ્યાં સુધી દશ વ્યક્તિઓનો ઉદ્ધાર કરી, સાચા સંયમરસિક ન બનાવું ત્યાં સુધી ભોજન ન જ કરું.'

પ્રતિજ્ઞા ક્ષત્રિયબચ્ચાની હતી. પતન થયા છતાં વસ્તુની પરીક્ષા ગઇ નહોતી. દૃષ્ટિમાં વિકાર પેઠેલો હતો, છતાં દૃષ્ટિબિન્દુ ધ્રુવ સમ નિશ્ચળ હતું. એ જોરે એ પ્રતિજ્ઞા દૃઢપણે પાળી. એમાં મુનિપણાનો અનુભવ, વસ્તુસ્વરૂપ સમજાવી અન્યને ગળે ઉતારવાની વિલક્ષણ લબ્ધિ અગ્રભાગ ભજવતી. એના સહકારમાં પ્રેયસી વેશ્યાનો ફાળો નાનોસૂનો નહોતો. કામીઓની લાલચુ ચક્ષુઓ એનામાં કોઈ પતિવ્રતા સમું અનોખું તેજ જોતી. જે કાર્ય પતિતમુનિની ભાષાથી પર બનતું તે કાર્ય વેશ્યા એવી અંગના નંદિષેણ પ્રત્યેના ગાઢ રાગથી પોતાનું જીવન ખુલ્લું

કરીને સાધતી. એની અનુભવપોથીના અકેક ફકરાએ કેટલાય આત્માઓને અલ્પ સમયમાં જ સંયમ ઉત્સુક બનાવેલા. લોકોક્તિ તો એ છે કે–જાતે આચરી બતાવે ત્યારે જ બીજાને એની અસર થાય, છતાં અહીં તો આશ્ચર્યજનક વાત રોજની થઇ પડી કે વિવિધ પ્રકારે વિલાસયુક્ત જીવન જીવતા પ્રેમી–યુગલની સમજાવટથી દશ, દશ આત્માઓ સંસારને અસાર ગણી ચાલી નીકળતા. કપિલ જેવો પ્રશ્નકાર મરિચીને મળ્યો તેમ અહીં બાર વર્ષની અવધિના છેલ્લા દિવસ સુધી કોઈ ન જ મળ્યો. આમ પતિતોએ સંન્યાસબંધને પડતા બચાવી ઊંચે ચડાવ્યા.

પાના પુસ્તકે નોંધ નંદિષેણના નામે ચઢી છે છતાં વેશ્યાની સંપૂર્ણ અનુકૂળતા વિના એ આકરી પ્રતિજ્ઞા ન જ ફળવતી થાત. અહીં એક વાત જરા પણ વિસ્મૃત થવા દેવી ન ઘટે કે, વેશ્યાગૃહે રતિવિલાસમાં લયલીન બનેલ નંદિષેણ સાધુજીવનની સૌરભ કે એની નિયમાવળી અભરાઇ પર ચઢાવ્યા છતાં 'ભવિતવ્યતા' જરા પણ ભૂલ્યા નહોતા. ગુપ્તપણે એ વિધિ કેવો ચમકારો દેખાડે છે એની માર્ગપ્રતીક્ષા કરતાં છતાં આવેલ પરિસ્થિતિને ન્યાય આપી રહ્યા હતા. બાર વર્ષના સંપર્કથી–ભિન્ન દિશામાં જેમનું સામર્થ્ય ખરચાયેલું છે એવા આત્માઓના મરજીયાત સંયોગથી–ઉભય વચ્ચે ખુલ્લા મનથી ઘણા ઘણા સવાલોનું નિરાકરણ અને કેટલા ય વિશિષ્ટ તત્ત્વોનું સ્પષ્ટીકરણ થઇ ચૂકયું હતું. પ્રારંભકાળની વેશ્યા અત્યારે પણ એ જ નામે ઓળખાતી હતી છતાં ચારિત્રમાં ઘણી રીતે બદલાઇ ગઇ હતી. એના હૃદયમાં પાપના પાયશ્ચિત્ત તરીકે આજીવન બ્રહ્મચર્ય ધરવાના કોડ જન્મી ચૂકયા હતા, પણ નંદિષેણ જેવા રસિક ને શક્તિસંપન્નનો સ્નેહ એનો અમલ કરવા જેટલી ધગશ નહોતી પ્રગટવા દેતો. રાગના બંધન લોખંડની શૃંખલા કરતાં પણ વધુ કાતિલ ને કષ્ટદાયી હોય છે.

પ્રસંગ એવો બન્યો કે બારમા વર્ષના છેલ્લે દિવસે નવ જણને પ્રતિબોધ્યા છતાં એક દશમો માણસ કોઈપણ ઉપાયે સમજે નહીં. એની સામે નંદિષેણની દલીલો નિષ્ફળ નિવડી. લબ્ધિ છતાં લાભ ન મળ્યો. વારંવારના ઉપદેશો છતાં વર્ષોથી જેમ મગશૈલ ન ભીંજે તેમ એ અબૂઝ જ રહ્યો ! પ્રેયસી વેશ્યાની પણ જબરી કસોટી થઈ. ત્રણ ત્રણ વાર રસવતી ગરમ બનાવી ને સ્વામીના આગમન અભાવે ઠંડી પડી ગઈ. આજે આ શું થયું ? આટલો વિલંબ કોઇ દિ' નહીં ને આજે કેમ થયો ? એ જાણવાની જિજ્ઞાસાથી તે ચિત્રશાળામાં દોડી આવી. જોયું તો નવ ગયા છે પણ દશમો બાકી છે, કેમે કર્યો બોધ પામતો જ નથી અને પ્રતિજ્ઞાપાલન વિના જમણ કેવું ? બોધ પમાડે જ છૂટકો ! ' ત્યારે, દશમા તમે પોતે. રસોઈને તે કયાંસુધી ઊની ટાઢી કર્યા જવી ? ' વેશ્યાએ કહ્યું.

બોલ બલાસ, કુદરતનો સંકેત–ભાવીનો ઇસારો. એ સમજવા નંદિષેણ સદા ઉત્સુક રહેતા. વેશ્યામુખમાંથી ' દશમા તમે ' નો ઉચ્ચાર થતાં જ ખીંટી પર ભરાવેલા ઉપકરણો લઇ પોતે ચાલી નીકળ્યા. પ્રેયસીના પ્રેમાળ શબ્દો કે એની વિરહની વાતો એને ન જ રોકી શકી. પ્રાયશ્ચિત્ત ગ્રહણ કરી પુનઃ સાધુતાનો અંચળો ઓઢ્યો. જેટલા જોરથી પતન થયું એ કરતાં અધિક શૌર્યથી ઉદ્ધાર પણ થયો. મુનિચરણમાં મસ્તક નમાવી વેશ્યાએ આજીવન બ્રહ્મચર્ય વ્રત સ્વીકાર્યું. શ્રાવિકાજીવનની ઊંચી ભૂમિકામાં બાકીનું આયુષ્ય ખરચ્યું, નંદિષેણ મુનિએ બાર વર્ષનો અનુભવ, ઉપદેશદ્વારા સંખ્યાબંધ આત્માઓને પ્રબોધવામાં સુંદર પ્રકારે કામે લગાડ્યો. તપથી કાયાનું દમન પણ ચાલુ જ રાખ્યું. જોતજોતામાં ગુમાવ્યા કરતાં વધારે મેળવ્યું અને મોક્ષમાર્ગના પથિક બન્યા.

એમના જીવનની પૂર્ણાહૂતિ સાથે આ માળાનું ચોથું ગુચ્છક પણ પૂર્ણ થાય છે.

પુણિયો શ્રાવક

પ્રભુ શ્રી મહાવીર દેવના સમયમાં થયેલાં જે પ્રભાવિક પુરુષોની માળા ગુંથવા માંડી છે તેના ચાર ગુચ્છકો પૂર્ણ થઈ ગયા છે. એ માળાનું પાંચમું અને છેલ્લું ગુચ્છક આરંભાય છે. પૂર્વવત્ આ ગુચ્છકમાં પણ ચાર પુષ્પો જ ગુંથવાના છે; આમ છતાં એમાં અગાઉ કરતાં થોડી વિલક્ષણતા પણ રહેલી છે. પૂર્વના શ્રેષ્ઠીપુત્રો કે રાજપુત્રોવાળા ગુચ્છક પ્રમાણે આમાંનાં પુષ્પો સમાનરંગી નથી પણ ભિન્નરંગી છે. એમાં જ એની વિશિષ્ટતા છે. નિર્ધન–ધનિક–નાથ અને અનાથનો યોગ સાધ્યો છે એટલે પરસ્પર વિરોધ તો સ્પષ્ટ છે છતાં એ દરેકમાં અગ્ર-ભાગ ભજવતી ટેક યાને અડગતા સર્વ વિરોધોને ગળી જઈ ચારે પુષ્પોમાં એક સરખી સુવાસ પ્રસરાવે છે, બોધગ્રહણ માટે કિંવા ચારિત્રગુંથણ અર્થે અથવા તો વીસમી સદીના વિષમ કાળમાં વર્તતા જીવો સારુ, જીવનની મર્યાદા આંકણમાં એ સર્વ સમાનપણે ઉપયોગી અને મહત્ત્વની ભૂમિકા ભજવે છે.

એકેક પુષ્પ અર્થાત્ એમાંનું એક જ કથાનક જીવનપંથ ઉજાળવાને અખંડ જ્યોતની ગરજ સારે છે. નિબિડ અંધકારથી વ્યાપ્ત એવા ભૂમિગ્રહમાં દીપકની રશ્મિ જે કાર્ય કરે તેવું અસરકારક કાર્ય ચાલુ યુગમાં કરવાની સામગ્રી શરૂ થતાં ઉદા-હરણોમાંના પ્રત્યેકમાં સંચિત થયેલી છે. અગત્ય છે એ પર શાંતિપૂર્વક વિચાર કરવાની.

× × ×

गृहं सुहृत्पुत्रकलत्रवर्गो, धान्यं धनं मे व्यवसायलाभो ।
कुर्वाण इत्थं नहि वेत्ति मूढो, विमुच्य सर्वं व्रजतीह जन्तुः ॥

"હે દેવાધિદેવ ! આપે ઉપરનો એક શ્લોક ઉચ્ચારી, સારા ય સંસારીજીવનનું તાદૃશ સ્વરૂપ દેખાડી આપ્યું. એમાંનાં શબ્દે-શબ્દમાં જે અજબ મોહિની ભરી છે એની પાછળ રાયથી માંડીને રંક, બાળકથી માંડીને વૃદ્ધ અથવા તો આ જગતના નાના મોટા સૌ કોઈ પ્રાણીઓ દિવસ રાત, ટાઢ તડકો કે વરસતો વર્ષાદ જોયા વિના અથવા તો ક્ષુધા તૃષા કે ઊંઘ યાદ કર્યા વગર, પરિશ્રમ કે થાકની જરા માત્ર પરવા રાખ્યા વગર અહર્નિશ મંડી પડી આ માનવજીવનનો બીજો પણ કંઈ હેતુ છે એ વાત તદ્દન વિસરી ગયા હોય છે. ભાનભૂલેલા અને દૃષ્ટિબિન્દુ ચૂકી ગયેલા એવા અમોને આપ પૂજ્યશ્રીએ આજે સાચી પરિસ્થિતિનું યથાર્થ દર્શન કરાવ્યું છે. ગળે ઊતરી જાય તેવા દાખલા ટાંકી ઘર, મિત્ર, પુત્ર, સ્ત્રી આદિ સંબંધી જનોનો મેળાપ, ધાન્ય, ધન અને વેપાર આદિમાં પ્રાપ્તિ એ સર્વ ઉછીના લીધેલા આભૂષણો સરખા અગર તો સંધ્યાના રંગો સમાન અલ્પજીવી છે. એમાં રાચીમાચી તલ્લીન થનાર મૂઢ આત્મા-ગમાર જીવ એટલું નથી સમજી શકતો કે- 'એ સર્વને છોડીને અવશ્ય એક દિવસ મારે જવાનું છે.'

ઘણીએ વાર કર્ણપટ પર અથડાયું હોય છે કે—

यथा काष्ठं च काष्ठं च, समेयातां महोदधौ ।
समेयातां व्यपेतां च, तद्वत् भूतसमागमः ॥

અર્થાત્ 'મહાસાગરમાં જુદી જુદી દિશામાંથી તરતા આવેલા લાકડાઓ પરસ્પર અથડાઈ ભેગા થાય છે, થોડીવાર સાથે તરે છે અને પુનઃ પાછા જુદા પડી, જુદી જુદી દિશાઓમાં ખેંચાઈ જાય છે તેવો સંસારી જીવોનો સમાગમ છે.' '**સંસાર સમજીએ શાણા ! મુસાફરખાનું**' અથવા તો '**માનવજીવન તારું પંખીનો મેળો**' એ વાક્યો કવિહૃદયમાંથી ઉદ્ભવેલા કોનાથી અજાણ્યા છે? અને આબાળવૃદ્ધને ઘરગથ્થુ થઈ પડેલ આ શબ્દોઃ—

" સંધ્યાના જેવા રંગ સોનેરી, વંધ્યાને લાડ લડાવ્યા;
જોબન ને તન ધન તેવા, સમજવા પાણીમાંના પડછાયા. "

ભાગ્યે જ ભૂલાય તેવા છે, છતાં પ્રભુશ્રી મહાવીરદેવ આજની આપની અમૃતવાણીએ મારા હૃદયના તાર ઝણઝણાવી મૂકયા છે. આપસાહેબે પૂર્ણાહૂતિ કરતાં ભાર મૂકી જણાવ્યું કે દાન, શીલ, તપ અને ભાવરૂપ ચતુર્વિધ ધર્મના પાલનમાં પ્રત્યેક આત્માએ સદૈવ તત્પર રહી આત્મશ્રેયના નિશાનમાં દત્તચિત્ત રહેવું.

" પણ પૂજ્ય સ્વામી ! મારા સરખા રંક મનુષ્યનું શું ગજું કે દાનધર્મનું પાલન કરું ? શીલનું પાલન ને યથાશક્તિ તપનું આરાધન ચાલુ છે છતાં તરુણ વયમાં એકનિષ્ઠ બ્રહ્મચર્યમાં તત્પર રહેનાર વિજયદંપતીના જીવન સામે નજર ફેરવું છું કે અનગાર ધન્નાના તપ પ્રતિ દૃષ્ટિ કરું છું ત્યારે સહજ સમજાય છે કે આ પુણિયાનું સ્થાન એ મહારથીઓથી ઘણું ઘણું દૂર છે. સાગરમાં બિંદુ સમું છે. માથાના વાળ શ્વેતવર્ણી થવા લાગ્યા છે એટલે એ અંતર તોડવાનું સામર્થ્ય મેળવવું પણ શક્ય નથી. ચોથા ' ભાવ ' ધર્મનું રહસ્ય ઉકેલવા સરખો નથી તો મારો અભ્યાસ કે નથી તો મારું એટલું જ્ઞાન. આપશ્રીને ચોમાસી પારણાની વિનંતિ કરનાર અને એ અવસરે અપૂર્વ ભાવનામાં તદાકાર બનનાર જીર્ણશ્રેષ્ઠીના સંબંધમાં મેં સાંભળ્યું પણ છે છતાં એવો ભાવ આવે શી રીતે ? એ જ મને નથી સમજાતું. "

" મહાનુભાવ ! નિરાશ થવાની જરાપણ જરૂર નથી. વીતરાગના ધર્મમાં ધનિક કે નિર્ધન, શક્તિવંત કે શક્તિહીન, રાજા કે રંક અર્થાત્ સર્વ જીવો કોઇ ને કોઇ રીતે આત્મકલ્યાણના પુનિત પંથે પદસંચાર કરી શકે તેવી સુગમતા ને સરલતા છે. ભાવ એ હૃદયના ઉમળકાનું બીજું નામ માત્ર છે. કરાતી નાની યા મોટી ક્રિયા પાછળ ચિત્તની એકાગ્રતા–અંતરનો

ઉલ્લાસ–એકધારી તલ્લીનતા–એનું નામ જ ભાવપૂર્વકની કરણી છે. વસ્તુને પૂર્ણરૂપે ઓળખવા સારુ જ્ઞાનરૂપ દીવડાની અગત્ય છે છતાં એ માટે બહુ પરિશ્રમ નથી કરવો પડતો. શ્રદ્ધાની જ્યોતિ સતત જલતી હોય તો સામાન્ય ઉપદેશથી પણ એ સ્થિતિ લાવી શકાય છે. એ માટે હું સામાયિકની ભલામણ કરું છું. બે ઘડી યાને અડતાળીશ મિનિટરૂપ સ્વાધ્યાય દેખાવમાં લઘુ છતાં જે ઉપર કહ્યું તેમ યથાર્થ રીતે–કરેમિ ભંતે સૂત્રમાં કહેવામાં આવેલ છે તે પ્રકારે–જરા પણ અતિચાર કે પ્રમાદ સેવ્યા વિના કરવામાં આવે તો એ લઘુતા ગરિમામાં પરિણમે છે અર્થાત્ એ નાનકડી કરણી મોક્ષપુરીના દ્વાર ઊઘાડી નાખે છે. તેથી તો એને મોક્ષની વાનકી તરીકે ઓળખવામાં આવે છે. જ્યાં સમતા વા સમભાવનો જ કેવળ લાભ યાને આવવાપણું હોય ત્યાં રાગ-દ્વેષરૂપી શત્રુયુગલ જોર કરી શકે જ નહીં. એને પલાયન થવું જ પડે અને એ પોબારા ગણે કે વીતરાગ દશા કમાડ ઠોકતી આવી જ છે. વીતરાગતાથી મુક્તિ કંઇ જુદી નથી.

समता सर्वभूतेषु, संयमः शुभभावना ।
आर्त्तरौद्रपरित्यागः, तद्धि सामायिकं व्रतम् ॥

જગતભરના સર્વ જીવો સહ સમતા, પાંચે ઇંદ્રિયોના વિકારોનું નિયંત્રણ, સુંદર વિચારશ્રેણિ યાને ચિંતન, દુષ્ટ એવા આર્ત્ત-રૌદ્ર ધ્યાન ત્યજી દઇ ધર્મધ્યાનનું સેવન એનું નામ સામાયિક વ્રત છે. નિયત સમય માટેનું એ સાધુપણું છે. આગમ-વચન છે કે—**समणो इव सावओ हवइ जम्हा ।**

" સાવદ્ય પ્રવૃત્તિમાંથી નિવૃત્ત દશામાં પગલા માંડવાની એ પહેલી ભૂમિકા છે. ઉત્તરોત્તર એમાં દૃઢતાથી જેટલો માર્ગ કપાય એટલો પ્રગતિનો પારો ઊંચે ચઢે. દેવાનુપ્રિય પુન્ય! અંતરના ઉમળકાથી તું એ વ્રતનો સ્વીકાર કર. મેં કહ્યું તેને બરાબર

રીતે પ્રથમ સમજી લઇ, શંકા હોય તો દૂર કરી, પૂર્ણપણે એને હૃદયમાં ઉતાર. ઉતારીને કદીપણ ન ભુંસાય એવા સખત ટાંકણે અંતરપટ પર કોતરી દે. પછી અનુભવ કરી લે કે બે ઘડીના સામાયિકમાં કેવી દૈવી શક્તિ ભરી છે. ભાવયુક્ત એ ક્રિયામાં કેવી અગાધ ચમત્કૃતિ છે, ચાર પ્રકારના ધર્મમાં પૂર્વના ત્રણ ભેદોમાં જો ભાવની ગેરહાજરી હોય તો ફળપ્રાપ્તિમાં બહુ જ અંતર પડી જાય છે. પાણીના મૂલ્યે ઘી વેચાયા જેવું થાય છે. કહેવાનું એટલું જ કે જેમ લૂણ વિનાનું ભોજન નિરસ લાગે છે, બાળક વગરનું ઘર જેમ શૂન્ય જણાય છે, જળવિહુણા સરોવરની જેવી શુષ્કતા ખુંચે છે, તેવું ભાવહીન ક્રિયાનું સમજવું. દાન, શીલ અને તપરૂપી ત્રિપુટીની પાછળ ભાવનો સહકાર હોય છે તો જ તે ત્રિવેણીરૂપમાં પરિણમી આત્મશ્રેય માટેના અપૂર્વ ધામરૂપ બની જાય છે.

" અર્હન્તના ધર્મમાં દ્રવ્ય યાને ધન પરથી ધર્મકરણીના મૂલ્યાંકન નથી કરાતાં. ભલેને કોઇ એક જ પૈસો ખરચે પણ જો એની પાછળ સદ્‌ભાવનાનું સામર્થ્ય વેગ કરતું હોય તો દેખાદેખીથી કે કીર્તિકાંક્ષાથી લાખ ખરચનાર કરતાં ફળપ્રાપ્તિમાં વધી જાય છે.

' भावना भवनाशिनी ' એ ઉક્તિ કોણ નથી જાણતું ? અરે ! એ ભાવમાં એટલી ઉત્કટ શક્તિ રહેલી છે કે જો એ જરાપણ સ્ખલના વગર વિકસ્વર થતી રહે છે તો અંતર્મુહૂર્ત્તમાં કૈવલ્યની પ્રાપ્તિ કરાવે છે. રાજર્ષિ પ્રસન્નચંદ્રના અસ્તોદયમાં એણે જ મુખ્ય ભાગ ભજવ્યો હતો ને !"

" તો પછી, હે નાથ ! હે મહાસાર્થવાહ ! આ રંક પર કૃપા કરી, અત્યારે એ વ્રત મને આપો. પ્રતિદિન ઉભય ટંકના આવશ્યક ઉપરાંત એક સામાયિક તો અવશ્ય કરવું. એ સમયે મન, વચન, કાયારૂપ ત્રણ પ્રકારના યોગોની સાવદ્ય ક્રિયામાં

જરા માત્ર ઉપયોગ કરું નહીં કે અન્ય દ્વારા કરાવું નહીં. અનુમોદનના પ્રસંગથી પણ સાવચેત રહું. મારી મનોકામના તો એવી છે કે એ બે ઘડીમાં દુનિયાને તદ્દન વિસરી જઉં ને કેવળ ધર્મધ્યાનમાં જ મન પરોવી બેસું."

"પુન્ય! તારી ઇચ્છા વાસ્તવિક છે. સાચી કરણી એનું નામ છે કે એના અમલ વખતે મન-વચન-કાયાની એકાગ્રતા માત્ર એ એક પાછળ જ ખરચાઈ રહેલી હોય. એ માટે પ્રેમી યુવતીનું દૃષ્ટાન્ત દૃષ્ટિસન્મુખ રાખવું.

એક સ્થાને એક સાંઢ નિમાજ પઢી રહ્યા હતા. પાસે થઈને એક તરુણી પસાર થઈ. તેણીના પગની ઠેસ સાંઢના માથામાં વાગી. તરત જ ઊંચુ જોઈને એ બોલી ઊઠયો કે-'રંડી! દેખતી નહીં હૈ?' પણ પેલી બાઈ તો કેટલાએ પગલા આગળ વધી ગઇ હતી. તેણીની આ જાતની બેદરકારી પર સાંઢને ઘણો ગુસ્સો આવ્યો અને નિમાજ પરથી મન કયારે એ પાછી ફરે ને તેણીને ઠપકો આપું, એવા વિચારમાં ગુંથાયું. પેલી તરુણી પણ થોડા સમય પછી એ જ માર્ગે પાછી ફરી. તેણીને જોતાં જ સાંઢ ગર્જી ઊઠ્યા-કડવા વેણ કહ્યા. તરુણી ધીરજથી પૂછવા લાગી કે 'સાંઈજી! મને તો જાણે ભાન નહોતું એટલે મારાથી ઠેશ વાગી પણ આપ તે વેળા શું કરતા હતા?'

સાંઢ-'હું તો ખુદાની બંદગી કરતો હતો.'

'સાંઢ મહારાજ! ગુસ્સો ન કરશો, પણ ધીરજથી વિચારશો તો જણાશે કે આપ જો સાચે જ ખુદાના ધ્યાનમાં એકતાર થયા હોત તો મારી ઠેશ તો શું, કોઇ શિકારીની ગોળીની પણ આપને ખબર પડી ન હોત! ધ્યેય સિવાયના કોઇપણ પદાર્થની શુદ્ધ ધ્યાનમાં સંભાવના જ ન હોઇ શકે. આપની પાસે થઈને તો શું પણ શરીરે ઘસાઇને હું ગઇ હોત તો પણ આપ એ

જાણુત નહીં, કેમકે આત્મા એ વેળા દેહભાન વિસરી જઇ કેવળ અંતર્સૃષ્ટિમાં વર્તતો હોય છે. હું ભાન ભૂલી ને ઠેશ મારતી ગઇ એનું કારણ આપ એમ ન સમજશો કે હું આંધળી છું, કિંવા રસ્તે ચાલવામાં બેદરકાર છું. મારા પ્રેમીને મળવામાં મારું મન એટલી હદે લીન બન્યું હતું કે હું શું કરી રહી છું કે માર્ગમાં કોણ કયાં ઊભું યા બેઠું છે તે તરફ મારું જરાપણ લક્ષ ગયું નહી. કેવળ મારા પ્રેમીના દર્શનમાં જ હું લીન બની હતી. અન્ય સર્વ સાન ભૂલી ગઇ હતી.' સાંઈ તો આ સાંભળી સડક બની ગયા.

"શ્રાવક પુન્ય! ધ્યાનની એકાગ્રતા એવી નિશ્ચળ હોવી જોઇએ."

× × ×

" ચલો, બાજુ પર હો જાવ. આ શકટો કોના છે? માર્ગ-માંથી હાંકી જઇ સરિયામ રસ્તાના છેડે બડા કરો. આ કોના કોથળા પડ્યા છે? અરે! આ ગુણોની થપ્પીઓ કોની છે? જલ્દી જલ્દી અહીંથી બસેડી લ્યો. "

આમ હુકમોની હારમાળા છૂટતી જોઇ વેપારી અને ગાડાવાળા સૌ કોઇ આશ્ચર્ય પામ્યા. રાહદારી પણ સ્થંભી ગયા. કોઇ દિવસ નહીં ને એકાએક આજે આ પહેરેગીરો આમ કેમ આજ્ઞા કરે છે અને જાણે આ જ માર્ગે થઇ મહારાજાની સ્વારી પસાર ન થવાની હોય તેમ હાકોટા કેમ કર્યા જાય છે?

" અરે શક્તિસિંહ! એ અજયપાળ! જરા કહો તો ખરા? આજે છે શું? કણપીઠમાં ગાડાની હાર કે ગુણોની રાશિ એ કંઇ નવાઇના નથી. વળી આ બન્દર દાણાનું રહ્યું એટલે રહેજે ગીરદ્દી થાય અને ભીડ પણ રહે જ. આ વેપારમાં પળીયા શ્વેત થવા આવ્યા છતાં આ માર્ગે રાજવીની સ્વારી આવી હોય એવું નજરે જોયાનું યાદ સરખું નથી, તેમ વૃદ્ધના મુખે સાંભળ્યું

પણ નથી; છતાં અગાઉથી ખબર આપી હોત તો આંગણાં ચોખ્ખાં રાખત અને ઘર હાટ શણગારત પણ ખરા. ”

“ સાચે જ આ રસ્તે મહારાજ પધારે છે ! એ ખબર જ અમોને હમણાં મળી, ત્યાં આપ શેઠીઆઓને અમે અગાઉથી કેવી રીતે જણાવીએ ? ”

મગધપતિ અહીં પધારે છે એટલી ખાત્રી થતાં જ વેપાર-વણજ બાજુ પર રહ્યો અને કર્ણોપકર્ણ વાત શરૂ થઇ ગઇ. આજે એકાએક ખુદ મહારાજા પોતે કેમ અહીં આવવાના હશે ? દરબારમાં પકડી મંગાવવાને બદલે અગર તો કોટવાળને દોડાવવાને બદલે તેઓશ્રી પોતે પધારે છે એમાં જરૂર કંઇ ખાસ કારણ હશે.

ત્યાં તો દેવભદ્ર બોલી ઊઠ્યા: “ આપણી આ પીઠ સાંકડી છે તે પહોળી બનાવવાની છે એટલે જોવા આવે છે. મારો હરિયો કહેતો હતો કે રસ્તાઓ પહોળા બનાવવાની–હવા ઉજાશ વધુ પ્રમાણમાં આવી શકે–સૂર્યના કિરણો સહેલાઇથી પ્રવેશી શકે–તેવી રીતે પોળો સુધારવાની યોજના નક્કી થઇ છે. ”

“ કદાચ એ વાત હશે પણ તે ખાતર પંડે રાજવી ચાલીને આવે એ **न भूतो न भविष्यति** જેવું કહેવાય. એ તંત્રના જુદા અધિકારી નથી ? એ કામ તો કારીગરીના નિષ્ણાતનું ગણાય. સાંભળ્યા પ્રમાણે તો મહારાજ એકલા જ આવવાના છે, સાથે મંત્રીશ્વર અભયકુમાર પણ નથી. ” પૂર્ણભદ્ર નામના વ્યવહારીઆએ સ્વમંતવ્ય જણાવ્યું.

એવામાં ધન્ના શેઠનો મહેંદ્ર આવી પહોંચ્યો અને પોતે કોઇ મહાન્ શોધ કરી હોય એવા ઘટાટોપથી બોલ્યો:

“ કાકાશ્રી ! સાંભળ્યું કે ખુદ મહારાજ શ્રેણિક પોતે પધારે છે ! આવડત કંઇ મળે નહીં ! રળવાની હીકમત આવડે નહીં !

વણિકબુદ્ધિનું નામ ન મળે અને બની બેઠા મોટા ધર્માત્મા! ઘરમાં તો તાવડી તડાકા લેતી હોય છતાં મોટાઇમાંથી હાથ ન કાઢે. ચોથે દિવસે રાજાનો સૈનિક પેલા પુણિયાને બોલાવવા આવેલો. એ વેળા કોઇએ ઉત્તર સરખો દીધો નહીં; તેથી મગધેશ્વર જાતે આજ્ઞાભંગની શિક્ષા કરવા પધારે છે." નાની સરખી વાત પરથી મનગમતા અંકોડા જોડવા એ કાંઇ આજ-કાલની બાસિયત નથી. એ રોગ તો જમાના પૂર્વેનો છે અને એમાં વણિકજાતિ અગ્રપદે મનાય છે.

"મહેંદ્ર! તારી વાત વધારે પડતી છે." યશપાળે સ્પષ્ટીકરણ કરતાં કહ્યું અને આગળ જણાવ્યું કે–"આખી શેરીમાં એક નાકાથી લઇ બીજા નાકા સુધી ફરી વળો તો જણાશે કે પુણ્ય દંપતી જેવું ભદ્રિક ને ધર્મી જોડું બીજું નથી. મારા તો પાડોશી છે એટલે તેમના જીવનમાં સહેજ ડોકિયું કરવું એ મારો નિત્યક્રમ થઇ પડ્યો છે. એ ઉપરથી પૂર્ણ જવાબદારી સ્વીકારીને કહું છું કે–પ્રભુ શ્રી વર્ધમાનના હૃદયસ્પર્શી ધર્મો-પદેશથી અને જીવનની ચંચળતા યથાર્થપણે સમજાયાથી બૃહ-સ્પતિના અવતાર સમા લેખાતા વણિકકુળમાં જન્મ્યા છતાં તે લોભવૃત્તિ, વાણિજ્યરક્તતા અને અમર્યાદિત ધનસંગ્રહથી જળ-કમળવત્ અલિપ્ત છે. એમાં કાયરતાનું નામ-નિશાન પણ નથી અને આવડતનો અભાવ પણ નથી. એક વાર પ્રસંગ પડે તો સમજાય કે એ વણિક-પ્રવર કેવો દક્ષ છે? બાકી એટલું ચોક્કસ છે કે માનવજીવનનું સાફલ્ય શેમાં છે? એ વાતનું રહસ્ય મારા, તમારા અને અન્ય સંજ્ઞાઅંધ મનુષ્યો કરતાં તેના અંતરમાં સચોટ રીતે ઊતરી ચૂકેલ છે. એટલે જ તેમનું જીવન આવું સાદું ને શુષ્ક દૃષ્ટિગોચર થાય છે. એમાં ડગલે ને પગલે નિર્વેદપણાની ઝાંખી કરી શકાય છે.

" વળી એ સાચું દાંપત્ય પણ કેળવી જાણે છે. ભલે આપણે નરજાતિ જેવો જ આત્મા નારીજાતિમાં માનીએ. વાત કરતાં પત્ની એ પતિના અર્ધાંગ સરખી છે અને સમાન હક્કની ભાગીદાર છે એમ કહીએ; છતાં વ્યવસાયના કલાકોમાંથી કોઇ દિવસ બહાર નજર સરખી ફેરવી છે અને નીહાળ્યું છે બરું કે એ સ્ત્રીજાતિમાં અજ્ઞાન અને વહેમ કેટલાં ભર્યાં છે? એમાં ધર્મની સાચી આસ્થા વધારે છે કે ઉપરછલ્લી ઘેલછાની આડંબરી છાયા વધારે છે? આપણે એને ટાળવા માટે એ વર્ગમાં જ્ઞાન-રવિનો પ્રકાશ ફેંકવાનો પ્રયાસ કર્યો છે બરો? શ્રાવકવર **પુન્ય**નો એ નિત્યક્રમ છે કે પોતે જે કંઇ ધર્મ સમજે તે સર્વ પોતાની ભાર્યાને સરળતાથી સમજાવે છે. એને અમલમાં મૂકવા ઉભય કેડ બાંધે છે; તેથી જ આપણી હવેલીઓ સામે એ યુગલ એક નાનકડા ઝુંપડામાં વસી શકે છે. આપણા લબ્ધલૂટ બર્યો અને મનગમતા વિલાસો અહર્નિશ નજરે ભાળ્યા છતાં, એ પ્રતિ રંચમાત્ર લલચાયા વગર સાદું અને શુદ્ધ જીવન જીવી શકે છે. કેવળ સાડાબાર દોકડા–માત્ર બે આનાની કમાઇ પર નિર્વાહ કરી આનંદી જીવન ગાળી શકે છે. આપણા ઘરમાં વસ્ત્ર અને આભૂષણોના ઢગલા છતાં રોજ નવી જાતો ને નવી ભાતોનાં સંભાષણ ચાલતાં હોય છે ત્યારે એ મઢુલીમાં સંતોષની શીતળ છાયા પથરાઈ હોય છે. કોઇ તપેલું હૃદય ત્યાં પ્રવેશે છે તો પોતાનું કલેશજન્ય દુઃખ સહજમાં વિસરી જાય એવી અગાધ શાંતિ ત્યાં પ્રસરેલી હોય છે. આપણે જ્યારે વર્તમાન કરતાં પણ ભાવીની ચિંતામાં વધુ તદાકાર બન્યા રહી એના આંકડામાંથી ઊંચા નથી આવતા ત્યારે એ મહાત્મા માત્ર બે આનાની નજીવી કમાણી પર મુસ્તાક રહી આ ધંધાના ધીકતા ધામ સમી અને ઋદ્ધિસિદ્ધિમાં દેવોની અલકાવતીને પણ આંજી નાંખે તેવી નગરીમાં નિશ્ચિંત જીવન વ્યતીત કરે છે, આત્મશ્રેય વિચારી શકે છે અને ભાવી

પંથ નિર્મળ બનાવવા પ્રયાસ સેવે છે. આવા સુંદર જીવનની મીઠી સૌરભ આસપાસ પણ પથરાય છે. ઘણી ઘણીઆણી વચ્ચેના દૃઢ મેળ ને અનુરાગ સિવાય આવું જીવન શક્ય પણ નથી.

" મૂળ વાતથી હું જુદે ચીલે ચઢી ગયો, છતાં મારા કહેવાનો સાર તો એટલો જ છે કે એને પત્નીમાં પ્રશંસનીય સ્નેહ વર્તે છે. એક દિવસ પરમાત્માની અમૃત વાણી શ્રવણ કરી, પુન્યે ઘેર આવી, એ સર્વ પોતે તેણીને કહી સંભળાવી અને પોતે જે વ્રત સ્વીકાર્યું હતું તેવું તેણીએ પણ ગ્રહણ કરવું એ વાત દલીલથી ઠસાવી દીધી કે જેથી બીજે જ દિવસે શ્રીમતી પ્રભુ સન્મુખ પહોંચી ગઇ અને પ્રતિદિન સામાયિક કરવાનો નિયમ સ્વીકાર્યો. એ દંપતીના સામાયિકનો ખ્યાલ નજરે જોયા વિના ન આવે. નિરવદ્ય 'રૂ' ની પૂણીઓ બનાવી, એ દ્વારા નિર્વાહ કરવો અને બે આના મળી રહેતાં ઝાઝો લોભ ન કરતાં બાકીનો સમય આવતા ભવની તૈયારીમાં ખરચવો એ ચોળમજીઠના રંગે રંગાયેલાનું કામ છે. એમાં સાચી વીરતા છે." યશપાળનું લાંબું છતાં જાણવા જેવું વર્ણન સાંભળી સૌ આશ્ચર્ય પામ્યા, ત્યાં તો શ્રેણિકમહારાજની સ્વારી પણ આવી પહોંચી.

મહારાજે ગાડી ઊભી રખાવી. પ્રજાજનના નમસ્કાર ઝીલતા, માત્ર બે અંગરક્ષકને સાથે રાખી પોળમાં પ્રવેશ કર્યો. જેમના હૃદય શંકાશીલ છે તેઓ તો કંઇ કંઇ શંકાના વમળમાં ચકરાવા લેવા લાગ્યા. જાતજાતની કુશંકાઓ મહારાજના આગમનને અંગે કરવા લાગ્યા. પુણિયાનો શું દોષ હશે ? એના અનુમાન બાંધવા લાગ્યા. વળી એકાદ બે શ્રીમંતને વિચાર થઈ આવ્યો કે એ તૂટીફૂટી મેડી આગળ તે મગધેશ્વરને છાજે તેવું બિછાનું પણ કયાંથી હશે; માટે તરત જ નોકરને આજ્ઞા કરી ગાલીચા પણ મંગાવ્યા. કેટલાક તો જાણે આગેવાન હોય તેવી રીતે

દોડાદોડી કરવા મંડી પડ્યા અને એકાદ બે ઉતાવળીઆએ આગળ જઈ, પુણિયા ને શ્રીમતીના નામની બૂમો મારવા માંડી. જનસમાજનું આ ચિત્ર કંઈ નવું નથી. રાજાઓને દેવ જેવા ગણવાનો રવૈયો કેટલા ય કાળથી ચાલ્યો આવે છે. વણિકસમાજ એ જાતના બહુમાનમાં પાવરધો ગણાય છે.

એક તરફ આ ધમાલ ચાલી રહી છે ત્યારે બીજી બાજુ શ્રાવક પુન્ય તો બે ઘડીની અવધિવાળા સાધુપણામાં મશગૂલ છે. મેડી પરના એક ખૂણામાં કેવળ ધર્મધ્યાનમાં લયલીન બન્યો છે. માત્ર પોળ કે એમાં ચાલતા ક્રયવિક્રયને જ નહીં પણ પોતાની બહુલી, પ્રેયસી શ્રીમતી અને ખુદ પોતાની જાતને પણ ભૂલી જઈ, 'હું અને મારું' એવા ભાવને તદ્દન વિસારી મેલી, માત્ર આત્મિક ભાવનાના તરંગો પર આરૂઢ થયેલ છે.

મનોપ્રદેશમાં–**अहं एकोऽस्मि, नत्थि मे कोई, अनित्ये संसारे भवति सकलं यन्नयनगम् तदनित्यम्** જેવા ગર્ભિત પદોના ઝંકારવ થઈ રહ્યા છે.

શ્રીમતીએ નૃપના ચરણમાં મસ્તક નમાવી, હસ્તદ્વય જોડી, આદરસત્કારપૂર્વક બેસવા માટે સ્વચ્છ આસન પાથર્યું અને અગાઉ રાજ્ય તરફથી સૈનિક આવેલ ત્યારે પતિ સામાયિકમાં હતા અને પોતે ઘેર ન હોવાથી તેમ જ આગમન કારણ ન સમજાયાથી એ સંબંધમાં કંઈ અમલ થઈ શક્યો નથી, એમ જણાવી ઉમેર્યું કે–"આજે પણ મારા સ્વામીનાથ સામાયિકમાં છે એટલે આપશ્રીની બીજમતમાં દેખાતા નથી માટે એમના પ્રતિનું જે કંઈ કાર્ય હોય તે મને જણાવવા કૃપા કરશો."

"સુભગે! હું ચાલી–ચલાવીને આવ્યો છું એમાં મારો અંગત હેતુ છે. તારે એથી રંચમાત્ર મૂંઝાવાનું નથી. મેં સૈનિકને ઘર જોવા સારુ મોકલ્યો હતો. તમારા સરખા ધર્મી દંપતી માટે નથી

તો મેં કોઈ જાતનો હુકમ કાઢ્યો કે નથી તો કોઈ પ્રકારની આજ્ઞા આપી; તેથી આજ્ઞા-ભંગનો પ્રશ્ન જ સંભવતો નથી. તમારા પતિ સુખેસમાધે ભલે સામાયિક કરે. એટલો સમય હું રાહ જોતો અહીં બેસીશ. જો તમને વાંધો ન હોય અને તમારા પતિની ધર્મક્રિયામાં એથી કંઇ અગવડ આવવાનો સંભવ પણ ન હોય તો મારી ઇચ્છા તેમને નજરે જોઇ લેવાની છે. પરમાત્મા મહાવીરદેવે જે આત્માના સામાયિકની સ્વમુખે પ્રશંસા કરી છે એ નયને જોવાનો લાભ સાંપડ્યો છે તો શા સારુ જતો કરવો ? ”

“ મહારાજ ! સુખેથી પધારો. દાદર ચડતાં જ આપ સાહેબ એમને પૂર્વ દિશા સન્મુખ સામાયિક લઈ બેઠેલા અને સમભાવમાં લીન થયેલા જોશો. ”

શ્રેણિક ભૂપાળે એક સામાન્ય વ્યક્તિને એકતાર બની સમતારસનું પાન કરતી નિહાળી ત્યારે એના હૃદયમાં જે હર્ષોન્માદ પ્રગટ્યો તે એટલો જોરદાર નિવડ્યો કે એને બહાર પ્રગટ કરવાની અનિચ્છા થતાં હોઠ ઊઘડી ગયા અને બોલી જવાયું: “ **ધન્ય મહાત્મા.** ”

લોકસમુદાય તો એક સામાન્ય વણિકને ત્યાં મગધેશને આમ રાહ જોતાં બેઠેલા જોઇ વિસ્મય થઈ ગયો. પુણિયા શ્રાવકનું આવું મહત્ત્વ અત્યાર પૂર્વે ખુદ એના પડોશી પણ નહોતા પારખી શક્યા તો પછી મહોલ્લાવાસી કે બહારની જનતાનું શું કહેવું ? અડગ વ્રતધારી આ શ્રાવકને એક રાજવીના આગમનની પણ કંઇ પરવા નથી, એ જોઇ લોકોને પણ એને માટે બહુમાન પેદા થયું. એનામાં રહેલ અમાપ સત્ત્વનો ખ્યાલ આવ્યો. આવા અનુપમ સત્ત્વશાળીની ભગવાન પણ પ્રશંસા કરે એમાં શી નવાઇ ? અડગતા, દૃઢતા કે વીરતાનો ઇજારો ઓછો જ કોઇને અપાયો હોય છે ? આવા સત્ત્વશાલીઓના પ્રભાવથી જ પૃથ્વી રત્નગર્ભા કહેવાય છે.

સામાયિકની પૂર્ણાહૂતિ થઇ. પુન્ય શ્રાવક દાદર ઊતરી નીચે આવ્યો. પોતાના ગરીબ ઘરમાં એક મહાન્ દેશના સ્વામીને પધારેલા નીરખ્યા. પોતાને માટે રાહ જોતાં ભાળ્યા; એથી આશ્ચર્ય પણ થયું. નમસ્કાર કરી વિનય જાળવ્યો અને નમ્રભાવે આગમન કારણ પૂછ્યું.

માનવવૃંદ એક કાને એ સાંભળવા આતુર બન્યું. મનગમતા ગપાટા હાંકનારના મોતીઆ કયારના ય મરી ગયા હતા; છતાં ડૂબતો માણસ તરણાને પકડે તેમ એ પણ સાંભળવા આતુર બન્યા. રાજવી માત્ર ઠપકાના બે શબ્દ કહેશે તો પણ તેમની વાત તદ્દન ખોટી નહીં ઠરે એવી આશા સેવી રહ્યા.

" મહાશય ! મારા આગમનનું પ્રયોજન એક જ છે. મારે આપના એક સામાયિકનું ફળ જોઇએ છે. સ્વધર્મી ભાઇ તરિકે, મારા પ્રાણજન તરિકે, આપે એ માગણી પૂરી કરવી જ પડશે. એટલું પુન્ય આપવું તમારે તો સહજ છે અને એથી મારો તો ઉદ્ધાર છે."

" મહદ્ આશ્ચર્ય ! મગધનો સ્વામી કે જેની કીર્તિ આજે ભારતવર્ષના ચારે ખૂણામાં ગવાઇ રહી છે, જેની સમૃદ્ધિની તોલે આજે અન્ય કોઇ રાજ્ય આવી શકે તેમ નથી, જેની પાસે બૃહસ્પતિની તુલના કરે એવો મહાબુદ્ધિમાન ને વિચક્ષણ અભયકુમાર જેવો મંત્રી છે, એનો ઉદ્ધાર મારા જેવા રંક માનવીના હાથે ! તદ્દન અસંભવિત. વળી આપ સરખા ધર્મના જ્ઞાતાના મુખે સામાયિકના ફળની માગણી સાંભળું છું ત્યારે તો મારું એ આશ્ચર્ય અતિશય વૃદ્ધિ પામે છે.

" પુરાણકારોને ત્યાં એકનું પાપ અન્યને નામે ચડતું, અથવા તો અમુકની કરણીમાં બીજાનો હિસ્સો પડતો અગર તો પ્રજાના ધર્મપાલનમાં રાજવીનો છઠ્ઠો ભાગ હોય છે એવું સાંભળવામાં આવ્યું છે, પણ જૈનદર્શનમાં તો પુન્ય કિંવા પાપ જે

આત્મા કરે છે તેને જ ભોગવવાનું હોય છે. એ કંઇ ક્રયવિક્રયની વસ્તુ નથી. ફળપ્રાપ્તિનો આધાર ક્રિયાશીલ આત્માના પરિણામ પર અવલંબે છે અને પરિણામ એ કંઇ લેણુદેણુ કરી શકાય તેવી ચીજ નથી. ”

“ મહારાજ ! આપને માટે આ સેવક જાન કુરબાન કરવા તૈયાર છે, છતાં સામાયિકનું ફળ દેવાની વિધિથી તદ્દન અજાણ છે. હજી સુધી એના કાને પણ નથી પડયું કે ધર્મક્રિયાનું ફળ અન્યને દઇ શકાય છે. ”

“ મહાનુભાવ ! તમારે મૂંઝાવાની જરૂર નથી. આ કંઇ મારા અંતરમાંથી ઉપજાવેલ તુક્કો નથી. આ તો પ્રભુશ્રી મહાવીરદેવની સૂચના અનુસાર પ્રયાસ છે. એ પાછળ મારું ભવિષ્ય ગુંથાયેલું છે. સાંભળો:—

“ એકદા પરમાત્મા મહાવીરદેવની પર્ષદામાં બેસી સંતાપ હરનારી વાણી હું શ્રવણ કરી રહ્યો હતો ત્યાં એકાએક કોઇ કોઢીઆએ આવી પ્રભુના દેહનો સ્પર્શ કર્યો અને પોતાના અંગ પરના પાસથી પ્રભુના દેહને ખરડવા લાગ્યો. આ જોતાં જ ગુસ્સાથી મારું અંગ ધ્રૂજી ઊઠયું, નેત્રો લાલચોળ બની ગયાં, ઊઠીને પાંચ સાત તમાચાં ખેંચી કાઢવાનું મન થયું. ત્યાં તો એ ધૃષ્ટ આદમીએ પોતાની એ અપવિત્ર લીલા બંધ કરી. એવામાં પ્રભુને છીંક આવી એટલે ‘ **મર** ’ એવો ઉચ્ચાર કર્યો. અભયકુમારને છીંક આવતાં ‘ **મર યા જીવ** ’ કહ્યું. છીંકનો સ્વભાવ છે કે એ આવે છે ત્યારે પડઘો પાડતી આવે છે અર્થાત્ એકને આવતાં જ અન્યને પણ આવવા માંડે છે. એવી જ રીતે મને અને કાળસૌકરિક(કસાઈ)ને પણ આવી, અને તરત જ પેલો કોઢીઓ અનુક્રમે બોલી ઊઠ્યો ‘ **મા મર** ’ ‘ **મા જીવ મા મર.** ’

ધર્મપ્રરૂપકની પિયૂષ દેશના વચ્ચે—સભાસ્થાન જેવા પવિત્ર

સ્થળમાં એક પામર માનવીનું આ જાતનું ઘૃણોત્પાદક વર્તન ચલાવી લેવાનું મને વ્યાજબી ન જણાયું. તરત જ મેં દરવાનોને જોવા એ બહાર નીકળે કે તરત પકડી લેવાનો હુકમ આપ્યો; પણ અમારા બધાની અજાયબી વચ્ચે એ જોતજોતામાં આકાશ-માર્ગે ચાલી ગયો; નજરથી અદૃશ્ય થઇ ગયો. દરવાનો પણ હાથ ઘસતાં જ રહી ગયા !

આ જાતનો ચમત્કાર અણઊકેલ રહે તો સૌ શંકાશીલ રહે એટલે મેં પ્રભુશ્રીને પ્રશ્ન કર્યો:—

'નાથ ! આ જાતની આશાતના કરનાર એ કોણ મનુષ્ય હતો ? ભરી પર્ષદામાં સ્વચ્છંદતાથી ગમે તેમ બકવાદ કરવાની એને ઇચ્છા શાથી થઇ ? અને કઇ શક્તિના જોરે એ અદૃશ્ય થઈ ગયો ? '

ઉત્તરમાં પરમાત્મા શ્રી મહાવીરદેવે જે જણાવ્યું તે હું, શ્રાવકવર પુન્ય ! તમને જણાવું છું. એમાં જ મારા ઉદ્ધારની ચાવી છે. એ ચાવીના એક પાંખડારૂપે તમે છો. એમાં જ ભૂતકાળની સ્ખલના અને ભાવીકાળની વિટંબણાના અંકોડા સંધાય છે. એ સાંભળતાં જ તમારું આશ્ચર્ય ભેદાઇ જશે અને સત્ય સ્થિતિ સમજાશે.

પરમાત્મા મહાવીરદેવે જણાવ્યું કે 'રાજવી શ્રેણિક ! એ પામર દેખાતો આદમી કોઈ કોઢીઓ ન હતો. તમારી જ નગરીમાં વસનાર, મણિકર્ણિકા વાવ બંધાવનાર અને આર્ત્તધ્યાને મૃત્યુ પામી દેડકારૂપે તેમાં જ ઉપજનાર નંદ મણિયારનો જીવ, પાણી ભરવા આવેલ સ્ત્રીઓનાં મુખે મારું સમવસરણ અત્રે થયાનું સાંભળી, વાવની બહાર આવી ઠેકડા મારતો અહીં આવી રહેલ તે દર્દુર તમારા અશ્વના પગ નીચે આવી જતાં શુભ ભાવનામાં પંચત્વ પામી તરતમાં જ દેવયોનિમાં ઉત્પન્ન થયેલ દર્દુરાંક નામનો

દેવ હતો. ભાવનાચંદનથી તે મારી પૂજા કરતો હતો. દેવમાયાના પ્રભાવથી દૃષ્ટિવિભ્રમ થવાથી તમને એ કોઢીઓ દેખાયો હતો.'

'તો પછી સ્વામી! કર્ણને કટુ લાગે તેવા અમંગળકારી શબ્દો તેણે શા કારણે ઉચ્ચાર્યા? આપ સરખા ત્રણ જગતના નાથને 'મરવાનું' કેમ કહ્યું?'

'રાજન્! એમાં પણ એની ભાવના શુદ્ધ છે. કેવળ સાચી સ્થિતિનું ધ્યાન છે. હું જેટલો જલ્દી મરું તેટલો બાકી રહેલ ચાર કર્મોના પાસમાંથી જલ્દી છૂટું. ભલેને બેડી સોનાની હોય છતાં એ બેડી તો બેડી જ ને? તીર્થંકરપદનો અધિકાર-સાચે જ સર્વોત્તમ ઐશ્વર્યની અવધિરૂપ છે છતાં એ કર્મજનિત તો બેડો જ ને? જ્યાં સદંતર કર્મનો અભાવ છે એવી સિદ્ધદશા તો નહીં જ ને? શુદ્ધ અને સાચું ધ્યેય તો એ જ છે ને?

અભયકુમારને અહીં પણ સુખ છે અને મરણ પછી સર્વાર્થ-સિદ્ધ વિમાનમાં અવતરવાનું હોવાથી ત્યાં પણ સુખ છે એટલે તેને માટે મરણ કે જીવન સમાન હોવાથી 'મર યા જીવ' કહ્યું. પણ તમારી દશા જુદી છે, તેથી તમને મરવાની ના પાડી અર્થાત્ 'મા મર' શબ્દનો પ્રયોગ કર્યો. તમારું મરણ આધું ઠેલાય એમાં જ લાભ છે; કેમકે મરણ બાદ નરકનાં આકરાં દુઃખ તમારે ભોગવવાનાં છે.

જેનું ચાલુ જીવન પણ શ્રેયકારી નથી અને જેનું મરણ પછીનું નવું જીવન પણ કેવળ અસીમ પીડાકારી છે એવા કાળ સૌકરિક(કસાઇ)ને 'મા જીવ મા મર'નું સંબોધન કર્યું તે વાસ્તવિક જ છે. તે અહીં રોજ પાંચસો પાડાનો વધ કરી કેવળ પાપના પોટલા બાંધે છે. એને રૌદ્રધ્યાન સિવાય અન્ય ધ્યાન જ નથી. મરીને સાતમી નરકે જવાનો છે. એ પાતાળભૂમિના

ઘોર દુઃખોની શી વાત કરવી ? કેવળ સ્મરણમાત્રથી પણ દેહ કંપી ઊઠે તેમ છે ! '

" હે પુન્ય ! આ સાંભળતાં જ મારા મોતીઆ મરી ગયા. ક્યાં મગધના સ્વામી તરિકેની ઋદ્ધિસિદ્ધિ અને ક્યાં નરકની યાતના ? આ તે કેવો યોગ ! ઊંચા શિખર પરથી ગબડીને ઊંડી ખાઇમાં હડસેલાઇ જવાનું. શ્રાવકવર પુન્ય ! હું સાચું કહું છું કે પ્રભુના એ સ્પષ્ટીકરણ બાદ મારા હૃદયમાં એવું તો મંથન થઈ રહ્યું કે મને બીજી કોઈ વાતમાં રસ ન પડ્યો.

" દેશનાની સમાપ્તિ થયા બાદ તરત જ શ્રી વીર પાસે હું દોડ્યો. તદ્દન નમ્ર બની જઇ એક જ પ્રશ્ન કર્યો કે ' આપ જેવા સ્વામી માથે છતાં શું મારે નરકમાં જવાનું ? ' સરણદયાણું અને અભયદયાણું ' પદ સાર્થક કરી બતાવો. ' જગસત્થવાહ ! ' સાચો રાહ બતાવો. મારે કર્મની આંટીઘુંટી સમજવી નથી, પૂર્વકરણીનાં પુરાણ ઊકેલવાં નથી, ભૂતને ભૂલી જઇ કેવળ વર્તમાન જોવો છે. ભાવી સુધરે એવો ઉપાય સત્વર બતાવો. હજુ કંઈ બગડી ગયું નથી, એ ગતિ ટાળવા સર્વ કંઈ કરી છૂટવા હું તૈયાર છું. આપ તરેલા છો ને બીજાને તારી શકો છો, તો મારી પ્રાર્થના છે કે ' બિગડી સુધારો સુભાગી. '

" મારી પ્રાર્થના નિષ્ફળ ન નિવડી. એ દયાના સાગરે સાકર કરતાં પણ અતિ મીઠી વાણીવડે જણાવ્યું કે ' તારી કપિલા દાસી એક દિવસ સુપાત્રને દાન આપે, અથવા કાળ સૌકરિક એક દિવસ માટે પાડાનો વધ બંધ કરે અથવા પુણિયો શ્રાવક એક સામાયિકનું ફળ તને આપે તો રાજન્ ! નરકનું ગમન દૂર જાય."

" જેમ સૂકાયેલું વૃક્ષ વર્ષાના વારિથી નવપલ્લવિત બની જાય તેમ મારા દેહમાં પુનઃ નવશક્તિનો સંચાર થયો. નિરાશાનું વાદળ ભેદાઇ ગયું. આશાનો દીપક પ્રકાશી ઊઠ્યો. ' એ તો

સહજ વાત છે' એમ કહી પ્રભુને વંદન કરી હું ત્યાંથી ચાલી નીકળ્યો. શ્રેષ્ઠિવર્ય પુન્ય ! આ એક દિવસ આજે સાંપડ્યો છે. કસાઇ અને દાસીને શરત પ્રમાણે કામ સોંપાણું પણ તે તેમણે કર્યા નથી. હવે તમારી સંમતિની જરૂર છે. તમે જો સામાયિકનું ફળ મને આપો તો મારું દુઃખ ટળે. કહો, તમારો એ માટે શું જવાબ છે ?"

" મહારાજ ! આપ સામ્રાજ્યના સ્વામી હોઈ મારા મુરબ્બી સ્થાને છો. વળી એક જ ધર્મના અનુયાયી હોઇ સ્વધર્મીબંધુત્વનો નાતો પણ ધરાવો છો. એક સામાયિકનું ફળ આપવાથી આપના મનોરથની સિદ્ધિ થતી હોય તો તેમ કરવા હું તૈયાર જ છું. શુદ્ધ રીતે સામાયિક કરી જાણું છું. ફક્ત નથી જાણતો તે કે એનું શું ફળ બેસે છે ? તેમ એ અન્યને કેવી વિધિથી દઇ શકાય ? વળી કેવળ આત્મશ્રેયની અભિલાષાથી સામાયિક જેવી પવિત્ર ક્રિયા કરતી વખતે મેં કાંઇ પણ ફળની અપેક્ષા અદ્યાપિ સુધી રાખી નથી, એટલે જેમણે એ માર્ગ દાખવ્યો છે તેમની પાસે ગયા સિવાય એનું વિધાન જડવું અશક્ય ને અસંભવિત છે."

" તો પછી ચાલો મારી સાથે. પોળ બહાર વાહન તૈયાર જ છે. પ્રભુશ્રી વીર પાસે પહોંચી જઇ એનો ખુલાસો મેળવી લઇએ. સર્વજ્ઞ એવા શ્રી વર્ધમાનસ્વામી આંગણામાં જ બિરાજે છે ત્યાં શાને વિલંબ કરવો ?"

ગાડીમાં પોતાની બાજુમાં પુન્યને બેસાડી મગધના સ્વામી ભંભાસાર સમવસરણની ભૂમિ પ્રતિ સિધાવ્યા ત્યારે પોળવાસી-માંનાં રહ્યાસહ્યાની શંકા પણ ઓગળી ગઇ અને એક સામાન્ય દેખાતા વૃદ્ધશ્રાવકની સામાયિક ક્રિયા કેવી મહત્તાભરી છે એનો એમને કંઇક ખ્યાલ આવ્યો. ત્યારે જ એ ચોખ્ખું સત્ય ઘણાને સમજાયું કે ધર્મનો વાસ આડંબર કે ધામધૂમમાં નથી પણ નિરવ શાંતિમાં અને સમતાપૂર્વકની કરણીમાં સમાયો છે.

ધર્મનાં મૂલ્ય દ્રવ્ય કે સંપત્તિના માપે નથી અંકાતાં પણ અંતરની શુદ્ધિ અને પરિણામની ધારા પરથી જ અંકાય છે.

જ્યાં કેવળ અહિંસાદેવીનું એકછત્ર સામ્રાજ્ય વિસ્તર્યું છે એવા શ્રીમહાવીરદેવ સમીપ પહોંચી વિધિયુક્ત વંદનપૂર્વક એક બાજુ બેસતાં જ ભૂપ શ્રેણિકે સ્મિતવદને ઉચ્ચાર્યું કે—

" ત્રિલોકના સ્વામી ! જ્ઞાતનંદન પ્રભુ ! આપશ્રીએ દર્શાવેલા ત્રણ કાર્યોમાંનાં બેનું પરિણામ તો સારું આવ્યું નથી; છતાં સત્તાથી અમલ કરાવ્યો છે અને ત્રીજી વિધિ માટે શ્રાવકવર પુન્યને સાથે જ લાવ્યો છું. હવે તો તેને કહીને મારું નરકગમન ટાળવા કૃપા કરો. "

ચૌદ રાજલોકના દરેક બનાવ જેમના કેવળજ્ઞાનરૂપ અરિસામાં સ્પષ્ટરૂપે દૃષ્ટિગોચર થઇ રહ્યાં છે ત્યાં ભંભાસારની પ્રસ્તાવનાની શી જરૂર હોય ? છતાં કડવો ઘુંટડો એકદમ ગળે ઉતરાવવો યોગ્ય ન ધારી પ્રસન્નવદને શ્રીમહાવીરદેવે જણાવ્યું કે–

" રાજન્ ! શરતની પૂર્ણતા વિના નરકગમન કેવી રીતે ટળવાનું હતું ? વળી તારી રીત શરતપૂર્તિને યોગ્ય ન ગણાય. કાર્યસિદ્ધિ પ્રેમભાવે જ થઇ શકે, એમાં બળજબરી કામ ન આવે. કાળસૌકરિકને આંધી કૂવામાં ઉતારવાથી પાંચ સો પાડાનો વધ તું અટકયો ગણે છે ? ગણતો હોય તો પણ સમજી રાખ કે એ માત્ર દ્રવ્યથી જ, ભાવથી નહિ. એ કસાઇએ પાણીમાં રહ્યાં થકાં પાણીમાં પાડાનાં ચિત્રો કાઢી પોતાનો વધ કરવાનો નિયમ જાળવ્યો છે અર્થાત્ મનથી હિંસા છોડી નથી. કપિલાદાસી સ્વેચ્છાએ કયાં દાન દે છે ? તારી ભીતિથી જે ક્રિયા કરે એથી શ્યો લાભ ? "

" ભલે આપ સાહેબની નજરે એ બે આત્માઓ મનથી મને સાથ નથી આપતા પણ મહાશય પુન્ય તો રાજીખુશીથી સહકાર આપવા તૈયાર છે. આપ ઉપાય બતાવો એટલે કામ સરે. "


" રાજવી શ્રેણિક ! તું મારો આશય હજી પણ સમજી શકયો નથી. શુભ કે અશુભ કરણી એ આત્માની મરજીઆત વસ્તુ છે, એમાં બળજબરી ચાલી શકતી નથી. વળી એની ફળપ્રાપ્તિ–ક્રિયા કરનાર આત્માના અધ્યવસાય પર નિર્ભર છે. બાહ્ય પ્રયોગોથી નથી મેળવી શકાતી કે નથી એના અદલાબદલા કરી શકાતા. તેથી તો એ કહેવત પ્રચલિત છે કે ' **કરે તેવું ભોગવે અને વાવે તેવું લણે.** ' તેં પૂર્વે ગર્ભવતી હરણીને શરથી વીંધી નાંખી જે અશુભ કર્મ ઉપાર્જન કર્યું છે તે એવું નિકાચિત છે કે એનો છૂટકારો ભોગવ્યા વિના થનાર નથી. મેં જે ઉપાય દાખવેલ તે પણ માત્ર તારા સાંત્વન અર્થે જ, બાકી જ્ઞાનબળથી હું જાણતો જ હતો કે કાળસૌકરિક કે કપિલા પોતાના પરિણામ બદલવાના નથી. એ આત્માઓ અભવ્ય છે. "

" તો પછી આપ સરખાનું શરણ મળ્યા છતાં મારે નરકમાં જવાનું તો બરું જ ને ? "

" એમાં શંકા જેવું નથી, હોણહાર મિથ્યા કરી શકાતું નથી. પાંચ સમવાયના બળે વિશ્વનું નિયંત્રણ થયે જાય છે. પણ તું શા સારુ ખેદ ધરે છે ? કરેલું ભોગવવાનું છે. એ સમતા સહ ભોગવવાનું પરાક્રમ દાખવ. તીવ્ર કસોટી અને આકરી તાપણી વિના આત્મા નિર્મળ કયાંથી થાય ? મુંઝાઈશ નહીં, દુઃખ પછી સુખ આવશે જ. પહેલી નરકમાંથી ૮૪૦૦૦ વર્ષે નીકળી મારા સરખો તીર્થંકર તું આ ભરતમાં જ થઇશ. અવસર્પિણી કાળનો હું છેલ્લો છું જ્યારે તું ઉત્સર્પિણી કાળનો પહેલો તીર્થંકર થઇશ.

" અલબત્ત, એ સમય પૂર્વે હું ને શ્રાવકવર પુન્ય તો આ ફાની દુનિયામાંથી સદાને માટે સિધાવી ગયા હશું, પરંતુ ચૌદ રાજલોકના પ્રાંત ભાગે રહ્યા છતાં અમારી જ્ઞાનદૃષ્ટિ જરૂર પદ્મનાભ તીર્થપતિના શાસનકાળ તરફ હશે જ. "

શ્રેષ્ઠી સુદર્શન



पालयन् दर्शनं शुद्धं, शीलं च मुक्तिसौख्यदम्।
मुक्तिं गच्छति भव्याङ्गी, सुदर्शन इवादरात्॥

અહા ! ટૂંકાણુમાં–માત્ર ગણત્રીના શબ્દોમાં–શ્રી ભરતેશ્વર આહુબળી વૃત્તિકારે, પ્રાતઃસ્મરણીય નરનારીઓનાં જીવન આલેખતાં, શ્રેષ્ઠી સુદર્શનની મુક્તિસાધના દર્શાવતાં ટૂંકી છતાં કેવી સુંદર પીઠિકા બાંધી છે ? એ શ્લોકમાં જ માત્ર સુદર્શન શેઠની સાધના દર્શાવી સંતોષ ન માનતાં, સાથે સાથે પ્રત્યેક આત્માને સ્પષ્ટ દર્શાવી દીધું છે. વ્યવસાયરક્ત, વ્યવહારદક્ષ અને વણિક-કળાકુશળ વૈશ્યસંતાનોને ખાસ ઉદ્બોધન કર્યું છે કે–દર્શન યાને સમ્યક્ત્વ, શીલ યાને આચારની શુદ્ધિ કે પવિત્રતા અથવા તો નિશ્ચળતા જાળવશો તો તમારે ક્ષત્રિયવૃત્તિની તેજસ્વિતા કે દ્વિજવર્ગસમ જ્ઞાનાર્જનની જરૂર રહેવાની નથી. ઉક્ત ગુણ-બેલડીના જોરે શિવસુંદરી તમારા બારણા ઠોકતી–રૂમઝુમ કરતી આવવાની છે. સુદર્શન શેઠનું જીવન એ વાતના પ્રત્યક્ષ પુરાવારૂપ છે.

માત્ર સમ્યગ્દર્શનના માહાત્મ્યથી, એ મહાગુણમાં પ્રાપ્ત કરેલી અડગતાથી, રાજવી શ્રેણિકે પોતાનામાં તથાવિધ જ્ઞાન કે ચારિત્રનો સદ્ભાવ ન હોવા છતાં, તીર્થંકરપદની સાધના કરી એ વાતથી કોણ અજાણ છે ?

એ જ પ્રકારે માત્ર બ્રહ્મચર્યના તેજથી મુક્તિલલનાના આવાસમાં પગ મૂકનાર નારદજીનું નામ કોણ નથી જાણતું ? પરસ્પરને લડાવવા કે કંઈના કંઈ કારણ જન્માવી કલહનાં આંધણ મૂકાવવા એ જાતના કુતૂહલમાં સારું ય જીવન વીતાવવું એ જાતની વૃત્તિને દુનિયા 'નારદવેડા' કે 'નારદવૃત્તિ' થી

પિછાને છે. આવું જીવન ગાળનાર જો કાયમને માટે કર્મજંજાળનો અંત આણી શક્યા હોય તો એ કેવળ શુદ્ધ બ્રહ્મચર્યનો પ્રભાવ છે. સર્વથા સ્ત્રીસંગ ત્યજી દઇ મનસા, વાચા, કર્મણા શિયળવ્રત ધરનાર, સાચે જ પૂજનીય-અરે ! પ્રાતઃસ્મરણીય છે. પણ જેઓ એટલી હદે નથી જઇ શકતા છતાં સ્વદારાસંતોષી બની પરસ્ત્રી પ્રતિ માતા કે બહેન સદૃશ વર્તન દાખવે છે તેમનાં નામ પણ અવશ્ય બહુમાનલાયક હોય છે. એવા શીલવંતા માનવી જગતનાં આભૂષણરૂપ છે. એવા પુણ્યશ્લોકોની સ્મૃતિ સૂર્યોદય પૂર્વે થાય છે. તેથી જ **'રવિ પહેલાં ઊગંત'** નું વડભાગી બિરુદ તેમને પ્રાપ્ત થયેલ છે.

આપણા નાયક સુદર્શન શેઠ ઉપરોક્ત નામમાળામાંના એક છે. તેમની જીવનપ્રભા આકરા કષ્ટોની તાવણીમાં તવાયા છતાં, એકધારી પ્રકાશી રહી. અરે ! અગ્નિપરીક્ષામાં શુદ્ધ કુંદન જેમ છૂપું ન રહે તેમ શ્રેષ્ઠી સુદર્શનની શુદ્ધતા અંધારામાં ન રહી. દારુણ તાપના મારા પછી જેમ સુવર્ણ સો ટચની છાપ પામે છે અથવા તો ટંકશાળી પદની પ્રાપ્તિ કરે છે તેમ વ્યવહારપટુ વણિકજાતિમાં જન્મેલ સુદર્શન શ્રેષ્ઠી પણ દૃઢ શીલવ્રતના જોરે શૂળી જેવા જીવલેણ સંકટમાંથી અણીશુદ્ધ બહાર આવ્યા અને સારી ય જનતાના આદરપાત્ર બન્યા.

એ મહાત્માના યશોગાન આજ પર્યંત ગવાય છે એનું કારણ શુદ્ધ ધર્મશ્રદ્ધા અને પરસ્ત્રી પ્રત્યે માતાપણાનો ભાવ જ છે. વર્ષોના વહેવા છતાં-રંગબેરંગી પરિવર્તનો વિશ્વના આંગણે નોંધાયાં છતાં-અરે ભૂકંપના આંચકાથી કલ્પનાતીત ફેરફારો થયાં છતાં હજુ પણ એ નામ ઇતિહાસના પાને સુવર્ણાક્ષરે અંકિત છે; એટલું જ નહિ પણ જનતાના હૃદયમાં ઊંડું ઊતરેલ છે. શીળવ્રતની વાત વિચારતાં જ શ્રેષ્ઠી સુદર્શન યાદ આવવાના.

જાણે હજી ગઇકાલે જ એ પ્રસંગ ન બન્યો હોય ? એમ સારું ય દૃશ્ય ચક્ષુ સમીપ તરવરવાનું ! લગભગ પચીશ દાયકા પૂર્વેનો આ બનાવ પાટલિપુત્ર યાને આજનું પટણા જોતાં તાજો થાય છે. એના ગુલઝાર બાગ તરીકે ઓળખાતા ભાગમાં, નાનકડા સરોવર કિનારે આવી રહેલી દહેરી હૃદયના તાર બડા કરે છે. ' સુદર્શન મુનિ આ સ્થાને કાળધર્મ પામ્યા હતા. ' એવું શ્રવણ કરતાં મન વિદ્યુત્ ગતિને પણ ટક્કર બવરાવે તેટલી ઝડપે ભૂત-કાળના ઇતિહાસમાં સરી જાય છે. આજે આ સ્થાને સમીપમાં બીજી પણ એક દહેરી છે અને તે પણ એવા જ, છતાં વિલક્ષણ જીવનવાળા પ્રભાવિક પુરુષની છે. તેમનું નામ મહાત્મા સ્થૂળ-ભદ્રજી છે. ઉભયના સમય વચ્ચે લાંબું અંતર છતાં કુદરતી રીતે આ સ્થળમાં દહેરીઓનો યોગ થયો છે. પટણામાં જૈનધર્મીને પગ મૂકવાનું જો કોઇ પણ આકર્ષણ હોય તો આ દહેરીયુગલ-રૂપી લોહચુંબક જ છે.

સ્થૂલભદ્ર માટે પટણામાં સ્મૃતિચિહ્ન હોય એ સ્વાભાવિક છે. એ જ તેઓની માતૃભૂમિ હોવાથી ત્યાં ઊભું કરાયેલ સ્મારક વાસ્તવિક પણ છે, પરંતુ સુદર્શન શેઠ માટે આ સ્થળ શા માટે ? આવો પ્રશ્ન અસ્થાને નથી જ. જનતાનો મોટો ભાગ 'શૂળીમાંથી સિંહાસન ' થયું, અર્થાત્ સુદર્શનના માટે ઘેરાયેલ વિપત્ વાદળ શિયળપ્રભાવે વીખરાઇ ગયું ત્યાં સુધી જ જાણે છે. એટલામાં જ સુદર્શન માટેનું બહુમાન પૂર્ણપદે પહોંચે છે. રાણી અભયા પલાયન કરી ગઇ એટલે કથાનક પૂરું થાય છે એમ માની લે છે. કેટલાક પુસ્તકોમાં એટલેથી જ સમાપ્તિ થયાનું જોવામાં આવે છે, પણ સુદર્શન જીવનના પ્રાંતભાગે સાધુ થયા છે. વિચરતા વિચરતાં પાટલિપુત્રમાં આવી ચઢે છે. મરણાંત ઉપસર્ગ થાય છે. પેલી નાશી ગયેલી અભયા એમાં મુખ્ય ભાગ ભજવે છે. એ બનાવ સાથે વર્તમાન દહેરીના અંકોડા સંધાયેલા છે.

એ આંકડા ઊકેલવા સારુ પ્રથમ ચંપાપુરી તરફ દૃષ્ટિ કરવી પડશે. વૃત્તિકારના શબ્દોમાં શરૂઆત નિમ્નરીતે કરવામાં આવે છે.

भरतखण्डे चम्पापुरी नामा नगरी विद्यते। तत्र रणसिंह-भूपपुत्रो दधिवाहनराजा राज्यं न्यायाध्वना पालयामास। राधावेधसाधनेन राज्ञा अभयादेवी परिणीता ॥

સુદર્શનનું કથાનક આલેખતાં ઉપરના શબ્દો ટાંકવાની જરૂર એટલા સારુ પડી છે કે એમાં રાજા દધિવાહનનું નામ છે. પરમાત્મા મહાવીરદેવની વિદ્યમાનતામાં ચંપામાં દધિવાહન રાજાનું રાજ્ય હતું એટલું જ નહિ, પણ એ રાજવી ચેટકરાજાનો જમાતા હતો. ચેટકતનયા પદ્માવતી એની પ્રથમ રાણી હતી કે જે પ્રત્યેકબુદ્ધ રાજર્ષિ કરકંડુની માતા હતી. બીજી રાણી ધારણી હતી. જ્યારે શતાનીકે ચંપાનગરી પર હલ્લો કર્યો ત્યારે પુત્રી સહિત એક સૈનિકના હાથમાં તે સપડાણી હતી અને સૈનિકે તેણીને પોતાની પત્ની બનાવવાનો ઇરાદો જાહેર કરતાં જ તેણીએ આપઘાત કરી પ્રાણની આહૂતિ આપી શીળવ્રતની રક્ષા કરી હતી. એની પુત્રી તે વસુમતિ ઊર્ફે ચંદનબાળા. ત્રીજી રાણી કે જેની સાથેનું પાણિગ્રહણ ઉપર્યુક્ત પ્રસંગો પછી રાધાવેધ સાધીને રાજવી દધિવાહને કર્યું હશે તે ચાલુ વાર્તામાં અગત્યનો ભાગ ભજવનાર રાણી અભયા. ઐતિહાસિક દૃષ્ટિએ આ સંકલના વાસ્તવિક છે કે એમાં કંઈ વિકૃતિ છે એ જોવાનું એ વિષયના અભ્યાસીઓનું કામ છે. બાકી કેટલાકોએ પદ્માવતીનું બીજું નામ ધારણી હતું એમ લખી જે ગૂંચવાડો ઉત્પન્ન કર્યો છે તે કરકંડૂ ચરિત્ર વાંચતાં લેશમાત્ર ટકી શકે તેમ નથી. પ્રત્યેકબુદ્ધચરિત્રમાં એની ચોખવટ કરેલી છે. અસ્તુ.

प्राप्तकेवलज्ञानसुदर्शनः એ વચનોથી પણ એટલું તો નિશ્ચિત

થાય તેમ છે કે સુદર્શન એ પરમાત્મા મહાવીરદેવના જીવન-કાળમાં યા તો તે પછીના નજીકના સમયમાં થયા હોવા જોઇએ; કેમકે જંબૂસ્વામી પછી કેવળજ્ઞાન વિચ્છેદ થાય છે અને સુદર્શન શેઠ કેવળજ્ઞાન પામ્યા છે. આમ આસપાસનો સંબંધ જોડતાં દધિવાહનને એક કરતાં વધુ રાણીઓ હોવાની કલ્પના અને અભયા પણ એ પૈકીની એક હોવાની ધારણા તદ્દન અસ્થાને તો નથી જ.

બારમા તીર્થંકર શ્રી વાસુપૂજ્યસ્વામીનાં પાંચે કલ્યાણકોથી પવિત્ર બનેલી ચંપાનગરીમાં જૈનધર્મી શ્રીમંત અર્હદ્દાસને ઘરે ભાર્યા અર્હદ્દાસીની કુક્ષીમાં જ્યારથી સુદર્શનનો જીવ ઉપજ્યો ત્યારથી તેણીની ભાવના જિનપૂજામાં અને શુદ્ધ સમ્યક્ત્વ-પાલનમાં સવિશેષ વૃદ્ધિંગત થઈ. પૂરા દિવસે ને શુભ ચોઘડિયે એક સુંદરાકૃતિ અર્ભકને શેઠાણી અર્હદ્દાસીએ જન્મ આપ્યો. એ જ આપણી વાર્તાનો નાયક **સુદર્શન**. સમયના વધવા સાથે શ્રેષ્ઠીપુત્રે સર્વ કળામાં નિપુણતા પ્રાપ્ત કરી અને ધર્મશાસ્ત્રનો યાને ધર્મ-સ્વરૂપનો તે જાણકાર બન્યો.

વાત પણ સાચી જ છે કે વ્યવહાર અને ધર્મરૂપ યુગલની જેણે સાધના નથી કરી, અરે! એમાં નૈપુણ્ય નથી મેળવ્યું તેનું જીવન અજાગળે લટકતા આંચળ જેવું નિરર્થક જ કહેવાય. આજે એ વાત જેટલી સાચી છે એટલી તે કાળે પણ હતી જ, તેથી જ સાંભળીએ છીએ કે:—

रूपयौवनसम्पन्ना, विशालकुलसम्भवाः ।
विद्याहीना न शोभन्ते, निर्गन्धा इव किंशुकाः ॥ १ ॥

पण्डितेषु गुणाः सर्वे, मूर्खे दोषास्तु केवलाः ।
तस्मान्मूर्खसहस्रेण, प्राज्ञ एको न लभ्यते ॥ २ ॥

'રૂપ ને યૌવન યુક્ત, વિશાળ કુળમાં ઉત્પન્ન થયેલ મનુષ્ય પણ વિદ્યાહીન હોય તો ગંધ વિનાના કેસુડાની જેમ શોભતો

નથી. પંડિતોમાં સર્વ ગુણો આવીને વસ્યા છે અને મૂર્ખમાં કેવળ દોષો જ વસેલા છે તેથી હજાર મૂર્ખોમાં (મનુષ્યોમાં) પણ એક પંડિત લભ્ય થઇ શકતો નથી.'

બાળપણાથી જ માતાપિતાના સંસ્કારની સર્વોત્તમ છાપ બેઠેલી; એમાં સુગુરુનો સમાગમ થયો. હીરો હતો ને વળી તે કુંદનમાં જડવામાં આવ્યો, પછી શોભામાં શી બાકી રહે ! એથી સુદર્શનની ધર્મશ્રદ્ધા ' ચોળ-મજીઠ ' ની છાપસદૃશ ટંકશાળી મનાવા લાગી. જ્ઞાનરૂપી વૃક્ષના મૂળ સમાન, પુન્યરૂપી નગરીના પ્રવેશદ્વાર સમું અને સર્વ સંપત્તિના કારણરૂપ જે દૃઢ સમકિત એ એટલું તો એનામાં નિશ્ચળ થયું હતું કે એને ચળાવવાને દેવ કે દાનવની શક્તિ કુંઠિત થઇ જતી. તરુણવય પ્રાપ્ત થતાં જ શેઠે એના લગ્ન કુલીન ઘરની પુત્રી **મનોરમા** સાથે કર્યા.

સંસારની એ કિંવદન્તી છે અને તે તદ્દન ખોટી તો નથી જ કે: ' વિપત્તિ અને સંપત્તિ આવે છે ત્યારે તે સખીવૃંદનો સમૂહ લઈને આવે છે-અર્થાત્ એનો પ્રવેશ ચારે બાજુથી હોય છે. શ્રીમંતાઇ, ધીમંતાઇ ને સૌભાગ્ય એ ગુણો તો હતા જ. એમાં વળી જોડી પણ સરખી મળી. સુદર્શન ને મનોરમાનું જોડું આદર્શ મનાયું. ધર્મ, અર્થ ને કામરૂપ ત્રિવર્ગસાધનામાં આ દંપતીનો સમય વર્ષાના વારિ સમ વ્યતીત થવા લાગ્યો. વૃદ્ધગણની ગણત્રીના સુખના ચાર અંગ-**પહેલું સુખ તે જાતે નર્યા, બીજું સુખ તે ઘેર દીકરા; ત્રીજું સુખ સુકુળની નાર, ચોથું સુખ તે કોઠીએ જાર.** અર્થાત્ શારીરિક સ્વાસ્થ્ય, સુપુત્ર, સુઘડ નાર અને સુખપૂર્વક નિર્વાહ એ ચારે કથાનાયકના જીવનમાં પૂર્ણતા પામ્યા હતા. યોગ્ય સમયે મનોરમાએ સુંદર બાળકને જન્મ આપ્યો હતો. ગૃહસ્થ જીવનના બારે ઊભેલા અને મસ્તકના શ્વેત કેશ જેમને ધર્મ સાધનનું સૂચન કરી રહ્યા છે એવા શેઠ-શેઠાણીએ પૌત્રનું મુખ જોઇ, સંસારવાસના ત્યજી દઇ, સંયમનો પંથ સ્વીકાર્યો. ત્રણ

પુરુષાર્થની સાધનામાંથી પસાર થઇ ચોથા યાને અતિ અગત્યના પુરુષાર્થ (મોક્ષ) પ્રતિ તેમણે પગલાં માંડયાં. આત્મકલ્યાણ વિના માનવજન્મ પામ્યાની સફળતા પણ શી ?

માતાપિતારૂપ છત્રનો વિયોગ થતાં સુદર્શન ને મનોરમાને શિરે બધી જવાબદારી આવી પડી. ઉભયે એમાં હસતે મુખે ઝુકાવ્યું. ' પિતા કરતાં પુત્ર સવાયો ' એ ઉક્તિ સાચી પડી. મહાજનમાં અગ્રેસર મનાતો સુદર્શન રાજમાન્ય પણ બન્યો.

× × ×

" કેમ આજે એવા તે શું ગહન વિચારમાં મગ્ન બની ગયા છો કે હું કયારની ચે પાછળ આવી ઉભી થયા છતાં એ તરફ નજર સરખી પણ કરતાં નથી ? પટરાણીપદનો ગર્વ તો નથી આવ્યો ને ?"

" સખી કપિલા ! તું આ શું વદી રહી છે ? "

" રાણીજી ! હું શું ખોટું કહું છું ? અધિકાર ચીજ જ એવી છે કે એનો નશો કોઇ વિરલને ન ચડે ? તેમાં આપ તો વળી મહારાજાના માનીતા. બીજમતમાં જ્યાં સંખ્યાબંધ દાસ-દાસીઓ હોય અને સાહેલીઓનો મોટો સમૂહ હોય ત્યાં મારા જેવી એકાદીને ભૂલી પણ જવાય. "

" ભલે હું મહારાણી થઇ, છતાં આપણા વચ્ચેનું સખીત્વ એ કંઇ આજકાલનું નથી. દાસદાસીનો પરિવાર ગમે તેટલો હોય પણ તેથી સહિયરની ખોટ ન પૂરાય. અંતરની સાહેલી તો ગણીગાંઠી જ સંભવે. એમાં કપિલાનો નંબર ધૂરપદે આવે છે. દશરથપત્ની કૈકેયીને જેમ મંથરા હતી તેમ મારે તું છે. મારું ચિત્ત બીજે હોવાથી તારું આગમન હું નથી જાણી શકી એ પાછળ અન્ય કોઇ કારણ નથી જ. સખી કપિલા ! મનની શંકા ટાળી દે અને પ્રજાને મન ભલે હું મહારાણી હોઉં; છતાં તારા માટે તો હું પૂર્વકાળની સાહેલી અભયા જ છું. "

"તો પછી મને સાચું કહો, શા વિચારમાં લીન બન્યા હતા ? વિશ્વની લીલામાં, કિસ્મતની વિચિત્રતામાં કે દૈવની ગહન ગતિમાં ?'

અભયા—" બ્હેની ! કિસ્મતની વિચિત્રતામાં. "

કપિલા—" અહો ! શું આ વાત તમે આજે જાણી ? અનાદિ કાળથી જેનું ચક્ર અસ્ખલિત વહ્યા કરે છે અને એવા જ એક અનંત શબ્દથી જોડાયેલા કાળ સુધી જે ચાલવાનું છે તેની લીલા જોવાનો-એની વિચારણામાં મન પરોવવાનો વિચાર એકાએક આજે જ કયાંથી ઉપજ્યો ? જેની વિલક્ષણતા પર પાર ન આવે એટલા શ્લોકો રચાયા છે અને જેનો મહિમા ભલભલા મૂછ પર લીંબુ ઠેરવનારાને પણ ગાવો પડ્યો છે એવા દૈવ કે કિસ્મતને ઓળખવાની કુરસદ આજે કયાંથી મળી ? "

અભયા—" સખી આજે ઝરુખામાં ઊભી હતી ત્યાં ચક્ષુ સામે દોડતી ધરતી નીરખી એટલે મનરૂપી અશ્વ પાયગામાંથી છૂટ્યો. "

કપિલા—" એ પણ આશ્ચર્ય ને ! મહારાણી થયાને પાંચેક વર્ષો વીતવા આવ્યા છતાં નગરી ચંપાનો માર્ગ આજે જ નજરે ચડ્યો ! જ્યાંથી પ્રભાતકાળથી આરંભીને નિશાકાળની મધ્ય ઘટિકા સુધી હજારો નરનારીઓ પ્રતિદિન પસાર થાય છે એવા આ માર્ગ પરની વિવિધતા ને વિલક્ષણતાનું શું કહેવું ? કર્મ-રાજની ગહન શેત્રંજના એ પ્યાદાઓ વૈવિધ્ય દાખવે એમાં નવાઇ પણ શું હોય ? જેનું નિરીક્ષણ કરતાં ભલભલા સંત-પુરુષો થાકી ગયા અને વનના પંથે પળ્યા, એનું મંથન કરવામાં તમારા સરખી કોમલાંગીને કયો આનંદ મળવાનો છે ? અન્ય પ્રકારે મનને બહેલાવાનું છોડી, બાલી એ કર્મની જાળ ઊકેલવામાં શા સારુ પડવું જોઈએ ? પ્રાપ્ત થયેલ સમૃદ્ધિનો યથેચ્છ લહાવો લેવો એ જ મારી દૃષ્ટિથી તમારા જીવનનો અનુપમ આનંદ જણાય છે. "

અભયા—" લહાવો ? એને કયાં શોધવો ? અને રાજ-મહાલનાં સુખ એ તો ઝાંઝવાનાં નીર જેવાં. દુનિયા ભલે માને કે પટરાણી જેવી સર્વ પ્રકારે સુખી લલના બીજી કોઈ નથી ! ચંપાપુરીની પ્રજા અભયાનાં સુખ જોઇ મોતીએ ચોક ભલે પૂરે અને વહાલી સખી કપિલા પણ એ સુખ અને લહાવાની અસૂયા ભલે કરે; છતાં એ સામે મારો એકરાર એ જ છે કે એ બધા મનસ્વી તરંગો છે, પરંતુ નારીજાતિ માટે માતૃત્વની પદવી એ જ ગરીયસી અને સર્વશ્રેષ્ઠ છે. એકાદા સુન્દર અર્ભકવિહુણો જેનો ખોળો છે તેનાં અન્ય સુખો રાજમંદિરના વિલાસોને ટપી જઇ કદી સ્વર્ગીય હોય, તો પણ એની ગણના કંઇ જ નથી !

" નીતિકાર વદે છે અને શાસ્ત્રકાર શાખ પૂરે છે કે ' જે ઘરમાં, ધૂળીક્રીડાથી જેનાં ગાત્રો મલિન થયાં છે અને જેની વાણી કાલીઘેલી અને તોતડી છે એવાં નાનાં બાળકો રમતાં દૃષ્ટિગોચર નથી થતાં તે ઘર, સાચે જ ઘર નથી; પણ એને જંગલની ઉપમા ઘટે છે. કપિલા ! આ નીતરું સત્ય છે. આજે તો મને એનો સાક્ષાત્કાર સચોટપણે થયો છે. ઘણી યે વાર આ ઝરુખે ઊભી રહીને પ્રજાનાં જાતજાતનાં બાળકો પર મેં દૃષ્ટિ દોડાવી છે અને એ સુખ મને પ્રાપ્ત ન થવા બદલ ગ્લાનિ અનુભવી છે, પણ એ બધામાં આજના દૃશ્યે તો એટલી વ્યથા પ્રગટાવી છે કે જે વર્ણવવા હું અશક્ત છું. એ જોયા પછી મારી દશા ભાનભૂલી જેવી થઈ પડી છે.

" પવિત્રહૃદયા મનોરમાને જાણે અશ્વિનીકુમારની જોડી જ ન હોય તેવાં સુંદરાકૃતિ ને સ્વરૂપવાન બે બાળકો સહિત માર્ગે જતી જોઈ ત્યારથી જ મારા અંતરમાં પ્રચંડ હાય ઊઠી છે. એ પ્રમદાના સુખ આગળ મારી આ ઋદ્ધિસિદ્ધિ કંઈ જ હિસાબમાં નથી. મારું અંતર પોકારી રહ્યું છે કે નગરી ચંપામાં એ દંપતીનાં સુખ આગળ રાજવી દધિવાહનની સંપત્તિ પાણી ભરે છે."

કપિલા—"રાણીજી! તમારી આજની વિલક્ષણતાનું કારણ હવે જ માલૂમ પડ્યું. પણ તમે કઈ મનોરમાની વાત કરી?"

અભયા—"વાહ! કેવી ભોળી ભટાક! અલી બ્રાહ્મણી! તું આ કળા કોની પાસેથી શીખી આવી? માત્ર ચંપાની પ્રજા જ નહિ, અરે! અખિલ અંગદેશના વતનીઓ જ નહિ, પણ એ સિવાય મગધ, કલિંગ ને માલવ પર્યંતની જનતા જેના સૌભાગ્ય તથા યશગાનથી માહિતગાર છે એ દંપતીનાં નામથી તું એકલી જ અજાણી હોવાનો દાવો કરે છે? તારા પતિના મિત્ર એવા શ્રેષ્ઠી સુદર્શનને શું તું ઓળખતી પણ નથી?"

કપિલા–"એમને વળી છોકરાં છે જ ક્યાં? તેમની સ્ત્રીનું નામ મનોરમા છે તે તો હું જાણું છું. હું ખાત્રીપૂર્વક કહું છું કે ક્યાં તો તમોએ દીઠેલા કુમારો કોઇ અન્ય લલનાના હશે અથવા તો તમે જરૂર મારી મજાક ઉડાવતાં હશો."

અભયા—"કપિલા! આજે મારી ચક્ષુ ખુલી ગઇ. હું તને કાર્યદક્ષ સમજતી હતી, પણ તું તો સાવ ભોળી નીકળી! ખૂદ મનોરમાને એક બે નહીં પણ છ પુત્રો છે. એ વાત માત્ર હું જાણું છું એમ જ નહીં, પણ મેં વસન્તમહોત્સવ વેળા નજરે જોયેલા છે. એ કુમારો રૂપમાં દેવોને પણ ટપી જાય તેવા અને આકૃતિમાં આબેહૂબ સુદર્શનનાં પ્રતિબિંબ સરખા છે. એ છ પૈકીના નાના બે સાથે આજે મનોરમાને જતી નિરખીને મારા અંતરમાં વંધ્યત્વ-દશાની પીડા ઉદ્ભવી છે. એ વિચારો પાછળ મારું મન ભ્રમિત બન્યું છે. આજની મારી વ્યથાનું એ જ મુખ્ય કારણ છે."

કપિલા—"જુઓ રાણીજી! તમારી વાત સાચી જ હોય તો નક્કી હું ઠગાણી છું. બરોબર મૂર્ખી બની છું. સુદર્શને પોતે જ મને કહેલું કે 'હું તો નપુંસક છું.' એ શબ્દો સત્ય નહોતા, પણ છટકવાની બારીરૂપ હતા એમ હવે મને અત્યારે સમજાય છે."

અભયા—" કપિલા ! એ વાત મને અથથી ઇતિ સુધી કહે તો સમજણ પડે. તારી હાંસી કરનારને જરૂર હું નશિયત પહોંચાડીશ. "

કપિલા–" સાંભળો ! પ્રસંગ એમ બન્યો હતો કે એક વેળા અમે દંપતી શરદની ચાંદનીમાં અગાસી ઉપર બેઠાં હતાં, તે વેળા મારા પતિને સહજ મેં પ્રશ્ન કર્યો કે ' હમણા તમને ગૃહે આવતાં વિલંબ કેમ થાય છે ? '

મારા પતિએ કહ્યું: ' પ્રિયા ! આજકાલ સુદર્શન શેઠ જોડે મારી બેઠક વધુ થાય છે અને જ્ઞાનગોષ્ઠીમાં અમારો સમય કેવી રીતે આનંદપૂર્વક વીતી જાય છે તે જણાતું પણ નથી. ' આવો મારા વાલમનો જવાબ હતો. એ ઉપરાંત તેમણે ઉચ્ચારેલું કે 'એવા ભાગ્યશાળી નરનું તેં શું નામ પણ સાંભળ્યું નથી ?' આમ કહીને પછી તરત જ નિમ્ન શબ્દોમાં તેમનું વર્ણન શરૂ કર્યું.

રૂપમાં કામદેવ, વાણી વદવામાં વાચસ્પતિ, બુદ્ધિમાં ભલભલા પંડિતોને ટક્કર મારે તેવો, તેજસ્વિતામાં સૂર્યને પણ ટપી જાય એવો અને શીલવંતોમાં શિરોમણિ મારો તે મિત્ર બરોબર એક નિષ્કલંક ને સદાચારી પુરુષ છે.

" સખી ! એ શ્રવણ કરતાં જ મારા મનમાં એ શેઠ પ્રતિ રાગ જન્મ્યો. ત્યારથી મારું મન વિહ્વળ બન્યું. કોઈ પણ રીતે એક વાર તેની સાથે પ્રસંગ પાડવાની વૃત્તિ જોર કરવા લાગી.

" એક દિવસ મારા પતિ બહારગામ ગયેલા. તે ત્યાં બે દિવસ રોકાવાના હતા. તે તક સાધી, નિશાકાળ થતાં હું સુદર્શનશેઠને ઘેર પહોંચી ગઈ અને ગળગળા સાદે જાણે કે દુઃખથી બરાબર બોલી પણ શકતી ન હોઉં તેવો ભાવ ભજવી ' તેમના મિત્ર અર્થાત્ મારા પતિ એકદમ સખત માંદગીમાં પડ્યા છે ને તમોને એકાએક બોલાવે છે. ' એમ જણાવ્યું.

" મિત્ર માટે મરી ફીટનાર એ શેઠે હાથમાંનાં કાર્યો પડતાં મૂકી તરત જ મારી સાથે ચાલવા માંડ્યું. હું પણ તેમને આગળ કરી, ઘર આવતાં કમાડ ઊઘાડી, તેમને ઉપર જવાનું કહી, પાછળ અંદરથી કમાડ બંધ કરીને હર્ષભેર ઉપર ગઇ અને તેમને શયનગૃહના પાછળના કમરામાં તેડી ગઇ. એ કંઇ પ્રશ્ન કરે તે પૂર્વે તેમની ઉપર મારો રાગ કેવી રીતે બંધાયો તે વર્ણવી દેખાડી, મારી મનોકામના પૂર્ણ કરવાની પ્રાર્થના કરતી ઊભી રહી.

' ભગિની ! આ જાતની છેતરપીંડી કરવી તને શોભતી નથી. ' એમ ઉચ્ચારતાં જ તે પાછા વળવા માંડ્યા. હું તરત જ દોડી તેમને વળગી પડીને કહેવા લાગી કે ' જ્યારથી તમારું સ્વરૂપ મેં સાંભળ્યું છે ત્યારથી હું તમારી પાછળ દિવાની બની છું. આ સમય સાનુકૂળ છે. કોઇ જાતની ભીતિ ધરવાપણું નથી, મારી જોડે આ શય્યા પર પધારી મારી કામજ્વાળા શમાવો. મારી ઇચ્છા પૂર્ણ કર્યા સિવાય તમને અહીંથી બસવા દેનાર જ નથી. ' આટલું કહી તેમના શરીર સાથે કુચેષ્ટા કરવા લાગી.

" સખી ! સાચે જ કહું છું કે એમ છતાં ન તો તેમનું એક રૂંવાડું પણ ફરકયું કે ન તો તેમના મનમાં જરા પણ વિકારની છાયા ઉદ્ભવી.

ઠંડકથી એક જ ઉત્તર દીધો કે–' બહેન ! તારા પતિ પણ જે એક વાત જાણતા નથી અને મને કોઇને પણ જણાવવી યોગ્ય લાગતી નથી તે ન છૂટકે આજે તારી પાસે કહેવી પડે છે. તારા આવા હાવભાવ અને ક્રીડાકેલિના પ્રયાસ છતાં મને કામનું ઉદ્દીપન જ થતું નથી, કેમકે હું નપુંસક છું. ભગિની ! એટલી કૃપા કરજે ને મારી આ વાત ગુપ્ત રાખજે. તારી આશા ભંગ થાય છે એ કરતાં પણ મારું આ દુઃખ મને વધુ સાલે છે. લાચારીથી એની જાહેરાત આજે કરવી પડી છે. વધુ જાહેરાત ન થાય એની તારે તકેદારી રાખવાની છે. '

"સખી! શેઠનાં આ વાક્યો મને ખરાં લાગ્યાં, તેથી મેં પણ મારું વર્તન ગુપ્ત રાખવાનું વચન લઈ કમાડ ઊઘાડી તેમને જવા દીધા. ત્યારપછી જાણે કંઈ બન્યું જ નથી એવી રીતે એ પ્રસંગ સ્મૃતિપટમાંથી ભુંસી વાળ્યો. આ વાત અંતરની સહચરી એવી તારી પાસે પ્રથમ વાર જ પ્રગટ થાય છે. મારા પતિનો શેઠ સાથેનો સુહૃદ્ સંબંધ પૂર્વવત્ ચાલુ છે. ફક્ત ત્યારપછી પુનઃ હું એ ઘર તરફ ફરકી જ નથી."

અભયા—"સખી! સાચે જ એ વણિકપુત્ર તને આબાદ બનાવી ગયો."

કપિલા—"મહાન્ સદાચારી! આવો સમર્થ ઇંદ્રિયજયી મેં જીવનકાળમાં પ્રથમ વાર જ જોયો."

અભયા—"એક વાણિયાની તે આટલી પ્રશંસા હોય?"

કપિલા—"તારી ચતુરાઈ તો ત્યારે જ પરખાય કે એ વાણિયાને પરાભવ પમાડે."

અભયા—"અહો! એમાં તે શી મોટી વાત છે?"

× × ×

આજના યુગમાં નારીજાતિના છળપ્રપંચ સંબંધી લખતાં બહુ વિચાર કરવો પડે તેમ છે, કેમકે જનતાનો મોટો ભાગ અને ખાસ કરીને ઊગતી પ્રજા એમ ચોક્કસ માને છે કે પુરુષ-વર્ગ તરફથી એ જાતિને ભૂતકાળમાં અતિશય અન્યાય થયો છે. સત્તાના જોરે, પુરુષપ્રધાનત્વના ધોરણે અથવા તો ધન પેદા કરી લાવી પોષણ કરવાની લગામ પુરુષના હાથમાં હોવાથી, પોતે ચાહે તેમ કરી શકે, પોતાના ઇપ્સિત વિલાસમાં જરા પણ ક્ષતિ ન પહોંચવી જોઈએ એવા અભિમાનને લઈને જાતજાતના અંકુશો મૂકયા છે. વિશેષમાં પુરુષવર્ગે નીતિશાસ્ત્રોનાં વચનો-

રૂપે, કિંવા ધર્મના પવિત્ર સંરક્ષણરૂપે અગર તો સમાજના કાનૂન તરિકે એ મંતવ્યોનું નિર્માણ કરીને સારી ય સ્ત્રીઆલમને એવી તો દબાવી દીધી છે; અરે ! એટલી હદે એ જાતિ પર પ્રભાવ પાડ્યો છે કે ભાગ્યે જ એ નાગચૂડમાંથી સ્ત્રીજાતિ માથું બહાર કાઢી શકે ! બહાર નીકળવાની હિંમત જ ન કરી શકે ! સદાને માટે પુરુષજાતથી દબાયેલી રહે એટલા ખાતર તો એ નારીજાતનાં દૂષણો સૂચક સંખ્યાબંધ શ્લોકો રચાતા ગયા છે અને એની બેવકૂફના તેમ જ અધઃપતનના ઉદાહરણનો પણ તોટો નથી રખાયો. આ મંતવ્ય રજૂ કરનાર આજનો ઊગતો વર્ગ એટલે સુધી કહે છે કે આને બદલે નારીગણ સત્તામાં હોત ને એના હાથમાં ધર્મ કે સમાજનું તંત્ર સોંપાયું હોત તો એ વૃંદ આટલી હદે કર્કશ ન બનત.

ચાલુ વાર્તાપ્રવાહમાં સ્ખલન દાખવી આ ઉલ્લેખ કરવાની જરૂર એટલા સારુ લાગી છે કે વીશમી સદીનો એ પ્રસ્તુત વિષય છે. સ્ત્રીસ્વાતંત્ર્યના ઢોલ પીટાઇ રહ્યા છે અને સમાન હક્કનાં વાજાં વાગી રહ્યાં છે. નારીજાતના સંબંધમાં જરા પણ ઘસાતું લખનાર જૂનવાણી અને રૂઢિચુસ્તના વર્તુળમાં ધકેલાઇ જાય છે. ભલેને પછી એની વાતને નીતિ કે પરંપરાનો ટેકો હોય ! ભલેને એ કથાનકો ધર્મગ્રંથમાંથી ઉદ્ધરવામાં આવ્યાં હોય ! કિંવા સાહિત્યના સાગરમાંથી વીણી લેવામાં આવ્યાં હોય ! એ સામે ઊગતી પ્રજાના મોટા ભાગની–વિચારક ને શિક્ષિતપણાના છોગાવાળા વર્ગની રાતી આંખ રહેવાની. કેટલાક તો તરત જ કહી દેવાના કે નારીજાતને હલકી ચિતરવાનો–સદા ય તેને દબાયેલી રાખવાનો–ઇરાદાપૂર્વક કરાયેલો આ પ્રયાસ છે !

એ વખતે સમાન હક્કના આ ઠેકેદારો પૂર્વપુરુષોના નારીજાતિના ગૌરવસૂચક બ્યાનો ભૂલી જાય છે. અર્ધાંગના જેવા બહુમૂલા શબ્દને કે ' **गृहिणी गृहमुच्यते** । ' જેવા મહત્તાસૂચક પદને વીસરી

જાય છે. પુરુષ જેવો જ આત્મા સ્ત્રીજાતિમાં વસે છે. એટલે ઉભયનાં કાર્યો જુદા પ્રકારનાં છતાં ઉભય સમાન છે, સમાન શક્તિશાળી છે અને પરસ્પરના વ્યવહારમાં મિત્ર જેવા છે એ જૈનસિદ્ધાંતના ઉમદા સૂત્રને પણ નજર બહાર રાખવામાં આવે છે. અલબત્ત, કથાનકોમાં કોઈ કોઇ સ્થળે કારણવશાત્ 'નારી નરકની ખાણ' કે 'મોક્ષની અર્ગલા' રૂપે કહેવાઇ છે, પણ એની સાથે એ જ નારીને 'રત્નકુક્ષી' ને 'જગદંબા'નાં બિરુદ પણ અપાયાં છે, એ વર્ગની સતીઓને સૌ કરતાં પ્રથમ નમસ્કાર કરાયા છે. એની મૃદુતા-કોમળતા કે અન્ય ગુણના કારણે અથવા તો તીવ્રતમ કર્મ આચરવાની અશક્તિએ એને માટે સાતમી નરકનાં દ્વાર પર કાયમને માટે બંધાતી તાળું વાસવામાં આવ્યું છે અને ભાગ્યે જ એવી ધર્મક્રિયા હશે કે જેમાં પુરુષની જોડાજોડ સ્ત્રીની હાજરીની જરૂર નહીં માની હોય. અરે સ્ત્રી તીર્થંકર શ્રી મલ્લિનાથે દીક્ષા લીધી તે જ દિવસે કૈવલ્યપ્રાપ્તિ. એકાદ ઉપસર્ગનું સહન કરવાપણું પણ નહીં ? શું નારીજાતિનું આ ગૌરવ નથી ?

આ ઉપરથી શું એ સૂચિત નથી થતું કે ધર્મ-નીતિના ગ્રંથોમાં નર કે નારીવર્ગ માટે જે કંઇ આલેખન કરાયાં છે એ નહિં કે સ્ત્રીને ઊતારી પાડવા સારુ; પણ તે તે પ્રસંગના ગુણ-દોષ ધ્યાનમાં લઇને કરાયાં છે. અલબત્ત, લેખકની દૃષ્ટિએ એમાં રંગપૂર્તિ આછી કે ઘેરી થઇ ગઇ હોય.

'સમાન હક્ક' નો પ્રશ્ન નવો નથી. જૈનધર્મે એ હક્ક આપેલો જ છે, પણ એનો અર્થ 'સમાન-કર્મો' જો કરવામાં આવતો હોય તો એમાં ગંભીર ભૂલ થાય છે એ અચૂક છે; એટલું જ નહિં પણ સુખી સંસારને ભસ્મીભૂત કરનાર ભયંકર અગ્નિ છે. તેથી જ ઉભય આત્માનાં દૈનિક કર્મો ભિન્ન દર્શાવાયાં છે એક રળી લાવનાર છે તો બીજાને તેની ત્રેવડ કરવાની છે.

મરદ બહારના કાર્યમાં સર્વ સત્તાધીશ છે તો ગૃહકાર્યની અંદર સ્ત્રી જ કર્ત્તા-હર્તા છે, તેણીનું જ શાસન ચાલે છે.

આટલી જરૂર પૂરતી હકીકત ધ્યાનમાં રાખી વાર્તાના પ્રવાહમાં આગળ વધીએ અને ચંપાપતિ દધિવાહનના આવાસના પ્રાંત ભાગે આવી રહેલા ઉદ્યાનમાં–એક એકાંત ભાગમાં–વિરામાસન પર બેસી એક તરુણીયુગલ કેવી વાતમાં મશગૂલ છે તે તપાસીએ. પરિચારિકા આગંતુકને રોકવા સારુ દ્વાર પર જ ખડી છે છતાં લેખક અને એનું અનુકરણ કરનાર વાંચકગણુને કોઈ રોકી શકે તેમ નથી જ. ગમે તેવી ગુપ્ત મંત્રણામાં અને ગહનમાં ગહન ભૂગર્ભમાં દાખલ થવાનો એને અમર્યાદિત પરવાનો છે.

અહા ! આ તો રાણી અભયા છે, પણ જેની સાથે વાત થાય છે તે કોણ છે ? એનું મુખારવિંદ જોતાં તે એક બાહોશ ને ભલભલા મરદનાં હૃદય લેદી નાંખે તેવી કુશળ કામિની જણાય છે.

એનું નામ પંડિતા છે. સ્ત્રીચરિત્ર ઉપર વર્ણન કરાતી કથામાંની નુપૂરપંડિતા સરખી આ પંડિતા પણ અંતઃપુરના ભેદ ભરમો અને ગુપ્ત રહસ્યોથી જાણીતી છે, એ છે તો રાણીજીની દાસી, પણ સઘળા બાનગી કાર્યોમાં એની સલાહ લેવાતી હોઇ, રાણીજી પર એ સખી કરતાં પણ વધુ અધિકાર ભોગવે છે. કપિલાના ઓલંભાથી અભયા રાણીને શીળવાન સુદર્શનને નમાવવાનો અભિલાષ ઉપજ્યો. સામાન્ય રીતે એનાં બાળકો જોતાં અંતરમાં કોઇ અનેરો અભિલાષ તે દિવસે ઉદ્ભવ્યો હતો, એમાં કપિલાની વાતે અગ્નિમાં ઘીની ગરજ સારી. ત્યારથી જ રાણીના કલાકો એ મનોરથની સિદ્ધિ કરવા માટેની તંત્રજાળ ગોઠવવામાં જાય છે. એ ચિંતાની અસર કમનીય ગાત્રો પર પણ થવા માંડી છે. માનસિક વ્યથાનો તાગ મેળવવા રાજવી દધિવાહને પ્રયાસ કરી જોયો, પણ એમાં સફળતા ન મળી, એટલે એ

કાર્ય દાસી પંડિતા પર આવી પડ્યું. યોગાનુયોગ અભયાની દૃષ્ટિ પણ એ પંડિતા પર જ ચોંટી. પોતાની નજરમાં કોઈ ઉપાય ન જ આવવાથી અંતરનો 'મર્મ' આજે તેણીએ ખુલ્લા દિલે સામે ધરી દીધો. છૂપા દર્દની કહાણી શ્રવણ કરવા સાથે જ પંડિતાના ચહેરા પર સ્મિતની એક રેખા ફરી વળી. પણ દર્દનો ઇલાજ કરનાર વૈદ્ય સુદર્શન! નામ સાંભળતાં જ આ મંત્રતંત્રદક્ષ પંડિતા બોલી ઊઠી:

"રાણીજી! અશક્ય–અસંભવિત. કદાચ મેરુપર્વતનું શિખર ચળાયમાન થાય, પણ શ્રેષ્ઠી સુદર્શન શિયલવ્રતથી રંચમાત્ર ચલિત ન થાય. એ તો 'પરનારીસહોદર' છે. માત્ર એ ખ્યાતિનું બિરુદ નથી પણ પૂરેપૂરું સત્ય છે."

અભયા—"પંડિતા! વહાલી સખી! એક વાર એને અહીં તેડી લાવ, બાકીનું પછી જોઇ લેવાશે. એ છે અને હું છું."

પંડિતા—"રાણીજી! તો થોડી ધીરજ ધરો. ધર્મના છળ સિવાય એને આણવાનો કોઈ માર્ગ નથી. વળી એને માટે અત્યારથી જ દંભી નાટક ભજવવું પડશે. વિનારોકટોકે મહાલયની બહાર ગમનાગમન કરી શકું એ માટે રાજમુદ્રિકા મને સોંપી દો. સાથે સોનામહોરોની થેલી પણ લાવો."

"कामातुराणां न भयं न लज्जा।"

એ નીતિકારનું કથન અનુભવની એરણ પર ઘડાયેલું છે અને તેથી સત્ય જ છે. ઉદ્યાનમાંથી મહાલયનાં પગથિયાં ચડતાં ઉભયના ચહેરા આનંદથી છવાયા હતા. પછી થોડા દિવસોની હીલચાલ શી ચાલી રહી એ ખાસ કાંઈ નોંધવા જેવી નથી, માત્ર એક વસ્તુ સૌ કોઇના જાણવામાં આવી કે રાણીમાતા એકાએક માંદા પડી ગયા છે, અવારનવાર ચિકિત્સકોનાં આગમન

થઇ રહ્યાં છે અને દાસી પંડિતા પણ દરરોજ એક બંધ શિબિકામાં કોઇને લાવે છે અને લઇ જાય છે. સાંભળવા પ્રમાણે એ કોઇ ચમત્કારી યક્ષની મૂર્તિ છે, છતાં કોઇએ નજરે જોઇ નથી. એટલું તો ચોક્કસ છે કે દિવસ જતાં એ ક્રિયા એક કરતા વધુ વાર થવા માંડી છે, અરે ! રાત્રિના પણ થાય છે અને એમાં ખૂદ ભૂપતિની પણ સંમતિ છે.

દિવસો વ્યતીત થવા લાગ્યા અને અભયાને પંડિતા તરફથી રચાયેલ કપટજાળ વધુ આશાવંત જણાવા લાગી. શક્તિનો અવતાર નારી, અબળા પણ છે અને પ્રબળા પણ છે. એક વાર મનમાં નિશ્ચય થયો કે ખેલ ખલાસ. એકધારી અતૂટ શ્રદ્ધાથી કાર્યની પાછળ મંડી પડવાની. ધર્મ–અધર્મની વિચારણા એને ડરાવી શકવાની નહી. 'જો' 'તો' ના અડકો એના માર્ગ આડા ઊભા રહેવાના જ નહીં, તેથી જ નીતિકારે કહ્યું છે કે—

अनृतं साहसं माया, मूर्खत्वमतिलोभता ।
अशौचं निर्दयत्वं च, स्त्रीणां दोषाः स्वभावजाः ॥

અર્થાત્ અનૃત યાને અસત્યથી માંડીને નિર્દયતા સુધીના સાત દોષો સામાન્ય રીતે સ્ત્રીઓને વારસામાં મળેલા હોય છે. આનો અર્થ એમ કરવાનો નથી કે પુરુષજાત ગુણસંપન્ન જ હોય છે અથવા તો એમાં ઉપરના દોષો નથી હોતા. 'ઊજળું તેટલું દૂધ નહીં અને પીળું તેટલું સોનું નહીં.' એ ઉક્તિ પ્રમાણે વિચારીએ તો પુરુષજાતિ હો, કિંવા સ્ત્રીજાતિ હો, સર્વમાં ગુણો અને દોષો હોવાના. અમુક જાતિમાં એ વિશેષ પડતા જણાવાથી એ જાતિને ઉદ્દેશી લખવામાં આવ્યું હોય છે. એ વાતની પ્રતીતિ કથાના વહેણમાં આગળ વધતાં સહજ થાય તેમ છે. કૌમુદીમહોત્સવ આવ્યો અને દરબારી ઢોલ ગડગડ્યા. પોતપોતાના કુટુંબ સહિત પૌરજન એ મોજ માણવા ઉદ્યાનપથે ક્રીડાઓની

માફક નગરમાંથી વહી રહ્યાં. એ ઉત્સવમાં ખૂદ નરેશ પોતે પણ પ્રજા સાથે છૂટથી ભાગ લેતો. એ સમયે રાજા પ્રજા સહ ઓતપ્રોત બની અધિકાર વસ્તુ ભૂલી જતો. આવા મહત્ત્વના આનંદમાં ગેરહાજર રહેવાની પ્રજાજનને બાસ મનાઇ હતી. કારણવશાત્ કોઇને રહેવું પડતું તો ભૂપાલની એ માટે પરવાનગી મેળવવી પડતી. ચતુર્દશી પર્વની આરાધનાના નિયમવાળા સુદર્શન શેઠને પૌષધની અનુકૂળતા રહે એ સારુ ઘેર રહેવાની છૂટ હતી. એ તક સાધી કામ કાઢી લેવાની યુક્તિ અભયા ને પંડિતાની જોડીએ ગોઠવેલી. એટલે નાદુરસ્ત તબિયતનું મિષ કાઢી રાણી અભયા પણ કૌમુદીમહોત્સવમાં ન ગઇ. એનું હૃદય તો કૌમુદીનો યથેચ્છ ઉપભોગ કરવા કયારનું આતુર બન્યું હતું, પણ નિશાના ઓળા ઊતર્યા વિના કાર્યસિદ્ધિ અશકય હતી. પંડિતા સુદર્શનનું કાયોત્સર્ગસ્થાન જોઇ આવી હતી અને શિબિકામાં એને ઉચકી લાવી યક્ષપ્રતિમારૂપે અંતઃપુરમાં દાખલ કરી દેવાની પેરવીમાં પડી.

એ ઘટિકા આવી. અભયા પણ સોળ શણગાર સજી મનોરથની પૂર્તિ અર્થે આવાસગૃહમાં આવી ગઇ અને અલ્પ સમયમાં જ શિબિકા આવી પહોંચી. કેવળ ધ્યાનમાં જ જે આત્મા લીન બન્યો છે એવા સુદર્શનના દેહને ઉચકી બહાર ઊભો કર્યો. પંડિતા અવસર ઓળખી વિદાય થઇ ગઇ. ત્યારપછી એ રંગમહાલય કે ચિત્રશાળામાં જેના અંગેઅંગમાં કામાગ્નિ પ્રજ્વલિત થઇ રહ્યો છે અને જેની દૃષ્ટિ કેવલ ઇષ્ટસિદ્ધિમાં એકતાર બની છે એવી રાણી અભયાએ, ચિરકાળ ક્ષુધાર્ત મનુષ્ય જેમ ભોજન ઉપર તરાપ મારે તેમ શીઘ્રગતિએ સુદર્શન શેઠના દેહને બાથમાં લીધો. જાતજાતની ચેષ્ટાઓ કરી. મદનનો વેગ પ્રગટાવવા કંઇ કંઇ પ્રયત્નો કર્યા. ભોગ ભોગવવા ભાતભાતની વિનવણીઓ કરી, પણ અફસોસ! મુખમાંથી એક હરફ સરખો ન તો બહાર પડ્યો કે ન તો જડ પાષાણુસમા દેહનું એક રૂંવાડું વિકસ્વર

થયું. ઉખરભૂમિમાં બીજારોપણ કરવાના પ્રયાસ સરખું એ સર્વ નિષ્ફળ ગયું. અભયાનું હૃદય કામની ઉગ્રતા અને એની અપૂર્ણતાથી ઉપજેલ રોષજ્વાળાઓથી ભભૂકી ઊઠયું. અભિલાષ-પૂર્તિના આવેગથી રાણી ગર્જી ઊઠી:

" અરે ! વાણિયા ! હું કોણ છું તે યાદ કર, વિચારી જો, તારા વેવલાપણાને છોડી દે. હું તારા મૌનથી નાહિંમત થનાર નથી. કયાં તો મારી ઇચ્છાની પૂર્ણતા કરીશ, નહિ તો તારું મૃત્યુ નોતરીશ." આમ કહ્યા છતાં પણ ધ્યાનમગ્ન વણિક-વ્રતપાલનમાં રક્ત બનેલ આત્મા-કેવળ પરમાત્મા શ્રી મહાવીર સિવાય જેને કોઇના શરણની પરવા પણ નથી એવો કાયોત્સર્ગી-મર્યાદિત સમયનો સાધુ-શું બોલવાનો હતો ? એને વળી મરણનો ભય શેનો હોય ?

અભયા આ મૂંગો માર-ઊઘાડો પરાભવ-ન સહી શકી. તે એકદમ પોકારી ઊઠી. પોતાની જાતે જ અંગ પર ઉઝરડા કરી, પરિધાન કરેલ વસ્ત્રો અસ્તવ્યસ્ત કરી, એણે બૂમરાણ કરી મૂકયું.

" અરે ! કોઇ દોડો, જલ્દી આવો. આ દુષ્ટ માનવી મારું શિયળ ખંડિત કરવા મારા પર હુમલો કરી રહ્યો છે. "

આ અચાનક પોકારથી રક્ષકો દોડી આવ્યા. દાસીઓનું ટોળું એકઠું થઈ ગયું અને સુદર્શન શેઠને દોરડાથી બાંધી લેવામાં આવ્યા. રાજવી ઉદ્યાનમાં હોવાથી તરત જ બંદી તરીકે તેમને ત્યાં લઈ જવામાં આવ્યા. ચિત્રવિચિત્ર શંકાઓનું પાત્ર સુદર્શન શેઠ બન્યા.

આનંદ-પ્રમોદમાં રક્ત બનેલા ભૂપે રાજપુરુષોના મુખેથી ગુન્હાની વાત સાંભળી; એટલે એનો ગુસ્સો મર્યાદા ઓળંગી ગયો. અન્ય કોઇને ત્યાં નહિ ને પોતાના જ મહાલયમાં-પોતાની

જ પ્રેયસી રાણી પર હુમલો ! એની શિક્ષા મરણ સિવાય બીજી કઈ હોઈ શકે ?

એક જ હુકમ "જાઓ, એ હરામખોરને–એ દગાબાજ વાણિયાને–અરે! એ ઢંભી આત્માને–ઢોંગી ધર્મઠગને શૂળી પર ચડાવી દો. ચડાવતાં પૂર્વે નગરમાં ફેરવો કે જેથી આવું નીચ કૃત્ય કરતાં બીજા મનુષ્યો પણ અટકી જાય–કરવાની હિંમત સરખી પણ ન કરે."

જ્યારે ચંપાના સરિયામ રસ્તે–શિયળવ્રતધારી અને જેની ખ્યાતિ દેશ–દેશાંતરમાં કર્પૂરની સુવાસ સમ પ્રસરી ગઈ છે અને જેની વ્રતદૃઢતા આબાળવૃદ્ધ પર્યંત જગજાહેર છે, એવા સુદર્શન શેઠ પર આવેલ કલંક અને એ દ્વારા જનતામાં ચાલી રહેલી રંગબેરંગી વાયકાઓની વચ્ચે થઇ વધસ્થંભ તરફ સરઘસ ગતિ કરી રહ્યું હતું ત્યારે એ આત્માના અંતરમાં કેવું મંથન ચાલી રહ્યું હશે ? જૈનધર્મ પર લોકોમાં કેવા કટાક્ષ થતા હશે ?

જેને સત્ય પર અટલ વિશ્વાસ છે એવા એ શેઠના હૃદયનું પાણી પણ હાલ્યું નહોતું એમ શાસ્ત્ર વદે છે. પૂર્વકર્મને યાદ કરી એક તમાસગીર તરિકે તે નાટક ભજવાવા દે છે. દુનિયા તો દોરંગી છે, એને મોઢે ગળણું ન બંધાય, પણ ' સાચાનો સંગી ' શા માટે ગભરાય ?

જ્યારે આ સમાચાર સ્વામીવત્સલા મનોરમાને કાને પડ્યા ત્યારે તે પણ ઘડીભર થંભી ગઇ. સ્વપ્નમાં પણ જેનું સ્ખલન ન સંભવે એવા પતિને શિરે આ કલંક ! તે સાંભળીને શું પોતે મૂંગે મોઢે જોઇ રહે ? તરત જ હિંમત એકઠી કરીને તે દેવ-મંદિરમાં પહોંચી ગઇ. પ્રભુ સન્મુખ કર જોડી પ્રતિજ્ઞા કરી કે– ' જ્યાં સુધી મારા પતિને માથેથી આ કલંક ઊતરે નહીં ત્યાં સુધી હું કાયોત્સર્ગમાં જ રહીશ. ' જેને ધર્મ પર અટલ વિશ્વાસ

છે, જેને ધર્મમાં બતાવેલા વ્રતનિયમોમાં અડગ શ્રદ્ધા છે, એ ગમે તેવા કલંકોથી કે દુષ્ટ માનવીઓએ ખડા કરેલા ઉપદ્રવોથી શા સારુ હતાશ થાય ? વીતરાગનું શરણ એ જ એનો વિસામો. શ્રદ્ધા–આસ્થા કોઇ અનેરી વસ્તુ છે, એનો તાર અંતર સહ જોડાયેલો છે, એનો ઝણઝણાટ સાંભળનાર સાચે જ બળવાન આત્મા હોય છે.

× × ×

કાળ (time) મહાસાગરમાં ' સમય ' રૂપી જળબિંદુઓનો તો સુમાર નથી, છતાં એમાંનાં કેટલાકનો એવો સુંદર ઇતિહાસ જળવાયેા છે કે આજે એ વાંચતાં હૃદય ઝણઝણાટ અનુભવે છે. મુખમાંથી સહસા ઉદ્‌ગાર નીકળી પડે છે કે–ધન્ય એ જીવન ! ધન્ય એ સોનેરી પળ !

દેશનાની પૂર્ણાહૂતિ થતાં જ જનતા ઉદ્યાનમાંથી બહાર નીકળી પાટલીપુત્ર નગરના માર્ગે પળી. " **मुंडे मुंडे मतिर्भिन्ना** " એ ઉક્તિ અનુસાર વાર્તાલાપના વિષયમાં વિવિધતા ભરી હતી. કોઇક ત્યાગી સંતના જીવન પર, એમાં રહેલી પવિત્રતા પર પ્રશંસાનાં પુષ્પો વેરતાં તો કોઇ આજની દેશનાના કેંદ્ર સમા ' બ્રહ્મચર્ય ' જેવા મહત્ત્વના વિષયની ચર્ચા કરી રહ્યા હતા. એકે તો સ્વજીવનના નિચોડરૂપ વાક્ય ઉચ્ચારી પણ દીધું કે—

" મહાશય ! માનો યા ન માનો, પણ સુદર્શન મુનિ કહે છે તેવું શિયળવ્રતનું પાલન સાધુજીવન સિવાય બીજે શક્ય નથી. સંસારમાં રહી, નેત્રો સામે લાવણ્યના મૂર્તિમંત સ્વરૂપ સમી કોમળાંગીઓ અહર્નિશ ક્રીડાકેલી કરતી નિરખી બ્રહ્મચર્યનો ઉચ્ચાર કરવો એ અગ્નિમાં હાથ નાંખી ન દાઝવાનો પ્રયોગ કરવા જેવું છે. એક કવિનું વચન છે કે ' મદમાતી યુવતીનો રાતે વિલાસ જોયા છતાં જો માનવને અંગવિકાર ન પ્રગટે તો માનવું કે કયાં તો એ ત્યાગી છે અથવા તો એ નપુંસક છે."

" બંધુ ! ઉતાવળો ન થા. એકાંતનો પક્ષ ન પકડ. કવિના કથનમાં માનવગણના મોટા ભાગના જીવનનું પ્રતિબિંબ ભલે દોરાયું હોય, છતાં ગૃહસ્થજીવનમાં પણ નિષ્કલંક ચારિત્ર શક્ય છે. એવા પણ મનુષ્યો સાંભળ્યા છે કે જેના નયન સામે સ્વર્ગની અપ્સરા ઊતરી આવે તો પણ વિકારનો અંશ ન ઉદ્ભવે. તેથી તો ' બહુરત્ના વસુંધરા ' કહેવાય છે. શા માટે દૂર જવું ? આ સુદર્શન મુનિનું પૂર્વજીવન વિચાર. તેમના નિષ્કલંક ચરિત્રના પ્રભાવથી શૂળી મટી સિંહાસન થયું અને શાસનદેવીએ સાક્ષાત્ દર્શન પણ દીધાં. "

" શું આ તે જ મહાત્મા છે કે ? "

" ચંપાપુરીના સુદર્શન શેઠ વિષે અને તેમના શિયળના પ્રભાવથી થયેલ ચમત્કાર વિષે તો મેં પણ સાંભળ્યું હતું. પણ તેમને સંયમ અંગીકાર કર્યાની વાત અગર તો એ જ સુદર્શન શેઠ અને આજના ઉપદેષ્ટા મુનિ સુદર્શન બન્ને એક જ વ્યક્તિ છે એ વાતની મને ખબર નહોતી. "

એક તરફ આ વાર્તાલાપ ચાલી રહ્યો છે અને માર્ગ કપાઇ રહ્યો છે ત્યાં સુદર્શનનું નામ કાને પડતાં જ સમીપમાં એક તંબોળીની દુકાનેથી પાન ખરીદ કરતી લલના ચોંકી ઊઠી. એકાએક તેણીના ચહેરા પર કોઇ અગમ્ય ભીતિના ઓળા પથરાયા. રોજની હસતી મુદ્રા જોવાને ટેવાયેલ તંબોળી પણ આ ફેરફારથી અજાયબી પામ્યો.

તરત જ પેલી લલના સહસા થઇ ગયેલા લાગણીવશપણામાંથી જાગૃત બની, પુનઃ હસતું વદન કરી, જાણે કંઇ બન્યું જ નથી એવો ભાસ દાખવતી, પાન લઇ સત્વર પોતાના આવાસ તરફ વિદાય થઇ. સીડી પર ચઢી, કમરામાં પ્રવેશી એકાએક દાસીને ઝૂમ પાડી અને જ્યાં એ આવી કે અંગુલિથી

વાતો કરતાં માર્ગે જઇ રહેલાં પેલા ગૃહસ્થોને બતાવી, એમની વાતોનો મર્મ જાણી લઇ આવવા જલદી તેમની પાછળ પ્રચ્છન્ન-પણે જવા આજ્ઞા કરી.

વાચકને પણ આશ્ચર્ય થયું જ હશે કે સુદર્શન શેઠને તો ચંપાપતિએ શૂળી પર ચઢાવરાવ્યા હતા ત્યારપછી એવો તે કયો ચમત્કાર થયો કે એ જ સુદર્શન જીવતા રહ્યા તથા આગાર ત્યજી અનગાર બન્યા અને પાટલીપુત્રના ઉદ્યાનમાં આવેલ કમળદ્રહ નજીક કયાંથી આવી ચઢ્યા ? વળી એ બનાવના વૃત્તાંતમાં આવતાં સુદર્શન શબ્દથી પેલી લલના કેમ વિવશ બની ગઇ અને શા કારણે એને દાસીને દોડાવી ?

એના અંકોડા જોડવા સારુ આપણે પણ એ શ્રોતાજનની પાછળ જઇએ અને તેમની વચ્ચે ચાલી રહેલી ગોષ્ઠી ધ્યાન-પૂર્વક સાંભળીએ.

મંડળીમાંના એક ગૃહસ્થે શંકા રજૂ કરતાં જણાવ્યું કે– " પ્રિયદર્શન કાકા ! આપની પેઢી ચંપાપુરીમાં છે તો ત્યાંનાં આ નવાઇભર્યા સમગ્ર વૃત્તાન્તથી આપ તો માહિતગાર હશો જ. એ સર્વ અમને કહી સંભળાવો. એમ કરવાથી આ મહાત્માના પાવનકારી જીવનસંસ્મરણથી અમારા કાન પવિત્ર થશે અને ચાલવાનો થાક પણ જણાશે નહીં. "

" ભાઇ નંદન ! સાચે જ એ આખો ય બનાવ રોમાંચ ખડો કરે તેવો છે. યુવાન વય, એકાંત સમય, તરુણાવસ્થાના મધ્યાહ્નમાં રમતી સુન્દરીનો યોગ અને તેણીનો કામતૃપ્તિ માટે તીવ્ર અભિ-લાષ. એક રીતે કહીએ તો સર્વ પ્રકારની સાનુકૂળતા છતાં એ સામે એકાદ મટકું પણ ન મારનાર, એકાદ રુંવાડે પણ વિકાર ન અનુભવનાર સુદર્શન સાચે જ વણિકકુલાવતંસ છે. ખરેખર એ એક મહાન યોદ્ધો છે.

"ચંપાપતિની પ્રેયસીએ જ્યારે જોયું કે મારા મનોરથ ફળતા નથી ત્યારે એનાં પર કલંક ચઢાવ્યું અને કાનના કાચા નૃપે શૂળીની આજ્ઞા આપી. સતી મનોરમા કાયોત્સર્ગમાં લીન બની. એ જગજાહેર બનાવના અનુસંધાનમાં અભૂતપૂર્વ બનાવ તો એ બન્યો કે નિર્જીવ એવી શૂળી કે જેણે અગાઉ હજારોનું રક્ત પાન કર્યું હતું તેણે પણ જાણે જીવ આવ્યો હોય તેમ એકાએક પવિત્ર પુરુષના સ્પર્શથી જબરો કંપ અનુભવ્યો અને નિમેષમાત્રમાં તો શૂળીને સ્થાને સિંહાસનરૂપે નવો અવતાર ધારણ કર્યો. જેમના હાથ ગળા રેંસવા સિવાય અન્ય કોઇ સુકૃતમાં વપરાયા નથી અને જેમનાં હૃદય સંખ્યાબંધ આત્માઓનાં મરણમાં સાક્ષીભૂત થવાથી કેવળ નિષ્ઠુર ને જડવત્ બની ગયેલાં છે એવા જલ્લાદો પણ ઘડીભર આ ચમત્કારથી અજાયબીમાં ગરકાવ થઇ ગયા. વાયુવેગે પ્રસરતી આ વાત જોત-જોતામાં વસંતનો લ્હાવ લૂંટતાં ભૂપતિના કાને પડી. બીજી બાજુ રણવાસમાં પણ એનો પડઘો પડ્યો. એકી સાથે રાજરાણીનાં હૃદય એકાએક ભૂકંપ થવાથી જેમ ધરણી ધ્રૂજે તેમ ધ્રૂજી ઊઠ્યાં.

"રાજા વિચારે છે કે 'જેને હું વ્યભિચારી માનું છું, અરે! જેને ગુનેહગાર લેખવા માટે પુરાવાની પણ જરૂર નથી જોઇ એ સુદર્શન વણિક પંચત્વ પામવાને બદલે સિંહાસન શોભાવે છે! અવશ્ય કંઇક સમજફેર થઇ છે. નિર્મળ ન્યાયના તોલન અર્થે મારે જાતે જ ત્યાં જવું જોઇએ.' એવો નિશ્ચય થતાં જ નૃપની સ્વારી શૂળીસ્થંભ તરફ વળી. રાણી અભયા પણ સમજી ચૂકી કે 'કાળાશ છુપાવવા ગમે તેવા સફેદાનાં અસ્તર માર્યાં, પણ આખરે સત્યનો જય થયો.' એના પ્રકાશમાં પોતે પ્રજાની નજરે વ્યભિચારિણી તરીકે જાહેર થાય અને એ માટે સજાને પાત્ર બને તે પૂર્વે પલાયન થઈ જવાનો નિરધાર કરી તેણે દાસી એવી પંડિતાને જલદી તેડાવી.

" જ્યારે રાજવી વધસ્થળે આવી પહોંચ્યો ત્યારે ત્યાંનો દેખાવ કોઇ તીર્થભૂમિના મેળા જેવો થઇ રહ્યો હતો. સત્ત્વવંત-શિરોમણિ એવા સુદર્શન શેઠ દેવતાઇ સિંહાસન પર બિરાજ્યા હતા. કંઠમાં વિવિધવર્ણી ને નવપલ્લવિત પુષ્પોની માળાનું આરોપણ કરી, અંતરિક્ષમાં ઊભા રહી, શાસનદેવી એકત્રિત થયેલા જનવૃંદને ઉદ્દેશી ઉદ્‌ઘોષણાનાં મંગળાચરણ કરી રહ્યા હતા.

" પોતે સતી મનોરમાની દૃઢ પ્રતિજ્ઞાથી કેવી રીતે ખેંચાઇ આવ્યા તે જણાવી આ કલંક એક પ્રશંસાપાત્ર વ્યક્તિના શિરે ચઢાવવામાં કઇ વ્યક્તિઓનો હાથ હતો ? એ પાછળ કેવી નીચ મુરાદ હતી ? તે સર્વ સ્પષ્ટ શબ્દોમાં જનતાને કહી સંભળાવી અંતમાં બોલ્યા કે—

" ચંપાપતિએ કેવળ લાગણીવશ બની, ઉતાવળથી ન્યાય તોળવામાં ગંભીર ભૂલ કરી છે. એમાં રાજધર્મ ચૂક્યા છે. પુનઃ આવું કાર્ય ન બનવા પામે એ ખાતર હું તેમનું તે તરફ ધ્યાન ખેંચું છું. પ્રજાના પિતા સમા ભૂપાળે ન્યાય–નીતિના પાલનમાં પૂર્ણ લક્ષ આપવું ઘટે, નહિ તો અણવિચાર્યાં કાર્યોથી કોઇક વાર રાજ્ય મહાન સંકટમાં આવી પડશે એવી આગાહીની સાથોસાથ ચેતવણી આપું છું.'

" સદૈવ જેના સુખ ખાતર નૃપ દધિવાહન ચિંતાતુર રહેતો અને અમાપ કાળજી ધરતો તે અભયાનું દુશ્ચરિત્ર શ્રવણ કરી એટલી હદે રોષાન્વિત બની ગયો કે કદાચ જો તેણી નજીકમાં હોત તો જીવતી રહેવા ન પામત. પ્રસંગ વિચારી, ગુસ્સાને દબાવી દઇ, મહાત્મા એવા સુદર્શનને પ્રણામ કરી પોતાના ઉતાવળાપણાથી જે કદર્થના ઉપજાવવામાં પોતે કારણભૂત બન્યો તેને માટે ક્ષમા માગી.

" સુદર્શન રાજવીને ઉદ્દેશી બોલ્યા કે—' મહારાજ ! આપ

એનું દુઃખ ન ધરો. વાત મનમાંથી કાઢી નાંખો. એ સર્વ કર્મ-રાજના તમાસા છે. એનેવા વેશ ભવરૂપી નાટ્યભૂમિ પર જીવોને ભજવાવે તેવા વેશ પરતંત્ર દશા હોવાથી જીવને ભજવવા પડે છે. મારી, આપની કે દેવી અભયાની દશા શેત્રંજના પાસા જેવી છે.'

" તરત જ દધિવાહન રાજાએ સામૈયાપૂર્વક વાજતેગાજતે શ્રેષ્ઠીશિરોમણિ સુદર્શનનો નગરપ્રવેશ કરાવ્યો. સત્યનો જય જયકાર થયો. શિયળના અપૂર્વ મહિમાની વાત ચોતરફ વિસ્તરી રહી. સર્વત્ર જૈન શાસનની ગૌરવગાથા ગવાવા લાગી. આ સમાચાર શ્રવણ કરી, પ્રાણવલ્લભના શિરે ચોંટેલું કલંક સર્વથા નષ્ટ પામવાથી અને સચ્ચરિત્રની મહત્તા પહેલાં કરતાં સવિશેષ સ્થપાવાથી સતી મનોરમાએ કાયોત્સર્ગ પાર્યો. જનતામાં પતિવ્રતધારિણી મનોરમા પ્રશંસાનો અને કુલટા અભયા નિંદાનો વિષય થઈ પડી.

"રાજમહાલયમાં પદસંચાર કરતાં જ ચંપાપતિને દુષ્ટ અભયા યાદ આવી. અનુચરને આજ્ઞા કરી કે 'ગુનેગાર રાણી અભયાને પોતાની સન્મુખ તેડી લાવો.' પણ અલ્પ સમયમાં જ તે પાછો ફર્યો. નિરાશાભર્યા સ્વરે તેણે જણાવ્યું કે 'રાજાધિરાજ ! રાણી માતા તથા તેમની દાસી પંડિતાનો કયાંય પત્તો જ નથી. દાસીવૃંદ અહીંતહીં શોધખોળ કરી રહેલ છે.'

'શું એ પલાયન થઈ ગઈ ? જા, જલ્દી જા અને તળારક્ષકને ખબર આપ. ચારે દિશામાં અશ્વારોહી સૈનિકોને દોડાવી કોઈ પણ રીતે એ બન્નેને જીવતાં પકડી લાવે.'

" હતાશ વદને નૃપ પોતાના શયનાગારમાં ગયો અને ભ્રમિત ચિત્તે બોલવા લાગ્યો: 'અહા ! પદ્માવતી હાથીના હરણ કરવાથી ગઈ તેનો પત્તો જ ન મળ્યો ! ધારિણી શિયળ રક્ષણાર્થે મૃત્યુને આધીન બની અને આ અભયા મારા સ્નેહનું અનુપમ ભાજન-ઉભય અંગનાઓ કરતાં તદ્દન વિપરીત રીતે-કુળને મશીનો ડાઘ

દઇ ચાલી ગઇ. ધિક્કાર છે! ફિટકાર છે આ મોહજાળને! આ માયાજાળને કોઇ પણ રીતે કાપી નાખવી જોઇએ. વહાલી પદ્માવતીનો અને એના સંતાનનો પત્તો મળે એટલી જ ઢીલ છે.

"નંદન! મારા મુનિમજીએ આ લખેલ ચિત્ર મેં તારી માગણીથી વર્ણવી બતાવ્યું. એ પત્રના પ્રાંતભાગે જણાવ્યું છે કે ચાંપતી તપાસ કરાવ્યા છતાં અભયાનો પત્તો નથી લાગ્યો અને સુદર્શન શેઠે ગૃહનો ભાર પોતાના વડીલ પુત્રને ભળાવી ચારિત્ર લીધું છે. જો કે એ લેખ મળ્યાને ઘણો સમય થઇ ગયો છે અને સાધુ એવા સુદર્શન પ્રભુ શ્રી મહાવીરદેવના સમાગમમાં આવી, અનુપમ આગમજ્ઞાતા થઇ ચારિત્રપાલનમાં એક્કા બની ગયા છે. અરે! પુનઃ તેમના પગલા ચંપામાં પડતાં નૃપતિ દધિવાહન મોટી ધામધૂમથી સામે આવેલ. એ અવસરે સતી મનોરમાએ પણ ભાગવતી દીક્ષા સ્વીકારી. આમ ઉભય સાચા ગૃહસ્થી અને સાચા ત્યાગી બન્યા. એ પત્રમાં જણાવ્યું હતું કે વિચરતા મુનિરાજ સુદર્શન તમારી તરફ યાને પ્રાચીન એવા પાટલીપુત્ર તરફ આવવા સંભવ છે. એની પાછળ પણ કંઇક રહસ્ય સમાયેલું છે, કારણ કે ભૂપ તેમ જ સંઘનો અતિ આગ્રહ છતાં એ નિર્ણય અફર રહ્યો છે."

"કાકાશ્રી! એવું કંઇક છે ખરું. મેં તો એટલે સુધી સાંભળ્યું છે કે આપણા નગરમાં એ સંતને ભારે ઉપસર્ગ થવાનો છે. એ વાત પર વિશ્વાસ બેસે તેવું કારણ પણ છે અને તે કહેનાર વ્યક્તિ બે ચાર દિવસ પૂર્વે જ નાલંદામાં વિરાજમાન તીર્થપતિ શ્રી મહાવીરદેવને વાંદીને પાછી ફરેલ છે."

ત્યાં તો તેઓનો મહોલ્લો આવ્યો એટલે સૌ છૂટા પડી પોતપોતાના આવાસ પ્રતિ સિધાવ્યા. પાછળ આવેલી દાસી પણ ઝડપથી પાછી ફરી અને શ્રવણ કરેલો સર્વ વૃત્તાંત પોતાની સ્વામિનીને કહી સંભળાવ્યો. એની પૂર્ણાહૂતિ થતાં જ ઉભયના

ચહેરા પર ભાવી સંકટની કાલિમા ફરી વળી. જાણે સામે જ ભયરૂપી રાક્ષસ ખડો હોય તેમ દાસીને ઉદ્દેશીને બાઇ પોકારી ઊઠી:

" પંડિતા ! કંઇ પણ માર્ગ શોધ, નહિ તો જરૂર ફસાયા. રીબાઇ રીબાઇને મરવાનું. આપણે અવશ્ય ઓળખાઇ જઇશું. વાચક સમજી ગયા હશે કે સ્વામિની ખૂદ રાણી અભયા હતી અને દાસી તે પંડિતા હતી. ચંપાના અંતઃપુરમાંથી રફુચક્કર થઈ, છદ્મવેશે કેટલાક સ્થાનોમાં ભટકી, કેટલાક સમયથી પાટલીપુત્રમાં આવી ગુલઝાર બાગના ઓછી વસ્તીવાળા લતામાં નિવાસ કરી રહ્યા હતા. વિવિધ હાવભાવ ને કાતિલ કટાક્ષથી ભોગી ભ્રમરોને આકર્ષી સ્વચ્છંદપણે વિલાસી જીવન ગાળી રહેલ આ લલનાયુગ્મને પરભવના ભય જેવું કંઇ જ નહોતું. કેવળ આજના અચાનક કાને પડેલ 'સુદર્શન' શબ્દે 'ભય'નું વાતાવરણ સર્જ્યું. સાચે જ અભયાની શક્તિ સ્વાહા થઇ ગઇ. ધર્મ અને નીતિના ભય કરતાં પણ ઊઘાડા પડી જવાની ધાસ્તી અને પકડાઈ ગયા પછીનો રાજ્ય તરફનો મૃત્યુદંડ તેણીના નેત્રો સામે તરવરવા લાગ્યો.

પણ કાવાદાવાના પૂતળા સમી પંડિતા ગભરાય કે નાસીપાસ થાય તેમ નહોતી. મુનિ સુદર્શન અહીં વધુ રોકાય તો અનર્થ જન્મે તેથી એ પૂર્વે તેમનું કાટલું કાઢી નાખવાની યુક્તિ શોધી કાઢી. અભયાને કહી પણ સંભળાવી, છતાં હતાશ રાણી કંઇ બોલી શકી નહીં.

મધ્યરાત્રિનો સમય થતાં જ કાયોત્સર્ગમાં ઊભેલા ને કેવળ ધર્મધ્યાનમાં લીન બનેલા સંત સુદર્શન સામે-કમલદ્રહના કાંઠા પર એકાએક બે લલનાઓ ખડી થઇ. એ હતી અભયા ને પંડિતા. પંડિતાએ સાથે આણેલ પોટલામાંથી ઝટ સળગી ઊઠે તેવી સામગ્રીઓ બહાર કાઢી ધ્યાનસ્થ મુનિની ચારે બાજુ ગોઠવી દીધી અને અતિશય ઝડપથી એમાં અંગારો મૂકયો. ચોતરફ

આગ ઊઠી, વચમાં મુનિરાજ સમતારસનું પાન કરતાં પૂર્વ-સંચિતને વિચારતા હતા કે 'આ ઉભય યુવતીઓ તો માત્ર નિમિત્તરૂપ છે; બાકી સાચા શત્રુઓ તો મારાં કરેલાં કર્મો જ છે.' એમ ચિંતવતાં મૌનપણે ધૈર્યથી એનો સામનો કરી રહ્યા. આયુષ્યનો અંત આવી રહ્યો. પુણ્યશ્લોક સુદર્શનનો દેહ ભસ્મીભૂત* થઈ ગયો અને એનો અમર આત્મા અંતગડ કેવલી બની ચૌદ રાજલોકના પ્રાંત ભાગે આવેલી સ્ફટિકરત્નમયી સિદ્ધશિલા ઉપર સિદ્ધિસ્થાનમાં પહોંચી ગયો.

પંડિતા અને અભયા દૂર ઝાડીમાં સંતાઈ આ સર્વ જોઈ રહી હતી. તેમણે 'હાશ' નો ઉચ્ચાર કર્યો. પંડિતા બોલી ઊઠી: 'રાણીજી ! પ્રકુલ્લ થાઓ, કાંટો નીકળી ગયો' છતાં સંતની પ્રસન્ન વદને થયેલી મૃત્યુભેટ નિહાળી અભયાના અંધારા હૃદયમાં વિજળી સમ ઝબકારો થયો. તેણીએ પતિત જીવનમાંથી હાથ ધોઈ નાંખવાની ગાંઠ વાળી.


પ્રભાતકાળના સોનેરી કિરણો પૃથ્વીતળ પર પથરાયાં. શ્રદ્ધા-સંપન્ન ઉપાસકોનાં આગમન શરૂ થયાં. એમાં શ્રેષ્ઠીવર્ય પ્રિયદર્શન ને નંદન પણ હતા જ.

તેમણે મહાત્મા સુદર્શનને બદલે કેવળ રાખનો ઢગલો જોયો. તેમના અંતર રડી ઊઠ્યાં. મરણાંત ઉપસર્ગ સાંભળી ગ્લાનિ થઈ. પાછળથી જ્ઞાનીમુખે સુદર્શન મુનિ મોક્ષે ગયાનું સાંભળી ભાવી પ્રજા આ વૃત્તાંત ન ભૂલે એ સારુ કમળદ્રહ નજીક પાદુકા સ્થાપન કરી. વર્ષોના વાયરા વીત્યા છતાં સચ્ચરિત્રની ખુશબો આજે પણ ત્યાં બહેકી રહી છે.

---

* અહીં કથાનકમાં સુદર્શનને બાળી દીધાની હકીકત આપી છે, અન્ય સ્થળે તે પ્રમાણે હકીકત દર્શાવવામાં આવેલ નથી, એટલે તે વિચારણીય છે. —પ્રકાશક

ચેડા મહારાજા



આજે આપણે એક એવા રાજવીનું જીવન જોવાનું છે કે જેમના સંબંધમાં જૈન ગ્રંથો જે કંઈ કહે છે એ કરતાં પણ અતિ અગત્યના મુદ્દા આગળ ધરી પુરાતત્ત્વશોધકો ઘણું ઘણું નવીન અજવાળું પાડે છે. તેમની દૃષ્ટિએ ભૂપતિ ચેટક યાને જૈન જનતામાં ઘરગથ્થુ થઇ પડેલ 'ચેડા મહારાજા' માત્ર એક વિશાળ પ્રદેશના રાજવી નથી, અગર તો અજાતશત્રુ સામે ભીષણ સંગ્રામ ખેલનાર એક પરાક્રમશાળી રાજા નથી; પરંતુ એ કરતાં અધિક એવા ગણરાજના વિધાતા છે.

કેવળ જૈન કથાનકની દૃષ્ટિએ ન જોતાં મહારાજા ચેટકનું વૃત્તાન્ત ઐતિહાસિક નજરે અવલોકવાની ખાસ અગત્ય છે. ભારતવર્ષમાં એ સમય અતિ મહત્ત્વનું સ્થાન ધરાવે છે અને 'વિશાલા'નું રાજ્ય પણ એ કાળના વિદ્યમાન મોટા રાજવંશો સહ અતિ અગત્યનો સ્નેહસંબંધ ધરાવતું હોવાથી તે કાળના ઇતિહાસ ઘડતરમાં ખાસ મહત્ત્વનો ભાગ ભજવે છે.

'ઉત્તર હિંદુસ્તાનમાં જૈન ધર્મ' નામનો ઐતિહાસિક ગ્રંથ એ પરત્વે ઠીક ઠીક પ્રકાશ પાડે છે. એમાંથી કેટલાક ઉલ્લેખો નીચે રજૂ કરવામાં આવે છે, જે આપણને 'ચેડા મહારાજા'-ના ગૌરવની પ્રતીતિ કરાવશે એટલું જ નહિં પણ એ ગૌરવની ગરિમા ઉપરાંત ઘણી ઘણી વિશિષ્ટતાઓનું ભાન પણ કરાવશે.

'સોળ મહા જનપદનો વિચાર કરતાં આપણને જણાય છે કે વજ્જિનું રાજ્ય જૈન અને બૌદ્ધ બન્નેને સામાન્ય છે. એ રાજ્ય આઠ સહાયકારી જાતિઓ(અટ્ઠ કુલ)નું બનેલું છે, જેમાં વિદેહો, લિચ્છવિઓ, જ્ઞાતૃકો અને વજ્જિઓ ખાસ અગ-

ત્યનાં છે. ડૉ. પ્રધાન આ સહાયકારી મંડળમાં એક વધારે જાતિ ગણાવે છે અને ઉમેરે છે કે તે નવ જાતિઓનું બનેલું છે. તેમાંની કેટલીક લિચ્છિવિ અથવા લિચ્છવિ, વૃજ્જિ અથવા વજ્જિ, જ્ઞાતૃક અને વિદેહ છે. એ નવ જાતિમાં લિચ્છિવિ અને વૃજ્જિ અગત્યનાં હતાં. આ નવ લિચ્છિવિ જાતિઓ પાછી નવ મલ્લકિ જાતિ–કાશી–કોશલના અઢાર ગણરાજાઓ–સાથે જોડાઈ હતી.' વિદ્વાન પંડિતના આ નિવેદનને જૈન સૂત્રો ટેકો આપે છે. શ્રી ભગવતી સૂત્રમાં ઉલ્લેખ છે કે—

नव मल्लइ नव लच्छइ कासीकोसलगा अट्ठारसवि गणरायाणो ॥

ડૉ. યાકોબી કહે છે કે–'રાજા ચેટક જેના ઉપર ચંપાનો રાજા કૂણિક બળવાન લશ્કર સહિત ચઢી આવ્યો હતો ત્યારે તેણે કાશી, કોશલ, લિચ્છિવિ અને મલ્લકિ આદિ અઢાર સહાયકારી રાજાઓને બોલાવી પૂછયું કે 'કૂણિકની માંગણીઓ તેઓ સ્વીકારવા ઇચ્છે છે કે તેઓ તેની સાથે યુદ્ધ કરવા ધારે છે?'

શ્રી કલ્પસૂત્ર જણાવે છે તેમ શ્રી મહાવીર દેવના નિર્વાણ પ્રસંગે અપાપામાં જે અઢાર રાજાઓ એકઠા થયા હતા તે ઉપર વર્ણવ્યા તે જ હતા. તેઓ ચેડા રાજાના સામંતો કહેવાતા. વસ્તુતઃ જોતાં તેઓનો સંબંધ ચેટકરાજ સાથે જુદા જુદા સમૂહને એક તંત્રરૂપે ગુંથનાર એક પ્રમુખ સાથે હોય તેવો હતો. પ્રમુખની દોરવણી અનુસાર જેમ તંત્ર ચાલે તેમ ઉપર્યુક્ત રાજાઓ પોતપોતાના રાજ્યનો વહીવટ ચલાવતા.

'ઇ. સ. પૂર્વે ૫૦૦ વર્ષ ઉપર વૈશાલી ભારતનું એક સમૃદ્ધ શહેર હતું એ સબંધમાં ડૉ. લૉ જણાવે છે કે " મહાનગરી સર્વશ્રેષ્ઠ: વૈશાલી ભારતીય ઇતિહાસમાં લિચ્છવિ રાજાઓની રાજધાની તરીકે તેમજ મહાન અને શક્તિવાન વજ્જિ જાતિના કેંદ્ર તરીકે પ્રસિદ્ધ હતી. આ મહાનગરી જૈન અને બૌદ્ધ ધર્મના

પ્રાચીન ઇતિહાસ સાથે નિકટ સંબંધ ધરાવે છે, એટલું જ નહિ પણ ઇ. સ. પૂર્વે પાંચસો વર્ષ ઉપર ભારતના ઇશાન ખૂણામાં ઉત્પન્ન થયેલ બે મહાન ધર્મ સંસ્થાપકોના પવિત્ર સ્મરણો પોતાના પટ પર સમાવે છે."

તેની રાજ્યવ્યવસ્થા ગ્રીક રાજ્યને મળતી આવે છે. આ સમયની નવીન રાજ્યવ્યવસ્થા, સ્વતંત્ર સંસ્થાઓ, રીતરિવાજો, ધાર્મિક વિચારો તેમ જ વિધિવિધાનો ભારતના સંક્રમણ કાળની આપણને ઝાંખી કરાવે છે. આ વખતે પ્રાચીન વૈદિક સંસ્કૃતિ નવીન વિકાસ સાધી રહી હતી અને વિચારણીય પ્રવૃત્તિ, જેમાંથી આ સામાજિક, ધાર્મિક નવીન હિલચાલ જન્મી હતી તેની અસર નીચે અજબ પરિવર્તન કરી રહી હતી. આવા પ્રજાસત્તાક રાજ્યોમાં વૈશાલીના વજ્જિ અને કુશિનારા (કુશિનગર) તેમ જ પાવાના મલ્લિ રાજ્યો મહત્ત્વનાં હતાં. રોમની જેમ વિદેહમાં રાજસત્તા પડી ભાંગવાથી વજ્જિઓની પ્રજાસત્તા સ્થપાઈ હતી. આમ જૂની રાજસત્તાને બદલે કુંડગ્રામ તથા બીજા સ્થળોની ક્ષત્રિય જાતિના પ્રમુખપદે વૈશાલી જેવા પ્રજાસત્તાક મહારાજ્યો સ્થપાયાં."

શ્રી કલ્પસૂત્રમાં પરમાત્મા મહાવીર દેવે "વૈશાલી અને વાણિજ્યગ્રામમાં બાર ચોમાસાં કર્યાં" એવું કથન છે એ ઉપરથી ડૉ. હર્નલ અને નંદલાલ ડે એક પગલું આગળ વધે છે અને કહે છે કે "વૈશાલીનું પ્રાચીન શહેર કુંડપુર અથવા વાણિજ્યગ્રામના નામથી ઓળખાતું હતું, તેમ છતાં ય અંતે એ વાત કબૂલ કરે છે કે લિચ્છવિઓની રાજધાની વૈશાલીના તે બન્ને વિભાગો હતા."

એ સંબંધમાં નિમ્ન નોટ ઠીક ઠીક પ્રકાશ ફેંકે છે—

"Vaniyagama (Vanijagrama), another name of the well-known City of Vesali (Vaishali), the

capital of the Lecchavi Country...in the Kalpa-Sutra.....it is mentioned separately, but in close connection with Vaisali. The fact is, that the city commonly called Vesali occupied a very extended area, which included within its circuit... besides Vesali proper (now Besarh), several other places. Among the latter were Vaniyagama and Kundagama or Kundapura. These still exist as villages under the name of Baniya and Basukunda...Hence the joint city might be called according to circumstances by any of the names of its constituent parts. "

ઉપરના ટાંચણો વૈશાલીનું પ્રભુત્વ સિદ્ધ કરે છે એટલું જ નહિ પણ સાથોસાથ એનું તંત્ર તે કાળના વિદ્યમાન રાજ્યોમાં અનોખી છાપ પાડતું એની પણ સાખિતી પૂરી પાડે છે. વિશેષમાં જણાવે છે કે એ પાછળ વજ્જિઓ, લિચ્છવિઓ અને જ્ઞાત્રિકો જેવી પ્રબળ ને પરાક્રમશાળી ક્ષત્રિય જાતિઓનો સબળ સાથ હતો. એ કાળે મગધ સામ્રાજ્ય મોટું ને કીર્તિશાળી ગણાતું હોવા છતાં એને પણ વૈશાલીની મહત્તાની અસૂયા આવતી. આમ પ્રભાવિક પુરુષ ચેડા મહારાજના કથાનકમાં ડગ ભરીએ તે પૂર્વે એ પોતે જે મહત્ત્વના સ્થાનના રાજ્યકર્ત્તા હતા–અરે! બરી રીતે કહીએ તો પ્રજાસત્તાક તંત્રના માનવંતા પ્રમુખ હતા–તેનો યથાર્થ ખ્યાલ આણવા સારુ વાર્તાપ્રવાહમાં સ્ખલનદોષ વહોરી લઈને પણ ઉપર્યુક્ત પ્રસ્તાવના જરૂરી ધારી છે.

જ્ઞાત્રિકો, વજ્જિઓ સાથે પ્રજાના નાતાથી જોડાયેલા હતા અને એ જ્ઞાત્રિકોમાં અવતંસ સમા **જ્ઞાતપુત્રે-શ્રી મહાવીરે**-જૈનધર્મની પ્રરૂપણા પાછળ કેડ કસી હતી એટલે એ સર્વ

ક્ષત્રિય જાતિઓમાં પ્રભુ શ્રી વર્ધમાનનાં તત્ત્વોનો સુન્દર પ્રભાવ પ્રસર્યો હતો. ડૉ. લૉના અભિપ્રાય મુજબ લિચ્છવિઓ અથવા વધારે વિશાળ અર્થમાં બોલીએ તો વજ્જિઓ દૃઢ ધાર્મિક ભાવના અને ઊંડી ભક્તિથી પ્રેરાયેલા જણાય છે. મગધદેશ અને વજ્જિભૂમિમાં મહાવીરે પોતાના સિદ્ધાંતનો વિકાસ સાધીને સર્વ જીવ પ્રત્યે અસીમ દયાધર્મનો પ્રચાર કર્યો ત્યારે તેમના અનુયાયીઓમાં લિચ્છવિઓ બહુ મોટી સંખ્યામાં હતા અને બૌદ્ધગ્રંથાનુસાર વૈશાલીમાં ઉચ્ચ પદવી ધરાવનાર કેટલાક માણસો પણ તેમના અનુયાયી હતા.

આમ વિદેહો, લિચ્છવિઓ, વજ્જિઓ અને જ્ઞાત્રિકો જૈનધર્મ સાથે જોડાએલા હતા. વજ્જિ અથવા લિચ્છવિનું રાજમંડળ શ્રી મહાવીરના સુધારેલ ધર્મને શક્તિપ્રદ હતું. મલ્લકિઓનો વિચાર કરતાં જણાય છે કે એ મહાન તીર્થંકર અને તેમના સિદ્ધાંતો પ્રતિ તેમને પણ અપૂર્વ લાગણી અને માન હતા.

આની અસર કથાનાયક ચેટકરાજ પર કેવી થઇ હતી તે આપણે હવે પછી જોઇશું.

વૈશાલી યાને વિશાલા નગરીનું મહત્ત્વ જોયા પછી આપણે ચેટક મહારાજાના જીવનમાં ડોકિયું કરવાનું છે. પરમાત્મા મહાવીરદેવનું તીર્થ પ્રવર્ત્યું નહોતું તે પૂર્વેના તેઓ વીતરાગ ધર્મમાં અચળ શ્રદ્ધાવાળા અગ્રરાજવી હતાં. શ્રમણસંસ્કૃતિના તેઓ પ્રશંસક હોઇ, અવારનવાર નિર્ગ્રંથોના પરિચયમાં રહેતા. એ વેળા વૈશાલી જેવા મહારાજ્યની પ્રબળ જંજાળો કે અન્ય પ્રકારની આંટીઘૂંટીઓ એમાં આડી આવતી નહીં.

પુરુષાદાની પાર્શ્વનાથ ભગવાનની પરંપરામાં ઊતરી આવેલા આચાર્યો પાસેથી શ્રદ્ધાપૂર્વક જૈનધર્મનું ઊંડું જ્ઞાન પ્રાપ્ત કરી, સાંભળ્યું છે તે પ્રમાણે, એટલા ધર્મનિષ્ઠ બન્યા હતા કે શ્રી

કૃષ્ણ વાસુદેવની માફક પોતાના સંતાનના વિવાહ-સંબંધ પોતે જોડવા નહીં એવા તેમણે શપથ લીધાં હતાં.

શ્રી કલ્પસૂત્રમાં પ્રભુ શ્રી મહાવીર દેવના માતાપિતા પાર્શ્વ-જિનનાં સંતાનીય શ્રાવક હતાં એવો ઉલ્લેખ નજરે પડે છે અને પ્રભુશ્રીની માતા ત્રિશલાદેવી એ ચેટક મહારાજાની બહેન થતાં હતાં. વળી ઐતિહાસિક વૃત્તાન્તો ઉપરથી પણ આપણે જોઈ ગયા કે ચેડા મહારાજાના સામંતો યાને લિચ્છવી તેમ જ મલ્લકી જાતિઓ-પણ જૈનધર્મના ઉમદા બોધથી રંગાયેલી હતી. એ બધાના નિમિત્તભૂત ચેડામહારાજા હતા, એમ કહેવામાં અતિ-શયોક્તિ જેવું નહીં જ લેખાય.

ચેટક ભૂપાળના કુટુંબમાં અરિહંત ધર્મના સંસ્કાર પરા-પૂર્વથી ચાલ્યા આવતા હતા અને તેથી જ તેમની પ્રત્યેક પુત્રી પણ જૈનધર્મના જ્ઞાનથી સુપ્રમાણ માહિતગાર હતી. વિશાળા નગરીમાં શ્રી મુનિસુવ્રતસ્વામી ભગવાનનો એક પ્રાચીન સ્તૂપ હતો. ચેટક નૃપ અહર્નિશ એ પુરાતન પગલાના વંદનાર્થે જતા, એટલું જ નહિ પણ તેઓશ્રીને એ સંબંધમાં એટલી દૃઢ શ્રદ્ધા હતી કે જ્યાં સુધી આ પ્રાચીન ને પવિત્ર સ્થાનનું ગૌરવ જળવાઇ રહેશે અને ઉપાસકવર્ગ તરફનું વંદન, ભક્તિ અને બહુમાન ચાલુ રહેશે ત્યાંસુધી બહારની કોઇ પણ સત્તા તરફનો રજમાત્ર ભય વૈશાલી પર આવી પડવાનો નથી. ભૂતકાળમાં રાજ્ય માથે આવી પડેલ સંકટો અને વિઘ્નો એ ચમત્કારિક સ્તૂપના પ્રભાવે જોત-જોતામાં અગ્નિમાં ઘી ઓગળી જાય તેમ ઓગળી ગયાની કેટલી ય સ્મૃતિ તેઓશ્રીના મનોપ્રદેશ પર રમતી હતી. પોતાના રાજ્ય માટેની આ પ્રબળ ને અફર બાતરીના જોરે નવા રાજ્યો જીતવા અને પોતાનું રાજ્ય વિસ્તારવું એવી

વાંછા પર આપોઆપ કાપ મૂકાયો હતો અને જે કંઈ કીર્તિ અને પરાક્રમના જોરે પ્રાપ્ત થયા હતા ત્યાં પણ વહીવટ ગણતંત્રના અંધારણ અનુસારે ગોઠવ્યો હતો. પોતે માત્ર એક નિરીક્ષક કે મધ્યસ્થ પુરુષ તરિકેનો ભાગ ભજવતા. આજના ધોરણે વાત કરીએ તો પ્રમુખની જેમ દોરવણી આપતા. પ્રદેશવૃદ્ધિની લિપ્સા કે સામ્રાજ્ય ઊભા કરવાની મહત્ત્વાકાંક્ષા તેમનામાં મૂળથી નહોતી, છતાં સાચા ક્ષત્રિયવટની ન્યૂનતા રંચમાત્ર ન હોવાથી એના રક્ષણ અર્થે યુદ્ધો કરવા પડે તેમ હોય તો એમાંથી જરા પણ પાછી પાની કરતા નહીં. બાણ ફેંકવામાં તેઓશ્રી એટલી હદે નિષ્ણાત હતા કે તેમનું ફેંકેલું બાણ લક્ષ્યવેધી જ નિવડતું. એ સમયમાં તેઓશ્રીની ખ્યાતિ અજોડ **બાણાવળી** તરિકે ચોતરફ દૂર દૂર સુધી વિસ્તરેલી હતી.

એક તરફ પોતાની જ ભગિનીનો પુત્ર (મહાવીર) સંસારને અસાર માની કેવળ આત્મસાક્ષાત્કાર અર્થે નીકળી પડ્યો હતો. દેવ-માનવના ભયંકર ને અતિ દારુણ ઉપસર્ગો કેવળ ઊઘાડી છાતીએ સહન કરતો હતો. એના પ્રતિકાર સારુ હથિયારની વાત તો દૂર રહી, પણ એકાદી આંગળી પણ સામી નહોતા ઉચકતા. જ્યારે એ જ અરિહંતના ધર્મમાં પોતે હોવા છતાં અને રાજ્યવૃદ્ધિ કે વૈભવવિલાસની કામના પર ઠંડું પાણી રેડેલું હોવા છતાં બાણ ફેંકવાની કળાથી જીવહત્યા કરવાના ઘોર પાપથી મુક્ત નહોતા બન્યા. આ વિચાર કેટલી ય વાર તેઓશ્રીના અંતરને વલોવી નાખતો હતો, છતાં એક વિશાળ સામ્રાજ્યના સંરક્ષક તરિકે, પ્રખ્યાત ક્ષત્રિય વંશ 'હુહુ' ના વંશજ તરિકે એનાથી પીછેહઠ થઈ શકતી નહોતી. રાજ્યને અંતે નરક કહેવાય છે તેનું કારણ પણ આમાં જ સમાયેલું છે. ધર્મી હૃદય કચવાય, છતાં પ્રજાસંરક્ષણની ફરજ જુદી જ દિશામાં દોરી જાય છે.

એમનો રોજનો ડંખ બળવત્તર બન્યો. તેમના મનમાં ઊગી

આવ્યું કે હિંસાના પ્રતિરોધ અર્થે કંઈ કરવું જોઈએ. બાણ ફેંકવામાં દક્ષતા ભલે પ્રશંસનીય લેખાય, પણ જ્યાં એ ફેંકયું કે તરત જ પ્રાણપંખેરું પિંજરામાંથી પલાયન થઈ જાય છે એ કેમ સહન થાય ? જે પ્રતિભાના શિરે કેવળ આત્મવિનાશની નગ્ન તલવાર લટકતી હોય તે પ્રતિભા હોય તો પણ શું અને ન હોય તો પણ શું ? એ જાતની શક્તિ પર કંઈ અંકુશ હોવો ઘટે. જેના જીવનનિર્વાહનો કંઈ બીજો માર્ગ જ નહોતો તેવો હરિબળ મચ્છી સરખો પામર માનવી પણ પ્રથમ જાળમાં આવેલ મત્સ્યને છોડી દેવાનો નિયમ ગ્રહી શકે, એ દ્વારા કલ્યાણના પંથે પળી શકે, જ્યારે મારા જેવો શક્તિસંપન્ન રાજવી, ખુદ તીર્થપતિના સમયમાં જીવિત ધારણ કરતો હોવા છતાં, અને સર્વ પ્રકારની સાનુકૂળતા છતાં એક ક્ષત્રિયધર્મના નામે આવી તીવ્ર હિંસાનો છેડો ન છોડી શકે એ કેટલું લજ્જાસ્પદ કહેવાય ? પુનઃ પુનઃ મસ્તિષ્કનો કબજો ધારણ કરતી ઉપર્યુક્ત વિચારશ્રેણી આખરે એક નિશ્ચયમાં પરિણમી. ચરમ જિનપતિ શ્રી વર્ધમાનસ્વામી કૈવલ્ય પામ્યા અને શ્રી ઇંદ્રભૂતિ આદિ અગિયાર મહાપંડિતોને પ્રતિબોધી શાસનની સ્થાપના કરી. તેઓ વિચરતાં વિચરતાં એકદા વિશાલા નગરીની બહાર સમવસર્યા. સારી ય નગરી શ્રી ભગવંતના દર્શનાર્થે ઊમટી પડી. મહારાજા ચેટક પણ એ અનુપમ લાભથી વંચિત ન રહ્યા.

સંસારની નશ્વરતા અને દશ દૃષ્ટાંતે દુર્લભ માનવદેહની પ્રાપ્તિ સંબંધી અમૃત દેશના શ્રવણ કરતાં જ પર્ષદામાં કોઈ અનેરું વાતાવરણ છવાયું. આત્મપિછાન કરવાના સાધુધર્મ અને શ્રાવકધર્મરૂપ બે માર્ગ છે, એ દિવ્ય સંદેશ શ્રી મહાવીર પ્રભુના મુખથી બહાર પડતાં જ જેઓ સમર્થ હતા અને જેમને સંસારની વાસનાઓ લોભાવી શકી નહોતી એવા શૂરાઓ તો સંયમના અભિલાષી તરીકે ઊભા થયા; પણ જેમના ખમીરમાં

એ જાતની ગરમી આવી નહોતી તેઓ શ્રાવકધર્મની દીક્ષા લેવા તત્પર થયા. દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવરૂપ વિલક્ષણ દર્પણ તરફ દૃષ્ટિ રાખીને એ દરેકને ભગવાન શ્રી મહાવીરદેવે ઉચિત પ્રતિજ્ઞાઓ આપી. આવા અપૂર્વ પ્રસંગે પરમાત્મા શ્રી વર્ધમાનસ્વામીની પાંત્રીશ ગુણ યુક્ત મધુર ગિરા સાંભળી જેના રોમેરોમ વિકસ્વર થયા છે એવા મહારાજા ચેટકે ઊભા થઈ પ્રશ્ન કર્યો કે–

"દયાનિધિ! શ્રાવકધર્મ અને રાજ્યધર્મ એ ઉભયનું મારાથી પાલન થઈ શકે? રાજ્યરક્ષણમાં બાધ ન આવે અને બાર વ્રત પાળી શકું એવો કોઈ માર્ગ છે?"

પ્રભુ બોલ્યા–"દેવાનુપ્રિય! સર્વ કંઈ શક્ય છે. શ્રાવકધર્મની રચના જ એવા પ્રકારની છે કે જેમાં મહાન સમ્રાટથી માંડી એકાદ અદનો રાંક પણ એને ગ્રહણ કરી શકે. બાર વ્રત ગ્રહણ કરવામાં લેનારની અનુકૂળતા મુજબ વિવિધ પ્રકારની તરતમતા રહેલી છે અને લેનાર પોતાના સંયોગો પર દૃષ્ટિ રાખી ઘટતી છૂટોથી વ્રતો ગ્રહણ કરી શકે છે. યુદ્ધ જ જેમનો વ્યવસાય છે અને શસ્ત્ર જ જેમનો પ્રાણ છે એવા મહારથીઓ પણ એ માર્ગનું શરણ લઇ, આત્મપંથ ઉજાળી શકે છે. શ્રાવકની દયાનું નીચામાં નીચું બિન્દુ નિરપરાધી ત્રસજીવને નિરપેક્ષ બુદ્ધિએ સંકલ્પીને ન મારવામાં આવીને અટકે છે. એટલું પણ ન બની શકે તો માનવી, પશુથી પણ ઉતરતી પાયરીએ જઇ પડે છે. સ્વાર્થવશ પાપભાગી બનવું કે દોષથી લેપાવું અને કેવળ સ્વચ્છંદતાથી, કોઈ પણ હેતુ વગર, પાપજનક ક્રિયા કરવી એ બે વચ્ચે મહદ્ અંતર છે. વ્રતગ્રહણ એ સંબંધી મર્યાદા આંકે છે; એટલે પ્રત્યેક આત્મા જેને મનુષ્યભવ વૃથા ગુમાવવો પરવડે તેમ નથી એને એ મર્યાદા સમજી લઇ, ધારણ કરવી જોઇએ."

ચેડારાજા બોલ્યા–"દેવાધિદેવ! આપે એ માર્ગનું દર્શન કરાવી મારા પર અમાપ ઉપકાર કર્યો. ચિરકાળના ડંખ પર

આપ જેવા ધન્વંતરીના લેપથી હવે કંઇક શાંતિ વળશે. ” એટલા શબ્દો બોલીને ચેડા મહારાજાએ વિનયપૂર્વક ઊભા થઇ બાર વ્રત ગ્રહણ કર્યાં. રાજ્યપાલનમાં ક્ષતિ ન પહોંચે એવી છૂટ રાખી અને એક દિવસે માત્ર એક જ બાણ ફેંકવું એવી કડક પ્રતિજ્ઞા–એ સુવર્ણઘટિકામાં–દયા ઉભરાતા હૃદયે સ્વીકારી.

આ પ્રતિજ્ઞાથી ભવિષ્યમાં કેવા કપરા સંજોગોમાં મૂકાવું પડયું, છતાં એમાં અડગ રહેવાથી અંતિમ જીવનમાં કેવો પલટો આવ્યો એ વાત આપણે હવે પછી જોઇશું.

× × ×

“ સ્વામિન્ ! આપે શું મગધરાજના દૂતને પાછો ફેરવ્યો એ વાત સાચી છે ? ભારતવર્ષમાં જેની વિજયપતાકા અસ્ખલિત રીતે ફરફરી રહી છે, જે ઋદ્ધિસિદ્ધિ અને વેપાર-વાણિજ્યમાં અગ્ર સ્થાન ધરાવે છે અને જેને મંત્રીશ્વરોમાં ધુરિપદે વિરાજમાન એવો **અભયકુમાર** મહાઅમાત્ય છે, એવા ગૌરવવંતા રાજ્યનો નૃપતિ આપણી દુહિતાનાં કરની માંગણી કરવા લલચાય, એ સારુ દૂત મોકલે, આવા સુંદર યોગનો લાભ લેવાના અવસરે આપ કુલીનતાનું બહાનું આગળ ધરી ‘ લક્ષ્મી ચાંદલો કરવા આવે ત્યારે મોં ધોવા જવા જેવું ’ કરો અથવા તો એને અપમાનિત કરી વિદાય આપો એ શું વ્યાજબી લેખાય ? કદાચ સંબંધ જોડવાની વાત રુચતી ન પણ હોય, છતાં સમાનધર્મીના સંબંધથી પણ એની સાથનું વર્તન સલુકાઇભર્યું હોવું ઘટે એમ આપશ્રીને નથી લાગતું ? ”

“ મહાસતી ! તમારી વાણી સાકરથી પણ અતિ મીઠી લાગે છે, એમાં અંતર્ગત ઉપાલંભ છે છતાં એ એવી રીતે મિશ્ર કરાયેલ છે કે એ સાંભળતા દુઃખ લાગે તેમ નથી. મારે કહેવું જોઇએ કે શ્રવણ કરેલ વ્યતિકરમાં સમજફેરનો ભાગ વધારે છે. એ પાછળનું રહસ્ય જુદું જ છે. ”

" મહારાજ ! સારા ય નગરમાં આજે એક જ વાર્તા પ્રસરી રહી છે કે ' મગધેશની સગાઇ સંબંધી માંગણી આપે હસી કાઢી, કુલીનતામાં ઊણપ દેખાડી, દૂતને તિરસ્કારી વિદાય કરી દીધો. ' મારી વિશ્વાસુ દાસીના સાંભળેલા આ સમાચાર છે. "

" શું આ હકીકત મારી પ્રજામાં ચર્ચાનો વિષય થઇ પડી છે ?"

" નાથ ! આપ એમ સમજો છો કે વિશાલા નગરીની પ્રજા રાજાના દરેક કાર્યો, બંધ આંખે અને મૂંગે મોંએ, કેવળ ઉપેક્ષા-ભાવથી ચલાવી લે ? જો આપને ખોટું ન લાગે તો એ પાછળ કેવી લોકવાયકા પ્રવર્તે છે એ જાણવા જેવી છે. તારુણ્યના આંગણે આવી ઊભેલી સ્વઅંગજાઓ તરફનું એક પિતા તરીકેનું આપનું વર્તન જનતાની નજરે વાસ્તવિક લાગતું નથી. એમાં પ્રજાને કર્ત્તવ્ય-ચ્યુતિનો સ્પષ્ટ ભાસ થાય છે. "

" અહો ! અંતઃપુરના કમરા સુધી પહોંચેલી આ સમસ્યા કેમ મારા કાન સુધી ન આવી એ આશ્ચર્યની વાત છે. "

" એમાં આશ્ચર્ય જેવું શું છે ? સંતાનોની ચિંતા મા-બાપે રાખવી જોઇએ એ સનાતન ધર્મ છે. આપ રાજ-કાર્યની અન્ય વિચારણાઓમાં એ વાત ઉવેખી મૂકો તો પણ મારે તો એ તરફ લક્ષ્ય આપવું જ પડે, માતૃહૃદયની એ એક વિલક્ષણતા છે. "

" અરે ! હું ભૂલ્યો, મેં તો વિવાહસંબંધ ન જોડવાના **'પણ'** લીધા છે તેથી એ બાબતની વાતમાં મારાથી ન જ પડાય. "

" મહારાજ ! પ્રતિજ્ઞા લેવી સુલભ છે, એમાં રહેલ દોષ-રેખા નિહાળવી એની પણ ના નથી; છતાં એ વાત પણ જોડે ભૂલવાની નથી કે આપણો વાસ હજુ સંસારમાં છે. સંતાનોમાં યોગ્ય પસંદગી કરવાની શક્તિ ખીલવ્યા સિવાય-પોતાના ભાવી જીવનનું શ્રેય શામાં છે એની પારખ કરવાનું અમીર પ્રગટાવ્યા

સિવાય-કેવળ ' પણ ' લઈ લેવા એ તો જવાબદારીમાંથી છટકી જવા જેવું લેખાય. "

" મહારાણી ! તમારા સરખી ક્ષત્રિયાણીના મુખે આ જાતની દલીલ ન જ શોભે. ક્ષત્રિયકન્યાઓ ઘણુંખરું સ્વયંવરા જ હોય છે. સ્વતંત્રતા અને સ્વાલંબન એ તો સૌ કોઇને પ્રિય હોય છે. મારી તનુજામાં એ શક્તિ છે એની પાકી ખાત્રી કરી લીધા પછી જો હું એમાં વડીલ તરીકેના અધિકારથી આડો આવું તો ઉભય પ્રકારે દોષપાત્ર લેખાઉં. તેથી તો હું વ્રતની આડ ધરી બસી ગયો છું."

" મહારાજ ! આપનો આંતરિક ભાવ હું સમજું છું. સાથે સ્વયંવર પાછળનો આશય પણ મારા ધ્યાન બહાર નથી, છતાં એ માટેની તાલીમ અને વ્યવસ્થા કોના શિરે ? આપની માફક હું પણ એક બાજુ થઈ જાઉં તો મારી કન્યાઓના ભાવી માટે શું સમજવું ? મારા અનુભવ પ્રમાણે અને માતા તરીકેની ફરજ તરીકે મેં દરેક કન્યાઓને ધર્મ અને નીતિના વિષયમાં યથાશક્ય નિષ્ણાત બનાવી છે. એમ કરવામાં મેં આપની રાહ જોઇ નથી. એના પ્રતાપે હજુ સુધી આપણી પુત્રીઓએ લીધેલા માર્ગમાં આપણને ઝાંખપ લાગે કે અસંતોષ ઉદ્ભવે તેવું કંઇ પણ બન્યું નથી."

" હું સમજ્યો. આ તો **'એક માતા સો શિક્ષકની ગરજ સારે'** તે ઉક્તિ અનુસાર તમે બજાવેલ ફરજનો મારા મુખે એકરાર કરાવી, પોતાની જાતના વખાણ કરાવવા સારુ આ લાંબી ચર્ચા ઉપસ્થિત કરી જણાય છે. એ માટે મહારાણી ! હું તમારી અત્યંત પ્રશંસા કરું છું. તમ સરખી પત્ની મેળવવા માટે મારી જાતને પણ અહોભાગી માનું છું "

" સ્વામિન્ ! આપ કેમ મજાકના માર્ગે વળો છો ? મેં પ્રથમ કહ્યું છે અને ફરીથી કહું છું કે સંતાનના શ્રેય સારુ માતા કે પિતા જે કંઇ કરે છે એમાં નથી તો ઉપકારની માત્રા

કે નથી તો ધન્યવાદની જરૂર, કેવળ ફરજ તરીકે એ થવું જ ઘટે. આપે ન કર્યું ને મેં કર્યું એ મામૂલી વસ્તુ છે. હું કંઈ આપનાથી જુદી નથી. લંબાણુ ચર્ચાનો હેતુ તો એ છે કે આપ પ્રજાના મનોભાવ સમજો. આપની પ્રતિજ્ઞા ન તૂટે એ સારુ મારો આશીર્વાદ છે. હવે જે કાર્ય અમારું છે એમાં આપ આડે ન આવો. એટલે બસ. ”

“ મહાસતી ! હું કયાં આડે આવ્યો છું ? મને બતાવો તો ખરા કે–મેં **પ્રભાવતી** કે **પદ્માવતી** આદિ કઇ દીકરીના સંબંધમાં ભૂલ કાઢી છે ? ”

“ નાથ ! આકળા ન થાઓ. જ્યારે વાત વિવાહની હતી ત્યારે મગધના દૂતને અમોને જરા પણ ખબર કર્યા સિવાય–એ સંબંધમાં અમારું મંતવ્ય જાણ્યા સિવાય–આમ એકાએક વિદાય કરી દેવાની જરૂર નહોતી. ”

આ સંવાદ આગળ વધે તે પૂર્વે આપણે પરિસ્થિતિ જોઇ લઇએ. જે સમયની વાત ચાલી રહી છે એ વેળા ચેટક મહારાજની સાત દીકરીઓમાંની પાંચ તો પોતાની પસંદગી અનુસાર જુદા જુદા દેશના રાજવીઓ સાથે પરણી ચૂકી હતી. **જ્યેષ્ઠા** ક્ષત્રિયકુંડના રાજવી અને પ્રભુ શ્રી વર્ધમાનના વડીલ ભ્રાતા નંદિવર્ધનની પ્રાણવલ્લભા થઇ હતી. બીજી શિવસુંદરી યાને **શિવા** અવંતિપતિ ચંડપ્રદ્યોતની અને ત્રીજી **પ્રભાવતી** સિંધુ–સૌવીર દેશના સ્વામી ઉદાયનની પટરાણી થઇ હતી. **મૃગાવતી**ની પસંદગી કૌશાંબીના રાજા શતાનીક પર ઊતરી હતી, જ્યારે પાંચમી **પદ્માવતી**એ ચંપાપતિ દધિવાહનના શિરે સ્વપ્રેમનો કળશ ઢોળ્યો હતો. હજુ પણ સુજ્યેષ્ઠા અને ચેલણા નામે બે બહેનો તારુણ્યના આંગણે આવી ઊભેલી છતાં યોગ્ય પસંદગીના અભાવે કુંવારી હતી. ઉભય વચ્ચેનો સ્નેહ

અતિ ગાઢ હતો અને દેખાવ પણ એવો હતો કે એકના બદલે બીજી સામે ઊભી રહે તો નામ દેવામાં પણ ભૂલ થઇ જાય. આમ છતાં ચેલણા કરતાં સુજ્યેષ્ઠામાં સ્વાભિમાનની માત્રા કંઇક વધુ હતી. સૌ બહેનોમાં એનું મનોબળ અતિ મજબૂત લેખાતું.

રાજગ્રહીના શ્રેણિક મહારાજે સુજ્યેષ્ઠાના રૂપ-ગુણની વાર્તા એક તાપસી મુખે જ્યારથી સાંભળી હતી ત્યારથી તેમના મનમાં એની સાથે વિવાહસંબંધ બાંધવાનો કોડ જાગ્યો હતો, પણ વિશાળાપતિ ચેટકરાજ અને મગધપતિ શ્રેણિક મહારાજ વચ્ચે બરાબર મેળ નહોતો. રાજતંત્ર ચલાવવાની ઉભયની પદ્ધતિ વચ્ચે આસમાન જમીનનું અંતર હતું. એક ગણરાજનો હિમાયતી હોઇ નવા રાજ્ય જીતી પોતાના રાજ્યનો વિસ્તાર વધારવામાં ઉત્સુક નહોતો, ત્યારે બીજો નાનાં રાજ્યો પર ચઢાઇ કરી, વિશાળ સામ્રાજ્ય જમાવવાની અભિલાષા સેવનાર હતો. આ ઉપરાંત ક્ષત્રિય જાતિ તરીકે સમાનતા છતાં કુલીનતાની દૃષ્ટિએ ચેટકરાજ ઉચ્ચ લેખાતો. આ સર્વ વિવિધતામાં એક સમાનતા ઊડીને આંખે વળગતી અને તે સમાનધર્મીપણાની! ઉભય પ્રભુ શ્રી મહાવીરદેવના ઉપાસકો હતા. આટલી ટૂંકી નજર ફેંકી વાર્તપ્રવાહમાં આગળ વધીએ.

આપણે ઉપર જોયું કે એક તરફ મગધના સ્વામી સાથે ચેટકરાજના ગૃહિણી મહાસતીનો પોતાની દીકરીનો સ્નેહસંબંધ જોડવાનો ઇરાદો હતો. બીજી બાજુ સુજ્યેષ્ઠા પ્રત્યે શ્રેણિકભૂપને સહજ આકર્ષણ જન્મેલું હોવાથી એ પણ સંબંધ બાંધવા તૈયાર હતો, જ્યારે વિશાળાપતિ ચેટક મહારાજ પોતે આ જાતનું જોડાણ પસંદ કરતા નહોતા. આમ છતાં શરીરસંબંધથી જોડાવાની આખરી સત્તા તો યુવાન પુત્રી સુજ્યેષ્ઠાના હાથમાં જ હતી, અલબત્ત એ વિષયમાં દીકરીને માતા તરફથી અવનવી સૂચનાઓ આડકતરી રીતે એટલે કે સખીઓદ્વારા મળતી હતી.

ભારતવર્ષમાં એ કાળે મગધની કીર્તિસુવાસ ઓછી નહોતી પ્રસરી. એ એક જબરું સામ્રાજ્ય લેખાતું. એની યશકલગી સામે વીતભયપટ્ટણ, અવંતિ અને કોશાંબી ઝાંખા જણાતાં; એટલે દૂતના આવાગમન પૂર્વે કેટલાય સમયથી એવા મહાન રાજ્ય સાથે સંબંધ સાંકળવાના–સુજ્યેષ્ઠા એ રાજ્યની અધિષ્ઠાત્રી બને તેવા–મનોરથની માળા વિશાલા નગરીના અંતઃપુરમાં ઉદ્‌ભવી ચૂકી હતી. તે કારણે જ મહાસતીએ દૂતનો વિદાય પ્રસંગ સાંભળ્યો ત્યારે માત્ર એમને અતિદુઃખ થયું એટલું જ નહિ, પણ હાથમાં આવેલી સુંદર તક ચાલી ગઇ એમ જણાયું અને એ વાતમાં મહારાજે અકારણ ઉતાવળ સેવીને વાત વીણસાડી દીધી એમ સ્પષ્ટ ભાસ્યું. તેથી એ ચર્ચા શરૂમાં જોઈ ગયા તેમ અતિ મહત્ત્વની થઈ પડી.

ચેટકરાજને પ્રજ્ઞમાં ચાલી રહેલ આ વિષયનો વાર્તાલાપ ખાસ અસર કરે તેમ નહોતું. તેમ એટલી પણ ખાત્રી હતી કે જ્યાં લગી સુજ્યેષ્ઠાની પોતાની વૃત્તિ મગધેશ પ્રતિ વળે નહીં ત્યાં સુધી આ સંબંધ હવામાં અદ્ધર લટકતો હતો, છતાં વહાલી દેવીના આગ્રહથી આ જાતના જોહાણ સામે પોતાનો વધુ વિરોધ કયા કારણે હતો એ પ્રકાશવાની જરૂર જણાઇ. વળી મહાસતીને એ વાત કહ્યા સિવાય તેમનું મગધ તરફનું વલણ બદલાય તેમ હતું પણ નહીં એટલે તેઓ બોલ્યા—

" દેવી ! જગતના માનવીઓ માને કિંવા ન પણ માને, છતાં કેટલાક વિષય એવા છે કે એમાં બુદ્ધિબળ કરતાં શ્રદ્ધાબળ વધુ કામ લાગે છે. એ જાતના વિષયોમાં ધર્મ, જ્યોતિષ અને આરોગ્યનો સમાવેશ સહજ કરી શકાય. મારી તો એ સંબંધમાં ખાસ ખાતરી થઇ ચૂકી છે કે દલીલબાજીમાં ઊતર્યા વગર કેવલ શ્રદ્ધાના જોરથી–અંતરના અવાજથી–એવા પ્રસંગે કામ કરવું. એક વાર પંડિતમંડળીની ગોષ્ઠી પૂરી થયા પછી હું અને

આપણા નામીચા જ્યોતિષી ઉદ્યાનમાં સહજ આંટા મારી રહ્યા હતા; તેવામાં વિશાલાનગરીના ભાવી સંબંધમાં સહજ પ્રશ્ન ઊઠ્યો. ગ્રહ, નક્ષત્ર અને યોગ-રાશિના આંક તો જેની જિહ્વાએ નાચી રહ્યા હતા એવા એ પંડિતે કહી દીધું કે 'મહારાજ! આ ધરતી પર થોડા વર્ષોમાં આપત્તિનાં ઘેરાં વાદળ ઘેરાવાનાં; અને તે પણ કોઇ બહારની અતુલ સત્તાના આક્રમણથી નહીં, પણ સમીપવર્તી મગધરાજ તરફથી જ-દોહિત્રના નિમિત્તથી જ! જ્યોતિષ તો એવો યોગ દાખવે છે-માનવું યા ન માનવું એ આપની ઇચ્છાની વાત છે. થવું યા ન થવું એ ભાવીભાવ પર અવલંબે છે.

"સામાન્ય પ્રશ્ન અને એનો અચાનક ઉદ્ભવ થયેલ છતાં જ્યારે એનો આવો જવાબ મારા કર્ણરંધ્રમાં અથડાયો ત્યારે જે ગમગીની પ્રગટી તે મારું અંતર જાણે છે. ચિરકાળથી અથાગ પરિશ્રમે પોષેલ એકાદ પુષ્પ-ફળથી મનોહર વૃક્ષ એકા-એક સખ્ત વાયુના સપાટામાં હતું ન હતું થઈ જાય તેમ મારી પ્રિય જન્મભૂમિની ભાવી દશા શ્રવણ કરતાં મને સખ્ત ક્ષોભ ઉદ્ભવ્યો. આવો પ્રશ્ન શાથી ઊઠ્યો એ એક અણઉકેલ્યો કોયડો છે, છતાં મારે કહેવું જોઇએ કે એ પ્રસંગ પછી મારા અંતરમાં મગધદેશને લગતી કંઇ પણ વાત અવશ્ય આંખના કણા માફક ખૂંચે છે. એ નામ સાંભળતાં જ સહજ ગુસ્સો પ્રગટે છે. ગણરાજ્યનો હિમાયતી હું એ વેળા ન કરવાનું કરી બેસું છું. જો દૂતને અપમાન પહોંચ્યું હોય તો એમાં પણ ઉપરનું જ કારણ છે. જન્મભૂમિની ભાવી દશાનો ચિતાર મને વલોવી નાંખે છે અને મન વિહ્વળ બનાવી દે છે. કુલીનતાનું માપ એ તો બહારની દૃષ્ટિનો જનતાને સમજાવવા પૂરતો સધિ-યારો છે. અંતરમાં તો મગધ સામેની સૂગ ઉપરના કારણે છે."

રાણી-"મહારાજ! આપ સરખા ધર્મજ્ઞ, અલોભી અને અલ્પકાંક્ષી માટે આ પ્રકારની અગ્રચિંતા હેતુશૂન્ય છે.

ભવિતવ્યતા મિથ્યા થનાર જ નથી ત્યારે એ સંબંધી ચિંતાના વર્તુળોમાં અથડાવાનું શું પ્રયોજન? શા સારુ વર્તમાન તરફ ન જોવું? કઇ ધરતી કે કઇ નગરી શાશ્વત રહેવાની છે? રાજા તો નિમિત્તરૂપ છે. જન્મભૂમિ અને જનતાના શ્રેય-સંરક્ષણ અર્થે યથાશક્ય પ્રયાસ કરવા એ તેનું કાર્ય છે. સફળતા કિંવા નિષ્ફળતા એ કર્માધીન વસ્તુ છે. એ તરફ પુરુષાર્થી આત્મા દૃષ્ટિ સરખી પણ નાંખતા નથી. વળી એક વેળા આપ કહેતા હતા કે-'જ્યાં લગી વિશાલા નગરીમાં પવિત્ર 'સ્તૂપ' મોજુદ છે ત્યાં લગી એનું ભવિષ્ય ઉજ્જવળ છે. આજે તો એ પૂનિત સ્થાન સારી ય પ્રજાનું યાત્રાસ્થળ છે, તો પછી આવા વિચારને શા માટે હૃદયમાં સ્થાન આપો છો? પ્રભુ શ્રી વીરના ઉપાસક માટે-આત્મા અને કર્મની રમતના જાણકાર માટે-અનાગત કાળની ચિંતા કરવાપણું ન જ હોય; એ તો ચાલુ કાળમાં પોતાનો ધર્મ બજાવ્યે જાય. સમયના ચક્રમાં રંચમાત્ર આઘું-પાછું કરવાની જ્યાં કોઇ પણ આત્માની શક્તિ નથી ત્યાં એની વિચારણા પાછળ ફોગટ ફાંફાં શા મારવાં? માટે એ વાત મનમાંથી આપ કાઢી નાંખો. આજથી હું પણ મગધને અને તેના સંબંધને વિસારી મૂકું છું."

દંપતીના આ વાર્તાલાપથી મગધ સાથેના સંબંધ પર પડદો પડ્યો, પણ વિધિના દાવ તો અદૃશ્ય હોય છે. એ '**अघटित-घटितानि घटयति, सुघटितघटितानि जर्जरीकुरुते।**' ની ઉપમાવાળી છે. એ ધાર્યો જોગ કેવી સિફતથી સાધે છે, નાની સરખી વાત કેવા મહાભારત રૂપમાં પરિણમે છે એ માટે હવે પછી વિચારશું.

× × ×

"સુવેગા! તારા કુંવરીબાને સત્વર જઇને ખબર આપજે કે ચિરકાળસેવિત મનોરથ-વૃક્ષને ફળ બેસવાનો સમય આવ્યો છે."

"સૌગંધિક મહાશય! આમ આજકાલ કરતાં તો આ વાતને વર્ષનાં વહાણાં વાયાં. મારી શેઠાણીની ધીરજનો અંત આવ્યો છે. પ્રેમરૂપી ખંજરનો ઘા જેને વાગ્યો હોય તે જ એનું દુઃખ કેટલું થાય છે એનો કયાસ કાઢી શકે. 'પ્રસૂતિની પીડા વંધ્યા ન જાણી શકે' એ લોકોક્તિ ખરેખર સાચી છે. અંતરની વ્યથાનો સાચો ત્યાગ પ્રેમયુગલો જ સમજી શકે, માટે આવા વાયદા કરવાનું છોડી દઈ સાચેસાચું કહો કે વાત કયાં આવીને અટકી છે?"

"સુવેગા! ત્યારે તું શું એમ સમજે છે કે આ બધી બનાવટ થાય છે? તારા કુંવરીબાને તો મારી સંગાતે પરિચય નથી, પણ ચેટક મહારાજના અંતઃપુરની તારા સરખી દક્ષ દાસી કે જેની સોબત મેં વિશાલામાં પગ મૂકયો ત્યારપછી માત્ર પંદર દિવસમાં થઇ છે અને તે એકધારી અત્યાર સુધી ચાલી આવે છે તેણીને પણ મારા વચનની કિંમત નથી? તો પછી કહેવું જ પડશે કે ખરેખરો કળિયુગ આવ્યો."

"મહાશય! આમ ઉત્તેજિત થઈ જવાનું કારણ નથી. એમાં અવિશ્વાસનું પણ કારણ નથી, બાકી તમે વેપારી સોદાગર ક્રયવિક્રયના વ્યવસાયમાં અન્ય સૌ કંઇ ભૂલી જાઓ, નફાતોટાના આંકડા મૂકતાં તમને આવાનું પણ ન સાંભરે. ભલેને બિચારી કુળવંતીને ઠંડી પડતી રસોઇ વારંવાર ચૂલો કુંકી ગરમ રાખવી પડે! મારી કુંવરીબાનો શો વાંક કાઢું? હું નજર સામે નિહાળી રહી છું કે અહીં આવ્યાને તમોને વર્ષ ઉપરાંતનો સમય વીતી ગયો. દરમિયાન નથી તમે એક વાર દેશ ભેગા થયા કે નથી તમારી ઘરવાળીને અહીં બોલાવી. શું તમને બૈરીછોકરાં સાંભરતાં નથી? તમે ગૃહસ્થાશ્રમી છો એ તો આપણા પ્રથમ પરિચયથી જ હું જાણી ચૂકી છું, એટલે જ આજે છાતી ઠોકીને કહી શકું છું કે કયાં તો પ્રેમ શું ચીજ છે એ

તમે જાણતા જ નથી અથવા તો તમે કેવળ વ્યવસાયના કીડા છો! ધનના દાસ છો! એમ ન હોય તો છતે સાધને આવું નિરસ જીવન કોણ ગાળે? પુરુષના હૃદય બરેબર કઠોર જ હોય છે."

"જ્યારથી તમારી પાસેથી પેલી છબી લઇ જઇ મેં મારી સ્વામિનીને બતાવી છે ત્યારથી તેણીની દશા એટલી બધી પલટાઈ ગઇ છે કે મને તો લાગે છે કે એ અગાઉના સુજ્યેષ્ઠા બહેન જ ન હોય! કયાં પૂર્વનું સ્વતંત્ર ને મોજીલું જીવન અને કયા અત્યારનું પરતંત્ર ને વિહ્વળ જીવન? કોણ જાણે એ છબીના દર્શને શું જાદું કર્યું છે કે ત્યારથી એમનો આનંદ, કુતૂહળ અને તનમનાટ પલાયન કરી ગયો છે અને એનું સ્થાન ગંભીરતા ને વિચારમગ્નતાએ લીધું છે. એમાં કેટલીક વાર ઉદ્વેગની રેખા પણ જણાય છે. સતત એ પ્રતિકૃતિના વિચાર એકાંત મળતાં ચાલતા જ હોય છે અને સ્વપ્નમાં પણ એ નામનો લવારો થઈ જાય છે. નથી તો પૂરું ખાતાં કે નથી તો પૂરું ઊંઘતાં. કયાં એ પૂર્વની કંચનવર્ણી દેહલતા અને યુવાનીના અદમ્ય તનમનાટથી નાચતાં અંગો અને કયાં હાલની ગ્રીષ્મ-ઋતુની સરિતાપટ સમી શુષ્ક કાયા? પ્રીતની રીત ન્યારી છે અને એની કારમી અસર મરદ કરતાં સ્ત્રીહૃદય પર સત્વર ને સચોટ થાય છે. જેમ ચક્રવાકી ચક્રવાક પાછળ પોતાના જીવનની આહૂતિ દેતાં પાછી પાની નથી કરતી અને જેમ પતંગિયું દીપકની જ્યોત પાછળ ફનાગીરી વહોરે છે તેમ જેણે પ્રેમરસનું પાન કર્યું છે એને મન જીવન-અર્પણ એ મામૂલી વસ્તુ છે. 'પ્રેમપંથ પાવકની જ્વાળા છે' એથી મારા તમારા જેવાં દેખનારાં દાઝે છે, બાકી અંદર પડેલાં તો મહાસુખ માણે છે.

"આટલો લાંબો ઇતિહાસ કહેવાનું પ્રયોજન એટલું જ કે મારી સ્વામિનીની દિવસે દિવસે થઇ રહેલી ગંભીર દશાનો પરદેશી બંધુ! તમને સાચો ખ્યાલ આવે. એ વાત પરથી તમારી

સરણા પુરુષહૃદયને સમજાય કે–સીતા, દ્રૌપદી, દમયંતી અથવા તો કળાવતી કે અંજના જેવી મહાસતીઓના પ્રેમ એ ગુલામી દશાના પ્રતીકરૂપ નહોતાં ! તેમ નહોતાં એ પાછળ પુરુષજાતિએ ગોઠવેલાં સમાજતંત્રના ભય કે નૈતિક કાનૂનનાં બંધન. એની પાછળ તો સતીહૃદયની ગુહામાં ઝળહળતી પ્રેમજ્યોતિનો ગહન ઇતિહાસ ભર્યો છે. એને ઉકેલવા સારુ સ્વતંત્રતા કે ક્રાન્તિનાં નિરસ ગાન ગાતાં શુષ્ક હૃદયો હરગીજ નકામાં છે. અરે ! પુરુષજાતિનો અતિ મોટો ભાગ એ ગૂઢતા સમજી પણ નહીં શકવાનો ! નારીહૃદયની કોમળતા, અર્પણતા અને ઓતપ્રોતતા એ અનેરી વસ્તુ છે. કોઇ ભલે માને કે પુરુષજાતિએ ઊભા કરેલાં બંધનો અને રચેલાં કાનૂનોની સખ્તાઇથી નારીજાતિ સૈકાઓથી પરાધીન દશા ભોગવતી આવી છે. આ માન્યતામાં થોડો સત્યાંશ ભલે હોય, બાકી તો નારીજાતિનો જે નૈસર્ગિક સ્વભાવ છે અને એ સ્વભાવ પાછળ જીવન હોમી દેવાની જે દૃઢ શક્તિ છે તેથી જ ભૂતકાળના ઇતિહાસનાં પાનાં એ જાતિના અદ્‌ભુત મનોબળની સાક્ષી પૂરતા ઉલ્લેખોથી ભરાયાં છે. એ કીર્તિગાથાને 'ગુલામી' તરીકે ઓળખનાર ભ્રમ સેવે છે. જે હાથ પારણું ઝુલાવે છે તે હાથમાં જગતને હચમચાવી મૂકવાની તાકાત છે. ફક્ત નિશ્ચય થાય તો જ. સ્ત્રીજાતિ એ શક્તિનો અવતાર છે. એની સામે પુરુષનું ખમીર ઠીંગુજી જેવું છે. અપેક્ષાથી આ વાત ગળે ઊતરે તેવી છે, કેમકે મોટા મહારથીઓ પણ જે માતાના અંકમાં ઉછર્યા, એ માતાની સૂચનાઓથી ટગમગ દશા ભૂલી, પગ મૂકતા ને ડગ ભરતા થયા, તેઓ એ માતાની ઓડમાં ઊભા જ ન રહી શકે. તેથી તો શાસ્ત્રકારોએ ' જનની ' નું સ્થાન સર્વોત્કૃષ્ટ પદે સ્થાપ્યું છે. એના વાત્સલ્યની તોલે કોઈ ચીજ આવી શકે તેમ નથી, જેમાં નારીજાતિની ગુણવંદના છે. એ યશગાથા અનોઠ છે.

" સૌગંધિક મહાશય ! તમે એમ ન સમજશો કે આ અબળા મારા સહકાર વિના શું કરી શકવાની છે ? જાળમાં આવેલ માછલું હવે કયાં જવાનું છે ? માટે એને ઇચ્છા મુજબ નાચ નચાવું ! સાચી વાત તો એ છે કે મારી શેઠાણી કુલીન વંશનું સંતાન હોઇ, ધર્મનીતિની જાણકાર હોઇ, કોઇ ઉતાવળું પગલું ભરે તેમ નથી. વળી તમે જાણો છો કે રાજ્યકારભારની આંટીઘૂંટીઓ વિચિત્રતાથી ભરેલી હોય છે, પણ જ્યાં એક વાર પ્રેમની ગાંઠ બંધાઇ ત્યાં એ બધી પ્રતિકૂળતાઓનો હિસાબ મૂકાતો જ નથી. તેથી જ તમારી મારફતે સાધના કરવી ઇષ્ટ ધારી છે.

" તમોએ તમારા માલિકનું જે રીતે વર્ણન કર્યું હતું તે જોતાં તો એ મોટા દેશનો સ્વામી છે. બહારથી પણ સાંભળ્યું છે કે મગધદેશનો રાજા પ્રતાપી છે, તો પછી એને આ કાર્યમાં આટલો વિલંબ શો ? આમાં તો તમારું જ આળસ દેખાય છે. આની પાછળ કંઇ લાલસા કે ચાલબાજી તો નથી ને ? ' **આંગળ કહીને માંગળ વાસે, માંગળ કહીને મૂલ પ્રકાસે; જો ભૂલે તો કાઢે હાંસે, વણિકકળાથી દેવો નાસે** ' એવી જે તમારી છાપ છે તેવું તો કંઇ નથી ને ? "

અભય—" સુવેગા ! સાચે જ આજે તો તેં રેતી પર મોટા આલિશાન મહેલનું ચણતર ઊભું કરવામાં કંઇ કચાશ નથી રાખી. તારી કલ્પનાશક્તિને પણ ધન્ય છે ! અને નારીજાતિની વકીલાત કરવાની ચતુરાઇને પણ ધન્ય છે. વિશાલાના અંતઃપુરમાં તારા સરખી દાસીઓમાં જ્યારે આવી દક્ષતા દૃષ્ટિગોચર થાય છે ત્યારે એનું આધિપત્ય ધરાવતાં મહારાણી કે એમની કુંવરીઓમાં એ શક્તિ પૂર્ણતાએ પહોંચી હોય એમાં આશ્ચર્ય જેવું પણ શું હોઇ શકે ? આજે ભારતવર્ષમાં ચેડામહારાજાની દીકરીઓની જે પ્રતિષ્ઠા પ્રસરી છે એ આ પ્રકારના એકધારા સંસ્કારનો પ્રતાપ જ છે, પણ આટલી પ્રશંસા પછી, ચેટી સુવેગા ! મારે કહેવું

જોઇએ કે તેં મને તો અન્યાય જ કર્યો છે. તારી શેઠાણીનું ઇપ્સિત સાધવામાં મેં મારા વ્યવસાયને બાજુ પર રાખી કેવળ પરમાર્થદૃષ્ટિએ જે ભયંકર સાહસ ખેડ્યું છે અને લગભગ એમાં સફળતા મેળવી છે અર્થાત્ વહાણ કિનારે આવ્યા જેવી સ્થિતિ ઉપસ્થિત કરી છે તેનો તારા તરફથી ઠપકારૂપ નતીજો મળી ગયો છે. વણિકકળાના વખાણ તો દૂર રહ્યા, એની ડહાપણગીરી તો અદૃશ્ય રહી, એની સહનશક્તિ, ધીરજ કે સાહસિકતા તો નજરે ન ચડી, માત્ર જડી એક સોદાગરી કિંવા વ્યવસાયપટુતા—અને તે પણ ટીકાની દૃષ્ટિથી !

"ભોળી વામા ! સાંભળ. આવાં કાર્ય પાછળ વણિકબુદ્ધિ અને ધંત ન હોય તો ભાગ્યે જ એમાં સફળતા પ્રાપ્ત થઇ શકે. ઉતાવળથી તો જોતજોતામાં ભડકો થઇ જાય ને કાર્ય વિણસી જાય ! 'વાણીઆ વિના રાજા રાવણનું રાજ્ય ગયું' એ લોકોક્તિ શું તેં નથી સાંભળી ? ખેર ! તારી માફક મને લંબાણ કરવાનો સમય નથી. ધ્યાન રાખી સાંભળ. જો આજે એકાદશી છે. આજથી ચોથા દિવસે અર્થાત્ પૂર્ણિમાના મધ્યાહ્ન કાળ પછી, મગધનો સ્વામી થોડા અંગરક્ષકો સહિત અંતઃપુરની સમીપમાં જે બાગ છે ત્યાં આવી પહોંચશે. તે પૂર્વે તારી સ્વામિનીએ બધી તૈયારી કરી ત્યાં સત્વર હાજર થવું જોઇએ. કોઇને સાથે લેવાનું નથી. સુરંગમાર્ગ એવો સાંકડો છે કે નાનકડા રથ સિવાય કોઇ પસાર થઇ શકે તેમ નથી, તેમ વિલંબ પણ થવો ન ઘટે. મહાન્ શત્રુના ઘરમાં વિશેષ વિલંબ જોખમકારક છે."

સૈાગંધિક ને સુવેગાના આ સંવાદ પરથી ચાલુ કથાનકનો પ્રવાહ સહજ અનુમાની શકાય તેમ છે, છતાં એને યથાર્થ સ્વરૂપે જોઇ લઇએ કે જેથી વાર્તાપ્રવાહ અબાધિતપણે આગળ વહે.

જ્યારથી રાજગૃહીમાં નિરાશ હૃદયે દૂત પાછો ફર્યો ત્યારથી શ્રેણિક ભૂપાલના હૃદયમાં એ બનાવ જબરો મંથનકારી થઇ પડ્યો. પ્રથમ તો સ્નેહનો તંતુ ઉદ્વેગ પમાડતો, પણ હવે એની સાથે ગોત્રહીણપતનો ટોણો ભળ્યો અને એ જાતનો ટોણો સામાન્ય વ્યક્તિને પણ દુઃખકર્તા નીવડે તો મગધના સ્વામીને શલ્ય તરીકે ભોંકાય એમાં નવાઇ પણ શી ? એ વાત અમાત્યમુખ્ય અભયકુમારના કર્ણે પહોંચી. તરત જ તે મસલતગૃહમાં પોતાના પિતા રાજવીને તેડી ગયો અને તેમના મુખેથી એ વાતનો નિશ્ચય કરી લીધો કે વિશાળાનરેશની તનયા સુજ્યેષ્ઠાને જ્યારથી ચિત્રપટમાં નિરખી છે ત્યારથી તે ચહાવા લાગ્યા છે અને તેણી તેવી જ રીતે પોતાને સ્નેહદૃષ્ટિથી જોતી હોય તો ગમે તે ભોગે–છેવટે સંગ્રામ ખેડીને પણ–પોતાની રાણી બનાવવા રાજા તૈયાર છે. દૂતના અપમાનનો એ સીધો પ્રતિકાર છે. ક્ષત્રિયો માટે એ જાતના યુદ્ધની નવાઇ નથી. જ્યાં આ જાતની ખાત્રી થઇ ચૂકી ત્યાં બુદ્ધિનિધાન અભયમંત્રીને વિશેષ મંત્રણા કે લાંબી વિચારણા કરવાપણું હતું જ નહીં. સુજ્યેષ્ઠાને લાવવા સારુ કેવો માર્ગ લેવો ? કેવી યોજના કરવી ? એનું ચિંતવન તો એના મગજમાં કયારનું ય ચાલી રહ્યું હતું. એ માટે ભિન્નભિન્ન વ્યૂહો ગોઠવાતાં ને વિલીન થતાં આખરે એક કલ્પના પર આંખ ઠરી. રાજવીને એટલું કહી તે ઊઠ્યો કે " મહારાજા ! આપ બેફીકર રહો, ચેટકતનયા આપના મંદિરને જરૂર શોભાવશે. કાંઇપણ ઉગ્ર પગલું ભરતાં પૂર્વે એના પ્રેમની પ્રતીતિ કરવી જોઇએ. એ માટે હું જ વિશાળા સિધાવીશ. તમારે મારી સૂચનાઓનો અમલ કરવો ત્યાં ગયા પછી એ માટેનો કાર્યક્રમ જણાવીશ. "

સુવેગા સાથે લંબાણથી વાત કરનાર અને વણિકજાતિની વ્યવહારકુશળતાની સચોટ છાપ પાડનાર સૌગંધિક એ અન્ય કોઇ નહીં, પણ મંત્રીશ્વર અભય પોતે જ હતો. આજે ચેટક

મહારાજના અંત:પુરની સમીપમાં સુગંધી તેલ અને સુવાસિત કરીઆણાંના વેપારી તરીકે ધામો નાંખીને પડ્યાને વર્ષ ઉપરાંતનો અવધિ વીત્યો હતો. અડ્ડો જમાવ્યા પછી અઠવાડીઆના ટૂંકા સમયમાં જ તેણે રાજમહાલયના દાસ-દાસીઓનું આકર્ષણ કરી લીધું હતું. સસ્તા દામે વિવિધ પ્રકારનાં તેલો વેચનાર સૌગંધિક તરીકે એની ખ્યાતિ સારી ય નગરીમાં પ્રસરી ચૂકી હતી. આવી સુંદર શરૂઆત પછી એણે દૈનિકક્રમ શરૂ કરતાં પૂર્વે એક સુંદર રીતે આળેખાયેલ ચિત્રપટને પુષ્પહાર ચડાવી ભાવપૂર્વક પ્રણામ કરવાનો નિયમ રાખ્યો હતો. કોઇક વાર આ વિધિમાં ઠીક ઠીક સમય લેતો. એ વેળા અંત:પુરની દાસીઓને સુગંધી પદાર્થની ખરીદીમાં ઢીલ થતી. આવી એક સમયની ઢીલ સારુ સુવેગાને સુજ્યેષ્ઠા કુમારી તરફથી ઉપાલંભ મળતાં તેણીના મનમાં એ કોનું ચિત્રપટ છે એ જાણી લેવાની તાલાવેલી ઉદ્ભવી. બીજે દિવસે એકાંત જોઇ એણે સૌગંધિકને પ્રશ્ન કર્યો. 'જોઇતું હતું ને વૈદ્યે કહ્યું' એ કહેવત પ્રમાણે સૌગંધિકે એનું સ્વરૂપવર્ણન એવી છટાથી કરી બતાવ્યું કે સુવેગાના મનમાં વસી ગયું કે આવા ક્ષત્રિય સ્વામીનો યોગ મળે તો મારી શેઠાણી સુખી થાય. તરત જ તેણીએ આ વૃત્તાંત પોતાની સ્વામિની સુજ્યેષ્ઠાકુમારીને કહ્યો અને અંતમાં જણાવ્યું કે "આ ક્ષત્રિયાવતંસ બીજો કોઇ નહિ પણ થોડા સમય પૂર્વે જેનું માગું આવ્યું હતું એ મગધરાજ ભંભાસર પોતે છે."

આ શબ્દો કર્ણમાં પડતાં જ તરુણી સુજ્યેષ્ઠાના અંતરમાં જબરું મંથન ઉદ્ભવ્યું. પ્રેમાળ માતા સાથે મહિના પૂર્વેની મંત્રણાઓ તાજી થઇ. સુવેગાને એ ચિત્રપટ લઇ આવવાની આજ્ઞા કરી.

'વણિકકળાથી દેવ પણ નાસે' એ કહેવત મુજબ ઇપ્સિત સિદ્ધ થવાની પળ નજીક આવતાં સૌગંધિકે કંઇ કંઇ યુક્તિઓ

કરી. એના લંબાણનું અહિં પ્રયોજન નથી. ટૂંકમાં એટલું જ કે પોતાનો ઇરાદો જરા માત્ર પ્રગટ ન થવા દેતાં, કુંવરીની ખાસ તમન્નાથી જ પોતે આ પ્રવૃત્તિમાં પડે છે એવો ભાવ ખડો કર્યો. ચિત્રપટના દર્શનથી સુજ્યેષ્ઠાનો નિશ્ચય થયો કે વરવું તો મગધેશને. જો કે એમ થવામાં વિઘ્નો ઓછાં નહોતાં. પિતાશ્રી ચેટક એ માટે નારાજ હતા, એ વાત ઊઘાડી હતી; પણ ક્ષત્રિયબાળાના નિરધારમાં એવી મુશ્કેલીઓને જરામાત્ર પણ સ્થાન હોતું જ નથી. પ્રેમનો માર્ગ જ કાંટાળો હોય છે. દુશ્મન-ભાવ દાખવતાં કુળોમાં પ્રેમની જમાવટ થયાના ઉદાહરણો સંખ્યાબંધ પ્રાપ્ત થઇ શકે છે. અહીં તો પિતાનો જેમ વિરોધ હતો તેમ સ્વેચ્છા મુજબ પતિની પસંદગી કરવાનો પોતાને હક્ક પણ હતો. એટલે એ જોખમ તો હતું, પણ એનો ઝાઝો ગભરાટ નહોતો; છતાં જો એ કાર્ય ગુપ્ત રીતે ઊકલી જતું હોય તો ઘણું સારું. એવો નિશ્ચય કરી કોઇ પણ રીતે એનું ચોકઠું ગોઠવવાનું જવાબદારી-ભર્યું કાર્ય સૌગંધિકના હાથમાં સોંપાયું. બનતી શીઘ્રતાએ એ કાર્ય પાર પાડવાની ખાસ ચેતવણી અપાણી. સુજ્યેષ્ઠા તરફથી સુવેગાએ ખાત્રી આપી કે 'મગધરાજ આવીને સુજ્યેષ્ઠાને લઇ જાય એ માટે સુજ્યેષ્ઠા કાગના ડોળે રાહ જોતી તૈયાર છે.'

આ પ્રકારની પાકી ખાત્રી થયા પછી સૌગંધિકે-અભયે પિતા શ્રેણિકભૂપને સર્વ વ્યતિકર જણાવી એ માટે ગુપ્તપણે મગધ-રાજ્યની હદના છેડેથી એક સુરંગ (ભૂમિમાર્ગ) ઠેઠ ચેટક રાજાના અંત:પુરના બાગમાં નીકળાય તેવી રીતે તૈયાર કરવાની સૂચના કરી અને એ માટે ઉપયોગી થઇ પડે તેવા બરાબર માપસૂચક નકશા પણ મોકલી આપ્યા. વળી એ સાથે કામ સત્વર ઉપાડ-વાની તાકીદ કરી. એ સુરંગ સૂચવાયેલા નકશા પ્રમાણે પૂર્ણ થયાના સમાચાર મળતાં જ અભયે પૂર્ણિમાનો દિવસ નક્કી કરી

એની ખબર રાજગૃહમાં પહોંચાડી. ઉપર જોયું તેમ સુવેગાદ્વારા સુજ્યેષ્ઠાને એ સંબંધી તાકીદ પણ કરવામાં આવી.

સુવેગા આ આનંદના સમાચાર લઇ ઝટપટ અંતઃપુરમાં પહોંચી અને સૈાગંધિકમહાશય પોતાનો વ્યવસાય સંકેલી ઉચાળા ભરવાના કાર્યમાં મશગૂલ બન્યા.

× × ×

" સારથી ! તેં ચપળતાથી, શીઘ્ર ગતિએ રથ હાંકી લગભગ શત્રુના પ્રદેશમાંથી નિર્વિઘ્ને બહાર આણ્યા છે, એટલે હવે જરા રથ થોભાવ. આ હરિણાક્ષી સુજ્યેષ્ઠા કે જે વેગ-ઉદ્વેગથી લગભગ અવાક્ બની ગઈ છે તેણીને જરા જંગલના વાયુથી તાજગી પ્રાપ્ત થવા દે. '

" મહારાજ ! આપ ઠગાયા છો. સારથીની કુશળતાથી આપ સુજ્યેષ્ઠાને બદલે એની ભગિનીને લઇ દોડી આવ્યા છો. મારું નામ તો ' ચેલણા ' છે. મેં સારથીએ રથ ઉપાડ્યો તે વેળા જ એ વાત પર ધ્યાન ખેંચવા પ્રયત્ન કર્યો હતો કે સુજ્યેષ્ઠાને આવવા દો, પણ આપે તે ગણકાર્યું નહીં. એના ફળસ્વરૂપે આપની ધારણા અપૂર્ણ રહી અને મારી દશા ત્રિશંકુવત્ બની. નીર ન મળ્યું અને તીરથી દૂર નીકળી ગઇ ! " સારથીએ રથ થોભાવતાં જ ચેલણા એમાંથી ઊતરી પડી અને ઉપાલંભરૂપે ઉપર પ્રમાણે જણાવ્યું.

" સુભ્રુ ! શા સારુ વિષાદ કરે છે ? મેં જે છબી નિહાળી છે અને જેનાથી હું મોહમુગ્ધ બન્યો છું એમાં અને તારા પ્રત્યક્ષ દિદારમાં મને કંઇ જ ફેર જણાતો નથી. કયાં તો તું મારી સાથે છળ રમતી હોય વા મજાક કરતી હોય; કિંવા તમારી બન્નેની આકૃતિઓ સમાન હોય; એ સિવાય અહીં અન્ય પ્રશ્ન સંભવતો જ નથી. "

" મહારાજ ! આપનું અનુમાન સાચું છે, તેમ મેં જે કહ્યું છે તે પણ એટલું જ સાચું છે. મગધના સ્વામી જોડે કપટાચરણ કરવાની કે પૂર્વ પરિચય વિના મળક ઉડાવવાની મારા સરખી નવયૌવનાને અગત્ય પણ શી હોય ? આપ ખાત્રી રાખો કે કેવળ હું જ નહિ પણ મારી દરેક બહેનો છળ-કપટ કે દંભ-નીતિથી દોઢસો ગાઉ દૂર વસનારી છે. અમારી પ્રેમાળ માતા તરફથી ગળથૂથીમાં જ અમને દરેકને ધર્મ-નીતિના ઉમદા પાઠ પઢાવવામાં આવ્યા છે. **' સાચને આંચ આવતી નથી '** એ સૂત્ર પર પૂરો ઈતબાર મૂકવાનું અમને શીખવવામાં આવ્યું છે. એટલે જૂઠું બોલી છેતરવાનો પ્રશ્ન રહેતો જ નથી. આપ રૂપની સરખાઈ અથવા તો ચહેરાની સમાનતા જણાવો છો એ વાત નેવું ટકા સાચી છે. મારા સંબંધમાં પણ આપને તે જાતની ભૂલના ભોગ થવું પડ્યું છે. આપને સુજ્યેષ્ઠા જેવી પ્રેયસી ગુમાવવારૂપ એક જ પ્રકારનું દુઃખ છે જ્યારે મારે તો એ ભગિનીનો વિરહ અને આપ સરખા અપરિચિત રાજવીના હસ્તે પરાધીનતા એમ ઉભય પ્રકારનું દુઃખ આવી પડ્યું છે !

આબ્બાની આશાથકી, અર્ધો ત્યજે આહાર;
પાછળથી પસ્તાય છે, એ પણ એક ગમાર.

એ ' ગમાર 'ની વ્યાખ્યા મારા સંબંધમાં તો બંધબેસતી થઇ પડી છે. બહેનડી સાથે હરખભેર આવી હતી. એ દ્વારા ભાવી કંઇ કંઇ સ્વપ્નો સેવ્યાં હતાં, જાતજાતના મનોરથો સફળ કરવાના ધાર્યા હતા; પણ એ સર્વ આપના સારથીની ચપળતાથી કહો કે આપ સરખા નરેશની અકારણ ઉતાવળથી કહો-આજે તો ધરાશાયી થઇ ગયા છે. મારે માટે તો અંધકારભરી ચોદિશા દેખાય છે. મારા ઉદ્વેગનું કારણ આપે હમણાં પ્રશંસેલો એ ' વેગ ' જ છે. જરા થોભ્યા હોત તો મારી બહેન

જરૂર પહોંચી હોત. હું બીજા કશાથી અવાક્ બનું એ તો અસંભવિત છે પણ મને મૂંઝવે છે–મૌન સેવરાવે છે–એમાં પ્રશ્ન તો એક જ છે કે જ્યારે આપ સરખા ધરણીપતિએ આવો મહાન્ સમારંભ સેવ્યો–કલ્પનામાં પણ ન આવે તેવી સામગ્રી તૈયાર કરી, અરે! એ સારુ ભયંકર શત્રુના પાટનગરમાં ગણત્રીના રસાલા સાથે આવવાનું જોખમ પણ ખેડયું; છતાં એ બધું જેને માટે કરવામાં આવ્યું–જેના પ્રેમસંબંધમાં એ જાતના સાહસની હારમાળા રચાઇ તેને લીધા વગર આટલા ત્વરિત પાછા કેમ ફર્યા? એ પાછળ અવશ્ય કંઈ ભેદ હોવો જોઇએ. કયાં તો એ પ્રેમનું ચણતર કાચે પાયે થયું હોય અથવા તો પ્રેમ પાછળના બલિદાન કરતાં જીવન ભયમાં આવી પડવાની ભીતિ જોર કરતી હોય. જ્યાંસુધી આ ઘૂંચનો સાચો ઊકેલ ન થાય ત્યાંસુધી મહારાજ! આપના આ જંગલનો સ્વચ્છ વાયુ નથી તો મને તાજગી અર્પવાનો કે નથી તો મારા હૃદયપટ પર છવાએલી શંકારૂપ મલિનતાને ઊડાડી એક ડગલું પણ આગળ જવાની પ્રેરણા પાવાનો."

"રાજપુત્રી! તારું આ સંભાષણ શ્રવણ કરી મને માથે ઝઝુમતા ભય વચ્ચે પણ અતિ આનંદ થયો છે. તારી તર્કબાજી સંસ્કારસંપન્ન માતાપિતાના સંતાનને શોભે તેવી છે. વળી જે જાતનું આચરણ થયું છે એ જોતાં એક કુલીન રાજકુંવરીને શંકા ઉઠાવવાનું કારણ મળે એ પણ માન્યા વિના ચાલે તેમ નથી. છતાં એ સર્વનું નિરસન કરવા સારુ આ જંગલ યોગ્ય સ્થાન ન ગણાય. પ્રેમનો પાયો ઢીલો છે કે નક્કર છે એ અનુભવે સમજાય. મેં પાવકની જ્વાળા સમજીને જ સિંહની બોડમાં હાથ નાખ્યો છે. જેટલું આશ્ચર્ય તને થયું છે એથી અધિક મને પણ થયું છે. ઉતાવળ કરવામાં આવી નથી પણ એ રીતે કામ ઉકેલી લેવાનો પૂર્વથી સંકેત કરાયો હતો. ઉભય પક્ષે એ

નિર્ણીત થયું હતું. છેલ્લી ઘડીએ એવું કયું કારણ બન્યું કે તારી ભગિની મિષ કાઢી પાછળ રહી તે હું નથી જાણતો. તે તો તારા ખુલાસા પછી જ જાણવા પામ્યો છું કે તમારા ઉભયમાં આ જાતની ભૂલભૂલામણી ભરી છે. મેં જે ચિત્ર જોયું હતું અને એની જે સ્મૃતિ મારા મનોપ્રદેશમાં રમણ કરતી હતી એ જોતાં સાચું કહું છું કે તને હું સુજ્યેષ્ઠા માનીને જ આગળ વધ્યો છું. મારો પ્રેમ ચેટકતનયા સહ અચળ એવા ધ્રુવના તારા સમ-ન ચળે તેવી રીતે બંધાયો છે. પછી એ તનયાનું નામ સુજ્યેષ્ઠા હોય કે ચેલણા હોય, તેથી રંચ માત્ર ફેર પડતો નથી. આપણા વચ્ચેની વાતચીતથી આ ગૂંચનો ઊકેલ સરળ બનશે. વાતના પૂર્વાપર અંકોડા મેળવ્યા વિના સાચી પરિસ્થિતિ કળી શકાવાની નથી. હાલ આટલી ચોખવટ પર્યાપ્ત છે.

"સુભ્રુ ! વિષાદ ત્યજી સત્વર રથારૂઢ થઈ જા. જો પેલા દોડતા સૈનિકો આવી રહ્યા છે, એટલે અવશ્ય કંઈ માઠા સમાચાર હશે. એમની વાત પરથી એ માર્ગમાં જ સમજી લેવાશે. બાકી પરરાજ્યની હદમાં ઘડીકનો વિલંબ એ સામે ઊભેલા મૃત્યુને આમંત્રણ આપવા સદૃશ છે. સુજ્ઞ પુરુષ એવી ભૂલ ન જ કરે."

ચેલણા સંયોગ વિચારી પુનઃ રથમાં બેસી ગઈ. જોતજોતામાં રસાલો જાણે હવામાં આકાશી ઘોડા ન દોડી રહ્યા હોય એ રીતે ઝડપથી કૂચ કરવા લાગ્યો. દિવસભરના સખત પરિશ્રમ પછી સૂર્યદેવ આરામભુવનમાં પ્રવેશવાને લગભગ ઘટિકાથી થોડો અધિક સમય બાકી રહ્યો, સંધ્યા સુંદરી રૂમઝુમ કરતી ધરતી માતાની ભેટ કરવા આવવાની શરણાઇ બજી રહી, વાયુ પણ મંદમંદ રીતે તાજગી અર્પતો વાઇ રહ્યો, એ વખતે આપણો પરિચિત રસાલો એક નાના ગ્રામની વિશાળ છાયામાં આવી

પહોંચ્યો. મનોહર આંબાવાડીઆમાં થોડા થોડા અંતરે પાંચ સાત તંબુઓ તાણેલા છે. એમાંના એકમાંથી એક પ્રૌઢ પુરુષ રથના અશ્વોના ખોંખારા ને પૈડાંના રણકાર સાંભળી તરત જ દોડી આવ્યો. રથમાંથી મહારાજે બહાર મસ્તક કાઢી, નજર કરતાં જ એને ઓળખી લઈને સવાલ કર્યો—

"કોણ અભય કે?"

"હા, મહારાજ! આપનું કાર્ય નિર્વિઘ્ને સિદ્ધ થયું ને?" એ પ્રશ્નનો ઉત્તર અદ્ધર રહ્યો.

સૌ કોઈ આ પોતાના રાજ્યનો સલામતીવાળો પ્રદેશ હોવાથી–ભયનું કારણ ન રહેવાથી–વાહનોનો ત્યાગ કરી, આશાયેશ મેળવી માર્ગનો થાક ઉતારવાના કાર્યમાં રક્ત બન્યા.

મહારાજા શ્રેણિક, ચેલણા અને અભયરૂપ ત્રિપુટી એક સુંદર રીતે શણગારેલા સમિયાણા પ્રતિ વળી. અનુચરને આદ્ય સામગ્રી ને સ્વાદુ જળ ત્યાં સત્વર આણવાનો આદેશ મળ્યો. આમ પૂર્ણિમાનો કાર્યક્રમ એક રીતે સફળતાને વર્યો. ઉક્ત ત્રિપુટી સંધ્યાભોજનથી પરવારી વાર્તાલાપમાં આગળ વધે તે પૂર્વે જ આપણે ત્યાં પહોંચી જવાનું છે.

છેલ્લા અંકના અનુસંધાનમાં ઝાઝું કહેવાપણું નથી. સુવેગા ને સૌગંધિક મહાશય વચ્ચેના સંકેત પ્રમાણે જ પૂર્ણિમાના દિવસે મહારાજા શ્રેણિક થોડા સૈનિકો અને નાગ–સુલસાના બત્રીશ પુત્રો કે જે મહારાજાના ચુનંદા અંગરક્ષકો હતા તેમની સાથે સુરંગ માર્ગેથી મધ્યાહ્ન થતાં જ વિશાળા નગરીની નિશ્ચિત થયેલી આરામવાટિકામાં ઉપસ્થિત થઇ ગયા. અંગરક્ષકોને રથની પાછળ રહેવાનું હોવાથી સત્વર તેઓ બહાર નીકળી વૃક્ષના આશ્રયે જુદા જુદા વૃંદમાં વહેંચાઈ ગયા. દરમિયાન ચેટક

મહારાજના અંત:પુરમાંથી એક તરુણી-યુગલ ધીમી ગતિએ સુરંગના મુખદ્વાર પર આવી પહોંચ્યું. મહારાજા શ્રેણિક સહ એ યુગલની આંખો મળી. મહારાજાએ તક ઓળખીને કોઈ પણ જાતનો અન્ય સન્માનવિધિ ન આચરતાં સત્વર રથમાં બિરાજમાન થવાની સૂચના કરી. ત્યાં તો જાણે કંઈ ભૂલાયેલી વસ્તુ યાદ આવી હોય અને તે લઈ આવવાની ખાસ અગત્ય હોય-એવા ભાવથી વયમાં કંઈક અધિક દેખાતી તરુણીએ પોતાની સાથેની તરુણીને ઉદ્દેશી, ધીમા સ્વરે કહ્યું કે-' તું ઊભી રહે, હું મારા અલંકારનો ડાબડો લઇ આવું.' કહેનાર તરુણીના નેત્રો પરથી એવો ભાવ સ્પષ્ટ જણાતો હતો કે જો એની સાથેની તરુણી લેવા જાય તો પોતે ન જાય, પણ પેલી તો મૌન રહી. એટલે બોલનાર તરુણી સત્વર અંત:પુરના માર્ગે પડી. મહારાજા શ્રેણિક તેમજ સારથી આ દૃશ્ય જોઇ રહ્યા. પેલી રમણી નજરથી દૂર થતાં જ મહારાજના કહેવાથી સારથીએ નજીક આવી મૌન ઊભેલી તરુણીને રથમાં બેસી જવાનો આગ્રહ કર્યો. મૌન રમણીએ સારથીની સૂચનાનો અમલ કર્યો. એના બેઠા પછી તુર્ત જ મહારાજા શ્રેણિક પણ રથારૂઢ થયા અને ઇસારો થતાં જ સારથીએ રથના અશ્વોને છોડી મૂક્યા. રથારૂઢ થયેલી રમણીએ રથ થોભાવવા-અલંકાર લેવા ગયેલી ભગિનીને આવી જવા માટે રાહ જોવા-મંદ સ્વરે મહારાજાને જણાવ્યું, પણ રથ તો ઉપડી જ ચૂકયો. એની પાછળ વૃક્ષના ઓથે છુપાયેલા અંગરક્ષકો ધીમે ધીમે આવી સુરંગના માર્ગે આગળ વધવા લાગ્યા.

એ પછી શું બન્યું તે આપણે ત્રિપુટીના વાર્તાલાપથી જ જાણી લઇશું, એટલે તે તરફ મીટ માંડીએ. શ્રેણિકભૂપે વાતનો આરંભ કરતાં જણાવ્યું કે—

" અભય ! તારી દરેક રીતની ચોક્કસ ગણત્રી પાર પાડવા છતાં અને એ કાર્યક્રમ પ્રમાણે અમે સર્વ યથાર્થપણે રમત

રમવા છતાં, કોઇ અજ્ઞાત કારણુથી સુજ્યેષ્ઠાને બદલે આ તેની ભગિની ચેલણાની ભેટ થઇ છે. પાછળના રહસ્યથી મારા જેટલી જ તેણી પોતે પણ અજ્ઞાત છે. ”

“ અહો ત્યારે દેવી ચેલણા ! તમે મને જણાવશો કે–ભગિની સુજ્યેષ્ઠા સાથેનો અમારો તદ્દન છૂપો કાર્યક્રમ તમારી જાણમાં શી રીતે આવ્યો ? અમારા બે જણ વચ્ચે ચાલતી મસલતમાં જ્યારે ખૂદ સુજ્યેષ્ઠાએ પરોક્ષપણે ભાગ ભજવ્યો છે અને એક પણ પ્રસંગમાં તમારો ઉલ્લેખ સરખો કર્યો નથી ત્યારે આ યોજના તમે શી રીતે જાણી ? ”

“ અમે બન્ને કુમારિકા હોવાથી તેમ જ અમારી બેની વચ્ચે ગાઢ પ્રીતિ હોવાથી આનંદ–પ્રમોદના દરેક પ્રસંગોમાં અમે જોડીરૂપે જ ભાગ લેતા હતા. તેણીને મેં પૂર્ણિમાને દિને વાટિકા તરફ જતી જોઇ અને હું સાથે થઇ, જો કે રોજ કરતાં મારા આજના વર્તનથી તેણીનો ચહેરો કંઇ વિકૃત જણાયો. મને એમ પણ કહ્યું કે–‘ ચેલણા ! હું કંઇ ક્રીડા અર્થે જતી નથી, આ તો સહજ આંટો મારી આવું છું. બહેનડી ! તું સાથે ન આવતાં અહીં જ થોભી જા.’ મેં બાળસુલભ આગ્રહથી એ વાત કાન પર ન ધરી અને તેણીની અંગૂલી પકડી સાથે જ ચાલી આવી. આમ કરવામાં એક કારણ હતું અને તે એ કે મેં સુજ્યેષ્ઠા અને એની બેટી સુવેગાને છેલ્લા ત્રણેક દિવસથી ઘણી વાર ગુપ્ત વાત કરતાં જોયેલા હતા. એક વાર એમ પણ સાંભળેલું કે–‘ સુવેગા ! તું બેફીકર રહે, હું ઠરીઠામ થતાં તુર્ત જ તને તેડાવી લઇશ. ’ તેમનો આ ગુપ્ત વાર્તાલાપ જાણવા સારુ મને સહજ કુતૂહળ જન્મ્યું. જ્યારે બાગમાં પગ મૂકતાં રથયુક્ત મહારાજને જોયા ત્યારે મને ભેદની થોડી સમજ પડી. અલંકારનો ડાબડો રહી ગયાના મિષે જો કે એ પાછી ફરી,

છતાં મને એટલું તો સમજાઇ ચૂક્યું કે મને થાપ આપવાનું એ એક બહાનું છે. જો હું અહીંથી આઘીપાછી થઇશ તો તરત જ સુજ્યેષ્ઠા પસાર થઇ જશે. જેના વિના મને ઘડીએ ન ચાલે તેને હું કેમ ત્યજી શકું ? એ ગઇ છતાં હું તો મૌનપણે ઊભી જ રહી. તેણી પાછી ફરે તે પૂર્વે મહારાજે મને રથમાં બેસાડી અશ્વોને હાંકી મૂકાવ્યા. રથ થોભાવવાની મારી વાત સાંભળી જ નહીં. આ કરતાં વધુ માહિતી મારી પાસે નથી. હા, એટલું વિશેષ જાણું છું કે અંત:પુરની નજીકમાં એક સૌગંધિકની દુકાન હતી જ્યાં સુવેગા વારંવાર જતી, પણ છેલ્લા ત્રણ દિવસથી એ દુકાન એકાએક ઉપડી ગઇ છે અને સૌગંધિક જણાતો નથી."

આ પ્રમાણે વાત થાય છે ત્યાં તો પ્રતિહારીએ ખબર આપી કે "એક સૈનિક હાંફતો હાંફતો દ્વાર પર ઊભો છે. તે મહારાજને રૂબરૂ મળવા માંગે છે."

"સત્વર જઇ એને પ્રવેશ કરાવ." મહારાજા શ્રેણિકે આજ્ઞા આપી. સૈનિકે શિબિરમાં પ્રવેશ કર્યો ત્યારે તેનો શ્વાસ સમાતો પણ ન હતો. ચહેરા પર વિષાદની કાલિમા ફરી વળેલી હતી.

મહારાજે ઇસારો કરી તેને બેસવા જણાવ્યું અને જે કંઇ બન્યું હોય તે ધીરજથી કહેવા સૂચવ્યું.

સૈનિકે ગદ્‌ગદ કંઠે જણાવ્યું–"નામદાર ! જ્યારે આપનો રથ સુરંગ માર્ગે આગળ વધવા લાગ્યો ત્યારે અમે પાછળ રહેલા સૈનિકો અને દરેક અંગરક્ષક એક પછી એક સુરંગમાં પ્રવેશી આપના રથ પાછળ કાર્યસિદ્ધિ થયાના ઉમંગથી સ્મિતવદને કૂચ કરી રહ્યા. છેલ્લો અંગરક્ષક ને હું જોડમાં જ હતા. સુરંગનું મુખ બંધ કરવાની તૈયારી કરવાનો આરંભ કર્યો ત્યાં બાસાહેબ-ની જોડે જે રમણીએ શરૂઆતમાં દેખાવ દીધો હતો અને પાછી

ફરી હતી તે એકાએક આવી ચઢી. આપ પસાર થઈ ગયાનું જાણતાં જ તેણી પોકાર પાડતી પાછી ફરી.

' દોડો, દોડો, ચેલણાનું હરણ મગધનો સ્વામી કરી જાય છે ' એવા શબ્દો અમારા કર્ણ પર અથડાયા. એ પોકારનો પડઘો સારા ય અંત:પુરમાં અને આસપાસ પડતાં જ દોડધામ મચી રહી. જોતજોતામાં વિશાલાના સૈનિકોની એક ટુકડી સુરંગ પ્રતિ આવતી જણાઈ. અમોને સ્પષ્ટ જણાયું કે સુરંગનું મુખ આચ્છાદન કરવાનો પ્રયાસ હવે નકામો છે, એટલે એને પડતો મૂકી અમે આપની પાછળ ઝડપથી આગળ વધ્યા. મને આ વ્યતિકર આપને જણાવવા સારુ તાકીદ અપાણી. માંડ મધ્યભાગે પહોંચ્યો ત્યાં તો શત્રુસૈન્યનાં તીરોની વર્ષા શરૂ થઈ ચૂકેલી લાગી. 'પકડો, પકડો, અને મારો, મારો'ની ભૂમો પડી રહી. અંગરક્ષકોએ જબરી ટક્કર લીધી, સુરંગનો સાંકડો માર્ગ પણ ઠીક સહાયભૂત બન્યો. એથી શત્રુનું જોર વધુ હોવા છતાં, એનો આગળ વધવાનો પ્રયાસ કારગત ન નીવડ્યો. ત્યાં તો નાયક તરીકેના સ્વાંગધારી એક પડછંદ વ્યક્તિએ તાકીને બાણ છોડયું તે આપના અંગરક્ષકોની છાતી વીંધી સોંસરું નીકળી જઇ ભોંય પર પડયું. એ સાથે જ બત્રીશે અંગરક્ષકો ઢગલો થઈ પડ્યા. હું તો આભો જ બની ગયો કે એકાએક આ શી કરામત થઈ! તરત જ બળપૂર્વક દોડ્યો. મને લાગ્યું કે હવે આવી બન્યું. મહારાજનો રથ હવે જરૂર સપડાઇ જવાનો. કોઇ પણ જોખમે એ વાત આપસાહેબના કાને નાંખવાના એક માત્ર સંકલ્પથી મારી દોટ ચાલુ જ રહી અને સુરંગના પ્રવેશદ્વાર આગળ આવ્યો ત્યારે જ જરા શ્વાસ લેવા થોભ્યો. 'મારી પાછળ સૈન્યના માણસો આવી પહોંચવા જોઇએ' એવી મારી ધારણા હતી પણ એવી કંઇ હીલચાલ દેખાણી નહીં. હું થોડો પાછો ફરી તપાસું ત્યાં સુરંગનો ભાગ મડદાથી એવી રીતે ભરાયેલો જોયો કે જ્યાં-

સુધી એ કલેવરોના ઢગને ખસેડવામાં ન આવે ત્યાં લગી ગમે તેવો પ્રબળ સૈનિક પણ સરળતાથી કૂચ કરી ન શકે. એ જોઈ મને કંઈક ધીરજ વળી. આપસાહેબને આપની હદમાં પહોંચવાનો કંઈક વધુ સમય મળશે એ વાતથી આનંદ થયો. મેં મારી મજલ પુનઃ શરૂ કરી અને આપની સન્મુખ એ દુઃખદ સમાચાર પહોંચાડવા ઉપસ્થિત થયો."

આ સાંભળી મહારાજા શ્રેણિકને ભારે દુઃખ થયું. પોતાના પ્રિય એવા બત્રીશે કસાયેલા અંગરક્ષકો આમ સ્વાહા થઈ જશે એવો સ્વપ્ને પણ એમને ખ્યાલ નહોતો. સૈનિકને આરામ લેવાની આજ્ઞા આપી અને અભયકુમાર તરફ દૃષ્ટિ નાખતાં તેમનાથી સહસા બોલાઈ ગયું—

"અભય! આ તો અણધારી બની ગઈ! સારથીલાયા સુલસાનો એક પણ વારસ જીવતો ન રહ્યો! તેણીને હું મુખ પણ કઈ રીતે બતાવી શકીશ?"

"મહારાજ! ગઈ વાતનો શોક કરવો વૃથા છે. આખરે તો ભવિતવ્યતા બળવાન છે. આ સર્વ હકીકત જાણ્યા પછી સારી ય ગૂંચનો ઊકેલ આવી જાય છે. સુજ્યેષ્ઠા કરાર મુજબ પ્રચ્છન્નપણે આપની સહ આવવા ઉત્સુક હતી, એમાં ચેલણા અચાનક સાથે થવાથી તેણીને થાપ આપવા જ અલંકારના ડાબડાનું મિષ ઊભું કર્યું. આપ તેમ જ ચેલણા એ ભાવ ન સમજી શકયા. વળી આપ તો 'ઉભય ભગિનીઓ છે કિંવા ડાબડો લેવા ગઈ એ સુજ્યેષ્ઠા હતી અને ઊભી હતી એ ચેલણા છે' એવા ભેદ પણ ન જાણતા હોવાથી શત્રુના ઘરમાં વધુ સમય ન રહેવું એવા ઉદ્દેશથી ઊતાવળા થયા અને રથ હંકારી મૂકાવ્યો. પછી પ્રેયસી સુજ્યેષ્ઠા ત્યાં આવી. એની ધારણા હશે કે પોતાની પાછળ ચેલણા આવશે. એમાં એ નાસીપાસ થઈ, પણ આવીને જોયું કે આપ તો ચેલણા સહ વિદાય થઈ ગયા છો એટલે પ્રેમ, સહજ અસૂયામાં

પરિવર્તન પામ્યો; તેથી જ પોકાર પણ થઇ ગયો. સુલસાના પુત્રોનું મરણ એ નિમિત્તે થવું સર્જીત. તેઓનો જન્મ એક સાથે થયો હતો એમ મૃત્યુ પણ એક સાથે જ થયું. એ બધી કર્મની અટળતા સામે માનવ લાચાર છે. હવે શોક કરવો વૃથા છે.”

“ દેવી ચેલણા ! તમારી શી ઇચ્છા છે ? મહારાજના હૃદયમાં તમારું સ્થાન સુજ્યેષ્ઠા જેટલું જ અચળ અને ગૌરવસંપન્ન છે. લગ્નનો કરાર એ તો ઉભયના દિલની સંમતિ ઉપર અવલંબે છે. તમારી ઇચ્છા પાછા ફરવાની હોય તો તેમ કરવામાં રંચમાત્ર વાંધો નથી. વિચાર કરી જવાબ આપો કે જેથી પ્રયાણ નિયત થાય.”

“ કુમાર ! સગી આંખે જોયેલા સાહસ ને વીરતા હું કેમ વિસરી જઉં ? વળી સુજ્યેષ્ઠાનો કરાર પાળવો એ એની બહેન તરીકે મારી પ્રથમ ફરજ છે, એટલે મારું સ્થાન હવે વિશાલા નહિ, પણ રાજગૃહીમાં જ છે. મહારાજ મારા શિરતાજ છે.”

ચેલણાનું અપહરણ થયા પછી વિશાલા નગરીની પરિસ્થિતિ તદ્દન બદલાઇ ગઇ હતી. મહારાજા ચેટકના સ્વભાવથી ને પરાક્રમથી પરિચિત પ્રજા સારી રીતે જાણતી હતી કે ટૂંક સમયમાં મગધદેશ સાથે સંગ્રામનું રણશિંગડું ફુંકાવાનું. ચેલણાને ઉપાડી જવાનો ઘા રાજવી મૌનપણે સહન કરે એ શકય જ નહોતું. સુરંગ માર્ગે આ બનાવ બન્યો તેથી જ આટલા દિવસ પસાર થયા. ઊઘાડી લડાઇમાં પરાજય પામ્યા હોય એવું કોઇ વાર ચેટકરાજની કારકીર્દિમાં નહોતું નોંધાયું કે નહોતું વિશાલા-નગરીની વસતીએ જોયું ! એક તરફ મહાસંગ્રામની તૈયારી અને બીજી તરફ ગુપ્તચરોની છૂપી તપાસથી સારા ય પુરમાં વાતાવરણ ગરમ બન્યું હતું. ચકલે, ચૌટે અને આવાસોમાં વાતનો વિષય સુરંગ ને ચેલણાના અપહરણનો જ ચર્ચાતો. એની પાછળ જાતજાતના ચણતર થતાં. ખૂદ મહારાજાને પણ ઓછું આશ્ચર્ય

નહોતું ઉદ્ભવ્યું. પોતાની નજર હેઠળ ખરે બપોરે એક નૃપ, ગણત્રીના અંગરક્ષકો સાથે આવી ચેલણાને ઉઠાવી જાય ! પોતે તેનો પીછો પણ ન પકડી શકે ! અરે ! આ જાતની સુરંગ થઇ તેની ગંધ સરખી પણ પોતાને ન આવે ! એ આશ્ચર્ય.

આવા વિચારને અંતે મગધેશની હિંમત માટે માન છૂટતું તેમ આવી સુરંગ તૈયાર કરાવનારની પ્રજ્ઞા પર મન આફરીન પોકારતું. આમ છતાં આ કડવો ઘૂંટડો ગળી જવાય તેમ નહોતું. ક્ષાત્રત્વને લાંછન લાગે તેવો બનાવ બની ગયો હતો. પોતે સામ્રાજ્યવાદનો વિરોધી હોઇ, સંગ્રામલાલસુ ન હોવા છતાં, કેવળ સ્વમાનના રક્ષણ અર્થે આ જાતના અપમાનનો પ્રતિરોધ યુદ્ધ ખેડીને કર્યા સિવાય પોતાને ચાલે તેમ નહોતું. તેથી અહિંસા ધર્મનો પ્રખર ઉપાસક હોવા છતાં, રાજધર્મ–ક્ષત્રિય-વટના સંરક્ષણ અર્થે મગધ પર ચઢાઇ લઇ જવાના આદેશ અપાઇ ચૂકયા, તૈયારીઓ પૂરી થવા આવી. તેમાં જે કાંઈ ઢીલ થઇ તે એક જ મુદ્દાની ચોખવટ કરવાના હેતુથી અને તે એ જ કે આ બનાવની પાછળ વૈશાલીની પ્રજ્ઞામાંથી કિંવા અંતઃપુરના નારીવૃંદમાંથી કોઇનો છુપો દોરીસંચાર તો નહોતો ને ? આટલું સાહસ પ્રથમની ગોઠવણ વિના શકય નહોતું જ ! આ જાતની તૈયારી એ કાંઇ બે–ચાર ઘડીનું કાર્ય ન સંભવી શકે. એની પાછળ સંખ્યાબંધ રાતદિવસના ઉજાગરા અને લાગણીવાળા અંતરોની તીવ્ર મહેનત હોવી જોઇએ. કોઇ બુદ્ધિમાનની નજર અને વૈશાલીના વતનીના સહકાર વિના આ યોજના સંભવી જ ન શકે. મહારાજાના મસ્તિષ્કમાં ઘોળાઈ રહેલ આ સંશય તદ્દન નિર્મૂળ ન હતો એમ વાચક તો સારી રીતે સમજે છે. પણ ગુપ્તચરોએ મેળવેલી હકીકતો પરથી એના કેટલાક અંકોડા મેળવવાનો સુયોગ આજે મહારાજાને સાંપડતાં તેઓશ્રી રાજકાર્યને જલદી આટોપી એકાએક અંતઃપુરમાં આવી પહોંચ્યા.

મસલતગૃહમાં બેઠક લઈ, તરત જ મહારાણીને બોલાવી લાવવા ચેટીને આજ્ઞા કરી. જ્યારથી ચેલણાનું અપહરણ થયું ત્યારથી અંત:પુરનું વાતાવરણ પણ સંક્ષુબ્ધ બન્યું હતું. જાત-જાતની ચર્ચાઓ ઊઠતી. સૌના મન પર ગમગીની છવાઈ ગઈ હતી. સુજ્યેષ્ઠા તરફ–એની દક્ષતા તરફ–સૌની આંખ વળતી. વધુ જાણવા સારુ અત્યાર પૂર્વે તેણીને ઓછા પ્રશ્નો નહોતા પૂછાયા.

આજે એકાએક મહારાજાનાં પગલાં આ સમયે પડતાં જ કંઈ નવા–જૂની થવાની આશંકા થવાથી દોડધામ વધી પડી. મહારાણી આવી ગયા. વિરામાસન પર બેસી મહારાજાને બોલાવવાનું કારણ પૂછે ત્યાર પહેલાં બૂઢ રાજવીએ જ ઉત્તેજિત સ્વરે ઉપાલંભ આપવાના ભાવથી જણાવ્યું—

" આટઆટલી નુકતેચીની થયા છતાં, આખરે નજર મગધ તરફ જ વળીને? જગતની આંખે જે અપહરણ મનાય છે તે બરું જોતાં–મળેલી બાતમીના સાંધા જોડતાં–અપહરણ નથી પણ તમારી વહાલી પુત્રીનો પ્રેમકિસ્સો છે. "

" મહારાજ! તમારા સરખા ધર્મજ્ઞ આ બનાવ પાછળ આટલી બધી ઉત્કંઠા કેમ ધરાવે છે એ જ મને નથી સમજાતું. **' लिखितमपि ललाटे, प्रोज्झितुं कः समर्थः ?'** અથવા તો **'विधिरेव बलीयसी'** જેવાં નીતિકારનાં વચનો પર આપને શ્રદ્ધા નથી બેસતી? પુરુષાર્થ મર્યાદિત હદ સુધી કામ લાગે છે, આખરી સત્તા તો ભાગ્યદેવીના હસ્તમાં જ સોંપાયેલી છે. તે વિના **' वसिष्ठ-दत्तलग्नोऽपि, रामः प्रव्रजितो वने ।'** જેવું આશ્ચર્ય સંભવી શકત? ચક્ષુ સામેના બનાવથી નિશ્ચિત કરી લ્યો કે **' विधिरेव तानि घटयति यानि पुमान् नैव चिंतयति ।'** અર્થાત્ વિધિ તે કરે છે કે જે પુરુષ ચિંતવી પણ શકતો નથી. એટલે માનવીના આરંભ્યા અધવચ્ચ રહે છે અને દૈવ કરે તે થાય છે. "

" મહારાણી ! તો પછી જાણ્યા છતાં મારાથી આ વાત છુપાવવાનું શું પ્રયોજન ? તે દિવસે મને તમે ખાતરી આપેલી કે 'પુનઃ આ વાત હું નહીં સંભારું ' એ કેવળ બનાવટ હતી ને ?"

" હે નાથ ! હવે મર્યાદા ઓળંગાય છે. ક્ષત્રિયાણી પોતાના વચનથી ચળાયમાન થવા કરતાં મૃત્યુ વધુ પસંદ કરે છે. આપ શું એમ માનો છો કે જે બન્યું છે તે મારી જાણમાં છે કિંવા એને મારી સંમતિ છે ? એ બનાવના સંબંધમાં જેટલા આપ અજ્ઞાત છો તેટલી જ હું છું. આપ કહો છો કે અપહરણ નથી, પણ પ્રેમકિસ્સો છે ત્યારે મને પુરાણી વાત સ્મૃતિપટમાં તાજી થાય છે; જો કે એનો મેળ મળતો નથી. એ વેળા મેં પુત્રી સુજ્યેષ્ઠાનું દિલ મગધેશ પ્રતિ વળેલું છે એટલું જોઇ લીધેલું, જ્યારે બન્યું છે જુદું. સુજ્યેષ્ઠાએ પોકાર કરી ચેતવણી આપી છે અને ચાલી ગઇ છે તો ચેલણા ! જેના સંબંધમાં સ્વપ્નેને પણ ખ્યાલ ન આવે. વારંવાર વિચાર્યા છતાં હજુ સુધી એ કોકડું ઉકેલી શકાયું નથી. "

મહારાણીએ આગળ ચલાવ્યું—

" બાકી પ્રેમકિસ્સાની નવાઇ ક્ષત્રિયો માટે કેમ હોઇ શકે ? વંશપરંપરાથી ચાલ્યા આવતાં વૈરવાળા કુટુંબોમાં જન્મેલા સંતાનો પરસ્પર પ્રેમબંધનથી જોડાયાના બનાવ શું શોધવા પડે તેમ છે ? ભલે પછી એ પ્રેમનું પર્યવસાન કયાં તો વૈરના શમનમાં થયું હોય કિંવા યુગલના કાષ્ઠભક્ષણમાં થયું હોય એ જુદી વાત છે. ઉમ્મરલાયક કન્યા મનપસંદ વર શોધે એમાં વડિલોને શરમજનક વાત કઇ છે ? હા, હું આ સંબંધમાં વધુ કંઇ પણ જાણતી નથી, છતાં છાતી ઠોકીને બેધડક કહી શકું છું કે— ચાહે તો સુજ્યેષ્ઠા હો કે ચેલણા હો, એ એની ઇચ્છા વિરુદ્ધ નથી તો કોઇને પોતાનો હાથ પકડવા દેવાની કે પોતાના પાકદામન પર રંચમાત્ર ક્ષતિ પહોંચવા દેવાની, ભલેને ઉપાડી જનાર

વ્યક્તિ મગધેશ હોય કે ચમરેશ હોય. મારી પુત્રીઓના પતિ-વ્રતધર્મ યાને શિયલરક્ષણ સંબંધમાં મને સંપૂર્ણ બાતરી છે. નારીજાતિને એ મહાન્ બજાના સિવાય બીજું સાચવવાનું પણ શું છે? માતાપિતાને પણ જો એ પવિત્રતા પર બાબી ન બેસતી હોય તો અન્ય ચિંતાનું શું પ્રયોજન છે? પ્રેમની ગતિમાં વૈર કે વૈમનસ્યને આડે આણવાની અગત્ય નથી, સાચા સ્નેહનો પ્રવાહ અસ્ખલિતપણે વહ્યા જ કરે છે. ક્ષાત્રધર્મ જેમ અનોખી ચીજ છે, એ ફરજ વખતે જેમ પિતાપુત્રનો સંબંધ નથી જોતો, શરણ દેવા પ્રસંગે જેમ શત્રુ કે મિત્રપણું નથી સંભારતો, તેમ પ્રેમ-ધર્મ પણ પૂર્વભવના સંસ્કારોથી ઉદ્ભવે છે. એને વડીલોની રાતી આંખ ડાંભી શકતી નથી."

ચેડા રાજા—" મહાસતી! તમારી દલીલો વાસ્તવિક છે. એ સામે આજે મારે કંઈ કહેવાનો ઇરાદો નથી. તેમ પુત્રીએ આ જાતના વર્તનથી કુળને કલંક પહોંચાડયું છે એમ કહેવાનો પણ મારો આશય નથી. નક્કી કરવાનું તો એ છે કે ગણરાજ્ય-ના એક મુખી તરીકે મારો ધર્મ મગધના સ્વામીએ લીધેલ પગલું મૂંગા મૂંગા ગળી જવાનો છે કે કેમ? એમાં લજ્જિ અને વજ્જિ સમૂહોની કીર્તિને કંઈ ઝાંખપ તો નથી પહોંચતીને? જો એનો ઉત્તર હકારમાં આવતો હોય તો એકધર્મના ઉપાસક તરિકે મારું વર્તન કેવા પ્રકારનું હોઈ શકે? એ વાતનો નિશ્ચય કરવાનો છે. અપમાનનો બદલો લેવો એ ક્ષત્રિયવટની જૂની પ્રણાલિકા છે. એ સારુ દરેક તૈયારી થઇ ચૂકી છે. મારી આજ્ઞા મળે તેટલી જ ઢીલ છે. દરમિયાન મારી જ અંગજાનો પ્રેમ-કિસ્સો નયનપથમાં આવે છે. એ સત્ય છે કે કલ્પનાજાળ પર રચાયો છે એની બાત્રી કરવી અગત્યની છે; કેમ કે એના નિર્ણય પર જ સત્ય કઈ બાજુ છે એનો નિરધાર થાય તેમ છે. એમાં તમારી સહાયની પૂર્ણ આવશ્યકતા છે. મારો ઉપાલંભ ભૂલી

જઇ, નીતિવેત્તાઓની વ્યાખ્યા પ્રમાણે **कार्येषु मंत्री करणेषु दासी...क्षमया धरित्री**—નો પાઠ ભજવો. યુવાન પુત્રીનું હૃદય ડંખ ન પામે અને વાતનું રહસ્ય મળે તેવો રસ્તો લ્યો. એ બાબતમાં તમે પૂરેપૂરા દક્ષ છો.”

“સ્વામિન્! એમાં સહકાર આપવો એ મારો પ્રથમ ધર્મ છે, પણ ગુપ્તચરની બાતમીનો મને કંઇક ખ્યાલ મળે ત્યારે જ એ બની શકે. પુનઃ કહું છું કે આ બનાવના સંબંધમાં હું સંપૂર્ણ અજ્ઞાત છું.”

ચેટકરાજે શાંતિપૂર્વક તપાસનો સાર કહેવા માંડયો.

“ચેલણાના અપહરણની વાત કાને આવતાં જ મેં સેનાપતિને દોડાવ્યો. બગીચામાં પ્રવેશી, સુજ્યેષ્ઠાના અંગુલીનિર્દેશ પ્રમાણે તેણે સુરંગમાં સત્વર ડગલાં ભર્યાં. આશ્ચર્યની વાત તો એ બની કે એના[1] એક જ તીરે દોટ મૂકી રહેલા બધા અંગરક્ષકોના બદન વીંધી નાંખ્યા અને તે સર્વ ચત્તાપાટ ભૂમિ પર ઢળી પડયા. પાસે જઇ એક શબને બસેડી આગળ વધવાનો રસ્તો કરે ત્યાં સામે તેવી જ રીતે બીજા અંગરક્ષકોના શબ પડેલાં. એનું તીર ચોકસ એકની જ છાતીમાં ગયું છતાં આશ્ચર્યની વાત એ બની કે સંખ્યાબંધ અંગરક્ષકો પંચત્વ પામેલા અને સુરંગનો સાંકડો માર્ગ એવો અવરોધાયેલો કે એક ડગલું પણ આગળ ન વધી શકાય. શત્રુને પકડી પાડવાની બાજી હાથમાંથી સરી ગઇ. નાઇલાજે એ પાછો ફર્યો. બીજા દિવસથી મેં એની પાછળની છુપી તપાસ એક તરફ શરૂ કરી ને બીજી તરફ મગધ પર ચઢાઇ કરવાના પયગામ પાઠવ્યા. જુદા જુદા પ્રદેશોમાંથી સૈન્યની ભરતી થવા માંડી. આજે તપાસના છૂટા હેવાલોમાં એકાએક સુજ્યેષ્ઠા અને એની દાસી સુવેગાના નામ મુદ્દાસર રજૂ થયાં કે જેથી મારો દિમાગ[2] ફરી ગયો. મારા અંતઃપુરનો હાથ આ કાર્યમાં જોઇ મન ઉત્તેજિત બન્યું અને હું સત્વર અહીં આવી પહોંચ્યો.”

---

૧ એ બાણ ચેડા મહારાજાનું કહેવામાં આવે છે. ૨ મગજ.

" સૌગંધિકના વ્યવસાયથી એ નામે ખ્યાતિ પામેલ કોઇ મહા-બુદ્ધિશાળી માણસ મગધથી આવી આપણા આવાસની સમિપમાં વસેલેા. તેણે સુગંધી પદાર્થો પાણીના મૂલ્યે પૂરા પાડી અંત:પુરના દાસીવૃંદમાં જબરું સ્થાન જમાવ્યું. જે ઉદ્યાનમાં મારી રજા સિવાય પુરજનનેા પ્રવેશ પણ અશક્ય છે અને જે એક એકાંત ભાગ પર આવેલ હેાઇ ઘણું ખરું રાણીવાસના નારીવૃંદ માટે જ અલગ રખાયેલેા છે; એમાં એક કરતાં વધુ વાર એ સૌગંધિક મહાશય જુદા જુદા સમયે સુજ્યેષ્ઠાએ અપાવેલી પરવાનગીથી જઇ આવ્યેા અને બારિકાઇથી એના જુદા જુદા ભાગની નોંધ પણ કરી આવ્યેા. એ વ્યક્તિએ જ સુરંગની યેાજના કરી. એવી સીફતથી કામ લીધું કે એની ગંધ સરખી કોઇને ન આવી. એક ચુનંદા વેપારી તરિકે મહાજનમાં પણ ઉમદા સ્થાન મેળવ્યું. બનાવ બન્યેા તેના ત્રણ દિન પૂર્વે જ એ મહાશય એકાએક ઉચાળેા ભરી ગયા ! આટલી માહિતી પ્રાપ્ત થઇ છે. સુજ્યેષ્ઠા એની શબ્દજાળમાં કેવી રીતે ફસાણી એ હજુ અનિર્ણીત વિષય છે."

" નાથ ! એમાં ઝાઝી વિમાસણ શા સારુ કરવી ? હાથ-કંકણને આરસીની જરૂર હેાય ખરી ? કુંવરી સુજ્યેષ્ઠાને બેાલાવેા એટલે એ પરનેા પડદેા સ્હેજે ઉંચકાઇ જશે. ગમે તેવી આકરી કસેાટીમાં પણ મારી તનયા અસત્યવાદનું આચરણ નહીં કરે એ વાતની મને સેા એ સેા ટકા સંપૂર્ણ ખાત્રી છે. "

તરત જ અનુચર મેાકલી સુજ્યેષ્ઠાને બેાલાવવામાં આવી. તેણીએ આવીને માતાપિતાને નમસ્કાર કર્યા કે તરત જ મહાસતીએ પેાતાની નજીક બેસાડી, ધીરજથી માથે હાથ ફેરવતાં પૂછ્યું કે—

" પુત્રી ! ચેલણાનું અપહરણ એકાએક મગધેશે આવીને કર્યું કે એની પાછળ કોઇ અન્ય ઇતિહાસ છે ? વિનાસંકેાચે સાચી પરિસ્થિતિની રજુઆત કર, કેમકે એક મહાન્ સામ્રાજ્ય સાથે યુદ્ધની શરૂઆત કર્યા પૂર્વે પેાતાનેા કેશ મજબૂત કરી લેવેા ઘટે. "

સુજ્યેષ્ઠા—" જ્યારથી મગધરાજની માગણી પાછી ઠેલાણી અને વહાલી માતા તમે એ સ્થળ ત્યજી દઇ કોઇ અન્ય રાજવીની વિચારણા કરવાની સલાહ આપી ત્યારથી મેં એ વાત મનમાંથી કાઢી નાખવા ઘણો પ્રયાસ સેવ્યો, પણ મારા હૃદયમાંથી એ વાત નામશેષ ન થઇ. એવામાં એક પરદેશી સૌગંધિકદ્વારા મગધના સ્વામીની છબી મને પ્રાપ્ત થઇ એટલે પુનઃ પેલી પ્રેમવાર્તાએ વધુ જોર પકડયું. મનમાં એક જ નિશ્ચય થયો કે વરવું તો મગધરાજને. દાસી સુવેગા મારફતે આ ઇરાદો સૌગંધિકને કાને પહોંચાડ્યો એટલું જ નહિ પણ તેને આગ્રહ પણ કર્યો કે 'કોઇ પણ હિસાબે આ ચોકઠું જોડી આપવું.' ત્યારપછી સૌગંધિક તરફથી જે જાતની મદદ માગવામાં આવી તે મેં બેધડક સુવેગા મારફતે અપાવી. મારી લાગવગથી જ બાગરક્ષકે એક કરતાં વધુ વાર એ મહાશયને બાગમાં પ્રવેશ કરવા દઇ, તેના ભિન્ન ભિન્ન ભાગોનું બારિકાઇથી અવલોકન કરવા દીધું. ' મગધેશે આવી મને લઇ જવી અને તે કાર્ય ગુપ્તપણે કરવું ' એ મારું કહેણ હોવાથી સુરંગનો પ્રબંધ થયેલો. એની પાછળ મારો ઇરાદો એક જ હતો કે મારા પિતાશ્રીને જે વસ્તુ પસંદ નથી, છતાં મને જે પ્રાણથી અધિક પ્રિય છે એ કરવી તો ખરી પણ તેમાં અન્ય કોઇની આહૂતિ ન અપાય, તેમજ કુળને ક્ષતિ ન પહોંચે તેવી રીતે એ વાત પાર ઉતારવી. સૌગંધિક તરફથી ત્રણ દિવસ પૂર્વે નિશ્ચિત સમયના પ્રયાણની વરધી મને મળી ચૂકી, તે પણ અહીંથી ઉઠાવગીરી કરી ચૂકયો અને જો ચેલણા અચાનક મારી સાથે ન થઇ હોત તો હું પણ લોહીનું એક ટીપું પડવા દીધા વગર પ્રચ્છન્નપણે રાજગૃહીમાં પહોંચી ગઇ હોત. મારી સાથે થયેલી ચેલણાને થાપ આપવા હું અલંકારની મંજૂષા લેવાને બ્હાને પાછી ફરી. મારી ધારણા હતી કે ચેલણા પણ મારી સાથે પાછી ફરશે પણ તેમ ન બન્યું અને

જ્યાં પાઠ ભજવીને હું પુનઃ બાગરૂપી મંચ પર હાજર થઉં છું ત્યાં તો ચેલણા સાથે મગધેશ સિધાવી ગયેલા અને સાથે આવેલા બત્રીશ અંગરક્ષકોમાંના છેલ્લાને સુરંગમાર્ગમાં પ્રવેશ કરી, એનું દ્વાર બંધ કરવાની તૈયારીમાં જોયો.

"ધરતીકંપના આંચકા સમાન મારા પ્રેમપ્રસંગમાં સખ્ત આંચકો લાગ્યો. પ્રેમીના હૃદયમાં સાચા પ્રેમની ઉષ્મા નહોતી પણ કેવળ રૂપલાલસા હતી એમ મારા અંતરે પોકાર્યું. તે વિના ભળતી રીતે આમ ચાલી જાય જ નહીં. દિવ્યપ્રેમી મરણાંત સાહસથી પણ પાછો ન ફરે. એ તો પ્રેમના નિભાવમાં જાનની હોડ ખેલે. સાગરના તરંગોની ઝડપથી આવા વિચારો મારા મનોપ્રદેશમાં વહી રહ્યા ને પ્રેમ દ્વેષમાં પરિણમ્યો. તરત જ હું ધૂમ પાડી ઊઠી. પછી શું બન્યું તે આપને વિદિત છે. જો કે આ આખા બનાવ પાછળની સર્વ જવાબદારી મારે શિર છે, કેમકે મેં એમાં સૂત્રધાર તરિકેનો પાઠ ભજવ્યો છે, એટલે ન્યાયદૃષ્ટિને જરા પણ ઊણપ ન આવે એ રીતે મને જે નશિયત કરવામાં આવશે તે હું હસતે મુખે વધાવી લઇશ. બાકી એ સાથે મારી એ મનીષા છે કે જે કાર્યમાં રક્તનું એક બિંદુ પણ ન પડવા દેવાની મારી ધારણા હતી ત્યાં લોહીની ધારા વહી છે ને પ્રેમીના ઉતાવળાપણાથી કહો કે સાચા પ્રેમના અભાવથી કહો, ગમે તેમ અનુમાન કરો છતાં, મારી ભગિનીને વિના કારણ એના શિકાર બનવું પડ્યું છે. અને વિશાલાપતિની યશગાથા પર અણધાર્યો ઘા પડ્યો છે. એનો બદલો સંગ્રામ ખેડીને અવશ્ય લેવાવો જોઇએ."

મહાસતી—"મહારાજ ! કુંવરી સુજ્યેષ્ઠાને સાંભળ્યા પછી, તેમ જ આપે કરાવેલી તપાસના મુદ્દાનો એની સાથે બરાબર મેળ મળી રહેતો નિરખ્યા પછી લડાઇનો જંગ ખેલવાનું કારણ ભાગ્યે જ ઉપસ્થિત કરી શકાય. ચાલી ચલાવીને આપની જ

અંગજા આમંત્રણ કરે અને એ સ્વીકારી લઇ સામો પુરુષ ક્ષત્રીયવટના કાનૂન અનુસાર પગલું ભરે એમાં એ દોષ સેવે છે અથવા તો ભૂલ કરે છે એમ ન જ કહી શકાય. ”

ચેટકનરેશ—“ આશ્ચર્ય ! અતિ આશ્ચર્ય ! ! એક જ વિષય પરત્વે મા-દીકરીના દૃષ્ટિબિન્દુઓ તદ્દન અનોખા ! એમાં જમીન આસમાન જેટલો ફરક ! પુત્રી સંગ્રામનો આગ્રહ કરે છે અને માતા એથી હાથ ધોઇ નાંખવાની સલાહ આપે છે ! વિશાલાના સ્વામીની આંખમાં ધૂળ નાખી, ખરે બપોરે એની કુંવરીનું એક સામ્રાજ્યવાદી માનસ ધરાવતો નૃપ હરણ કરી જાય એ કાર્યને એક ગણરાજ્યનો આગેવાન ઠંડી નજરે ચલાવી લે એમાં એની શોભા છે કે અપકીર્તિ છે એનો કંઇ વિચાર કર્યો ? ”

સુજ્યેષ્ઠા—“ માતુશ્રી ! તમારા સરખી શૂરી ક્ષત્રિયાણી આજે આવી ભૂલ કેમ કરે છે ? આમંત્રણ ભલે કબૂલ રાખીએ તો પણ તે એક સાચા પ્રેમીને એની સાચી માશુક તરફથી કરેલું હતું. એનો અર્થ એ નથી થતો કે માશુકને બદલે અન્યને લઇ જલ્દીથી ભાગી જવું ! મને એમાં પ્રેમની જમાવટ કરતાં સૌન્દર્યવાસના જ તરવરી રહેલી દેખાય છે. એવાને તો હાથ બતાવવો ઘટે. વળી ચેલણાની ઇચ્છા વિના એ લઇ ગયો તો તેણીને છોડાવી લાવવાનો પિતાજીનો ધર્મ ખરો કે નહિ ? ”

મહાસતી—“ પુત્રી ! તું પ્રેમમાં ભગ્નઆશાવંતી હોવાથી તારું મન આજે નિર્મળ નથી. તેથી તારી દલીલમાં સત્યની આંખીને બદલે વેરની રેખા છવાયેલી છે. તારા અને ચેલણાના ચહેરાઓનું સામ્ય ભલભલાને ભૂલાવે તેવું છે એટલે તું જેમાં સાચા પ્રેમની ખામી જુવે છે તેમાં હું ભૂલામણી થયાનું ધારું છું. બાકી જીગરના સ્નેહ વિના સિંહની બોડમાં હાથ નાંખવાનું

સાહસ થઇ શકે જ નહીં. વળી સંપૂર્ણ બ્યાન પરથી સૈાગંધિકનું પાત્ર મને કોઇ ભારે અક્કલમંદ જણાય છે. અહિંસાધર્મનો તે ઉપાસક હોવો જ જોઇએ એવું મારું અનુમાન છે, કેમકે તેની આખી યોજનામાં કાર્યસિદ્ધિ થાય, વીખવાદ ન વધે અને મારામારીથી દૂર રહેવાય તેવી સંકલના કરાયેલી છે. જે વ્યક્તિએ તારી દાસી સુવેગાના વચન ઉપર વિશ્વાસ રાખી આટલી હદે ચણુતર ચણ્યું તે ચેલણાની મરજી વિના તેણીને બળજબરીથી લઇ જવાની સલાહ ન જ આપે. પ્રામાણિકતા આગળ શત્રુતા કે મિત્રતા જેવું રહેતું જ નથી.

न्यायात् पथः प्रविचलन्ति पदं न धीराः ।

એ એવા પુરુષોનું લક્ષ્યબિન્દુ હોય છે; તેથી મારી ખાસ સલાહ છે કે ચેલણા તરફના સમાચારની રાહ જોવી. મારું અંતર તો એમ જ કહે છે કે ચેલણાને એની ઇચ્છા વિના કોઇ પોતાની મહોરદાર બનાવી શકે તેમ છે જ નહીં.”

ચેટકનરેશ—“ મહાસતી ! સાચે જ તમારામાં નામ પ્રમાણે ગુણો છે. સર્વ વિષયોને નિર્મળ દૃષ્ટિથી જોવાની ને ન્યાયપુરસ્સર છણવાની તમારી શક્તિ પ્રશંસનીય છે. કેટલાક દિવસોનો માનસિક બોજો આજે મારા મગજમાંથી હળવો થઇ ગયો છે. વાતનું પ્રકાશન એટલું ખુલ્લું થયેલું છે કે નથી તો એમાં કુંવરીની ગુન્હેગારી રહેતી કે નથી તો કુળને ઝાંખપ લાગતી; ફકત; આ બનાવ એક ક્ષત્રિયહૃદય મૌનપણે કેમ ચલાવી લઇ શકે ? એ વાત ડંખતી હોવાથી યુદ્ધનો પ્રસ્તાવ હું પડતો નથી મૂકી શકતો.”

આ પ્રમાણે વાત ચાલી રહી છે ત્યાં તો એક અનુચરે ખબર આપી કે “ ઉદ્યાનપાલકે મોકલેલો સંદેશ લઇ એક દૂત આવ્યો છે. મહારાજને મળવાની એ આજ્ઞા ચાહે છે. ”

એને અંદર મોકલવાની આજ્ઞા આપતાં જ મહારાણી અને સુજ્યેષ્ઠા કુમારી પાસેના ખંડમાં ચાલ્યા ગયા.

દૂતે આવી નમનપૂર્વક જણાવ્યું કે " ઉદ્યાનમાં પ્રભુ શ્રી વર્ધમાનસ્વામી સમવસર્યા છે. "

આ કર્ણપ્રિય સંદેશ શ્રવણ કરી, દૂતને વધામણી તરીકે પારિતોષિક આપી વિદાય કર્યો અને હર્ષાતુર હૃદયે જ્યાં મહારાણી છે ત્યાં જઇ આ સંદેશો સંભળાવ્યો.

મહાસતી—" નાથ ! અહિંસાના ફીરસ્તાના આકસ્મિક આગમનથી હવે તો હિંસાયજ્ઞ અટકશે ને ? "

રાજા—" અલબત્ત, દેવની સ્થિરતા સુધી તો ખરો જ. "

રાણી—" દરમિયાન અન્ય સંદેશ મળે તો એ કાયમી કેમ ન બને ? "

× × ×

આજે વૈશાલીની પ્રજાએ આંખ ઊઘાડતાં જ નિરાળું દૃશ્ય જોયું. કેટલાયે દિવસથી મગધ પર હલ્લો લઇ જવાની તૈયારી ચાલુ હતી અને દિગ્વિજયે જુદા જુદા ભાગમાં વજ્જિ-મલ્લ-લિચ્છવી આદિ જાતિઓના દળો ગણના પ્રણેતા ચેટક મહારાજની કુમકે શસ્ત્રસજ્જ થઈ આવતાં હતાં એ એની નજર બહાર નહોતું. એકાદ બે દિવસમાં પ્રયાણના મંગળ સૂર શ્રવણ કરવાની આતુરતા હતી ત્યાં એકાએક જુદી જ ઉદ્‌ઘોષણા સંભળાણી. પરમાત્મા મહાવીર દેવના વંદન અર્થે મહારાજા તરફથી નીકળનાર સવારીમાં જનતાને ભાગ લેવાની હાકલ હતી. સત્વર પ્રાતઃકૃત્યોથી પરિવારી તૈયાર થઇ જવાની સૂચના હતી. આખી દિશા જ ફરી ગઇ હતી.

અહિંસાના ફીરસ્તાના પધારવાથી સંગ્રામ(યુદ્ધ)દેવને જે

ભીષણ બલિ ચઢાવવાનો હતો તે હાલ તો અટકી ગયો. એથી સંજ્ઞાબંધ ઘરોમાં–સૈનિકોની પત્નીઓના અંતરોમાં–વ્યવસાય જ જેનું જીવન છે એવા વ્યાપારી વર્ગમાં અમાપ શાંતિનો વાયુ વાયો. ચોતરફ આનંદના વાયરા વાઇ રહ્યા. રોગ કે રોગી દશા કોઇને પણ પ્રિય ન જ હોય. યુદ્ધ એ એક જાતનો રોગ જ છે; અને એ યુદ્ધને લંબાવનારી દશા રોગીજીવન જેવી છે એટલે એ કોણ પસંદ કરે? છતાં રોગ જેમ આવે છે તેમ યુદ્ધ પણ આવે છે જ. એથી ગભરાવાપણું એ તો કાયરતાનું લક્ષણ. એના સામે તો યોગ્ય ઉપચાર જ સંભવે, છતાં વૈશાલીની પ્રજા આજે તો એ ઉપચાર વિધિમાંથી પણ મુક્ત બની. નગરીની બહાર આવેલ પરમાત્મા શ્રી વર્ધમાનસ્વામીના સમવસરણ પ્રતિ એના કદમ ભરવા શરૂ થયા. વંદના મહોત્સવમાં આવેલ તેમ જ પૂર્વે છૂટાછવાયા યા તો નાનામોટા સમૂહમાં એકત્ર થયેલ માનવવૃંદથી એ જડ ગણાતી ભૂમિએ ચેતનવંતી મહામાયાનો અવતાર ધારણ કર્યો.

તિહાં ચોસઠ સુરપતિ આવીને ત્રિગડું રચાવે રે,
તેમાં બેસીને ઉપદેશ પ્રભુજી સુણાવે રે.
સુર નર ને તિર્યંચ નિજ નિજ ભાષા રે,
કંઈ સમજીને ભવતીર પામે સુખ ખાસા રે.

'અષ્ટમી'ના સ્તવનની એ લીંટીઓ પ્રભુ શ્રી મહાવીરદેવના સમવસરણ તેમ જ ઉપદેશ પદ્ધતિનો ટૂંકમાં ખ્યાલ આપે છે. માલવકોશના મધુરા આલાપમાં–જેમણે ચૌદ રાજલોકનું જ્ઞાન હસ્તામલકવત્ છે એવા સર્વજ્ઞની વાકધારા વહેતી નજરે જોઇ નથી, એ એના વર્ણન કઇ કલમે કરી શકે? એના મનોરમ આલેખન કરવાના સ્થાને હૃદય એક જ પ્રાર્થના કરે છે કે એવો શુભ યોગ પોતાને પ્રાપ્ત થાય તો કેવું સારું?

देवा दैवीम् नरा नारीम्, शबराश्चापि शावरीम् ।
तिर्यंचोऽपि हि तैरश्चीम्, मेनिरे भगवद्गीरम् ॥

એ વાણીનો અતિશય પણ કેવો ! દેવતાઓ જાણે કે પ્રભુ અમારી દેવી વાણીમાં બોધ આપે છે. તેવી જ રીતે મનુષ્યોને માનવી, ભીલોને પોતાની ભીલી વાણીનો અનુભવ થાય; અને તિર્યંચો પોતાની પશુની ભાષા સમજે. એનું તાત્પર્ય એટલું જ કે એ ગીરામાં અર્થગાંભીર્યની આશ્ચર્યકારી જમાવટ હોય. શબ્દગૂંથણી પણ અલૌકિક હોય કે જેથી એના અર્થ જુદા જુદા પ્રકારે થઇ શકે. દાખલા તરીકે '**शरो नश्थि**' એટલા ઉચ્ચાર પરથી એક ભીલે પોતાની ત્રણ ભાર્યાઓના સવાલનો ઉત્તર આપ્યો હતો. દરેકે પોતાની માગણીને અનુરૂપ અર્થ કેવલ 'शर' શબ્દમાંથી ઉપજાવી લીધો હતો. તીર્થંકર પરમાત્માની વાણીનો મહિમા અવર્ણનીય છે. એના પ્રત્યેક વર્ણમાં ગાઢા કર્મપુંજને ભેદી નાંખી વિશિષ્ટ જ્ઞાનકિરણોને પ્રવેશ કરાવવાની અમાપ તાકાત ભરી છે, તેથી તો શ્રવણ કરતાં હજારો આત્માનો કલ્યાણપંથ ઊઘડે છે. ભલભલા દારુણ કાર્યો કરનારા, તીવ્રતમ પાપો આચરનારા, અરે ! મોટી એવી ચાર હત્યાના કરનારા પણ એ ઉપદેશરૂપી સલિલમાં પૂર્ણપણે સ્નાન કરી શુદ્ધ થઈ ગયા છે.

गृहं सुहृत् पुत्रकलत्रवर्गो, धान्यं धनं मे व्यवसायलाभो ।
कुर्वाण इत्थं नहि वेत्ति मूढो, विमुच्य सर्वम् व्रजतीह जन्तुः॥

આ નાનકડા શ્લોકનો ભાવ સમજવો મુશ્કેલ નથી. ઘર, મિત્ર, પુત્ર, દારા આદિ સ્વજનોને, ધાન્ય, ધન અને વ્યાપારના લાભોને ત્યજી દઇને અવશ્ય એક વાર જવાનું છે, એવું એ સર્વની આળપંપાળમાં પડેલો આત્મા નથી જાણતો ! એ આત્માને કોણ સમજાવે કે—'**संमीलने नयनयोः नहि किंचिदस्ति ।**' અર્થાત્ 'આંખો મીંચાઇ ગઇ કે તારું કંઇ જ નથી.' અથવા તો આ સંસાર એ તો મુસાફરખાનું છે.

પણ આ રોજના અનુભવની વાત તીર્થંકર પ્રભુના મુખથી જ્યારે પ્રગટ થાય છે ત્યારે એવા ગૂઢ હૃદયો પણ ભેદાય છે કે ઘડીભર નામ સાંભળતાં અજાયબી ઉપજે. દૃઢપ્રહારી કે અર્જુનમાળીના દૃષ્ટાન્તો જગજાહેર છે, પણ દૂર શા સારુ જવું ? પરમાત્માની વાણીની પૂર્ણાહૂતિ થતાં જ જે સંજ્ઞાણંધ આત્માઓએ સંયમનો રાહ લેવા નિશ્ચય જાહેર કર્યો એમાં કથાનાયિકા સુજ્યેષ્ઠા અગ્રસ્થાને હતી.

વાચકને ઘડીભર વિસ્મય થશે કે હજુ એનો પ્રેમરસ તો સુકાયો નથી, એમાં નિરાશા પ્રાપ્ત થતાં એ પાવકરૂપે ભભૂકી ઊઠ્યો અને શ્રેણિક સાથેનો સંગ્રામ થવો જ જોઇએ એવી જોરદાર દલીલ પણ તેણીએ જ કરી હતી, એ પાછળ વૈરવૃત્તિનું શમન છુપાયું હતું પણ સર્વજ્ઞની અમૃત દેશનાએ એ બધા પર ઠંડું પાણી ઢોળ્યું.

જેમ પ્રભુ શ્રી રીષભદેવે ભરતચક્રીના સ્વામીત્વ સામે માથું ઉપાડવું કે શું કરવું એવી સલાહ લેવા આવેલ અઠ્ઠાણું પુત્રોને એ રાજ્ય અને એ સંસારના સુખોની અસ્થિરતા–ક્ષણભંગુરતા સમજાવી સાચી શાન્તિ–ખરું સુખ શ્રમણજીવનમાં બતાવ્યું હતું તેમ પરમાત્મા શ્રી વીરે પોતાની દેશનામાં સાંસારિક સ્નેહ કિંવા પતિ-પત્નીના પ્રેમની આપાતરમણીયતા પાછળ કેવી દુઃખદાયક દશા ડોકિયા કરી રહેલી છે એનો હૃદયંગમ ચિતાર આપી શાશ્વત સ્નેહ ધરવાનું એકમાત્ર સ્થાન શિવસુન્દરીનું ગૃહ છે એ વાત પર ભાર મૂકયો હતો. પ્રત્યેક આત્માને એની સોબત કરવામાં લેશમાત્ર ગુમાવવાનું નથી પણ એથી કાયમને માટે ભવભ્રમણ ટળી જવાનું હોવાથી એકાંત નફો જ છે. એની સાથેની પ્રીતિ સાદિ અનંત ભાંગે થતી હોવાથી ધ્રુવ સમ નિશ્ચળ ને અફર છે. આવા અપ્રતિમ પ્રેમની સાથે માનવપ્રેમની સરખામણી કેવી ? આવો યુક્તિપુરસ્સરનો બોધ સુજ્યેષ્ઠાના અંતરમાં સ્થાન કરે

એમાં નવાઇ જેવું કંઇ જ નથી. મનથી જેને સ્વામી તરિકે કલ્પેલ તેના સંબંધમાં નિરાશા પ્રાપ્ત થતાં આજીવન કૌમાર્ય ધરવાનું તેનું '**પણ**' હતું જ એમાં પ્રભુની વાણીએ પ્રોત્સાહન આપી પવિત્ર રાહ બતાવ્યો એટલે અંતરદ્વાર આપોઆપ ખુલી ગયું.

એકાંત જોઈ ચેટકરાજે **શ્રી** વર્ધમાનસ્વામીને પ્રશ્ન કર્યો કે–"ત્રિલોકના નાથ! મારી સંગ્રામભેરીના અંગભૂત પુત્રી ચારિત્રનો આશ્રય લે છે. એની માતા લડાઇ કરવામાં પ્રથમથી જ વિરુદ્ધ છે છતાં સાચા ક્ષત્રિયવટને શોભે તેવો માર્ગ સંગ્રામ સિવાય મને બીજો જડતો નથી. જો કે અંતરમાં ઊંડે ઊંડે એવો નાદ ઊઠે છે તો ખરો કે 'અર્હંત્ ધર્મમાં સ્વધર્મીના સગપણ જેવું બીજું કોઇ સગપણ નથી' ત્યારે હું એ જ ધર્મના ચુસ્ત ઉપાસક તરિકે અન્ય સંબંધને બાજુ પર મૂકી કેવલ એ સ્વધર્મી બંધુત્વના નાતાથી વિચાર કરું છું તો મને લાગે છે કે મગધરાજ સાથે મારે યુદ્ધ કરવું યુક્ત નથી, કેમકે તે સ્વામીભાઇની કોટિમાં આવે છે. તો પછી ક્ષાત્રવૃત્તિ સંરક્ષવાનો અન્ય કંઇ માર્ગ છે ખરો?"

"રાજન્! પુરાતનકાળથી બે માર્ગો ચાલ્યા આવે છે: એક પ્રેમનો અને બીજો બળજબરીનો. જેમ સંસારની આદિ નથી તેમ આ માર્ગોની પણ આદિ નથી. સામાને પ્રેમના માર્ગે જીતવો હોય છે તો એના સાધનોમાં કોઇ બાહ્ય શસ્ત્રોની જરૂર નથી પડતી. અહિંસા, સત્ય, પ્રામાણિકતા જેવા વિશિષ્ટ ગુણોની બીલ્લ-વણીની અગત્ય રહે છે અને એનું પોતાના જીવનમાં યથાર્થ પાલન કરવામાં આવે ત્યારે જ, આત્મામાં કોઇ એવી અપૂર્વ શક્તિ આવે છે કે જેની અસર સમાગમમાં આવનાર પ્રત્યેક વ્યક્તિ પર થાય છે. પછી ચાહે તો તે મિત્ર હોય યા શત્રુ હોય. એ ગુણોથી ઓતપ્રોત થનાર વિભૂતિને કોઇ વૈરી હોતો જ નથી એટલે એ પ્રત્યે શત્રુતા ધરનારના હૃદય આપોઆપ ભેદાય છે

અને આખરી અંજામ શત્રુતાના સર્વનાશમાં જ આવે છે. અમારો ધેારી માર્ગ આ જ છે. એના પરિણામ ચક્ષુ સામે છે.

" અસ્ત્રો-શસ્ત્રો કે સંહારને જલ્દી નોતરે એવા સરંજામોથી અન્ય પર સ્વવર્ચસ્વ સ્થાપવું એ બીજો માર્ગ. અલબત્ત, એ માટેના કારણોમાં ન્યાય-અન્યાયની તરતમતા રહેલી હોય છે. એ પરથી જ પ્રથમ કસુર કોની છે એના મૂલ્ય અંકાય છે. એમાં ' બળીયાના બે ભાગ ' ની નીતિ કારગત નિવડે છે. એક વાર સામાને શત્રુ માન્યો કે પછી એની સામે વૈરવૃત્તિ જોરશોરથી ભભૂકી ઊઠે છે અને ગમે તે રીતે એનો બદલો લેવાની લાલસા વધુ ને વધુ તીવ્ર બને છે. એ વેળા પૌદ્ગલિક લાભો અને બાહ્ય સાધનો પર નજર વિશેષ પ્રમાણમાં રહેતી હોવાથી આત્માના સ્વાભાવિક ગુણો પ્રતિ કે આત્મિક કલ્યાણ પ્રતિ નજર જતી જ નથી.

" જનતાનો મોટો ભાગ વૈરનો પ્રતિશોધ કરવામાં પાછલા માર્ગનું જ અવલંબન ગ્રહે છે. એટલે આપણી સામે જુદા જુદા રાજ્યોને રણસંગ્રામના નાદમાં મશગૂલ બનેલા જોઈએ છીએ, એ પાછળ હિંસા રાક્ષસીનો ભોગ કેવો વિશાળ છે એ જોવાની ભાગ્યે જ કોઇ તસ્દી લે છે ! સન્તોદ્વારા પ્રાપ્ત થયેલ ઉપદેશ પણ અભરાઈ પર ચઢાવાય છે અને ક્યાં તો પોતાનો ટેક કિવા પોતાના કાર્ય પાછળ કલ્પી લીધેલ ન્યાય આગળ ધરાય છે. એ વેળા સત્ય અને અહિંસાથી કામ લેવાનું સંસારના મોટા ભાગને સૂઝતું જ નથી. બીજી બાજુ જે સન્તોએ પોતાના જીવનમાં એ અમૂલ્ય ગુણો કેળવ્યા હોય છે એ દુન્યવી લાભો કે સંસારી જંજાળોથી અલિપ્ત હોઇ, પારલૌકિક કલ્યાણમાં લીન બનેલા હોવાથી, ઘડીએ ઘડીએ ઊભા થતા આ જાતના બખેડા પ્રતિ મીંટ સરખી માંડતા નથી. છતાં હિંસાયજ્ઞને સ્વઉપદેશ-વારિથી બુઝાવી દીધાના દાખલાઓ પણ નોંધાયા તો છે જ. "

" ભગવન્ ! આપના લાંબા ઉપદેશથી હું એટલું તો સમજ્યો છું કે માનવ ધારે તો લોહીની નદીઓ વહેવડાવ્યા સિવાય પરસ્પરનો અણબનાવ નિવારી શકે છે, પણ એને માટે એણે પોતાના જીવનમાં સત્ય અને અહિંસા ઉતારવા જોઇએ. "

" વિશાલાપતિ ! હા, તમારો અર્થ બરાબર છે. માત્ર રાજા કે અધિકારીઓ જ નહિં પણ જો સારી પ્રજા એ સિદ્ધાંતનો અમલ કરે તો આ જીવલેણ યુદ્ધો નાબૂદ થઇ જાય; અને પ્રજાનું જીવન આત્મિક દૃષ્ટિએ ઊંચી કક્ષાએ પહોંચે. એ સારુ જેમ તાલીમની આવશ્યકતા છે તેમ દેશકાળની પરિસ્થિતિ નિહાળવાની જરૂર છે. જ્યાં પ્રજાનો નેવું ટકા ભાગ શસ્ત્ર વાપરી શકતો હોય અને જ્યાં ક્ષાત્રવૃત્તિના રક્ષણ હથિયાર બળડાવીને કરવામાં આવતાં હોય ત્યાં સત્યાગ્રહની ભૂમિકા તૈયાર કરવા સારુ પૂરતો સમય જોઇએ. એવા સમયમાં ગણીગાંઠી વ્યક્તિઓના અહિંસક સંગ્રામના અખતરા પ્રથમ નજરે હાસ્યાસ્પદ લાગે. જનતા આંકી શકે એવું પરિણામ તરતમાં ન પણ આવે છતાં એ પાછળ ભેખ લીધેલા આત્માએ તો શ્રદ્ધા અને ખંત કેળવવાં જ જોઇએ."

" પૂજ્ય સ્વામિન્ ! આપશ્રીની નિર્મળ વાણીથી મને આજે ઘણું નવું જાણવાનું મળ્યું. પરની કે જગતની વાત દૂર રહો, પણ હું મારા જીવનમાં એનો અખતરો કરવાના જરૂર યત્ન સેવીશ. અરિહંતદેવનો ઉપાસક કેવળ સંગ્રામલોલુપ હતો એમ નહીં કહેવડાવવું. "

" ભૂપ ! તારી મનોકામના જરૂર ફળો. ઘેરાયેલા વાદળ એવી ઉદાર ભાવનાના જોરે જરૂર વીખરાશે. હિંસા કરતા અહિંસામાં અખૂટ શક્તિ છે એનું જગતને મોડું વહેલું ભાન થશે. એમાં તમારા સરખા સાધકો માઇલસ્ટોનની ગરજ સારશે. "

× × ×

ચેટક મહારાજાને માર્ગમાં પ્રભુશ્રી મહાવીરદેવનાં વચનો વારંવાર યાદ આવવા માંડ્યાં અને એ ઉપર તેમણે પુષ્કળ વિચારણા કરી. શરૂ કરવા ધારેલો મગધરાજ સાથેનો સંગ્રામ એમાં અગ્રભાગ ભજવી રહ્યો. એના નિમિત્ત કારણ સમી સુજ્યેષ્ઠા સંસાર ત્યજી ચૂકી છે અને પુત્રી ચેલણા તરફથી પણ કંઈ સમાચાર નથી. તેણીએ મગધેશને રાજીખુશીથી સ્વામી તરીકે સ્વીકારેલ છે કે તેણીના પર સ્વામીત્વપણું બળજબરીથી લાદવામાં આવ્યું છે એ સંબંધી પણ કંઈ હેવાલની પ્રાપ્તિ થઈ નથી. એવા સંદિગ્ધકાળમાં સમાનધર્મીનો જેની સાથે નાતો છે એવા એક આગેવાન રાજવી પર હલ્લો લઈ જવો એ ક્યાં સુધી ઉચિત છે એ પણ ખાસ વિચારવાનું છે.

આમ વિચારમગ્નદશામાં જેનું મન પૂર્ણપણે લીન થયેલ છે એવા મહારાજા ચેટકે મહાલયના આંગણામાં પગ મૂક્યો ત્યાં એક પ્રતિહારીએ આવી ખબર આપ્યા કે–" મગધદેશમાંથી એક સંદેશવાહક આવી આપ સાહેબને મળવાની માર્ગપ્રતીક્ષા કરી રહેલ છે. આપ સાહેબ ઉદ્યાનમાં દેવવંદનાર્થે સિધાવ્યા હોવાથી અને પાછા આવતાં આપશ્રીને વિલંબ થશે એમ ધારી મેં તેને અતિથિગૃહમાં ઉતારો આપી આવશ્યક કાર્યોથી પરવારી લેવાની સર્વ સગવડ કરાવી દીધી છે. એની સાથેની વાત પરથી સમજાય છે કે તે રાજગૃહીથી ત્વરિત ગતિએ કૂચ કરી આવેલ છે અને મહામંત્રી અભયકુમારના પત્ર ઉપરાંત રાજકુમારી ચેલણા બહેનનો પત્ર પણ લાવેલ છે. "

" અહા ! પુણ્યશ્લોક પરમાત્માની આહ્લાદકારી વાણીના શ્રવણ પછી મારા અંતરમાં કોઈ અનોખો પ્રકાશ પથરાઈ રહ્યો છે. એક પછી એક સમાચાર પણ એ પ્રકાશને વધુ સતેજ કરે તેવા મળ્યે જાય છે. મારો પુન્યપુંજ હજુ તદ્દન ઓલાસ નથી

થઇ ગયેા. મારે એમાં સુકૃતસંખ્યા વધારી ઉમેરેા કરવેા જરૂરી છે. પ્રભુદેશનાનેા પણ એ જ ધ્વનિ છે. આમ આંતરિક વિચારણામાંથી જાગૃત થઇ અનુચરને આજ્ઞા આપી કે–" મધ્યાહ્ન પછી, ભેાજનકાર્યથી પરવાર્યા બાદ થેાડેાક આરામ લઇને, તેમને અંતઃપુરના મસલતગૃહમાં તેડી લાવજે. "

જ્યાં ભાણા પર બેસી આ સમાચાર ચેટક ભૂપ, સતી દેવીને જણાવે છે ત્યાં સંગ્રામનેા ભય નષ્ટ થવાની જાણે પૂર્વથી જ આગાહી ન થઇ હેાય તેમ એમણે કહ્યું કે–" મહારાજ ! હું તેા શરૂઆતથી કહેતી આવી છું કે આ બનાવ પાછળ રક્ત સરિતા વહેવડાવવાનું કંઇ જ પ્રયેાજન નથી. "

ભેાજનકાર્યથી પરવારી, જરૂરી આરામ લઇ, જ્યાં મહારાજા મહારાણી સહિત મસલતગૃહમાં પધારે છે ત્યાં ચેાપદાર મગધથી આવેલ અતિથિને માનપૂર્વક હાજર કરે છે. એ દંડવત્ પ્રણામ કરી, હસ્ત જેડી પેાતે આણેલ સંદેશ–પત્રેા મહારાજા ચેટક સમક્ષ રજૂ કરે છે.

પત્ર ૧.

" જ્ઞાતપુત્ર શ્રીમહાવીર દેવના પરમ ઉપાસક, ગણરાજ્યનેાભણિ વૈશાલાપતિ મહારાજા ચેટકરાજની સેવામાં. મગધ દેશના પાટનગર રાજગૃહીના સ્વામી ભંભાસારના પુત્ર અભયના હાર્દિક નમસ્કાર.

આપશ્રી સાથે પ્રત્યક્ષ પરિચય નથી. પત્રથી મળવાનેા પણ આ પ્રથમ પ્રયાસ છે અને તે સકારણ છે. જેને આપ સહિત જનતાનેા મેાટેા ભાગ એક અપહરણ માને છે એ ખરી રીતે અપહરણ નથી, પણ એક પ્રણય–કિસ્સેા છે અને ધર્મ–નીતિના કાંટે તેાળવામાં આવે કે ક્ષાત્રધર્મના નિયમ પ્રમાણે ચકાસી જેવામાં આવે તેા એમાં અજુગતું કંઇ જ નથી. એનેા સવિસ્તર

હેવાલ માતુશ્રી ચેલણાના પત્રમાંથી મળશે. મારે આપશ્રીને એક જ વાત વિદિત કરવાની છે કે આ સારા ય બનાવમાં મેં જો કે પ્રત્યક્ષપણે ભાગ લીધો નથી, છતાં સાચી રીતે એનો કરવૈયો હું જ છું, એટલે એમાં જે કંઈ દોષયુક્ત જણાય તેની જવાબદારી મારે શિર આવે છે; પણ મારી દૃષ્ટિએ મારું કાર્ય મને તો નિર્દોષ જણાય છે. એક તરફ પરમાત્મા શ્રીવર્ધમાનના આપ જેવા અનન્ય ઉપાસકને કુલીનતાના આંકડા મૂકતા જોયા, બીજી તરફ કુમારી સુજ્યેષ્ઠાના કલામય ચિત્રદ્વારા પિતાશ્રીને વિહ્વળ બનેલા નિરખ્યા. વીતરાગના અદના સેવક તરિકે આ વિરુદ્ધ દિશામાં ગતિવંત થયેલો પ્રવાહ સાંધવામાં મને યુદ્ધ અને એની પાછળ હજારોનો રક્તપાત વાસ્તવિક ન લાગ્યો. વળી પિતાશ્રીનો પ્રેમ બળવત્તર હોય, છતાં જો સુજ્યેષ્ઠા પોતે પસંદ ન કરતી હોય તો પિતાશ્રીની લગની એકપક્ષી લેખાય અને નૈતિક ધોરણે પણ નકામી ગણાય. એ સર્વનો ઊકેલ આણવા આપના પાટનગરમાં–આપના જ મહેલની સમીપમાં–સૌગંધિકના સ્વાંગમાં હું એક જાણીતા વેપારી તરીકે વસ્યો. આપની પુત્રી સુજ્યેષ્ઠાકુમારીનું દાસી મારફતે મન પારખ્યું અને તેણીની સંમતિપૂર્વક ઉભય પ્રેમીઓનો મેળાપ થાય, રક્તનું ટીપું પડે નહીં, વૈર ઉદ્ભવે નહીં–એવા ઉમદા દૃષ્ટિબિન્દુથી કળથી કામ લીધું. સુરંગની યોજનાનો નિર્માતા હું જ છું. પ્રચ્છન્નપણે કામ કરવાના ગુન્હા બદલ નસિયત મને જ થવી ઘટે. સુજ્યેષ્ઠાકુમારીને મેં નજરે જોયાં નથી, છતાં તેમનું ચિત્ર તો હું પિતાશ્રી પાસેથી લાવ્યો હતો; પણ ચેલણાકુમારીને તો મેં નજરે જોયાં, એટલે ઉભયના ચહેરામાં એટલું બધું મળતાપણું છે કે ભલભલો ચતુર પણ ભૂલામણીમાં પડી જાય. આ કિસ્સામાં પણ તેવું જ બનવા પામ્યું છે. ગોઠવણ પ્રમાણે કાર્ય જલદી અને વખતસર ઉકેલવાનું હતું. જો કે એ મુજબ ઉભય પક્ષોએ કામ કર્યું, પણ સુજ્યેષ્ઠાકુમારીનું અલંકાર લેવાના

મિષે પાછા ફરવું અને મારા પિતાશ્રીનું ચેલણાકુમારીને સુજ્યેષ્ઠા કલ્પી રથ ઉપાડવો–આ બનાવ એવી રીતે બની ગયો છે કે એમાં કોઇની ભૂલ શોધવા કરતાં કુદરતની કરામત તરીકે એની નોંધ લેવી વાસ્તવિક છે. અચાનક રીતે ચેલણાકુમારીને ઉપાડી લાવ્યા, અંગરક્ષકોની આહુતિ અપાઇ, માટે લગ્ન કરી લેવા–એવું પિતાશ્રીનું કે મારું મંતવ્ય નહોતું જ. આપની માફક અમારાં હૃદયમાં પણ શ્રી જ્ઞાતપુત્રનાં કિંમતી વચનો સ્થાન પામ્યા છે. ધર્મ–અધર્મનો વિવેક અમને પણ છે. ચેલણાકુમારીએ સર્વ વૃત્તાન્ત જાણી જ્યારે પોતાની ખાસ ઇચ્છા દેખાડી ત્યારે જ પ્રેમસૂત્રની ગાંઠ બંધાઇ છે. તેમનો આ સાથેનો પત્ર એ વાત જણાવશે. આજે મારા અંતરમાં મારી જનેતા કરતાં પણ તેમનું સ્થાન અનોખું અને અદ્વિતીય છે. તેઓ સાવકી મા હોવા છતાં હું મારા માતુશ્રી જેટલું જ બહુમાન તેમના પ્રતિ ધરાવું છું, અને એ ભાવના મને તેઓની વિચક્ષણતા અને સ્નેહવૃત્તિમાંથી સહજ ઉદ્ભવી છે.

આ પત્ર કેવળ વસ્તુસ્થિતિનું સાચું જ્ઞાન રજૂ કરવા પૂરતો લખ્યો છે. એ આપશ્રીને કોઇ રીતે બંધનકર્તા નથી.

સેવક **અભયના** દંડવત્ પ્રણામ.

પત્ર ૨.

" પૂજ્ય પિતાશ્રી, વહાલી માતુશ્રી, ભગિની સુજ્યેષ્ઠા આદિ સ્વજન વર્ગની સેવામાં.

રાજગૃહીનગરીથી લિ૦ આપની નાની પુત્રી ચેલણાના બહુમાનપૂર્વક નમસ્કાર અવધારશો. આપ વડીલની આજ્ઞા સિવાય મેં જે પગલું ભર્યું છે તે મારી દૃષ્ટિએ ભૂલભર્યું નથી, છતાં આપની નજરે દોષયુક્ત જણાય તો તે માટે આપ સર્વની–ખાસ કરી મોટી બહેન સુજ્યેષ્ઠાની–ક્ષમા ચાહી આ બનાવ પાછળ જે સત્ય છુપાયું છે તે નિમ્ન શબ્દોમાં રજૂ કરું છું

મગધેશ અને વૈશાલીપતિ ધર્મના કાંટે તોળતાં એક જ પિતાના પુત્ર સદૃશ પરમાત્મા શ્રી વર્ધમાનસ્વામીના ચૂસ્ત ઉપાસકો છે. આપણા અંતઃપુરમાં ભગિની સુજ્યેષ્ઠાએ પેલી તાપસીને વાદમાં પરાજય પમાડયો હતો ત્યારપછી તેણી (તાપસી) બહેન સુજ્યેષ્ઠાને સંકટમાં નાંખી વૈર વાળવા ઇચ્છતી હતી. એને કાને મગધના દૂતને પિતાશ્રીએ ના પાડી વિદાય આપી એવી વાત આવતાં જ તેણી સીધી રાજગૃહ આવેલી અને સુજ્યેષ્ઠાબહેનનું સુંદર ચિત્ર જેના પર દોરેલું છે એવો પટ્ટ મહારાજા શ્રેણિકને બતાવેલો. એ જોતાં જ રાજવીનું ચિત્ત વધુ વિહ્વળ બન્યું. લોકવાયકા કરતાં ચિત્રિત સુજ્યેષ્ઠા તેમને અતિ સૌન્દર્યપૂર્ણ ભાસી. એના સમાગમ વિના જીવન નિરસ ભાસ્યું. સ્નેહમાં કે દ્વેષમાં પૂર્વસંચિત કર્મો ઠીક ભાગ ભજવે છે–એ આપ સરખા ધર્મના અભ્યાસીઓથી અજાણ્યું નથી જ. પિતાશ્રીના મનોરથની પૂર્તિ થાય, મોટાં રાજ્યો વચ્ચે વિના કારણ રક્તપાત ન થાય–એ ભાવનાથી વીતરાગ ધર્મના અનન્ય ભક્ત, મંત્રીશ્વરમાં જેનું સ્થાન મુખ્ય છે એવા અભયે જે યોજના યોજી હતી તે હવે જગજાહેર થઇ ચૂકી છે. તેમના પત્રથી પણ એનું પૂર્ણ સ્વરૂપ આપ જાણી ચૂકયા હશો, એટલે એ વાત લંબાવતી નથી. મહારાજા શ્રેણિકનો પ્રેમ બહેન સુજ્યેષ્ઠા પર સંપૂર્ણ હતો એટલું જ નહિ પણ સાચો હતો. તાપસીએ વાત વેર વાળવાની દૃષ્ટિએ મૂકેલી, પણ ચૂસ્ત જૈનધર્મી રાજવીને મન વાદમાં પરાજય પમાડનાર કુમારિકાને માત્ર નયણે નિરખવાના જ નહિ, પણ જો શક્ય હોય તો પોતાની સહચરી બનાવવાના બીજારોપણ ત્યારથી જ થયેલાં. વળી એ પણ એટલું જ સાચું છે કે જ્યાં સુધી મેં સ્વમુખે મારું નામ ચેલણા ન જણાવ્યું ત્યાંસુધી તે તો મને સુજ્યેષ્ઠા જ સમજતા હતા. ચહેરાની સાદૃશ્યતાથી આ ભૂલભરેલો બનાવ બની ગયો. યોજકની ખાસ સૂચના હતી કે

એક ક્ષણનો પણ નિરર્થક વિલંબ ન કરવો, એટલે સુજ્યેષ્ઠા બહેનના પાછા ફરવા અગાઉ રથ ઉપાડ્યો. હું થોભાવવા પ્રયાસ કરું તે પૂર્વે તો અશ્વોની ગતિ વધી પડેલી. મારો અવાજ અરણ્યરુદન સમ નિવડ્યો. સુજ્યેષ્ઠા બહેનને છોડી મારો એકલા જવાનો ઇરાદો નહોતો. હું તો આ ગોઠવણથી તદ્દન અજાણ હતી. કેવળ કુતૂહળવૃત્તિથી અચાનક તે દિવસે જ તેમની સાથે જોડાઇ હતી.

મગધની હદના એક સ્થાને વિસામો લેવા પિતાપુત્ર મળ્યા અને આ વાત ઉકેલાઈ ત્યારે સાચી સ્થિતિનો ઘટસ્ફોટ થયો. મને કહેવામાં આવ્યું કે 'મારી ઇચ્છા જો વિશાલામાં પાછા ફરવાની હોય તો માનપુરસ્સર પહોંચાડવામાં આવશે' પણ સુજ્યેષ્ઠા બહેને આ યોજનામાં ભજવેલો ભાગ પૂર્ણપણે જાણ્યા પછી મને પાછા ફરવું યોગ્ય ન લાગ્યું. ઉભય રાજ્યો વચ્ચેના મતફેરથી જો હું પાછી ફરીશ તો મગધેશને કેવળ નિરાશા જ પ્રાપ્ત થશે એમ ચોખ્ખું દેખાયું. આવો પ્રેમી સાથીદાર ગુમાવવાનું પણ મને ગમ્યું જ નહીં. સાહસિક ને સમાનધર્મી ભર્ત્તાર સૌ કોઇ યુવતીને ગમે. મેં મારી આંતરિક ઇચ્છાથી તેમને પતિ તરીકે સ્વીકાર્યા છે. સુજ્યેષ્ઠા બહેનની જગ્યા આજે પણ ખાલી છે. તેમની ઇચ્છા હોય તો સન્માન સાથે તેડાવવાનો પ્રબંધ કરવા હું તૈયાર છું. તેમની અવેજીમાં મેં આ સ્થાન કાયમ માટે સ્વીકાર્યું છે. આ જીવનભરમાં એમાં ફેરફાર થઇ શકે તેમ નથી. રાજીખુશીથી સંધાયેલ સંબંધમાં વડીલવર્ગ કંઇ અયુક્ત નહીં લેખે અને આ પુત્રી પર પૂર્વવત્ સ્નેહની મીઠી છાયા ચાલુ રાખશે એ જ અભ્યર્થના."

અલ્પવયસ્કા **ચેલ્લણા**ના

આપ સર્વના પાદારવિંદમાં પુનઃ પ્રણામ

× × ×

[ચેલણાના અપહરણને અંગે સંગ્રામના ઘેરાતા વાદળ કેવી રીતે વીખરાઇ ગયા તે આપણે જોઇ ગયા, પરંતુ તે જ ચેટકનરેશને મગધના રાજવી કોણિકની સાથે યુદ્ધમાં ઉતરવું પડયું અને તેને અંગે ચેટક રાજવી અને તેમના પુત્રનો વાર્તાલાપ નીચે પ્રમાણે છે]

" પિતાશ્રી ! અવિનય થતો હોય તો ક્ષમા માગું છું; પણ આજે આપ જે આજ્ઞા ફરમાવો છો તે મને જરા પણ ગમતી નથી. મને આશ્ચર્ય એ થાય છે કે આપ સરખા ક્ષત્રિયકુલાવતંસના મુખમાંથી એ આજ્ઞા નીકળી જ કેવી રીતે ? ગણતંત્રના પ્રણેતા અને પ્રખર બાણાવળી જેવા આપ મને સમરભૂમિનો ત્યાગ કરી માતૃભૂમિને છેલ્લા નમસ્કાર કરવાની સલાહ આપો છો ત્યારે તો મને એમ લાગે છે કે ' નેવનાં પાણી મોભે જઇ રહ્યાં છે ! ' અર્થાત્ દુન્યવી ચક્ર પણ ઊલટું ચાલી રહ્યું છે ! " ચેટક તનય બોલ્યો.

" પુત્ર ! ધીરો થા, જેના જીવનમાં ક્ષત્રિયવટના પાલન સિવાય બીજી કંઇ તમન્ના નથી અને જેણે સમરાંગણ ખેડવામાં કોઇ દિવસ ક્ષોભ દાખવ્યો નથી એ જ્યારે જાતે ઊઠી અમુક વચન કાઢે છે ત્યારે એની પાછળ કંઇ તથ્ય હશે જ ને ? "

" તથ્યની ના કોણ પાડે છે ? સંતાન પ્રત્યે પિતાનું વાત્સલ્ય હોય જ. એ પ્રેમ જ અણીની ઘડીએ આ જાતની સલાહ આપવામાં નિમિત્તરૂપ છે. તે વિના જ્યારે વહાલી નગરી વિશાળા પર શત્રુનું કટક ચઢી આવ્યું છે એટલું જ નહિ, પણ એણે ઘેરો પણ એવો સખત ઘાલ્યો છે કે બહારથી મદદ પણ ન મળી શકે તેવી કપરી સ્થિતિમાં મારા જેવા ક્ષત્રિયસંતાને માતૃભૂમિના સંરક્ષણમાં આત્મ-સમર્પણ કરવા જેવા મહામૂલા પ્રસંગને ત્યજી, પિતાએ પુત્ર પ્રત્યે સહજ વાત્સલ્યભાવથી કરાયેલ ફરમાનને તાબે થવું એ બાહ્ય નજરે ભલે આજ્ઞાપાલનરૂપે દેખાય પણ આંતરિક દૃષ્ટિએ એમાં ભીરુતાનો સ્પષ્ટ એકરાર હોઇ કેવળ

ક્ષાત્રવૃત્તિનું દીવાળું કાઢવા તુલ્ય શરમાવનારું કામ છે. એથી વિશાલાપતિની કીર્તિ સદાને સારુ કલંકિત બનશે. ચેટક મહારાજાના પુત્રે માત્ર પોતીકા જીવના બચાવ અર્થે પલાયન કરી, ક્ષાત્રવટ અને પ્રજાધર્મને છેહ દીધો એમ ઊઘાડે છોગે કહેવાશે. ઘડીભર અપત્યપ્રેમ ભૂલી જાઓ. થોડી ક્ષણ માટે વંશવારસની મોહિની બાજુ પર હડસેલો અને શાંત હૃદયે વિચાર કરો તો સ્પષ્ટ જણાશે કે આપ જે આજ્ઞા કરો છો અને એના પાલન માટે આટલા આતુર થયા છો એમાં રંચ માત્ર તથ્ય નથી. કેવલ પસ્તાવો અને વિમાસણ જ એમાં આકંઠ ભરેલાં છે.

" ચેડામહારાજની સાતે સતી ' જેવી ટંકશાળી છાપ સર્વજ્ઞના મુખેથી જેમને પ્રાપ્ત થઈ છે એવી પ્રતિભાસંપન્ન પુત્રીઓના પિતા આજે આવી આજ્ઞા આપવા કેમ લલચાય છે ? શું તેઓ પુત્રીઓએ રોપેલ કીર્તિવૃક્ષનો એ જ બહેનોના લઘુ બંધવ પાસે ઉચ્છેદ કરાવવા ઇચ્છે છે કે એની પાછળ કઈ લાલસાનો વળગાડ છે તે ઊઘાડો પાડવા મારી વિનમ્રભાવે આપને વિનંતિ છે. "

" ચિરંજીવી ! સાચા ક્ષત્રિયસંતાનને છાજે એવા શબ્દો તારા મુખથી સાંભળી મને ઘણો જ આનંદ થાય છે. વર્ષો પૂર્વે ઉચ્ચરાયેલા તારી પ્રેમાળ માતુશ્રીના કિમતી શબ્દો, જો કે એ વદનાર આજે હૈયાત નથી છતાં, સ્મૃતિપટમાં તાજાં થાય છે. ' મારી કૂખે પાકનાર સંતાન પોતાનો ધર્મ ચૂકશે કે કુલીનતારૂપી શોભાયમાન ભાલપ્રદેશ પર મશીનો કૂચડો ફેરવી કાલિમા પ્રસરાવશે એ માનવાની હું સ્પષ્ટ ના પાડું છું. સ્વત્વરક્ષણ જેટલું સત્ત્વ મેં ગળથૂથીમાં જ પાયું છે. ' એ શબ્દોનો સાચો સાક્ષાત્કાર એક કરતાં વધુ પ્રસંગોમાં દેવીની પુત્રીઓએ કરાવ્યો છે. આજે યુવાવસ્થાના આંગણામાં સંચરતા તારા સરખા પુત્રે એ વાત પુનઃ એક વાર તાજી કરાવી છે. આ બધી બાબતો વર્ષોના વહાણા વાયા છતાં મારી ચક્ષુ સામે તરવરતી ખડી છે અને એના

અનુસંધાનમાં જ મારી આજ્ઞાના સૂર નીકળ્યા છે. રખે માનતો કે એની પાછળ પુત્ર પ્રત્યેનો અમર્યાદિત સ્નેહ યા મોહ છે. પ્રભુશ્રી વર્ધમાનના સિદ્ધાંતોમાં અચળ શ્રદ્ધા ધરનાર માટે વંશરક્ષણના મોહ કેવા ? છતાં એ સર્વજ્ઞ પ્રભુના કર્મવિષયિક તંત્રમાં પણ મને તેટલી જ શ્રદ્ધા છે. એમના આગમજ્ઞાન માટે મને બહુ માન છે. એ સર્વના સમન્વયરૂપે જ મેં તને આ સ્થાન છોડાવવા નિશ્ચય કર્યો છે. તારા આગ્રહથી મને જણાય છે કે જે વાત હું પુનઃ ઉકેલવા નહોતો ઇચ્છતો તેનો ઉકેલ એક વાર તારી સમક્ષ કરવો પડશે. તે વિના પરિસ્થિતિનો સાચો ખ્યાલ કે કર્ત્તવ્યનું સાચું ભાન તને નહીં આવે. ”

વાચકવર્ગને લાગશે કે હમણાં જ મહારાજા ચેટકને સહકુટુંબ, ચેલણાનો પત્ર વાંચતાં જોયા છે જ્યારે ઉપરના સંવાદમાં તો કોઇ જુદી જ વાત દેખાય છે. વાર્તાના સળંગ પ્રવાહમાં આગળ વધીએ તે પૂર્વે એના અંકોડા મેળવવારૂપ કેટલાક બનાવોનું વિહંગાવલોકન કરી લઇએ.

ચેલણા તથા મંત્રીશ્વર અભયના પત્રોએ, વિશાલામાં જે લડાઇનું વાતાવરણ પ્રસર્યું હતું તેના પર પરમાત્મા શ્રી મહાવીરદેવના આગમનથી પડદો પડ્યો હતો ત્યારપછી વિશાળા તથા મગધ રાજ્યપ્રણાલીના સૈદ્ધાંતિક ભેદ હોવા છતાં વૈમનસ્યનું કંઇ કારણ રહ્યું નહોતું. એ વાતને કેટલાક વર્ષોનાં વાયરા વાયા. દરમિયાન સુજ્યેષ્ઠા સંસારનાં બંધન ત્યજી દઇ સાધ્વી બની અને કર્મક્ષય અર્થે તીવ્ર તપ તપવા માંડી. સતીદેવીએ સાત પુત્રી ઉપરાંત એક પુત્રને જન્મ આપ્યો. પુત્રીઓએ સ્વયં શોધેલા સાથીદારો સાથે જીવનના પ્રત્યેક પ્રસંગોમાં ઓતપ્રોત બની સંસાર શોભાવ્યો, મોટાં રાજ્ય ઊભા કરવામાં સાથ આપ્યો અને અંતરમાં ધ્રુવતારકસમ અવિચળ સ્થાન પામેલ જૈન ધર્મને પ્રસંગ પ્રાપ્ત થતાં વિસ્તારવામાં કમીના ન રાખી એ પણ

પોતાની આંખોએ જોયું. આમ પોતાની વેલનો વિસ્તાર અને ધર્મ-અર્થ-કામરૂપ ત્રિવર્ગની સાધના જોતાં દેવીએ પરલોકના પંથે પ્રયાણ અખંડ સૌભાગ્યવંતી તરીકે કર્યું.

ભારતવર્ષના એ સમયના મોટા રાજ્યોને ચેટક મહારાજ સાથે લોહીનો સંબંધ હોવાથી જો એ દરેકનો ઇતિહાસ જોવા જઇએ તો વિસ્તાર વધી જાય. વળી દરેક બનાવ પાછળ ઐતિહાસિક સાંકળોનાં એટલા જૂથ જન્મ્યાં છે કે એમ કરવા જતાં એક દળદાર ગ્રંથ રચવો પડે. એટલે એ તરફ વધુ પગલાં ભરવાનું મોકુફ રાખી, વિશાળાના પતનનો જે અંતિમ અને કરુણ પ્રસંગ છે તે તરફ વળીએ. ભવિતવ્યતાના યોગે મગધેશ કેવી રીતે ચેટકરાજના શત્રુ તરીકે સામે આવી ઊભા રહે છે તે તરફ મીટ માંડીએ એ સારુ થોડો સમય વિશાલાને વેગળી રાખી, મથાળે આળેખેલ પિતા-પુત્રનો રોમાંચ બડા કરે તેવો વાર્તાલાપ વિસરી જઇ, મગધના ઇતિહાસમાં ડોકિયું કરી લઇએ.

આ તકે એટલું સ્પષ્ટ કરવાની અગત્ય છે કે જૈનસાહિત્યમાં, ખાસ કરી કથાનક પ્રસંગોમાં ચેડામહારાજાની સાત પુત્રીઓ સંબંધમાં સવિશેષ વર્ણન જાણવાનું મળે છે જ્યારે ઉપર જે પુત્રનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે તેને લગતી કંઈ જ બાતમી ઉપલબ્ધ થતી નથી, તો એનો મેળ કેવી રીતે મેળવવો એ પ્રશ્ન સહજ ઉદ્ભવે છે. એ સારુ રા. સુશીલકૃત ' કલિંગનું યુદ્ધ ' નામના પુસ્તકમાં આપેલ નીચેની નોંધ આધાર તરીકે ગ્રહણ કરી છે. તે આ પ્રમાણે છે.

' વૈશાલીના પ્રાચીન સમયના ગણતંત્રના એક આગેવાન ક્ષત્રિય ચેટક સાથે મહારાજા ખારવેલનો રક્ત સંબંધ હોવાની ઇતિહાસગવેષકોએ કલ્પના કરી છે. ખારવેલ ચૈત્રવંશનો હતો. ચેટકનો એ અપભ્રંશ કેમ ન હોય ?

પાછલી અવસ્થામાં પુત્રનો જન્મ થયો હોય અને ત્યારપછી થોડા સમયમાં વિશાલા નગરીનું પતન થયું હોય તો એ વાતને ઝાઝી જાહેરાત ન મળે, તેમ પુત્રીઓ માફક પુત્રને ઝળકવાનો પ્રસંગ પ્રાપ્ત ન થયો હોય એમ અનુમાની શકાય.'

રાણી ચેલણાનો સંસાર રાજવી શ્રેણિક સહ અતિશય સુખમાં અને અમર્યાદિત સ્નેહમાં પસાર થયો છે. પટરાણી તરીકેનું સ્થાન તેણે જીવનના છેડા સુધી ભોગવ્યું છે. દરમિયાન તેની કુક્ષીએ કુણિક યાને અશોકચંદ્ર અને એ ઉપરાંત કાલકુમાર આદિ અન્ય દશ પુત્રોનો જન્મ થયો છે. મગધ એ કાળમાં પ્રથમ પંક્તિનું જબરું સામ્રાજ્ય હતું. એની કીર્તિ-પતાકા દૂર દેશાંતર સુધી ફરકતી હતી, એટલે એનો ઇતિહાસ પણ ચમત્કારી છે. એમાં મંત્રીશ્વર અભયે પણ સ્વબુદ્ધિપ્રગલ્ભતાથી અનેરો ભાગ ભજવ્યો છે. એ સર્વ વર્ણવવાનું આ સ્થાન નથી. જે સમયની વાત કરીએ છીએ તે કાળે અભયકુમારમંત્રી સંયમ સ્વીકારી સંસારમાંથી નીકળી ચૂકયા હતા. શ્રેણિક મહારાજ પોતાના પુત્ર કુણિકથી પરાભવ પામી, કેટલાક સમય સુધી કાષ્ઠના પીંજરામાં પુરાઇ, કેદી તરીકેનું પરાધીન જીવન ભોગવી, અંગુલી પરની હીરાની વીંટી ચૂસી પરલોક-પ્રયાણ કરી ગયા હતા. શ્રેણિક મહારાજે, કુણિકને મગધની ગાદી આપવાની હોવાથી પોતાની પાસેની દિવ્ય કુંડલની જોડી, અઢાર ચક્ર (સેર) હાર અને સેચનક હાથી પુત્ર હલ્લ-વિહલ્લને આપ્યાં હતાં. ઉપર કહ્યા પ્રમાણે પોતાના પિતા શ્રેણિકને હેરાન કરી, કુણિક ગાદી પર ચઢી બેઠો. બીજી તરફ માતા ચેલણાએ પતિ તરફ થતું નિંદ્ય વર્તન નિરખી, પુત્ર કુણિકને મહારાજ શ્રેણિકનું એના પ્રતિનું અપ્રતિમ સ્નેહનું યોગ્ય અવસરે સ્મરણ કરાવ્યું. એને પરિણામે પિતાને છૂટા કરવા જતાં તેઓ મરણ પામ્યા, એટલે કુણિકનું મન એટલી હદે ખિન્ન થયું કે કોઇપણ પ્રકારે રાજ-

ગૃહી નગરીમાં એને જરાપણ ગોઠયું નહીં. ચોતરફ એને દયાળુ પિતાની સૌમ્ય મૂર્તિ જણાવા લાગી. પોતે 'કપુત' તરીકે ચલાવેલું વર્તન હૃદયને બાળવા લાગ્યું. પણ બનનાર બની ગયું. એનો બીજો જ કંઇ ઉપાય હતો ? આખરે મંત્રીએ સમજાવી રાજધાની ચંપામાં ફેરવી એ શોક ભુલાવ્યો. દરમિયાન કુણિકની પટરાણી પદ્માવતીને પેલી કુંડળ-જોડી વિગેરે યાદ આવ્યાં એટલે કોઇપણ રીતે એ મેળવી આપવા સારુ કુણિક પાસે એણે હઠ આદરેલી.

બળજબરી થવાની ધાસ્તીથી હલ્લ-વિહલ્લ રાત લઇ ભાગ્યા અને શક્તિશાળી માતામહ ચેટકના શરણે ગયા. કુણિકે પોતાના ભાઇઓને પોતાને કબજે લેવાની ચેટક રાજા પાસે માંગણી કરી.

ચેડા મહારાજ ક્ષાત્રધર્મ ચૂકી શરણે આવેલ સામાન્ય માનવીને સોંપે નહીં તો આ તો દોહિત્ર હતા, એટલે શાના સોંપે? મગધ અને વિશાલા વચ્ચેના સંગ્રામનું આ કારણ કુણિકે જોડી કાઢયું. તે શૂરાતનમાં ગાંજયો જાય તેવો નહોતો. સ્વપરાક્રમના જોરે એણે 'અજાતશત્રુ' નું બિરુદ પણ મેળવ્યું હતું, છતાં સ્વભાવે કંઇક ઉતાવળીઓ હોવાથી રજનું ગજ કરી મૂકતો. માતામહ ચેટકના ઉત્તરથી એનો ક્રોધ ભભૂકી ઊઠ્યો. તે મોટી સેના લઈ વિશાલા પર ચઢ્યો. ક્ષાત્રધર્મના રક્ષણ અર્થે ચેટક મહારાજે સામે જઇ એને રોકયો, એટલું જ નહિ પણ પોતાની અમોઘ બાણશક્તિથી એના સૈન્યને છિન્નભિન્ન કરી નાખ્યું. એ યુદ્ધમાં કાળ, મહાકાળ વિગેરે દશે કુમારો મરાયા અને જીત ચેટક મહારાજની થઇ. આ પરાભવથી કુણિકના ગાત્ર ઢીલાં થઇ ગયાં, છતાં તે હિંમત ન હાર્યો. તેણે અઠ્ઠમ તપવડે સૌધર્મેન્દ્ર તેમ જ ચમરેન્દ્રનું આરાધન કર્યું. ઉભય ઈન્દ્રોની સહાયથી 'વજાનું કવચ' તેમજ 'મહાશિલાકંટક' ને 'રથમૂશળ' નામની બે સંગ્રામવિદ્યાઓ મેળવી. ઘડીભર અત્યારની સદીના માનવીને આ વાત ગળે ઊતરતાં વિલંબ થશે, પણ જે કાળની વાત કરીએ

છીએ તે કાળે આ પ્રકારની શક્તિઓ મોજૂદ હતી એમ પૂરવાર થાય છે. તપના પ્રભાવથી એવી શક્તિ પ્રાપ્ત કર્યાના સંખ્યાબંધ દાખલા નોંધાયા છે. તપની શક્તિ ખરેખર અચિંત્ય છે, પણ એ તપ સમજપૂર્વક ને શ્રદ્ધાથી કરાવો જોઈએ. માત્ર લાંઘણ કરી નાખવી એનું નામ તપ નથી.

આ વિદ્યાઓ પ્રાપ્ત થતાં જ કુણિકમાં નવું જોમ આવ્યું. એના સૈનિકો મહાશિલાકંટક વિદ્યાના જોરે કેવલ કાંકરા ફેંકી શત્રુદળમાં મોટા પાષાણની વર્ષારૂપે પરિણમાવતા, મૂશલ ફેરવી રથ દોડાવી મહામાઠી અસર પેદા કરતા. આથી ચેટકરાજના સૈન્યનો સજ્જડ કચ્ચરઘાણ વળવા માંડ્યો. આ બનાવ તેમના કર્ણે પહોંચતાં જ સીધા તે રણભૂમિ પર ધસી આવ્યા અને ખૂદ કુણિક પ્રતિ નિશાન તાકી બાણ છોડ્યું. જેમનું બાણ અમોઘ હોવાથી નિષ્ફળ જતું જ નહીં એવા એ પ્રતાપી શરસાધકને નિરાશા થાય તેવું કાર્ય જીવનભરમાં પહેલી વાર જ બન્યું. વજ્રકવચ પર અથડાઈ બાણ નીચે પડ્યું. ચકોર રાજવી વસ્તુસ્થિતિ પારખી ગયા. દેવ-સાનિધ્યનો પરચો જોઇ, સ્વસૈન્યને પાછા વળવાની આજ્ઞા ફરમાવી. વિશાલાના કિલ્લામાં પ્રવેશી એના દ્વાર બંધ કરાવ્યાં.

વિજયના હર્ષથી ઘેલો બનેલો કુણિક વધારે : વેગથી કૂચ કરી વિશાલાનગરીને ચોતરફથી ઘેરી વળ્યો. પણ એમાં એના પોબાર ન પડ્યા. ગઢ એટલો મજબૂત નીકળ્યો કે ત્યાં કુણિકની વિદ્યાઓ કાર્યસાધક ન નીવડી. દરરોજના હુમલાઓ અફળ નિવડવા માંડ્યા. આવી સ્થિતિમાં કેવળ દિવસો, મહિના કે એકાદું વરસ નહીં પણ લગભગ બાર વર્ષ જેટલો લાંબો સમય થવા આવ્યો.

હવે પિતા-પુત્ર વચ્ચેના વાર્તાલાપમાં આગળ વધીએ.

" પુત્ર ! જન્મભૂમિરૂપ વિશાલા માટેનો પ્રેમ મારા હૃદયના પ્રત્યેક અણુમાં ભર્યો હોવા છતાં અને તેમાં વસતી પ્રજાના

સંરક્ષણ માટેની તીવ્રતમ ભાવના સદા રમતી હોવા છતાં, એનું પતન અવશ્યંભાવી છે જ અને તે પણ મારા દોહિત્રના હસ્તે જ ! જ્યોતિષના એ લેખ દશકાઓ પૂર્વે મારા જાણવામાં આવ્યા ત્યારથી જ એને અન્યથા કરવા મેં શકય હતા એટલા બધા પ્રયત્નો કર્યાં છે, એ માટે જડી એટલી યુક્તિઓ કામે લગાડી છે; પણ અફસોસ એટલો જ છે કે એ સર્વ નિષ્ફળ નિવડયું છે અને સમયચક્ર અસ્ખલિતપણે એના નિર્ણીત ચીલે ગતિ કરી રહ્યું છે. ભગવાન શ્રી મહાવીરદેવના–'હોણહાર મિથ્યા થતું નથી' અથવા તો '**भवितव्यता बलीयसी**'–એ શબ્દો આજે પણ મારા કર્ણમાં ગુંજી રહ્યા છે."

"પિતાશ્રી ! જ્યારે રાજ્ય પર શત્રુનું કટક ઘેરો નાંખી પડયું હોય ત્યારે ક્ષત્રિયવટ નથી તો એને લગતા જ્યોતિષના કે ગ્રહચક્રના આંકડા મેળવવામાં, કે નથી તો એ પુત્ર, સાળો કે દોહિત્ર છે એવો સંબંધ જોવામાં. એક જ ધર્મ એ વેળા પોકાર પાડે છે અને તે એ જ વીરતાથી ઝુઝવાનો. કયાં તો એ દ્વારા કાર્યની સિદ્ધિ થાય, કયાં તો દેહનો પાત થાય. એ કાળે એક જ કામના સંભવે–કયાં તો વિજયની વરમાળ કે અપ્સરાની ફૂલમાળ. ભૂત કે ભવિષ્યના વિચાર છોડી, નેત્ર સામે મુખ ફાડી ઊભેલા–જોતજોતામાં વહાલી પ્રજાનો કોળિયો કરી જનાર અને પ્યારી ભૂમિને ખેદાનમેદાન કરી નાખનાર વર્તમાનને નિરખી એની સાથે જ બાકડી બાંધો."

"ચિરંજીવી ! યુવાન લોહી તે આનું નામ. આટલા સારુ જ નીતિકારોએ યુવાનીને દિવાની કહી છે. પ્રથમ પચીશીનો સોળથી પચીશ સુધીનો–કાળ એ ખાતર ભાવનાવશ ગણાયો છે. જ્યાં પરાજયની પ્રતીતિ થઇ ચૂકી હોય, વિનાશનો પ્રચંડ વાયુ વાઇ રહ્યો હોય ત્યાં વીરતાના ઓઠા હેઠળ કે. રાજપૂતીના

ગર્વથી વધુ લોહી વહેવડાવવું–એમાં નથી તો ડહાપણ કે નથી તો પરાક્રમ. સમય જોઈ વર્તનાર પુરુષ જ સમજુ લેખાય છે.

" જ્યારથી નાગ સારથિના પૌત્ર વરુણે કૂણિકના સેનાપતિને હણીને યુદ્ધભૂમિના બહારના ભાગે સંથારો કર્યો ત્યારથી મેં સૈન્ય-દોરવણીનો અધિકાર જાતે હાથમાં લીધો હતો, છતાં તેં જોયું છે તેમ પેલી બે દૈવીશક્તિના જોરે શત્રુ વધુ જોર પર આવ્યો અને મારું અમોઘ ગણાતું બાણ પણ એની સામે નિરર્થક નિવડ્યું ! કેવળ અથડાઈને પાછું પડ્યું ! આ બધાં ચિહ્નો જ્યોતિષશાસ્ત્રની વાણીને સાચી પાડે છે. તે દિવસથી મેં કિલ્લાનો આશ્રય શોધ્યો છે તે નહિ કે મારા કાંડા-બાવડામાં યુદ્ધ ખેલી કેશરીયા કરવાની તાકાતનો અભાવ છે તેથી અગર તો મને હજી લાંબું જીવી રાજ્ય કરવાની લાલસા છે તેથી ! પુત્ર! એવું કંઈ છે જ નહીં. હજી એક અંકોડો મળવો બાકી છે અને એ અંકોડો વિલક્ષણ છે.

" વિશાલાની પ્રજા જે શ્રી મુનિસુવ્રતસ્વામીના સ્તૂપની બહુમાનપૂર્વક ભક્તિ કરે છે અને જે સ્તૂપની સ્થાપના એવા અમૃત ચોઘડીએ થઈ છે કે ત્યારપછી વિશાલાની દરેક રીતે સમૃદ્ધિ વધતી રહી છે એ જ સ્તૂપ પ્રજાના હાથે વિલીન થશે. મારા જોવાથી એનો પ્રતિકાર પણ નહીં થાય અને એ પાછળ આ વિશાળ રાજ્ય માટીમાં મળવાની ઘટિકા રૂમઝુમ કરતી આવી લાગશે. કિલ્લામાં લગભગ બાર વર્ષ વ્યતીત કર્યા છે–એ ઉપરોક્ત વસ્તુના દર્શનની કેવળ અભિલાષાથી જ. વસ્તુતઃ એ દર્શન કરુણ છે, છતાં સંસારી જીવોના સ્વાર્થમય ને અસ્થિર ભાવોનું–ચળવિચળ પરિણામોનું–પ્રત્યક્ષ અવલોકન કરવાનો મોહ હોવાથી આ વૃદ્ધ હજુ પણ પરિસ્થિતિ જેમ નચાવે છે તેમ નાચી રહ્યો છે. પુત્ર ! માની લે કે શૂરાતન દાખવી આ આવી રહેલ આંધિને તું થોડા કલાકો કે એકાદ દિવસને માટે

ખાળી શકીશ; પરન્તુ એમાં હરગીજ બીજો કંઇ ફેર પડનાર નથી. જ્ઞાનબળે જોનાર વિભૂતિઓએ આંક મૂકયા છે એ સાચા છે. એની ખાતરી મને ડગલે ને પગલે થઇ રહી છે. તારા વંશજથી ભવિષ્યમાં જૈનધર્મ અને માનવસમાજની સુંદર સેવા થવાની આગાહી મને થઈ રહી હોવાથી જ મારી તને એક જ અને છેલ્લી આજ્ઞા છે કે આવતી કાલની સંધ્યા પૂર્વે તું તારા કુટુંબ સહિત અહીંથી કલિંગ તરફ પ્રયાણ કરી જા.”

વાચકગણ ઉપરના સંવાદ પરથી સારીરીતે જાણી ચૂકયો હશે કે એ ચેટક મહારાજ અને તેમના પુત્ર વચ્ચેનો અંતિમ વાર્તાલાપ હતો. બીજી તરફ વિદ્યાઓ મળ્યા છતાં, ઘેરો અતિશય લંબાવાથી કૂણિક અકળાઇ ગયો હતો, ત્રીજી તરફ રાત્રિના કોઇ છુપા હલ્લાથી એના સૈન્યનો કચ્ચરઘાણ વળતો હતો, છુપો હલ્લો પકડવા સારુ એણે પોતાના દળ અને નગરીના માર્ગ વચ્ચે જ ખાઇ ખોદાવી તેમાં ખેરના અંગારા ભરાવ્યા અને સખત ચોકી રખાવી. એ રીતે હલ્લ અને વિહલ્લ કુમારો તરફથી સેચનક હાથીની મદદવડે થતો હલ્લો પકડી પાડ્યો–એ વાત ઉક્ત બંધુઓના કથાનકમાં અગાઉ આવી ગયેલ છે. હલ્લ, વિહલ્લના ચાલ્યા જવાથી અને સેચનક હાથીના પરલોકપ્રયાણથી ખરી રીતે લડાઈનું કારણ નષ્ટ થતું હતું, છતાં કૂણિકના અંતરમાં એથી વધુ રોષ ભરાયો. આ બધાના નિમિત્તભૂત ચેટક મહારાજને લેખી ઠેઇપણ હિસાબે વિશાલાના રાજ્યને હતું ન હતું કરી મૂકવાનો દૃઢ નિશ્ચય દાખવી, પ્રતિજ્ઞા કરી કે–‘તીક્ષ્ણ હળવડે વિશાલા નગરીને ખોદી નાંખવી, અગર તેમ ન બને તો અગ્નિપ્રવેશ કરવો.’

આ દારુણ પ્રતિજ્ઞા સાંભળી લાંબા સમયના ઘેરાથી નિરાશ થયેલ સૈન્યમાં પુનઃ જોશ આવ્યો ને શત્રુદળને હંફાવવાનું કાર્ય ઉત્સાહથી શરૂ કર્યું. બીજી તરફ કૂણિકે કોઇ નિષ્ણાત જ્યોતિષીને

તેડાવી પૂછતાં માલૂમ પડયું કે " જ્યાંસુધી વિશાલાના ચોકમાં શ્રી મુનિસુવ્રતસ્વામીનો સ્તૂપ મોજુદ છે ત્યાં સુધી એ પ્રાચીન નગરીનો નાશ થનાર નથી. તેમ ગમે તેટલું કરવા છતાં એ નગરીના કિલ્લાની એક કાંકરી પણ ખરનાર નથી. નિમિત્ત જોતાં જણાય છે કે આ સંગ્રામમાં બળ કરતાં છળ કરવામાં આવે તો વિજય પ્રાપ્ત થાય, પણ એમાં કોઈ ચારિત્રભ્રષ્ટ સાધુનો સહકાર મળવો જોઇએ. વૈશાલીની પ્રજા ધર્મના ઓઠા નીચે છેતરાય, તે સિવાય એની સામે અન્ય પ્રલોભનો નકામાં છે અને ધર્મના પવિત્ર સ્વાંગમાં રહી દંભનું નાટક ભજવનાર ચારિત્ર-સંપન્ન આત્મા છે તો મળી શકે જ નહીં. એટલા સારુ મેં ચારિત્રભ્રષ્ટ આત્માની વાત જણાવી છે. હે અજાતશત્રુ ! તમારા ભાગ્યમાં વિજયનો યોગ છે, છતાં એમાં બૂદ વિશાલા નગરીના પ્રજાજનોનું માનસ ફેરવાય તો જ એ સંભવિત બને. "

અજાતશત્રુ કુણિકમાં જન્મથી જ અડગતા ને દૃઢ નિશ્ચય જડાયેલાં હતાં. ગમે તેવા કપરા સંયોગોનો સામનો કરવામાં તે પાછી પાની કરે તેવો નહોતો. મગધના માલિકને એકાદ પતિત સાધુને શોધવામાં શી મુશ્કેલી નડવાની હતી ? અરે ! પતિત ન હોય તો એને પતિત બનાવવાના દાવ કંઇ આ સર્વતંત્ર-સ્વતંત્ર રાજવીને શીખવા જવા પડે તેમ હતું જ નહીં. પરમાત્મા શ્રી મહાવીરદેવના અનન્ય ઉપાસક તરીકેની સુકીર્તિ શ્રેણિક મહારાજના નામે ચઢી છે; પણ એ રાજવીના આ ગાદીધર વારસને બૂદ મહાવીરદેવના વચનમાં પણ પૂર્ણ શ્રદ્ધા નહોતી. અલબત્ત તે પ્રભુનો ભક્ત હતો, છતાં એનામાં રહેલ બળનો ગર્વ અને રાજ્યલક્ષ્મીનો લોભ, ઘણી વાર એના હાથે ઉતાવળા ને ન ભરવા યોગ્ય પગલાં ભરાવતો. વિશાળ મહારાજ્ય મળવા છતાં એની તૃષ્ણા તૃપ્ત થઇ નહોતી. પાટનગર

બદલ્યા છતાં શાંતિ એનાથી દૂર ને દૂર જ દોડી જતી. આવા જીવનમાં એ કયું પગલું ન ભરે, અગર કયું કામ ન કરે એ વિચાર જ અસ્થાને છે. તપાસ કરતાં એને જણાયું કે ગુરુના શિક્ષાવચનથી ક્રોધ પામી, બૂદ્ધ ગુરુ પર પથ્થરની નાની શિલા ગબડાવનાર એક સાધુ એકાંતવાસ કરી ધ્યાનસ્થ રહેલ છે. પત્થરને બે પગ વચ્ચેથી જવા દઈ ગુરુ જીવથી બચ્ચા, પણ તરત જ એ અવિનીત શિષ્યને દૂર કરતાં એમણે કહ્યું કે–' જે સ્ત્રીજાતિના ચહેરા જોવાનો તને આ પવિત્ર વેશ હેઠળ રોગ લાગુ પડ્યો છે એ જાતિવડે જ તારો સર્વનાશ સર્જાયો છે. તારા કલ્યાણ ખાતર આપેલ ઠપકો સાપને જેમ દૂધ જેવો પૌષ્ટિક પદાર્થ ઝેરરૂપે પરિણમે છે તેમ તને વેરરૂપે પરિણમ્યો જોઈ મને દુઃખ થાય છે. તારા જીવનની એ અધમ દશા સૂચવે છે."

એ અવિનીત સાધુ નારીજાતિના પરાભવથી બચવા સારુ એક એવા નિર્જન પ્રદેશમાં પહોંચી ગયો કે જ્યાં વસ્તીનું નામનિશાન પણ ન મળે અને જ્યાં પહોંચવા સારુ સરિતા ઓળંગવી પડે. આ ઉપરાંત એણે તીવ્ર તપ પણ શરૂ કરી દીધો હતો અને એના પ્રભાવથી, શાસ્ત્રમાં સંભળાય છે તેમ, નદીનો પ્રવાહ (જે દિશામાં પ્રથમ વહેતો હતો તેનાથી ઊલટી દિશામાં વહેતો થયો હતો. એ કારણે આ સાધુનો મહિમા વૃદ્ધિ પામ્યો હતો એટલું જ નહિ પણ ' **કુલવાલક સાધુ** ' તરીકે એ આસપાસના પ્રદેશમાં વિખ્યાત પણ થઈ ચૂકયો હતો. એમના નામની આસપાસ જનતાએ જાતજાતના ચમત્કારોની કથા–ગૂંથણી પણ કરી દીધી હતી, કુલવાલક સાધુએ એકાંત પ્રદેશનો વાસ અને તીવ્ર તપ ખુશીથી સ્વીકાર્યાં હતાં અને એ રીતે સ્ત્રિયાજાતિથી પરાભવ પામવાના યોગને સર્વથા ટાળી દીધો હતો. એ પાછળ એક જ તમન્ના વર્તતી હતી કે કોઈ પણ પ્રકારે ગુરુવચનને મિથ્યા કરવું.

કુણિકને ઉપર જોઇ ગયા તેમ આવા જ કોઇ ચારિત્રભ્રષ્ટ મુનિનું કામ હતું અને જે હેતુની સિદ્ધિ સારુ એ આતુર બન્યો હતો એમાં આ પોતાના નામરાશિ સાધુ કુલવાલક સારો ભાગ ભજવશે એમ લાગવાથી તરત જ પોતાની ચતુર ગણિકા માગધિકાને બોલાવી અને કોઇપણ યુક્તિ–પ્રયુક્તિપૂર્વક એ કુલવાલકને ફસાવી આ યુદ્ધભૂમિ પર તેડી લાવવાની આજ્ઞા કરી. એ સારુ સોના-મહોરોની થેલી આપી અને સાથમાં જોઈતા અનુચરો પણ આપ્યા.

ગણિકા કે વારાંગનાની કળા–દક્ષતા માટે એ સમયના સાહિત્યે ઘણી ઘણી વાતો કરી છે. એ જાતિ કેવળ દેહવિક્રય કરતી એવું એકાંતે ન કહી શકાય. એ વર્ગમાં પણ નારીજાતિને શોભાવે તેવી સ્ત્રીઓ પાકી છે. ચતુરાઇ–નૃત્ય–સંગીત–કપટનીતિ આદિ તેમની કેટલીક વારસામાં ઉતરતી કળાઓને લઇ, તેમનું સ્થાન, કળાનું શિક્ષણ આપનાર ધામ સમાન થઇ પડતું હતું. કેટલાક ગૃહસ્થો પોતાના સંતાનોને સંસારમાં નાંખતા પૂર્વે એવી કળાઓના શિક્ષણ અર્થે એમના વાસમાં ચાહીને મોકલતાં. ટૂંકમાં કહેવાનું એટલું જ કે માગધિકામાં ભલભલા મજબૂત મનવાળાને પીગળાવવાની શકિત હતી.

કુલવાલક મુનિને પતિત કરવામાં કેવી યુક્તિઓ કામે લગાડી અને સ્ત્રીનું મુખ પણ ન જોવું કે જેથી ગુરુનાં વચનો સાચા પડે એવા એક સમયના દૃઢ નિયમવાળા આ મુનિને ભ્રષ્ટ કરી પોતાના મુખ સામે જોતા કરી દીધા. એનું લંબાણ વિવેચન ન કરતાં એટલું જ કહી સંતોષ માનીશું કે એ સ્થિતિ જન્માવવામાં ગણિકાએ તીર્થાટન કરવા નીકળેલી એક ધર્મપ્રેમી શ્રાવિકાનો સ્વાંગ સજ્યો અને ધર્મના છદ્મથી પોતા પ્રતિ આકર્ષી સરવાળે એટલી હદે કુલવાલક સાધુને પોતાનામાં આસક્ત બનાવ્યો કે જેથી એ એકાંત સ્થાન તજાવી કુણિકરાજ સમક્ષ આણવામાં અને એની પાસે મનગમતાં કાર્યો કરાવવામાં તેણી ફતેહમંદ થઇ.

જ્ઞાની પુરુષોએ સાચું જ કહ્યું છે કે–**दिवा पश्यति नो घूकः, काको नक्तं न पश्यति । अपूर्वः कोऽपि कामांधो, दिवानक्तम् न पश्यति** । અર્થાત્ ઘૂવડ દિવસે દેખી શકતું નથી, કાગડો રાત્રે જોઇ શકતો નથી, પણ જેનાં નેત્રો કામથી અંધ થયેલાં છે એવો મનુષ્ય તો રાત્રે કે દિવસે પણ જોઇ શકતો નથી. કર્તવ્ય યા તો અકર્ત્તવ્યનું ભાન એને રહેતું જ નથી. અજાતશત્રુ રાજાએ સંગ્રામ સંબંધી પરિસ્થિતિનો ટૂંકમાં ખ્યાલ આપી, જ્યોતિષીના સ્તૂપ સંબંધી વિચારો જણાવી, કોઇપણ રીતે વિશાલાની પ્રજાનું માનસ ફેરવવાની યુક્તિ યોજવા જણાવ્યું.

માગધિકાના મોહથી અંધ બનેલ કુલવાલક ગુરુજીના છેલ્લા શબ્દોને સાચા પાડતો, જતિના વેશમાં રાજ્યપટપટનો એક અણછાજતો વેશ ભજવવા નીકળી પડયો. બાર બાર વર્ષના બંધિયાર જીવનથી જેમને કંઠે પ્રાણ આવ્યા છે અને આ ભયંકર ત્રાસથી છૂટવા જે તલસી રહ્યાં છે એવા વિશાલા નગરીના પ્રજાજન આ ક્ષપણકને જોતાં જ હર્ષમગ્ન થઇ ગયાં. એના ચરણમાં પડી પૂછવા લાગ્યાં કે–

" મહારાજ ! આ ઘેરો કયારે ઊઠશે ? વિશાલાના દ્વાર કયારે ખુલશે ? " કુલવાલકે પ્રથમ તો જનતાની વાત સાંભળી ન સાંભળી કરીને સીધો શ્રીમુનિસુવ્રતસ્વામીના સ્તૂપનો માર્ગ લીધો. ભક્તિનો આડંબર કરી વંદન કર્યું તેમ પ્રદક્ષિણા પણ દીધી. આથી તો યતિમાં પ્રજાજનનો વધુ વિશ્વાસ બેઠો. એમનાં ચરણ પકડી આ સંકટમાંથી ઉગરવાનો ઉપાય દર્શાવવા પ્રાર્થના કરી.

કુલવાલક મુનિએ ભૃકુટી ચઢાવી, જાણે કોઇ ઊંડા વિચારમાં ગરકાવ ન થયો હોય એવો ડોળ કરી, ધીમા સાદે જણાવ્યું કે–

" પૌરલોકો ! તમારી વર્તમાન પીડાનું કારણ આ પવિત્ર સ્તૂપની અવિધિએ કરાયેલી સ્થાપનામાં સમાયેલું છે, એટલે જ્યાં સુધી મૂળથી એ સ્થાન ખોદી નાખવામાં ન આવે અને સ્તૂપને બસેડી

અન્યત્ર લઈ જવામાં ન આવે ત્યાં સુધી આ સંકટનો નિસ્તાર થવો અશકય છે.” મૂંઝવણ સામાન્ય બુદ્ધિનો પણ ભ્રંશ કરે છે. એ વેળા ભૂતકાળનો અનુભવ પણ યાદ આવતો નથી. સંકટથી મુક્ત બનવાના એક માત્ર ઇરાદાથી પ્રજાજનોએ યતિની વાત સાચી માની, સ્તૂપ ખોદવાનું કામ આરંભી દીધું. બીજી તરફ પૂર્વસંકેત મુજબ કુણિકનું સૈન્ય ઘેરો છોડી પાછું વળવા માંડયું. સૈન્ય પાછા ફરવાના સમાચારે જનતામાં મુનિવચનનો વિશ્વાસ વધાર્યો અને ખોદવાનું કામ અતિ જોરથી ચાલી રહ્યું.

આ સમાચાર ચેટકરાજને પહોંચ્યા અને એમણે શીઘ્ર ગતિએ આવી જોયું ત્યારે તો સ્તૂપ સ્થાનભ્રષ્ટ થઇ ચૂકયો હતો. પ્રજા હસતા મુખડે આ સંકટમાંથી મુક્ત કરવાનો ઈલાજ દર્શાવનાર અને થોડી ક્ષણ પૂર્વે બહુમાનપૂર્વક પસાર થઇ જનાર ક્ષપણકના ગુણ ગાતી હતી.

ખેલ ખલાસ ! વિધિનું બળત્તરપણું તે આનું નામ ! સત્તાધીશ રાજવી, એ અટકાવવાનો પ્રયાસ કરે તે પૂર્વે તો જતાં જતાં ક્ષપણકે ઉઘડાવી દીધેલા દરવાજેથી જોશપૂર્વક કૂચ કદમ કરતું કુણિકનું સૈન્ય નજીક આવી લાગ્યું. જોકે એ વેળા ચેટકરાજના સુભટોએ કુણિકના સૈન્યને પાછા હઠાવવામાં પ્રબળ પુરુષાર્થ દાખવ્યો અને જબરું શૂરાતન બતાવ્યું, પણ એક તરફ મહાસાગરનો અમર્યાદિત પ્રવાહ અચાનક ધસી આવતો હોય એવું અજાતશત્રુનું સૈન્ય અને બીજી તરફ બંધિયાર જીવનથી કંટાળેલો અને અણધાર્યા હલ્લા સામે વ્યવસ્થિતપણે ન ઊભો રહી શકે એવો ખોખા જેટલો સુભટસમૂહ !! કુણિકનો વિજય અચૂક હતો જ.

કુણિકના સૈન્યના પ્રવેશની હકીકત જાણી ચેડા મહારાજા, સ્તૂપ સમીપની પુષ્કરણી(વાવ)માં ઊતર્યા. આ તે જ પુષ્કરણી

હતી કે જેના પવિત્ર જળથી સંજ્ઞાણંધ સામંતોની હાજરીમાં મહારાજાનો પૂર્વે અભિષેક થયો હતો. શાસ્ત્રકાર કહે છે તેમ ચેડા મહારાજા રાળે લોખંડની પુતળી બાંધી પાણીમાં પડ્યા એટલે ધરણેંદ્રે અધરથી ઝીલી લીધાં અને પોતાના ભુવનમાં લઈ ગયા. શેષાયુ મહારાજાએ ત્યાં જ પૂરું કર્યું. અંતિમ સમયે અનશન સ્વીકારી આઠમા સહસ્રાર દેવલોકે ઇંદ્રના સામાનિક દેવ થયા.

કુણિકના લલાટમાં લેખ જ એવા હતા—પિતા અને માતા-મહના જીવનનો કરુણ અંત એના વગરવિચાર્યા પગલાંથી જ થયો. દુઃખ અને અંધિયાર જીવનથી કંટાળેલા પુરજનો મહારાજના છેલ્લા પગલાથી એટલી હદે વિવશ બની ગયા કે હવે એ ધરતી પર ક્ષણભર થોભવું એ કરતાં મરી જવું વધારે શ્રેષ્ઠ લાગ્યું. દરમિયાન સત્યકી વિદ્યાધરનું આગમન થયું. જો કે માતામહના દર્શનની આશા તો ન ફળી, પણ એમની વહાલી પ્રજાની માગણીથી એ પુરજનોને અન્યત્ર શાંતિવાળા સ્થાને લઈ ગયો.

પછી કુણિકે ગધેડાવડે હળ ચલાવી આખી વિશાળા નગરીને ખોદાવી નાખી. એ મહાપુરી માટીમાં મળી ગઈ. વિશાલાના પતન સાથે આ કથાનકનો અંત આવે છે.



અનાથી મુનિ



જૈન કથા સાહિત્યમાં કેટલીક વ્યક્તિઓ મૂળ નામે પ્રસિદ્ધિ પામવાને બદલે, એ વ્યક્તિમાં રહેલ અમુક પ્રકારની વિશિષ્ટતાને લઇ પ્રાપ્ત થયેલ ઉપનામે, કિંવા એ વ્યક્તિનો જેની સાથે ગાઢ સંબંધ હોય એ નામે, વિખ્યાત થયેલ હોય છે. દાખલા તરિકે શ્રેણિકપુત્ર **અશોકચંદ્ર** અને દધિવાહન પુત્રી **વસુમતી** એ ઉભય **કુણિક** અને **ચંદનબાળા**ના નામથી જેટલા જાણીતા છે એટલા અશોકચંદ્ર ને વસુમતી, તેમના મૂળ નામ હોવા છતાં એ નામથી જાણીતા નથી. પાછળના પ્રકારમાં અર્જુનકાપુત્ર, ચિલાતિપુત્ર, મૃગાપુત્ર કે સદ્દાલપુત્રને મૂકી શકાય. માતા કે પિતાના સંબંધથી ઓળખાતા એ મહાશયોના મૂળ નામ શું હતાં તે કોણ જાણે છે ? પ્રસ્તુત વાર્ત્તાનાયક અનાથી મુનિના સંબંધમાં પણ તેવું જ છે. એમનું મૂળ નામ આજે તો લભ્ય થાય તેમ નથી. અનાથપણાની તેમની જ્વલંત ભાવનાએ એમને એવી તો પ્રસિદ્ધિ આપી કે કથાપ્રસંગોમાં એ નામથી જ તેઓ ખ્યાતિ પામ્યા. કોઇ ઉલ્લેખમાં કૌસાંબીના ધનસંચય શ્રેષ્ઠીના તે પુત્ર હતા એમ જણાય છે, તો બીજામાં વળી તે રાજપુત્ર હતા એમ દૃષ્ટિગોચર થાય છે. ગમે તેમ હોય છતાં એટલું તો સાચું અને સ્પષ્ટ છે કે તે ઋદ્ધિસંપન્ન હતાં અને મુનિપણામાં તેમને રાજવી શ્રેણિક સાથે સમાગમ થયો હતો. એ સમયે જ તેમની સાથે સનાથ અને અનાથપણાની ચર્ચા નીકળી હતી. અસ્તુ.

× × ×

પ્રાતઃકાળમાં અશ્વ ખેલાવવા નીકળેલા યુવાનની નજરે આમ્રવૃક્ષ નીચે એકત્ર થયેલ એક ટોળું ચઢતાં જ ઘોડો એ

બાજુ ફેરવ્યો. ત્યાં પહોંચતાં જ એને જણાયું કે ચાર શ્રમણો પોતાના ઉપકરણો અંગ પર બાંધી લઇ વિહાર કરવાની તૈયારીમાં છે અને એમને નરનારીનો મોટો વર્ગ વંદન કરી, બહુમાન આપી રહ્યો છે. પોતે પણ તુરગ પરથી ઊતરી ગયો અને એ વૃંદમાં ભળી જઇ, હાથ જોડી ઊભો રહ્યો.

એ વેળા ચાર સાધુઓ પૈકી જે મુખ્ય હતા તેમણે મિષ્ટ શબ્દોમાં નિમ્ન પ્રકારે વિદાય સંદેશ આપ્યો.

" મહાનુભાવો ! અરિહંતપ્રભુના ધર્મ સંબંધી જે જે સ્વરૂપો ચોમાસાના ચાર મહિના દરમિયાન તમોને સમજાવવામાં આવ્યા છે એ પ્રમાણે ચાલવામાં–વર્તવામાં યથાશક્તિ પ્રયત્ન કરશો. એટલી વાત કદાપિ પણ સ્મૃતિ બહાર ન જવા દેશો કે આ માનવભવ અતિ મોંઘેરો છે. વારંવાર એની પ્રાપ્તિ થતી નથી. તેથી જ એની તુલના ચિંતામણિરત્ન સાથે કરવામાં આવે છે. ચિંતામણિરત્નને પથ્થરનો ટુકડો સમજી પેલા મૂર્ખ ભરવાડે જેમ પક્ષી ઊડાડવા માટે ફેંકી દીધું તેમ તમો પણ આ માનવ-જીવનને સફળ બનાવવાનું ચૂકી જઇ, કેવળ આપાતરમણીય ભોગવિલાસોમાં એને ગાળી ન નાંખશો. યાદ રાખજો કે—

गृहं सुहृत् पुत्रकलत्रवर्गो, धान्यं धनं मे व्यवसायलाभः ।
कुर्वाणमित्थं नहि वेत्ति मूढो, विमुच्य सर्वम् व्रजतीह जंतुः ॥

ઘર, મિત્ર, પુત્ર, વલ્લભા વિગેરે સ્નેહીવર્ગ, ધાન્યની વિપુલતા કે ધનના ચરુ, વિશાળ વેપાર કે ચોતરફથી થતો લાભ યાને કમાણી એ બધું એક દિવસ ત્યજી દઈને આ જીવડાને જવાનું છે. કોઇ મૂઢ આત્મા જ એ સર્વમાં મારાપણું માનીને એમાં જ લયલીન થાય છે અને માને છે કે એ બધું મારું છે. કદાપિ મારા હાથમાંથી એ બધી જવાનું જ નથી, પરંતુ નોંધી રાખજો કે–

धनेषु जीवितव्येषु, भोगेष्वाहारकर्मसु ।
अतृप्ताः प्राणिनः सर्वे, याता यास्यन्ति यान्ति च ॥

ગમે તેટલી લક્ષ્મી પ્રાપ્ત કરો, સેંકડો વર્ષનું જીવન ગાળો, વિવિધ પ્રકારના ભોગો ભોગવો, જાતજાતની રસવતીઓ આરોગો અને સદા વ્યવસાયતત્પર રહો; છતાં કોઇ દિવસ તૃપ્તિ થવાની નથી. એ સનાતન નિયમ છે કે સર્વે જીવો અતૃપ્તપણે જ ભૂતકાળમાં મરણને શરણ થયા છે, વર્તમાનમાં થઇ રહ્યા છે અને ભવિષ્યમાં થવાના છે. એ પદાર્થોની આસક્તિ જ કોઇ એવા પ્રકારની છે કે તેમાંથી છૂટકારો કોઇ વિરલ આત્માઓ જ મેળવી શકે છે. વાસનાનો જય કરવો એમાં જ સામર્થ્ય છે અને તેથી જ તીર્થંકર પરમાત્માઓ એક જ નાદથી એ પ્રકારની શૂરવીરતા દાખવવાનું કહે છે.

પ્રત્યેક આત્માએ પ્રભુ શ્રી મહાવીરદેવનો આ કિંમતી ઉપદેશ સ્મરણમાં રાખી સ્વજીવનનું વહેણ નિયત કરવું જોઇએ.”

એ પછી તરત જ મંગલિક સંભળાવી મુનિઓએ વિહાર કર્યો, નરનારીનો સમૂહ નગરી પ્રતિ પાછો વળ્યો અને પેલો યુવાન પણ પુનઃ અશ્વારૂઢ થઇ ચાલી નીકળ્યો. પ્રતિદિન એની સ્વારીમાં કુદરતની લીલાનાં દ્રશ્યો જોવાનાં મળતાં એટલે મનોપ્રદેશમાં એને લગતી જ વિચારશ્રેણી ઉદ્ભવતી, પણ આજે તો મુનિશ્રીની દેશનાએ જ મુખ્ય સ્થાન લીધું.

એના અંતરમાં એક જ ધ્વનિ ઉદ્ભવવા માંડ્યો કે–“શું સુંદર આવાસો, લલિત લલનાનો સમાગમ અને આ રાજઋદ્ધિ એ બધું નકામું! કંઇ જ ગણત્રીનું નહિં! હું જાતે એનો ઉપભોગ કરી રહ્યા છતાં, પ્રતિદિન એ દ્વારા જાતજાતની મોજ માણી રહ્યા છતાં, એનાથી અદ્વિતીય આનંદ મેળવી રહ્યા છતાં, એ સર્વને વૃથા માનવાની મૂર્ખતા કેમ કરી શકું? એ મુનિને

મારા જેવી અને મારા જેટલા વિશાળ પ્રમાણમાં સમૃદ્ધિ ન મળી હોય, અગર કારણવશાત્ સંસારનો કડવો અનુભવ થયો હોય તેથી જ આવો ઉપદેશ દેવા તત્પર બન્યા હોય તો કંઈ અસંભવિત ન ગણાય. મારી દૃષ્ટિ સન્મુખ જે વિલાસો હું પ્રત્યક્ષપણે ભોગવી રહ્યો છું એને ત્યજી દઉં, અરે! એને વૃથા માનવા સરખી હાસ્યાસ્પદ સ્ખલના કરી, કોઈ પરોક્ષ કલ્યાણની લાલસામાં શા સારુ એને તિલાંજલી દઉં? શામાટે મારા મનમાં એ શ્રમણના કથનને સ્થાન જ આપું? તે તેમના માર્ગે અને હું મારા માર્ગે! તદ્દન હસવા જેવી વાત છે. આખાની આશામાં અર્ધું મળ્યું છે તે પણ છોડી દેવાનું! વિચિત્ર જગત!'

યુવાને આજે પ્રથમ જ આ મુનિને સંસારની અસારતા વર્ણવતા સાંભળ્યા હતા. પૂર્વ પુન્યાઈના યોગથી અત્યાર સુધીનું એનું જીવન કેવળ સુખમાં અને કોઈપણ પ્રકારની ચિંતા વગર વ્યતીત થયું હતું. અંગ્રેજીમાં કહેવત છે કેઃ–Born with a silver-spoon અર્થાત્ જન્મથી જ ઋદ્ધિસિદ્ધિનો યોગ અને વિવિધ પ્રકારના વિલાસો એને પ્રાપ્ત થયા હતા. માતા, પિતા, ભાઇ, ભગિની અને સુહૃદ્મંડળીમાં એ સૌ કોઇને પ્રીતિપાત્ર હતો. જ્યાં પાણી માંગતાં જ દૂધ મળતું હોય ત્યાં બીજી ઊણપ તે શી સંભવે? સુખી કુટુંબમાં અને દુન્યવી મોજમજાની લહેરમાં એણે દુઃખનું નામ પણ સાંભળ્યું નહોતું. વળી સુંદરાકૃતિવાળા દેહધારી એ યુવાનને શારીરિક પીડા અનુભવવાનો પણ યોગ સાંપડ્યો ન હતો. યૌવનાંગણમાં પ્રવેશતાં ચારુ ચંદ્રમુખી ને કળાકેલિકુશળ પ્રિયાનો સાથ મળ્યો હતો, એટલે ટૂંકામાં કહીએ તો સૃષ્ટિ પર આજે એ યુવાન દોગુંદુક દેવ સમ આનંદ માણી રહ્યો હતો. એને પેલા શ્રમણ મહાત્માની ઔપદેશિક વાત ન પસંદ પડે એ સ્વાભાવિક હતું.

આ જાતના સુખાનુભવમાં એ યુવાને વર્ષો પસાર કરેલાં. હવે જે

સવારે મુનિની વાણી સાંભળી એ જ મધ્યાહ્નને કૌશામ્બી નગરીની બહાર આવેલી પુષ્પવાટિકામાં પોતાના અંતેઉર સહિત આવી સંધ્યા સુધીના કલાકો વાપિકાસ્નાન-જળક્રીડા અને સંગીતની રમઝટમાં ગાળ્યા. જાણે કે આખી વાડી વીણા-સારંગીના મીઠા રણઝણાટથી, કોકિલ કંઠવાળી લલનાઓના ગીતનાદથી, ચેતનવંતી બની ગઇ હોય એમ કોઈપણ આગંતુકને જણાતું. ત્યાં જે પ્રવૃત્તિ ચાલી રહી હતી અને ધમાલ પ્રવર્તી રહી હતી એ તરફ મીટ માંડતા સહજ ઉચ્ચરાઇ જતું કે ' પુન્યશાળીને પગે પગે ઋદ્ધિ ' મધ્યાહ્નકાળના સહસ્રરશ્મિ(સૂર્ય)નાં કર્કશ કિરણો ભલેને નગરના અન્ય ભાગોમાં વિજયશ્રી વરતા હોય, છતાં આ વાટિકામાં એની રંચમાત્ર અસર નહોતી. અમાપ શીતલતા અને અમર્યાદ આનંદનું સામ્રાજ્ય પૂર્ણપણે પ્રવર્તી રહ્યું હતું.

સુખના શિખરે મ્હાલતો એ યુવાન એ જ આપણી વાર્તાનો નાયક અને ભાવિ અનાથી મુનિ છે. આશ્ચર્યમુગ્ધ બનવાની જરૂર નથી. સુખમાં તન્મય થનાર સામાન્ય માનવી જ્યાં પરિસ્થિતિનો ગુલામ બની જાય છે, અરે ! પોતાની પૂર્વાવસ્થા વીસરી જાય છે ત્યાં આ વિલાસી કુંવરની શી વાત કરવી ? જેને સૂર્યનો પ્રકાશ પ્રથમ જોતાં જ ચારે પાસથી લાડકોડ સિવાય બીજું કંઇ મળ્યું જ નથી અને ' બમા બમા'ના પોકાર સિવાય બીજું કંઇ સાંભળ્યું નથી તેને અન્ય દુઃખની કલ્પના પણ ક્યાંથી આવી શકે ?

કાળની ગતિ વિષમ છે. જ્યાં સાગરોપમ જેવો લાંબો કાળ પૂરો થઇ જાય છે ત્યાં બે પ્રહર વીતતાં શી વાર ? કાળચક્ર અસ્ખલિત ગતિએ વહ્યું જ જાય છે. દિવસ પછી રાત અને મધ્યાહ્ન પછી સાંજ આવ્યા જ કરે છે. એવી જ રીતે સુખ-દુઃખની બેલડીનું પણ સમજી લેવું. કાયમનું દુઃખ જેમ નથી લખાયું તેમ કાયમનું સુખ પણ માનવીજીવનમાં નથી જ

નોંધાયું. તડકા-છાયાની પેઠે એમાં ફેરફાર થયા જ કરે છે. અસ્તોદયનો એ અફર કાનૂન છે.

સંધ્યાદેવીનાં આગમન થઈ ચૂકયાં. આકાશપટ પર રંગબેરંગી અભ્રો શોભી રહ્યાં. માનવસમુદાય અને પક્ષીગણ પોતાનાં નિવાસસ્થાન પ્રતિ ગમન કરવા લાગ્યો. વાર્તાનાયક યુવાન પણ વધુ આનંદ લૂંટવાનું અને વધુ ક્રીડા કરવાનું આવતી કાલ પર મુલતવી રાખી જલ્દી ભોજનકાર્યથી પરવારી, નગર પ્રતિ પાછા ફરવાની તૈયારીમાં પડયો. વિહારવાટિકા છોડી નગર પ્રતિ પગ માંડતાં જ એના મનમાં આવતી કાલના વિલાસોને લગતા મનોરથો શરૂ થયા. 'આમ ઊઠશું, આમ બેસશું, અમુક લાવશું અને અમુક કરશું.' થી મંડાયેલ પાયા પર કેટલાં ય ચણતર ચણાયા અને એમાં ઉમેરો તો ચાલુ હતો પણ કુદરતને એ મંજૂર નહોતું. વિધિ સામે માનવી ક્યાં સુધી ટકી શકે ? મનની મનમાં રહી ગઈ !

'हा हन्त हन्त नलिनीं गज उज्जहार' જેવું થઈ ગયું ! કમળની સુગંધમાં આસક્ત બનેલ ભ્રમર જેમ સંધ્યાકાળે કમળ બીડાઈ જતાં અંદર રહ્યો વિચાર કરે છે કે-'સવાર થતાં સૂર્યનાં કિરણો પથરાશે, કમળશ્રેણી પુનઃ ખીલશે, હું પણ બહાર નીકળીને પુનઃ દરેક પુષ્પમાંથી રસ ચુસવાનું શરૂ કરીશ,' પણ ત્યાં તો એક ગજરાજ આવી એ કમળને ત્રોડી પોતાના પેટમાં પધરાવી ગયો. એટલે અંતરાળે રહેલો ભમરો હતો ન હતો થઈ ગયો.

કુમાર જ્યાં રાજમહેલમાં પગ મૂકે છે ત્યાં જ એકાએક તેને મસ્તિષ્કમાં પીડા શરૂ થવા લાગી, આંખો બળવા માંડી અને એકાએક ભૂમિ પર ઢળી પડ્યો. જાણે આખું અંગ જાદું ન પડી ગયું હોય એમ ઘડી પહેલાનું ચંચળ શરીર તદ્દન નિસ્તેજ થઈ ગયું ! ચારે તરફ દોડાદોડ થઈ રહી. સાથીઓ અને મિત્રો

એકાએક થયેલા આ પલટાથી અન્નયળીમાં ગરકાવ બની ગયા. વહાલી વલ્લભા તો શણગાર બદલ્યા વિના સ્વામીનું શિર ખોળામાં લઈ ત્યાં જ બેસી ગઇ. જોતજોતામાં આ સમયે રાજમહેલમાં ગ્લાનિનું વાદળ છવાયું. માતા, પિતા વિગેરે સ્વજનો દોડી આવ્યા.

વૈદ્ય અને હકીમ દોડતા પગલે આવી પહોંચ્યા. નાડીપરીક્ષકો અને મંત્રવાદીઓ પણ આવ્યા. સૌએ પોતપોતાના ઉપાય અજમાવ્યા, પણ એમાંનો એક પણ ઉપાય કારગત ન નિવડ્યો. નેત્રની પીડા પણ એટલી બધી વધી પડી કે કુમારથી સહી ન ગઇ. એનો આર્ત્તનાદ વધી પડ્યો. અંગેઅંગ બળી રહેલું ! એ પર કોમળ હાથોવડે ચોપડાતું બાવનાચંદન પણ શીતળતા આપવાને અશક્ત નીવડ્યું. કોઇ રીતે ચેન જ ન પડે. મહામહેનતે સુંવાળી શય્યા પર કુમારને સૂવાડ્યો છતાં એવી મુલાયમ તળાઈ પણ કાંટા માફક એને ખુંચવા લાગી. કોઇ પણ પ્રકારે એની વેદના રંચમાત્ર ઓછી ન થઇ. માતા, પિતા, ભ્રાતા, ભગિની અને પ્રિયતમા આદિ સૌકોઇના ગાઢ સ્નેહભર્યા સંબોધનો અને અંતરના ઉભળકાથી આદરેલા વિવિધ ઉપચારોથી બગડી તો ન સુધરી પણ કુંવરને દુઃખ ઓછું જણાય અથવા તો કંઇક અંશે શાંતિ પ્રાપ્ત થાય એ માટે કયો ઈલાજ લેવો એ કોઇ શોધી શકયું નહીં. માનવપ્રયત્નોથી જેટલે પહોંચી શકાય તેટલે પહોંચવામાં કચાશ ન રખાઈ. ધન તો પાણી માફક બર્બાદ રહ્યું હતું, ઔષધિઓનો હિસાબ નહોતો રહ્યો; પણ જ્યાં કશાની અસર જ ન પહોંચે ત્યાં શું થાય ? જ્યાં સૌકોઇના હાથ હેઠે પડ્યા ત્યાં કોઇનો વાંક શું કાઢવાનો હોય ?

રાત્રિના ઓળા વધુ શ્યામ થતા ગયા. ઘટિકાયંત્રનો કાંટો કલાકોના અંતર કાપતો આગળ વધ્યો અને લાચાર બનેલ સ્વજનવર્ગ થાકી, કંટાળી, હતાશ બની ત્યાંથી બસવા લાગ્યો. અનુચરવર્ગ પણ ઉભરો શમી જતાં જેમ મૂળ સ્થિતિ પ્રસરે છે તેમ

દૈનિક કાર્યક્રમ પ્રમાણે કામમાં ગુંથાયેા. જોતજોતામાં કુંવરની પથારી પાસે બાસ અંતરનાં સગાં જ બાકી રહ્યાં. તે સૌ પણ લમણે હાથ દઇ કિંકર્ત્તવ્યમૂઢતા અનુભવી રહ્યા હતા. તેમની સામે જ્યાં કુંવરમાં દૃષ્ટિ કરવા જેટલી શક્તિ ન હતી ત્યાં તેમના પ્રેમને કે તેમના ઉભરાઈ જતા સ્નેહને તે કયા ગજથી માપી શકે ? એટલું તેા એને સ્પષ્ટ થઈ ગયું કે એ સ્નેહીમંડળમાંની એક પણ વ્યક્તિ પેાતાનું દુઃખ ઓછું કરવામાં કંઈ પણ ફાળેા આપી શકે તેમ નહેાતું, એમની શક્તિ બાહ્ય ઉપચારેા પૂરતી જ હતી જે અહીં કામ લાગે તેમ નહેાતું. જ્યારે આંતરિક દોષનું જ્ઞાન તેમને હતું જ નહીં તેા પછી એના ઉપચાર તેા થાય જ ક્યાંથી ?

અમાપ પીડામાં વલેાવાઇ રહેલ યુવાન એ તથ્ય સમજી ચૂકયેા હતેા. એ વેળા પેલા મુનિના શબ્દોની સ્મૃતિ તાજી થવા માંડી હતી, તે પર કંઈક વિચારણા કરવા માંડી હતી પણ ત્યાં તેા પીડાનેા ઉથલેા આવ્યેા અને સંધાતા અંકેાડાને છિન્નભિન્ન કરી નાખ્યા.

× × ×

“ અહા ! આજે ઉકળાટનેા કંઈ સુમાર જ નથી. ચેાતરફ નજર કરતાં ધરતીમાતા કેવળ ઊની વરાળ કાઢતાં જ જણાય છે. શીત, ગ્રીષ્મ અને વર્ષા એ ત્રણ ઋતુઓ કહેવાય છે છતાં સૃષ્ટિપટ પરના જંતુગણને આકરા તાપથી તપાવી, મૂંઝવી નાંખવાની જે પ્રખર શક્તિ ગ્રીષ્મઋતુમાં છે એવી અન્ય બેમાં નથી.

મારા સરખા મગધદેશના સ્વામીને પણ એ મહામાયાનાં અસહ્ય કિરણેામાંથી બચવા સારુ રમણીય આવાસેાના ઝરુખા અને કમનીય લલનાવૃંદનેા સાથ છેાડી, વનવાટિકાનેા માર્ગ લેવાની જ્યારે અગત્ય ઊભી થઇ છે ત્યારે જેએા આરામનાં સાધનેાથી વંચિત છે કિંવા જેમને પેટ ભરવાની ચિંતા વળગેલી છે અને એ સારુ સદૈવ પરિશ્રમ સેવવેા પડે છે એવા મનુષ્યેાના સંતાપની

શી વાત કરવી ? ઉપવનમાં માત્ર કુદરતના ભરોસે ઉછરેલાં અને કેવળ એ કુદરતની જ પંપાળણીથી પગભર બનેલાં વિવિધ વૃક્ષો, મનોહર વેલડીઓ, રંગબેરંગી પુષ્પના રોપાઓ અને રમણીય લતામંડપો અંગેઅંગને દાહ ઉપજાવતા ભરબપોરના આકરા તાપમાં જે અમાપ ઠંડક અને અવર્ણનીય શાંતિ આપે છે એની સરખામણીમાં કયા પદાર્થને મૂકી શકીએ ?

ગ્રીષ્મઋતુમાં જેમ ભયંકરતા છે તેમ એની સામે એનું નિવારણ કરી તપ્ત જનતાને શાંતિમાં સ્નાન કરાવી, નવચેતન અર્પનારી આવી વનવાટિકાઓ પણ મોજુદ છે. એ કુદરતની ઓછી કૃપા છે ? પુન્યવાન આત્મા એનો લાભ પોતાની આઠ પ્રકારની સમૃદ્ધિ સહિત મેળવે છે, જ્યારે સામાન્ય આત્માને માટે એનાં દ્વાર બંધ તો નથી જ. પોતાની ઉપાધિઓમાંથી એ છૂટી ન શકે એમાં આ લીલી વનરાજીને દોષ ન જ દઈ શકાય. ઠંડક, સુવાસ અને છાંયડો એ સૌ કોઈને વિનામૂલ્યે દેવાનો એનો ધર્મ છે, જે ફરજ સ્ખલન વગર એ વનરાજી બજાવ્યે જાય છે.

પણ અરે ! પેલો કાંતિમાન તરુણ આ ધગધગતી જમીન પર કોઈ લતામંડપના આશ્રયવિહુણો, એકાકી શા કારણે ઊભો છે ? સહસ્રરશ્મિનાં આકરાં કિરણો પ્રતિ એ દુર્લક્ષ્ય કેમ દાખવે છે ? જ્યારે આ વૃક્ષો સ્વજીવનના દૃષ્ટાન્તથી પરમાર્થનો પાઠ શિખવે છે ત્યારે મારા જેવા રાજવીએ વિશ્રાન્તિમાં લીન થતાં પૂર્વે એકાદા નાનકડા પરમાર્થમાં યત્કિંચિત્ ફાળો નોંધાવવો એ ફરજરૂપ લેખાય. ”

એ વિચારથી મગધના સ્વામી શ્રેણિક મહારાજા જ્યાં પેલા તરુણ સમીપ પહોંચે છે ત્યાં તો આશ્ચર્યાન્વિત બની જાય છે.

ચહેરાની અનોખી તેજસ્વિતા ! દેહલતાની કોમળતા ! યુવાન-વયના તનમનાટથી નાચતાં ગાત્રો ! ખૂદ સ્વર્ગની અપ્સરા પણ

જેનો સહવાસ વાંછે એવા અનંગદેવનું મૂર્તિમંત સ્વરૂપ ! પણ એ બધાંને વ્યર્થ કરી મૂકે તેવો સાધુવેશ જોતાં જ મન વિચારમાં લીન બન્યું. શૃંગારકેલી કે કામક્રીડાને અનુરૂપ સામગ્રી ધરનાર આ નવલોહીઓ કયા કારણે ત્યાગના નિરસ પંથે ચડી ગયો ? શ્રમણવૃંદમાં જોડાવા આમ એકાકી કેમ ચાલી નીકળ્યો ? યૌવનના આંગણે પગ મૂકતાં જ એને વિરાગતા શાથી જન્મી ?

કવિ રામવિજયજી એ વિચારને નિમ્ન શબ્દોમાં આલેખે છે.

ચંપકતરુ તળે મુનિવર દીઠો, આંકણી
ધ્યાને લીનો મુનિવર મોહોટો, ચંપક વર્ણી કાયા;
લુંચ્યા કેશ યૌવન વેશે, તજી સંસારની માયા. ચં૦ ૧

પૂછે રાજા શ્રેણિક મુનિને, કિમ લુંચ્યા તમે કેશ;
યૌવને વૈરાગ્ય કહો કેમ લીધો, દીસો છો લઘુ વેશ. ચં૦ ૨

તરુણપણે તરુણી કાં છંડી ? એ માયા કાં મંડી ?
કંચનવરણી કાયા દંડી, એ શી કીધ ઘમંડી ? ચં૦ ૩

રૂપવંત તું ગુણવંત દીસે, સુંદર તુમ આકાર;
શશિ સમ વદન વિરાજે તાહરું, નયન પંકજ અનુહાર. ચં૦ ૪

ધન જોબન ફળ લાહો લીજે, કીજે બહુલા ભોગ;
સંપતિ સાર દાનમાં દીજે, અવસરે લીજે યોગ. ચં૦ ૫

કુટુંબતણો મોહ કિમ મૂકયો ?, કિમ મૂકયો ધન પરિવાર ?
કવણ નગરના કહો તુમે વાસી ?, કિમ લીધો સંયમભાર ? ચં૦ ૬

સયલ લક્ષણ તુમ અંગે નિરખ્યાં, અવગુણ એક ન દીઠો;
કૃપા કરી યોગીસર સાચો, ઉત્તર દ્યો મુજ મીઠો.
ચંપક તરુ તળે મુનિવર દીઠો. ૭

ધ્યાનમગ્ન સાધુ, રાજવીના પ્રશ્નથી ધ્યાનથી વિરામ પામ્યા અને પ્રશ્નકાર મહારાજા સામે જ્યાં પ્રસન્ન વદને કંઈ કહેવાની શરૂઆત કરે છે ત્યાં તો વાચકને ગયા અંકમાં વર્ણવી તેવી રુગ્ણશય્યામાં અમાપ પીડા અનુભવતો કૌશામ્બી નગરીનો પેલો મોજીલો કુંવર સ્મૃતિપટમાં તાજો થાય છે. બરાબર અવલોકન કરવાથી ખાત્રી થાય છે કે એ કુમાર જાતે જ સાધુતાનો પવિત્ર સ્વાંગ સજી સામે ખડો થયો છે. તરત જ મન શંકાના હિંચોળે ચડે છે. જે યુવાન એક વેળાએ મુનિવચન પર મજાક ઉડાવતો હતો, જે યુવાન બીજી વેળા અતિ દારુણ દુઃખમાં તરફડતો હતો તે અચાનક ત્યાગના પંથે કેવી રીતે ચડયો ? પણ શંકાના ચક્રાવે ચડવાની જરૂર રહેતી જ નથી. શ્રેણિક મહારાજના પ્રશ્નના ઉત્તરરૂપે એનો પૂર્વ ઇતિહાસ સ્વમુખે ઉકેલાય છે. એકચિત્તથી એનું શ્રવણ કરતાં જ શંકાનું નિરસન સ્વયમેવ થઇ જાય છે.

કવિશ્રી સમયસુંદરજી એ વાત નિમ્ન સંજઝાયમાં રજૂ કરે છે–

શ્રેણિકરાય ! હું રે અનાથી નિર્ગ્રંથ,
તિણે મેં લીધો રે સાધુજીનો પંથ. શ્રે૦ ૧

ઇણે કોસાંબી નયરી વસે, મુજ પિતા પરિગળ ધન્ન;
પરિવાર પૂરે પરિવર્યો, હું છું તેહનો રે પુત્ર રતન્ન. શ્રે૦ ૨

એક દિવસ મુજને વેદના, ઉપની તે ન ખમાય;
માતપિતા ઝૂરી રહ્યાં, પણ કિણહી રે તે ન લેવાય. શ્રે૦ ૩

ગોરડી ગુણમણિ ઓરડી, ચોરડી અબળા નાર;
કોરડી પીડા મેં સહી, ન કોણે કીધી રે મોરી સાર. શ્રે૦ ૪

બહુ રાજવૈદ્ય બોલાવિયા, કીધલા કોડી ઉપાય;
બાવનાચંદન ચરચિયા, પણ તોહી રે સમાધિ ન થાય. શ્રે૦ ૫

જગમાં કો કેહનો નહિ, તે ભણી હું રે અનાથ;
વીતરાગના ધર્મ સારિખો, નહિ કોઈ બીજો રે મુક્તિનો સાથ. શ્રે૦ ૬
જો મુજ વેદના ઉપશમે, તો લઉં સંયમભાર;
ઈમ ચિંતવતાં વેદના ગઇ, વ્રત લીધું મેં હર્ષ અપાર. શ્રે૦ ૭
કર જોડી રાય ગુણ સ્તવે, ધન્ય ધન્ય એ અણગાર;
શ્રેણિક સમકિત તિહાં લહ્યો, વાંદી પહોતો રે નગર મોઝાર. શ્રે૦ ૮
મુનિ અનાથી ગાવતાં, તુટે કર્મની કોડી;
ગણિ સમયસુંદર તેહના, પાય વંદે રે બે કર જોડી. શ્રે૦ ૯

" મુનિરાજ ! સંસારમાં આધિ, વ્યાધિ ને ઉપાધિરૂપ ડાકિની-ત્રયનો ભેટો સૌ કોઇને થાય છે. તમને પણ એનો કડવો અનુભવ એક રાત્રિમાં થઈ ગયો. એટલાથી કાયર બની તમે એ બધું છોડી બેઠા એ તો આશ્ચર્ય કહેવાય. એવા દુઃખગર્ભિત વૈરાગ્યથી સંયમનો સાચો રંગ ન બેસે. કર્મવશાત્ એ રીતે તમને આકરી પીડા અનુભવવી પડી અને તેથી અકળાઇ તમે આ પગલું ભર્યું ! પણ હજુ કંઇ મોડું નથી થયું. તમારા સુખની અને મનગમતા વિલાસની જવાબદારી હું મારે શિરે લઉં છું. તમે અનાથ નથી બની ગયા. તમારી સુખ–સગવડનો ભાર મેં ઉપાડવાનો નિશ્ચય કર્યો હોવાથી તમે સનાથ છો. "

" મગધેશ ! શું તમે મારા નાથ બનવા માંગો છો ? આપ શું વદી રહ્યા છો એનો કંઈ આપે વિચાર કર્યો છે ખરો ?

નાથ અછું હું મુનિવર તણો, એહનો અર્થ વિચારો;
નાથ અછે કોઇ તુહારે રાજ ? બોલ્યો બોલ અવિચાર્યો. રા૦ ૧૩
નાથતણો અરથ જો જાણો, તો થાઓ મુજ નાથ;
નાથ નહિ કોઇ નૃપ તમારે, બાવળ દો છો બાથ. રા૦ ૧૪*

* મુનિશ્રી રામવિજયજીકૃત ઓગણત્રીશ ગાથાવાળી અનાથી મુનિની સજઝાયમાંથી આ બે ગાથાઓ ઉધ્ધૃત કરેલી છે.

" રાજન્! તમારી જાત પર જ તમારી સત્તા ચાલતી નથી ત્યાં તમે બીજાના રક્ષણહાર કેવી રીતે થઇ શકવાના? કાયાપિંડ કાચના વાસણ જેવો ક્ષણવિધ્વંસી છે, તેની આપને ખબર તો છે ને? એક ટકોરે એને કડડભૂસ થતાં લેશ માત્ર વિલંબ નથી થતો, એ આપ જાણતા જ હશો. તમારા આ દેહરૂપી પિંજરમાં જે હંસલો છે એ કઈ વેળા ઊડી જશે તેની જ્યાં તમને જ ખબર નથી ત્યાં તમે બીજાનું સનાથપણું કેવી રીતે સ્વીકારવાના? જે પોતે અશક્ત ને પંગુ છે તે અન્યને સશક્ત કે સમર્થ કઈ રીતે બનાવી શકવાના? જરા શાંતિથી વિચાર કરો– જ્ઞાની અને સંતપુરુષોનાં વચનો યાદ કરો—

चेतोहरा युवतयः सुहृदोऽनुकूलाः,
सद्बांधवाः प्रणयनम्रगिरश्च भृत्याः ।
गर्जन्ति दन्तिनिवहास्तरलास्तुरगाः,
संमीलने नयनयोर्न हि किञ्चिदस्ति ॥ १ ॥

' મનને હરી લેનારી યુવતીઓ કે વિચારને અનુકૂળ મિત્રો, સ્નેહી બાંધવો અને નમ્રપણે આજ્ઞા ઉઠાવનાર નોકરો, ઉન્નત દંતૂશળવાળા હાથીઓ કે ચપળ ઘોડાઓ–અર્થાત્ એ પ્રકારની ઋદ્ધિસિદ્ધિ જ્યાં આંખ મીચાઇ ગઇ કે જરા માત્ર ઉપયોગની નથી. ' અરે! આંખ મીંચાવી તો દૂર રહી પણ જ્યાં કાયા રોગે ભરાણી કે એ નહિવત્ થઇ પડે છે. સંસારનાં સુખો તેથી જ આપાતરમણીય કહેવાયાં છે અને તેટલા ખાતર જ તેની તુલના કિંપાકવૃક્ષનાં ફળ સાથે કરાય છે. રાજન્! પ્રભુશ્રી મહાવીર દેવનું વચન–**अनित्यं संसारे भवति सकलं यन्नयनगम्** । છે તેને કેમ વીસરી જાઓ છો? શા સારુ નીચેના શ્લોક પ્રતિ દુર્લક્ષ્ય દાખવી સનાથતાનો દાવો કરી રહ્યા છો?

भोगा रोगप्रदा ज्ञेया, यौवनं क्षणभंगुरम् ।
संध्यारागाभ्रछायेवा-नित्यं संसारचेष्टितम् ॥ १ ॥

यत्प्रातस्तद्दिनार्धे न, यद्दिनार्धे न तन्निशि ।
यन्निशि तन्निशीथे न, संसारोऽनित्य एव हि ॥ २ ॥

રાજવી ! મેં કંઇ દુઃખના કંટાળાથી પ્રવ્રજ્યા નથી સ્વીકારી. જ્યારે મારી અસહ્ય પીડામાં કોઈ ભાગ ન પડાવી શક્યું ત્યારે મને પ્રાતઃકાળે વિદાય થયેલા પેલા મુનિરાજનાં વચનો સાંભર્યાં. એ પાછળ જે અસીમ રહસ્ય છુપાયું હતું તેનો સાચો ખ્યાલ એ વેદનાની આંધિ વચ્ચે જ આવ્યો. એ વેળાએ સમજાયું કે જીવને એકલાને જ પોતે કરેલાં કર્મો ભોગવવાં પડે છે. એ વેળા વહાલામાં વહાલી પ્રેયસી કે પ્યારામાં પ્યારો મિત્ર પણ લાચાર બને છે. એ ઘડ બરાબર મગજમાં બેઠી ત્યારે મને ભાન થયું કે માનવજીવન પામ્યાનું સાર્થકય આ વિલાસમગ્નતામાં નથી સમાયું. પેલા અનગારે જે માર્ગ લીધો છે એ જ સાચો માર્ગ છે કે જે દ્વારા સ્વાર્થ અને પરમાર્થ ઉભય સધાય છે.

હે રાજન્ ! મને અચાનક વિચાર ઉદ્ભવ્યો કે ' જો આ મહાવ્યથામાંથી હું છૂટું તો અવશ્ય એ શ્રમણના પંથનો સાથીદાર બનું. ' આ પ્રકારની તરંગમાળામાં મારી આંખ મળી ગઇ અને જ્યારે આંખ ઊઘડી ત્યારે પ્રાતઃકાળનાં ચોઘડીઆં વાગી રહ્યાં હતાં. નેત્ર સામે જ ગઈ રાતની આંધિના ઉલ્કાપાતો મોજૂદ હતા એટલે આખી ય વાત સ્મૃતિપટમાં તાજી થઇ. આશ્ચર્ય એટલું જ થયું કે જે કષ્ટ વૈદ્ય, હકીમોના ઇલાજોથી કે મંત્રતંત્રના પ્રયોગોથી નહોતું નાશ પામ્યું તે મારા માનસિક નિશ્ચય પછી સદંતર અદૃશ્ય થઇ ગયું હતું. મારું મન પોકાર પાડતું હતું કે મારો એ નિશ્ચય જ મને શય્યામાંથી ઉઠાડવામાં સહાયભૂત થયો છે.

' મનચંગા તો કથરોટમાં ગંગા ' એ ઉક્તિ પાછળ જે કંઇ સત્ય હતું તે મારી વહારે આવ્યું. મેં પણ મારો એ નિરધાર

સર્વ સ્વજન સન્મુખ દૃઢતાથી રજૂ કર્યો. કુટુંબીજનોએ સંસારમાં રહેવા ઘણો આગ્રહ કર્યો પણ સંસારનો જેને પ્રગટ અનુભવ થયો છે એવો હું સંસારમાં રહ્યો નહીં.

મગધના સ્વામી! એ અનાથી તે હું પોતે જ. ધરણીતળ પર મારો નાથ બની સધિયારો આપનાર મને તો ન જડ્યો, પણ હું હિંમતપૂર્વક કહું છું કે તમારા સરખા મોટા માંધાતાને પણ મળનાર નથી. એ યથાર્થ સત્ય પૂર્ણપણે પિછાની લઈને જ તીર્થંકર દેવો સંસારને છેલ્લા નમસ્કાર કરી મોક્ષના માર્ગે વિદાય થઇ ગયા છે."

"મુનિરાજ! મને ક્ષમા કરો. મેં આપ સરખા ત્યાગીને પ્રલોભન બતાવી ત્યાગધર્મથી પાડવા જે પ્રયાસ સેવ્યો તે માટે હું મિથ્યા દુષ્કૃત દઉં છું. આપ સાચું સમજ્યા છો અને આપે જ આજે મને અનેરું સત્ય સમજાવી મારાં જ્ઞાનનેત્રો ઊઘાડ્યાં છે. આપને મારું નમન છે."

અનાથી મુનિની સજ્ઝાયની છેલ્લી બે ગાથામાં કહ્યું છે કે– "શ્રેણિક રાજાએ હાથ જોડીને અનાથી મુનિના ગુણની સ્તવના કરી. શ્રેણિક રાજા અહીં સમકિત પામ્યા ને ગુરુને વાંદીને સ્વસ્થાને ગયા. અનાથી મુનિના ગુણ ગાવાથી ક્રોડોગમે કર્મ તૂટે–નાશ પામે. સજ્ઝાયના કર્ત્તા સમયસુંદરગણિ કહે છે કે હું એ મુનિને બે હાથ જોડીને પ્રણામ કરું છું."

આ કથાનક સાથે પાંચમા ગુચ્છકનું ચોથું પુષ્પ પૂર્ણતાને પામે છે અને પરમાત્મા શ્રી મહાવીરદેવના સમયના પ્રભાવિક પુરુષોની જે માળા ચોજી હતી તે આ વીશમા કથાનક સાથે સંપૂર્ણ થાય છે.



ઉપસંહાર

'**પ્રભાવિક** પુરુષો'માં પ્રાંતભાગે અનાથી મુનિનું કથાનક આવ્યું છે એટલે **શ્રી જૈન ધર્મ પ્રકાશ** માસિકમાં એ સંબંધી લખાણ ચાલુ હોવા છતાં આ ભાગ પૂરતી એની સમાપ્તિ થાય છે. એ વેળા કેટલુંક સ્પષ્ટીકરણ કરવું વ્યાજબી ધાર્યું છે. જો કે એ સંકલના પાછળ લેખકનો આશય કેવા પ્રકારનો છે એ વાત ચાલુ ભાગની શરૂઆતમાં 'ભૂમિકા" ના મથાળા હેઠળ નિર્દિષ્ટ કરવામાં આવેલ છે તેમ જ શરૂ થતાં નવા ગુચ્છકમાં પણ એ સંબંધી ચોખવટ કરેલી છે, છતાં જ્યારે એ કથાનકો ગ્રંથરૂપે પ્રગટ થાય છે ત્યારે જરા વિસ્તારથી એનું અવલોકન કરી જઇએ કે જેથી સારીય 'માળાના મણકા યાને ગુચ્છકોનાં પુષ્પો' સંબંધમાં સ્પષ્ટ ખ્યાલ વાંચકના મનોપ્રદેશમાં અંકિત થઇ જાય.

'ભરતેશ્વર બાહુબલિ વૃત્તિ' નામનો શ્રી દેવચંદ લાલભાઇ જૈન પુસ્તકોદ્ધાર ફંડ તરફથી પ્રગટ થયેલ સંસ્કૃત ગ્રંથ વાંચતાં એ કથાનકોને ગુજરાતી ભાષામાં ઉતારવાનો મનોરથ ઉદ્ભવ્યો પણ એ જે ક્રમમાં અંકિત થયેલાં છે, કિંવા રાત્રિપ્રતિક્રમણ વેળા સજ્ઝાયરૂપે આપણે જે ગાથાઓદ્વારા સ્મરણ કરીએ છીએ તે ક્રમ ચાલુ રાખવો ઉચિત ન જણાયો કેમ કે ખરી રીતે એ નામો સમયનો ક્રમ રાખ્યા વિના કેવળ સ્મરણ કરવાની દૃષ્ટિએ જ ગાથાબદ્ધ કરાયેલાં છે અને વૃત્તિકારે ગાથાનો અનુક્રમ ધ્યાનમાં રાખી ચરિત્રનું લેખન કરેલું છે. મારા અભ્યાસ પ્રમાણે મેં એ ચરિત્રોને ત્રણ વિભાગમાં વહેંચવાનું નક્કી કર્યું. એ વિભાગો નિમ્ન પ્રકારે દોર્યા. (૧) પ્રથમ

વિભાગ–શ્રી મહાવીર પ્રભુ પૂર્વે થયેલ મહાપુરુષોના ચરિત્રોનો. (૨) બીજો વિભાગ–શ્રી મહાવીર પ્રભુના જીવનસમયમાં વર્તતાં મહાપુરુષોના ચરિત્રોનો અને (૩) ત્રીજો વિભાગ–શ્રી મહાવીર-પ્રભુના નિર્વાણ પછી થયેલાં મહાપુરુષોના ચરિત્રોનો–એ સાથે ધારણા એવી રાખી કે દરેક વિભાગમાં વીશ કથાનકોનો સમાવેશ કરવો. વૃત્તિના કથાનકોને ઉપર્યુક્ત રીતે વહેંચતાં વિભાગ માટે નિયત કરાયેલ સંખ્યામાં ખોટો પડવા માંડ્યો એટલે એની પૂરવણી, વિભાગનો સમય ધ્યાનમાં રાખી, ચાલુ ચરિત્રો સાથે બંધબેસતા આવે તેવા બીજા મહાપુરુષોના ચરિત્રોથી કરી. આમ કરવામાં વૃત્તિના કથાનક સાથે કોઇ કોઇ સ્થળે વધઘટ કરવી પડી છે પણ એમ કર્યા વિના ચાલે તેમ નહોતું એ કબૂલવું વ્યાજબી માનું છું. એ ઉપરથી એક જ વાત પ્રતિ વાચકનું ધ્યાન ખેંચવાનું છે અને તે એ જ છે કે–ભરતેશ્વર–બાહુબળી સજ્ઝાયમાં જે મહાત્માઓના નામ સ્મરણ કરાયેલ છે અને વૃત્તિકારે જેમને માટે ચરિત્ર–ગૂંથણી કરી છે એ ઉપરથી મને કથા આલેખન કરવાનો ભાવ પ્રગટ્યો, છતાં મારા આલેખનમાં નથી તો ઉક્ત વૃત્તિમાં કહેલા ચરિત્રોનું અક્ષરશઃ ભાષાન્તર કે નથી તો એ માટે નિશ્ચિત કરેલું રેખાંકન. મારી ચક્ષુ સામે વૃત્તિકારના ઉલ્લેખો હોવા છતાં મેં એ સિવાયના બીજા પુસ્તકોમાંથી ગ્રહણ કરવા જેવું અથવા તો રસસામગ્રી પૂરવા જેવું કાર્ય ઉઠાવ્યું છે. વળી મારી સ્વેચ્છા મુજબ એની રજુઆત કરી છે. એ માટે વૃત્તિકાર કે ભાષાંતરકારનો ક્રમ જાળવવામાં આવ્યો નથી.

પ્રથમના વીશ કથાનકો કે જે જૈન સસ્તી વાંચનમાળામાં–'જૈનોના પ્રભાવિક પુરુષો' તરિકે પ્રગટ થઇ ચૂક્યાં છે તે વાંચી જોતાં મારો એક રાહ સામાન્ય રીતે સાચો લાગશે. અલબત્ત, એ કાળે મારો કલમ ચલાવવાનો પ્રયાસ પ્રારંભિક હોવાથી, તેમ જ વાંચનમાળાની પદ્ધતિ ધ્યાનમાં રાખી લેખનકાર્ય

કરવાનું હોવાથી, કથાનકોને સંક્ષેપવાની છૂટ લીધી હશે પણ એને વિકસાવવા કિંવા એમાં દેશકાળને અનુરૂપ સંભાર ભરવા ભાગ્યે જ પ્રયત્ન કર્યો છે.

એ પ્રકાશન પછી તો ઘણો સમય વહી ગયો. દરમિયાન ભારતવર્ષના સુવિખ્યાત લેખકોની–ખાસ કરી નવલકથાકારો–એવા શ્રી શરદબાબુ, શ્રી પ્રેમચંદજી અને શ્રી રમણલાલ દેશાઇ આદિની કૃતિઓ વાંચવામાં આવી. એમાં સમાયેલ ચમત્કૃતિની છાપ મગજ પર બેઠી. પુનઃ અધૂરા મનોરથને પૂરો કરવાનું મન થયું અને એથી જ 'પ્રભાવિક પુરુષો'ના શીર્ષક હેઠળ 'શ્રી જૈનધર્મ પ્રકાશ માસિક'માં લેખમાળા આરંભી. ઉપર વર્ણવેલા વિદ્વાન્ લેખકોની વાણી પીવા માત્રથી ઓછી જ તેમના સરખી શક્તિ કે રસ ખીલવણી પ્રાપ્ત થઇ શકે? છતાં એકડે એક શિખતાં–નવા નિશાળીઆની જેમ કથાપ્રસંગને જૈન સાહિત્યમાં જે રીતે વર્ણવવામાં આવે છે એ પદ્ધતિથી નહિ પણ ચાલુ સમયની નવલિકાઓની રશમથી રજૂ કરવાની રીત આરંભી–સારા ય વૃતાન્તને બે, ત્રણ, ચાર કે તેથી વધુ કકડામાં વહેંચી દઈ, વાચકની જિજ્ઞાસા સતેજ કરે, નવા વાંચન માટે તાલાવેલી પ્રગટે, તેવી રીતે આલેખન આરંભ્યું. પ્રગટ થતાં ભાગ બીજા માટેનો આ સંક્ષિપ્ત ઇતિહાસ અહીં સમાપ્ત કરી એમાં જે મહાપુરુષોના રેખાચિત્રો દોરેલાં છે એ સંબંધમાં થોડી વિચારણા કરીએ.

ચાલુ ભાગના વીશ કથાનકોની એક સળંગમાળા કલ્પી, એના પાંચ ગુચ્છક નિયત કરી દરેકમાં ચાર ચાર પુષ્પોરૂપે એની વહેંચણી કરી છે. ગુચ્છકના પુષ્પોની પસંદગી પરત્વે, ભિન્નભિન્ન દૃષ્ટિબિન્દુઓથી સંબંધ જોડવામાં આવ્યો છે. પ્રથમ ગુચ્છકમાં ચાર શ્રેષ્ઠીઓની પસંદગી કરવામાં આવી છે જેમાંના ત્રણ તો એક સરખા સત્પાત્રદાનના મહિમાથી જ સુવિખ્યાત બનેલાં છે.

જ્યારે ચોથાના જીવનમાં સુપાત્ર પ્રત્યેની હાંસી કેવો ભાગ ભજવે છે એ બતાવવામાં આવ્યું છે. ચારેના જીવનમાંથી કેટલાક રોચક પ્રસંગોને ઉચકી લઈ વસ્તુગૂંથણી કરી છે અને એમાં દેશ-કાળના કેટલાક ચર્ચાસ્પદ પ્રશ્નોને વહેતા મૂકવામાં આવ્યા છે.

બીજા ગુચ્છકમાં પ્રથમના જેવો નથી તો વિસ્તાર કે નથી તો લાંબી પ્રસંગમાળા. ટૂંકા-ટચ શબ્દોમાં જીવનરહસ્ય ઉકેલાય છે અને એમાં ભરેલી સૌરભ ચોતરફ પથરાય છે. થોડા સમયમાં આત્મિક જ્યોત જગવનારા આ મહાત્મા સાચે જ થોડામાં ઘણું કહી દેખાડે છે. એમાંથી જ વીશમી સદીમાં ભારતવર્ષમાં જે સુદર્શન ચક્રનું મહત્ત્વ એક મૂઠી હાડકાના સંતના મુખે વારંવાર સંભળાય છે એ સુદર્શન ચક્રનું મૂલ્યાંકન કરવાની રીત સાંપડે છે. અનાર્ય દશા પ્રયાસ કરવાથી ખંખેરી શકાય છે અને ચોર કાયમને સારુ 'ચોર' રહેવા નથી સરજાયો. સદ્‌ગુરુના સમાગમથી ડાકુ, ચોર કે હત્યારાના જીવનમાં પણ સુધારણા થઈ શકે છે એ ઉમદા સત્યનું દર્શન દૃઢપ્રહારીનું ઉદાહરણ કરાવે છે.

ત્રીજા ગુચ્છકના ચારે રાજાઓ વાંચકને સાચે નવી સૃષ્ટિમાં લઈ જાય છે. એમને લગતો વૃતાંત જે ઢબે આ પુસ્તકમાં આલેખાયો છે એ અન્યત્ર જોવાથી નહિ મળે. દશાર્ણભદ્ર કરતાં કરકંડુનું ચરિત્ર કંઈ નવો જ ભાસ કરાવશે. ચાલુ કાળને માનનીય એવા સિદ્ધાંતો નવા જ લેબાશમાં રજૂ કરશે અને એક કરતાં વધુ પ્રસંગોમાં જૈન દર્શન ઇતર દર્શનોથી કેટલું આગળ જાય છે એનો સહજ ભાસ કરાવશે.

ચોથા ગુચ્છકમાં શ્રેણિક મહારાજાના પુત્રો સંબંધી વિચારણા કરી છે. એમાં પણ જે પુત્રો સંબંધી જૈન કથાનકોમાં સવિશેષ હકીકત સંભળાય છે અને જેઓના જીવનનો અંત આત્મ-સાક્ષાત્કારમાં પરિણમ્યો છે એમના જ કથાનકો આલેખ્યા છે.

બીજા ગુચ્છકમાં જેમ શાલ-મહાશાલરૂપ બંધુયુગલની વાત સાથે કહેવાઈ છે તેમ આ ગુચ્છકમાં હલ્લ-વિહલ્લની વાત સાથે લીધી છે. એ જોડલી જ એવી છે કે એમાંથી એકને જુદો પાડી શકાય નહિ. અભયકુમારના ચરિત્રમાંથી માત્ર જરૂરપૂરતા જ પ્રસંગો ઉચક્યા છે. બાકી તેમનું ચરિત્ર બીજા પુસ્તકોમાં વિસ્તૃત અપાયેલ દૃષ્ટિગોચર થાય છે.

નંદિષેણના વૃત્તાન્તમાં વેશ્યા સાથેનો જે પ્રસંગ વિસ્તૃત કરવામાં આવ્યો છે અને ઉભય વચ્ચે જે જાતનો વાર્તાલાપ યોજવામાં આવ્યો છે એમાં મારા મન ઉપર પડેલી ર. વ. દેશાઈ-કૃત 'પૂર્ણિમા' નામની નવલકથાની છાપ સવિશેષ ભાગ ભજવે છે. એ જ કથાનકમાં તાપસ અને શ્રમણરૂપ સંસ્થાઓના ત્યાગ અને આચરણમાં કેવી ભિન્નતા વર્તે છે એનો પણ ટૂંકમાં ઇસારો કરાયેલ છે. આમ કથાનકના પ્રસંગાલેખનમાં મૂળ વાતને જરા પણ ક્ષતિ ન પહોંચે એ મુદ્દો ધ્યાનમાં રાખી, વિવિધ રંગપુરણીમાં લેખિનીને છૂટથી વિચરવા દીધી છે.

છેવટના ગુચ્છકમાં યાને પાંચમા ગુચ્છકમાં જે ચાર કથાનકોનું આયોજન કર્યું છે એમાં એકલા સુદર્શન શેઠ જ ભરતેશ્વરની સજ્ઝાયના પાત્રરૂપ છે; બાકીના પુણિયો શ્રાવક, ચેડા મહારાજા અને અનાથી મુનિના કથાનકો મેં સ્વતઃ જૈન કથાનકોના વિશાલ સાગરમાંથી ઉપાડી લાવી અત્રે માળાના ખૂટતા મણકામાં જોડી દીધા છે. પુણ્યશ્રાવકના વૃતાન્તને વિસ્તૃત કરવામાં-એ સમયના વણિક સમાજનું-અને આત્મકલ્યાણાર્થે કરાતી ક્રિયાનું તેમજ એની સાથોસાથ અતિપ્રવૃતિના ધામરૂપ સ્થાનમાં અતિ લક્ષ્મીના વિલાસો નજર સામે અહનિશ જોવા છતાં-આત્મા ધારે તો નિર્લેપ દશા અનુભવી શકે છે એ ઉમદા સત્યનું ચિત્ર દોરવા યત્ન સેવ્યો છે. વળી ઇતર દર્શનકારો જેમ માને છે કે એકની કરણીનું ફળ બીજાને લાભદાયી થઇ શકે છે એ મંતવ્ય

કેવું લૂલું ને પાંગળું છે એ દર્શાવવા પણ પ્રયાસ કર્યો છે. એ રીતે એક નાનકડા જીવનપ્રસંગને યથાશક્તિ વિકસાવ્યો છે અને જૈન સાહિત્યના એક અમર મહાજનને–વાર્તા સાહિત્યના એક અનુપમ કુસુમને–હાર્દિક અંજલિ અર્પી છે. શ્રેષ્ઠી સુદર્શનનો શિયળમહિમા સૂચવતું કથાનક આમ તો આબાળવૃદ્ધના મુખે રમતું ગણાય, છતાં ચાલુ કથાપ્રવાહમાં એને જે રીતે રમતું મૂકયું છે અને જુદા જુદા પુસ્તકોમાં વિખરાયેલા એના અંશોને સંગ્રહી એક સર્વાંગપૂર્ણ ચિત્ર તરિકેનું આલેખન રજૂ કર્યું છે એ વાચકવર્ગને પ્રેરણાદાયી ને સંતોષદાયી તો બનશે પણ એ ઉપરાંત ઇતિહાસની સાંકળને બંધબેસતું પણ થઇ પડશે.

ચેડા મહારાજાના પ્રસંગમાં મંગળાચરણના શ્રી ગણેશાય કરતાં પૂર્વે–'ઉત્તર હિંદુસ્તાનમાં જૈન ધર્મ' નામના પુસ્તકનો ઉતારો આપી ઇતિહાસની જે મજબૂત પીઠિકા બાંધી છે એ ચિત્રમાં આવતાં અન્ય પ્રસંગો કરતાં પણ અતિ મહત્ત્વનો છે. ચાલુ પ્રવાહમાં તો માત્ર ગણત્રીનાં જ દૃશ્યો સિનેમાના ચિત્રપટ માફક આવે છે અને અદૃશ્ય થાય છે, પણ એ ઉપરથી પુરાતત્ત્વરસિકો અને ઐતિહાસિક ઇમારતના ચણતર કરવાવાળાઓ ધારે તો ઘણું નિપજાવી શકે એવો કિંમતી મશાલો આ રાજવીના વૃત્તાન્તમાં–ગણના આ નાયકના જીવનમાં–ભર્યો છે. આ કથામાં અવસર્પિણી કાળના એક મહાયુદ્ધનું જોડાણ થયું છે. ચાલુ કાળના વિશ્વયુદ્ધની જે દારુણ ને ઘૃણાજનક હકીકતો સંભળાય છે એ ઉપરથી હિંસાના અંતિમ પરિણામસ્વરૂપ ઘોર સંગ્રામમાં કેવી સત્યાનાશની હોળી ભભુકતી હોય છે અને એની જ્વાળા વિસ્તાર પામતા કેવો સર્વનાશ નોતરે છે એ વાત સ્મૃતિપટમાં તાજી થાય છે. 'સારે નામ કે બૂરે નામ' એ ઉક્તિ અનુસાર શ્રેણિક મહારાજના જે એક પુત્રનું વૃત્તાન્ત અગાઉના ગુચ્છકની મર્યાદામાં આવ્યું નહોતું તે અહીં દેખા

દે છે. અજાતશત્રુ ઊર્ફે કોણિક એ મહારાજા શ્રેણિકનો ગાદી-વારસ સાચે જ પરાક્રમશાલી અને ગણનાપાત્ર રાજવી ગણાય. એના જીવનની નોંધ જૈન અને બૌદ્ધ સાહિત્યમાં સંગ્રહેલી દૃષ્ટિગોચર થાય છે. અફસોસ એટલો જ કે એણે શક્તિનો વ્યય એવી ઊલટી રીતે કર્યો કે જેથી એનું નામ પ્રાતઃકાળે સ્મરણ કરવા યોગ્ય મહાત્માની યાદીમાં ન મૂકી શકાય, છતાં ચેડા મહારાજાના કથાંપ્રસંગમાં એની થોડી વાત આવી જાય છે.

અનાથીમુનિનું જીવન એ સંસારની ક્ષણભંગુરતાના તાદૃશ્ય ચિત્રની રજુઆત કરતા દૃશ્ય સમ લેખી શકાય. સંસારી જીવન કરતાં શ્રમણજીવનની સૌરભ કઇ રીતે ચઢી જાય છે એ એમાં બતાવ્યું છે. દુનિયામાં સાચો માલિક યાને શરણ લેવા જેવો નાથ મળે તેમ છે જ નહીં એ ટૂંકાક્ષરી મુદ્રાલેખ એ આ બીજા ભાગના પૂર્ણબિન્દુ સમાન છે.

ચાલુ ગ્રંથની સામગ્રી સંબંધમાં એના પ્રાંતભાગે આપેલ આ ઉપસંહાર રચનાની સારી ય પરિસ્થિતિ ઉપર વિદ્યુત્શક્તિ-દ્વારા ફેંકવામાં આવતાં ' સર્ચલાઈટ ' ની ગરજ સારશે. પ્રથમ ભાગ કરતાં આ ભાગ તદ્દન જુદી પદ્ધતિનો લાગશે. એ જ પ્રકારે એમાંનાં દરેક જીવનચરિત્રો જૈન કથાનકોના અભ્યાસીને કે જૈન સાહિત્યનું અવગાહન કરનાર સાહિત્યસેવીને મન નવીન તો નથી જ પણ એને જે રીતે રજૂ કરવામાં આવ્યા છે અને એમાંના મુખ્ય પાત્રો સાથે અન્ય બાબતોના જે તાણા-વાણા વણી દેવામાં આવ્યા છે એ જરૂર રોચક ને આહ્લાદજનક થઈ પડશે એમ મારું માનવું છે.

કથાનિરૂપણમાં આ શૈલીનું સેવન મારે માટે નવું હોવાથી એમાં ત્રુટીઓ રહી હોય એ સહજ છે. વ્યાકરણની ભૂલો કે ભાષાના દોષો તો છે જ એ હું સ્વીકારી લઉં છું. મારો આશય

તો એટલો જ હતો અને હજુ પણ છે કે આ પ્રયાસદ્વારા ઊગતી પ્રજાને જૈનધર્મના કથાનકોમાં રસ લેતી કરવી. કલ્પિત નવલિકાઓ કે વર્તમાન કાળમાં પ્રગટ થતી નવલકથાઓ જે અભિરુચિથી વંચાય છે એવી અભિરુચિ આ જીવનચરિત્રોના વાંચન પાછળ પણ એ પ્રજા દાખવતી થાય, તો જ ઢીલા પડતા નૈતિક બંધનો–ઓસરતી જતી સંયમી પ્રવૃત્તિઓ–પર કંઈક કાપ પડે અને એ પાછળ સદાકાળ રમી રહેલ ઉમદા રહસ્યને પિછાનવાનો યોગ સાંપડે. ઊગતી પ્રજામાં વાંચનની અભિરુચિ વિશેષ પ્રમાણમાં જન્મી ચૂકી છે પણ એ સાથે જો આપણી કાળજૂની સંસ્કૃતિનું પાન નહિ કરાવવામાં આવે કિંવા આપણા ધર્મના મુખ્ય અંગો દાન, શીળ, તપ અને ભાવ કે આપણી નીતિનાં મુખ્ય સૂત્રો ત્યાગ અને સંયમસંબંધમાં જરા પણ સમજાવવામાં નહિ આવે તો એ પ્રજાનાં જીવન સાચી સુવાસ વિનાના બની જશે. જ્ઞાનની વિપુળતા હશે છતાં એમાં સમ્યક્ શબ્દનો અભાવ હોવાથી લૂણવિહુણા ભોજન સમ એ બેસ્વાદી લાગશે. ક્રિયાનાં મૂલ્યાંકન ભાગ્યે જ જોવાશે. દુન્યવી સુખાભાસોમાં કે સાંસારિક વિલાસોમાં એટલી હદે આત્માઓ મુગ્ધદશા કેળવશે કે તેઓ માનવજીવનની સાર્થકતા વીસરી જશે અને આત્મશ્રેયના મુદ્દા પરથી લક્ષ્યહીન બનશે.

આવું બનવા ન પામે. નવી પ્રજાનું આકર્ષણ આ પ્રાચીન વારસા પ્રતિ બન્યું બન્યું રહે એ ઉદ્દેશથી આ ચિત્રણ થયું છે. એ કેટલું હેતુસિદ્ધ છે એનો નિર્ણય વાચકવર્ગના શિરે સોંપી વિરમું છું.

ઉપર મુજબ ચાલુ પુસ્તકને અંગે જે કંઈ વિચારવાનું હતું તે વિચારી ગયા, છતાં જૈનધર્મપ્રકાશ માસિકમાં 'પ્રભાવિક પુરુષો' ના મથાળા હેઠળ કથાનકો ચાલુ હોવાથી આ પુસ્તકના

ત્રીજા ભાગમાં પીરસવામાં આવનાર સામગ્રી સંબંધમાં–એ પાછળ જે જાતની રેખા નિયત કરાયેલ છે અને જે ક્રમ દોરવા ધારેલ છે તે સંબંધમાં થોડી વિચારણા કરીએ.

શ્રી મહાવીર ભગવાનના સમય પછી થયેલા મહાત્માઓના ચરિત્રો આપવા અને તે પણ વીશની ગણત્રીએ આપવા–એ જાતનો ઉદ્દેશ મુખ્ય હોવા છતાં–વળી ભરતેશ્વર બાહુબળિની સજ્ઝાયને નેત્ર સામે રાખી કામ ઉકેલવાની વૃત્તિ હોવા છતાં–એ શક્ય બનશે કે કેમ ? એ પ્રશ્ન ઊભો જ છે. હવે જે ચિત્રાંકન કરવાનાં છે એમાં કથાનકોની સામ્યતા કે મળતાપણું અલ્પભાગ નહીં ભજવે પણ એને સ્થાને પરંપરા જ જોર કરતી દૃષ્ટિગોચર થશે. સંખ્યા પણ વીશના આંકને વટાવી જાય એટલી બધી સામગ્રી નજર સામે પડેલી છે. જેમ ત્રિષષ્ટિ શલાકા પુરુષ ચરિત્રના રચનાર કલિકાલસર્વજ્ઞ શ્રીમદ્ હેમચંદ્રસૂરિને તીર્થંકર–ચક્રવર્ત્તી–વાસુદેવ–પ્રતિવાસુદેવ અને બળદેવનાં ચરિત્રો ઉપરાંત પરિશિષ્ટ પર્વની રચના કરવી પડી તેમ અહીં પણ શ્રી વીરપ્રભુની પાટપરંપરામાં એવા પ્રભાવિક મહાત્માઓ થઇ ગયા છે કે જેમના જીવનવૃત્તો સંબંધમાં ન તો તદ્દન મૌન રહી શકાય કે ન તો એમને ક્રમમાંથી પડતા મૂકી શકાય. એટલે વીશના આંકનો મોહ છોડ્યે જ છૂટકો, કિંવા ભાગનો આંક સંધાવે જ આરો. આ તો અનાગત કાળની તરંગાવળી ! એ ફળીભૂત થવાનો આધાર માનવીના પ્રયત્ન પર કે દૃઢ ઇચ્છાશક્તિ પર જેટલો અવલંબતો નથી એથી અધિક અવલંબે છે ભવિતવ્યતાના અકળ વિધાનમાં. ‘ તેથી અલં પ્રાસંગિકેન ’ રૂપી પૂર્ણવિરામ મૂકવાનું ઉચિત લાગ્યું છે.

માસિકમાં ત્રીજા ભાગની લેખમાળા આરંભતા જે પ્રસ્તાવના કરવામાં આવી છે એમાં એક વાત મુખ્યપણે તરવરે છે અને તે એ જ કે હવેના કથાનકો પાછળ ઇતિહાસનું જોર છે અને

એ બનતા પ્રમાણમાં સંગ્રહિત કરીને જ વાર્તાવિસ્તાર કરવાનો છે. એ વખતે વૃત્તિકારે ગમે તે કારણે સમ્રાટ્ ખારવેલ કે સમ્રાટ્ સંપ્રતિના ચરિત્રો બાકી રાખ્યા હોય છતાં અહીં એને યોગ્ય સ્થાન ઐતિહાસિક અંકોડા જોડીને આપવું જ પડે. દેશ-કાળને અનુલક્ષી કલમને વહન કરાવવાની છે અને એ વેળા સાહિત્ય-સર્જનમાં જે જાતની પ્રગતિ દૃષ્ટિગોચર થાય છે એ ધ્યાનમાં રાખવાની છે. જૂની પદ્ધતિના ચરિત્રો આજે પણ વાંચવા હોય તો મોજુદ છે. એનું જ અક્ષરશઃ અવતરણ જોવાની તમન્ના જેમને હશે તેમને પ્રભાવિક પુરુષો વાંચવામાં જોઈતો રસ નહિં ઉદ્ભવે. કદાચ ગ્રહણ કરવાના સાર કરતાં ટીકા કરવાનો સંભાર વધુ પ્રમાણમાં જડશે. ગમે તેમ બને એ પ્રતિ ઉપેક્ષાવૃત્તિ દાખવી, ઇચ્છા તો એવી વર્તે છે કે મૂળવસ્તુને ક્ષતિ પહોંચાડ્યા વિના, એ પાત્રોને વર્તમાનકાળની સૃષ્ટિમાં નાચતાં, રમતાં ને કૂદતાં બનાવવાં. એ સારુ બપપૂરતા રંગ-રાગ કે આવશ્યકતા અનુસાર વાઘા કે શણગાર સજાવવા. અત્યાર સુધીનાં ચરિત્ર કે એ ઉપરથી સર્જાયેલ રાસા-કાવ્ય કે કથાનકમાં જે વાતનો ઇસારો સરખો પણ ન મળી શકતો હોય છતાં પ્રભુશ્રીના તત્ત્વોનો બારિકાઇથી વિચાર કરતાં-માનસશાસ્ત્રીના અભ્યાસ પ્રતિ મીંટ માંડતાં જે બનાવ વધુ પડતો ન જણાય કે જે જાતનું આલેખન વાંધાવાળું જ ગણાય, એ સર્વને કલ્પનાસૃષ્ટિમાંથી જન્માવવું અને ચરિત્રવર્ણન વખતે ગમે તે પાત્રના મુખેથી વહેતું કરવું, એ ભાવ મુખ્યપણે રાખીને જ કામ કરવું છે.

જેમણે આ જાતની વૃત્તિ કેળવી હશે તેમને જ પ્રભાવિક પુરુષોનું ચિત્રણ ગમશે અથવા તો અમુક અંશે બોધપ્રદ કે આનંદજનક નિવડશે. દૂર જવાની જરૂર નથી. અત્યાર સુધીમાં જંબૂકુમાર અને પ્રભવસ્વામી નામના બે પટ્ટધરોનાં જીવનસૂત્ર 'જૈન ધર્મ પ્રકાશ' માસિકના અંકોમાં આવી ચૂક્યા છે. ત્રીજા

શય્યંભવસ્વામીનું વૃત્તાંત ચાલી રહ્યું છે. એમાં નાગિલાના પાત્રથી માંડી ખુદ શય્યંભવના પાત્ર સુધીમાં નિરીક્ષણ કરવામાં આવશે તો સહજ જણાશે કે કથાનકના વાણા-તાણામાં કલ્પનાનો વિહાર વિનારોક-ટોકથી ચાલુ રહ્યો છે. છૂટ લેવામાં જરા પણ કચાશ રખાઇ નથી. અલબત્ત, એક વાત ધ્યાનમાં રાખેલી જ છે અને તે એ કે એ દ્વારા મૂળ પાત્રોનું વ્યક્તિત્વ કે ઐતિહાસિકપણું માર્યું ન જવું જોઇએ. એ દ્વારા ધર્મ-નીતિના જે નિયમો છે એને જરા પણ ક્ષતિ ન પહોંચવી જોઇએ.

જૈનધર્મપ્રકાશના અંકોમાં આ પ્રવાહ વર્ષોથી ચાલુ છે અને શ્રી જૈનધર્મ પ્રસારક સભાના વિદ્વાન્ ને વયોવૃદ્ધ પ્રમુખ મહાશય તરફથી એ સંબંધમાં લાલબત્તી ધરવાનો પ્રસંગ હજુ સુધી પ્રાપ્ત થયો નથી એટલે અભિલાષા તો એવી છે કે-' **यथाशक्ति शुभे यतनीयम्** ' એ સૂત્ર અનુસાર લેખિનીને સ્વતંત્રતાથી વિચરવા દેવી અને જૈન સાહિત્યના મહાત્માઓને જગતના ચોકમાં નવિન લેબાશમાં રજૂ કરવા. એ રીતે જૈન ધર્મના અણમૂલા તત્ત્વોની કિંવા રહસ્યપૂર્ણ વિધિ-વિધાનોની અથવા તો ઇતર દર્શનથી જુદા પડતાં મંતવ્યોની વિચારણા કરવી.

ભાવી કાર્યવાહીના આ ટૂંક ઇસારા સાથે ચાલુ ભાગનો ઉપસંહાર પૂર્ણ વિરામ પામે છે.




ॐ ज्ञान ॐ
अक्रियाश्च मोक्ष
सि
सा
अ
आ
उ
सम्यग्ज्ञाने परम विधाने
श्री जैनधर्म प्रसारक सभा